# પંચાયતી રાજ સંસ્થાઓના ક્ષમતાવર્ધન માટે તાલીમ સામગ્રીનો સારસંગ્રહ




प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge

SIRD
State Institute of Rural Development

# પ્રસ્તાવના

1992માં બંધારણીય સુધારાના આધારે 1993માં 'ગુજરાત પંચાયત ધારો' ઘડાતા હવે ગુજરાતમાં કાયદાકીય રીતે 'પંચાયતી રાજ' ખરા અર્થમાં સર્વાંગીપણે લાગૂ પડ્યો છે. જેને કારણે પંચાયતોના વહીવટમાં નવી જ ચેતના આવી છે અને મહિલાઓ તથા વંચિત સમુદાયોમાંથી નવુ નેતૃત્વ ઊભુ થઈ રહ્યું છે.

બીજી તરફ ગ્રામિણ વિકાસની યોજનાઓમાં પંચાયતી રાજની સંસ્થાઓને વધુને વધુ અધિકારો તથા જવાબદારીઓ સોંપાઈ રહી છે. સાથે-સાથે વધારેમાં વધારે લોકો ગામડાના વિકાસની પ્રક્રિયામાં જોડાઈ શકે તે માટે વિકાસનું આયોજન સ્થાનિક સ્તરે લોક ભાગીદારીથી થાય, તેવો અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે અને વહીવટ તથા નાણાકીય વ્યવસ્થામાં પારદર્શકતા લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

પંચાયતી રાજના માધ્યમથી વિકેન્દ્રિત શાસન પ્રક્રિયા, લોક આધારિત આયોજન, વંચિતો તથા મહિલાઓનું નેતૃત્વ તથા સહભાગિતા સાકાર થઈ શકે છે. એનાથી વિકાસમાં વેગ આવશે અને સામાજિક ન્યાય શક્ય બનશે. આજે પણ ગુજરાતના 6 જિલ્લા પછાત ગણાય છે. કોલગી સાહેબના કમિટિ રિપોર્ટે પછાત તાલુકાઓની ઓળખ માટે માપદંડો નક્કી કર્યાં છે. રાજ્યની ગરીબ પ્રજા અને ક્ષેત્રને આગળ વધારવા માટે પંચાયતી રાજની એક મોટી ભૂમિકા છે. પંચાયતી રાજ સંસ્થાઓ, વિકાસ, સામાજિક ન્યાય અને જવાબદેહ શાસનતંત્ર ઊભા કરી શકે તે માટે તેમનું ક્ષમતાવર્ધન જરૂરી છે.

આ જરૂરિયાતો અને પડકારોને ધ્યાનમાં લઈ આ પુસ્તિકા બેકવર્ડ રિજિયન ગ્રાન્ટ ફંડ હેઠળ ઉન્નતિ દ્વારા સંકલિત કરવામાં આવી છે. આ પુસ્તિકામાં પંચાયતી રાજના મહત્વના પાસાઓ, કાયદાઓની વિગતો, વહીવટી પ્રક્રિયાની જાણકારી અને પંચાયતી રાજના પ્રતિનિધિઓની ભૂમિકા, જવાબદારીઓ તથા અપેક્ષિત કાર્યો જેવી મહત્વની બાબતોને આવરી લેવામાં આવી છે. જો પંચાયતી રાજ સંસ્થાઓના પ્રતિનિધિઓ અસરકારક ભૂમિકા ભજવતા થશે, તો જ ગ્રામવિકાસની યોજનાઓ તથા કાર્યક્રમો સફળતાના શિખરે પહોંચશે ગરીબોના આંસુ લૂછી શકાશે વંચિતો તથા શોષિતોના દુઃખનો અંત આવશે.

આ પુસ્તિકા પંચાયતી રાજ વ્યવસ્થાને સુદૃઢ તથા અસરકારક બનાવવાના આપણા સૌના પ્રયત્નોમાં મહત્વની પૂરવાર થશે.

# વિષય સૂચિ


| | |
|---|---|
| 1. ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓ | 7 |
| 2. ગુજરાતમાં પંચાયતીરાજ ધારો | 15 |
| 3. લોકશાહી વિકેન્દ્રીકરણ તથા પંચાયતી રાજ સંસ્થાઓનું મહત્ત્વ | 21 |
| 4. ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાઓનું કાર્ય | 25 |
| 5. પંચાયત આવક તથા ખર્ચ | 37 |
| 6. પંચાયત આયોજન અને અંદાજપત્ર | 49 |
| 7. પંચાયતના નાણાકીય હિસાબો તથા ઓડિટ | 61 |
| 8. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ - વિશિષ્ટ ગુણો | 69 |
| 9. ગરીબીની સમજ તથા ગરીબી નિવારણની રણનીતિઓ | 77 |
| 10. હોનારતનાં જોખમો ઘટાડવામાં પંચાયતની ભૂમિકા | 85 |
| 11. કુદરતી સંસાધન સંચાલનમાં પંચાયતોની ભૂમિકા | 93 |
| 12. માહિતીનો અધિકાર | 99 |
| 13. માનવ વિકાસ | 109 |
| 14. મહિલા સશક્તિકરણ | 127 |
| 15. સામાજિક ન્યાય | 141 |
| 16. સૂક્ષ્મ સ્તરીય આયોજન | 153 |
| 17. વિકાસ કાર્યક્રમોનું સંકલન | 161 |
| 18. દેખરેખ અને મૂલ્યાંકન | 175 |
| 19. સામાજિક ઑડિટ | 185 |
| 20. નેતાગીરીનો વિકાસ | 197 |
| 21. પ્રોત્સાહન | 205 |
| 22. અસરકારક સંચાર | 209 |
| 23. જૂથ નિર્માણ | 215 |
| 24. સાક્ષર ભારત અભિયાન | 221 |

# 1. ભારતમાં પંચાયતી રાજ સંસ્થાઓ




પ્રાચીન કાળથી સ્થાનિક સ્વરાજયની વ્યવસ્થા અમલમાં છે. ઋગ્વેદમાં તેનો ઉલ્લેખ છે. પુરાવાઓ સુચવે છે કે 'સભા' તરીકે ઓળખાતાં સ્વ-શાસનના ગ્રામીણ મંડળો અસ્તિત્વમાં હતાં. સમય જતાં આ મંડળો પંચાયતો (પાંચ સભ્યોની મંડળી) બન્યાં. પંચાયત શબ્દ બે સંસ્કૃત શબ્દો પંચ અને આયત પંચ એટલે પાંચ સભ્યોનું જૂથ અને આયત એટલે આ પાંચ લોકો જે જગ્યાએ બેસીને ગામના પ્રશ્નો ઉકેલે તે સ્થાન. પંચાયતો લગભગ દરેક ગામમાં પાયાના શાસન માટે કાર્યરત સંસ્થાઓ હતી. ગ્રામ પંચાયત અથવા તો ચૂંટાયેલી મંડળીને વહીવટી અને ન્યાયિક સત્તાઓ હતી. જમીનની વહેંચણી પંચાયત દ્વારા કરવામાં આવતી હતી. તે ખેતીની ઉપજોમાંથી કર પણ ઉઘરાવતી હતી અને ગામ વતી શાસનનો હિસ્સો ચૂકવી દેતી હતી. જુદી જુદી ગ્રામ્ય મંડળીઓના જૂથ માટે જરૂર પડે તો દેખરેખ રાખવા અને દખલ કરવા માટે એક બૃહદ પંચાયત અથવા તો મંડળી હતી. મધ્યકાળમાં મોગલ શાસન દરમિયાન જ્ઞાતિપ્રથા અને સામંતશાહી વ્યવસ્થાના કારણે ધીમે ધીમે ગામડાંમાં સ્વશાસનને ઘસારો પહોંચ્યો. શાસકો અને લોકો વચ્ચે સામંતશાહી વડાઓ અને મહેસુલ ઉઘરાવાનારાઓનો એક નવો વર્ગ (જમીનદાર)અસ્તિત્વમાં આવ્યો. બ્રિટિશ શાસન દરમિયાન, સ્થાનિક દિવાની અને ફોજદારી અદાલતોની સ્થાપના, મહેસુલી અને પોલીસ તંત્રો, સંદેશાવ્યવહારમાં વધારો અને વ્યક્તિવાદની વૃદ્ધિ તથા મહાલવારી અથવા તો ગ્રામ્ય ભાડાં પદ્ધતિના કારણે પંચાયતોની સ્વાયતતાની ધીમે ધીમે પડતી થઇ.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

બ્રિટિશ શાસકોને તેમના માટે કરવેરા ઉઘરાવીને તેમનાં વેપારી હિતોની જાળવણી કરવામાં મદદ કરે તેવી 'અંકુશિત' સ્થાનિક સંસ્થાઓના સર્જનમાં રસ હતો. 1857ના બળવા પછી જયારે અંગ્રેજી શાસન નાણાંકીય ભીંસમાં મૂકાયું ત્યારે તેના ઉકેલરૂપે વિકેન્દ્રીકરણ અપનાવીને માર્ગ તથા જાહેર બાંધકામ જેવી જવાબદારીઓ સ્થાનિક સંસ્થાઓને તબદીલ કરી દેવામાં આવી. જોકે, આ 'લાદવામાં આવેલાં' વિકેન્દ્રીકરણનું મુખ્ય જોર શહેરી વહીવટીતંત્ર સંબંધિત હતું.

1870માં લોકોની માંગને પહોંચી વળવા અને અંગ્રેજી શાસનની તિજોરીમાં આવક માટે વહીવટી કાર્યક્ષમતા લાવવા સત્તાના વિકેન્દ્રીકરણ માટેનો વાઇસરોય લોર્ડ મેયો દ્વારા થયેલા ઠરાવથી સ્થાનિક સંસ્થાઓના વિકાસને જરૂરી વેગ મળ્યો. સ્થાનિક શાસન માટેની અંગ્રેજી નીતિના ક્રમિક વિકાસમાં આ ઠરાવ એક સિમાચિન્હ ગણાય છે. વિકેન્દ્રીકરણની સરકારી નીતિના સાચા માનદંડ માટેનું શ્રેય લોર્ડ રિપનને આપી શકાય. તેના ઠરાવમાં સ્થાનિક શાસનના બે પાસાંને ઉજાગર કરવામાં આવ્યાં : વહિવટી કાર્યક્ષમતા અને રાજકીય શિક્ષણ. રીપનના ઠરાવમાં શહેરોને લક્ષમાં રાખવામાં આવ્યાં હતાં અને ચૂંટાયેલા બિનસરકારી સભ્યોની બહુમતી ધરાવતી અને એક બિનસરકારી અધ્યક્ષના વડપણ હેઠળની સ્થાનિક સંસ્થાઓની જોગવાઇ કરવામાં આવી હતી. આ ઠરાવનો અંગ્રેજી વહીવટકર્તાઓ તરફથી વિરોધ કરાયો હતો. શહેરી સ્વશાસન સંસ્થાઓની સ્થાપના માટે લેવાયેલાં અધકચરાં પગલાંને કારણે સ્થાનિક સ્વરાજયની પ્રગતિ ધીમી થઇ ગઇ હતી. ગ્રામ્ય શાસન માટે વહિવટી સુધારાનો કોઇ પ્રયાસ ના થયો અને તેથી, ગ્રામ્ય વિસ્તારોમાં વિકેન્દ્રીકરણની પ્રક્રિયા ઉપેક્ષિત જ રહી હતી.

**1907માં સૌપ્રથમ વખત ધી રોયલ કમિશન દ્વારા ગ્રામ્ય સ્તરે પંચાયતનું મહત્વ પિછાણવામાં આવ્યું હતું.** આ કમિશન દ્વારા ભલામણ કરાઇ હતી કે, "વિકેન્દ્રીકરણના હિતો જાળવવા અને તે જ રીતે લોકોને વહિવટીતંત્રની સ્થાનિક કામગીરીઓ સાથે જોડવાના હેતુસર ગામડાંની સ્થાનિક બાબતોના વહિવટ માટે ગ્રામ પંચાયતો રચવામાં અને વિકસાવવામાં આવે તે સૌથી વધુ ઇચ્છનીય છે." મોન્ટેગ્યુ - કેમ્સફોર્ડ સુધારાઓ (1919) દ્વારા સ્થાનિક સ્વરાજયને પ્રાંતોમાં ભારતીય પ્રધાનોના સત્તાધિકાર હેઠળ તબદીલ કરાયેલા પ્રાંતીય વિષય તરીકે મૂકવામાં આવ્યું હતું. સંસ્થાકીય અને નાણાંકીય મર્યાદાઓના કારણે , આ સુધારા પંચાયતી સંસ્થાઓને સાચા અર્થમાં લોકશાહી અને ગતિશીલ બનાવી શકયા નહીં. જોકે , આ સમયગાળાની સૌથી મહત્વપૂર્ણ ઘટના સંખ્યાબંધ પ્રાંતોમાં ગ્રામ પંચાયતોની સ્થાપના હતી, જે માત્ર કાર્યકારી ન્યાયિક પંચ નહીં, પરંતુ, એક ગામના નિગમ જેવાં સ્વરૂપના પ્રતીકરૂપ અને દિવાની બાબતોમાં વ્યાપક ન્યાયક્ષેત્ર ધરાવતી પ્રતિનિધિરૂપ સંસ્થાઓ હતી. તેનાં પરિણામરૂપે 1925 સુધીમાં આઠ પ્રાંતોએ પંચાયત ધારાને બહાલી આપી હતી અને 1926માં છ દેશી રાજયોએ પણ પંચાયતી કાયદાઓને બહાલી આપી હતી.

ભારત સરકાર ધારા, 1935 હેઠળની પ્રાંતીય સ્વાયતતાના કારણે ભારતમાં પંચાયતોના ક્રમિક વિકાસનું વિશિષ્ટ સ્વરૂપ નક્કી થયું. પ્રાંતોમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારોએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વધુ લોકશાહી સ્વરૂપ આપવા માટે કાયદા લાગુ કર્યા પરંતુ, પાયાના સ્તરે જવાબદાર શાસનની પદ્ધતિ ભાગ્યે જ જવાબદાર હતી. **રોયલ કમિશન ઓન ડિસેન્ટ્રલાઇઝેશન (1907)**, બંધારણીય સુધારા પરનો મોન્ટેગ્યુ અને કેમ્સફોર્ડ અહેવાલ (1919), ભારત સરકારનો ઠરાવ (1918) વગેરે જેવી વિવિધ સમિતિઓ છતાં દેખરેખ અને અંકુશો આધારિત એક જુદા જુદાં સ્તરના હોદ્દાઓ ધરાવતું વહીવટી માળખું વિકસ્યું. વહિવટદાર ગ્રામ્ય શાસનના કેન્દ્રબિંદુ બની ગયાં.

**સ્વાતંત્ર્ય પછી પંચાયતી રાજ સંસ્થાઓનો દરજ્જો**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ 1920ના અરસાથી 1947 દરમિયાન અખિલ ભારતીય સ્વરાજના મુદ્દાને મહત્વ આપ્યું અને મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્ય સંગ્રામ માટેનું આંદોલન યોજયું. સ્થાનિક સ્તર માટે એક નકશો તૈયાર કરવાની કામગીરીની અવગણના થઇ. ટોચના નેતાઓમાં ગ્રામ્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના દરજ્જા અને તેમને સોંપવાની કામગીરી મુદ્દે કોઇ સર્વસંમતિ ન હતી , અને તેને બદલે આ વિષય પર સૌના અભિપ્રાયો અલગ અલગ હતા. ભારતના બંધારણના ઘડતર સમયે પંચાયતી રાજ સંસ્થાઓને આર્ટિકલ 40 પ્રમાણે રાજય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હેઠળ મૂકવામાં આવી. આ આર્ટિકલમાં ઉલ્લેખ છે કે, 'રાજય ગ્રામ પંચાયતોના ગઠન માટે પગલાં ભરશે અને તેમને સ્વ શાસનના એક એકમો તરીકે કામ કરી શકવા માટે સક્ષમ બનાવે તે માટે જરૂરી સત્તાઓ અને અધિકારોનું પ્રદાન કરશે.' જોકે, તેના અમલ માટે રાષ્ટ્રીય સ્તરે કે રાજય સ્તરે કોઇ ઉપયોગી કાયદો પસાર કરાયો નહીં.

બંધારણ લાગુ કરવામાં આવ્યું તેના ચાર દાયકામાં, પંચાયતી રાજ સંસ્થાઓએ બંધારણના બિન-ન્યાયિક ભાગ તરીકેથી માંડીને તેમને એક નવો દરજ્જો ઉપલબ્ધ કરાવવા માટેના એક ખાસ સુધારા સુધીની મજલ કાપી છે.

પંચાયતી રાજએ વિવિધ તબક્કાઓમાંથી પસાર થવું પડયું હતું. પહેલી પંચવર્ષીય યોજનાનું ઘડતર, અમલ અને નિયમન સહિતની આયોજન પ્રક્રિયાઓમાં લોકોની સક્રિય ભાગીદારી અને સામેલગીરી લાવવામાં નિષ્ફળ ગઇ. બીજી પંચવર્ષીય યોજનામાં તે વિસ્તારના ગ્રામ પંચાયતોના નિયુક્ત પ્રતિનિધિઓ અને સહકારી મંડળીઓ જેવાં અન્ય કેટલાંક લોકપ્રિય સંગઠનો ઉપરાંત તાલુકા વિકાસ અધિકારીઓ, સહાયક વિકાસ અધિકારીઓ, ગ્રામ્ય સ્તરના અધિકારીઓ થકી નેશનલ ઍક્સટેંસિવ સર્વિસ બ્લોક્સ દ્વારા સમગ્ર દેશને આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. સંતોષકારક વિકેન્દ્રીકરણ સિદ્ધ કરવામાં તેનાથી સફળતા મળી નહીં. આથી, કેન્દ્રને વિકેન્દ્રીકરણના વિભિન્ન પાસાં વિશે સલાહ આપવા માટે વિવિધ સત્તામંડળો દ્વારા કમિટીઓની રચના કરવામાં આવી.

**બળવંતરાય મહેતા કમિટી (1957):**

બળવંતરાય મહેતા કમિટી સામુદાયિક વિકાસ યોજનાઓના અભ્યાસ માટે રચવામાં આવી હતી. એવું ઠરાવાયું કે સમુદાય આયોજન, નિર્ણય ઘડતર અને અમલીકરણની પ્રક્રિયામાં સામેલ થાય તો સામુદાયિક વિકાસ સઘન અને સુદીર્ઘ બને. આ કમિટી દ્વારા થયેલી ભલામણો આ મુજબ હતી :

- ચૂંટાયેલી સ્થાનિક સંસ્થાઓની તાલુકા/સમિતિ સ્તરે સ્થાપના કરવી કારણ કે તેમના અધિકારક્ષેત્રનો વિસ્તાર બહુ મોટો અથવા તો સાવ નાનો ના હોવો જોઇએ અને તેમને સતત નાગરિક સામેલગીરી માટે જરૂરી તમામ સંસાધનો, સત્તા અને અધિકાર સોંપી શકાય.
- આવી સંસ્થાઓને સરકાર અથવા તો સરકારી એજન્સીઓના વધુ પડતા અંકુશ દ્વારા દાબ હેઠળ રાખવી જોઇએ નહીં. તેની રચના ઓછામાં ઓછાં પાંચ વર્ષ માટે ગ્રામ પંચાયતમાંથી પરોક્ષ ચૂંટણી દ્વારા થવી જોઇએ.
- તેની કામગીરીઓમાં તમામ પ્રકારે કૃષિનો વિકાસ, સ્થાનિક ઉધોગોને ઉત્તેજન અને પીવાનું પાણી , રસ્તાઓનું બાંધકામ વગેરેનો સમાવેશ થવો જોઇએ.
- ઉચ્ચ સ્તરની સંસ્થા, જિલ્લા પરિષદ , સલાહકારી ભૂમિકા ભજવશે.

પંચાયતી રાજ માળખું અનિવાર્ય લોકશાહી ગતિબળ વિકસાવી શકયું નથી અને ગ્રામ વિકાસની જરૂરિયાતો સંતોષવામાં નિષ્ફળ ગયું. આ પરિણામ માટે સ્થાનિક સ્તરની સંસ્થાઓ સાથે સત્તા અને સંસાધનોની વહેંચણી કરવામાં રાજય સ્તરે રાજકીય અને અમલદારશાહી પ્રતિરોધ, કલ્યાણ યોજનાઓના લાભોના મહત્તમ હિસ્સા પર સ્થાનિક ભદ્ર લોકોનું પ્રભુત્વ, સ્થાનિક સ્તરે ક્ષમતાનો અભાવ તથા રાજકીય મનોબળનો અભાવ જેવાં ઘણાં કારણો જવાબદાર હતાં.

**કે. સંથાનમ કમિટી (1963):**

કે. સંથાનમ કમિટીની રચના પંચાયતી રાજ સંસ્થાઓના નાણાંકીય પાસાંના અભ્યાસ માટે થઇ હતી. તેણે એવી ભલામણ કરી હતી કે પંચાયતોને જમીન મહેસુલ તથા ઘરવેરા પર વિશેષ કર લાદવાનો અધિકાર હોવો જોઇએ અને રાજ્ય સ્તરેથી તમામ ગ્રાન્ટસ અને સરકારી આર્થિક મદદો એકત્ર કરી જુદી જુદી પંચાયતી રાજ સંસ્થાઓને સંયુક્ત સ્વરૂપમાં મોકલવી જોઇએ. કમિટીએ પંચાયતી રાજ સંસ્થાઓના નાણાકીય સ્ત્રોતોની દેખભાળ માટે પંચાયતી રાજ ફાઇનાન્સ કોર્પોરેશનની સ્થાપના કરવાની પણ તરફેણ કરી હતી.

**અશોક મહેતા કમિટી (1978):**

પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા માટે તપાસણી કરવા તથા પગલાં સૂચવવા માટે અશોક મહેતાના વડપણ હેઠળ એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીની ભલામણ મુજબ, જિલ્લો એ એક સક્ષમ વહિવટી એકમ છે જેના માટે આયોજન, સંકલન અને સ્ત્રોતોની ફાળવણી શકય છે અને ટેકનિકલ કુશળતા પ્રાપ્ય છે. પંયાતતી રાજ સંસ્થાઓ દ્વિ-સ્તરીય તંત્રપ્રણાલિઓ હોવી જોઇએ જેમાં મંડળ પંચાયત પાયાના સ્તરે હોય અને જિલ્લા પંચાયત ટોચના સ્તરે હોય. આ કમિટીએ સૂચવ્યું હતું કે પંચાયતી રાજ સંસ્થાઓની ચૂંટણીમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનસૂચિત જનજાતિ (એસટી)નું પ્રતિનિધિત્વ તેમની વસતિના પ્રમાણ આધારિત હોવું જોઇએ અને પંચાયતોની મુદ્દત ચાર વર્ષની હોવી જોઇએ.

**જી. વી. કે. રાવ કમિટી (1985):**

પંચાયતી રાજ સંસ્થાઓના વિવિધ પાસાંની તપાસ માટે ફરી એક વખત જી.વી.કે.રાવ કમિટીની રચના કરવામાં આવી હતી. આ કમિટીનો અભિપ્રાય એવો હતો કે ગ્રામ્ય વિકાસનો સર્વાંગી દૃષ્ટિકોણ જ હોવો જોઈએ અને લોકોની સમસ્યાઓ હાથ ધરવામાં પંચાયતી રાજ સંસ્થાઓએ કેન્દ્રીય ભૂમિકા ભજવવી જ જોઈએ. તેણે ભલામણ કરી હતી કે પંચાયતી રાજ સંસ્થાઓને સક્રિય કરવી જોઇએ અને તેમને સ્થાનિક સ્વરાજયની અસરકારક સંસ્થાઓ બનવા માટે જરૂરી તમામ સહાય પૂરી પાડવી જોઇએ. પંચાયતી રાજ સંસ્થાઓને જિલ્લા સ્તરે ગ્રામ વિકાસ કાર્યક્રમોના આયોજનો, અમલ અને નિયમનની ભૂમિકા સોંપાવી જોઇએ અને તાલુકા વિકાસ કચેરી ગ્રામ વિકાસની પ્રક્રિયામાં કરોડરજ્જુ સમાન બનવી જોઇએ.

**એલ.એમ.સિંઘવી કમિટી (1986):**

પંચાયતી રાજના અભ્યાસ માટે એલ.એમ.સિંઘવી કમિટીની નિમણૂંક કરવામાં આવી હતી. આ કમિટીએ એવી ભલામણ કરી હતી કે સ્થાનિક સ્વરાજયને બંધારણીય માન્યતા મળવી જોઇએ અને રાજકીય પક્ષોએ પંચાયતી ચૂંટણીઓમાં સામેલ થવું જોઇએ નહીં.

પંચાયતે બંધારણીય દરજ્જો આપવાના સૂચનનો સરકારી પંચ દ્વારા વિરોધ થયો, જોકે, 1980ના દાયકાના ઉતરાર્ધમાં આ સૂચનને ખાસ કરીને સ્વ. વડાપ્રદાન રાજીવ ગાંધી દ્વારા બહાલીના કારણે વેગ મળ્યો અને તેમણે 1989માં 64મો બંધારણીય સુધારા બિલ રજૂ કર્યો. 64મો સુધારા બિલ તૈયાર કરાયો અને સંસદના નીચલાં ગૃહમાં રજૂ થયો. રાજયસભામાં તેને ફગાવી દેવાયો. 1989માં, રાષ્ટ્રીય મોરચાએ 74મો બંધારણીય સુધારો બિલ રજૂ કર્યો પરંતુ, નવમી લોકસભાના વિસર્જનના કારણે તે કાયદો બની શકયો નહીં. નવા બંધારણીય સુધારા બિલના ઘડતર વખતે પંચાયતી રાજ સંસ્થાઓને મજબુત બનાવવા માટેનાં આ તમામ વિવિધ સૂચનો, ભલામણો અને ઉપાયો ખ્યાલમાં લેવામાં આવ્યાં હતાં.

**73મો બંધારણીય સુધારા ધારો**

બંધારણીય (73મો સુધારો) ધારો, 1992માં મંજુર થયો અને 24મી એપ્રિલ, 1993થી અમલમાં આવ્યો છે. તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય સ્તરે અથવા તો રાજય સ્તરે છે એવી લોકશાહી પાયાના સ્તરે સ્થાપવા માટે બંધારણીય મંજૂરી ઉપલબ્ધ કરાવવાનો છે. 73મા બંધારણીય સુધારા ધારાની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે :

- ગ્રામસભાને પંચાયતી રાજ વ્યવસ્થાના પાયા તરીકે માન્યતા આપવામાં આવી છે.
- પંચાયતી રાજ સંસ્થાઓ માટે ગામ, તાલુકા અને જિલ્લા સ્તરે એમ ત્રિસ્તરીય માળખું રચવામાં આવ્યું છે.
- પંચાયતમાં દરેક સ્તર પરની તમામ બેઠકો સંબંધિત પ્રાદેશિક મતવિસ્તારોમાંથી ચૂંટણી દ્વારા ભરવાની રહેશે.
- તમામ સ્તરોએ એક તૃતીયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.
- પંચાયતોમાં તમામ સ્તરે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમુદાયો માટે તેમની વસતિના પ્રમાણમાં બેઠકો અનામત રહેશે.
- પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ ચૂંટણી માટે દરેક રાજય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં એક રાજય ચૂંટણી પંચની રચના કરવાની રહેશે.
- પંચાયતી રાજ સંસ્થાઓની નાણાંકીય સ્થિતિને મજબુત બનાવવાના પગલાં સૂચવવા માટે દરેક રાજય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં દર પાંચ વર્ષે એક રાજય નાણાં પંચની રચના કરવાની રહેશે.
- પાયાના સ્તરેથી આયોજનને ઉત્તેજન આપવા માટે દરેક જિલ્લામાં જિલ્લા આયોજન સમિતિ રહેશે.
- આયોજન તથા સંબંધિત કાર્યોના અમલમાં અસરકારક ભૂમકા માટે 11માં પરિશિષ્ટ દ્વારા પંચાયતોને 29 કાર્યોની નિર્દેશાત્મક યાદી સોંપવામાં આવશે.

હાલમાં, પંચાયતોમાં તમામ સ્તરે 30 લાખ ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે જેમાંથી ત્રીજા ભાગની મહિલાઓ છે. આ સભ્યો 2.4 લાખથી વધુ ગ્રામ પંચાયતો, આશરે 6000 મધ્યસ્તરીય એકમો અને 500થી વધારે જિલ્લા પંચાયતોનું પ્રતિનિધિત્વ કરે છે. માનવ ઇતિહાસમાં શાસનના વિકેન્દ્રીકરણનો આ સૌથી મોટો પ્રયોગ છે.

બંધારણ પંચાયતોને સ્વ શાસનની સંસ્થાઓ તરીકે નિહાળે છે. જોકે, આપણી શાસન વ્યવસ્થામાં સમવાયી માળખાંનો ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હોવાથી, પંચાયતોને બક્ષવામાં આવતા જોઇતા મોટાભાગના નાણાંકીય અધિકારો અને સત્તાઓ સંબંધિત રાજય ધારાગૃહોના મુનસફી પર છોડવામાં આવ્યાં છે. તેના પરિણામે રાજયે રાજયે પંચાયતી રાજ સંસ્થાઓની સત્તાઓ અને કામગીરીઓમાં ફરક જોવા મળે છે. આ જોગવાઇઓ પ્રતિનિધિત્વકારી અને સીધી લોકશાહીનો સુમેળ સાધે છે અને તે ભારતમાં લોકશાહીના વિસ્તારમાં તથા તેને સઘન બનાવવામાં પરિણમે એવી અપેક્ષા સેવવામાં આવે છે.

**અનુસૂચિત વિસ્તારો માટે પંચાયત વિસ્તરણ**

ભારતના બંધારણની કલમ 244(1) અને (2) સરકારને આદિવાસી વિસ્તારોમાં શાસન અને વહિવટ માટે અલગ કાયદા લાગુ પાડવાની સત્તા આપે છે. આ કલમોના અનુસંધાનમાં ભારતના રાષ્ટ્રપતિએ દેશના દરેક રાજયને આદિવાસી પ્રભુત્વવાળા વિસ્તારો ઓળખી કાઢવા જણાવ્યું હતું. રાજયો દ્વારા આ રીતે ઓળખી કાઢવામાં આવેલા વિસ્તારોને પાંચમા પરિશિષ્ટના વિસ્તારો તરીકે જાહેર કરાયા હતા. આવા વિસ્તારોને વિશેષ અધિકારો મળે છે અને સંબંધિત રાજયોના રાજયપાલોને આદિવાસી સમુદાયના હક્કોની જાળવણી માટે અને બહેતર શાસન માટે કાયદાઓ રચવાની સત્તા હોય છે.

ગ્રામ્ય વિસ્તારોમાં વિકેન્દ્રિત શાસન માટે 73મો બંધારણીય સુધારો અમલી બનાવવામાં આવ્યો ત્યારે પાંચમા પરિશિષ્ટ હેઠળના વિસ્તારોનો બહુ મોટો ભૌગોલિક વિસ્તાર ધરાવતાં ઘણા રાજયો (દા.ત. મધ્ય પ્રદેશ અને આંધ્ર પ્રદેશ)એ બિન-અનુસુચિત વિસ્તારોમાં લાગુ સમાન કાયદા તથા જોગવાઈઓને પાંચમાં પરિશિષ્ટ હેઠળના વિસ્તારોમાં પણ લાગુ પાડયા. સર્વોચ્ચ અદાલતમાં જાહેર હિતની અરજી કરવામાં આવી અને અદાલતે તરત જ આ બાબતમાં હસ્તક્ષેપ કરીને સંસદને પાંચમા પરિશિષ્ટના વિસ્તારોમાં સ્વ શાસન માટે ચોક્કસ પગલાં ભરવાનો આદેશ આપ્યો હતો.

સંસદે દેશના પાંચમા પરિશિષ્ટ હેઠળના વિસ્તારોમાં પંચાયતી રાજના અમલ માટે ભલામણો સૂચવવા માટે મધ્યપ્રદેશના એક આદિવાસી સંસદસભ્ય દિલીપસિંહ ભૂરીયાના વડપણ હેઠળ એક ખાસ કમિટીની રચના કરી હતી. આ ભલામણોના આધારે સંસદે પાંચમા પરિશિષ્ટ હેઠળના વિસ્તારોમાં પંચાયતો માટે ચોક્કસ જોગવાઇઓ નિશ્ચિત કરતા એક અલગ કાયદાને 73માં બંધારણીય સુધારા સાથે જોડાણરૂપે બહાલી આપી હતી. આ જોગવાઈ 24મી ડિસેમ્બર , 1996થી અમલમાં આવી. આ કાયદા થકી આઠ રાજયો - આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, બિહાર, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાં પંચાયતોનો પ્રસાર થયો. એક વર્ષની સમયમર્યાદા પૂરી થાય એટલે કે 23મી ડિસેમ્બર, 1997 પહેલાં રાજય સરકારોએ આ કાયદાની જોગવાઇઓ સાથે સુસંગત રીતે તેમના કાયદાઓ લાગુ કરવાના હતા.

આ વિસ્તરણ કાયદો અનુસૂચિત વિસ્તારોમાં ગ્રામસભાને વિશેષ હક્કો આપે છે. દાખલા તરીકે, મધ્યપ્રદેશમાં પંચાયતો અંગેના રાજય કાયદા મુજબ ગ્રામસભાનો એક બિન ચૂંટાયેલો આદિવાસી સભ્ય ગ્રામસભાની બેઠકનું અધ્યક્ષપદ સંભાળી શકે છે. અનુસૂચિત વિસ્તારોમાં પંચાયતોને શાસનના સંદર્ભમાં અપાયેલી સત્તાઓ આ મુજબ છે :

- કુદરતી સ્ત્રોતોનું વ્યવસ્થાપન કરવાની સત્તા
- રીતરિવાજો અને પરંપરાઓને જાળવવાની અને તેનું રક્ષણ કરવાની સત્તા
- સામુદાયિક સંસાધનો વ્યવસ્થાપન કરવાની સત્તા
- પ્રણાલિકાગત રીતે વિવાદોના ઉકેલની સત્તા
- નાણાં ધિરાણ સંબંધિત વ્યવસાય પર અંકુશ
- ઇમારતી લાકડા સિવાયની વન પેદાશો પર અંકુશ અને વ્યવસ્થાપન

## સંદર્ભ

1. ધ રોયલ કમિશન ઑન ડિસેન્ટ્રલાઇઝેશન, 1907નો અહેવાલ
2. વેંક્ટરંગૈહ, એમ ઍન્ડ એમ. પટ્ટાભિરામ (1969), 'લોકલ ગવર્મેન્ટ ઈન ઈન્ડિયા - સિલેકટ રિડીંગ્સ', એલાઇડ પબ્લિશર્સ, નવી દિલ્હી
3. બાજપાઇ અને વર્મા, (1995), પંચાયતી રાજ ઈન ઈન્ડિયાઃ એ ન્યુ થ્રસ્ટ, વોલ્યુમ 1, પેજ 3
4. ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા, રિપોર્ટ ઓફ ધ ટીમ ફોર ધ સ્ટડી ઓફ કોમ્યુનિટી પ્રોજેક્ટ્સ એન્ડ નેશનલ એક્સટેન્શન સર્વિસ , (ચેરપર્સનઃ બળવંતરાય મહેતા), કમિટી ઓન પ્લાન પ્રોજેક્ટ્સ, નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલ, (નવી દિલ્હી, નવેમ્બર 1957), વોલ્યુમ 1
5. અશોક મહેતા કમિટીઃ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા , રિપોર્ટ ઓફ ધ કમિટી ઓન પંચાયતી રાજ ઇન્સ્ટીટયુશન્સ, મિનીસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ઇરીગેશન, ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ, (નવી દિલ્હી, 1978)
6. કોન્સ્ટીટયુશન (સેવન્ટી થર્ડ એમેન્ડમેન્ટ) એક્ટ, 1992

# 2. ગુજરાતમાં પંચાયતીરાજ ધારો



ગુજરાત એવાં રાજ્યોમાંનું એક છે જેમણે સ્વતંત્રતા પહેલાંના સમયથી સ્વ-સંચાલનના ધારા તરીકે પંચાયતોને સ્વીકારી છે. પંચાયતના કાર્યોનું નિયમન કરતા ધારામાં સુધારો કરવા રાજ્યએ સમયાંતરે સમીક્ષા તથા ફેરફારો કર્યા છે. સ્વતંત્રતા મળ્યા પહેલાં સ્થાનિક સ્વસંચાલન ધારાનું નિયમન/સંચાલન બૉમ્બે વિલેજ પંચાયત એક્ટ, 1920 વડે થતું હતું. આ ધારા વડે ગ્રામ પંચાયતોને સોંપાયેલા અધિકારો તથા સત્તામાં નાણાકીય સ્રોતો તથા જાહેર મિલકતોનો સમાવેશ થતો હતો. 1939માં બૉમ્બે વિલેજ પંચાયત એક્ટનું ફેર નિરુપણ કરવામાં આવ્યું અને 1947માં તેમાં આગળ સુધારા થયા.

સ્વતંત્રતા પછી રાજ્યની સૂચિમાં ઘણાં કાર્યોનો સમાવેશ થયો છે કે જે ભારતના બંધારણની કલમ 38 મુજબ રાજ્ય કલ્યાણ માટેના હેતુને આનુષાંગીક હોય. કલમ 50 મુજબ “રાજ્યો પંચાયતોને એવી સત્તા તથા જવાબદારીઓ પ્રદાન કરશે કે જેથી તેમને સ્વ-સંચાલનની સંસ્થા બનાવી શકાય” લોકશાહી સંબંધિત સિદ્ધાંતની બજવણીમાં પણ પંચાયતીરાજ સંસ્થાઓ (PRI)ને માટે સત્તા તથા કાર્યોનું વિકેન્દ્રિકરણ કરવાનો ખ્લાય હતો. આના પછીથી ધ બૉમ્બે પંચાયત એક્ટ 1939, બૉમ્બે વિલેજ એક્ટ 1958 તરીકે સુધારવામાં આવ્યો.

1957માં કૉમ્યુનિટી ડૅવલપમેન્ટ પ્રોજેક્ટ્સ (સમાજ વિકાસ પ્રકલ્પો)ના અભ્યાસ માટે બળવંતરાય

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

મહેતા કમિટી નીમવામાં આવી. કમિટીએ જોયું કે સમાજ વિકાસ તો જ ઉંડે ઉતરે અને ટકી શકે જો સમાજને આયોજન, નિર્ણય પ્રક્રિયા અને નેતા અમલીકરણની પ્રક્રિયામાં સામેલ કરાય. બળવંતરાય મહેતા કમિટીએ સૂચવ્યું કે સમૂહો વચ્ચેના ભેદભાવનું મુખ્ય કારણ સ્થાનિક સમાજના પ્રતિનિધિરૂપ સ્થાનિક કચેરીની ગેરહાજરી જ છે. આ કમિટીના ભલામણોને અનુસરીને આખા દેશમાં પંચાયતી રાજ સંસ્થામાં ત્રિ-સ્તરીય માળખું દાખલ કરવામાં આવ્યું અને રાજ્યોએ તેમના પોત પોતાના સત્તાવિસ્તારમાં PRI બાંધવાની પહેલ કરી.

1 મે 1960માં ગુજરાત અલગ રાજ્ય થયું. જો કે પ્રાથમિક સ્તરે એટલે કે ગ્રામ પંચાયતને 1958 ધારા વડે માર્ગદર્શન અપાવવાનું ચાલુ રહ્યું. 1958 ધારામાં સુધારાઓની ભલામણ કરવા માટે રાજ્ય સરકારે ત્યારના ગૃહપ્રધાન શ્રી રસીકલાલ પરીખની ચૅરમૅનશીપ (આગેવાની) હેઠળ એક કમિટીના અહેવાલોની ભલામણોના આધારે સૂચનો કર્યાં. પરીખ કમિટીની ભલામણોના આધારે નવો ગુજરાત પંચાયત ધારો - 1961 અમલમાં આવ્યો. સમગ્ર દેશના ત્રિ-સ્તરીય માળખાં સાથે અનુરૂપ થવા, બે વધારાનાં સ્તરો એટલે કે તાલુકા સ્તરે તાલુકા પંચાયત તથા જિલ્લા સ્તરે જિલ્લા પંચાયત બનાવવા/ઘડવામાં આવ્યો. તાલુકા પંચાયતને નિરિક્ષક તથા કડીરૂપ ભૂમિકા સોંપવામાં આવી, જ્યારે જિલ્લા પંચાયતને નિરિક્ષક તથા વહીવટી સત્તા સોંપાઈ જે ગુજરાતમાં પંચાયતી રાજનાં ઉચ્ચ સ્તરીય પ્રદર્શન પાછળનાં પ્રેરકબળ બન્યાં.

**ગુજરાત પંચાયતીરાજનો ઈતિહાસ**

1920 - બૉમ્બે વિલેજ પંચાયત એક્ટ.
1939 - નવા પંચાયત ધારાનું ઘડતર.
1947 - 1939 ધારામાં સુધારો.
1958 - 1939 ધારામાં સુધારો.
1960 - રસીકલાલ પરીખ કમિટીની ભલામણ.
1961 - નવો પંચાયત ધારો.
1964 - જાદવજી મોદી કમિટી.
1972 - ઝીણાભાઈ દરજી કમિટી.
1978 - રીખવદાસ શાહ કમિટી.
1993 - રાજ્ય વિધાન સભામાં ગુજરાત પંચાયત ધારો પસાર.
1994 - ગુજરાત પંચાયત ધારા - 1993 અમલમાં આવ્યો.

ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાએ બધા સ્તરે નિયમિત ચૂંટણીઓ સાથે સંતોષજનક કામગીરી કરી. કટોકટી તથા દુકાળના સમય દરમ્યાન પણ પંચાયતની ચૂંટણીઓ સમયસર કરવામાં આવી. ઉપરના સ્તરના પંચાયત પ્રતિનિધિઓએ નીચેના સ્તર માટે સારી નેતાગીરી તથા માર્ગદર્શન પૂરાં પાડ્યાં અને તેમાંના કેટલાકે તો રાજ્યની રાજનીતિ સુધી પોતાનો માર્ગ બનાવ્યો. ગુજરાત પંચાયત ધારા 1961ના અમલ પછી રાજ્યમાં પંચાયતી રાજનાં અવલોકન માટે રાજ્ય સરકાર વડે જાદવજી મોદી કમિટી (1964), ઝીણાભાઈ દરજી કમિટી (1972) તથા રીખવદાસ શાહ કમિટી (1978) ઘડવામાં આવી. આ બધી કમિટીઓની ભલામણોને સારી રીતે આવકારવામાં આવી તથા સમયે સમયે ગુજરાત પંચાયત ધારામાં યોગ્ય સુધારા કરાયા. 1993 સુધીમાં ગુજરાત ધારામાં 44 સુધારા કરાયા હતા.

દરમ્યાનમાં કેન્દ્ર સ્તરે પણ આ સંસ્થાની સ્થિતિ વધુ સારી કરવાનાં તથા અવલોકન કરવા માટે ગ્રામ્ય સ્થાનિક સ્વરાજનો મુદ્દો કમિટીએ ઘડીને જીવતો/ચાલુ રાખવામાં આવ્યો. સમયે સમયે આ હેતુસર ઘડાયેલી કમિટીઓની શ્રેણીમાં અશોક મહેતા કમિટી (1997), જી. વી. કે. રાવ કમિટી (1985) તથા એલ. એમ. સંઘવી કમિટી (1986)નો સમાવેશ થાય છે. આ કમિટીઓએ સમયે સમયે મહત્વનાં સૂચનો કર્યાં.

1992માં પંચાયતીરાજ સંસ્થા સાથે સંબંધિત 73મું બંધારણીય સુધારા બીલ સંસદ સામે મૂકવામાં આવ્યું. આ બીલ લોકસભા તથા રાજ્યસભા વડે પસાર કરવામાં આવ્યું અને છ મહિનાના નિશ્ચિત સમયમાં અડધાથી વધારે રાજ્યોની સંમતિ મેળવ્યા પછી, તેને ભારતના રાષ્ટ્રપતિની મંજુરી મળી અને 25 એપ્રિલ, 1993ના દિવસે 73મો બંધારણીય સુધારા ધારો (CAA)1992 તરીકે અમલમાં મૂકાયો. તેને અનુસરીને એક નિશ્ચિત સમયગાળામાં બધાં રાજ્યોએ 73માં CAAના સૂચન સાથે મેળ પડે તેવી રીતે પોતપોતાના રાજ્ય ધારાને સુધારવાના હતા. ગુજરાતમાં જરૂરી તૈયારી સાથે ઑગસ્ટ 1993માં નવો ધારો ઘડવામાં આવ્યો જે 14 એપ્રિલ 1994થી અમલમાં આવ્યો.

## ગુજરાત પંચાયતીરાજ ધારો 1993 (GPA-1993)ના ધ્યાનાકર્ષક વિશિષ્ટ ગુણો

ગુજરાત પંચાયતીરાજ ધારો 1993 બંધારણના 73માં સુધારાની માર્ગદર્શિકા મુજબ ઘડવામાં આવ્યો. જોકે આ ધારામાં રહેલી ઘણી શક્તિને જાળવી રાખી છે. આ ધારાના કેટલાંક ધ્યાનાકર્ષક વિશિષ્ટ ગુણો નીચે દર્શાવ્યાં મુજબ છેઃ

1 **પંચાયતીરાજ સંસ્થાના ત્રણેય સ્તરોનું સંયોગીકરણ**

**ગ્રામ પંચાયતઃ** ગ્રામ પંચાયતના સભ્યો ગ્રામ સભાના સભ્યો વડે સીધા ચૂંટાય છે. ગ્રામ પંચાયતના પ્રમુખ (સરપંચ) પણ ગ્રામ સભાના સભ્યો વડે સીધા ચૂંટવામાં આવે છે. એક તૃતિયાંશ બેઠકો મહિલાઓ માટે અનામત છે, જ્યારે પછાત જાતી તથા જનજાતીની વસ્તીના વાસ્તવિક પ્રમાણમાં અનામત બેઠકો છે. ત્રણ હજારની વધુ વસ્તી ન હોય તેવી ગ્રામ પંચાયતમાં સાત સભ્યો હોય છે. જો ગામની વસ્તી ત્રણ હજાર કરતાં વધે તો વધારાના બે સભ્યો વધારવામાં આવે છે. ગુજરાતમાં ગ્રામ પંચાયતના કુલ સભ્યો 13,693 છે.

**તાલુકા પંચાયતઃ** પંચાયતોની બીજી હાર/સ્તર તાલુકા પંચાયતો તરીકે ઓળખાય છે. તાલુકા પંચાયત માટે તે વિસ્તારના મતદારો તેમના પ્રતિનિધિઓને સીધા જ ચૂંટે છે. આ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાનામાંથી જ પ્રમુખ તથા ઉપપ્રમુખ ચૂંટે છે. GPA - 1993ના સેકશન 10(6) મુજબ તાલુકા અથવા આસપાસના કોઈ પણ મતવિસ્તારમાંથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલ સભ્ય આવી તાલુકા પંચાયતના કાયમી આમંત્રિત સભ્ય છે. પરંતુ તેમને તાલુકા પંચાયતની મિટીંગમાં મત આપવાનો અધિકાર નથી. તાલુકા પંચાયતમાં GPA - 1993ના સેકશન 10(5) મુજબ અનુ સૂચિત જાતિ, જનજાતિ, સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા મહિલાઓ માટે અનામત બેઠકો હોય છે. એક લાખની વસ્તી માટે તાલુકા પંચાયતમાં 15 સભ્યો હોય છે અને પછી દર 2500ના વસ્તી વધારાએ બે સભ્યોનો સમાવેશ કરાય છે.

**જિલ્લા પંચાયતઃ** જિલ્લાના મતદાતાઓ તેમના મતવિસ્તારમાંથી સીધા તેમના પ્રતિનિધિઓ ચૂંટે છે. આ ચૂંટાયેલા સભ્યો પોતાનામાંથી જ જિલ્લા પંચાયતના પ્રમુખ તથા ઉપપ્રમુખ ચૂંટે છે.

ચાર લાખ સુધીની વસ્તી માટે 17 સભ્યો હોય છે અને પછી દર વધારાની એક લાખની વસ્તીએ બે વધારાના સભ્યોનો સમાવેશ કરાય છે. GPA - 1993ના સેકશન 10(5) મુજબ અનુસુચિત જાતિ, જાનજાતી, સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે જિલ્લા પંચાયતમાં અનામત બેઠકો રખાય છે. જિલ્લાના કોઈ પણ મતવિસ્તારમાંથી ચૂંટાયેલા ગુજરાત વિધાન સભાના સભ્યો જે તે જિલ્લા પંચાયતના કાયમી આમંત્રિત સદસ્ય હોય છે પરંતુ તેમને મિટીંગમાં મત આપવાનો હક્ક હોતો નથી.

2 **અનામતઃ**

- ત્રણેય સ્તરે સભ્યો તથા ચેરપર્સન સહિતની બધી પદવીઓ પર મહિલા ઉમેદવારો માટે 1/3 અનામત બેઠકોની જોગવાઈ દ્વારા મહિલાઓનું પ્રતિનિધિત્વ આમાં SC/ST તથા OBC વસ્તીમાંથી પણ મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.
- બધી પદવી માટે SC/ST નું તેમની વસ્તી મુજબ (અનામત બેઠકો વડે) પ્રમાણસર પ્રતિનિધિત્વ.
- બધી જ PRIમાં કુલ બેઠકોના 10 ટકા સામાજિક તથા આર્થિક નબળા વર્ગો (OBC)માં અનામત.
- અનામત બેઠકો તથા કચેરીઓની જુદી જુદી પંચાયતોના વિવિધ પ્રાદેશિક મતવિસ્તારમાં ક્રમાનુસાર ફેરબદલી.

3 **સ્ટેટ ઈલેક્શન કમિશન (SEC)**

ભારતના બંધારણની કલમ 243 12 હેઠળ 1993ના સપ્ટેમ્બરમાં ગુજરાતમાં સ્ટેટ ઈલેક્શન કમીશન ઘડવામાં આવ્યું, જેના વડે તેને સર્વોચ્ચતા, નિર્દેશ તથા સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પર કાબુ સશક્ત કરવામાં આવી. તેનામાં રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓના સ્વતંત્ર, તટસ્થ તથા ભેદભાવ રહિત ચૂંટણી યોજવાનાં કાર્ય માટે વિશ્વાસ મૂકવામાં આવે છે. SEC સ્થાનિક સંસ્થાઓના નિયમ મુજબ વૉર્ડની તૈયારી કરવી, હદ વિશે તેમ જ બેઠકોની વહેંચણી વિશે નિર્ણય, ગ્રામ પંચાયત, તાલુકા તથા જિલ્લા પંચાયત, રાજ્યની મ્યુનિસિપાલીટી તથા મ્યુનિસિપલ કૉર્પોરેશન માટેની મતદારની યાદી તૈયાર કરવી, સામાન્ય/મીડ-ટર્મ/બાય ઈલેક્શનનું સંચાલન તથા તેમનું નિરિક્ષણ વગેરે ને લગતી પ્રવૃત્તિઓ પાર પાડે છે.

4 **સ્ટેટ ફાઈનાન્સ કમિશન (SFC)**

બંધારણની કલમ 243(I) અને 243(Y) મુજબ રાજ્ય સરકારે તા. 15/9/94એ પ્રથમ સ્ટેટ ફાઈનાન્સ કમિશનનું જાહેરનામું ઘડ્યું. કમિશને તેની 67 ભલામણોનો અહેવાલ રજૂ કર્યો, જેમાંથી 42 ભલામણો સ્વિકારવામાં આવી છે, 8 ભલામણો આંશિક રીતે સ્વિકારાઈ તેમ જ 13 ભલામણોનો સ્વિકાર થયો નથી. બીજું ફાઈનાન્સ કમીશન 2005થી 2010ના સમયગાળા માટે નવેમ્બર 19, 2003નાં રોજ ઘડવામાં આવ્યું. તેનો અહેવાલ રાજ્યના માનનિય રાજ્યપાલશ્રીને 12 જુન, 2006એ રજુ કરવામાં આવ્યો છે પરંતુ તેના પર આગળ કાર્યવાહી થઈ નથી. ત્રીજુ ફાઈનાન્સ કમિશન હજી હવે ઘડવાનું છે.

5 **ફંડ્સ અને ફાઈનાન્સ**

- જિલ્લા તથા ગ્રામ પંચાયત વચ્ચે આર્થિક અસલામતી ઘટાડવા માટે પછાત પંચાયતને મદદ કરવા માટે સ્ટેટ ઈક્વીલાઈઝેશન ફંડ તથા ડીસ્ટ્રીક્ટ ઈક્વીલાઈઝેશન ફંડની રચના કરવી.
- ગ્રામ પંચાયતોને તેમના પોતાના સ્રોત ઊભા કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે વિલેજ

એન્કરેજમેન્ટ ફંડની રચના.

- દરેક ગ્રામ પંચાયતની આવકના 10 ટકા ફાળામાંથી ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ ફંડ રચવું. આ ફંડનો ઉપયોગ તાલુકા તથા ગ્રામ પંચાયતને વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવા માટે લોન આપવામાં કરવો.

**6 જિલ્લા આયોજન કમિટીનું બંધારણઃ**

ગુજરાત સરકારના જનરલ એડમિનીસ્ટ્રેટીવ ડિપાર્ટમેન્ટ વડે જાહેરનામું બહાર પાડીને ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટી (DPC)નું બંધારણ થાય છે. 29 માર્ચ, 2008ના દિવસે ધ ગુજરાત ડિસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમિટી એક્ટ 2008 ઘડવામાં આવ્યો જેણે DPCના સંયોગીકરણ માળખું અને કાર્યો પૂરાં પાડ્યાં. 2009માં DPCની સંરચના બદલવા માટે ત્રીજુ જાહેરનામું થયું અને આ જાહેરાનામાં મુજબ રાજ્યોએ બધા જિલ્લાઓમાં DPC બનાવી છે.

**7. પંચાયતોની અવધિઃ**

PRIની અવધિ પાંચ વર્ષની હોય છે. વિખેરી નખાતી પંચાયત માટે વિસર્જનના છ મહિનાની અંદરના સમયમાં ચૂંટણી થઈ જવી જોઈએ અને નવી પંચાયત માત્ર બાકીના કાર્યકાળ માટે જ કામ કરશે. ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત જ ગ્રામ પંચાયતની ચૂંટણી પાછી ઠેલાઈ અને તે પણ દોઢ વર્ષની ઉપરના સમય માટે જુન, 2000માં સમાપ્ત થયેલ ટર્મ માટે રાજ્યમાં દુષ્કાળની પરિસ્થિતિ તથા કુદરતી આપત્તિને પ્રવર્તતી હોવાને કારણે ચૂંટણીઓ બે વખત અચોક્કસ મુદત માટે મુલ્તવી રખાઈ. દરમ્યાન બધી પંચાયતોમાં સર્કલ ઑફિસર, પંચાયત સેક્રેટરીઓ, ગ્રામ સેવકો અને બીજા સરકારી કર્મચારીઓ વહીવટકર્તા નિમવામાં આવ્યા હતા. નવેમ્બર 2000માં ગુજરાત પંચાયત એક્ટ - 1993ના સેકશન 257(2)કે જે ગ્રામ પંચાયતની ચૂંટણી કરવા માટે ચોક્કસ સમય મર્યાદા દર્શાવે છે તે દૂર કરવાને વટહુકમ પસાર કર્યો. સંસદ તથા વિધાનસભાની જેમ તેમાં પક્ષપલટા વિરુદ્ધ જોગવાઈ પણ છે.

**8. કમિટીનું ઘડતરઃ**

હાંસીયામાં ધકેલાયેલા જનસમુદાયોને સામાજિક ન્યાયની ખાતરી માટે પંચાયતોના ત્રણેય સ્તરે સામાજિક ન્યાય કમિટી ઘડાવી જોઈએ. આ કમિટીની અવધિ પણ પંચાયતને સમાન જ હોય છે. તે હાંસીયામાં ધકેલાયેલા જનસમુદાયોને પાયાની સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય વગેરે મળે તેની ખાતરી આપે છે તથા સામાજિક અસમાનતા દુર કરવાના પ્રયત્નો કરે છે. વિકાસ આયોજનોને લાગુ કરવા માટે ત્રણેય સ્તરે પંચાયતને સહાયક થવા માટે એક્ઝીક્યુટીવ કમિટી તથા બીજુ કમિટીઓ ઘડવાની પણ હોય છે. જિલ્લા સ્તરની શિક્ષણ કમિટીને ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે.

**9. ડીવોલ્યુશન - સત્તાની પ્રત્યામુક્તિ.**

ગુજરાત પંચાયત ધારા - 1993 મુજબ વિકાસ આયોજનો તથા ચોક્કસ યોજનાના અમલીકરણના સંદર્ભમાં પંચાયતો ઉપર સત્તા થતા જવાબદારી મુકવાની તૈયારી પણ છે. બાબતો કે જેના સંદર્ભમાં સેકશન 99,130 તથા 154માં દર્શાવાયેલ આયોજન કરવાની ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ફરજ છે. આ શેડ્યુલ I, II, તથા III તરીકે ઓળખાય છે.

**10. ગુજરાત સર્વિસ સીલેક્શન બૉર્ડનું ઘડતરઃ**

બૉર્ડનું ઘડતર કરવાની રાજ્ય સરકારની જવાબદારી છે. તેમાં ચેરપર્સન સહિત પાંચ સભ્યો હોય છે. પસંદગી સમિતિના સભ્યો પંચાયત સેવાઓ ઉમેદવારોની પસંદગી સંબંધે રાજ્ય સરકારને ભલામણ કરે છે.

**પંચાયતીરાજ ધારાનો નિશ્ચિત ક્ષેત્રમાં વિસ્તારઃ**

ગુજરાત પંચાયત ધારો 1993, 73માં સુધારાના આદેશના રાજ્યના સુમેળમાં પંચાયતમાં કાયદા સંબંધિતતા લાવવા માટે બનાવવામાં આવ્યો હતો. પંચાયત એક્સટેન્શન ટુ શેડ્યુલ એરિયાઝ (PESA)ના કાયદાને અનુસરીને ગુજરાત પંચાયત (સુધારા) ધારા 1998 એ 1993ના રાજ્ય ધારામાં નવા સેકશન 278A તથા 278AA તેમ જ તેની સાથે શેડ્યુઅલ IV તથા V ને રાજ્ય પંચાયત ધારામાં દાખલ કરીને સુધાર્યા. આ ધારાના શેડ્યુઅલ IV તથા V માં દર્શાવેલ સુધારા મુજબ નવું સેકશન રાજ્યના નિશ્ચિત ક્ષેત્રને લાગુ પડશે. આ શેડ્યુઅલને 1998ના ધારા 5 વડે દાખલ કરાયા તથા ગેઝેટ પાર્ટ IV એકસ્ટ્રા ઓર્ડીનરી તા. 13/7/1998માં પ્રકાશિત કરાયું.

**ગુજરાત પંચાયત એમેન્ડમેન્ટ (સુધારણા) એક્ટ (ધારા) 1998ની મુખ્ય વિશિષ્ટતા નીચે મુજબ છે.**

**ગ્રામસભાને સત્તાઃ**

- પંચાયત વડે સામાજિક તથા આર્થિક વિકાસ માટે લાગુ કરાયેલી યોજનાઓ તથા આયોજનોને બહાલી આપવી.
- ગરીબી હટાવો તથા બીજાં આયોજનો માટે લાભાર્થીઓની પસંદગી કરવી.
- પંચાયત દ્વારા અમલ કરાયેલ યોજનાઓ તથા આયોજનોને ઉપયોગનું સર્ટિફિકેટ આપવું.
- સામાજિક તથા આર્થિક વિકાસની યોજનાઓ તથા આયોજનોને બહાલી આપવી.

**ગ્રામપંચાયતોને સત્તાઃ**

- જળાશયોનું આયોજન તથા સંચાલન કરવું.
- દારૂબંધીનો અમલ કરાવવો તથા કોઈ પણ કેફી પદાર્થોનાં વેચાણ અથવા વપરાશનું નિયમન કરવું અથવા મર્યાદા બાંધવી.
- નાની વન્ય પેદાશોની માલિકી.
- બધા જ સામાજિક વિભાગમાં સંસ્થાઓ તથા કર્મચારીઓ ઉપર અંકુશ કરવો.
- અનુસુચિત જનજાતિઓને પૈસા ધિરવા ઉપર અંકુશ રાખવો.

**તાલુકા પંચાયતને સત્તાઃ**

- વિકાસના પ્રકલ્પો માટે નિશ્ચિત ક્ષેત્રમાં જમીન સંપાદન પહેલાં ચર્ચા વિચારણા અને તે પહેલાં આવા પ્રકલ્પો વડે અસર પામનાર વ્યક્તિઓના પુનર્વસવાટ; નિશ્ચિત વિસ્તારમાં પ્રકલ્પોનું વાસ્તવિક આયોજન તથા અમલીકરણ રાજ્ય સ્તરના સહયોગથી થશે.
- આદિમ લોકજાતિ (ટ્રાઈબલ)ના પેટા આયોજનો સહિતના સ્થાનિક આયોજનો ઉપર તથા આયોજનો માટેના સ્રોતો પર અંકુશ.

**જિલ્લા પંચાયતને સત્તાઃ**

નિશ્ચિત વિસ્તારમાં જમીનના હાથબદલાને અટકાવવો તથા નિશ્ચિત વિસ્તારની ગેરકાયદેસર તબદીલ થયેલી જમીનને પાછી મેળવવા માટે યોગ્ય પગલાં લેવાં.

# 3. લોકશાહી વિકેન્દ્રીકરણ તથા પંચાયતી રાજ સંસ્થાઓનું મહત્ત્વ



સહભાગી શાસનના સંદર્ભમાં વિકેન્દ્રીકરણ તથા લોકોની ભાગીદારી ખાસ મહત્ત્વ ધરાવે છે. તે લોકો વડે નિર્ણયો લેવાવા જોઈએ તે સિદ્ધાંત પર આધારિત છે. અને તે લોકોને તેમની જીંદગી પર પ્રભાવ પાડતા નિર્ણયો પર કાબુ મેળવવા માટે સક્ષમ બનાવવાં માટેનાં પ્રેરકબળ તરીકે કાર્ય કરે છે. તે રાજકીય સ્થિરતા, જાહેર સેવા, પ્રમાણિકપણું તથા મોટા પાયે આર્થિક સ્થિરતાની ખાતરી આપે છે. સમાવેશી, જવાબદાર અને પારદર્શક શાસન વ્યવસ્થા દ્વારા જ વિકેન્દ્રીકરણ પ્રાપ્ત કરી શકાય છે.

વૈશ્વિકરણના આ યુગમાં વિકેન્દ્રિકરણ એ મુખ્ય સરભરકર્તા વલણ છે, જે વિકાસ પ્રક્રિયા ગરીબ તરફી, મહિલાઓ તરફી, કુદરત તરફી તથા રોજગાર તરફી છે તેની ખાતરી આપી શકે છે. માર્કેટનાં સંકલન તથા તકનીકિ ફેરફારોએ દેશની સરહદો વધુ પ્રવેશ્ય સ્થિતિમાં મુકી દિધી છે ત્યારે, વાટાઘાટો, વ્યવસ્થાની તથા વિકેન્દ્રિત સંચાલન પદ્ધતિ લાગુ કરવી તથા મજબુત બનાવવી અતિ આવશ્યક છે. એનાથી ખાત્રી કરી શકાશે કે સૌથી વધુ ગરીબનો અવાજ તથા નિસબત દરેક સ્તરે - કેન્દ્રથી માંડીને સ્થાનિક સ્તરે - રાજકીય વાર્તાલાપમાં મધ્યવર્તી સ્થાન લે.

વિકેન્દ્રીકરણ ત્રણ પ્રકારનાં હોય છે. રાજકીય વિકેન્દ્રીકરણમાં રાજકીય સત્તાને સ્થાનિક સ્તરે ચૂંટાયેલી સ્થાનિક સરકારની સ્થાપના વડે બદલવાનો, મતદાન પ્રક્રિયામાં સુધારા કરવાનો, સહભાગી પ્રક્રિયાઓને

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સત્તાધિકાર તથા બીજા સુધારાઓનો સમાવેશ થાય છે. આર્થિક વિકેન્દ્રીકરણ નાણા વિષયક અધિકારને સ્થાનિક સ્તરે બદલવાનું દર્શાવે છે. તેમાં સંસાધનોની અંતર સરકારી બદલી ઉપર અંકુશ ઘટાડવા તથા સ્થાનિક હકુમતને તેમની પોતાની આવક ઉત્પાદિત કરવાની વધુ સત્તા આપવાનો સમાવેશ થાય છે. વહીવટી વિકેન્દ્રીકરણ કામગીરીને લગતી જવાબદારીઓની સ્થાનિક સ્તરે પૂર્ણ અથવા આંશિક બદલી નક્કી કરે છે. (દા. ત. આરોગ્ય સંભાળ સેવાઓ, શિક્ષણ, રસ્તાઓનું બાંધકામ તથા સારસંભાળ, મૂળભૂત સેવાઓ પૂરી પાડવી તથા ગંદા પાણીના નિકાલ વગેરે)

સુધારા તથા વિકેન્દ્રીકરણ વચ્ચે મજબુત કડી છે. સરકારની ઘટાડેલી ભૂમિકા અંગત સાહસો તથા જનસમુહ માટે તક ઊભી કરે છે એવો સૈદ્ધાંતિક તર્ક છે. ઘણા દેશોમાં વિકેન્દ્રીકરણ માટે વાસ્તવિક કાર્યક્રમો ઘડાયા છે. વિવિધ વિકાસશીલ દેશો જેવાં કે પોલેન્ડ, ચીલી, આર્જેન્ટીના, સાઉથ આફ્રીકા તથા ચીનમાં થઈ રહેલા સુધારાવાદી પ્રોગ્રામોને સ્થાનિક એકમોને રોકાણ તથા કેપીટલ માર્કેટ સુધી પહોંચવા માટેના પ્રોત્સાહક નિર્ણયો સુધારણા માટેનો મજબૂત પાયો પૂરો પાડ્યો છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે આવા સંદર્ભોમાં થતું આર્થિક વિકેન્દ્રીકરણ જ સુધારણા માટેના પ્રોગ્રામની સફળતાની ચાવીરૂપ છે. ઉપર દર્શાવેલ દેશોમાંથી માત્ર સાઉથ આફ્રીકાએ જ ત્રીજા સ્તર સુધીનું સત્તાનું સર્વગ્રાહી વહેંચાણ હાથ ધર્યું છે. ચીનમાં સુધારાઓ રાજકીય સ્વતંત્રતા સાથે સંકળાયેલા નહોતા. રાજકીય વિકેન્દ્રીકરણ વધુ ટકાઉ તાર્કિક - કાયદાકીય માળખું પુરું પાડે છે, જે વિકેન્દ્રિકરણને રાજકીય તથા નાગરીકત્વ નિરુપણનો અંતર્ગત ભાગ બનાવે છે.

અત્યારના સમયમાં એવી માન્યતા વધી છે કે વાસ્તવિક વિકેન્દ્રિકરણ વિકાસ તરફ લઈ જાય છે. એવું પણ લાગે છે કે લોકોનાં સશક્તિકરણ માટે લોકોને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે તથા અસરકારકતા વધારવા માટે તો શ્રેષ્ઠ ઉપાય સરકારના સ્થાનિક એકમોની સત્તાનું વિકેન્દ્રીકરણ છે. હ્યુમન ડેવલપમેન્ટ રીપોર્ટ 1993 મુજબ આ વિકેન્દ્રીકરણ લોકોને સક્રિય રીતે ભાગ લેતા કરવા માટે તંત્ર અને તેના કર્મચારીઓમાં જવાબદારી તથા પારદર્શકતા લાવવામાં ખાસ્સું સફળ છે. તે ગરીબોને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવીને સ્રોતને ખસેડવામાં તથા સમાન વિકાસને આગળ ધપાવવામાં મદદરૂપ થાય છે. હાલમાં ભારતને રાજકીય વિકેન્દ્રીકરણ માટે સ્થાન ઉભું કરવા બાબતે વિશ્વનો આગેવાન દેશ ગણવામાં આવે છે. ભારતમાં તમામ સરકારી નીતિઓ તથા આયોજનોનાં અમલીકરણના દરેક પાસાંમાં લોકોને ભાગ લેતા કરવા માટે સ્થાન ઉભું કરવા પર વધારે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે.

આપણા બંધારણની 40મી કલમ સરકારને ગ્રામ પંચાયત બનાવવાનાં પગલાં લેવા તથા તેમને સ્વ-શાસનના એકમ તરીકે કાર્ય કરવા માટે જરૂરી સત્તા પૂરી પાડવા માટેનાં સૂચનો આપે છે. 80ના દાયકાની મધ્યમાં એ ખ્યાલ આવી ગયો હતો કે ઉપરોક્ત આદેશ ભારતમાં પંચાયતી રાજને સંસ્થાપિત કરવા માટે પૂરતો નથી. રાજ્ય નીતિ આદેશિત સિદ્ધાંતો મુજબની પંચાયતી રાજની પદ્ધતિ, નીતિના ઘડનારાઓ માટે સંતોષપ્રદ ન હતી. એક કારણ એ હતું કે રાજ્યની સરકારો વડે પંચાયતી રાજની એકસરખી ભાતને અનુસરાતી ન હતી. જ્યારે કેટલાંક રાજ્યો દ્વિ-સ્તરીય પદ્ધતિને અનુસરતાં હતાં, તો બીજાં ત્રી-સ્તરીય પદ્ધતિને અનુસરતાં હતાં. ઘણાં રાજ્યો PRIની નિયમિત ચૂંટણીઓ કરતાં ન હતાં. PRIની ચૂંટણીઓ રાજ્ય સરકારોનો પોતાના વડે થતી હોવાને કારણે તેમની તટસ્થતા તથા સ્વતંત્રતા શંકામાં હતી. આવી સંસ્થાઓને સત્તા આપવા બાબતે કોઈ ચોક્કસ માર્ગદર્શિકા પણ ન હતી. ગ્રામ્ય

વિસ્તારના લોકોનાં સશક્તિકરણની જરૂરિયાત વધુ અગત્યની હતી. એ જોવામાં આવ્યું કે સત્તા તો સામાજિક તથા આર્થિક રીતે પ્રભાવશાળી વ્યક્તિઓના હાથમાં જ રહી અને રાજકીય નિર્ણયો કરવામાં ગરીબ માણસની બહુ ઓછી ભાગીદારી રહી. આ, મહિલાઓ માટે પણ એટલું જ સાચું હતું. ત્યારે નીતિ ઘડનારાઓએ ગ્રામ્ય વિસ્તારના લોકો, ખાસ કરીને મહિલાઓને સત્તા આપવા માટે તથા PRIને એક બંધારણીય સ્થાન આપવા માટે તથા તે રીતે દેશમાં એકરૂપતા લાવવા માટે બંધારણમાં સુધારા કરવા વિશે વિચારવાનું શરૂ કર્યું.

**બંધારણીય સુધારા દ્વારા લોકતાંત્રિક વિકેન્દ્રીકરણ**

1993ના વર્ષમાં બંધારણીય સુધારણા ધારો પસાર કરવામાં આવ્યો અને રાજ્ય સુધારેલા પંચાયતી રાજ ધારાનો અમલ કરવાની જરૂર પડી. આ રીતે બંધારણના 73માં અને 74માં સુધારાઓ એ વિકેન્દ્રિત શાસન પદ્ધતિ માટેની વાસ્તવિક સમજણ માટે માર્ગ કંડાર્યો તથા લોકશાહીનાં મૂળીયાંનો પાયો નાખ્યો.

કલમ 243, 243Aથી બંધારણમાં નવા નખાયેલા ભાગ IXના ભાગ તરીકે ઉમેરવામાં આવ્યા હતા. આ સુધારાએ PRIની ગ્રામ, બ્લોક તથા જિલ્લા સ્તરની ત્રી-સ્તરીય પદ્ધતિ બધે લાગૂ કરાવી. ગ્રામ પંચાયત સ્તરના મતદાર મંડળને ગ્રામસભા કહેવાય છે કે જે ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓને સીધી ચૂંટણી વડે ચૂંટે છે. તદ્ઉપરાંત કલમ 243D બધા સ્તરે અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) તથા મહિલાઓ માટે અનામત બેઠકો પૂરા પાડે છે. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિને લાગતા વળગતા વિસ્તારની વસ્તીનાં વાસ્તવિક પ્રમાણમાં અનામત છે, પરંતુ દરેક સ્તરની કુલ બેઠકોનો ઓછામાં ઓછો એક તૃતિયાંસ ભાગ મહિલાઓ માટે અનામત ફાળવાયો છે. ત્રણેય સ્તરે અધ્યક્ષપદ માટે પણ અનામત છે. કેટલાંક રાજ્યોએ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ (OBC) માટે પણ અનામત રાખી છે. પરંતુ કોઈ પણ રાજ્યને મહિલાઓના અનામતમાં - કે જે કુલ બેઠકોનો ઓછામાં ઓછો એક તૃતિયાંસ ભાગ છે - માં ઘટાડો કરવાની મુનસફી નથી. જુદાં જુદાં રાજ્યોમાં PRIમાં મહિલાઓ પાસે વાસ્તવિક બેઠકો 35થી 42 ટકા સુધી છે. પરિણામે સ્ત્રીઓ સહિત પછાત તથા નબળા વર્ગના લોકો PRI માં લગભગ 50 ટકા બેઠકો ધરાવે છે.

હવે બંધારણ જણાવે છે કે દરેક પંચાયત પાંચ વર્ષના સમયગાળા સુધી ચાલુ રહેશે. રાજ્યોને પણ PRI ને યોગ્ય જકાત તથા કર લેવાની છૂટ આપવાની સત્તા આપવામાં આવી છે. આમ બધા જ સ્તરે પંચાયતો સ્થાનિક સ્તરે આર્થિક સ્રોત ઉભા કરવા તથા સ્થાનિક જરૂરિયાત મુજબ ઈચ્છિત ક્ષેત્રે ખર્ચ કરવા સક્ષમ છે. રાજ્યના કાયદાઓ અનુસરવાની પદ્ધતિઓ બતાવે છે, તેમ જ આવા કર/લેવીઓની હદ નક્કી કરે છે. રાજ્ય સરકારો પંચાયતોને તેમના દ્વારા ઉઘરાવતા વિવિધ કરો તેમ જ કરવેરા સોંપી શકે છે. રાજ્ય સરકારોએ PRIની આર્થિક સ્થિતિના વિશ્લેષણ માટે કરોની રાજ્ય તથા PRI વચ્ચે વહેંચણીની ભલામણ માટે, ચોક્કસ કરો માત્ર PRI ને સોંપવા તેમ જ ગ્રાન્ટ્સ-ઈન-એઈડની ભલામણ કરવા માટે રાજ્ય નાણાં પંચની નિમણુંક કરવાની છે.

73મો સુધારો PRIની સ્વતંત્ર તથા તટસ્થ ચૂંટણીની ખાતરી માટે દરેક રાજ્યમાં રાજ્ય ચૂંટણીપંચ સ્થાપવાનું કહે છે. સ્ટેટ ઈલેક્શન કમિશનરની નિમણૂંક લાગતા-વળગતા રાજ્યના રાજ્યપાલે કરવાની છે. રાજ્ય ચૂંટણી પંચની સ્વતંત્રતાની ખાતરી માટે નિશ્ચિત કરવામાં આવ્યું છે કે સ્ટેટ ઈલેક્શન કમિશનરને માત્ર હાઈકોર્ટના ન્યાયધિશ જેવી જ પદ્ધતિથી અથવા તેવા જ કારણોસર ખસેડી શકાય.

કલમ 243G તથા 243H મુજબ પંચાયતોને તેમના લાગતા વળગતા વિસ્તારના આર્થિક વિકાસની ખાતરી માટે જિલ્લા, બ્લોક તથા પંચાયત સ્તરે આયોજન તૈયાર કરવાની જવાબદારી સોંપાઈ છે. આર્થિક વિકાસ માટેના નાણાનો પ્રવાહ આવાં આયોજનો પર આધારિત હશે. કરો લાદવાના અધિકાર સાથે પંચાયતો આર્થિક રીતે સશક્ત તથા સ્વનિર્ભર બને છે. આ સંસ્થાઓ સામાજિક - આર્થિક વિકાસના લક્ષ્ય માટેની યોજનાના અમલીકરણ માટે પણ જવાબદાર છે તથા બંધારણના 11માં શિડ્યુલમાં વર્ણવ્યા મુજબ 29 પ્રકારના કાર્યો વિશે નિર્ણય લેવાના અધિકાર ધરાવે છે. આ કાર્યોમાં જમીન સુધારણા, સિંચાઈ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, શિક્ષણ, મહિલાઓ તથા બાળ વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. મોટા ભાગનાં રાજ્યોએ 73માં સુધારાના સાર મુજબ આવાં કાર્યો પંચાયતોને સોંપ્યાં છે.

**વિકેન્દ્રીકરણમાં પડકારો**

**1. લોકો અને રાજકીય નેતાઓ વચ્ચે અરસપરસ વિશ્વાસ વિકસાવવો:** શાસનમાં લોકોની સક્રિય ભાગીદારીને આગળ વધારવા તથા પ્રોત્સાહિત કરવા દરેક સ્તરે લોકોને માત હોય ખાસ્સી નેતાગીરી જરૂરી છે. વિકેન્દ્રીકરણના જુદા જુદા મુદ્દે એકમતતા ઘડવી પણ જરૂરી છે.

**2. વિકેન્દ્રીકરણ પ્રક્રિયાને આગળ વધારવા માટે રાજકીય તથા નાગરીકત્વીય ઈચ્છા:** વિકેન્દ્રીકરણ પ્રક્રિયાને આગળ ધપાવવા માટે રાષ્ટ્રીય સ્તરે રાજકીય ઈચ્છા હોવી જોઈએ. રાજકીય ઈચ્છા વગર વિકેન્દ્રીકરણ સફળ થઈ શકે નહી. બીજું, કે સરકારી કર્મચારીઓ, અધિકાર, સત્તા, કાર્યો, જવાબદારીઓ તથા આવશ્યક સ્રોતોની બદલીની પ્રક્રિયાની સરળતા માટે તૈયાર અને ઈચ્છુક હોવા જોઈએ. અધિકારત્વની ઈચ્છા વગર, વિકેન્દ્રીકરણના માર્ગમાં ઘણા અંતરાય હશે. ત્રીજું કે તળીયાનો સમાજ, ખાસ કરીને સ્થાનિક સરકારના ચૂંટાયેલા નેતાઓ વ્યવસ્થિત, કાબેલ તથા અધિકાર તથા સત્તા મેળવવા તથા તેનો ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવતા તથા લોકોના સામાજિક - આર્થિક વિકાસ માટે જવાબદારી ધરાવતા હોવા જોઈએ. નાગરીકત્વની ઈચ્છા અને કાબેલીયત વગર વિકેન્દ્રીકરણ અસરકારક રીતે પાર પડશે નહીં અને બદલવામાં આવેલા સ્રોતો વેડફાઈ જશે.

**3. વિવિધ હિસ્સેદારીની ક્ષમતા ઘડવી:** આ હકીકતે વિકેન્દ્રિત શાસનની સફળતાનાં મહત્ત્વનાં પાસાંઓમાંનું એક છે. સામાન્ય રીતે રજુ કરાતી દલીલો એવી છે કે સ્થાનિક લોકો સ્થાનિક સરકારોને સંભાળવા માટેની આવશ્યક કાબેલીયત ધરાવતા નથી અને તેથી કાર્યો, જવાબદારીઓ તથા સ્રોતો તેમને શિરે મુકવાં જોઈએ નહીં. સ્થાનિક શાસન માટેની ક્ષમતા અથવા અક્ષમતા ફક્ત જનસમુદાય તરફ ચિંધવા જોઈએ નહી. સ્થાનિક સરકારમાં સરકારી કર્મચારીઓ, જનસમુદાય, રાજ્ય તથા કેન્દ્રિય સરકાર વગેરે જેવા કેટલાંક હિતધારકોનો પણ સમાવેશ હોય છે. માટે સ્થાનિક શાસન માટે યોગ્ય કાબેલીયત ઘડવાની પ્રક્રિયામાં દરેક ભાગ લેનાર છે. અને તેની ભૂમિકાની ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. જેથી દરેકની ક્ષમતા તેની ભૂમિકાને અસરકારક રીતે નિભાવવા માટે મજબૂત બને. વિકેન્દ્રિત શાસન માટે જાગરૂકતા ઘડવા જેવી ક્ષમતા ઘડતરની પ્રકૃત્તિમાં હંમેશા બધા હિસ્સેદારોનો તથા ભાગ લેનારાઓનો સમાવેશ કરવો જોઈએ.

**સંદર્ભો**


1. ડિઝાઈનીંગ, ડીસાઈડીંગ એન્ડ ડીફેન્ડીંગ ડીસેન્ટ્રલાઈઝેશન પૉલીસીઝ: ચેલેન્જીસ, ઈસ્યુઝ એન્ડ સ્ટ્રેટેજીસ - બાય ડૉ. જ્હોન - મારી કાઉઝીયા (Ph. D.)
2. એસેલીંગ મેરીટ્સ ઑફ ડીસેન્ટ્રલાઈઝેશન ઍઝ અ કોન્ફ્લીક્ટ મીટીગેશન સ્ટ્રેટેજી - બાય જોસેફ સેઈગલ એન્ડ પેટ્રીક ઓ'મેહોની.

# 4. ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાઓનું કાર્ય



પંચાયતીરાજની હિમાયતમાં મહાત્મા ગાંધીએ કહ્યું કે તે ભારતની રાજકીય વ્યવસ્થાનો પાયો છે જયાં દરેક ગામ તેનાં પોતાના કાર્યો માટે જવાબદાર છે. તેમનું સ્વપ્ન ગ્રામ સ્વરાજનું હતું.

વર્ષ 1950 અને 1960 દરમિયાન કે જયારે વિવિધ રાજયોમાં પંચાયતોની સ્થાપના માટેના કાયદાઓ પસાર કરવામાં આવ્યા ત્યારે રાજય સરકારો દ્વારા આ સ્વપ્નને અપનાવવામાં આવ્યું. 1992માં ભારતીય બંધારણમાં 73મા સુધારા દ્વારા તેને આધાર મળ્યો છે જે મુજબ પંચાયતોને સત્તાઓ અને જવાબદારીઓ આપવામાં આવશે, જેથી તેઓ આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેનું આયોજન કરી શકે. બંધારણના અગિયારમાં પરિશિષ્ટમાં મુખ્યત્વે 29 વિષયોની સૂચિ બનાવવામાં આવી છે જેના પર પંચાયતો નિર્ણય લઈ શકે છે.

યોગ્ય સ્તરની પંચાયતોને સતાઓ અને જવાબદારીઓ આપવામાં આવી છે તે નીચે મુજબ છે.

- આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે આયોજનની તૈયારી
- બંધારણના અગિયારમાં પરિશિષ્ઠમાં આપવામાં આવેલા 29 વિષયોના સંદર્ભમાં આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓનું અમલીકરણ કરવું
- યોગ્ય કરવેરા, વેરાઓ, જકાત અને ફી લાદવાં અને ઉઘરાવવાં

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

1992ના 73મા બંધારણીય સુધારાને અનુસરી ગુજરાતે પંચાયતીરાજ ધારો 1993 પસાર કર્યો. આ સૌપ્રથમ 26.8.93 ના રોજ વિશિષ્ટ ગેઝેટના અંગ્રેજી વિભાગ-4, વધારો નં-20 માં જાહેર થયો હતો અને 15મી એપ્રિલ 1994 થી અમલમાં આવ્યો હતો. તે પછી તેમાં વર્ષ 1998, 2000 અને 2004 માં સુધારા-વધારા કરવામાં આવ્યા હતા.

ગુજરાત પંચાયત અધિનિયમ-1993 ના સેકશન-179 અને 180 મુજબ વિકાસ યોજનાઓ અને ખાસ યોજનાઓના અમલીકરણના સંદર્ભમાં પંચાયતોને સત્તાઓ અને જવાબદારીઓની સોંપણી માટેની જોગવાઈ કરવામાં આવી છે. તેના સંદર્ભમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે સેકશન-99, 130 અને 154 માં જોગવાઈ છે. આ પરિશિષ્ટ-1, 2 અને 3 તરીકે ઓળખાય છે. તેમાં દર્શાવેલી વિગતો નીચે મુજબની છે.

## ગ્રામ પંચાયતના કાર્યો

ગુજરાત પંચાયત ધારા 1993ના સેકશન-99 મુજબ કાર્યો અને જવાબદારીઓ ગ્રામ પંચાયતે પૂરી કરવાની રહેશે.

**જાહેર સ્વાસ્થ્ય**

- સ્વાસ્થ્યનું રક્ષણ કરવા અને રોગોથી દૂર રહેવા માટે ગામને સ્વરછ રાખવાનું અને આરોગ્યપ્રદ આચરણનો અમલ કરવાનું ખૂબ જરૂરી હોય છે. કચરાના ઉકરડાની સફાઈ કરવી, બંધ કરી દીધેલા કુવાઓ, અસ્વચ્છ અને દૂષિત સરોવરો અને તળાવોને પૂરેપૂરા પાણીથી ભરવા, ખાડાઓ અને પાણી જમા થયું હોય તેવા વિસ્તારોની સફાઈ કરવી અને આરોગ્યપ્રદ આચરણના પ્રચાર-પ્રસાર માટે તમામ પ્રકારના પગલાં લેવાની જવાબદારી ગ્રામ પંચાયતોની છે.
- માનવજાત અને પશુઓને રોગો સામે રક્ષણ આપવા માટે રસીકરણ જેવા આરોગ્યપ્રદ આચરણને અપનાવવા માટે ગ્રામજનોને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- જાહેર આરોગ્યધામો અને દવાખાનાઓ ઉભાં કરવા અને તેની જાળવણી કરવી. જાહેર તબીબી સારવાર માટેની બધી જરૂરી વ્યવસ્થા પણ કરવી જોઈએ.
- ચેપી રોગો રોગચાળાનું સ્વરૂપ ન લે તે માટે પ્રતિબંધક પગલાં લેવાં જોઈએ.
- સ્પર્શજન્ય રોગો વારંવાર ન થાય તેની ખાતરી કરવા માટે બધી જ જરૂરી વ્યવસ્થા પણ કરવી જોઈએ.
- સગર્ભા સ્ત્રીઓ અને નાનાં બાળકોનાં કલ્યાણને સુનિશ્ચિત કરવા માટેની યોજનાઓ હાથ ધરવી જોઈએ. આંગણવાડીઓ ઉભી કરવાની યોજના એ આ યોજનાનું મહત્વનું અંગ બની શકે છે. આ પ્રકારની કુટુંબ-કલ્યાણ યોજનાઓનો વધુ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

**સ્વરછતા**

- પાણી છાંટીને સ્વરછતા રાખવી અને નિયમિત સમયગાળા દરમિયાન તે કરતાં રહેવું. રસ્તાઓ, તળાવો, કુવાઓ અને અન્ય જાહેર તથા ખાનગી સ્થળો પરનું આરોગ્ય અને સ્વરછતાનું ધોરણ જાળવું રાખવું.
- જાહેર રસ્તાઓ, ગટરોને સ્વરછ રાખવા જોઈએ અને બિનજરૂરી ઝાડી-ઝાખરા કે જે મચ્છરો ઉત્પન્ન કરે છે અને રોગનું જોખમ ઉભું કરે છે તેનો નાશ કરવો જોઈએ.

### શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રસાર

- સ્ત્રીઓ અને યુવાનોના કલ્યાણ માટે વ્યાયામ શાળાઓ, રમતના મેદાનો, સામુદાયિક કેન્દ્રો, કલા અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટેના સભાગૃહોની સ્થાપના.
- કલા અને સંસ્કૃતિની બઢતી માટે રંગભૂમિની સ્થાપના.
- ગ્રામજનોના લાભાર્થે પુસ્તકાલયો ઉભા કરવા અને તેની જાળવણી કરવી.
- સારા, નૈતિક આચરણને બઢતી અને પ્રોત્સાહન આપવું જયારે નશાખોરી, લાંચ-રૂશ્વત અને જુગારને અમાન્ય કરવા.
- સમાજના પછાત વર્ગોના ઉત્કર્ષ માટેના પ્રયત્નો કરવા અને અસ્પૃશ્યતાને નાબૂદ કરવી.
- પ્રાથમિક શાળાઓમાં બાળકોની ભરતી માટે પ્રોત્સાહન પૂરું પાડવું. આ બાબત સરકારના ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ઉપ્લબ્ધ કરાવવાની જવાબદારીને સહાયરૂપ બનવું.
- શાળાઓની સ્થાપના, નિર્માણ અને શાળાઓના મકાનોની જાળવણી તથા પ્રાથમિક શિક્ષણની જરૂરી સાધન-સામગ્રી પુરી પાડવી.
- બાળ કલ્યાણ કેન્દ્રોની સાથે-સાથે પૂર્વ પ્રાથમિક શાળાઓ, બાલવાડીઓની સ્થાપના.
- જરૂરિયાતમંદ વિધાર્થીઓ માટેની જરૂરી નાણાંકીય મદદનો પ્રસાર કરવો અને જો શકય હોય તો વિધાર્થીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવી.
- શાળાઓમાં તહેવારો અને વાર્ષિક કાર્યક્રમોની ઉજવણી કરવી. લોકસમૂહને શિક્ષિત કરવાના દ્રષ્ટિકોણથી સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.

### સામુદાયિક વિકાસના ઉદીપકો

- આર્થિક અને સામાજિક વિભાગોમાં સહકારી પ્રવૃતિઓને સહાય અને પ્રોત્સાહન
- કુટુંબ નિયોજનનો પ્રચાર-પ્રસાર
- ગરીબો, અપંગો અને બીમાર વ્યકિતો માટે રાહત
- કુદરતી આફતો વખતે સામુદાયોને સહાય પુરી પાડવી - દુકાળ કે કુદરતી આફતો વખતે ઘરવિહોણા અને આર્થિક રીતે વંચિત લોકો માટે સહાય પૂરી પાડવી, આવી આફતો વખતે બેકારો માટેની પ્રવૃતિઓ ઉભી કરવી કે જે તેમને રોજગાર આપી શકે. દા. ત. મકાન બાંધવાની પ્રવૃતિઓ, કુદરતી આફતોના ભોગ બનેલા લોકો માટે આર્થિક અને અન્ય પ્રકારની સહાયોનો પ્રસાર કરવો, ગ્રામ પંચાયતોએ તેના અધિકારોની મર્યાદામાં રહીને ઉપર્યુકત દર્શાવેલા જાહેર કામો હાથ ધરવા જોઈએ, પરંતુ તે ગુજરાત પંચાયત ધારા 1993ના સેકશન-100 મુજબના હોવા જોઈએ. ગ્રામ પંચાયત જિલ્લા પંચાયત સાથે સલાહ પરામર્શ કરીને અન્ય ગામોમાં પણ આવી પ્રવૃતિઓ હાથ ધરી શકે છે.
- સમુદાયના કામોમાં સહાય માટે ગામના સ્વૈચ્છિક કાર્યદળો બનાવવા.

### સામાજિક વિકાસ

- અસ્પૃશ્યતા જેવા સામાજિક દૂષણોનો જડ-મૂડમાંથી નિકાલ કરવો અને સ્ત્રી-પુરુષ માટે સમાન દરજજો નિશ્ચિત કરવો. અંધશ્રઘ્ધા અને અન્ય દૂષણો જડ-મૂડમાંથી નિકાલ કરવા માટે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવી.
- ધર્મ નિરપેક્ષતાને પ્રોત્સાહન આપવું. બાળ - કલ્યાણ, એ સામાજિક વિકાસનું અગત્યનું અંગ છે. પંચાયતના સભ્યોએ એ નકકી કરવું જોઈએ કે બાળકો માટે સ્વાસ્થ્ય અને શિક્ષણને કઈ રીતે નિશ્ચિત કરી શકાય.

**પાણી પુરવઠો અને જાળવણી**

- ઘરેલુ ઉપયોગ માટે અને ઢોરઢાંખર તથા ઘરેલુ પશુઓ માટે પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવો.
- જો ચાલુ પાણી પુરવઠો અપૂરતો અથવા દૂષિત હોય તો સારી ગુણવતા ધરાવતો પાણી પુરવઠો ઉચિત કિમંત મળી રહે તે માટેની જરૂરી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

**ગૃહ ઉદ્યોગો અને આજીવિકાને બઢતી**

- ગ્રામજનોની ઔદ્યોગિક ક્ષમતાઓ અને વ્યવસાયિક કુશળતાઓનું વિશ્લેષણ કરવું.
- બેકારો અને ઓછું વેતન મેળવતા કામદારોને સારી આજિવિકા મેળવવામાં મદદ કરવા માટેની યોજનાઓની સૂચિ તૈયાર કરવી.
- કાંતણ, હાથવણા, રંગકામ, છાપકામ, ભરત-ગૂંથણ, સીવણ, ઓઈલ-પ્રેસિંગ, ઉદ્યોગ, ચર્મ - ઉદ્યોગ, માટીકામ, સુથારી કામ, ભઠ્ઠી ઉદ્યોગો, ખેતીના કચરામાંથી સારું ઉત્પન્ન કરવાની પ્રક્રિયા, અન્ય કુટીર ઉદ્યોગો અને ગ્રામ્ય - કલા કારીગરીને પ્રોત્સાહન આપવું.
- ગામના ચાલુ કુટીર ઉદ્યોગો અજોડ હસ્તકલા શૈલી, કોઈને પણ પર્યાપ્ત સલામતી, પ્રોત્સાહન અને સહાય સાથે પુર્નજીવિત કરવા જોઈએ. ગામના ઉદ્યોગોને વધુ મજબૂત કરવા માટે જરૂરી વસ્તુઓ જેમકે, કાચો માલ પૂરો પાડવાની જરૂરિયાતનું ધ્યાન રાખવું.
- પ્રયત્નો ધ્વારા એ વાતની ખાતરી કરવી જોઈએ કે ગામના કારીગરોએ આધુનિક અને કુશળ રીતે કાર્ય કરવાની તાલીમ લીધેલી છે અને તેઓ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.
- ગ્રામ ઉદ્યોગોનો ઝડપી અને સર્વાંગી વિકાસ થાય તે માટે ગામના કારીગરોને સહકારી મંડળીઓ રચવાના ફાયદા જાણવવા જોઈએ.

**જાહેર બાંધકામોનાં નિર્માણની સુવિધા અને જાળવણી**

- સમુદાયના ઉપયોગ માટે જરૂરી અને અન્ય વિકાસને લગતા હેતુઓ માટે જરૂરી મકાનો બાંધવા જોઈએ. આવાં મકાનોની જાળવણીનું કામ પંચાયતો ધ્વારા થવું જોઈએ. જાહેર રસ્તાઓ, ડ્રેનેજ પાઈપલાઈન, પંચાયતની હદ નિશાનીથી અલગ પાડવી, બજારનાં સ્થળો, કતલખાનાં, સંડાશ અને યુરિનલ માટેનાં સ્થાનો, ગટર્સ, સ્નાન કરવાનાં સ્થળો, કપડાં ધોવાનાં સ્થળો, પીવાના પાણીની સુવિધાઓ, તળાવો - કૂવાઓ - ચેક ડેમ્સ એ જાહેર બાંધકામો છે જેનું નિર્માણ અને જાળવણી ગ્રામ પંચાયત ધ્વારા થવું જોઈએ.
- પંચાયતનાં મકાનો, પશુઓને ચરાવવાનાં મેદાનો, જંગલના માર્ગો અને સિંચાઈ માટે વપરાતા કૂવાઓ તથા તળાવોની જાળવણી અને તેનો ઉપયોગ કરવાના નિયમો અને શરતો દર્શાવવા
- શેરી - બત્તીઓ, મેળા, બજારનાં સ્થળો, ધોડાગાડી સ્ટેન્ડ, કાર સ્ટેન્ડ પર નિયંત્રણ
- ધર્મશાળા, ઢોર- ઢાંખર માટેનાં તળાવોનું નિર્માણ અને જાળવણી
- ગામમાં અને ખાસ કરીને રસ્તાની એક તરફ વૃક્ષો રોપવા. ગ્રામ પંચાયતના કર્મચારીઓ માટેનાં રહેઠાણોનું નિર્માણ અને જાળવણી

**ખેતીના વ્યવસાયમાં સુધારણા**

- ખેતીના વ્યવસાયમાં સુધારણા લાવવા માટે બધાં જ શકય પગલાં લેવા જોઈએ.
- વધુ સારી ખેત-પેદાશ નિશ્ચિત કરવા માટે ઓછામાં ઓછા વ્યાજ - દરથી ધિરાણ ઉપલબ્ધ કરાવવી જોઈએ.

- અનાજોનો સંગ્રહ કરવા માટેની વખારો બનાવવી, તેની જાળવણી કરવી.
- ખેતી અને અન્ય વિકાસ કાર્યોના હેતુથી રાજય સરકાર ધ્વારા પંચાયતોને આપવામાં આવેલી ખરાબાની જમીનોનો વિકાસ કરવો.
- સૌ પ્રથમ રાસાયણિક ખાતરોનો સિલક માલ કેટલો છે તે તપાસવું જોઈએ તે પછી રાસાયણિક ખાતરની ચોકકસ મેળવણી તૈયાર કરવી જોઈએ અને ખેડૂતોને વેચાણ કરવું જોઈએ. વૈજ્ઞાનિક રીતે માન્ય બિયારણ પૂરું પાડવુ જોઈએ. આ હેતુ માટે ખાસ અલાયદાં કેન્દ્રો ઊભા કરવા જોઈએ. જયાં બિયારણ અને રાસાયણિક પદાર્થોના વેચાણ ઉપરાંત ખેડૂતોને અદ્યતન અને સંવર્ધિત ખેતીનાં સાધનોની જરૂરિયાત અને ગુણવતા અંગેની તાલીમ મળી રહે. આવાં કેન્દ્રો પર આવાં સાધનો સહેલાઈથી અને પૂરતાં પ્રમાણમાં મળી રહે તે માટેની ખાતરી મળવી જોઈએ.
- ખેતરોની લઘુ - સિંચાઈ યોજનાઓ અને પાણી - સંગ્રહ માટેની નાની ટાંકીઓ બનાવીને પૂરતો પાણી - પૂરવઠો મેળવવાની ખાતરી કરવી જોઈએ.

**પશુ ઉછેર**

- ઢોર - ઢાંખરની સુધારણા અને સંખ્યામાં વધારો કરવા માટે બધાં જ જરૂરી પગલાં હાથ ધરવાં જોઈએ.
- ડેરી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું.

**વહીવટ અને જાળવણી**

- રખડતાં ઢોર અને કૂતરાઓના માલિકો સામે શિક્ષાત્મક પગલાં ભરવા.
- જે વ્યવસાય - ધંધાઓ જાહેર સુખાકારી, સલામતી અને કલ્યાણ માટે જોખમી સાબિત થાય તેવા હોય તેની તપાસ કરવી.
- ખંડિયેર મકાનો અને બાંધકામો કે જે જાહેર સલામતી માટે જોખમી હોય તેને સલામત બનાવવા અથવા જરૂર પડે તો તેનો નાશ કરવો.
- મકાનો અને બાંધકામોને કાયદેસર કરવા માટેનું વ્યવહારુ માર્ગદર્શન તૈયાર કરવું એ જગ્યાઓ કે જે મેળાઓ અને ધરેલુ બજાર ભરવા માટેનાં સ્થળો તરીકે વાપરવામાં આવે છે તેનું નિયંત્રણ કરવું. મેળાઓ, ઉત્સવોનું આયોજન નિયમિત રીતે થતું રહેવું જોઈએ.
- ચા, કોફી અને દૂધનાં કેન્દ્રો જેવા વ્યવસાયની પરવાનગી આપીને કે અન્ય સાધનો ધ્વારા કાયદેસર બનાવવાં.
- સ્મશાનગૃહો અને કબ્રસ્તાનોની જાળવણી અને વહીવટ, પશુઓનાં મડદાંનો ઝડપી અને આરોગ્યપ્રદ રીતે નિકાલ કરવો.
- દાવો નહીં કરાયેલાં પશુઓનાં મડદાંના નિકાલ.
- આગ - સુરક્ષા માટેનાં પગલાં લેવાં જોઈએ. આગના કોઈપણ બનાવમાં જાનમાલના રક્ષણ માટેનું એક માળખું ઉભું કરવા માટેનાં પૂરતાં પગલાં લેવા જોઈએ.
- પંચાયતનાં બધાં જ મકાનો અને મિલકતોની પૂરતી સલામતી અને સુરક્ષાની ખાતરી કરવી.
- ખેતરમાં પાકના રક્ષણ માટે ગ્રામજનોની સ્વૈચ્છિક ટુકડીઓ બનાવવી જોઈએ. આ પ્રકારની સ્વ-બચાવની પ્રવૃતિને પ્રોત્સાહન આપવું જોઈએ.
- ગામ, તેના રહેવાસીઓ અને તેના પાકના રક્ષણ માટે ગામના યુવાનોને સ્વ-બચાવની તકનીકમાં તાલીમ આપવી જોઈએ. આ પ્રકારની તાલીમો આપવા માટેની રાજય સરકારની યોજનાઓનો

સહાય માટે ઉપયોગ કરવો જોઈએ.

- જાહેર રસ્તાઓ અને ખુલ્લાં પ્લોટ પરનાં બધા જ પ્રકારનાં દબાણો દૂર કરવાં જોઈએ. સ્વતંત્ર રીતે જમીન - સર્વેક્ષણ ધ્વારા આની વ્યવસ્થા કરી શકાય કે પછી જમીન - સર્વેક્ષણ માટેની રાજય સરકારની પહેલમાં સહાય કરી શકાય.

- રાજય સરકારની જમીન સુધારણા પરિયોજનાને સહાય કરવી જોઈએ. ગ્રામીણ ઉત્થાન અને વિકાસ માટેની વિવિધ પરિયોજનાઓ માટે રાજય અને કેન્દ્ર સરકાર ધ્વારા વિસ્તૃત કરવામાં આવેલી બધી જ સહાય
- બજેટ તૈયાર કરવું, આવક-જાવકનો હિસાબ રાખવો - હયાત નાણાંકીય સંસાધનોની સંભાળ લેવી જોઈએ અને તેનો રચનાત્મક ઉપયોગ કરવો જોઈએ. જે વિશાળ જનસમૂહને લાભકર્તા બની રહેશે. બધી જ નાણાંકીય પ્રવૃતિઓની હિસાબ અને આર્થિક નિયમો સાથે જાળવણી કરવી જોઈએ. પંચાયતની નાણાંકીય લેવડ-દેવડનો હિસાબ રાખતી ખાતાવહીની જાળવણી પ્રત્યે ખાસ ધ્યાન આપવું જોઈએ.

**કરવેરાઓ આપવા અને ઉઘરાવવા**

- ગામોની બહારની મર્યાદામાં આવેલાં ગામો, ઢોરને ચરવાનાં મેદાનો અને સમુદાય માટેના પ્લોટ્સની અલગ ઓળખ અને નિભાવ માટેની પૂરતી વ્યવસ્થા કરવી.
- લગ્ન અને જન્મ-મરણની નોંધણી માટેની સુવિધા પૂરી પાડવી. પંચાયતની મર્યાદા મુજબ ઘરો અને ઈમારતોની વહેંચણી કરવી.
- પંચાયત ધ્વારા જે પ્રશ્નો કે સમસ્યાઓનું સમાધાન થઈ શકે તેમ ના હોય તેને સંબંધિત સરકારી અધિકારીઓ સમક્ષ રજુઆત કરવી.
- રાજય સરકારના સેકશન-168 અંતર્ગત મળેલી સત્તાઓ અન્વયે જમીનની મહેસૂલની ઉઘરાણી કરવી. હિસાબો અને દસ્તાવેજોની પૂરતી વ્યવસ્થા અને જાળવણી પણ જરૂરી છે.

## તાલુકા પંચાયતના કાર્યો

**સ્વચ્છતા અને આરોગ્ય**

- અછબડા અને અન્ય રોગોનો ફેલાવો થતો અટકાવવો અને આરોગ્ય સેવાઓની જાળવણી કરવી
- કુટુંબ નિયોજન
- સ્વચ્છ પીવાના પાણીની સુવિધાઓ પૂરી પાડવી.
- દવાઓની દુકાન, હોસ્પિટલ, ફાર્માસીસ, પ્રસૂતિગૃહ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દેખરેખ રાખવી.
- આરોગ્ય અને સ્વચ્છતાનું પાલન થાય તે માટેની રીતો વિશે સમુદાયને શિક્ષણ આપવું.
- ચેપી રોગોનો ફેલાવો થતો અટકાવવો અને તેનો નાશ કરવો.
- સંક્રામક રોગચાળા સામે રક્ષણ મેળવવા માટે લોકોને આરોગ્ય સેવાઓ આપવી.

**સંચાર**

- ગામને જોડતા રસ્તા બનાવવા અને તેની નિભાવણી કરવી.

- ગામને જોડતા રસ્તાઓને બનાવવા અને તેની નિભાવણી માટે જરૂરી સેવાઓ પૂરી પાડવી.

**શિક્ષણ અને સંસ્કૃતિનો વ્યાપ વધારવો**

- પ્રાથમિક શાળાની સ્થાપના અને તેની જાળવણી તેમજ પ્રાથમિક શિક્ષણનો પ્રચાર કરવો.
- પ્રાથમિક શાળાની ઈમારત બનાવવી અને ગ્રામ પંચાયતને શૈક્ષણિક પ્રવૃતિઓ માટે મદદ પૂરી પાડવી.
- ફરજિયાત પ્રાથમિક શિક્ષણને લગતા કાયદાઓનો અમલ થાય તેવો આગ્રહ રાખવો.
- લાયબ્રેરી (ગ્રંથાલય) અને બીજી અન્ય સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- માહિતી કેન્દ્રો, સામુદાયિક શિક્ષણ કેન્દ્રો અને આનંદ -પ્રમોદ મળી શકે તેવા કેન્દ્રોની સ્થાપના અને તેની જાળવણી કરવી.
- યુથ કલબ, મહિલા કલબ અને ખેડૂત સંઘ જેવી સામાજિક સેવાઓ માટે સંસ્થાઓની સ્થાપના કરવી તેમજ આ પ્રકારની કોઈ સંસ્થાઓની સ્થાપના કરેલી હોય તો તેને પ્રોત્સાહન આપવું.
- ગામડામાં પાકની જાળવણી કરવી.
- ભૌતિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન આપવું.
- સ્વયંસેવી આરોગ્ય સંઘની સ્થાપના કરવી.
- ગ્રામ સેવકોને તાલીમ આપવી અને તેમની સેવાઓનો .પયોગ કરવો.
- ગ્રામ લક્ષ્મી અને ગ્રામ સેવિકાઓને તાલીમ આપવી અને તેમની સેવાઓનો ઉપયોગ કરવો.
- બાળકોને લગતી પ્રવૃતિઓને આગળ વધારવી.
- SC, ST અને OBC વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધાઓ પૂરી પાડવી.
- દવાના સેવનને રોકવા માટે આયોજન કરવું.

**સામુદાયિક વિકાસ**

- રોજગારી અને ઉત્પાદન વધારવા માટેનું આયોજન કરવું અને ગ્રામ્ય સ્તરે આવેલી સંસ્થાઓ સાથે સહકાર સાધવો.
- પરસ્પર સહકારના સિધ્ધાંત  અન્વયે સ્વમદદ અને પોતે જાતે પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકે તે માટે ગામના સમુદાયને તાલીમ આપવી.
- રાજય સરકાર તરફથી સોંપેલા વિકાસના કાર્યક્રમોનું અમલીકરણ કરવું.
- ટ્રાયબલ સબપ્લાન તેમજ સ્થાનિક યોજના અને સ્ત્રોતો ઉપર અંકુશ રાખવો.
- મહિલા અને બાળ કલ્યાણને લગતી યોજનાઓનું અમલીકરણ કરવું.
- મહિલા અને બાળ કલ્યાણને લગતી પ્રવૃતિઓ, શિક્ષણ, કળા અને સીવણ કામ માટેના કેન્દ્રો વગેરે પ્રવૃતિઓને આગળ વધારવી.
- સામાજિક કલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને મંજૂરી આપવી અને તેમની પ્રવૃતિઓમાં મદદ કરવી.

**કૃષિ  અને કૃષિ  વિસ્તાર**

- કૃષિ અને બાગાયતને લગતી પ્રવૃતિઓને આગળ વધારવી અને તેનો વિકાસ કરવો તેમજ તાલુકા કક્ષાએ કૃષિ સુધારણા માટે આયોજન કરવું.
- જમીન અને પાણીના સત્રોતોનો ઉપયોગ કરવો અને આધુનિક સંશોધન અન્વયે સુધારેલ કૃષિ

સંબંધિત રીતોનો ફેલાવો કરવો.

- તાલુકા કક્ષાએ સિંચાઈને લગતા કામોનું બાંધકામ અને તેની જાળવણી કરવી.
- તાલુકા કક્ષાએ ખેતી વિષયક જમીનની સાચવણી કરવી.
- બીજમાં વધારો થાય તેવા ખેતરોની જાળવણી કરવી તેમજ તાલુકા કક્ષાએ બીજ ઉત્પાદકની નોંધણી અને બીજ ઉત્પાદન માટે મદદ પૂરી પાડવી.
- સેન્દ્રિય ખાતર બનાવવા માટે અનાજના ઉત્પાદન માટે અને શાકભાજીની સાચવણી માટે ખનીજના સ્ત્રોતો
- અનાજ અને શાકભાજીના ઉત્પાદનમાં સુધારો લાવવા માટે અને જમીનમાં ખનીજના સ્ત્રોતોની જાળવણી માટે છાણીયું ખાતર, સેન્દ્રિય ખાતર અને મિશ્ર ખાતર બનાવવું અને આ તમામ પ્રકારના ખાતરો સરળતાથી ઉપલબ્ધ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવી.
- પાક, ફળના ઝાડ અને અન્ય છોડોનું રોગો સામે રક્ષણ કરવું.
- મોડેલ કૃષિ  ફાર્મની સ્થાપના કરવી અને તેનું સંચાલન કરવું. તેમજ સિંચાઈ સંબંધી સુવિધાઓ અને ખેતીના વિકાસ માટે ઋણ / લોન આપવી.
- પાણીના સ્ત્રોતો ઉભા કરીને અને તેની જાળવણી કરીને સિંચાઈ લાયક જમીન વિસ્તારમાં વધારો કરવો.
- ગામમાં જંગલ વિસ્તારનો વિકાસ કરીને ઘાસચારોનું પ્રમાણ વધારવું.

**ગામડામાં ધરો બનાવવા**

- સ્થાનિક લોકોના સહકારથી ગામડામાં ધરો બાંધવાનું આયોજન કરવું અને ગામમાં તે માટેની જગ્યા નકકી કરવાની જવાબદારી તાલુકા પંચાયતની છે.

**પશુપાલન**

- ઢોળની ઓલાદમાં સુધારો કરવો તેમજ તે માટેના કેન્દ્રો પ્રસ્થાપિત કરીને તેની જાળવણી કરવી.
- ચેપી રોગોની તપાસ કરીને તેનો અટકાવ કરવો.
- ઘાસચારાની ગુણવતામાં સુધારો લાવીને ઢોરોને ચરવા માટેની જગ્યા ઉભી કરવી.
- પશુ ચિકિત્સા કેન્દ્ર અને જનાવરના રોગો સંબંધી દવાખાના શરૂ કરવા અને તેની જાળવણી કરવી.

**લઘુઉદ્યોગ**

- ગામમાં રોજગારીની તકો ઉભી કરીને લઘુ ઉદ્યોગનો વિકાસ કરવો તેમજ ઉત્પાદન અને તાલીમ કેન્દ્રોની સ્થાપના કરીને લોકોના જીવનધોરણમાં સુધારો લાવવો.
- કારીગરો માટે કૌશલ્યવર્ધન કાર્યક્રમોનું આયોજન કરવું.
- ઝૂંપડી, ગામ અને લઘુ ઉદ્યોગ માટેની યોજનાઓનું અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવું.
- તાલુકા સ્તરે ઉદ્યોગ માટેની ટાઉનશિપની સ્થાપના કરીને ઉન ઉદ્યોગનો વિકાસ કરવો.

**સહકારી મંડળીઓમાં વધારો કરવો**

- સામાજિક અને આર્થિક વિકાસ માટે સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું.

### કુદરતી આફતોના સમયે મદદ પૂરી પાડવી

- પુર, આગ, રોગચાળો અને અન્ય નાની કે મોટી કુદરતી આફતોના સમયે જરૂરી મદદ પૂરી પાડવી.

### વહીવટી જવાબદારીઓ

- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો કે રાજય સરકારને જોઈતા આંકડાઓ એકઠા કરવા માટે સંકલન કરવું.

## જિલ્લા પંચાયતના કાર્યો

### સામાન્ય કાર્યો

- જિલ્લાના આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટે વાર્ષિક યોજનાઓ તૈયાર કરવી અને તેની સાથે મળીને તેની બજવણી થાય તે સુનિશ્ચિત કરવું.
- રાજય સરકાર, કેન્દ્ર સરકાર કે અન્ય કોઈ કાયદા ધ્વારા સોંપવામાં આવેલી યોજનાઓ માટે વાર્ષિક યોજનાઓ તૈયાર કરવી અને સાથે મળીને તેની બજવણી થાય તે સુનિશ્ચિત કરવું.
- જિલ્લાનું વાર્ષિક બજેટ તૈયાર કરવું.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતો કક્ષાએ વિવિધ પ્રવૃતિઓનું સંકલન, મૂલ્યાંકન, સમજાવટ અને માર્ગદર્શન આપવું.
- કેન્દ્ર કે રાજય સરકાર ધ્વારા સોંપવામાં આવેલી યોજનાઓનું અમલીકરણ અને તેના કાર્યો સુનિશ્ચિત કરવા.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોએ નકકી કરેલા ધોરણ મુજબ કેન્દ્ર કે રાજય સરકારના કાર્યો / યોજનાઓ કે પ્રોજેકટોમાં થયેલા બદલાવોને અનુલક્ષીને તેના ફંડમાં ફેરબદલી કરવી.
- તાલુકા પંચાયત ધ્વારા કોઈ ચોકકસ હેતુ માટેનો પ્રસ્તાવ મળ્યો હોય તો તેની ગ્રાન્ટના ઠરાવ રાજય સરકારને મોકલી આપવા અને તેનું સંકલન કરવું.
- બે કે બેથી વધારે તાલુકા પંચાયતોના લાભ માટે યોજનાઓ, પ્રોજેકટો અને અન્ય કામોનું અમલીકરણ સુનિશ્ચિત કરવું.
- કેન્દ્ર કે રાજય સરકાર કે અન્ય કાયદા ધ્વારા આપવામાં આવેલી સતાની રૂએ સ્ત્રોતોને વધારવા માટેના જરૂરી પગલાં લેવા અને કુદરતી આફતો દરમિયાન રાહત કામગીરી માટે તે સતાનો ઉપયોગ કરવો.
- અગત્યના આંકડાઓની જાળવણી રાખવી.

### કૃષિ અને કૃષિ આધારિત બાબતોનો સમાવેશ

- કૃષિના અમલીકરણમાં થયેલી સુધારણા અને કૃષિનાં ઉત્પાદન વધારવા માટે તેમાં સુધારેલી પધ્ધતિઓના ઉપયોગનો વ્યાપ/ ફેલાવો વધારવો.
- કૃષિ બીજ ફાર્મ અને વેપારલક્ષી ફાર્મ ખોલવા અને તેનું સંચાલન કરવું.
- કૃષિ અને બાગાયતના વિસ્તરણ માટેની સંપૂર્ણ યોજના બનાવવી એ તેનું અમલીકરણ કરવું.
- જમીનની ઉત્પાદનશકિત અને તેની સાચવણી માટેની સંપૂર્ણ યોજના બનાવવી અને તેનું અમલીકરણ કરવું. મોડેલ કૃષિ ફાર્મની સ્થાપના કરવી અને તેનું સંચાલન કરવું.

**સિંચાઈ, પાણીની વ્યવસ્થા અને વોટરશેડનો વિકાસ**

ટપક સિંચાઈ પધ્ધતિનું બાંધકામ અને તેનું સંચાલન, વોટરશેડ કાર્યક્રમનો ફેલાવો વધારવો, પાણીના ઉપલબ્ધ સ્ત્રોતોની જાઈવણી કરવી. સામુદાયિક પાણીની સમિતિઓને પ્રેરિત કરવી અને સામુદાયિક પંપનો સેટની ગોઠવણ કરવી.

**પશુપાલન, ડેરી અને મરઘા પાલન**

- ઘરગથ્થું પાળતા ઢોર, મરઘા પાલન અને અન્ય પશુઓની ઓલાદમાં સુધારો લાવવા માટેનું સંપૂર્ણ આયોજન કરવું અને તેનું અમલીકરણ કરવું.
- મરઘા પાલન અને ખેતીના કામને ઉતેજન આપવું અને ગૌશાળાના વિકાસ માટેની યોજનાઓનો અમલ કરવો.
- પશુચિકિત્સક દવાખાના અને કૃત્રિમ ગર્ભાધાન કેન્દ્રો ખોલવા.
- ઘાસચારાના વિકાસ માટે આયોજન કરવું.

**સામાજિક અને જંગલ પેદાશ આધારિત ખેતી**

- રોડની ફરતે વૃક્ષો ઉગાડવાની ગોઠવણ કરવી અને અન્ય જાહેર જમીન તેમના અંકુશ હેઠળ રાખવી.
- સામાજિક અને જંગલ પેદાશ આધારિત ખેતીનું સંચાલન કરવું.

**ગામ અને નાના પાયે ઉદ્યોગો**

- ગામડા અને લઘુ ઉદ્યોગોનો વિકાસ કરવો.
- પરંપરાગત નિષ્ણાંત કારીગરોને શોધી કાઢવા અને તેમને લાયક ગૃહ ઉદ્યોગોની યોજનાઓનું અમલીકરણ કરવું.
- કલાકારો અને કારીગરોને તાલીમ અને નાણાંકીય મદદ કરવાની ગોઠવણ કરો.

**ગ્રામીણ ઘરો/ મકાનો**

- જિલ્લા સ્તરે ગ્રામીણ ઘરો બનાવવા માટેના કાર્યક્રમોનું સંચાલન અને તેનુ અમલીકરણ કરવું.
- ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોને કાયદાકીય રીતે મકાન બાંધવાની જગ્યાઓ માટે સંકલન કરવું. નિરીક્ષણ કરવું અને તેની જાળવણી કરવામાં મદદ કરવી.

**પીવાના પાણીની સુવિધા**

- પાણીને દૂષિત થતા અટકાવો અને તેને અંકુશમાં મૂકવું.
- ગ્રામીણ સ્તરે પાણીના જથ્થાને પૂરું પાડવું.
- પીવાના પાણીના સ્ત્રોતોનું સંચાલન કરવું.

**માર્ગ, મિલ્કતો, પુલો -ગરનાળા અને અન્ય પ્રકારના આવન-જાવનની સુવિધા**

- રાજય અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ સિવાયના માર્ગો તેમજ ગરનાળાઓ અને પુલોનું બાંધકામ કરવું અનુ સંપૂર્ણપણે તેનું આયોજન કરવું. આ ઉપરાંત તેમની જાળવણી માટેની ગોઠવણ કરવી.

**ગરીબી નિવારણ માટેના કાર્યક્રમો**

- ગરીબી નિવારણ માટે સમય મર્યાદા આધારિત યોજના તૈયાર કરવી અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવું.
- સંપૂર્ણ રોજગારી માટે લોકોમાં જાગૃતતા લાવવી, ઉત્પાદકીય મિલ્કતો બનાવવી અને ગરીબી નિવારણના કાર્યક્રમોમાં ભાગ લેતા કરવા.
- તમામ પ્રકારના ગરીબી નિવારણના કાર્યક્રમોનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું.

**શૈક્ષણિક અને અન્ય સાંસ્કૃતિક પ્રવૃતિઓ**

- ગ્રામ્ય વિસ્તારમાં વિજ્ઞાન અને ઔદ્યોગિક શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરવો અને તેને વ્યાપ વધારવો. પ્રાથમિક શાળાઓમાં સંપૂર્ણપણે નામની નોંધણી અને હાજરી સુનિશ્ચિત થાય તે માટે પ્રેરણાદાયી યોજનાઓ અમલ કરવો.
- એજયુકેશન ગેરંટી સ્કીમનું આયોજન કરવું અને તેનું અમલીકરણ કરવું. શૈક્ષણિક પ્રવૃતિઓની મોજણી કરવી અને તેનું મૂલ્યાંકન કરવું તેમજ અભ્યાસલક્ષી કોર્સ માટે ભલામણ કરવી.
- રાજય સરકાર ધ્વારા સોંપવામાં આવેલ હોય તેવા માધ્યમિક શિક્ષણને અનુલક્ષીને કોઈપણ પ્રકારના કાર્યક્રમનું અમલીકરણ કરવું.
- સરકાર ધ્વારા પ્રાથમિક શિક્ષણ માટે આપવામાં સહાયને તાલુકા પંચાયતોમાં વહેંચણી કરવી.
- જિલ્લા કક્ષાએ થતી તમામ પ્રકારની શૈક્ષણિક પ્રવૃતિઓને મદદ કરવી, માર્ગદર્શન આપવું અને પ્રોત્સાહિત કરવી. કાયદાકીય રીતે આવતી પ્રાઈવેટ શૈક્ષણિક સંસ્થાઓની ઓળખ કરવી.

**આરોગ્ય અને સ્વચ્છતા**

- જાહેર જગ્યાઓ, તળાવો, કુવાઓ અને રસ્તાઓની ચોખ્ખાઈ રાખવી અને ગ્રામ્ય સ્તરે સ્વચછતા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવું.
- જાહેર શૌચાલયો બનાવવાની યોજના તૈયાર કરવી અને તેનું અમલીકરણ અને જાળવણી કરવી.
- રોગોના અટકાવ માટે રોગ પ્રતિકારક શકિત અને રસીકરણના કાર્યક્રમો ગોઠવવા.
- રોગચાળાનો અટકાવ કરવા અને તેને અંકુશમાં કરવા માટે સંપૂર્ણ યોજના બનાવવી અને તેનું અમલીકરણ કરવું.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો, દવાખાના, મેડીકલ કોલેજો, ટી.બી. હોસ્પિટલ અને રકતપિતના દવાખાનાની સ્થાપના કરવી અને તેની જાળવણી કરવી.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**

- આરોગ્ય અને પરિવાર કલ્યાણને લગતા કાર્યક્રમોનો વ્યાપ વધારવો.
- કુપોષણને ધટાડવા અને તેના અટકાવ માટે પગલાં લેવા.
- નાના પરિવારના નિયમને પ્રોત્સાહન આપવું અને કુટુંબ નિયોજન માટે વ્યવસ્થા કરવી.

**સામાજિક કલ્યાણ અને સામાજિક સુરક્ષા સાથે મહિલાઓનું કલ્યાણ**

- મહિલા અને બાળકોના વિકાસ માટે કાર્ય કરતી સંસ્થાઓ માટે ખાસ પ્રકારના કાર્યક્રમો યોજવા.
- અંધવિશ્વાસ, કેફી દ્રવ્યો, અસ્પૃશ્યતા અને અન્ય સામાજિક દૂષણો સામે પ્રચાર કરવો.

# 5. પંચાયત આવક તથા ખર્ચ



ભારતનાં સમવાય બંધારણમાં પંચાયતો રાજ્યનાં સમવાયી એકમો છે. કલમ 240 G મુજબ, રાજ્યોએ પંચાયતો સ્થાનિક શાસન સંસ્થા તરીકે કામ કરી શકે તે માટે સત્તા તથા જવાબદારીઓ તબદીલ કરવાની હોય છે. પંચાયતોએ બંધારણના 11મા સીડ્યુલ પત્રકમાં નોંધાયેલા 29 વિષયોના સંદર્ભમાં જાતિઓના આર્થિક વિકાસ તથા સામાજિક ન્યાય માટેનાં  આયોજનો કરવાનાં હોય છે તથા તે યોજનાઓનું અમલીકરણ કરવાનું હોય છે. કલમ 243 H હેઠળ રાજ્યો પંચાયતોને કેટલાક ચોક્કસ વેરાઓ તથા ફી લાદવાની તથા ઉઘરાવવાની સત્તા આપી શકે છે તથા કેટલાક ચોક્કસ રાજ્ય કક્ષાના કરોની મહેસુલ/ આવક તેમને ફાળવી શકે છે. સહાયની રકમ પણ તેમને પૂરી પાડી શકાય છે. આમ પંચાયત પાસેની મોટાભાગની નાણાકીય સત્તા રાજ્યની મુનસફી પર હોય છે. પરિણામે આવશ્યક તથા અબાધિત કર તથા બિનકર મહેસુલના સ્રોત રાજ્યે રાજ્યે અલગ પડતા હોય છે. જોકે લગભગ બધા રાજ્યોની પંચાયતોમાં આર્થિક પાયો નબળો છે તથા તેમનાં કાર્યોની જવાબદારી અને નાણા સંબંધી સત્તા વચ્ચે અસમાનતા છે. પંચાયતોના પોતાના સ્રોતોનો તેમનાં કાર્યો તથા વહિવટ (O&M)ની જરૂરિયાતો સાથે માત્ર આંશિક રીતે મેળ ખાય છે. આ બાબત તેમની સરકારના ઉચ્ચ સ્તર પરનું અવલંબન વધારે છે.

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**પંચાયતના આવકના શ્રોતો**

પંચાયતો માટેના ભંડોળના સ્રોતોને પ્રાથમિક રીતે ત્રણ પ્રકારમાં વહેંચી શકાય-પોતાની આવક, ભાગે પડતા કરવેરા તથા કામગીરીની સોંપણી તથા સહાય.

**પોતાની આવક** - પોતાની મહેસુલ એ પંચાયતના પોતાના વડે ઊભી કરેલી આવક છે. તે પંચાયતોની કુલ જાવકમાં માત્ર 6થી 7 ટકા જેટલો ફાળો આપે છે. તે પ્રાથમિક રીતે મિલકત વેરો, જમીન સૅસ, સ્ટેમ્પ ડ્યુટી પર સરચાર્જ, જકાત, વ્યવસાય વેરો, જાહેરખબર વેરો, મોટર વગરનાં વાહન વેરો, ટોલ, વાપરવાનો ચાર્જ વગેરેથી ભેગી થયેલી હોય છે. મોટા ભાગનાં રાજ્યોમાં મિલકત વેરાનો મહેસૂલમાં સૌથી વધુ ફાળો હોય છે. કરો તથા ફીનું મહત્ત્વ દરેક રાજ્યમાં અલગ અલગ હોય છે. બીજા બે સ્તર કરતાં ગ્રામ પંચાયતને કરની વધુ સત્તા હોય છે. ઘણા બધા કિસ્સાઓમાં કર રેન્ટલ વ્યવસ્થા હેઠળ, ગ્રામ પંચાયતો વેરાઓ એકઠા કરે છે અને પંચાયતોના ઉચ્ચ સ્તરે પહોંચાડે છે (ઝા - 2004:4).

**ગુજરાતમાં ગ્રામ પંચાયતો વડે વેરાઓ/ફી**

મકાન/મિલકત વેરો, જમીન મહેસુલ પર સેસ/સરચાર્જ, મનોરંજન વેરો, યાત્રા વેરો/ફી, ટોલ, વાહન વેરો, સફાઈ દર, વિજળી દર, પાણી દર, ગટર દર

**ગુજરાતમાં તાલુકા વડે વેરાઓ/ફી**

શિક્ષણ સેસ, ગ્રામ પંચાયત વડે લદાયેલા કોઈ પણ કરવેરા પર સરચાર્જ.

**ગુજરાતમાં જિલ્લા પંચાયત વડે વેરાઓ/ફી**

વ્યવસાય, વ્યાપાર વગેરે પર કર, ગ્રામ પંચાયત વડે લદાયેલા કોઈ પણ કર સરચાર્જ

સ્રોતઃ આલોક (2006)

**ભાગે પડતા કરવેરા** - મહેસુલના બીજા સ્રોત વહેંચાયેલા કરવેરાઓ છે. તે રાજ્ય સરકાર વડે લદાયેલા અને વસુલ કરાલેયા હોય છે અને તેનો એક ભાગ પંચાયતોને અપાય છે. આમાં દરેક રાજ્યમાં ફેરફાર હોય છે. સ્ટેમ્પ ડ્યુટી, જમીન મહેસુલ પર વધારાના કર અથવા સેસ, વ્યવસાય વેરો, મનોરંજન વેરો વગેરે કેટલાંક રાજ્યોમાં વહેંચાયેલા વેરાઓના ભાગરૂપ બને છે જ્યારે બીજાં રાજ્યોમાં તે પંચાયતોની પોતાની મહેસુલનો ભાગ હોય છે.

| **મહેસુલ** | **2002 - 03** |
|---|---|
| પોતાની આવક (%) | 6.8 |
| કામગીરીની સોંપણી થકી તથા સહાય વગેરે (%) | 92.1 |

પંચાયતોની આવકમાં વિભિન્ન શ્રોતોનો હિસ્સો (બધા સ્તરે); શ્રોત: આલોક (2006)

**કામગીરીની સોંપણી તથા સહાય** - પંચાયતોની આવકનો મોટો ભાગ કેન્દ્રિય રીતે પ્રાયોજિત યોજનાઓ રૂપે કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની આંતર-સરકારી તબદીલીમાંથી આવે છે. ગ્રાન્ટની સહાય આવકમાં તફાવતને પૂરી પાડવા માટે છે જેથી તેઓ મૂળભૂત કાર્યો માટે થતા ખર્ચને પહોંચી શકે. તે (i) કોઈ યોજના

અથવા પ્રકલ્પ જેવા ખાસ હેતુ માટે કરાયેલી શરતી અથવા ચોક્કસ સહાય હોઈ શકે. તેનું આગળ સંલગ્ન અથવા પ્રોત્સાહક સહાય અથવા અસંલગ્ન સહાયમાં વિભાજિત થઈ શકે. (ii) કોઈ પણ શરત સાથે જોડાણ વગરની સામાન્ય હેતુ સહાય અથવા બ્લોક સહાય હોઈ શકે. સ્ટેટ્યુટરી સહાયો જકાત વેરા જેવા ચોક્કસ કરની નાબુદીને બદલી રૂપે હોય છે. ગુજરાતે 15 કાર્યો અને તેમને સંલગ્ન ભંડોળો પંચાયતોને સોંપ્યાં છે.

એક દશકમાં (1993-94થી 2003-04) પંચાયતોની પોતાની મહેસુલ ત્રણગણી થઈ છે, જ્યારે પોતાની કર મહેસુલ/આવક ચારગણી થઈ છે. પોતાની મહેસુલ કુલ જાવક (માથા દીઠ)ના ભાગ્યે જ 9 ટકા જેટલી છે. કુલ મહેસુલ તથા કુલ જાવક (માથા દીઠની રીતે)માં 1.7 ગણો સરેરાશ વધારો થયો છે. આમ જ્યારે પોતાની આવક્ના સ્રોતો વધ્યા છે, ત્યારે વધારો ધીમો છે અને પંચાયતોનું તેમના ખર્ચ માટે સરકારના ઉપલા સ્તરો પરનું વધુ પડતું અવલંબલ ચાલુ રહ્યું છે. સરેરાશ પંચાયતોની પોતાની મહેસુલ રાજ્યની મહેસુલના એક ટકાથી પણ નીચે છે.

**15 રાજ્યોના ચાવીરૂપ નિર્દેશોના આધારે પંચાયતોની સ્થિતિ - માથાદીઠ (રૂ.)**

| | પોતાની કર મહેસુલ | પોતાની મહેસુલ | કુલ મહેસુલ | કુલ જાવક |
|---|---|---|---|---|
| સરેરાશ 93/94થી 97/98 | 4.224 | 11.623 | 218.641 | 212.565 |
| સરેરાશ 98/99થી 02/03 | 17.65 | 32.55 | 375.65 | 378.08 |

(15 રાજ્યો છે આંધ્ર પ્રદેશ, અસમ, બિહાર, ગુજરાત, હરીયાણા, કર્નાટકા, કેરળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઊડીસા, પંજાબ, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાલ, ડેટા શ્રોત: 11મો અને 12મો નાણાં પંચ.)

**ગુજરાત પંચાયત ધારા 1993 મુજબ પંચાયતોની આવક અને ખર્ચ**

સેકશન 108-113 ગ્રામ પંચાયતની મિલકતો તથા ભંડોળોનો ઉકેલ કરે છે, સેક્શન 133-135 તાલુકા પંચાયતની મિલકતો તથા ભંડોળોનો ઉકેલ કરે છે તથા સેક્શન157-160 જિલ્લા પંચાયતની મિલકતો તથા ભંડોળોનો ઉકેલ કરે છે. સેક્શન191-225 પંચાયતને કર તથા નાણાકીય સહાયના પાસાંને આવરે છે જ્યારે સેક્શન 228 ભથ્થાંની ચૂકવણી તરફના ખર્ચની જોગવાઈને આવરે છે.

**પોતાના સ્રોતો**

કરવેરા તથા ફી - બે પ્રકારના ઉઘરાવવામાં આવે છે. કેટલાક પંચાયતો વડે તેમની મહેસુલ તરીકે ઉઘરાવાય તથા રખાય છે જ્યારે બીજા રાજ્ય સરકાર વતી ઉઘરાવાય છે. ત્યાર પછી પાછલા ત્રણ વર્ષની ઉઘરાણીની સરેરાશના આધારે રાજ્ય સરકાર પંચાયતોને તેમની ફેરવહેંચણી કરે છે. ગ્રામ પંચાયતો દ્વારા લદાતા કરવેરામાં મકાન વેરો, શેરી વીજળી વેરો, પાણી કર, સ્વચ્છતા વેરો, ગટર વેરો, વાહન વેરો, હોડી તથા પશુ વેરો, ચરાણની જમીન માટેની ફી, સ્થાનિક ભંડોળ સેસ તથા શિક્ષણ સેસ હોય છે. તાલુકા પંચાયત સ્ટેમ્પ ડ્યુટી, પાણી વેરા, ટેન્ડર ફી તથા પંચાયતના મકાનના ભાડા પર

સેસ નાખી શકે છે. ગુજરાત પંચાયત ધારા 1993ના સેક્શન 208 હેઠળ જિલ્લા પંચાયત, ગ્રામ પંચાત વડે નાખી શકાય તેવા કોઈ પણ વેરા અથવા ફી, જો તે વેરા અથવા ફીના દર ગ્રામ પંચાયત વડે ખરેખર નખાયેલ વેરા અથવા ફીના દરના 10 ટકા કરતાં વધુ ન હોય, તો લાદી શકે છે. સેક્શન 191 હેઠળ રાજ્ય સરકાર દર રૂપીયે પચાસ પૈસાના દરેથી શરૂ કરીને સેસ નાખી શકે છે. જિલ્લા પંચાયત રાજ્ય સરકારને જિલ્લા સંબંધી સેસનો દર વધારવાની ભલામણ કરી શકે છે પરંતુ તે વધારો દર રૂપિયા ઉપર 300 પૈસાથી વધારે ન હોવો જોઈએ. આવી અરજી મળવાથી રાજ્ય સરકાર જાહેરનામા વડે સેસનો દર વધારી શકે છે. સેક્શન 209 હેઠળ, જિલ્લા પંચાયત, તેની મિટીંગમાં ઠરાવ પસાર થયા મુજબ, જિલ્લાની હદની અંદર આવેલી સ્થાવર મિલકતોના વેંચાણ, ગીરો મુકવી, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારની તબદીલીની ચોક્કસ ડ્યુટી 20 ટકા કરતાં વધે નહીં તે રીતે બોમ્બે સ્ટેમ્પ ધારા 1958 હેઠળ નાખી શકાતી સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો કરવાની અરજી રાજ્ય સરકારને કરી શકે છે.
બિન કર મહેસુલમાં લાભકર્તા ઉદ્યોગો તથા જનતાના ફાળાથી થતી આવકનો સમાવેશ થાય છે. સેક્શન 202 હેઠળ રોયલ્ટીની ઉઘરાણીથી મેળવેલાના 50 ટકા જિલ્લા પંચાયતને અપાય છે.

- **સહાયો**

સ્થાપના સહાય
સરપંચની તથા પંચાયત બોડીની સર્વસંમતીથી ચૂંટણી તથા કરવેરાની  ઉઘરાણી માટે પ્રોત્સાહક સહાયો
મેચિંગ ગ્રાન્ટ
સમતા સહાયો
ગુજરાત - રાજ્ય તથા જિલ્લા સમરૂપતા ભંડોળ

**કેન્દ્રિય નાણાં પંચ (CFC) તથા પંચાયત ભંડોળ**

10મ કેન્દ્રિય નાણાં પંચે પ્રથમ વખત સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને લગતી ભલામણો કરી. તેણે 1996-2000ના ગાળા માટે રૂ. 4,380.93 કરોડની રકમની સહાય કરી. તે 1971ની વસ્તી ગણતરી ના આધારે માથાદીઠ રૂ. 100 મુજબ હતી. 11માં નાણા પંચે વર્ષ 2000 - 01ના પાંચ વર્ષ દરમ્યાન કેન્દ્રિય ભંડોળમાંથી દરેક પંચાયત માટે રૂ. 1600 કરોડ તથા દરેક મ્યુનિસિપાલીટી માટે રૂ. 400 કરોડની ભલામણ કરી. આ રકમની રાજ્યો વચ્ચે વહેચાણના માપદંડ (વસ્તી - 40 ટકા, વિકેન્દ્રીકરણનો આંક - 20 ટકા ઉચ્ચતમ માથાદીઠ આવકની અંતર - 20 ટકા મહેસુલ પ્રયાસ - 10 ટકા તથા ભૌગોલિક વિસ્તાર - 10 ટકા)ના આધારે વહેંચણી કરવાની હતી. બારમા નાણા પંચે આ નિર્દેશોના આધારે રાજ્યોને ફાળવણી કરી. (વસ્તી - 40 ટકા, ઉચ્ચતમ માથાદીઠ આવકની અંતર - 20 ટકા, મહેસુલ પ્રયત્નો - 20 ટકા, ભૌગોલિક વિસ્તાર - 10 ટકા તથા આંક - 10 ટકા. બારમાં નાણા પંચમાં વંચિતતાનો આંક ઉમેરાયો છે. અગ્યારમાં નાણાં પંચ દ્વારા ગુજરાતને  રૂ. 69.61 કરોડ તથા બારમાં નાણાં પંચ દ્વારા રૂ.186.2 કરોડ ફાળવવામાં આવ્યા હતા. અગ્યારમાં નાણાં પંચે સામાજિક સેવાઓ જેવી કે પ્રાથમિક શિક્ષણની સગવડ, પ્રાથમિક આરોગ્ય સંભાળ, સુરક્ષિત પીવાનું પાણી, શેરીમાં વિજળી વગેરે બાબતે ચિંતા વ્યક્તિ કરી અને તેણે આ જવાબદારીઓને ભંડોળ તથા કર્મચારીઓ સાથે સ્થાનિક સંસ્થાઓને ઝડપથી તબદીલ કરવાની ભલામણ કરી. આ સામાજિક સેવાઓની મુખ્ય રકમ રાજ્યના અંદાજપત્ર હેઠળ તથા વહીવટી રકમ વડે કર મહેસુલમાં વધારો કરીને તથા વપરાશકારોના ચાર્જ તથા રાજ્ય તરફથી

ભંડોળની પરંપરાગત વહેંચણી દ્વારા મેળવવાની ભલામણ કરી. અગ્યારમાં નાણાં પંચે એ પણ જોયું કે સ્થાનિક સંસ્થાઓના ખર્ચ તથા મહેસુલની માહિતિ એકઠી કરવા માટે કોઈ માળખું હતું નહીં. તેણે 25 રાજ્યો માટે રૂ. 200 કરોડની ફાળવણી જિલ્લા, રાજ્ય તથા કેન્દ્ર સરકારના સ્તરે આર્થિક બાબતોના કૉમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝનો વિકાસ કરવાની ભલામણ કરી. પંચાયતોને ફાળવાયેલ રકમનો વપરાશ વધી રહ્યો છે. તે 10માં કમીશન માટે 66.46 ટકા 11મા કમીશન માટે 82.52 ટકા તથા બારમા કમીશન માટે 92.58 ટકા હતો. (3)

સ્થાનિક સંસ્થાઓ સાથેની વાટાઘાટો તથા પંચાયતી રાજ મંત્રાલયની માગણીના આધારે તેરમા નાણાં પંચે પંચાયતોને તેમના પ્રતિનિધિઓને મૂળભૂત સેવાઓ અસરકારક રીતે પૂરા પાડી શકવા માટે પૂરતો ટેકો આપવાની ભલામણ કરી. સ્થાનિક સંસ્થાઓને અપાતી કુલ સહાયની રકમ રૂ. 87519 કરોડની છે. તેણે પંચાયતોને સહાય માટે નીચે મુજબના માપદંડો ફાળવ્યા છે. વસ્તી - 50 ટકા, વિસ્તાર - 10 ટકા, ઉચ્ચતમ માથાદીઠ આવક વિભાગીય આવકની અંતર - 10 ટકા, વંચિતતાનો આંક - 15 ટકા, વસ્તીમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિનું પ્રમાણ - 10 ટકા તથા સહાયતા વપરાશનોં આંક 5 ટકા. અગાઉના માપદંડોની વિરૂદ્ધ, તેરમા નાણાં પંચે કામગીરીની સોંપણી તથા ભંડોળનાં વપરાશનાં પાસાંઓ પર ભાર મૂક્યો છે. તેરમા કમીશન સ્થાનિક સંસ્થાઓને તેઓ વિકાસમાં બદલાવ લાવનાર ચાવીરૂપ ભાગ ભજવનાર ગણીને સીધું ભંડોળ તબદીલ કરવાની પણ ભલામણ કરી છે.

**રાજ્ય નાણાં પંચ તથા પંચાયત ભંડોળ**

કલમ 243-I રાજ્યોને પંચાયતોની આર્થિક સ્થિતિ ચકાસવા માટે તથા નિયમન કરવા જરૂરી હોય તેવા નીચે મુજબના સિદ્ધાંતો વિશે રાજ્યપાલને ભલામણ કરવા માટે રાજ્ય નાણાં પંચ ઘડવાનો આદેશ આપે છે.

1. રાજ્ય દ્વારા નાખી શકાતા કર, વેરા, ટોલ તથા ફીની ચોખ્ખી આવકની રાજ્ય તથા સ્થાનિક સંસ્થાઓ વચ્ચે વહેંચણી તથા આ રીતે થયેલી આવકની બધા સ્તરની પંચાયતો વચ્ચે આંતરિક વહેંચણી.
2. પંચાયતોને સોંપવામાં આવે અથવા તેમના દ્વારા નાખી શકાય તેવા કર, વેરાઓ, ટોલ તથા ફી નક્કી કરવા.
3. રાજ્યનાં એકત્રિત ભંડોળમાંથી પંચાયતોને મદદરૂપ સહાય.
4. પંચાયતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે જરૂરી પગલાં તથા
5. પંચાયતોની આર્થિક સધ્ધરતાના લાભ માટેની બીજા કોઈપણ બાબત.

**ગુજરાત રાજ્ય નાણાં પંચ**

પ્રથમ ગુજરાત નાણાં પંચને 15 સપ્ટે. 1994એ ઘડવામાં આવ્યું હતું અને તેણે તેનો અહેવાલ 1998માં સુપરત કર્યો હતો. તેણે કરેલી 63 ભલામણોમાંથી 42નો પૂર્ણ સ્વિકાર કરાયો હતો, 8નો આંશિક સ્વિકાર થયો હતો, જ્યારે 13 ભલામણો કાઢી નાખવામાં આવી હતી. તેણે રૂ. 293 કરોડની રકમની ભલામણ કરી હતી.

નાણાં પંચે આ મુજબની ભલામણો કરી - ગ્રામ પંચાયતોને મિલકત વેરો, પાણી વેરો તથા જાળવણી વેરો નાખવાનો આદેશ કરવો; પાછલા ત્રણ વર્ષની સરેરાશને આધારે જમીન મહેસુલની વહેંચણી કરવી,

સ્વતંત્ર સ્થાન ધરાવતા પંચાયત ફાઈનાન્સ બૉર્ડની રચના કરવી તથા વ્યવસ્થા વેરાનો એક હિસ્સો પંચાયતોને આપવો. નાણાં પંચે રસ્તા, બિન ખેતી જમીનની ચકાસણી તથા ખેતીમાંથી બિનખેતીમાં બદલવાના કર ઉપર મદદરૂપ સહાયની ભલામણ કરી છે.

દ્વિતિય ગુજરાત નાણાં પંચને 19 નવે. 2003માં ઘડવામાં આવ્યું અને તેણે 2005-06થી 2009-10ના સમયગાળા માટેનો પોતાનો અહેવાલ જુન 2006માં સુપરત કર્યો. ત્રીજા ફાઈનાન્સ કમીશને હજી ઘડવામાં આવ્યું નથી.

રાજ્ય વડે દર પાંચ વર્ષના નિયમિત અંતરાલે રાજ્ય નાણાં પંચનું ઘડતર થવું જોઈએ. રાજ્ય નાણાં પંચના ઘડતરમાં મોડું થાય છે, આંશિક ઘડતર થાય છે તથા અહેવાલ સુપરત કરવામાં પણ ઢીલ થાય છે. કેન્દ્ર નાણાં પંચે રાજ્ય નાણાં પંચની ભલામણના આધારે રાજ્યનાં એકત્રિત ભંડોળમાં વૃદ્ધિનાં પગલાં સૂચવવાં જોઈએ. જોકે 10મા, 11મા તથા 12મા કેન્દ્ર નાણાં પંચોએ એ લાગતા વળગતા સમયગાળા માટેના અહેવાલોની અપ્રાપ્યતા તથા સહકાલીનતા ન થવાના કારણે વિકલાંગતા અનુભવે છે.

**પછાત પ્રદેશોના સહાય ભંડોળ (BRGF) હેઠળ નાણા**

ગુજરાતમાં છ જિલ્લાઓ - બનાસકાંઠા, ડાંગ, દાહોદ, નર્મદા, પંચમહાલ તથા સાબરકાંઠા - BRGF હેઠળ છે. BRGFમાં નાણા સ્રોત માટે બે બારીઓ છે. (i) પ્રાથમિક રીતે આયોજન, તેનું અમલીકરણ, દેખરેખ, હિસાબ તથા જવાબદારી તથા પારદર્શિતાં વધારવાની ક્ષમતા ઊભી કરવા માટે વાર્ષિક રૂ. 250 કરોડનું ભંડોળ (ii) 2006-07ની રૂ. 3500 કરોડની ખૂલ્લી સહાયની ફાળવણી તથા અગીયારમી પંચવર્ષીય યોજના દરમ્યાન ખર્ચ દર વર્ષે જાહેર કરાય છે. તેનું પારદર્શક સ્વિકૃત ધોરણો વડે માર્ગદર્શન કરાય છે તથા સહભાગી આયોજન વડે પરખાયેલ પૂર્ણ વિકાસમાં રહેતા દોષયુક્ત અવકાશને સંબોધવા માટે પંચાયતો તથા નગરપાલિકાઓ દ્વારા ઉપયોગ કરાય છે.

જિલ્લાઓ વચ્ચે ભંડોળની વહેંચણી માટેના માપદંડની વ્યાખ્યા નીચે મુજબ કરાઈ છે.

1. દરેક જિલ્લાને વાર્ષિક લઘુત્તમ રૂ. 10 કરોડની નિયત રકમ મળે.
2. ફાળવણીમાંથી બાકી વધેલા 50 ટકાની વહેંચણી બધા જિલ્લાની BRGF હેઠળની કુલ વસ્તીના જિલ્લાની વસ્તીના હિસ્સાના આધારે કરવામાં આવે છે.
3. બાકીની 50 ટકા રકમ BRGF હેઠળના જિલ્લાના કુલ વિસ્તારમાં જિલ્લાના વિસ્તારના હિસ્સાના આધારે વહેંચવામાં આવે છે.
4. જિલ્લાઓ વચ્ચે ભંડોળની વહેંચણીનો માપદંડ વસ્તી તથા વસ્તીના મહત્ત્વ સાથેના ભૌગોલિક વિસ્તાર છે.

BRGF હેઠળ ભંડોળનો વિકાસ માટેના અતિઆવશ્યક અવકાશને પૂરવા માટે ઉપયોગ કરવાનો હોય છે. પંચાયત તથા શહેરી સ્થાનિક સંસ્થાઓ આ ભંડોળનો ઉપયોગ બંધારણના 11મા તથા 12મા પત્રકમાં નોંધાયા મુજબ તેમને સોંપાયેલ કાર્યોની હદમાં આવતા કોઈ પણ હેતુ માટે કરી શકે છે. ભારત નિર્માણ હેઠળના સ્થાનિક માળખાંમાંના મુખ્ય છીંડા કે જેના પર ધ્યાન કરી શકાય તે નીચે મુજબ છે.

- ગ્રામ વિજકરણ
- એવા પર્વતીય અથવા આદિવાસી વિસ્તારો કે જ્યાં પારંપારિક પંપ અથવા પાણીની પાઈપ વડે પૂરવઠો પહોંચાડવા સક્ષમ નથી ત્યાં પીવાના પાણીના પૂરવઠા માટે પંચાયત વડે યોગ્ય ટેકનોલોજી અપનાવવી.
- ઈન્દીરા આવાસ યોજનાને આગળ વધારવી

**વિકાસ માટેની સહાયના ઉપયોગની દરખાસ્ત**

દરખાસ્તમાં નીચે મુજબની બાબતોનો ઉલ્લેખ કરાય છે:

(a) જિલ્લામાં વિકાસના લક્ષ્યની પ્રાથમિક્તાને ધ્યાનમાં લઈને જિલ્લાની અંદર જિલ્લા, બ્લોક તથા ગ્રામ પંચાયતના સ્તરે તથા નગરપાલિકાઓ વચ્ચે ભંડોળની ફાળવણીના માપદંડને અનુસરાય છે.

(b) કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ તથા બીજા શ્રોતોમાંથી જિલ્લામાં મેળવી શકાય તેવાં ભંડોળનો વિસ્તૃત ઉપયોગ.

(c) રાજ્ય વડે પંચાયતો તથા નગરપાલિકાઓને પર્યાપ્ત સ્રોત ઊભા કરવા માટે કાયમી આર્થિક સત્તાથી સજ્જ કરવા માટે લેવાતાં પગલાં, જેમાં યોજના માટે પંચાયત વડે પોતાના સ્રોત વધારવાનું પણ અપેક્ષિત છે.

(d) રાજ્ય વડે પંચાયતોને કાયમી વહિવટી તથા ટેકનીકલ મદદ વડે સજ્જ કરવાનાં અથવા આઉટસોર્સીંગ વ્યવસ્થા વડે તેના સુધી પહોંચવાના માર્ગ માટે લેવાયેલાં પગલાં.

**જિલ્લાઓ માટે ભંડોળની શરતોની વિગતો નીચે મુજબ છે**

2006-07 પ્રોગ્રામનું પ્રથમ વર્ષ માર્ગદર્શિકામાં વર્ણવ્યા મુજબના મૂળાધારની વિગતને આધિન દરેક જિલ્લાની ક્ષમતા ઘડવા માટે કુલ ફાળવણી આપવામાં આવશે. વિકાસશીલ સહાયની છુટનુ પ્રથમ પ્રાધાન્ય એવા જિલ્લાઓને અપાશે કે જ્યાં જિલ્લા આયોજન કમિટિ વડે ડ્રાફ્ટ ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ પ્લાન સુદૃઢ કરાયો હોય તથા ઉચ્ચ સત્તાધારી કમીટી વડે રાજ્ય સ્તરે તે માન્ય કરાયો હોય.

2007-08 મુકરર પરફોર્મા મુજબની અરજીની સોંપણી કરનાર જિલ્લા માટે પ્રથમ હપ્તો આપો આપ જ છૂટો કરાશે. બીજો હપ્તો નીચેની શરતો પૂરી થતાં છૂટો કરાશેઃ

(a) ભૌતિક તથા આર્થિક પ્રગતિના અહેવાલની સોંપણી.

(b) પુરાંત આગલા વર્ષ દરમ્યાનના પ્રાપ્ય ભંડોળ ના 40 ટકા કરતાં વધવી ન જોઈએ. આ હદ કરતાં વધારાની રકમ બીજો હપ્તો છૂટો કરતી વખતે બાદ થઈ જશે.

(c) આગલા વર્ષનાં આયોજનનોના ઑડિટ રિપોટર્સ તથા એક્શન ટેકન રિપોર્ટસની સોંપણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરફથી સર્ટિફીકેટ ધરાવતી હોવી જોઈએ કે આયોજનના જિલ્લા હિસાબનું ઑડીટ કરતી વખતે તેણે બેંક રીકન્સીલીએશન એકાઉન્ટ તથા બધી અમલીકરણ સંસ્થાઓ હિસાબો ધ્યાન પર લીધા છે તથા ધિરાણને ખર્ચ તરીકે ગણવામાં આવ્યું નથી.

(d) ભંડોળ છુટું થયાના એક વર્ષની અંદર મુકરર પરફોર્મા મુજબનું યુટિલાઝેશન સર્ટિફીકેટ રજુ કરવું જરૂરી છે.

(e) નૉન-ડાયવર્ઝન તથા નોન-એમ્બેઝલમેન્ટ સર્ટિફીકેટની સોંપણી.

(f) બધા પ્રગતિ અહેવાલો મોકલેલ હોવા જોઈએ.

(g) લાગતા વળગતા જિલ્લાએ (જો બંધારણનો IX ભાગ તેને લાગુ પડતો હોય તો) બંધારણની કલમ

243 ZD મુજબ ડીસ્ટ્રીક્ટ પ્લાનીંગ કમીટી સ્થાપી હોવાનું પ્રમાણ તથા

(h) આયોજનના સરળ અમલીકરણના હિતમાં સમયાંતરે લદાયેલી બીજા કોઈ પણ શરતો.

2008-09થી આગળ જે જિલ્લાઓ માટે ગત વર્ષે બીજો હપ્તો છૂટો કરવામાં આવ્યો હોય તેમને માટે પ્રથમ હપ્તો બિનશરતી છૂટો કરવો. નિર્ધારિત શરતોની માગણી સાથે મેળ ન મળવાને કારણે જે જિલ્લાઓ ગત વર્ષનો બીજો હપ્તો ન લઈ શક્યા હોય તેઓ તે શરતો પૂરી કર્યા પછી પહેલા હપ્તા માટેની અરજી સોંપી શકશે. જે જિલ્લાઓએ આગલા વર્ષનો બીજો હપ્તો શરતો પર મેળવ્યો હોય તેઓ આગલા વર્ષનો બીજો હપ્તો છુટ્ટો કરતી વખતે મૂકાયેલી શરતો પૂરી કરે તે પછી તેઓ પોતાના પ્રથમ હપ્તા માટેની દરખાસ્ત સોંપી શકશે.

**નાણા પ્રવાહનું તંત્ર**

રાજ્ય સરકારના ભંડોળમાં નાણા તબદીલ કરવામાં આવે છે. કોન્સોલીડેટેડ ફંડ માટે નાણાં છુટા કર્યાના 15 દિવસની અંદર રાજ્ય સરકાર વડે પંચાયત તથા મ્યુનિસિપાલીટીને તબદીલ કરાનારા ભંડોળ તેમના બેંક ખાતામાં ફેરવાઈ જવા જોઈએ. બેંક દ્વારા પંચાયતને નાણાંની ઝડપી હેરફેરની શક્યતાના અભ્યાસ માટે બનાવાયેલ પંચાયતી રાજના કાર્યાલયના ટાસ્ક ફોર્સ વડે સૂચવાયેલ બેંકના તબદીલી તંત્રનો ઉપયોગ કરીને સંબંધિત પંચાયતો તથા મ્યુનિસિપાલીટીનાં ખાતાંમાં રાજ્ય સ્તરેથી નાણાં સીધાં જમા કરવામાં આવે છે. એક જિલ્લાથી બીજા જિલ્લામાં સ્રોતને વાળવાની છુટ અપાતી નથી. થાપણ ઉપર જમા થયેલ વ્યાજની રકમને BRGF હેઠળ વધારાના સ્રોત તરીકે ગણવામાં આવે છે તથા આયોજનના માર્ગદર્શન મુજબ તેનો ઉપયોગ થવો જોઈએ.

**પંચાયતના નાણા નિયંત્રણમાં સારી પદ્ધતિઓ**

મહારાષ્ટ્રએ પંચાયતોને સારા પ્રમાણમાં આર્થિક સત્તા સોંપી છે તથા કેટલીક યોજનાઓ તેમને તબદીલ કરી છે. ૨૦ વર્ષ પહેલાં તેણે નાણાકીય વર્ષના આધારે લાઈન વિભાગથી પંચાયતો તરફના નાણા પ્રવાહના મોટા જથ્થાના એકત્રિકરણની પદ્ધતિ શરૂ કરી હતી. રાજ્યએ યશવંતરાવ ચવાણ પંચાયત અભિયાન હેઠળ પ્રોત્સાહક ઍવૉર્ડ્સ શરૂ કર્યા.

કેટલાંક રાજ્યો NIC વડે વિકસાયેલ ફંડ ટ્રાન્સફર સોફ્ટવેર દ્વારા આપોઆપ જ કેન્દ્ર પ્રાયોજિત યોજનાના ફંડને સીધા પંચાયતોના બેંક ખાતામાં તબદીલ કરે છે. કેટલીક વખત સરકારી તીજોરીની અંદર જ જુદા ભંડોળ બનાવવામાં આવે છે અને પંચાયતોને જેના દ્વારા નાણા તબદીલ કરાય છે તેવા બેંક ખાતાં ખોલવાની છુટ અપાય છે. આ ફંડ લેપ્સ નથી થતું તથા બીજા નાણાકિય વર્ષમાં તેને આગળ લઈ જઈ શકાય છે.

કેટલાંક રાજ્યો ખાસ કરીને ટેકનીકલ બાબતોમાં આઉટસોર્સીંગની છુટ આપે છે તથા ઋણ ગ્રહણ દ્વારા સંસાધનો વધારવાનો આદેશ આપે છે. મધ્યપ્રદેશે ખનીજ કાઢવાના હક્કો તબદીલ કર્યા છે. હિમાચલ પ્રદેશ તથા કેરળ જેવા રાજ્યોમાં પંચાયતો માટે સહિયારાં તથા યોજનાને લગતા ભંડોળનો ભાગ ઘણો ઉંચો છે (૨૦થી ૩૦ ટકા). નવમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં રાજ્ય સરકાર વડે કરાયેલા નિતિવિષયક નિર્ણય મુજબ કેરળે નક્કી થયેલા પ્રાધાન્યવાળા વિસ્તારને સ્થાનિક પ્રાધાન્ય તથા સ્થાનિક ફાળવણી માટે પૂરતું ભંડોળ પુરું પાડ્યું છે. કેરળ એકમાત્ર એવું રાજ્ય છે કે જેમાં ત્રણ રાજ્ય નાણાં પંચોએ

અહેવાલો સુપરત કર્યા છે અને તેમની લગભગ બધી જ ભલામણો સ્વિકારવામાં આવી છે. આ નાણાં પંચોએ માર્ગ બદલતી ભલામણો કરી છે. પ્રથમ નાણાં પંચે ૧૭ નાની ખાસ હેતુઓ માટેની સહાયને એક અખંડ સહાયમાં ભેળવવાની તથા તેને પૂર્વારીતે ગોઠવણ આધારિત તથા વિવિકાધિકાર વગરની બનાવીને નિર્ણયનું સુવહન કરવાની તથા સેલ્સ ટેક્ષનો હિસ્સો તબદીલ કરવાની ભલામણ કરી હતી. બીજા નાણાં પંચે રાજ્યના ચોક્કસ કર વહેંચવાને બદલે રાજ્યના પોતાના મહેસુલ કરમાં ભાગીદારી સૂચવી હતી. ત્રીજા નાણાં પંચે બીજા નાણાં પંચની ભલામણો જેટલી જ મૂળ વાર્ષિક સહાય નિયત કરી તેમ જ પાંચ વર્ષના ગાળા માટે ૧૦ ટકા વાર્ષિક વધારાનું સૂચન કર્યું. નાણાં પંચે પાંચ વર્ષના ગાળા માટે ત્રણ પ્રવાહો - સામાન્ય હેતુ ભંડોળ, સાર સંભાળ ભંડોળ તથા વિકાસ ભંડોળ હેઠળ દર વર્ષે સ્થાનિક સરકાર દીઠ હિસ્સાનો નિર્દેશ કર્યો હોવાથી ભાવિ સૂચનમાં સુધારો થયો છે. કેરળ કેટલાક કિસ્સાઓમાં કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓને એકત્રિત કરી શક્યું છે જે સંયુક્ત સહાયોમાં આવકારદાયક વધારા તરફ દોરી જાય છે.

**પંચાયત નાણા નિયંત્રણના પ્રશ્નો તથા આગળના માર્ગો**

- **સુસંગત નાણાકીય ડેટાની અપ્રાપ્યતા**

રાજ્ય સ્તરે સુસંગત નાણાકીય ડેટાની પ્રાપ્યતામાં પાંચ વર્ષનો વિલંબ/ઢીલ છે. પંચાયતના દરેક સ્તર માટે અલગ નાણાકીય ડેટા મળતો નથી. ખર્ચ તથા કાર્ય મુજબનાં વર્ગીકરણની વિગતો પણ પ્રાપ્ય હોતી નથી. જુદા જુદા વિભાગો વચ્ચે એકસૂત્રતાના અભાવે ડેટાના એકત્રીકરણને મુશ્કેલ બનાવે છે.

રાજ્યના નાણાકીય વ્યવહારના મોટાભાગનાં પાસાંઓના નાણાસંબંધી ભરોસાપાત્ર ડેટાની અપ્રાપ્યતાને લીધે મોટાભાગના રાજ્ય નાણાં પંચોએ તેઓને તેમનાં કામ કરવામાં મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું છે. એક વખત અહેવાલ સુપરત થઈ જાય એટલે રાજ્ય નાણાં પંચોને સ્થગિત કરી દેવાનું હોવાથી ઘણા નાણાં પંચો અગાઉના નાણાં પંચો વડે બનાવાયેલા તથા ચકાસણી કરાયેલા ડેટા મેળવી શકતા નથી. રાજ્યો તથા પંચાયતોમાં એકત્રિકરણનો એકસરખો ઢાંચો (ફોર્મેટ) જરૂરી છે.

- **પંચાયતોને ભંડોળની તબદીલી**

રાજ્યનાં અંદાજપત્રમાં પંચાયતોને વાતાયન આપવા માટેનો નિર્ણય વ્યવહારની સંખ્યા તથા ગુંચવણ ઘટાડવા માટે કરાયો હતો, જેથી વ્યવહારની કિંમત ઘટાડી શકાય તથા કાર્યક્ષમતાની ખાતરી અપાય. આનાથી અંદાજપત્ર દ્વારા પંચાયતોને હકીકતે કેટલી તબદીલી થઈ છે તે જાણવું પણ સરળ બનશે. પંચાયતોને આ વાતાયન તેમના પોતાના સંલગ્ન અંદાજપત્ર માટે પૂરી પાડવામાં આવી નથી. રાજ્યો ગ્રામ વિકાસ વિભાગને, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓને અથવા પંચાયતી રાજના કમિશનરને રોજીંદા પ્રકલ્પ અથવા યોજના દ્વારા લાઈન વિભાગ વડે ભંડોળ તબદીલ કરવાનું ચાલુ રાખે છે. પછી તેને જિલ્લા પંચાયતને નીચેનાં સ્તરોને રવાનગી માટે મોકલવામાં આવે છે.

રાજ્યો તેમ જ કેન્દ્ર વડે પ્રાયોજિત યોજનાઓમાં ભંડોળની તબદીલીમાં સામાન્ય રીતે વિવિધ કારણોસર ઢીલ પડતી હોય છે. કેટલાંક રાજ્યોએ ફંડની હિલચાલ પર નજર રાખવાનાં પગલાં લેવાનું શરૂ કર્યું છે તથા પહોંચની તબદીલીના બે અઠવાડીયાની સમય મર્યાદા રાખી છે.

- **પોતાની મહેસુલની શક્યતા**

પોતાની મહેસુલ વધારવાની શક્યતાઓ છે. આદેશાત્મક પદ્ધતિમાં સૂચિત તળીયાના ભાવો સાથે

આવશ્યક કર તપાસણીને ગંભીરતાથી લાગુ કરવા જોઈએ. આને માટે "કરદાતાઓની નજદીકી"ને કારણે ઉભા થતા પ્રશ્નોનું નિવારણ કરવું જરૂરી છે. પંચાયતોને વધારે ટેક્ષસન પાવર આપવા ઉપરાંત નવા સ્રોતોનો પણ વિચાર કરી શકાય. વપરાશકાર ફી વગેરે જેવા બિનમહેસુલી સ્રોતોને પણ યોગ્ય રીતે ટંકારવા જોઈએ.

રાજ્ય નાણાં પંચોએ સામાન્યતઃ કેટલાક કરોની ભલામણ કરી છે. જો કે સ્થાનિક સ્તરે કર ઉઘરાવવાનું મુશ્કેલ રહ્યું છે. દરેક કર ઉઘરાવવા માટે એક તંત્રની જરૂર છે અને ઘણી વખત વાસ્તવિક ઉઘરાણી કરતાં તે ઉઘરાવવાની કિમત વધી જાય છે. કર વહીવટને વધુ સજ્જડ કરવાની જરૂરીયાત છે.

- **યોજનાઓનું એકત્રીકરણ**

કેન્દ્રિય રીતે પ્રાયોજિત 200 કરતાં વધુ યોજનાઓ બહુસ્તરીય આયોજન પ્રક્રિયાને વિકૃત કરે છે કારણ કે તે રાજ્ય તથા સ્થાનિક સૂચિમાં સમાવિષ્ટ વિષયો સાથે કામ પાડે છે (બંધારણના 11મા તથા 12મા પત્રક મુજબ). બજેટ આયોજનમાં કેન્દ્ર પ્રાયોજિત યોજનાનો હિસ્સો 1980ની શરૂઆત કરતાં 30 ટકામાંથી 70 ટકા જેટલો ઉપર ગયો છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા વડે કરાયેલી રાજ્ય નાણા વ્યવસ્થાની સમિક્ષા (RBI, બુલેટીન, ફેબ્રુ. 2008) મુજબ જણાય છે કે સેન્ટ્રલ પ્લાન સ્કીમ્સ તથા સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ્સ ૨૦૦૫/૦૬ના વાસ્તવિક ખર્ચ  કરતાં ૨૦૦૬/૦૭ના સુધારેલા અંદાજમાં ૪૯.૬ ટકા વધી છે. અત્યારે સાત કેન્દ્ર પ્રાયોજિત યોજનાઓ પંચાયતના મધ્યવર્તી કાર્યો સાથે સંકલાયેલ છે.

- **રાજ્ય નાણાં પંચોનું મજબુતીકરણ**

બંધારણીય સુધારા હેઠળ લોકતાંત્રિક વિકેન્દ્રીકરણ ધારણા પ્રભાવશાળી તથા અસરકારક બને છે તેની ખાતરી આપવામાં રાજ્ય નાણાં પંચની મહત્વની ભૂમિકા છે. રાજ્ય નાણાં પંચની વિશ્વસનીયતા તથા સ્વિકૃતી વધારવા માટે પ્રયત્નો કરવાની રાજ્ય સરકારની ઈચ્છા હોય તે જરૂરી છે. આમાં રાજ્ય નાણાં પંચોના સંયોગીકરણ, સભ્યોની પાત્રતાં, રાજ્ય સ્થાનિક નાણાકીય તબદીલીના સુવહન પદ્ધતિ, તથા નાણાકીય વ્યવહારના વિશ્વસનીય ડેટા બેઝ બનાવવાનો સમાવેશ છે. રાજ્ય નાણાં પંચના અહેવાલોની ગણના તથા અમલીકરણમાં ગંભીરતા પણ આવશ્યક છે. રાજ્ય અને કેન્દ્ર નાણાં પંચો વચ્ચે જોડાણ માટેના પ્રયત્નો પણ આશ્યક છે. 11માં સીડ્યુલમાં દર્શાવ્યા મુજબ સ્થાનિક સંસ્થાઓના કાર્ય વિસ્તારની તથા પંચાયતોના સંસાધન પેદા કરવાની શક્તિની રાજ્ય નાણાં પંચે તીવ્ર ચકાસણી પણ કરવી જોઈએ. તેઓએ ઈનામો તથા શિક્ષાના તંત્રની પણ શરૂઆત તથા વિકાસ કરવો જોઈએ.

ઘણા રાજ્ય નાણાં પંચોએ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓને મજબુત બનાવવા માટે કાયદા ઘડનાર તથા વહીવટ કરનાર કાર્યક્ષેત્રોમાં ફેરફાર સૂચવ્યા છે. પ્રક્રિયા સુધારણાને લગતી તેમની ઘણી ભલામણો ઉપર ધ્યાન આપવું જરૂરી છે.

- આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, ગોવા, હરીયાણા, ઓરીસ્સા તથા ઉત્તરાખંડ સિવાયની લગભગ બધી જ નાણાં પંચોએ સ્થાનિક વિકાસ ભંડોળ/પ્રોત્સાહક ભંડોળ/સામાન્ય હેતુ ભંડોળ સ્થાપવાની ભલામણ કરી છે.
- મહારાષ્ટ્ર, રાજસ્થાન, તામિલનાડુ તથા ઉત્તરપ્રદેશના પ્રથમ નાણાં પંચે તથા પશ્ચિમ બંગાળના બીજા નાણાં પંચે સ્થાનિક સંસ્થાને બધી જ સરકારી મિલકતો (કેન્દ્રીય તથા, રાજ્ય સરકારની, બૉર્ડની તથા મહાનગરપાલિકાઓની પબ્લીક સેક્ટર હેઠળની બધી જ મિલકતો સહિત) ઉપર કર તથા સર્વીસ ચાર્જ નાખવાની છુટ મળવી જોઈએ.

- રાજસ્થાનની પ્રથમ નાણાં પંચે ભલામણ કરી છે કે કેન્દ્ર તથા રાજ્યની સૂચિ મુજબ કેન્દ્ર તથા રાજ્ય વચ્ચે વર્તમાન વિષયોના ભાગલા જેવું જ વિભાજન રાજ્ય સરકાર તથા સ્થાનિક સંસ્થાઓની સત્તા, કાર્યો તથા જવાબદારીઓનું થવું જોઈએ, જિલ્લા સરકાર માટેની ત્રીજી સૂચિ પણ બંધારણમાં નાખવી જોઈએ.
- આસામ તથા ગુજરાતના પ્રથમ નાણાં પંચોએ સ્થાનિક સંસ્થાઓના વર્તમાન દરો તથા કરોના સુવહન માટે ટેરીફ કમીશનની નિમણુક કરવાની ભલામણ કરી છે.
- ગોવાએ ફરજીઆત વિજિલન્સ કમીટી પૂરી પાડવાની ભલામણ કરી છે.
- કેરળ, કર્ણાટક તથા તામિલનાડુની પ્રથમ નાણાં પંચે ભલામણ કરી છે કે નાણાં પંચની મુદત પૂરી થઈ જાય પછી તેણે કરેલ ભલામણોના અમલીકરણની સમીક્ષા માટે ફાઈનાન્સ કમીશન સેલ વડે રાજ્ય સરકારના ફાઈનાન્સ વિભાગમાં કાર્ય કરવું જોઈએ.
- પંજાબની પ્રથમ નાણાં પંચે મિલકત વેરાના મૂલ્યાંકન બાબતે કરદાતાના વાંધા સાંભળવા માટે ટેક્ષ વેલ્યુએશન કમિટીની ભલામણ કરી છે.
- મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશની પ્રથમ નાણાં પંચોએ જરૂરી સેવાઓની સુધારણા માટે જનતાની અંગત ભાગીદારીની ભલામણ કરી છે.
- આંધ્ર પ્રદેશની પ્રથમ નાણાં પંચે પણ ભલામણ કરી છે કે નાણા પંચોની ભલામણોના અમલીકરણની સમીક્ષા વિશે કાયદાકીય સત્તા ઉપર વિશ્વાસ મૂકી શકાય.

**તારણ**

સાન્તનમ્ કમીટી રીપોર્ટ ૧૯૬૩માં પ્રકાશિત થયેલ પંચાયત નાણા નિયંત્રણ ઉપરના ભારતના સર્વપ્રથમ અહેવાલ છે. આર્થિક તથા વહીવટી સ્વાયત્તતાની જરૂરિયાતને સ્પષ્ટપરૂપે બહાર આણી છે. "પંચાયતી રાજ સંસ્થાઓ મુખ્યત્વે ચૂંટાયેલ તંત્ર હોવાને કારણે અમુક હદ સુધી સ્વસંચાલિત તથા સ્વાયત્ત હોવું જોઈએ. કોઈ પ્રતિનિધિ તંત્ર ગૌણ સંસ્થા તરીકે ગણાશે નહીં. દરેક પંચાયતી રાજ સંસ્થાઓને સોંપાયેલ કાર્યો માટે પર્યાપ્ત નાણાકીય સ્રોત હોવા જોઈએ. દુનિયામાં ક્યાંય પણ સરકારની પૂરતી સહાય વગર સ્થાનિક તંત્રો કામ કરી શકે નહીં. તેવી જ રીતે જો સ્વસંચાલિત સંસ્થા સંપૂર્ણપણે ઉપર મુજબની સહાય પર અવલંબિત હશે તો તેની પ્રતિષ્ઠા તથા સ્વાયત્તતાનું અવમુલ્યન થશે. આ સંસ્થાઓની સ્થિરતા તથા વિકાસ માટે તેમની પાસે સંપૂર્ણપણે જેને વાપરવાની તથા વિકસાવવાની તેમની સત્તા હોય તેવા પૂરતા તથા વધારી શકાય તેવા સંસાધનો હોવા જોઈએ. અમે એ જરૂરી માનીએ છીએ કે દરેક પંચાયતી રાજ સંસ્થાઓ તેના કર્મચારી ગણે - પછી તે કર્મચારીઓ પોતા વડે નિમણુક કરાઈ હોય અથવા રાજ્ય સરકાર વડે તે જગ્યાએ પ્રદાન કરાયેલ હોય - પર કાબુ હોવો જોઈએ." (ભારત સરકાર (1963) PP 4-5)

# 6. પંચાયત આયોજન અને અંદાજપત્ર



કોઈ નિશ્ચિત લક્ષ્યને મેળવવા માટેના કાર્યના અતિ વ્યવહારુ ક્રમની સભાનપણે તૈયાર કરવામાં આવતી રૂપરેખાને આયોજન કહેવામાં આવે છે. તેમાં વર્તમાન સંસાધનોનો વધુમાં વધુ ઉપયોગ કરવાની બાબત સમાયેલી છે. હેતુઓ અને ઉદેશ્ય નકકી કરવા, પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું, સમસ્યાઓની ઓળખ કરીને માહિતીપૂર્ણ રણનિતિઓ અને કાર્યક્રમો સાથેની કાર્ય યોજના તૈયાર કરવાનાં કાર્યનો તેમાં સમાવેશ થાય છે. આયોજન એટલે આંતરિક અને બાહ્ય, આર્થિક અને માનવીય સંસાધનોનો જરૂરિયાતો સાથે સુમેળ કરવો. જયારે આયોજન સ્થાનિક સ્તરે કરવામાં આવ્યું હોય છે, ત્યારે તે સ્થાનિક જરૂરિયાતો સાથે સુમેળ ધરાવતું હોઈ શકે છે. લોકોની સહભાગિતા સાથેનું ગ્રામ સ્તરનું આયોજન વિવિધ પ્રકારનાં પર્યાવરણ-તંત્ર અને સામાજિક-સાંસ્કૃતિક પરંપરાઓને ઘ્યાનમાં રાખીને તેને સુમેળ ધરાવતું હોવું જોઈએ અને સરકારી ભંડોળની માત્ર વહેંચણી કરી દેવાને બદલે ગામ માટે સંશાધનોનું આયોજન થવું જોઈએ.

બંધારણની કલમ - 243 (જી) સૂચવે છે કે, રાજયની ધારાસભા કાયદા ઘ્વારા પંચાયતોને એ સતા અને અધિકારો આપી શકે છે જે સ્વ-રાજયની સંસ્થાઓ તરીકે કાર્ય કરવા માટે જરૂરી હોય, જેમાં સમાવિષ્ટ છે (1) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓની તૈયારી અને (2) આર્થિક વિકાસ અને સામાજિક ન્યાય માટેની યોજનાઓનું અમલીકરણ. બંધારણની 73 અને 74મી કલમ દ્વારા નીચેથી

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

આયોજન માટેનો સર્વ સામાન્ય મંચ પૂરો પાડવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે :

**ભારતમાં વિકેન્દ્રિત આયોજનનો ઈતિહાસ**

પ્રથમ પંચવર્ષિય યોજના (1951-56) એ વિકેન્દ્રિત આયોજનની જરૂરિયાતને ઓળખી આયોજન રાષ્ટ્ર, રાજય, જિલ્લા અને સ્થાનિક સ્તરે વહેંચી. બીજી પંચવર્ષિય યોજનાએ જિલ્લા વિકાસ સમિતિ, ગ્રામ - યોજનાઓ અને આયોજનમાં લોકોની સહભાગિતા જેવી બાબતોની ઓળખ કરાવી. જો કે, અમલીકરણની દૃષ્ટિએ તેનો સ્પષ્ટપણે ખુલાસો કરવામાં આવ્યો નહોતો અને એક સક્ષમ માળખાનો અભાવ હતો. વહીવટીય સુધારણા આયોગ અહેવાલ (1967)માં ભારપૂર્વક જણાવાયું છે કે જિલ્લા અધિકારીઓને સંસાધનોનાં સ્પષ્ટ સૂચકો આપવાં જોઈએ, જેથી તે તેમને ઉપલબ્ધ થઈ શકે અને તેમને હેતુપૂર્ણ યોજનાઓ તૈયાર કરવા માટે સક્ષમ બનાવી શકે. વિકાસના માળખામાં સ્થાનિક વિવિધતા પર ધ્યાન આપવાની જરૂરિયાત પર તેણે ભાર મૂકયો.

1967 માં આયોજન પંચ દ્વારા રાજયોને ધારણા (વિચાર) અને પધ્ધતિની માહિતી સાથેની વાર્ષિક, મધ્ય-સત્ર અને પરિપ્રેક્ષ્ય જિલ્લા યોજનાઓ વ્યવસ્થિત રીતે તૈયાર કરવાનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું અને ધણા રાજયોએ જિલ્લા યોજનાઓ તૈયાર કરી. જો કે મોટા ભાગનાં રાજયોમાં સ્થાનિક આયોજન પ્રયોગ, વાર્ષિક આયોજન પ્રક્રિયા સાથે જોડાયેલું નહોતો એટલે જિલ્લા આયોજનની પહેલ ઓછી થતી ગઈ.

તેઓ જિલ્લા આયોજનના એક ભાગ તરીકે શહેરી યોજનાઓ સાથે પણ જોડાયેલા નહોતા. પ્રક્રિયા ઉપરથી સંચાલિત હતી અને પંચાયતો સલાહ કે સહકાર આપનાર તરીકે ઉતમ સ્થાને હતી. ગ્રામસભા લોકોના અવાજને મહત્વ મળે તે માટે એકઠી થતી હતી, પગલાં જે તે વિભાગ દ્વારા લેવામાં આવતાં હતાં. પંચાયતો તેમનાં કાર્યક્ષેત્રની અંદર સ્વાયત્રતાના આચરણ સાથે સ્વતંત્ર આયોજન એકમો તરીકે કાર્ય કરી શકે તેમ નહોતી, કારણ કે તેમાંની મોટાભાગની પંચાયતો બહુ ઓછાં આર્થિક સંસાધનો ધરાવતી હતી.

પાછલા 60 થી 80 વચ્ચેના સમયગાળા દરમિયાનનું વલણ બહુ મોટા પાયે વહીવટના વિકેન્દ્રીકરણ તરફનું હતું. 60 ના છેલ્લા ગાળામાં, મોટાભાગના રાજયોમાં પંચાયતોને દૂર કરવામાં આવી હતી. કેન્દ્રીય પુરસ્કર્તા યોજનાઓ (સીએસએસ) ની રચના કરવામાં આવી અને મુખ્યત્વે સરકારી ખાતાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવી. વિકેન્દ્રિત આયોજન હજુ સુધી વાસ્તવિકતા બની શકયું નથી.

ભારતમાં રાજય અને રાષ્ટ્રીય સ્તરે આયોજન સેકટર આધારિત કરવામાં આવ્યું છે. પંચવર્ષીય અને વાર્ષિક આયોજનો સેકટર આયોજનને ભેગાં કરે છે. ક્ષેત્રીય વિકાસ કાર્યક્રમો જેવા કે, દુકાળગ્રસ્ત ક્ષેત્રીય કાર્યક્રમ, રણ વિકાસ કાર્યક્રમ પણ લોકોની જરૂરિયાતો કરતાં વધુ સેકટરની જરૂરિયાતો પર આધારિત છે. આ રીતે, આંતરિક વિભાગીય જોડાણો નબળાં છે.

**વિકેન્દ્રિત આયોજન અને જિલ્લા આયોજન સમિતિઓની સ્થિતિ**

કલમ-243 ઝેડ ડી હેઠળ, દરેક રાજયમાં (જમ્મુ અને કાશ્મીર, મેધાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને દિલ્હીના NCT સિવાયના) જિલ્લા સ્તરે જિલ્લા આયોજન સમિતિની સ્થાપના કરવી જોઈએ. પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી યોજનાઓને મજબૂત કરવા અને જિલ્લા માટે વિકાસ આયોજનનો મુસદો તૈયાર કરવા માટે આ સમિતિઓની જરૂર છે. જિલ્લા આયોજન સમિતિએ

ગ્રામીણ અને શહેરી સ્થાનિક તંત્ર વચ્ચેના સહિયારા હિતોને લગતી બાબતો ઉપરાંત તેને લગતું આયોજન, પાણીની અને અન્ય ભૌતિક તથા કુદરતી સંસાધનોની વહેંચણી, બાંધકામો અને પર્યાવરણ સંરક્ષણનો સર્વાંગી વિકાસ અને ઉપલબ્ધ સંસાધનોની માત્રા અને પ્રકારને ધ્યાનમાં લેવા જોઈએ.

જિલ્લા આયોજન એ કુદરતી, માનવીય અને આર્થિક રીતે ઉપલબ્ધ સંસાધનોને ધ્યાનમાં રાખીને જિલ્લા માટે તૈયાર કરવામાં આવતી સર્વાંગી યોજનાની એક પ્રક્રિયા છે અને જિલ્લા સ્તરે તથા તેની નીચે સોંપવામાં આવેલી અને જે સ્થાનિક સરકારો દ્વારા અમલમાં મુકવામાં આવી છે તેવી પ્રવૃતિઓ અને યોજનાઓનો તે સમાવેશ કરે છે. સંસાધનો અને વિવિધ હેતુઓ માટેની તેની વહેંચણીની વિગતો અને ગ્રામીણ તથા શહેરી-સ્થાનિક તંત્રો દ્વારા તેમને સોંપવામાં આવેલી પ્રવૃતિઓ અને તેમના પોતાનાં સંસાધનો દ્વારા તેમણે અમલમાં મૂકેલી રાષ્ટ્રીય/રાજય યોજનાઓ અને જે હેતુઓ માટે ખાસ અંકિત કરવામાં આવી હોય તેનો સમાવેશ જિલ્લા યોજનામાં કરવામાં આવે છે.
આ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કલમ-243 ઝેડ ડી(2) ખાસ રીતે દર્શાવે છે કે રાજયની ધારાસભા કાયદા દ્વારા નીચેના સંદર્ભમાં કલમો બનાવી શકે.

(1) જિલ્લા આયોજન સમિતિ
(૨) આવી સમિતિઓમાં બેઠકો જે પધ્ધતિથી ભરવામાં આવે છે તેની શરત એવી હોય છે કે આવી સમિતિઓના સભ્યોની કુલ સંખ્યાના 4/5 કરતાં ઓછા નહી તેટલા સભ્યો જિલ્લા સ્તરે પંચાયતના ચૂંટાયેલા હશે અને જિલ્લામાં નગરપાલિકાઓના સભ્યો જિલ્લામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોની વસ્તી વચ્ચેના ગુણોતરના પ્રમાણમાં હશે.
(3) જિલ્લા આયોજન સંબંધિત કાર્યો
(4) આવી સમિતિઓના અધ્યક્ષોની જે રીતે પસંદગી કરવામાં આવશે.

મોટાભાગનાં રાજયોમાં જિલ્લા આયોજન સમિતિઓની રચના કરવા માટે ચૂંટણીઓ યોજવામાં આવી. ચૂંટણીઓનું નિરીક્ષણ મોટાભાગે જિલ્લા કે રાજયના વહીવટીય વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાતમાં, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, 2008 મુજબ, જિલ્લા આયોજન સમિતિની રચના અધ્યક્ષ તરીકે ઈનચાર્જ મિનિસ્ટર અને ઉપાધ્યક્ષ તરીકે જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા કરવામાં આવી છે. જિલ્લા આયોજન સમિતિઓ રાજય સરકારનાં સૂચનો અંગે આયોજન અંગેની સંસ્થાઓ અને સંગઠનો સાથે સલાહ-પરામર્શ કરી શકે છે. રાજય સરકાર દ્વારા નકકી કરવામાં આવેલી વ્યકિત(વ્યકિતઓ) કે જે અર્થશાસ્ત્ર, આયોજન, નાણાં સંચાલન કે વહીવટીના ક્ષેત્રમાં વિશિષ્ટ જ્ઞાન ધરાવતી હોય છે તેને આમંત્રિત કરી શકાય છે.

### વિકેન્દ્રિત આયોજન માટેના વર્તમાન પ્રયત્નો

પંચાયતીરાજના મંત્રાલય દ્વારા આયોજિત બીજી ગોળમેજી પરિષદ (ઓગષ્ટ 28-29, 2004 મૈસૂર ખાતે) માં નકકી કરવામાં આવ્યું કે અગિયારમી પંચવર્ષીય યોજના જિલ્લા યોજનાઓ પર આધારિત છે, તેની આયોજન પંચ ખાતરી કરે. તેણે 2004-05 ના અંત સુધીમાં બધાં જ રાજયોમાં જિલ્લા આયોજન સમિતિઓની સ્થાપના કરવાની ભલામણ પણ કરી. રાજયોને પણ તેમના કાર્યો અને પ્રક્રિયામાં મદદ માટે એજન્સીઓને જોડવાની જરૂર હતી. રાજયોએ પંચાયતો અને નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ મજબૂત કરવા માટે મુકત રીતે સંસાધનો પૂરાં પાડવાની જરૂર છે.

પંચાયતરાજના મંત્રાલય) દ્વારા મે-2005 માં પાયાના સ્તરના આયોજન માટે નિષ્ણાંત જૂથ (વી.રામચંન્દ્રનના અધ્યક્ષપદ હેઠળ) ની સ્થાપના કરવામાં આવી હતી. તેણે સહભાગિતાના ધોરણે આયોજનને મજબૂત કરવા માટે એક કાર્યયોજના આપી. તેણે જિલ્લા સ્તરે પરિપ્રેક્ષ્ય પંચવર્ષીય અને વાર્ષિક યોજનાઓ તૈયાર કરવાની પધ્ધતિ તૈયાર કરી અને જિલ્લા આયોજન સમિતિઓને મજબૂત કરવાનાં વધુ સૂચનો આપ્યાં. અહેવાલ મુજબ, જિલ્લા આયોજન સમિતિ, તેના કાર્યોમાં સહયોગ માટે મંત્રીમંડળની જોગવાઈ કરતી કાયમી સંસ્થા હોવી જોઈએ. જિલ્લા સ્તરીય આયોજન પ્રક્રિયા અને તેમાં જિલ્લા આયોજન સમિતિઓની ભૂમિકા માટેનું સવિસ્તાર માર્ગદર્શન ઉપર્યુકત જૂથ દ્વારા તૈયાર કરવામાં આવ્યું.

**વર્તમાન પહેલ તરફ એક નજર**

- વર્ષ 2006 માં આયોજન પંચ દ્વારા તૈયાર માર્ગદર્શન સૂચનો બહાર પાડવામાં આવ્યાં.
- 250 BRGF જિલ્લાઓમાં સર્વાંગી જિલ્લા યોજનાઓની તૈયારીમાં વ્યવસાયિક સહયોગ પૂરો પાડવા અને યોજનાને આગળ વધારવા માટે તકનીકી સહયોગ સંસ્થાઓની સાથે જોડાણ
- પ્લાન પ્લસ સોફટવેરનો વિકાસ અને અમલીકરણ.
- વર્ષ 2007 માં સર્વાંગી જિલ્લા યોજનાઓ માહિતી પુસ્તિકા માટે કાર્યદળનું બંધારણ કરવું.
- જાન્યુઆરી 2009 માં રાષ્ટ્રીય પરિષદ અને જિલ્લા આયોજિન માહિતી પુસ્તિકાનું વિમોચન
- મે 2009 માં MOPR દ્વારા જિલ્લા આયોજનની માર્ગદર્શક રૂપરેખા
- BRGFની રાષ્ટ્રીય સલાહકાર તથા ફેરતપાસણી સમિતિ, 2009

તેમની ભલામણો સ્વીકારીને, ઓગષ્ટ - 06માં આયોજન પંચ ધ્વારા સવિસ્તાર માર્ગદર્શક રૂપરેખા બહાર પાડવામાં આવી. જે મુજબ સ્થાનિક સરકારોના સશકિતકરણની વર્તમાન સ્થિતિ અને સ્થાનિક યોજનાઓનો મુસધ્ધો તૈયાર કરવામાં જે પ્રક્રિયા અપનાવવામાં આવી હોય તેના પરની એક નોંધ સાથેની અગિયારમી પંચવર્ષિય અને વાર્ષિક યોજનાની દરખાસ્તોના એક ભાગ તરીકે જિલ્લા યોજનાઓનો એક ટૂંક સાર રજૂ કરવામાં આવશે.

અગિયારમી યોજનાના સમયગાળા માટેની પંચવર્ષિય પરિપ્રેક્ષ્ય યોજનાની તૈયારી કરવા માટે ડી.પી. સી.એસ અને પંચાયતોનો તકનીકી સહયોગ વધારવાના હેતુથી ભારત સરકાર ધ્વારા માર્ગદર્શક રૂપરેખા બહાર પાડવામાં આવી. જે અસરકારક જિલ્લા આયોજન માટે નીચેનાં પગલાં સૂચવે છે.

1. ગ્રામસભા અને સ્વ-સહાય જૂથોના નેટવર્ક જેવી સહભાગિતાના ધોરણે ચાલતી સભાઓ ધ્વારા જરૂરિયાતની ચકાસણી અને અગ્રતાક્રમ નકકી કરવા.
૨. સહભાગિતાના ધોરણે ઝડપી મૂલ્યાંકન પધ્ધતિ ધ્વારા ઉમેરાયેલી સરળ પધ્ધતિઓ ધ્વારા સ્થાનિક રીતે ઉપલબ્ધ માહિતી વાપરીને પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું.
3. પંચાયતોના પોતાનાં સંસાધનો, રાજય અને કેન્દ્ર સરકારનાં મુકત અનુદાનો, BRGF અને MGNREGA જેવી યોજનાઓના અંશત: બાંધેલા અનુદાનો, સ્થાનિક સ્તરનાં આયોજનો અને અમલીકરણ માટે સોંપાયેલી યોજનાઓ, રોકડ, વસ્તુ અને શ્રમ તથા ઋણના સ્વરૂપમાં અપાતો લોકફાળા જેવા સ્ત્રોત ધ્વારા સંસાધનોની ચકાસણી કરવી.
4. પંચાયતો દ્વારા હિતકર્તાઓ અને સ્થાનિક નિષ્ણાંતો સાથેની વાતચીતની પ્રક્રિયા ધ્વારા વિકાસની દૃષ્ટિ વ્યવસ્થિત રજૂઆત તેમજ તે દૈષ્ટિને સિધ્ધ કરવા માટેની રણનીતિ

૫. વિવિધ સ્તરે કાર્ય કરતાં નિષ્ણાંતોનાં જુથો ધ્વારા જરૂરિયાત ચકાસણી અને પરિસ્થિતિ વિશ્લેષણ પર આધારિત પરિયોજનાની પરિકલ્પનાઓનો વિકાસ કરવો.
6. કાર્યદળોની વિકાસ દરખાસ્તોનું સંકલન.
7. દરખાસ્તોને અગ્રતાક્રમ આપવો અને તે ક્રમ મુજબ સંસાધનોની વહેંચણી કરવી.
8. પરિયોજના અહેવાલની તૈયારી સંપૂર્ણ માહિતી સાથે કરવી.
9. જિલ્લા આયોજન સમિતિના તકનીકી સલાહકાર જૂથ ધ્વારા તકનીકી અને આર્થિક પાસાઓ અંગે પરિયોજના અહેવાલની ચકાસણી
10. પંચાયતો દ્વારા પરિયોજનાઓને યોજનાઓમાં ભેળવી દેવી.
11. પંચાયતોની યોજનાઓનું જિલ્લા યોજનાઓમાં એકીકરણ કરવું.
12. જિલ્લા આયોજન સમિતિ દ્વારા યોજનાઓને મંજૂરી આપવી.

**ગુજરાત પંચાયત અધિનિયમ - 1993માં આયોજન સાથે અંદાજપત્ર સાથે સંબંધિત જોગવાઈઓ**

સેકશન 116 થી 121, ગ્રામ પંચાયતના બજેટ અને હિસાબ સંબંધિત જોગવાઈ ધરાવે છે. સેકશન - 138 થી 143 તાલુકા પંચાયતો સાથે સંબંધિત છે. જયારે સેકશન 163 થી 167, જિલ્લા પંચાયત સાથે સંબંધિત છે. સેકશન - 179, પંચાયતો ધ્વારા વિકાસ યોજનાઓની તૈયારીની જોગવાઈઓ સાથે સંબંધિત છે.

**સ્થાનિક તંત્રોમાં બજેટને લગતી પ્રક્રિયાઓ**

પંચાયતો અને નગરપાલિકાઓના બજેટની તૈયારી અને માન્યતા માટે રાજય અધિનિયમો અને નિયમોમાં ખૂબ ઝીણવટથી તૈયાર કરવામાં આવેલી ભલામણોનો સમાવેશ થયેલો છે. બજેટ, પ્રાથમિક રીતે તો કાયદાનુસાર તૈયાર કરવામાં આવે છે, જે છે અને સામાન્ય રીતે આર્થિક નિયંત્રણ, લાંબાગાળાનાં આયોજનો અને અસરકારક સંચાલન માટેના નિર્ણયો લેવા માટેનાં સાધન તરીકે તેનો ઉપયોગ કરવામાં આવતો નથી.

બજેટ બનાવવામાં અપનાવતો અભિગમ જનતાની સહભાગિતા, પારદર્શિતા અને જવાબદારીને ઘટાડીને સ્થાનિક આમ જનતાની અનુભવાતી જરૂરિયાતો પ્રત્યે અપૂરતું ધ્યાન આપવા તરફ લઈ જઈ શકે છે. કર્ણાટક, કેરળ અને પશ્ચિમ બંગાળ જેવાં રાજયોએ બજેટને લગતી પ્રક્રિયાને વધુ અસરકારક અને પરિણામલક્ષી બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

જિલ્લા યોજનાઓની ઉપલબ્ધતા અંગે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કેન્દ્રીય સહાયની ભલામણને જોડવા જેવાં પગલાં લેવામાં આવ્યાં છે. આ યોજનાઓ વિવિધ હયાત યોજનાઓ ધ્વારા સંસાધનોને એકઠાં કરશે અને જિલ્લા યોજનાના આધારે તેમને પંચાયતો તરફ વાળશે. ભંડોળોનો ઉપયોગ પંચાયતો ધ્વારા કરવામાં આવશે. જેનો ઉપયોગ સંસાધનોની ઊણપ ઘટાડવા અને આ જિલ્લાઓને વધુ પ્રમાણમાં સંસાધનો પૂરાં પાડતાં અન્ય કાર્યક્રમોનું મૂલ્ય વધારવા કરવામાં આવશે. જિલ્લાની મર્યાદામાં રહીને ભંડોળો આપવા માટેનું સૂત્ર પણ સ્થાનિક સ્તરે મેળવવાનું રહેશે.

## વિકેન્દ્રિત આયોજનમાં ઉતમ ઉદાહરણો

### કર્ણાટક

કર્ણાટક સરકાર ધ્વારા એપ્રિલ -1, 1987ના રોજ, મંડળ અને જિલ્લા પંચાયતોની દ્વિ -હરોળ પ્રથા હેઠળ દ્વારા એક સવિસ્તાર આયોજન પ્રકિયા નકકી કરવામાં આવી. આ પ્રક્રિયા લોકોની જરૂરિયાતો અને સ્થાનિક સંસાધનોની ઓળખ પર આધારિત છે. આ બંને બાબતોના મિશ્રણ ધ્વારા સ્થાનિક વિકાસ પરિયોજનાઓની રચના કરવામાં આવે છે. અમલીકરણ માટે પરિયોજનાઓને સંસાધનોને ધ્યાનમાં લઈને અગ્રતાક્રમ આપવામાં આવે છે. પરિયોજનાઓને વિવિધ યોજનાઓ સાથે જોડવામાં આવે છે અને આખરે સર્વાંગીણ ક્ષેત્ર વિકાસ માળખામાં આ યોજનાઓને સ્થાપવામાં આવે છે અને અનુક્રમ આપવામાં આવે છે. જો કે, ગ્રામ સભામાં આ આયોજનને હાથ ધરવાની અપેક્ષા રાખતી હતી. પ્રેકિટસમાં અપેક્ષાઓ કે આકાંક્ષાઓની યાદી બનાવવામાં આવી હતી. જેને ગામોનાં જૂથની બનેલી મંડળ પંચાયત ધ્વારા ચર્ચા-વિચારણા માટે ધ્યાનમાં લેવામાં આવી હતી. એક પેટા-યોજના મંડળ પંચાયત માટે તૈયાર કરવામાં આવી હતી જેમાં વિલેજ પંચાયતની શકય તેટલી માગણીઓ વચ્ચે સુમેળ સાધવામાં આવ્યો હતો. આ પેટા-યોજનાને તાલુકા પંચાયત તરફ પસાર કરવામાં આવી હતી. તાલુકા અને જિલ્લા સ્તરે યોજનાઓનું સંકલન કરાયું. રાજય સરકાર દ્વારા આયોજન - કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં આપવામાં આવેલી તારીખો સુધીમાં સરકારની દરેક હરોળે પોતાની યોજનાઓને અંતિમ સ્વરૂપ આપવાનું હતું. 73મી બંધારણીય સંશોધન પછી આ પ્રથા બંધ કરવામાં આવી હતી.

### કેરળ

વિકેન્દ્રિત આયોજન માટે કેરળનું નવીન મોડલ યોજના અગ્રતાક્રમને નકકી કરવાની પ્રક્રિયામાં લોકોને સાંકળવાનું ધ્યેય ધરાવે છે. રાજય યોજના અંદાજપત્રના લગભગ 40 ટકા સ્થાનિક તંત્રોને સોંપવામાં આવ્યા છે. વર્ષ 1996 દરમિયાન શરૂ થયેલો આયોજન અંગેનો સંગઠિત કાર્યક્રમ પાંચ તબકકા ધરાવે છે.

1. ગ્રામસભાઓ કે વોર્ડ સભાઓ સ્થાનિક વિકાસ સમસ્યાઓને ઓળખી કાઢવા માટે બોલવવામાં આવતી હતી. વધુમાં વધુ લોકો, ખાસ કરીને મહિલાઓ અને સમાજના અન્ય નબળા વર્ગોના લોકો તેમાં ભાગ લઈ શકે તેવા પ્રયત્નો કરવામાં આવતા હતા. જેમ કે, ગ્રામસભાઓ રજાના દિવસોમાં બોલાવવામાં આવતી હતી. સ્વયંસેવક દળો ઘર ઘરની મુલાકાત લઈને કાર્યક્રમ વિશે સમજાવતા હતા, તૈયારી માટેની સભા બોલવવામાં આવતી અને દરેક પ્રકારનાં માધ્યમોમાં જાહેરાતો આપીને અને રંગબેરંગી પોસ્ટરોનો ઉપયોગ કરીને સક્રીય પ્રચાર કરવામાં આવતો. ગ્રામસભાના સંચાલનમાં ભાગ લેવા માટે અને માળખાગત ચર્ચાઓને આગળ ધપાવવા માટે રાજય -સ્તરે લગભગ 650 રિસોર્સ -પર્સન, જિલ્લા સ્તરે લગભગ 12,000 રિર્સોસ પર્સન અને સ્થાનિક સ્તરે 1,00,000 કરતાં વધુ સંખ્યામાં રિસોર્સ પર્સનને ઓળખી કાઢવામાં આવ્યા હતા.

૨. ગ્રામસભાઓ ધ્વારા ઓળખી કાઢવામાં આવેલી સમસ્યાઓના ઉકેલમાં સૂચનો કરવા માટે સ્થાનિક વિકાસ પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું. ગ્રામ-પંચાયત / નગરપાલિકાઓની સામાજિક - આર્થિક દરજજા અહેવાલ વહેંચીને સેકટર -મુજબ ચર્ચાઓ માટેની જરૂરી માહિતી સહભાગીઓને પૂરી પાડવામાં અવી હતી. તે અહેવાલની રૂપરેખા, ગ્રામસભા અહેવાલ, ચાલુ યોજનાઓનાં પરીક્ષણો, ગૌણ માહિતીઓ, જે-તે વિસ્તારનો ભૌગોલિક અભ્યાસ અને સ્થાનિક

ઈતિહાસના ટૂંકા સર્વેક્ષણના આધારે તૈયાર કરવામાં આવી હતી. પ્રારંભિક તૈયારીના કાર્યમાં રાજય, જિલ્લા અને સ્થાનિક રિસોર્સ પર્સનની તાલીમનો સમાવેશ કરવામાં આવ્યો. ચાલુ પરિયોજનાઓ અંગેની ઉપલબ્ધ માહિતીઓ અને હકીકતો પૂરી પાડવા અંગે લાઈન ડીપાર્ટમેન્ટને સૂચના આપવામાં આવી.

3. વિકાસ પરિષદો ધ્વારા બહાર પડેલી ભલામણો અને સૂચનોનો અમલ કરવા માટે પાયાગત સ્તરે સેકટર -વાઈઝ કાર્યદળો (દરેક સ્થાનિક તંત્રમાં લગભગ 12 કાર્યદળો)ની રચના કરવામાં આવી. આ રીતે ગ્રામ સ્તરે 1.2 લાખ વ્યકિતઓનાં લગભગ 12,000 કાર્યદળો કાર્ય કરતાં હતા. તેમણે પંચાયતની સામે વિચારણા માટે મૂકવાની લગભગ 1 લાખ જેટલી પરિયોજનાઓ તૈયાર કરી હતી. અધિકારીઓ અને તકનીકી લાયકાત ધરાવતા સ્થાનિક લોકોની સહભાગિતા નકકી કરવા માટેના ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. રાજયના સંભવિત નિવૃત અને બિન - અધિકારી નિષ્ણાતોની એક સર્વગ્રાહી યાદી તૈયાર કરવામાં આવી હતી. કાર્યદળના અધ્યક્ષ તરીકે ચૂંટાયેલો પ્રતિનિધિ અને કન્વીનર તરીકે સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટનો અધિકારી હતો. પરિયોજનાઓની તૈયારી માટેની માર્ગદર્શક પુસ્તિકાઓ અને તાલીમી કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યા હતાં. રાજય આયોજન સમિતિ ધ્વારા સમાજના નબળા વર્ગોના લાભ માટે પરિયોજનાઓની તૈયારી માટેની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. સ્થાનિક તંત્રો યોજનાની 10 ટકા સહાય સ્ત્રીઓના વિકાસ પાછળ આપે તેવી ભલામણો કરવામાં આવી હતી. પરિયોજનાઓ સર્વાંગી અભિગમ સાથે તૈયાર કરવામાં આવે તે બાબતની સંભાળ રાખવામાં આવી હતી.

4. પરિયોજનાઓને અગ્રતાક્રમ આપીને પંચાયતોની પંચવર્ષીય યોજનાઓમાં જોડી દેવામાં આવી હતી. યોજનાને આખરી સ્વરૂપ આપવા માટે, પંચાયતોએ વિવિધ સ્ત્રોત ધ્વારા સંસાધનો મેળવવાની તેમની ક્ષમતાને સ્પષ્ટપણે ચકાસવી જોઈએ. સમસ્યાઓની ઓળખ અને સંસાધનોને આધારે વિકાસ રણનીતિ વિકસિત કરવી જોઈએ. અમલીકરણ માટેની પરિયોજનાઓનો અગ્રતાક્રમ નકકી કરી પસંદ કરવી અને પસંદ કરેલી દરેક પરિયોજનાનાં સફળ અમલીકરણ માટે નિરીક્ષણ તંત્ર નકકી કરવું. આ વિશ્લેષણના આધારે, દરેક પંચાયત ધ્વારા યોજના - દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો જે આઠ પ્રકરણ ધરાવે છે - પ્રસ્તાવના, વિકાસ રણનીતિ, સંસાધનો મેળવવાં, વિભાગીય કાર્યક્રમો, સંકલિત વિકાસ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, મહિલાઓ માટેના વિકાસ કાર્યક્રમો અને નિરીક્ષણ

૫. તાલુકા અને જિલ્લા પંચાયતોએ સ્થાનિક સ્તરની યોજનાઓ અને જયાં જરૂર લાગી ત્યાં પૂરક યોજનાઓની રચના ધ્વારા તેમના યોજના દસ્તાવેજો તૈયાર કર્યા.

આ રીતે યોજનાઓ સ્થાનિક જરૂરિયાતો અને અપેક્ષાઓ તથા તેમને સરળ બનાવવાના સાચા પ્રયત્નોને પ્રતિબિંબિત કરે છે. કેરાલાની હાલની આયોજન પ્રક્રિયા મુજબ, ત્યાં મધ્યસ્થ સ્તરે તકનીકી સલાહકાર સમિતિ હોય છે. જે ગ્રામપંચાયત ધ્વારા તૈયાર કરવામાં આવેલી પરિયોજનાને તપાસે છે અને તેનું ખરાપણું સાબિત કરે છે અને તેને જિલ્લા આયોજન સમિતિની મંજૂરી માટે મોકલી આપવાની ભલામણ કરે છે. ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોની બધી જ પરિયોજનાઓ જિલ્લા આયોજન સમતિ પાસે પહોંચ છે અને તે પછી સલાહકાર સમિતિ તેને તપાસે છે. જિલ્લા

પંચાયતની તકનિકી સલાહકાર સમિતિ અને યોજના તૈયારી સહાયક જૂથની વિનંતીથી સંકલન કરવામાં આવે છે. જિલ્લા આયોજન સમિતિ જિલ્લાની અંદર આવેલા સ્થાનિક તંત્રો પાસેથી મળેલી યોજનાઓને મજબૂત બનાવે છે અને તેને રાજય સરકારને સુપ્રત કરે છે.

## જિલ્લા આયોજન સમિતિ ધ્વારા અનુસરીત આયોજન પ્રક્રિયા : એક તુલનાત્મક કોષ્ટક

| મહત્વનાં પગલાં | કેરળ | રાજસ્થાન |
|---|---|---|
| સ્થાનિક સ્તરે યોજના તૈયારી | વિભાગીય પેટા -જૂથો અને કાર્ય - જૂથો ધ્વારા યોજનાની રૂપરેખા તૈયાર કરવામાં આવી જે પાછળથી ગ્રામ સભા બેઠકમાં મંજૂર થઈ. | 17 ઓળખ કાઢેલા સેકટરો અંગે ગામો/ નગરપાલિકાઓમાં વિભાગીય ચર્ચાઓ બધાં જ સેકટરો ધ્વારા માંગણીઓ મળી નહોતી તે બાબત પણ નોંધવામાં આવી. |
| ગ્રામીણ - શહેરી જોડાણ | આયોજન સહાયક જૂથ ધ્વારા જિલ્લા આયોજન સમિતિ સ્તરે ફકત દ્રઢીકરણ | સમુદાય જરૂરિયાતો ધ્વારા નકકી કરવામાં આવ્યું/તાલુકા અને જિલ્લા આયોજન સમિતિ ધ્વારા ખાતરી કરવામાં આવી. |
| પંચાયત સ્તરે યોજના | પંચાયત સમિતિ અને કાર્ય-જૂથની સંયુકત -બેઠકમાં આખરી પંચાયત યોજના ધડી કાઢવામાં આવે છે - આને બોર્ડ પરના સ્ટેક હોલ્ડર સાથેની વિકાસ પરિષદમાં ફરીથી ચકાસવામાં આવે છે. | પંચાયત સમિતિ સ્તરે વિભાગીય રીતે |
| પંચાયત / તાલુકા યોજનાને મંજૂરી | તાલુકા સ્તરની તકનીકી સલાહકાર સમિતિ અને તાલુકા સ્તરની ગ્રામસભા ધ્વારા તપાસણી | તાલુકા અધિકારીઓ ધ્વારા - પંચાયત અને સીટી યોજનાઓની તપાસણી અને દ્રઢીકરણ કરીને |
| જિલ્લા યોજના | બધી જ ગ્રામીણ યોજનાઓનું જિલ્લા પંચાયત યોજનામાં સંકલન કરવામાં આવે છે. નગરપાલિકા યોજનાઓ પણ આ જ પ્રક્રિયામાં જાય છે. | તાલુકા યોજનાઓનું દ્રઢીકરણ કરીને જિલ્લાના મુખ્ય આયોજન અધિકારી ધ્વારા તૈયાર કરવામાં આવી. |
| આખરી સોંપણી | જિલ્લા આયોજન સમિતિ જિલ્લા સ્તરની તકનીકિ સલાહકાર સમિતિ સાથે સલાહ - પરાર્મશ પછી યોજના મંજૂર કરે છે અને રાજય આયોજન મંડળને સુપ્રત કરે છે. | જિલ્લા આયોજન સમિતિ સંકલિત યોજના મંજૂર કરે છે અને રાજય સરકારને સુપ્રત કરે છે. |
| સંસ્થાકીય વ્યવસ્થા | સેકટરને લગતી જિલ્લા યોજનાઓને આખરી ઓપ આપવો. | સંકલન સમિતિ - રાજય, જિલ્લા અને તાલુકા સ્તરની |
| તકનીકી સહાય | તકનીકી સહાય જૂથ | નિષ્ણાતોની સેવાઓ, વિભાગીય અધિકારો ધ્વારા સહભાગીતા |

**વિભાગીય યોજનાઓ સાથે જોડાણ**
રાજયમાં જે આયોજન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે તે વિશાળ રીતે વિભાગીય (સેકટરલ) છે અને જિલ્લા યોજનાને એક સમાન કરવા માટે વિભાગીય યોજનાઓને સંકલિત કરવામાં DPCS સાધનરૂપ ભૂમિકા ભજવે છે. આ માટે વિવિધ રાજયોએ વિવિધ સાધનો પૂરાં પાડયા છે. રાજસ્થાનમાં ત્રણેય DPCS માં એ બાબત ધ્યાનમાં લેવામાં આવી કે લાઈન ડીપાર્ટમેનટના બધા જ અધિકારીઓને DPC સભામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા અને તેથી જિલ્લા યોજના અંગેની ચર્ચામાં સંયુકત રીતે ભાગ લીધો. આ રીતે, જિલ્લા આયોજન સમતિ વિભાગીય યોજનાઓ અને આયોજનોનાં અમલીકરણનું નિરીક્ષણ કરી શકી.

કર્ણાટકમાં, જિલ્લા આયોજન સમતિઓ વિવિધ વિભાગો માટે યોજના તૈયારી નિરીક્ષણ અને અમલીકરણને આગળ ધપાવવા માટે અધિકારીઓ અને નિષ્ણાંતો સાથેની પેટા - સમિતિઓની રચના કરી શકે છે. મૈસૂરમાં આવી 7 સમિતિઓની રચના કરવામાં આવી છે પણ એકપણ કાર્યરત નથી. મંડયાએ હજૂ એકની પણ રચના કરી નથી. આ બાબત સુચિત છે કે જિલ્લા સ્તરે વિભાગીય આયોજનને સંકલિત કરવામાંની ભૂમિકા અસરકારક રહી નથી. કર્ણાટકનો અભ્યાસ નોંધે છે કે વિભાગીય આયોજન માટે જિલ્લા આયોજન સમતિ ધ્વારા જે નિષ્ણાતો રાખવામાં આવ્યા તે વિભાગીય યોજનાઓને સંકલિત કરવા માટે જરૂરી નિષ્ણાત નહોતા, આને કારણે સામાજિક, આર્થિક અને તેને લગતા સર્વાંગી આયોજનને માટે વધારાના ક્ષમતા બંધારણની જરૂરિયાત પડી.

કેરળ યોજનાઓના વિભાગીય પાસાઓનો અભ્યાસ કરવા માટે વિભાગીય - પેટા - સમિતિઓ સાથેની તકનીકી સલાહકાર સમિતિની પ્રથા ધરાવે છે. યોજનાઓનું સંકલન ફકત જિલ્લા સ્તરે જ થાય છે. રાજય સરકારની અદ્યતન માર્ગદર્શક રૂપરેખા મુજબ, જિલ્લાનાં બધાં જ સ્થાનિક તંત્રો ધ્વારા વાર્ષિક યોજનાઓની તૈયારીની પ્રક્રિયાને સહાય કરવા માટે યોજના તૈયારી સહાયક જૂથ હેઠળ વિભાગીય સંશોધન જૂથોની રચના થઈ શકે છે. વિભાગીય આયોજનના સંકલનમાં સક્ષમ કરવાના હેતુથી રાજયો ધ્વારા આ બધાં જ વિવિધ સાધનો અંગેનું આયોજન કરવામાં આવ્યું છે, પરંતુ તેની અસરકારકતાનો આધાર જિલ્લા યોજનાઓને તૈયાર કરવામાં જિલ્લા આયોજન સમિતિઓ કેટલી અસરકારક છે તેના પર રહેલો છે, આ જોવાનું હવે બાકી રહે છે.

**પંચાયત આયોજનમાં પ્રશ્નો અને આગળનો માર્ગ**
વિવિધ રાજયોમાં ભારત સરકાર અને કેટલાક સારા પક્ષો ધ્વારા સાથે મળીને કરવામાં આવેલા પ્રયાસો છતાં એમ કહી શકાય કે તળમાંથી થયેલો વિકાસ આયોજનના વિચારોએ હજુ મૂળ પકડયાં નથી. જયાં તેની રચના કરવામાં આવી છે. ત્યાં જિલ્લા યોજનાઓ અમલીકરણ માટે સ્થાનિક તંત્રોને સોંપવામાં આવી છે તેવી જ જિલ્લા વિભાગ યોજનાઓને સમાવે છે.

મોટાભાગનાં રાજયોમાં જિલ્લા આયોજન સમિતિઓની સ્થિતિ સંતોષકારક નથી. જો કે, બંધારણ ધ્વારા તેનાં કાર્યો સ્પષ્ટપણે નકકી કરવામાં આવ્યા છે અને મોટાભાગનાં રાજયોની જેમ જ તેને અપનાવવામાં આવ્યાં છે, પરંતુ કાર્યો વિસ્તૃત રીતે રજૂ કરવામાં આવ્યાં નથી કારણ કે જિલ્લા આયોજન સમિતિઓ ખુદ કાર્યરત નથી. રામચંદ્રન સમિતિ અને આયોજન પંચના કાર્ય-દળની સંકલિત રાજય આયોજન અંગેની બધી જ ભલામણો, ખરા દિલથી અમલમાં મૂકવામાં આવશે ત્યારે જ તે જિલ્લા આયોજન સમિતિઓ ભારતમાંની પાયાગત આયોજન માટેની સંસ્થાઓ તરીકે ઉપસી આવવા સક્ષમ બનાવી શકશે.

**ડેટાબેસ (માહિતી સંગ્રહ), સંસ્થાકીય તંત્ર**

માહિતીનો સંગ્રહ કરવામાં આવે છે. અસરકારક આયોજન માટે લોકસંખ્યા શાસ્ત્ર, શૈક્ષણિક, સંસાધનો અંગેની ઘરેલુ અને વિવિધ સામાજિક- આર્થિક માહિતીઓ જરૂરી હોય છે. હાલમાં, સ્થાનિક સરકારો માનવ સમાજોના જીવનની આંકડાકીય માહિતી મેળવવામાં વ્યસ્ત છે. જો કે, તેઓને આદર્શ રીતે તો તેને લગતા સર્વાંગી ડેટાબેસ મેળવવા અને જાળવવા માટે રાખવામાં આવી છે.

ઉપગ્રહ જોડાણ અને તકનિકી અગ્રતા, સ્થાનિક આયોજન માટે માહિતી એકત્રીકરણની ઉતમ તકો પૂરી પાડે છે. સતાઓ અને જવાબદારીઓની અર્થપૂર્ણ સોંપણીની ગેરહાજરીને કારણે આયોજન અંગેની સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ ઓછી છે. પ્રવૃતિઓનો નકશો તૈયાર કરીને તેના આધારે પંચાયતોના અધિકાર ક્ષેત્ર નિશ્ચિત કરીને સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવી શકાય છે. ઉપર્યુકત બંને બાબતો સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવવા માટેની જરૂરી પ્રાથમિક શરતો છે.

ઓકટોમ્બર 2005માં આયોજન પંચ ધ્વારા સ્થાપિત નિષ્ણાંત જૂથોએ ધ્યાન ખેંચ્યા મુજબ, લાઈન ડીપાર્ટમેન્ટ સ્વતંત્ર રીતે કાર્ય કરનાર સમિતિઓ અથવા હિતધારકનાં જૂથો ઉભાં કરવાનું વલણ ધરાવતું હોય છે. જે અમલીકરણ, કાર્ય સંપૂર્ણ થયાની જાહેરાત, નિરીક્ષણ, ઉભી કરેલી સંપત્તિઓની જાળવણી, ફાયદાઓની વહેંચણી વગેરે બાબતો પર દેખરેખ રાખે છે. જો આ સામાજિક મૂડી વધારે છે અને તે લોકશાહીને ગહન બનાવે છે તો તેમને પંચાયતોની અવેજીમાં કાર્ય કરનાર તરીકે ગણીને તુચ્છ નજરે ન જોવાં જોઈએ, પરંતુ પંચાયતો પાસેથી તેમની સત્તાઓ અને સંસાધનોને ખેંચતાં અને તેમને સોંપવામાં આવેલાં વિશિષ્ટ કાર્યોને નિભાવતાં પેટા-તંત્રો તરીકે વિચારવા જોઈએ.

**સ્થાનિક યોજનાઓ તૈયાર કરવાનું સંભવતઃ માળખું**

કેન્દ્ર સંચાલિત યોજનાઓ પાસે તેની પોતાની સ્વતંત્ર આયોજન પ્રક્રિયા છે. બધાં જ સ્તરે પંચાયતો ધ્વારા સંકલિત ગ્રામ યોજનાઓની તૈયારીને સક્ષમ બનાવાવની પ્રક્રિયામાં ફેરફાર થવો જોઈએ. ઓકટોમ્બર 2005માં આયોજન પંચ ધ્વારા સ્થાપવામાં આવેલ નિષ્ણાંત - જૂથની ભલામણોને અનુસરીને લેવામાં આવેલાં આવકારદાયક પગલાં મુજબ, કેન્દ્ર સંચાલિત યોજનાઓમાં પંચાયતોની ભૂમિકા નકકી કરવામાં આવી છે અને આયોજન, અમલીકરણ અને અસરોની ચકાસણીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કેટલાક પ્રશ્નોને તરત જ ઓળખી કાઢવામાં આવ્યા છે. જેવા કે, જે યોજનાઓ તૈયાર કરવાની છે તેમનો પ્રકાર અને તેમનું ક્ષેત્ર દા.ત. શું જિલ્લા યોજનાએ પેટા -યોજનાઓનું દ્રઢીકરણ હશે કે મેક્રો દ્રષ્ટિકોણ લેવામાં આવશે અને આયોજન એ ફકત કામ અને ફરજની સોંપણી જેવા વિષયોને સંબંધિત હશે કે પછી સર્વગ્રાહી. તકનીકી સહયોગનો પ્રકાર અને સંખ્યા પણ નિશ્ચિત અને ઉલ્લેખિત કરવામાં આવશે. BRGF હેઠળ જિલ્લા યોજનાની તૈયારીમાં પંચાયતો અને જિલ્લા આયોજન સમતિ તકનીકી સહયોગ જૂથો તરીકે કાર્ય કરી શકે તેવા બિન-સરકારી સંગઠનો ઓળખી કાઢવાની દિશા તરફ પંચાયતી રાજ મંત્રાલય ધ્વારા પહેલ કરવામાં આવી છે. તેમની જરૂરિયાતો, અનુભવી આયોજકો અને લોકોના પ્રતિનિધિઓ વચ્ચેના સંકલન માટેનું માળખું બની રહેશે. રાજય અને રાષ્ટ્રીય યોજનાઓ સાથે જિલ્લા યોજનાઓના અસરકારક સંકલન માટે વધુ પ્રયત્નોની જરૂર છે.

સમગ્ર દેશની ગ્રામ પંચાયતોનાં કદમાં વિવિધતા હોવાને કારણે કેટલાક કિસ્સાઓમાં એકમ ખૂબ નાનું હોવાથી તેઓ માગણીઓ અને જરૂરિયાતોને ઉત્પન્ન કરવાના યંત્ર તરીકે કામ કરી શકે છે. જયારે મધ્યમ

પંચાયતો માગણીઓને મજબૂત કરીને તેને આયોજન ચોકઠામાં લાવવાની ભૂમિકા હાથ ધરે છે.

### જિલ્લા આયોજન સમતિઓનું દૃઢીકરણ

મોટાભાગનાં રાજયોમાં જિલ્લા આયોજન સમિતિઓની સ્થિતિ બહુ સંતોષજનક નથી. બિહાર, ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં જિલ્લા આયોજન સમિતિઓનું બંધારણ થયું ત્યારથી  સૌ પ્રથમ વારનસ સોંગદવીધીની બેઠક સિવાય બીજી કોઈ જ બેઠકનું આયોજન થયું નથી. જિલ્લા આયોજન સમિતિઓ ગ્રામીણ શહેરી જોડાણોને અસરકારક રીતે સક્ષમ બનાવી શકી નથી. સંયોજન માટેનું અયોજન અસ્તિત્વમાં નથી. ગ્રામીણ અને શહેરી આયોજનોનું તાલુકા સ્તરે સંકલન થવુ ખૂબ જ મહત્વનું છે. ખાસ કરીને નાનાં શહેરોના કિસ્સામાં કે જેમનું ગ્રામીણ દરીયા કિનારા પર આવેલા પ્રદેશોની પાછળના પ્રદેશો સાથે મજબૂત જોડાણ હોય છે. આંતર વિભાગીય સહ-સંકલન જાણી શકાયું નથી.

જિલ્લા આયોજન સમિતિઓ અને જિલ્લા આયોજન પ્રક્રિયા (નવેમ્બર 09માં પ્રિયા સંસ્થા ધ્વારા થયેલા અભ્યાસ મુજબ)નાં દૃઢીકરણ માટે લઈ શકાય તેવાં કેટલાક પગલાં

- જરૂર પૂરતી આર્થિક સહાય, કાયમી ઓફિસ અને સચીવાલય
- પત્રક પરના સભ્યોનું ક્ષમતા બંધારણ અને જિલ્લા આયોજન સમિતિઓના કાર્યો તથા સામાજિક અને આર્થિક વિકાસ માટેના સંકલિત આયોજનની ધારણાંઓ અંગે
- સહભાગીતાના ધોરણે આયોજન કરવા તરફ લોકોને વાળવા માટે એક ઝુંબેશનો અભિગમ અપનાવી શકાય છે અને તેની સાથે સાથે સ્થાનિક તંત્રોને વિકેન્દ્રીત યોજનાઓ તૈયાર કરવા તથા તેના અમલીકરણ માટેની તાલીમ આપવાની તથા સાધન સજજ કરવાની પણ જરૂર છે.
- ગ્રામીણ અને શહેરી સ્થાનિક તંત્રોને આયોજન માટે સંકલિત અભિગમ અપનાવવા તરફ વાળવાની પણ જરૂર છે. તેમને વાર્ષિક આયોજનની તૈયારી કરતી વખતે જિલ્લા માટે માધ્યમ અને લાંબા ગાળાની દૃષ્ટિ તથા હેતુઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

સ્થાનિક લોકોએ નિર્ણય લેવાની પ્રકિયામાં જોડાવવું જોઈએ. નિયમિત રીતે ગ્રામ સભા બોલાવવી અને તેમાં સ્થાનિક લોકોની પૂરતી સહભાગિતા હોવી એ બંને બાબતોનું મહત્વ ઓછું આંકી શકાય નહી. આ રીતે આયોજનને સ્થાનિક સરકારની બધી જ હરોળને સોંપવામાં આવતું મહત્વનું કાર્ય છે. કારણ કે લોકોની જરૂરિયાતો  અને અપેક્ષાઓને વ્યકત કરવા માટે તેવો વધુ સારી રીતે સાધન સજજ હોય છે.

આયોજને તેના મૂળભૂત સ્વભાવ અનુસાર કેન્દ્રીયકરણનું પગલું ભરવાની માંગણી કરી છે. કારણ કે તેની જરૂરિયાત એ હકીકતમાંથી ઉદભવે છે કે દેશ, જે આર્થિક સંસાધનો ભેગા કરી શકે તેમ છે તે આર્થિક વિકાસ માટેની જરૂરિયાતોનાં સંદર્ભમાં અપૂરતા છે. આ રીતે અપેક્ષિત સામાજિક-આર્થિક ઉદેશ્યોનો નિયત સમયની અંદર મેળવવા માટે ઉપલબ્ધ સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. સહકાર અને સમાધાનનું સમતોલન જરૂરી છે જો પાયાગત સહભાગીતા નકકી કરવામાં આવે તો જ વિકેન્દ્રીત આયોજન સફળ થઈ શકે. આની સાથે સાથે એ પણ જરૂરી છે કે યોજના તૈયારીની પ્રક્રિયા નિરીક્ષણ અને મૂલ્યાંકન માટેની પ્રક્રિયા અને મધ્ય ગાળાના સુધારાની પ્રક્રિયા માટે પણ પૂરતો વિચાર કરવો જોઈએ.

આ સંદર્ભમાં પ્રવૃતિઓનો નકશો તૈયાર કરીને તેના આધારે પંચાયતોના અધિકાર ક્ષેત્ર નિશ્ચિત કરીને સ્થાનિક સ્તરના આયોજનને સંસ્થાગત બનાવી શકાય છે. જિલ્લા યોજનાઓના દૃઢીકરણ પછી જ રાજય

યોજનાઓ તૈયાર કરવી જોઈએ. જિલ્લા આયોજન સમિતિઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલી ક્ષેત્રીય યોજનાઓ અને રાજય કક્ષાની વિભાગીય યોજનાઓનું સંવાદિકરણ કરવાના પ્રયત્નો એક પડકારરૂપ છે અને બધાં જ સ્તરે સર્મપીત પ્રયત્નો અને આયોજન મશીનરીનું ઢ્ઢીકરણ માંગે છે. જયાં પંચાયતો માટેની કલમો એક સાથે બનાવવામાં આવી છે અને બજેટ પસાર થાય તે વખતે સીધી જિલ્લા પંચાયતો તરફ મોકલવામાં આવી છે. ત્યાં બજેટના પૂર્ન-નિર્માણની જરૂર છે.

વિજિલન્ટ સીવીલ સોસાયટી સાથે જોડાઈને ચૂંટાયેલા સ્થાનિક તંત્રો ધ્વારા  તૈયાર કરવામાં આવેલી વિકેન્દ્રિત આયોજનોની મજબૂત પ્રથા આયોજન પ્રક્રિયા, વૃઘ્ધિ અને વિકાસને સફળતાપૂર્વક લોકોની નજીક લઈ જશે.

# 7. પંચાયતના નાણાકીય હિસાબો તથા ઓડિટ



સત્તાના વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાના પ્રયત્નોમાં થતા વધારાથી પંચાયતી રાજે મોટી મોટી યોજનાઓ અને જુદા જુદા સ્ત્રોતો મારફતે આવનાર જંગી નાણાકીય વ્યવહારો પોતાની જાતે જ નિભાવવા જોઈએ તેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે. અને આથી જ નાણાકીય વ્યવહારોના હિસાબો એ સર્વોપરી મહત્વ ધરાવે છે. નાણાકીય વ્યવહારોના હિસાબોમાં સમાવિષ્ટ છે (1) શું ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કાયદેસર રીતે કરવામાં આવ્યો છે અને (૨) શું તેનો ઉપયોગ કાર્યક્ષમ રીતે કરવામાં આવ્યો છે? આના માટે તજજ્ઞ પાસે હિસાબોની તપાસ કરાવીને સમયસર નાણાકીય હિસાબોના વ્યવહારો બનાવવા અને તેને પ્રસિદ્ધ કરવા જરૂરી છે જે સમાજને ખાત્રી કરાવે છે કે સાર્વજનિક નાણાં કાયદાકીય રીતે ખર્ચાયા છે.

**પંચાયતીરાજના હિસાબો**

દેશમાં સરકારી દફતરોમાં નાણાકીય હિસાબો રાખવાની અને તેના દસ્તાવેજીકરણની સર્વ સામાન્ય પદ્ધતિનો અભાવ જોવા મળે છે. નિયંત્રક અને હિસાબી અધિકારી (સી એન્ડ એજી)એ પંચાયતીરાજના હિસાબી પદ્ધતિના મૂલ્યાંકન માટે નીચેની બાબતો જાહેર કરેલ છે (ક) નબળું અંદાજપત્ર અને અંદાજ પત્ર પરના નિયંત્રણો - અંદાજ પત્ર સિવાય ખર્ચાઓ કરવામાં આવ્યા હોય અથવા તો વધારે રકમવાળું

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

અંદાજપત્ર હોય અને રજુ કરવામાં આવેલ અંદાજપત્ર પંચાયતીરાજે કે ગ્રામસભામાં મંજુર કરવામાં આવેલ ન હોય

ખ) બહુવિધ રોકડ ખાતાવહી નિભાવી હોય અને તેને બંધ સિલક તરીકે બતાવવામાં ન આવી હોય. ઉઘડતી સિલક કે બંધ સિલકમાં તફાવત હોય અને તેને અયોગ્ય ખાતામાં ઉધારવામાં આવેલ હોય અને આવકની નોંધ હિસાબોમાં લેવામાં આવેલ ન હોય.

ગ) નાણાંની સાબિતીની ચકાસણી ન કરવામાં આવી હોય.

ઘ) રોકડ ખાતાવહી અને બેંકની પાસબુક વચ્ચે સુસંગતતા / સુમેળ ન હોય

ચ) આગોતરા નાણાં ધિરાણની ખાતાવહી રાખવામાં ન આવી હોય

છ) માસિક અને વાર્ષિક હિસાબો બનાવવામાં અને તેને હિસાબ તપાસણી માટે મોકલાવવામાં વિલંબ થયો હોય.

જ) ઉધારવામાં આવેલ રકમ મુજબ હિસાબો અને બિલની રકમમાં ફરક હોય

ઝ) મંજુર કરવામાં આવેલ મર્યાદા ઉપરાંતની રોકડ સિલક હાથ પર રાખી હોય

ટ) સ્થાવર મિલ્કતની નોંધપોથીની નિભાવણી ન થતી હોય અને સામાનની સ્થળ ચકાસણી કરી ખરાઈ કરવામાં આવતી ન હોય

અગિયારમા નાણાં પંચે (ઈએફસી) એ નોંધ્યું છે કે સ્થાનિક કક્ષાના આવક અને જાવકના આંકડાઓ એકઠા કરવા માટે કોઈ ચોક્કસ માળખું જોવા મળ્યું નથી. તેમાં (સીએન્ડએજી) કમિટિએ આગળ વધીને હિસાબ રાખવાની સુવ્યવસ્થિત પદ્ધતિ બનાવી સમગ્ર રાજ્યમાં એક સરખી રીતે નિભાવ થાય અને નાણાકીય આંકડાઓ સચવાય તેવું સુચન કરવામાં આવ્યું છે. (સીએન્ડએજી)એ સ્થાનિક મંડળોના હિસાબોની નિભાવણી અને તેના ઓડિટ માટે મદદરૂપ બનવાનું રહેશે. તેઓએ સ્થાનિક શાસન વ્યવસ્થાના પાયા રૂપ ઓડિટર તરીકે સ્થાનિક નાણાંકીય ઓડિટ નિર્દેશક (ડીએલએફએ)ને તકનીકી માર્ગદર્શન પણ પુરૂં પાડવાનું રહેશે.

ઈએફસીએ એ પણ ભલામણ કરી હતી કે જે પંચાયતો પાસે તાલીમ પામેલા કર્મચારીઓ નથી તેવા સંજોગોમાં નાણાકીય વહીવટ સાચવવા માટે બહારના તજજ્ઞની મદદ લઈ શકાય. અહીં એ પણ ભલામણ કરવામાં આવી છે કે પંચાયત દ્વારા ઓડિટ કરવા માટે લવાનારા વાર્ષિક ખર્ચાના અડધા ટકા જેટલો ખર્ચ અને નાણાકીય હિસાબો રાખવામાં થતા ખર્ચને પહોંચી વળવા માટે હંગામી ધોરણે દરેક પંચાયત દીઠ વાર્ષિક સરેરાશ રૂ. 4000ની મર્યાદામાં ખર્ચા કરી શકાય.

ઈએફસીએ એ પણ ભલામણ કરી છે કે જિલ્લા, રાજ્ય અને કેન્દ્ર સરકાર કક્ષાએ નાણાકીય બાબતો માટે કોમ્પ્યુટરાઈઝડ આંકડાઓ ભેગા કરવા જોઈએ અને તેને વી-સેટથી જોડવા જોઈએ. રાજ્ય રૂ. 200 કરોડના ફાળવેલા મૂડી રોકાણની સામે ફકત રૂ. 93 કરોડ ખર્ચ કરે છે. હિસાબોના વ્યવહારોની નિભાવણી પાછળ ફાળવેલા રૂ. 483 કરોડની સામે ફકત રૂ. 113 (2.3 ટકા) કરોડ વાપરેલા છે.

**પંચાયતી રાજના હિસાબો રાખવાની પ્રસ્થાપિત રીત**

કર્ણાટક રાજ્યની સ્થાનિક ભંડોળ સત્તાધિકાર રાજવિત્તય જવાબદારી અધિનિયમ, 2003માં જો સમયસર હિસાબો બનાવીને રજુ કરવામાં ન આવે તો નાણાં ભંડોળને અટકાવી દેવાની જોગવાઈ રાખવામાં આવી છે. જિલ્લા પંચાયતે પાછલા નાણાકીય વર્ષના ઓડિટેડ હિસાબો આગામી વર્ષની 31 જુલાઈ સુધીમાં

સરકારમાં જમા કરાવી દેવા તેવી સત્તા કર્ણાટકના પંચાયતીરાજ અધિનિયમમાં આપવામાં આવી છે. જેની નિયમિત દેખરેખ રાજ્યના ધારાસભાની બનાવેલી કમિટિ રાખે છે.

મહારાષ્ટ્રમાં દરેક જિલ્લા પંચાયતે પોતાના પાછલા નાણાકીય વર્ષના મંજુર થયેલા અને ઓડિટ કરાયેલા વાર્ષિક હિસાબો આગામી વર્ષની 1પમી નવેમ્બર સુધીમાં સરકારના માહિતીપત્રક (ગેઝેટ) માં છપાવવાના હોય છે.

કેરળ રાજ્ય સરકારે 2006માં હિસાબોમાં પાછલા બાકી કામ પુરા કરવા માટે આ પ્રકારની સેવા આપનારા અથવા નિવૃત્ત પંચાયતીરાજના / સરકારી અધિકારીની નિયુક્તિ કરી શકાય તે સંદર્ભની એક માર્ગદર્શિકા બહાર પાડી હતી. ઉત્તર પ્રદેશમાં દરેક ગ્રામ પંચાયતોએ પંચાયતીરાજના નાણાકીય હિસાબો (સી એન્ડ એજીના) 2003-04 સુધીમાં આપેલા પત્રકો મુજબ હંગામી ધોરણે ચાર્ટર્ડ હિસાબનીશ નિયુક્ત કરીને તૈયાર કરાવી શકાય. હિમાચલ પ્રદેશમાં ગ્રામ પંચાયતોના હિસાબો રાખવા માટે હંગામી ધોરણે પંચાયત સહાયકોની ભરતી કરવામાં આવી છે.

**સીએન્ડએજીની સુચવેલી 16 આધારભૂત માહિતીના આધારે**

સીએન્ડએજીએ 2002માં પંચાયતી રાજ સંસ્થાઓ અને યુએલબી માટે બુદ્ધિવાદની દ્રષ્ટિએ સમજાવવા માટે 16 આધારભૂત માહિતી, નાણાકીય હિસાબો અને અંદાજપત્ર (બજેટ) માટેના કોષ્ટકો સુચવ્યા હતા (પરિશિષ્ઠ 1 મુજબ), જે સ્થાનિક કક્ષાની વ્યાપક નાણાકીય પરિસ્થિતિનો ચિતાર આપે છે અને કેન્દ્રિય નાણાં પંચ (સીએફસી)તરફથી ફાળવવામાં આવેલ નાણાંના ઉપયોગની માહિતી પુરી પાડે છે, રાજ્ય નાણાં પંચ (એસએફસી) અને કાર્યક્રમો / યોજનાઓ, ફાળવેલા નાણાંમાંથી કરવામાં આવેલ કામગીરીની પ્રગતિ ઉપરાંતના પોતાની આવક અને જાવકની માહિતી પુરી પાડે છે. કોષ્ટકો બનાવવા માટે હિસાબોના ખાતાઓની સુસંગતતા, પરિભાષાની યોગ્યતા, વર્ગીકરણ કરવામાં લેવામાં આવેલ છૂટ, પંચાયતીરાજ સંસ્થાઓ તરફથી કરવામાં આવેલી તમામ કામગીરીઓમાં સમાવિષ્ટ વિસ્તાર જેવી બાબતોનો માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. પંચાયતી રાજ સંસ્થાઓ માટે આવક અને ચુકવણી માટેના કોષ્ટકો પહેલેથી બનાવવામાં આવ્યા હતા. જેમાં રોકડને આધારે સુધારા કરી શકાય. કેટલીક સામાન્ય બાબતો માટે કરવામાં આવનાર ખર્ચાઓને વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. બંધારણના 11મા પરિશિષ્ઠમાં દર્શાવ્યા મુજબની કામગીરીઓની (પંચાયતીરાજ સંસ્થાઓના કાર્યો) યાદી બનાવવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમો અને યોજનાઓમાંથી સ્થાનિક સંસ્થાઓને ફાળવવામાં આવેલ ભંડોળનો આ કોષ્ટકોમાં બતાવવામાં આવતા હતા. હિસાબો અને અંદાજપત્રના કોષ્ટકોને સુસંગત કરવામાં આવ્યા હતા અને યુનિયન તથા રાજ્ય સરકારના હિસાબો સાથે જોડવામાં આવ્યા હતા. જેથી તેનું સરળતાથી કોમ્પ્યુટરાઈઝેશન કરી શકાય, તેની દેખરેખ રાખી શકાય તથા સમગ્ર ભારત દેશના આંકડાઓ ભેગા કરી શકાય. 2006માં સરળ કોષ્ટકો અને હિસાબી પદ્ધતિને આખરી ઓપ આપી નક્કી કરવામાં આવ્યા. જેનો ભારતા ૨૨ રાજ્યોએ સ્વીકાર કર્યો. 11 રાજ્યોએ આનો સ્વીકાર કરતો સુસંગત હુકમ બહાર પાડયો. આમ છતાં, મોટા ભાગના રાજ્યોમાં હયાત કોષ્ટકોમાં હિસાબોની જાળવણી થાય છે. ગુજરાત રાજ્યમાં માર્ચ 2007થી સીએન્ડએજીના કોષ્ટકોમાં અમલીકરણ કરવામાં આવ્યું.

**ગુજરાતમાં પંચાયતી રાજ સંસ્થાઓ માટે આરક્ષણ**

1993 જીપીએની સેકશન 119 માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ દરેક પંચાયતે આવક અને જાવકના હિસાબો નિયત કરેલ પત્રકમાં અને નિયત શૈલીમાં બનાવવાના હોય છે અને દરેક વર્ષના પહેલા દિવસે

તેનો વાર્ષિક તાળો મેળવવાનો હોય છે. સેકશન 120 મુજબ, દરેક પંચાયતના તલાટી-કમ-મંત્રીએ પંચાયતનો વાર્ષિક વહીવટી અહેવાલ બનાવવાના હોય છે અને તેને નાણાકીય અહેવાલો સાથે પંચાયત સમક્ષ મંજુરી માટે રજુ કરવાના હોય છે. અહીં એ પણ આગ્રહ રાખવામાં આવે છે કે નિયત કરેલી તારીખ પહેલાં વાર્ષિક નાણાકીય અહેવાલ અને વાર્ષિક અહેવાલો તાલુકા પંચાયત મારફતે જિલ્લા પંચાયતમાં મોકલાના હોય છે. સેકશન 141 અને 142માં તાલુકા પંચાયત માટે અને સેકશન 166 અને 167માં જિલ્લા પંચાયતો માટે આ પ્રકારની જોગવાઈ અને આગ્રહ રાખવામાં આવે છે.

ગુજરાત ગ્રામ્ય પંચાયત (ગ્રામ્ય ભંડોળની માલિકી અને રોકાણ) અધિનિયમ 2000 દ્વારા ગ્રામ્ય પંચાયતોને સત્તા આપવામાં આવી છે કે તે પોતાના તલાટી-કમ-મંત્રી પાસે કાયમી આગોતરા રૂ. 1000 થી વધારે નહી તેવી (સુધીની) રકમ રાખી શકે છે. દરેક મહિનાના આખરી દિવસે સરપંચે અથવા તો તેની ગેરહાજરીમાં ઉપસરપંચે કાયમી આગોતરા ખાતાની નિભાવણી તલાટી-કમ-મંત્રી એ યોગ્ય રીતે કરી છે અને તેના હિસાબો બરાબર છે તેની ખાત્રી કરી હાથસિલકની ચકાસણી કરી આ ખર્ચાના હિસાબો સાચા છે અને બંધ હાથસિલકની નોંધ સામાન્ય રોકડ ખાતાવહીમાં કરી છે તેવું તેણીની /તેઓની સહી અને તારીખ સાથે પ્રમાણિત કરવાનું હોય છે.

અન્ય તમામ અનુદાન, લોન કે ટેક્ષ રૂપે આવેલ ભંડોળને સરકારી તિજોરીમાં અથવા તો સરકારી તિજોરી જે અધિકૃત બેંક સાથે વહીવટ કરતી હોય તેવી બેંકમાં જમા કરાવવાના હોય છે અને જ્યારે જ્યારે જે કામ માટે જરૂર પડે ત્યારે તેટલી રકમનો ઉપાડ કરવાનો હોય છે. ભંડોળ સરકાર માન્ય કોઓપરેટીવ બેંકમાં પણ જમા કરાવી શકાય અથવા તો જાહેરનિધિમાં પંચાયતના પોતાના નામથી રોકાણ કરી શકાય. વધારાના ભંડોળને તાત્કાલીક જમા કરાવવાના હોય છે.

**પંચાયતીરાજનું ઓડિટ**

પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડમાં સ્થાનિક કક્ષાએ સીએન્ડએજી દ્વારા ઓડિટ કરવામાં આવે છે. સીએન્ડએજીની સ્થાનિક સંસ્થાઓના ઓડિટની જવાબદારીઓનો ઉલ્લેખ સીએન્ડએજીની ફરજો, અધિકારો અને સેવા આપવાની શરતોના (ડીપીસી) અધિનિયમ 1971ના સેકશન 20(1)માં કરવામાં આવ્યા છે. અન્ય રાજ્યો (ગુજરાત સહિતના) માં નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ ઓડિટ (ડીએલએફએ) જ સ્થાનિક સંસ્થાઓના પ્રાથમિક ઓડિટર છે. તેઓના કર્મચારીઓ રાજ્ય સરકારના નિયંત્રક વહીવટી અધિકારીની નીચે કામ કરે છે. સીએન્ડએજી એ સ્થાનિક સંસ્થાઓના હિસાબોના તપાસકર્તા છે. ઓડિટની ખાત્રી માટે પંચાયતી રાજ સંસ્થાઓની ટકાવારીની દોરવણીની સાથે સાથે ઓડિટના આયોજનમાં, માપદંડો અને માર્ગદર્શિકાની રચના કરવા માટે તકનિકી માર્ગદર્શન આપવાની તેઓની પાસે અપેક્ષા રાખવામાં આવે છે. કાયદાકીય આધારિત અને નિયમો અને પદ્ધતિઓના પાલન કરવા ઉપરાંત સીએન્ડએજીનું ઓડિટ કાર્યક્રમના હેતુઓ આધારિત સિદ્ધઓ અને ભંડોળના કાર્યક્ષમ ઉપયોગની પણ ખાત્રી આપે છે. આથી આ રીતે ડીએલએફએ અને સીએન્ડએજી એક બીજાના પૂરક છે.

સીએન્ડએજીના ઓડિટમાંથી નીકળી આવતા મુદ્દાઓને એક અલગ અહેવાના સ્વરૂપે કર્ણાટક, કેરાલા, તમિલનાડુ, રાજસ્થાન, આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્ય ધારાસભામાં રજુ કરવામાં આવ્યા હતા. આ અહેવાલ પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ, હિસાબો રાખવાની ગુણવત્તા અને ડીએલએફએની ફરજો વિશે ઊંડી સમજ આપતો હતો.

**પંચાયતી રાજના હિસાબો રાખવા માટેની રચનાત્મક પ્રક્રિયા**

મે 2005માં ગુજરાતના આદિવાસી તાલુકા દાહોદમાં એક તાલીમ-સહ-ઓડિટ કાર્યશાળા થઈ ગઈ. તેણે ગામલોકોને એ પણ શીખવાડયું કે કાયદાકીય રીતે જ્યારે પંચાયતના હિસાબો ગ્રામસભામાં તેઓની સામે રજુ કરવામાં આવે ત્યારે તેઓની ભાગીદારી ખૂબ જ અગત્યની હોય છે.

2007માં કેરાલા રાજ્યના રાજ્ય ઓડિટ નિયામકશ્રીએ મુખ્ય હિસાબી અધિકારીની જાહેર કરેલી માર્ગદર્શિકાના આધારે નિયત કરેલી ગ્રામ પંચાયતોમાં અમલમાં મુકાયેલી યોજનાઓનું ટકાવારીમાં ઓડિટ કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં 2006માં બંગાળીભાષામાં સ્થાનિક ખાતાઓના પરિક્ષકના અહેવાલોને એક પુસ્તક રૂપે રજુ કરવામાં આવ્યું હતું અને તેને પંચાયતીરાજ સંસ્થાઓના વહીવટકર્તાઓને અને ચુંટાઈને આવેલા પ્રતિનિધિઓને આપવામાં આવ્યા હતા. 2007માં ગ્રામ્યલોકો, પંચાયતીરાજ સંસ્થાના વહીવટકર્તા અને ચુંટાઈને આવેલા પ્રતિનિધિઓ સુધીની પહોંચ વધારવા માટે પંચાયતીરાજના હિસાબો અને ઓડિટના નિયમો મુજબ પાલન કરતી ગ્રામિણ સંસ્થાઓમાંથી ઉત્તમ કામ કરતી સંસ્થાઓની એક સીડી બનાવીને આપવામાં આવી હતી.

ઓડિટને વધુ સઘન બનાવવા માટે સીએન્ડએજીએ પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટના ધારા-ધોરણો અધિકૃત કરેલા છે જે ઓડિટરને બરાબર ઓડિટ કરવા માટે, લોકોની વિશ્વસનિયતા વધારવા માટે તથા સંલગ્ન યુનિયન / રાજ્ય સરકાર તથા દરેક સ્તરના સહભાગીને ખાત્રી આપે છે. પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબો અધિકારીઓની નાણાકીય પરિસ્થિતિ યોગ્યરીતે દર્શાવે તે માટે સીએન્ડએજીએ પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટના પ્રમાણપત્ર માટેની માર્ગદર્શિકા  બનાવવામાં આવી છે જે પ્રાથમિક ઓડિટરો દ્વારા હાથ ધરવામાં આવનારા ઓડિટની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ બનશે જે ઓડિટ પ્રતિનું ઉત્તરદાયિત્વ વધારશે.

પાછલા કેટલાક વર્ષોમાં જુદા જુદા રાજ્યોમાં ડીએલએફએના કર્મચારીઓની ઓડિટમાં આવડત વધારવા માટે પંચાયતીરાજ સંસ્થાઓના ઓડિટ માટેના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. 15 રાજ્યોમાં પંચાયતીરાજ સંસ્થાઓના તથા ડીએલએફએના કર્મચારીઓ માટે તાલીમકારોની તાલીમ અને ક્ષમતા વર્ધક તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. સીએન્ડએજી દ્વારા ઓડિટ માટેના તાલીમ કાર્યક્રમની સૂચિ પંચાયતીરાજ સંસ્થાઓના જુદા જુદા પહેલુઓ પંચાયતીરાજના ભંડોળ, હિસાબો, તેઓની ઐતિહાસિક પૂર્વ ઈતિહાસ અને કાનુની બાબતો, જુદી જુદી સ્થાનિક સમિતીઓ અને કાર્યો અને હંગામી કરારનું ઓડિટ સામાજિક અને લિંગ ભેદભાવને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.

ઓડિટ તેના સુચવેલ હેતુને તો જ પરિપૂર્ણ કરી શકે જો ત્યાં જુદા જુદા નક્કી કરેલા સહભાગીઓ કે જેના માટે સંસ્થાનું ઓડિટ જવાબદેહી અને જવાબદાર હોય જેઓ કોઈ પણ પ્રકારના પ્રશ્નો અને તેના માટેના હકારાત્મક પ્રયત્નો કરે તેવી કોઈ ગોઠવણ કરવામાં આવી હોય.

**સ્થાનિક ભંડોળના ઓડિટમાં સારી પ્રસ્થાપિત રીતો**

રાજસ્થાનમાં સ્થાનિક ભંડોળના ઓડિટ કરવા માટે એક તપાસ સૂચિ બનાવવામાં આવી હતી. અહીં ઓડિટના દસ્તાવેજી પુરાવાઓ આપવામાં ન આવે તો તેઓનું ભંડોળ અટકાવી દેવાની જોગવાઈ

રાખવામાં આવી હતી. ડીએલએફએએ એક નિયમિત રીતે પ્રકાશિત પ્રકાશનો સાથે એક વેબસાઈટ પણ બનાવી હતી.

ગુજરાત પાસે ડીએલએફએના તાલુકા અને જિલ્લા પંચાયતના અહેવાલો પર ધારાસભાની સમિતિએ કરેલી ભલામણોને એકત્ર કરીને રાખેલી છે. અસરકારક સંકલન વિકસાવવા માટે તથા ઓડિટરો અને પંચાયતો વચ્ચે સારી સમજ બને તે માટે અન્વેષણ અભિયાન પણ ચલાવવામાં આવ્યું હતું. (વધુ સ્પષ્ટતાની જરૂર છે)

**આંતરિક ઓડિટ**

આંતરિક નિયંત્રણ માટે આંતરિક ઓડિટ ખૂબ જ મહત્વ ધરાવે છે. તે પંચાયતરાજ સંસ્થાઓ તરફથી નિભાવવામાં આવતા હિસાબોની અસરકારકતા ચકાસે છે અને સુધારા માટે સુચનો કરે છે. સીએન્ડએજીના અહેવાલમાં જોવા મળે છે કે એ ધણા રાજ્યોમાં એ બિનઅસરકારકતા દેખાઈ આવે છે. આંતરિક હિસાબોની પદ્ધતિ અને તેની સક્ષમતા પર ભાર મુકવો એમ કહેવામાં આવે છે -

**આંતરિક ઓડિટમાં સારી પ્રસ્થાપિત ટેવો**

કેરાલા પંચાયતી રાજ હેઠળ રાજ્ય કામગીરી બજાવણી ઓડિટ કમિટિની રચના કરવામાં આવેલી છે (તપાસ અને ઓડિટની પદ્ધતિ) નિયમ 1997 એ પંચાયતીરાજ સંસ્થાઓના આંતરિક ઓડિટર તરીકેના અને તેના વાર્ષિક ઓડિટ અહેવાલો સરકારને જમા કરાવેલા છે.

આસામમાં પંચાયત અને ગ્રામ્ય વિકાસ વિભાગના નિયામકશ્રીને સંયુકત વાર્ષિક આંતરિક ઓડિટના અહેવાલો રજુ કરાવેલ છે તથા તેઓ ઓડિટ દરમ્યાન નીકળી આવેલ પ્રશ્નોના સમાધાન અને તે બાબતેના જરૂરી પગલાં લેવા બંધાયેલા છે.

પશ્ચિમ બંગાળમાં, ગ્રામ પંચાયતના આંતરિક ઓડિટ, પંચાયત સમિતિ અને જિલ્લા પંચાયતોએ ઓછામાં ઓછું મહિનામાં એકવાર પંચાયતના હિસાબી અને ઓડિટ અધિકારી, સમિતિના હિસાબી અને ઓડિટ અધિકારી અને વિસ્તારના હિસાબી અને ઓડિટ અધિકારી દ્વારા કરવામાં આવશે.

**ગુજરાતમાં પંચાયતીરાજ સંસ્થાના ઓડિટ માટેનું આરક્ષણ**

ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ 1963 હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતોનું ઓડિટ કરવામાં આવે છે. ડીએલએફએ દ્વારા ધારાસભામાં તાલુકા અને જિલ્લા પંચાયતમાં આચરવામાં આવનારી ગેરરિતિઓ અંગે એક સંક્ષિપ્ત નોંધ લખીને ધ્યાન દોરવામાં આવે છે. એક જુદી જ સમિતિ આ અહેવાલોની ચકાસણી કરે છે અને તેમાં કરવા જોઈતા સુધારા લાવવા પ્રયત્નો કરવા. સેકશન 94 હેઠળ ગુજરાત પંચાયતી રાજ અધિનિયમ 1993 મુજબ ઓડિટ અહેવાલો ગ્રામસભામાં રજુ કરવાના હોય છે. આ પ્રકારની જોગવાઈ એ પુરવાર કરે છે કે સ્થાનિક પંચાયત ફકત રાજ્ય સરકારને જ નહીં પરંતુ ગામના લોકો માટે પણ એટલી જ જવાબદાર છે. રાજ્ય નાણાકીય હિસાબો અને ઓડિટની પદ્ધતિમાં સીએન્ડએજી સમિતીમાં સુચવેલા માર્ગદર્શનને આધારે સુધાર લાવવા પ્રયત્નશીલ છે. હિસાબી અધિકારીઓને તાલીમ આપવામાં આવેલ છે. ગુજરાત સરકાર તરફથી એક હુકમ બહાર પાડવામાં આવ્યો છે કે સીએન્ડએજીના તકનિકી માર્ગદર્શન અને દેખરેખ હેઠળ પંચાયતોનું ઓડિટ હાથ ધરવામાં આવે. ગુજરાત પાસે ૨૫ વર્ષ પહેલાથી આંતરિક હિસાબી પ્રવૃત્તિઓ કરવી જોઈએ.

## બીઆરજીએફ ગાઈડલાઈન મુજબ કામોના હિસાબો અને ઓડિટની જાળવણી

દરેક પંચાયત અને નગરપાલિકા તેઓને ફાળવવામાં આવેલા ભંડોળોના હિસાબોની જાળવણી કરવા માટે જવાબદાર છે. ઘણી બધી પંચાયતોના હિસાબો જિલ્લા દ્વારા એકઠા કરી તેને સંયુકત રીતે ઓડિટ માટે પ્રસ્તુત કરવામાં આવે છે. પૂરતા માણસો અને અન્ય સંસાધનો પુરા પાડવા માટે રાજ્ય જવાબદાર છે. વચ્ચે આવનાર પંચાયત સંસાધન કેન્દ્ર આ ટેકો ખેંચી શકે છે. કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલા ખર્ચાઓને સંલગ્ન પંચાયતો અને નગર પાલિકાએ વાર્ષિક હિસાબોમાં દર્શાવવાના હોય છે અને જે-તે રાજ્યના પંચાયતીરાજ અધિનિયમની મર્યાદામાં રહીને તેને સંયુકત રીતે દર્શાવવાના રહે છે.

દરેક જિલ્લામાં દરેક નાણાકીય વર્ષને અંતે કામગીરીનું નાણાકીય અને ભૌતિક ઓડિટ નિયમિત રીતે કરાવવું જોઈએ. સ્થાનિક ભંડોળ અધિકારી અથવા તો રાજ્ય સરકાર તરફથી બનાવવામાં આવેલ યાદીમાંના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા તો રાજ્યના એકાઉન્ટ જનરલ દ્વારા આ ઓડિટ કરાવવું જોઈએ. ઓડિટરના સુચનો માટે કરવામાં આવેલ પગલાંઓની નોંધ સાથે આ ઓડિટ અહેવાલ રજુ કરવામાં આવે જેની સાથે ભંડોળના દ્વિતીય હપ્તાની માંગણી કરતી દરખાસ્ત પણ રજુ કરવામાં આવે. આ પગલાંઓની નોંધ ઓડિટર દ્વારા ચકાસણી કરીને પ્રમાણભૂત કરેલી હોવી જોઈએ.

## આગામી રસ્તો

સ્થાનિક સ્વશાસનમાં મજબૂત સંસ્થા તરીકે ઉભરી આવવા માટે પંચાયતી રાજ સંસ્થાઓમાં ઉત્તરદાયિત્વનું માળખું સક્ષમ હોવું ખૂબ જ જરૂરી છે. ઈએફસીની ભલામણ મુજબ સીએન્ડએજીની પરિણામલક્ષી બહુમુખી ભૂમિકા અને માહિતી અધિકારના કાયદાએ પંચાયતીરાજ સંસ્થાઓમાં હિસાબો અને ઓડિટના મુદ્દાઓને સૌથી આગળ લાવી દીધા છે.

પંચાયતીરાજ સંસ્થાના હિસાબો અને તેની આંકડાકીય માહિતીની સાચવણીને સુધારવા માટે ડીએલએફએ અને સીએન્ડએજીના પ્રતિનિધિઓની મે-2007માં મળેલી પ્રાદેશિક ચર્ચાસભાએ નીચેના સુચનો કર્યા હતા.

- હિસાબો આખરી કરવાની છેલ્લામાં છેલ્લી તારીખ અને જો હિસાબો આખરી ન કરે તો દંડની જોગવાઈ સાથે તે નક્કી કરેલી હોવી જોઈએ(ગુજરાત પંચાયત અધિનિયમ-1993માં આનો સમાવેશ થયેલો છે)
- પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબોમાં પાછલા વર્ષની બાકી રકમ (ખાદ્ય) માંથી બહાર આવવા માટે સક્ષમ દરખાસ્ત રાજ્ય સરકારે કરવી જોઈએ અને પેટા હિસાબનીશની નિમણૂંક સાથેની અન્ય રચનાત્મક પદ્ધતિને ધ્યાનમાં લેવી જોઈએ.
- સ્થાનિક સંસ્થાઓની નાણાકીય અને હિસાબોની માહિતીને એકત્ર કરવા માટે દરેક રાજ્ય સરકારે એક કેન્દ્રિય એજન્સીની સ્થાપના કરવી જોઈએ.
- રાજ્ય સરકારે સીએન્ડએજી દ્વારા સ્થાનિક સંસ્થાઓના નાણાકીય બાબતોની માહિતી એકઠી કરવા માટે ભલામણ કરાયેલા કોષ્ટકોની સ્વીકૃતિ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.
- ડીએલએફએની સરખામણીમાં જિલ્લા કક્ષાની સમિતિઓ (તામિલનાડુની જેમ) ના સફળ માપદંડોને સમજી અને સ્વીકારવા જોઈએ અને વહીવટી બાબતોની ફેરચકાસણી કરી અને સ્થાનિક સંસ્થાઓમાં હિસાબો અને ઓડિટને લગતી બાબતો પર પગલાં લેવા જોઈએ.

સીએન્ડએજી દ્વારા હિસાબોની સાચવણી માટે સુચવવામાં આવેલા કોષ્ટકોને સ્વીકૃતિ મળી છે પરંતુ કેટલાંક રાજ્યોએ માહિતી ભેગી કરવા માટે, તેના પ્રસારણને વેગ આપવા માટે અને તે માહિતીની નિભાવણી માટે ખાસ પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. કોષ્ટકોની સ્વીકૃતિ માટે તાત્કાલિક પ્રયત્નો કરવાની જરૂર છે. નેટવર્કિંગ અને કોમ્પ્યુટરાઈઝેશન કરવા માટેના પ્રયત્નો કરવાની જરૂર છે. પંચાયતીરાજ સંસ્થાઓની નાણાકીય બાબતોના આંકડાઓની શાખ માટે હિસાબોના એકત્રીકરણ અને ભૌતિક અને નાણાકીય કામગીરીના માપદંડો બાંધવાની ખાસ જરૂર છે. પંચાયતીરાજ સંસ્થાઓના હિસાબો માટે આવડતોમાં વધારો કરવા માટે અને સમર્પિત લોકોની કતારને બાંધવાની જરૂર છે. કાર્યપ્રણાલી અને તાલીમોને સક્ષમ કરવા માટે સીએન્ડએજીનો ટેકાનો ઉપયોગ કરી શકાય. બારમા નાણાં પંચના ભંડોળનો હિસાબો અને તેની માહિતીના રખરખાવ માટે ઉપયોગ કરવો જોઈએ. સ્થાનિક સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપનને સુધારવામાં આ હિસાબો અને નાણાકીય માહિતી મદદરૂપ બની શકે તેમજ આ તમામ માહિતીને એકઠી કરવા માટે કેન્દ્રિય એજન્સી હોવી જોઈએ જે તેઓની કામ કરવાની પદ્ધતિને ઓળખીને શકય તેટલાં અન્ય રસ્તાઓનું વિશ્લેષણ કરી શકે.

મે-2007માં અને ફરી જાન્યુ-08માં ડીએલએફએ અને એકાઉન્ટ જનરલની મળેલી ક્ષેત્રીય ચર્ચા પરિષદમાં સ્થાનિક સંસ્થાઓના ભંડોળના ઓડિટ માટે ઘણી બધી ભલામણો કરવામાં આવી છે.

# 8. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ - વિશિષ્ટ ગુણો

વડાપ્રધાન વડે આસામના બારાપેટામાં 19 ફેબ્રુ. 2006 એ શરૂ કરાયેલ/ તરતી મૂકાયેલ  પછાત પ્રદેશ સહાય ભંડોળ (BRGF) વિકાસનાં વિરોધમાં ટક્કર લેતી પ્રાદેશિક અસમતુલાને સંબોધવા માટે નવી રીત દર્શાવે છે. આ કાર્યક્રમનો આયોજન કમીશન વડે ચલાવાતી/વહીવટી કરાતી એક યોજના, રાષ્ટ્રીય સમ વિકાસ યોજના (RSVY) વિકાસનાં વિરોધમાં ટક્કર લેતી પ્રાદેશિક અસમતુલાને સંબોધવા માટે નવી રીત દર્શાવે છે. આ કાર્યક્રમનો અયાોજન કમીશન વડે ચલાવાતી/વહિવટ કરાતી એક યોજના, રાષ્ટ્રીય સમ વિકાસ યોજના (RSVY)ની સાથે સમાવેશ થાય છે. BRGF 27 રાજ્યોમાં 250 જિલ્લાઓને આવરે છે, જેમાંના 232 બંધારણના ભાગ IX અને ભાગ IX-A ના કાર્યક્ષેત્રની મર્યાદા હેઠળ આવે છે, જે ક્રમશ: પંચાયત તથા નગર પાલીકા સાથે વ્યવહાર કરે છે. બાકીના 18 જિલ્લાઓ બીજા સ્થાનિક સરકારી માળખાંઓ વડે આવરી લેવાયાં છે, જેવાંકે સ્વાયત્ત જિલ્લાઓ તથા બંધારણના છઠ્ઠા પત્રક હેઠળની પ્રાદેશિક (મંત્રી) મંડળ તથા નાગાલેન્ડ તથા મણીપૂરના પહાડી વિસ્તારોના કિસ્સા જેવી રાજ્યની વિશિષ્ટ વ્યવસ્થાઓ.

**યોજનાના હેતુઓ તથા મહત્વનાં પાસાંઓ/ગુણો:**

પછાત પ્રદેશ સહાય ભંડોળ વિકાસની પ્રાદેશિક અસમતુલાની નવસજ્જા માટે તૈયાર કરાયું છે. આ

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

ભંડોળ નક્કી કરાયેલ 250 જિલ્લાઓના વિકાસ માટેની વર્તમાન આવકમાં ક્ષતિપૂર્તિ કરતો તથા પૂરક નાણાકીય સ્રોત પૂરો પાડશે. જેમકે:

- સ્થાનિક માળખાં તથા બીજી વિકાસ માટેની જરૂરિયાતો વચ્ચેનાં કટોકટીભર્યા અંતર કે જેને પહોંચી વળવા માટે વર્તમાન આવક પર્યાપ્ત ન હોય, તેને જોડશે.
- ત્યાં સુધી પંચાયત તથા મ્યુનિસિપાલિટી સ્તરના સંચાલનને, ભાગ લેનાર આયોજનનો સમાવેશ કરવા નિર્ણયો લેવા, અમલીકરણ તથા નિરિક્ષણ કરવા, સ્થાનિક જરૂરિયાતોને પ્રતિબિંબિત કરવા વધુ યોગ્ય ક્ષમતા ઘડતર સાથે મજબૂત કરવા.
- સ્થાનિક સંસ્થાઓને તેમની યોજનાઓનાં આયોજન, અમલીકરણ તથા નિરિક્ષણ માટે વ્યાવસાયિક ટેકો પૂરો પાડવો.
- પંચાયતને સોંપાયેલાં આવશ્યક કાર્યોના દેખાવ તથા વહેંચણી તથા અપર્યાપ્ત સ્થાનિક ક્ષમતાને કારણે થયેલી ઉલટી કાર્યક્ષમતા તથા વાસ્તવિક ખોટ સુધારવી.

સંકલિત વિકાસનો પ્રારંભ વ્યાવસાયિક આયોજનના ટેકાના આશ્રયે દરેક જિલ્લા વડે હાથ ધરાયેલ પોતાનાં પછાતપણાનાં નિદાનકર્તા અભ્યાસ સાથે થશે. આનું અનુસરણ 2006-2007 અને 11મી પંચવર્ષીય યોજનાના સમય દરમ્યાનની પછાતપણાને માટે એક સારી રીતે આકાર અપાયેલ જિલ્લા વિકાસ યથાર્થ યોજના તૈયાર કરાશે. ગ્રામ સ્તરે પંચાયતો મધ્યસ્થી કરશે તથા જિલ્લા સ્તરે કલમ 2439નો પત્ર તથા તત્ત્વ સાથે રાખીને આ કાર્યક્રમનાં અમલીકરણનું આયોજન હાથ ધરાશે, જ્યારે શહેરી વિસ્તારમાં મ્યુનિસિપાલીટી કમલ 243Wના પત્ર તથા તત્વની અનુમતિ સાથે અને બંધારણની કલમ 243D સાથે આ કાર્યક્રમની તેવી જ રીતે યોજના તથા અમલ કરાશે.

આ યોજના સંબંધિત જિલ્લામાં ચાલુ હોય તેવા ઘણાંબધા કાર્યક્રમોને એકત્રિત કરશે અને તેથી જિલ્લા તરફ વહેતા/જતા સ્રોતોનાં સંયોજન દ્વારા પછાતપણાંને સંબોધશે. તે આયોજનના સ્થાનિક પસંદગી કરવાના સિદ્ધાંતની તોડફોડ કર્યા વગર BRGF ને યોજનાને લગતાં કોઈ પણ આવરણ ચડાવ્યા વગર કરાશે. આ ભંડોળ હેઠળ અમલીકરણ માટે નક્કી થયેલા કાર્યક્રમો લોકોની ભાગીદારી-ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ તથા વોર્ડ સભા દ્વારા તથા શહેરી વિસ્તારમાં વિસ્તાર સભાઓ તથા વોર્ડ કમિટિઓ દ્વારા પસંદ કરાશે. ભાગ લેનાર યોજનાઓ દરેક પંચાયત તથા મ્યુનિસિપાલીટી વડે તૈયાર કરાશે. જે બધા સ્રોતો પંચાયતના વિસ્તારમાં વપરાશે તેમજ છેક છેલ્લા સુધી આવરશે તેનો ખ્યાલ રાખશે.

- રાજ્ય યોજનાના વિભાગીય તેમજ જિલ્લા ખંડ/ભાગ.
- કેન્દ્રિય રીતે પ્રાયોજિત યોજનાઓ (ખાસ કરીને ફ્લેગશીપ કાર્યક્રમો)
- રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનાને કારણે ભંડોળ આવે છે.
- કેન્દ્ર તથા રાજ્ય નાણાં નિગમ તરફથી બાંધી તથા છૂટ્ટી સહાય/અનુદાન તથા
- ભારત નિર્માણને કારણે ભંડોળ આવે છે.

દરેક પંચાયત તથા મ્યુનિસિપાલીટી વડે તૈયાર કરેલ ભાગ લેનાર યોજનાઓ જિલ્લા આયોજન સમિતિ વડે જિલ્લા યોજનામાં એકત્રિકરણ કરાશે. તે જિલ્લામાં ઉપલબ્ધ બધા જ નાણાકીય સ્રોતોને

પ્રતિબિંબિત કરશે તથા વિલંબ, દિશા પલટો, નકલ કે લીકેજ થયા વગર તેના શ્રેષ્ઠ ઉપયોગની ખાતરી આપશે.

**ભંડોળની ફાળવણી** :

આ કાર્યક્રમના બે અવયવ છે, એક જિલ્લા ઘટક, જે 250 જિલ્લાને આવરે છે અને બીજો બિહાર અને ઓરિસ્સાના કલાહાંડી, બોલનગીર તથા કોરાપુટ જિલ્લા માટે. 2006-07નાં અંદાજ પત્રમાં બન્ને ઘટકો માટે રૂા. 5000 કરોડની કુલ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ફાળવણીમાંથી રૂા. 1250 કરોડ આયોજન પંચ વડે વ્યવહાર કરાતી વિશિષ્ટ યોજનાઓ માટે વિત્ત મંત્રાલયની અનુદાન માટેની માગણીમાં અપાયા હતા. બાકીના રૂા. 3750 કરોડ જિલ્લા ઘટકો માટે પંચાયતીરાજનાં મંત્રાલયની વ્યવસ્થા માટે રખાયા હતા.

રૂા. 3750 કરોડની ફાળવણી ભંડોળની બે બારીઓ ધરાવે છે

(1) **ક્ષમતા ઘડતર** - વાર્ષિક રૂા. 250 કરોડ એટલે કે દરેક જિલ્લા માટે રૂા. 1 કરોડ આયોજન, અમલીકરણ, નિરિક્ષણ, હિસાબ તથા જવાબદારી તથા પારદર્શિતા સુધારવા માટેની ક્ષમતા ઘડવા માટે પ્રાથમિક રીતે વપરાશે. આમાં કરાર કરવો તથા આઉટ સોર્શીંગની વ્યવસ્થાનો સમાવેશ થઈ શકે.

(2) **સંયુક્ત અનુદાન ભંડોળ:** પારદર્શક સર્વસામાન્ય ધોરણો માર્ગદર્શન વડે આ ભંડોળની ફાળવણી પંચાયતો તથા ULBs માટે થાય છે, અને તેઓ માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબની ભાગે લેનારી આયોજન પ્રક્રિયા દ્વારા જણાવાયેલ સંગઠિત વિકાસના કટોકટીભર્યા અંતર માટે આ ભંડોળ વાપરશે.

**ભંડોળની વહેંચણી માટેનાં ધોરણો:**

સંયુક્ત ભંડોળ નીચેની પદ્ધતિથી જિલ્લાઓમાં વહેંચી દેવાશે.

દરેક જિલ્લો નિયત લઘુત્તમ રૂા.10 કરોડની રકમ દર વર્ષે મેળવશે.

50 ટકા રકમની ફાળવણી બધા પછાત જિલ્લાની કુલ વસતીના જે તે જિલ્લાની વસતીના ભાગના આધારે કરવામાં આવશે.

50 ટકા બધા પછાત જિલ્લાના કુલ વિસ્તારનો જિલ્લાનાં વિસ્તારમાં કેટલો ભાગ છે તેના આધારે કરવામાં આવશે.

**જિલ્લાની અંદર પંચાયતો/ULB ઓમાં BRGF ભંડોળની અંદરોઅંદર ફાળવણીની યોજના:**

દરેક રાજ્ય દરેક પંચાયત તથા ULBઓ માટે BRGF ભંડોળ માટેની સર્વસ્વિકૃત હોય તેવી યોજના દર્શાવશે. (શહેરોને બાદ કરતાં/1 મિલિયન વસતી1વાળાં શહેરો) આમ સર્વસ્વિકૃત હોય તેવી યોજનાઓ:

દરેક સ્થાનિક સ્વરાજ સંસ્થા શ્રેણી (પંચાયતો તથા ULBઓ)નો ભાગ.

- દરેક શ્રેણી માટે કરાયેલ એકંદર ફાળવણીની અંદર, દરેક સંબંધિત પંચાયત તથા મ્યુનિસિપાલિટીના અંદરોઅંદરના ભાગનું સંચાલન કરતાં સર્વસ્વિકૃત ધોરણો.

યોજનામાં જઈ શકે તેવા ઘટકોમાં નીચેનાનો સમાવેશ થઈ શકે

- પછાતપણાં તેમજ વિકાસના સ્તરને પ્રતિબિંબિત કરતાં હોય તેવાં રાજ્ય વડે તૈયાર કરાયેલ તથા સ્વિકારાયેલ કોઈ પણ સૂચકાંક.
- જિલ્લા આયોજન વિશે આયોજન પંચની માર્ગદર્શિકા તા. 26-08-06 હેઠળ વર્ણવ્યા મુજબ નજર રાખવાથી જણાયેલ વિશિષ્ટ જિલ્લાવાર અગ્રતાક્રમને જોશે.
- ભંડોળના વાજબી ટકા જે ચોક્કસ ધોરણોના આધારે દેખાવના પ્રોત્સાહક તરીકે જુદી રખાયેલ નિશ્ચિત રકમ હોઈ શકે.

BRGFની માર્ગદર્શિકા મુજબ ઉપરની ફાળવણીની વિગતોનો, ખાસ કરીને બધી જ સંબંધિત પંચાયતો તથા ULBઓમાં બહોળો પ્રચાર થવો જોઈએ. એક વખત ઉપરનાં ધોરણો સ્વિકૃત થઈ જાય, તેઓ ૨૦૦૬-૦૭ તથા આખી અગિયારમી યોજના માટે અમલમાં આવશે.

રાષ્ટ્રીય સમવિકાસ યોજનામાંથી BRGFમાં પરિવર્તન: બધા જ 147 RSVY જિલ્લાઓને જ્યારે તેઓ ઉપયોગિતાનાં પ્રમાણપત્રો રજૂ કરવા જેવા આ યોજના હેઠળના જરૂરી કરારો પૂરા કરશે ત્યારે ભંડોળ આપવામાં આવશે. બિન RSVY જિલ્લાઓ BRGFની માર્ગદર્શિકા સાથે મળીને 2006-07માં જિલ્લા યોજનાની તૈયારીની પ્રક્રિયા શરૂ કરશે. એ બિન BRGF - RSVY જિલ્લાઓ, જેમણે જિલ્લા વિકાસ યોજનાના લખાણો/દસ્તાવેજોનું 2006-07માં DPCઓ દ્વારા એકત્રિકરણ કર્યું છે, તેઓ 2006-07 માટેની સંપૂર્ણ ફાળવણી મેવળશે. જેથી તેઓ તાત્કાલિક તેમની યોજનાનું અમલીકરણનો આરંભ કરી શકે.

2006-07 દરમ્યાન દરેક બિન RSVY-BRGF જિલ્લાઓને, જ્યાં ઊંઇઊ સ્થાપવામાં આવી છે તથા એક જિલ્લા યોજના તૈયાર કરવામાં આવી છે, તેને દરેકને રૂા. 10 કરોડનો પ્રારંભિક હપ્તો (Tranche) આપવામાં આવશે. જે રાજ્યો જિલ્લા આયોજન સમિતિ સ્થાપવાની પ્રક્રિયામાં છે, તેઓ જો બંધારણની કલમ 243D સાથે મળીને ફેબ્રુઆરી 15, 2006 સુધીમાં DPCઓની સ્થાપના કરી દે તો ભંડોળ મેળવવા પાત્ર બનશે.

**BRGF હેઠળ આયોજન પ્રક્રિયા:**

સંબંધિત પછાત જીલ્લાની અંદરના દરેક પંચાયત તથા મ્યુનિસિપાલિટી BRGF હેઠળ આયોજન માટેનાં એકમો હશે. પંચાયત અથવા નગરપાલિકા વડે તૈયાર થયેલી યોજનાઓ જિલ્લા આયોજન કમિટી વડે જિલ્લા આયોજનમાં ભેળવી દેવામાં આવશે. આયોજન પંચની માર્ગદર્શિકામાં ગોઠવાયેલ દૃષ્ટિને ધ્યાનમાં રાખતાં, આયોજનાઓને એકત્રિત કરતી વખતે, જિલ્લા યોજનાઓ SC/STના વિકાસને લગતા મુદ્દાઓને સંબંધો તેની ખાતરી માટે વિશેષ સંભાળ રખાશે.

- દરેક પંચાયત તથા ULBની યોજનાની અંદર SC અને ST માટે યોજના મુજબની ફાળવણી દર્શાવતી એક પેટાયોજના તૈયાર થવી જોઈએ.
- SC, STઓના ફાયદા માટેની યોજનાઓને ઓછામાં ઓછું જે સત્તા વિસ્તાર માટે તે યોજના તૈયાર કરવામાં આવી છે, તેમાં આ સમાજની વસતીનાં પ્રમાણમાં ફંડની ફાળવણી થવી જોઈએ.

- SC/STની વસતી સંગીન હોય તેવાં ગામોમાં શાળાઓ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો વગેરે જેવી સગવડો અગ્રતાનાં ધોરણે પૂરી પાડવી જોઈએ.

  **પંચાયતો તથા ULBઓનું ક્ષમતા ઘડતર:** BRGF કાર્યક્રમના અસરકારક આયોજન તથા અમલીકરણ માટે પંચાયતો તથા શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે ક્ષમતા ઘડતરના કાર્યક્રમોની વ્યવસ્થા કરવામાં આવી છે, અને તે BRGFનું એક આવશ્યક વિભાગ/પાસું છે.

- ULBઓ તથા PRIઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમની જવાબદારીઓ વધુ સારી રીતે નિભાવી શકે તે માટે તેમનાં જ્ઞાન તથા કુનેહ વધારવાં.
- પંચાયતોને સોંપાયેલાં કાર્યો સાથે સંકળાયેલા મુખ્ય કર્મચારીઓ તથા જેઓ તેમની નીચે અથવા સાથે રહીને પંચાયતને સોંપાયેલાં કાર્યોના દેખાવમાં અસરકારક સેવા આપે છે તથા સગવડ આપે છે.
- તેમને પાણીદાર/અભિમૂખ બનાવવા.
- ખાસ કરીને દબાણ જૂથો, જેવાં કે SHG તથા CBOને વધુ અર્થપૂર્ણ ભાગીદાર થવા માટેની ક્ષમતા ઘડતર દ્વારા ગ્રામસભાનાં કામોમાં સુધારો કરવો.

**તાલીમ કાર્યક્રમોનાં ભંડોળ માટે સ્રોતો:**

BRGFના અસરકારક અમલીકરણને બધા હિસ્સેદારોની સતત તથા ટકાઉ ક્ષમતાનાં ઘડતરની જરૂર પડશે. વાર્ષિક રૂા.250 કરોડની રકમ પંચાયતોની ક્ષમતા ઘડતર માટે BRGF હેઠળ ખાસ પસંદ કરવામાં આવી છે. દરેક રાજ્ય માટે ભંડોળની ફાળવણી રાજ્યના BRGF જિલ્લા દીઠ રૂા. 1 કરોડના દરે ગણવામાં આવી છે.

**મુખ્ય વિભાગો/પાસાંઓ:**

- અયોજન તથા અમલીકરણ માટે પંચાયતો માટે પર્યાપ્ત કાર્યકરો (પુરા પાડવા)ની વ્યવસ્થા.
- વિકેન્દ્રિત આયોજન પ્રક્રિયામાં PRIઓ તેમજ ગ્રામ સભાઓને ખાસ કરીને સહાયક વ્યક્તિઓની સેવા મેળવવા માટે ટેક્નિકલ સહાયની વ્યવસ્થા.
- જ્યાં જરૂરી હોય ત્યાં કચેરીઓ, તથા માર્ગો, ટેલીફોનો, વીજ પુરવઠો તથા ઈ-કનેક્ટિવીટી દ્વારા આ કચેરીઓ સાથે સંપર્ક સહિતનાં પૂરતાં માળખાં પૂરાં પાડવાં.
- પર્યાપ્ત તાલીમ પૂરી પાડવી.
- પછાતપણા ઉપર સર્વે તથા અભ્યાસનું સંચાલન તથા પાયારૂપ ડેટાબેંકનો વિકાસ.
- હિસાબ તથા ઓડિટ પદ્ધતિની સ્થાપના તથા સંભાળ.
- પંચાયતો તથા જિલ્લા આયોજન કમિટી માટે યોજનાઓ તૈયાર કરવી તથા એકત્રીકરણ માટે સહાય મેળવવી.
- BRGFનું સ્પષ્ટ ફોકસ પંચાયતોને વ્યાવસાયિક સહાય દ્વારા સમાજની ક્ષમતા ઘડવા ઉપર છે.

- ખેતીને લગતાં અનુવર્ધન માટે સમાજ સ્તરની તાલીમ પામેલ વ્યક્તિ, જે ખેતી, પાણી પ્રબંધન, ઢોર-ઢાંખરનો વિકાસ, વાવણી પછીનું પ્રબંધન તથા ખેતી વ્યાપાર વિશે સમાજને જ્ઞાન આપવા જેવાં બહુવિધ કાર્યો કરી શકે તેવી હોય.
- એક જાતિ સશક્તિકરણ સમાજ આગેવાન અથવા સ્વયંસેવક જ જાહેર ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારીને આગળ લાવે.
- ટેક્નિકલ સ્વિકૃતિનાં અનુકૂલન તથા પંચાયતો માટે કાચા અંદાજ તૈયાર કરવા માટે તાલીમબદ્ધ બેરફૂટ એન્જીનિયર્સ અથવા સ્થાનિક એન્જીનિરીંગ ક્ષમતા ઉભી કરવી.
- વ્યાવસાયિક આયોજન માટે ટેકો.
- ઉપરના કર્મચારી વર્ગ માટે તાલીમ.

પંચાયતી રાજના કેન્દ્રિય મંત્રાલય વડે તૈયાર કરાયેલ રાષ્ટ્રીય ક્ષમતા ઘડતર માળખાં મુજબ, સંબંધિત રાજ્ય સરકાર વડે તૈયાર કરાયેલ, રાજ્ય તથા જિલ્લા વિશિષ્ટ તલીમ વ્યુહરચનાઓ થા યોજનાઓને પંચાયતીરાજ મંત્રાલય વડે યોગ્ય ટેકો અપાશે.

## BRGFનું પ્રક્રિયાકરણ:

### પંચાયત સ્તરે અમલીકરણ તંત્ર:

પંચાયતો, નગરપાલીકઓ તથા DPC કાર્યક્રમોનું પ્રબંધન હાથ ધરાશે. કોઈપણ પંચાયત સ્તરે અથવા ULB સ્તરે યોજનાનાં અમલીકરણ માટે કોઈ ખાસ સંસ્થાઓ, પ્રબંધન સમિતિઓ, સોસાયટી વગેરે બનાવવામાં આવશે નહીં. કાર્યક્રમનાં નિયંત્રણ, પ્રબંધન તથા નિરિક્ષણ ઉપર વિશિષ્ટ ધ્યાન આપવા માટે, આવી સંસ્થાઓની અંદર કાયદાકીય વ્યવસ્થા હેઠળ ઘડાયેલ સ્થાયી સમિતિઓને આ હેતુ માટે મજબૂત બનાવી શકાય.

રાજ્ય સ્તરે સ્વિકૃતિ: રાજ્ય સરકાર કાર્યક્રમના પ્રબંધન નિરિક્ષણ તથા મૂલ્યાંકનની જવાબદારી માટે, મોટેભાગે રાજ્ય સ્તરે મધ્યવર્તી વિભાગ તરીકે પંચાયતી રાજ વિભાગ, જેવો એક વિભાગ નીમી શકે છે.

રાજ્યના ચીફ સેક્રેટરીના પદે ડેવલપમેન્ટ કમિશ્નર, આયોજન સેક્રેટરી, પંચાયતીરાજના રાજ્ય સેક્રેટરી, રાજ્ય શહેરી વિકાસ સેક્રેટરી, કાર્યક્રમ હેઠળ હાથ ધરનાર કામ જે વિભાગ હેઠળ હોય તેના મુખ્ય રાજ્ય સેક્રેટરીઓ, પંચાયતી રાજ મંત્રાલયના એક પ્રતિનિધિ તથા આયોજન પંચના રાજ્ય યોજના સલાહકાર તેમજ બીજા જરૂરી મનાતા ભારત સરકારની પસંદ થયેલ વ્યક્તિઓ ધરાવતી એક ઉચ્ચ સત્તાધારી સમિતી BRGFની જિલ્લા બારી હેઠળ હાથ ધરાનાર સૂચિત જિલ્લા યોજનાઓ તથા તાલીમ યોજનાઓ પર ધ્યાન તથા સ્વિકૃતિ આપશે.

મધ્યવર્તી વિભાગ, પંચાયત બેન્ક ખાતાંઓ કે જેમાં વિકાસશીલ અનુદાન બનાવવામાં આવશે, તેના ડેટાબેઝ સહિત BRGF જિલ્લાઓની બધી પંચાયતોના કોમ્પ્યુટરાઈઝડ ડેટાબેઝ સંભાળવા માટે જવાબદાર રહેશે.

**વિકાસ ભંડોળ હેતુ:** BRGF હેઠળ છુટા કરાયેલ વિકાસ ભંડોળનો ઉપયોગ બીજા મોટા હસ્તેક્ષેપોને બદલે વિકાસ માટે અતિઆવશ્યક કટોકટીભર્યા ગાળાને પૂરવા માટે થવો જોઈએ. પંચાયતો તથા ULBઓ આ ભંડોળને બંધારણના અનુક્રમે 11 તથા 12માં પત્રકમાં સૂચિત થયા મુજબ અનુક્રમે તેમને સોંપાયેલાં કામની અંદર આવતા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરી શકે છે.

**નીચેના પર ખાસ ધ્યાન આપી શકાય છે:**

- ગ્રામ વિદ્યુતકરણ, જ્યાં એક ગામનું સઘન વિદ્યુતકરણ વર્તમાન રાષ્ટ્રીય સ્તરનાં રોકાણમાંથી કરવાની દરખાસ્ત પાર હોઈ શકે.
- જ્યાં વર્તમાન પંપ અથવા પાઈપ વડે પણી પૂરવઠો પહોંચાડવો શક્ય ન હોય, તેવા પહાડી તથા આદિમજાતિ વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા માટે પંચાયતોએ યોગ્ય ટેક્નોલોજી વિકલ્પો અપનાવવા જોઈએ.
- જ્યાં ભારત નિર્માણ નવાં ઘરોની વ્યવસ્થાનાં ભરાવામાં માત્ર થોડાક ભાગ માટે ઉપયુક્ત છે, ત્યાં ઈન્દીરા આવાસ યોજનામાં વૃદ્ધિ.

વિકાસ અનુદાનના ઉપયોગ માટેની દરખાસ્તમાં નીચેની વિગતો આપવી જોઈએ.

- જિલ્લા, બ્લોક તથા ગ્રામપંચાયત તથા ULBઓ વચ્ચે ભંડોળની ફાળવણી માટે જિલ્લાની અંદર અનુસરાતાં ધોરણો, જિલ્લાનાં વિકાસ લક્ષ્યોના અગ્રતાક્રમ તથા દૃષ્ટિને ધ્યાનમાં લઈને થાય છે.
- PRIઓ તથા ULBઓને પર્યાપ્ત તથા પોતાના સ્રોતો ઉત્પાદિત કરવા માટે પૂરતી નાણાકીય સત્તાથી સજ્જ કરવા માટે રાજ્ય વડે લેવાયેલ પગલાં.
- CSS સહિતના કેટલાક સ્રોતોમાંથી જિલ્લાએ મેળવેલ વિકાસ ભંડોળની વિગતો.

**ભંડોળ પ્રવાહ તંત્ર:**

બંધા ભંડોળો રાજ્ય સરકારનાં એકત્રિત ભંડોળમાં ફેરવવામાં/તબદીલ કરવામાં આવશે. રાજ્ય સરકાર વડે જે ભંડોળો પંચાયતો તથા નગરપાલિકાઓને તબદીલ કરવાનાં હશે તે ભંડોળ છૂટા થયાના 15 દિવસમાં તેમનાં બેંક ખાતાંઓમાં તબદીલ કરાશે. બેંક દ્વારા પંચાયતને ઝડપી ભંડોળ તબદીલ કરવાના સંભાવનાના અભ્યાસ માટે પંચાયતી રાજ મંત્રાલયનાં કાર્યબળ વડે સૂચવાયેલ બેંક તબદીલી તંત્રનો ઉપયોગ કરીને, રાજ્ય સ્તરે ભંડોળ સીધા સંબંધિત પંચાયત તથા નગરપાલિકાનાં બેંક ખાતાંઓમાં જમા કરવામાં આવશે. BRGF ભંડોળો રાષ્ટ્રીયકૃત બેંકોમાં અથવા પોસ્ટ ઓફીસોમાં રાખવામાં આવશે. થાપણો પર ભેગી થયેલી વ્યાજની રકમને BRGF હેઠળ વધારાના સ્રોત તરીકે માનવામાં આવશે અને તેનો ઉપયોગ કાર્યક્રમની માર્ગદર્શિકા મુજબ કરવાનો રહેશે. આવાં ભંડોળના નિકાલ માટે સંબંધિત પંચાયત વડે નક્કી થયેલ વિધિના સુમેળમાં, સંબંધિત પંચાયત વડે નક્કી થયા મુજબ, ભંડોળ કામ મંજુર થાય કે તરત જ પુરેપુરુ અથવા હપ્તામાં છૂટું કરવામાં આવશે. રાજ્ય પંચાયતી ધારાને લગતી વ્યવસ્થા હેઠળ ઘડાયેલ કાયદા મુજબ રાજ્ય સરકાર વડે વર્ણવાયેલ નાણાકીય તથા આર્થિક હિસાબના નિયમોની વર્તમાન પ્રણાલીની વિગતો મુજબ પંચાયતો તથા નગરપાલિકાઓ વડે ભંડોળ ઉપાડાશે.

ખાતાંનો નિભાવ: દરેક પંચાયત તથા ULBઓ તેમને ફાળવાયેલ ભંડોળનાં ખાતાંના નિભાવ માટે જવાબદાર રહેશે. PRIઓ તથા રજુ કરાયેલ ઓડિટના કિસ્સામાં આ ખાતાઓ જિલ્લા પંચાયત વડે દૃઢીભૂત કરી શકાય છે. તેવી જ રીતે કોઈપણ કાર્ય કરતી સંસ્થાઓ, જેને કાર્યક્રમ હેઠળ ભંડોળ સોંપવામાં આવ્યું હોય, તે પણ અલગથી હિસાબ સંભાળશે, જે ઓડિટ માટે રજૂ કરવામાં આવશે. રાજ્ય બધી જ પંચાયતો તેમજ નગરપાલિકાઓને પર્યાપ્ત માનવબળ તથા સ્રોતો પૂરા પાડશે.

કાર્યોનું ઓડિટ : દરેક જિલ્લામાં દરેક નાણાકીય વર્ષને અંતે યોજના હેઠળ થયેલાં કાર્યોનું નિયમિત ભૌતિક તથા નાણાકીય ઓડિટ કરવામાં આવશે. આ ઓડિટ સ્થાનિક ભંડોળ ઓડિટર વડે અથવા રાજ્યના AGઓ અથવા રાજ્ય સરકારની રાજ્ય નામાવલીમાં નોંધાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો વડે કરાશે.

જિલ્લા સ્તરે પુન: તપાસ સમિતિ: જ્યાં સુધી મધ્યસ્થ પંચાયત સ્તર સંસ્થાગત ન થાય, ત્યાં સુધી પંચાયતો પોતે જ પ્રક્રિયાની થોડી ઘણી પુન:તપાસ કરશે. જિલ્લા સ્તરે DCP વડે પુન:તપાસ સમિતિ એવી ઘડવામાં આવશે કે તે 8 થી 10 સભ્યોથી વધારે સભ્યો ધરાવતી ન હોય, જેનાં મુખ્ય સ્થાને જિલ્લા પંચાયતના ચેરપર્સન અથવા મધ્યસ્થ પંચાયત અથવા ULBઓના ચેરપર્સન વારાફરતી રહેશે.

**કાર્યોની તપાસનું સમયપત્રક:**

કાર્યોની ગુણવત્તાના નિભાવ માટે, એક ગુણવત્તા નિરિક્ષણ પદ્ધતિ, સંસ્થાગત કરવામાં આવશે. આ પદ્ધતિનાં કાર્યોની પુન:તપાસ ઉચ્ચ સત્તાધારી સમિતિ વડે કરાશે.

**સામાજિક ઓડિટ અને તળીયાંના સ્તરે જાગૃતિ :**

રાજ્ય વડે ગ્રામ્ય ઓડિટની સ્પષ્ટ માર્ગદર્શિકા ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ તથા વોર્ડ સભાઓ વડે તથા શહેરી વિસ્તારમાં ક્ષેત્ર સભાઓ વડે મૂકાવી/દાખલ કરાવી જોઈએ. પંચાયતોની યોજનાઓ, પ્રકલ્પો અથવા કાર્યક્રમો માટે ફાળવાયેલ ભંડોળના ઉપયોગ વિહોણાં સર્ટિફીકેટો આપવાની સત્તા ગ્રામસભાને અપાશે, તેમજ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર ગેરંટી યોજનાની માર્ગદર્શિકામાં વર્ણવ્યા મુજબની જ પ્રક્રિયાનું અનુસરણ કરાશે.

**સંદર્ભ:** કાર્યક્રમ માર્ગદર્શિકા, પછાત પ્રદેશ અનુદાન ભંડોળ.

# 9. ગરીબીની સમજ તથા ગરીબી નિવારણની રણનીતિઓ

વીસમી સદીના આરંભે જે સૌથી મોટો પડકાર ઊભો થયો તે રાષ્ટ્રોની વચ્ચે, રાષ્ટ્રોની અંદર અને સહિતો અને રહિતો વચ્ચેની અસમાનતા નિવારવાનો હતો. ખાસ કરીને ત્રીજા વિશ્વના દેશોમાં આ ખાઈ વધતી જ ગઈ. માનવતાવાદી જગતના નિર્માણ માટેના પ્રયાસો વધતા ગયા તેમ છતાં આ ખાઈ સતત વધતી ગઈ છે. ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ગરીબીમાં જીવે છે, રોજના એક ભોજન ઉપર પોતાનું અસ્તિત્વ તેઓ ટકાવે છે અને તેમના જીવન તથા અસ્તિત્વની કોઈ સલામતી નથી. અસમાન વૃદ્ધિ અંગેના અભ્યાસો એમ બતાવે છે કે આ કોઈ કુદરતી ઘટના નથી પરંતુ તે ઐતિહાસિક અને માળખાકીય વિકાસલક્ષી પ્રક્રિયાઓનું પરિણામ છે. તેણે જ ધીમે ધીમે ગરીબી વધારી છે અને કરોડો લોકોને છેવાડે ધકેલી દીધા છે અને તેમના પ્રત્યે ભારે અન્યાય કર્યો છે.

નિષ્ણાતો તેથી એમ જણાવે છે કે ગરીબી માનવ સર્જિત છે. વ્યવસ્થાઓ જ એવી છે કે થોડાક તાકતવર લોકોનાં હિતો ટકે છે, સ્વીકૃતિ પામે છે અને પ્રસ્થાપિત થાય છે. સામાજિક, આર્થિક અને રાજકીય માળખું જ એવી રીતે વિકાસ પામે છે કે જેમાં ગરીબીનું સર્જન થાય છે અને ગરીબી ટકે છે. અહીં એવી દલીલ થઈ શકે કે ભારતમાં બીજા વિશ્વ યુદ્ધ બાદ વિકાસ માટે મોટા પ્રમાણમાં મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. છેલ્લાં 63 વર્ષ દરમ્યાન કુલ ઘરેલૂ ઉત્પાદન (જીડીપી) અને માથાદીઠ આવકમાં વધારો થયો

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

છે. ઉદ્યોગો, માળખાગત સવલતો વગેરે ક્ષેત્રોમાં પણ વૃદ્ધિ થઈ છે અને માહિતી ટૅક્નોલોજી જેવા નવા ક્ષેત્રમાં પણ આપણે ઘૂસણખોરી કરી છે. આર્થિક સંદર્ભમાં એકંદર વૃદ્ધિ થઈ છે, ત્યારે અસમાનતા, બાદબાકી અને અન્યાય વધી રહ્યાં છે અને સીમાન્તીકરણ વધી રહ્યું છે. વાસ્તવિકતા એ છે કે તેને લીધે કેટલાક લોકો ભૂખમરાથી મૃત્યુ પામે છે. તેથી એમ પૂછવાની જરૂર છે કે વિકાસ કોને માટે અને કેટલા ખર્ચે? અથવા એમ પૂછવું પડે કે વિકાસ ખરેખર શું છે?

આર્થિક પ્રવૃત્તિઓ સમાજજીવનને નક્કી કરે છે. કેટલાક પ્રગતિશીલ અર્થશાસ્ત્રીઓ જે અર્થતંત્રમાં અધિશેષ જન્મે છે એવા અર્થતંત્રમાં ગરીબી કેમ છે તેનું વિશ્લેષણ કરે છે. આ અધિશેષ જ મહદંશે વિકાસની તરાહ નક્કી કરે છે. આ અધિશેષનાં કદ, તેની સંરચના અને તેના વિતરણની તરાહ સમાજના સામાજિક - આર્થિક માળખાને નક્કી કરે છે. તેથી લોકો એ અધિશેષ ઉપર કેવી રીતે અંકુશ ધરાવે છે તેનું વિશ્લેષણ કરવાનું મહત્ત્વનું છે. છેવટે તો અસ્કયામતોની અસરકારક માલિકી જ વ્યક્તિઓ અને જૂથોને અસ્ક્યામતોના વિતરણ ઉપર અંકુશ આપે છે. આ અસરકારક માલિકીનો કાનૂની અધિકારના સ્વરૂપમાં ન સમજવી જોઈએ, પરંતુ સત્તાના પ્રવર્તમાન સંબંધોના સંદર્ભમાં સમજવી જોઈએ. અસ્કામતોની અસમાન વહેંચણી સત્તાની અસમાન વહેંચણી સાથે સંબંધિત હોય છે. સત્તાના અસમાન સંબંધો સામાજિક માળખાને નક્કી કરે છે અને તે પછી અસ્કામતોની વહેંચણીની અસમાન અને અન્યાયી તરાહને ટકાવે છે અને તેને ફરી મજબૂત બનાવે છે.

### ગરીબીનું માળખાગત સ્વરૂપ

પશુપાલન આધારિત અર્થતંત્રમાં જે અધિશેષ જન્મે તેને ઉપયોગ સમુદાયો દ્વારા આવશ્યક વસ્તુઓ અને સેવોઓનો વિનિમય કરવા માટે કરવામાં આવતો હતો. ધીમે ધીમે એ અર્થતંત્રનું રૂપાંતરણ ખેતી-આધારિત અર્થતંત્રમાં થયું. તેમાંથી જે અધિશેષનું સર્જન થયું તેનો ઉપયોગ થોડાક લોકોએ વધુ ઉત્પાદન અને વધુ વેચાણ કરવા માટે વધુ જમીન ખરીદવા કર્યો. આ રીતે વર્ગભેદની પ્રક્રિયા દાખલ થઈ. તેમાં જમીનના માલિકો સામંતો બન્યા. તેઓ ઉત્પાદનમાંથી ઊભા થતા અધિશેષના માલિક બન્યા અને મજૂરો કે ગણોપતિયાઓ જમીનનું ખેડાણ કરતા. તે મજૂરોને તેમની મજૂરીના બદલામાં વેતન મળતું. ખરીદ-વેચાણની પ્રક્રિયાનો દોરીસંચાર કરનારો વેપારીઓનો વર્ગ ઊભો થયો અને અમુક નિશ્ચિત સેવાઓ પૂરી પાડનારા કુશળ મજૂરો અને કારીગરો પણ પેદા થયા.

યુરોપમાં 18મી સદીમાં ઔદ્યૌગિક ક્રાંતિનો આરંભ થતાં આ વિભાજન વધ્યું. ઔદ્યોગિક ક્રાંતિમાં સસ્તા દરે વધારે સારી ગુણવત્તાવાળું ઉત્પાદન થતું ગયું. વધુ અધિશેષ પેદા થયો પણ કામદારોની સ્થિતિ અમાનવીય અને દયનીય બની. પછી આ કામદાર વર્ગે તેની કામની સ્થિતિ અને દમનકારી માળખાં સામે બળવો કર્યો. એક તરફ બહુ થોડા લોકો જમીન, કુદરતી સંસાધનો, યંત્ર સામગ્રી અને અધિશેષ ઉપર અંકુશ ધરાવતા થયા તો બીજી તરફ, કામદારો પાસે સખત મહેનતના વળતર પેટે મળેલું વેતન જ હતું.

સ્વાતંત્ર્ય બાદ ભારતે પણ ઔદ્યોગિક વૃદ્ધિનો માર્ગ અપનાવ્યો, જો કે, મૂળભૂત રીતે અર્થતંત્ર ખેતીપ્રધાન હતું. તે પછી જે પ્રક્રિયા ચાલી તેને પરિણામે એકાંગી વિકાસ થયો. કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) અને માથાદીઠ આવકમાં છેલ્લા છ દાયકાઓ દરમ્યાન અનેક ગણો વધારો થયો છે, પરંતુ અસમાનતા વધી છે અને વસ્તીનો ખૂબ મોટો ભાગ અસંગઠિત ક્ષેત્ર ઉપર આધાર રાખતો થયો છે. તેને

પરિણામે ગરીબી માનવ વિકાસના દૃષ્ટિકોણથી ઘટી નથી. ગરીબી એટલે અન્ન, વસ્ત્ર અને આવાસ જેવી પાયાની જરૂરિયાતોનો અભાવ જ નહિ, પણ તે સત્તાના અન્યાયી કે અસમાન સંબંધો પણ છે કે જેમાં અનેક લોકો તેમના જીવન અને તેમની નિયતિ નક્કી કરવા માટે અક્ષમ હોય છે. ગરીબી એ કોઈ રેખા કે સંખ્યા નથી, પરંતુ તે દમનકારી માળખાગત સંબંધોનું પરિણામ છે. પ્રભાવક જૂથો અધિશેષના વિતરણ ઉપર નિયંત્રણ ધરાવે છે અને અસ્ક્યામતોની માલિકી ધરાવે છે. ગરીબીનું સ્વરૂપ સમજવા માટે એ પ્રભાવક જૂથોને ઓળખવાની જરૂર છે. ભારતમાં જ્ઞાતિ, સ્ત્રી-પુરુષ ભેદભાવ, ધાર્મિક તફાવતો અને વિકલાંગતા જેવાં પાસાં તેમાં ઉમેરાય છે. તેને પરિણામે સીમાન્ત જૂથોનું દમન વધે છે અને તે ગરીબીને વધુ તીવ્ર બનાવે છે.

વિખ્યાત અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન એમ સમજાવે છે કે ગરીબી બે મુખ્ય પરિબળો પર આધાર રાખે છેઃ કેટલી અસ્ક્યામતોની માલિકી છે અને બીજું વિનિમયની સમર્થતા, એટલે કે જે અસ્ક્યામતો છે એના દ્વારા શું અને કેટલા પ્રમાણમાં બજારમાંથી ખરીદી શકાય છે તે. આપણે ગરીબીનું માળખાગત સ્વરૂપ સમજીએ કે જે 'જૈસે થે' સ્થિતિ જાળવે છે અને શક્તિશાળી લોકોને વધારે શક્તિશાળી બનાવે છેઃ

## 1) અસ્ક્યામતો અને આવકની અસમાન વહેંચણી

ગરીબો ખૂબ મોટી સંખ્યાંમાં જમીનવિહોણા છે અથવા તેમની પાસે જે જમીન છે તે બિન-ઉપજાઉ છે, આ માટેનાં અનેક કારણો છે, જેમકે, જમીન સુધારાનો અમલ ન થવો, દેવાના કારણે જમીન છોડવી પડે, સાર્વજનિક મિલકત સંસાધનોનું ધોવાણ થાય અને તેમને હાનિ પહોંચે, ટૅક્નોલૉજી ક્રાંતિ, રાસાયણિક ખાતરોનો હાનિકારક ઉપયોગ અને તાજેતરના સમયમાં વૈશ્વિકીકરણના સંદર્ભમાં જનીન ઈજનેરી દ્વારા ઉત્પન્ન થયેલા બિયારણનો ઉપયોગ. ઔદ્યોગિક અસ્ક્યામતો થોડાક લોકોના જ હાથમાં છે અને ઉદારીકરણને લીધે બહુરાષ્ટ્રીય કંપનીઓના આગમનને પરિણામે મોટાં ઔદ્યૌગિક ગૃહો ઊભાં થયાં છે. અહીં પણ અંકુશ થોડાંક કૉર્પોરેટ ગૃહો પૂરતો મર્યાદિત છે અને બાકીનો અંકુશ પગારદાર કર્મચારીઓ કે ગ્રામીણ ક્ષેત્રમાં વેતન કમાનારાઓ પાસે છે. અહીં એ સમજવાની જરૂર છે કે 60 ટકા કર આવક આડકતરા વેરાઓમાંથી થાય છે કે જે આમ આદમીને અસર કરે છે. આ આવક ઔદ્યોગિક ક્ષેત્ર ઓછા વ્યાજની લોન દ્વારા લઈ લે છે. નાણાં સંસ્થાઓ દ્વારા સરકાર જ તેમને આ લોન આપે છે. આમ, અસ્કયામતોની અસમાન વહેંચણી સ્પષ્ટપણે આવકના અસમાન પ્રવાહને જન્મ આપે છે.

## (2) માનવ મૂડીની અસમાનતા

માનવ મૂડી એટલે મનુષ્યની ગુણવત્તા, પ્રાપ્ત થયેલી કુશળતા અને મનુષ્યનું આરોગ્ય. તે સામાન્ય રીતે આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની જરૂરિયાતોની તકોની પ્રાપ્યતા દ્વારા કે તેની પહોંચ દ્વારા નક્કી થાય છે. આરોગ્ય માટેના નિર્દેશકોમાં બાળમૃત્યુ દર, આયુષ્ય, આરોગ્ય સેવાઓની પ્રાપ્યતા, પોષણ અને પીવાના પાણીની પ્રાપ્યતાનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેનો તફાવત 80:20ના પ્રમાણમાં દેખાય છે. દેશમાં સાક્ષરોનું પ્રમાણ ઘણું ઓછું છે અને અધવચ્ચે શાળા છોડી જવાનો દર ખાસ કરીને છોકરીઓ માટે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ઘણો વધારે છે, આરોગ્ય અને શિક્ષણની સેવાઓનું ખાનગીકરણ થઈ રહ્યું છે અને તેનું કારણ વૈશ્વિકીકરણ અને ઉદારીકરણની નીતિઓ છે. ગરીબો આ સેવાઓ બજારમાંથી ખરીદી શકે તેમ નથી તેઓ તો અસ્તિત્વની લડાઈ લડી રહ્યા હોય તેવી સ્થિતિ ઊભી થાય છે.

### (3) રોજગારીની તકોમાં અસમાનતા

ગરીબોમાંના ઘણા લોકો અકુશળ અથવા અર્ધકુશળ લોકો છે. તેમની પાસે માત્ર શ્રમશક્તિ જ છે. તેઓ તેના દ્વારા જ અન્ન અને જીવનની અન્ય જરૂરિયાતો ખરીદી શકે છે. બેકારી અથવા અર્ધ-રોજગારી ગરીબીનું એક મહત્ત્વનું કારણ છે. ગ્રામ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે કામની તકોનું વિતરણ અસમાન રીતે થયેલું છે. સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે, સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રો વચ્ચે, મધ્યમ વર્ગ અને સમૃદ્ધ વર્ગ વચ્ચે પણ તેનું વિતરણ અસમાન રીતે થયેલું છે. વૈશ્વિકીકરણની અસરને પરિણામે જાહેર ક્ષેત્ર સંકોચાતું જાય છે અને તેથી તેમાં નોકરીઓ ઘટી રહી છે, વધુ ને વધુ કામદારો કરારને આધારે નીચા પગારે રોજગારી મેળવે છે કે જેમાં મહિલાઓ વિશેષ છે.

### (4) ગરીબો માટે પ્રતિકૂળ વિનિમય સમર્થતા

સલામત રોજગારીનાં સ્રોતો ઘટી રહ્યાં છે અને તેથી રોજગારીની તકો ઘટી રહી છે. ખરીદશક્તિ કે વિનિમયની સમર્થતાને તે ઘટાડે છે. પરિણામે તેમની અસ્ક્યામતો કે આવકના બદલે તેમને જે વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત થયા છે તેમની સંખ્યા ઘટે છે. ભાવો વધે, આડકતરા વેરા વધે અને કાયદાઓનો અસરકારક અમલ ના થાય તો ગરીબોની વિનિમયની સમર્થતામાં ઘટાડો થયા છે. લઘુતમ વેતન અને જમીનની ટોચમર્યાદા જેવા કાયદાનો અસરકારક અમલ થતો નથી. વળી, ઉદારીકરણની નીતિને લીધે સાર્વજનિક મિલકત સંસાધનો વિશેષ આર્થિક વિસ્તારો અને બહુરાષ્ટ્રીય કંપનીઓને આપવામાં આવી રહ્યાં છે. અમર્ત્ય સેન કહે છે તે મુજબ વ્યક્તિઓની કમાણી કરવાની ક્ષમતા અને રૂપાંતરણ ક્ષમતા મહદંશે તેમની સામાજિક-આર્થિક સ્થિતિ પર આધાર રાખે છે. દા.ત. વિકલાંગ વ્યક્તિ અને સામાન્ય વ્યક્તિને જો વેતન સમાન મળતું હોય તો પણ તેની તુલના ના થઈ શકે કારણ કે વિકલાંગ વ્યક્તિએ પોતાની કાર્યગત મર્યાદાઓને લીધે સેવાઓ પ્રાપ્ત કરવા માટે વધારાનો ટેકો મેળવવાની જરૂર હોય છે. આ ઉપરાંત જ્ઞાતિ, વર્ગ, સ્ત્રી-પુરુષ ભેદભાવ અને ધર્મ જેવાં પરિબળો પણ વ્યક્તિને અસહાય બનાવે છે અને તેમના અસ્તિત્વ માટે તથા તેમના કામ માટે બહુ જ ઓછી પસંદગીની તકો રહે છે.

મોટા ભાગના ગરીબો ગરીબીના વિષચક્રમાં ફસાયેલા હોય છે. આ વિષચક્રનો પાયો માત્ર ઉપર સમજાવ્યા મુજબનો આર્થિક હોય છે એવું નથી. તે અનેક પ્રકારનાં વ્યક્તિગત અને સામુદાયિક એવાં સામાજિક અને માનસિક દબાણો પણ હોય છે. આ દબાણો અન્યાયી અને ભેદભાવજનક સામાજિક વ્યવહારોને લીધે ઊભાં થયાં હોય છે. આ વ્યવહારો ગહન સામાજિક વ્યવહારો અને આત્મઘાતકતા, જોખમ ઉઠાવવાની ઓછી ક્ષમતા, પ્રતિસ્પર્ધા અને વિભાજન કે જેના ઉપર રાજકીય વ્યવહારો હાવી હોય છે તેના ઉપર આધાર રાખે છે. આ રાજકીય વ્યવહારો વહીવટી, કાનૂની અને અદાલતી હોઈ શકે છે. થોડાક લોકોના હાથમાં અધિશેષ ઉપર નિયંત્રણ હોવાથી આ અધિશેષનો નિકાલ વૈભવી ચીજોની માંગ ઉપર પ્રભાવ પાડે છે. તેથી એ વૈભવી ચીજોના ઉત્પાદનના ક્ષેત્રમાં રોકાણ માટેની માંગ વધે છે. આ વલણને લીધે મૂડીગહન ક્ષેત્રોમાં રોકાણ વધારે થાય છે. તેને પરિણામે કામદારોનું વિસ્થાપન થાય છે અને રોજગારી માટેની તકોમાં ઘટાડો થાય છે. આ ઉત્પાદક પ્રવૃત્તિઓનું લક્ષણ જ મજૂરોને ખસેડવાનું હોય છે તેથી રોજગારીની તકો ઘટવાનું વલણ ઊભું થાય છે. વધારે મૂડી રોકાણ ધરાવતા ક્ષેત્રમાં જે નવી રોજગારી સર્જાય છે તે અને વસ્તીના દબાણને લીધે વધતા શ્રમના પુરવઠા વચ્ચેની ખાઈ વધતી જાય છે અને તેને પરિણામે રોજગારીની તકો ઓછી વિસ્તરે છે.

ભારતમાં કાળું નાણું અધિશેષના ઉપયોગ માટે મહત્ત્વનું સ્રોત છે. તે પછીથી વૈભવી ચીજોની વપરાશમાં ખર્ચાય છે, મિલકતોના સટ્ટામાં વપરાય છે અને નાણાં બજારોમાં કંપનીઓના શેરોમાં રોકાણમાં ખર્ચાય છે. સંકલનકારી વ્યવહારો અને ઉત્પાદક પ્રવૃત્તિઓ વચ્ચે સરળ સંબંધો પ્રસ્થાપિત કરવામાં કાળું નાણું પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. દા. ત. પરવાના મેળવવા અને કાચો માલ મેળવવા માટે પ્રવાહી નાણાંની પ્રાપ્યતા વધી જાય છે. પોતાનાં કાર્ય સ્થળોએ વીજળી, પાણી અને પરિવહનની સવલતો પૂરી પાડવા માટે સત્તાવાળાઓ પર દબાણ લાવવા માટે પણ તેનો ઉપયોગ થાય છે. આ રીતે સંસાધનોની અસમાન વહેંચણી જળવાઈ રહે છે અને ગરીબીની નવી પરિસ્થિતિ ઊભી થાય છે.



છેવટે તો, રાજ્ય તમામ સંકલનકારી અને ઉત્પાદકીય પ્રવૃત્તિઓનું કસ્ટોડિયન હોય છે. ભારતમાં સ્વાતંત્ર્ય બાદ રાજ્યે વાલીની ભૂમિકા અખત્યાર કરી. તેણે ઉત્પાદકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવાની શરૂઆત કરી. તેનો ઈરાદો ઊભા થતા અધિશેષના વિતરણ અને ઉપયોગને અંકુશિત કરીને આર્થિક ખાઈ ઘટાડવાનો હતો. પરંતુ રાજ્ય પુનર્વહેંચણી કરવામાં મહદંશે નિષ્ફળ ગયું છે અને તેણે જ સીધી રીતે અધિશેષનો ઉપયોગ કર્યો છે અથવા પ્રભાવક જૂથ તેનાં ફળો આરોગે તેવી વ્યવસ્થા ઊભી કરી છે. ભારતમાં પ્રભાવક જૂથોમાં ઉદ્યોગપતિઓ, ધનવાન ખેડૂતો અને અમલદારો સહિતના વ્યવસાયીઓનો સમાવેશ થાય છે.

આમ, એ સ્પષ્ટ છે કે ગરીબી એ સંસાધનો અસમાન રીતે પ્રાપ્ત થવાનું પરિણામ છે, તે સામાજિક, આર્થિક અને રાજકીય સત્તાનું અસમાન વિતરણ છે અને નિર્ણય પ્રક્રિયામાં અસમાન સહભાગિતાનું પરિણામ છે. તેથી વિકાસ એટલે સંસાધનોની વધારે સમાન વહેંચણી, સત્તાના સંબંધોમાં સમતુલા તથા ગરીબો, વંચિતો અને અસહાય લોકોની નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી. કોઈ પણ વિકાસલક્ષી કાર્યક્રમ કે પ્રવૃત્તિમાં આટલા પ્રશ્નો પૂછાવા જ જોઈએઃ કોઈ લાભ થાય છે? કોણ નિર્ણય લે છે? કેટલાક લોકોની બાદબાકી કરે અથવા તેમને છેવાડે ફેંકી દે તેવાં અન્યાયી માળખાં અને વ્યવહારોને ઘટાડે તેવી દરમ્યાનગીરી કોમ કરે છે અને તેમના પર કોનો અંકુશ છે?

**ગ્રામવિકાસની જરૂર**

ભારતમાં હજુ પણ ખૂબ મોટી સંખ્યામાં લોકો ગ્રામ વિસ્તારોમાં રહે છે. ગ્રામ વિસ્તારોમાં રોજગારીની અપૂરતી તકો હોવાને લીધે ગરીબોને નજીકનાં શહેરો અને નગરોમાં સ્થાળાંતર કરવાની ફરજ પડે છે, અને તેઓ કરારી મજૂરો તરીકે કામ કરે છે તથા અનારોગ્યપ્રદ પરિસ્થિતિમાં જીવે છે. અસરકારક રીતે ગરીબી ઘટાડવા માટે ગ્રામીણ ગરીબો ઉત્પાદક પ્રવૃત્તિઓમાં સામેલ થવા જોઈએ અને ગ્રામ વિસ્તારોમાં જ અધિશેષનું સમાન રીતે વિતરણ થવું જોઈએ. ભારત જેવા ખેતીપ્રધાન અર્થતંત્રમાં જમીનએ મૂડીનો મુખ્ય સ્રોત છે. અને જો થોડાક લોકો જ આ અસ્કામતના માલિક હોય તો એ થોડાક લોકો જ અથવા પ્રભાવક જૂથો જ એ અધિશેષની ઉપર જ અંકુશ ધરાવે છે અને તેનો ઉપયોગ કરે છે.

જમીન સુધારાનો યોગ્ય અમલ કરીને જમીનની અસરકારક વહેંચણી કરવાનું અનિવાર્ય છે. જો કે, એ પૂરતું નથી કારણ કે તેને ટેકાની જરૂર છે કે જેથી અધિશેષનું સર્જન થઈ શકે અને તેનો ગ્રામ વિસ્તારોના લાભ અને વિકાસ માટે જ ઉપયોગ થઈ શકે. ખેડૂતોને જમીનની સાથે સાથે ઉત્પાદકતા વધારવા માટે વધારાના ટેકાની જરૂર પડે છે કે જેથી અધિશેષનું ઉત્પાદન થાય, ધિરાણ મળે, સુધારેલું બિયારણ અને સાધનો મળે તથા નવું જ્ઞાન મળે. આ રીતે ઉત્પન્ન થયેલા અધિશેષનો ઉપયોગ ગ્રામીણ અર્થતંત્રના વિવિધીકરણ માટે કરી શકાય. જેમ કે વણવપરાયેલી જમીનનો ઉપગોય પશુપાલન અને વનીકરણ માટે કરી શકાય. જળ અને જમીનના જતન માટેનાં પગલાં જમીનની ઉત્પાદકતા વધારવા માટે લેવાં જોઈએ. એની સાથે સાથે ચોખ્ખું પીવાનું પાણી અને વીજળી પૂરાં પાડવાં જોઈએ. શિક્ષણ અને આરોગ્યની પાયાની સેવાઓ ગુણવત્તા સાથે ખાસ કરીને ગરીબો અને છેવાડાના વર્ગોને મળવી જોઈએ. ગ્રામ વિસ્તારોમાં જે અધિશેષનું સર્જન થાય તે શહેરી વિસ્તારોના વિકાસ માટે ખેંચાઈ ન જવો જોઈએ અથવા વૈભવી ચીજોના કે મૂડીગહન ચીજોના ઉત્પાદન માટે વપરાઈ જવો ના જોઈએ. પ્રાથમિક ચીજો અને ઔદ્યોગિક ચીજોના તુલનાત્મક ભાવો દ્વારા અધિશેષ મેળવાય છે. જેમ કે, તાજેતરમાં વૈશ્વિકરણના કારણે ખાદ્ય ચીજોના ભાવ ખૂબ વધ્યા અને વૈભવી ચીજોના ભાવમાં મોટો ઘટાડો થયો.

ક્રિયમાન વેરાને લીધે અને શહેરી વિસ્તારોમાં સેવાઓ પાછળ સરકારી ખર્ચને કારણે પણ ગ્રામીણ અધિશેષ ખેંચાઈ જાય છે. ઉચ્ચ અભ્યાસોને બદલે પ્રાથમિક અને તકનિકી શિક્ષણ ઉપર ભાર મૂકવા જેવા મુદ્દાઓ માટે રાજકીય ઈચ્છાશક્તિ અને નીતિવિષયક હિમાયતની જરૂર છે. શહેરોમાં અત્યાધુનિક હૉસ્પિટલો ઊભી કરવાને બદલે ગ્રામ વિસ્તારોમાં આરોગ્યને પ્રાથમિકતા આપવાની જરૂર છે તથા શહેરોમાં મેટ્રો રેલવે અને બીઆરટીએસને બદલે ગ્રામ વિસ્તારોને સાંકળવાની જરૂર છે. ગરીબીનાં મૂળ કારણો પર હુમલો કરવા માટે લોકોના જીવનને અસર કરનારી પ્રવૃત્તિઓ વિશે નિર્ણય કરવાની સત્તા કાનૂની પગલાં દ્વારા જ નહિ પણ આયોજનના તબક્કે અને પ્રાથમિકતાઓ નક્કી કરતી વખતે તેમની સહભાગિતા વધારીને લોકોને તબદીલ કરવી જોઈએ.

**ગરીબી નિવારણની વ્યૂહરચનાઓ અને અભિગમો**

ગરીબી નિવારણ માટે ત્રણ અભિગમો પ્રવર્તે છે અથવા ત્રણ વિચારધારાઓ પ્રવર્તે છેઃ કલ્યાણલક્ષી અભિગમ, પાયાની જરૂરિયાતોનો અભિગમ અને સક્ષમતાનો અભિગમ. બીજા વિશ્વ યુદ્ધ અગાઉ વિકાસના આરંભના દિવસો દરમ્યાન કલ્યાણનો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. કલ્યાણને સુખાકારી સાથે સંબંધ છે, વસ્તુઓની વપરાશ દ્વારા ઊભા થતા સુખ સાથે સંબંધ છે. એટલે કે, તે આવકના અમુક લઘુતમ સ્તર દ્વારા તે માપવામાં આવે છે. માથાદીઠ આવકને આધારે જે ગરીબીની રેખા ઊભી થઈ તે આને આધારે ઊભી થઈ. 1970ના દાયકા દરમ્યાન એ વધારે ને વધારે સ્પષ્ટ બનતું ગયું કે દેશ કે પ્રદેશની માથાદીઠ આવક કે કુલ ઘરેલુ આવક (જીડીપી) વધે છે, પણ સાપેક્ષ ગરીબીનું અસ્તિત્વ તો રહે જે છે અને તે વધે છે. આવકમાં વધારો થાય તેથી અધિશેષની સમાનતાપૂર્ણ વહેંચણી થાય તેની ખાતરી મળતી નથી, અને તેથી જીવનધોરણ સુધરે જ એવું બનતું નથી. એનાથી વિરુદ્ધ, કેટલાંક જૂથો વધારે પ્રમાણમાં છેવાડે ધકેલાઈ જાય છે. આવકને જરૂરિયાતોને પહોંચી વળવાના સંદર્ભમાં જ જોવામાં આવે છે. તેથી પાયાની જરૂરિયાતોનો ખ્યાલ ઊભો થયો. તેમાં આરોગ્ય, પોષણ અને સાક્ષરતા સહિતના સારા જીવનધોરણને સમાવેશ થયો. ગરીબી નિવારણની વ્યૂહરચનાઓ અને કાર્યક્રમો સમગ્ર રાષ્ટ્રનું જીવનધોરણ સુધારવા ઉપરથી અસહાય જૂથો માટે નક્કર પગલાં ભરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું, પ્રાથમિક આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેવી પાયાની સેવાઓ પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. કલ્યાણલક્ષી અભિગમના સ્થાને જે સક્ષમતાનો અભિગમ આવ્યો તેનો આધાર એ હતો કે નીતિઓ એવી હોવી જોઈએ કે જેથી લોકોની સક્ષમતા વધે, તેઓ માત્ર સેવાઓનો ઉપયોગ કરનારા ન બની રહે. લોકો વર્તમાન સંસાધનોનો લાભ મેળવે એ જરૂરી છે. તેઓ જાતે પસંદગીઓ અને એ રીતે સક્ષમતા ઊભી કરે એ આવશ્યક છે. તેઓ સક્ષમતા કેળવીને ભૂખમરાથી મુક્ત થાય તથા જાહેર જીવનમાં ગૌરવ સાથે સહભાગી બને તે જરૂરી છે.

# 10. આપત્તિનાં જોખમો ઘટાડવામાં પંચાયતની ભૂમિકા



ભારતમાં દર વર્ષે કુદરતી હોનારતમાં સરેરાશ 4350 લોકો જાન ગુમાવે છે, તથા લગભગ 30 કરોડ લોકો અસર પામે છે. તે ઉપરાંત 1.5 કરોડ હૅક્ટર વાવેલી જમીનને અસર થાય છે. તેમ જ 2.36 કરોડ ઘરોને નુકશાન થાય છે. હોનારતને કારણે દેશની 2 ટકા GDP સીધી જ ઓછી થઈ જાય છે તેવું જોવામાં આવ્યું છે. એક બાજુ આપણે હોનારતની આવી તીવ્ર અસરો જોઈએ છીએ, તો બીજી બાજુ હોનારતમાં પુનરાવર્તન વધવાની સંભાવના દર્શાવાયી છે. છેલ્લા બે દાયકામાં આપણે લાતુર ભૂંકપ, ઓરિસ્સાનું મહાન વાવાઝોડું, ગુજરાત ભૂકંપ તથા દક્ષિણ એશિયાના ત્સુનામી જેવી મોટી હોનારતનાં સાક્ષી બન્યાં છીએ.

જાન્યુઆરી 2005માં ભરાયેલ વર્લ્ડ કૉન્ફરન્સ ઑન ડીઝાસ્ટર મૅનેજમૅન્ટ, ડીઝાસ્ટર રીસ્ક મૅનેજમૅન્ટ (DRM) તથા સ્થાનિક વિકાસ આયોજન વચ્ચે કડી રચવાની, રાજકીય ઈચ્છાને મજબુત બનાવવાની, સ્રોતોની ફાળવણી તથા રાજકીય પ્રક્રિયા ચાલુ રાખવાની નબળાઈઓ/છીંડા ઘટાડવા તથા જોખમ ઘટાડવા ઉપર આધારિત ગુણવત્તાસભર ડેટા વિકસાવવા તથા પૂર્વચેતાવણી માટેનાં તંત્રની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેણે કાયદાકીય સુસજ્જતા તથા સુવિધા તંત્ર તરીકે નીતિઓ વિકસાવવા પર પણ ભાર મૂક્યો. આ મૂદ્દાઓને ત્રણ વ્યૂહાત્મક લક્ષ્યો તથા પાંચ પ્રક્રિયાના અગ્રતાક્રમવાળાં ક્ષેત્ર તરીકે

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સ્પષ્ટ કરાયા. જેણે હ્યોગો ફ્રેમવર્ક ફૉર ઍક્શન 2005-2015 તરીકે ઓળખાણ છે. ભારતે એક સહી કરનાર રાષ્ટ્ર હોવાને નાતે હ્યોગો ફ્રેમવર્ક ઑફ ઍકશનના અમલીકરણને અપનાવ્યું છે તથા તેને માટે વચનબદ્ધ થયું છે.

અણધાર્યા તથા વારંવારની હોનારતોની અસરો, હોનારત વ્યવસ્થાપન કરનારાઓ તથા નીતિ ઘડનારાઓએ ડીઝાસ્ટર મૅનેજમેન્ટનાં માળખાં તથા કાર્યોની યોગ્યતા વિશે પુનઃ વિચારણા કરવા તરફ દોરી ગયા છે. એવું પણ સ્પષ્ટ કરાયું છે કે જ્યાં સુધી સામાન્ય સમય દરમ્યાનની નબળાઈઓ/છીંડાઓ ઘટાડાય નહીં, માત્ર હોનારત પછીની પ્રતિક્રિયાઓ માનવ પીડાને સંભાળી શકે નહીં તથા હોનારતનાં જોખમો ઘટાડી શકે નહીં. યોજના સ્તરે એવું સ્પષ્ટ કરવામાં આવ્યું કે નુકશાનને કાબુમાં રાખવા તથા વિકાસશીલ પ્રાપ્તિની ખોટ ઘટાડવા હોનારત પૂર્વેના ઉપશમન તથા સાવધાની પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. એવું પણ ધ્યાન પર આવ્યું કે હોનારત ને સંભાળવા માટે બહુ પરિમાણીય, ઘણી શિસ્તબદ્ધતા, તથા બહુ પરિધીય વલણ જરૂરી છે. આ અજમાયશ રાહત કેન્દ્રિત વલણને અગમચેતી, ઉપશમન તથા સાવધાની જેવાં ક્રિયા તરફી વલણમાં બદલાવ તરફ દોરી ગયો છે.

**ગુજરાતમાં હોનારત મૅનેજમૅન્ટ માળખું તથા કાર્યોઃ**

ગુજરાત તથા ઓરિસ્સા જેવાં કેટલાંક રાજ્યોએ રાજ્ય સ્તરે આપત્તિ મૅનેજમૅન્ટ ધારો ઘડ્યો છે અને રાષ્ટ્રીય ધારાનાં ઘડતર પહેલાં ડીઝાસ્ટર મૅનેજમૅન્ટ ઑથોરીટી બનાવી છે. ગુજરાત સરકારે ડીઝાસ્ટર મૅનેજમૅન્ટ પોલીસી 2002ના વર્ષમાં જાહેર કરી. આ નીતિને અનુસરીને સરકારે ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન ધારો 2003 પસાર કર્યો. આ ખરડો રાજ્ય વિધાનસભા વડે 28 માર્ચ, 2003 ના દિવસે પસાર કરાયો અને આ ધારો 13 મે, 2003થી અમલમાં આવ્યો. ગુજરાત રાજ્ય, હોનારત પ્રબંધન માટે કાયદેસર તથા નિયમબદ્ધ માળખું પુરું પાડતો ધારો ઘડતર અંગેનું ભારતનું પ્રથમ રાજ્ય બન્યું. ગુજરાતના ભૂકંપ પછી તરત બનાવાયેલ ગુજરાત રાજ્ય આપત્તિ પ્રબંધન સંસ્થા (GSDMA) એ DM માળખાં ને મજબુતાઈ આપવા માટે જિલ્લા કક્ષાએ શોધખોળ તેમ જ બચાવ હાથ ધરવા માટે વિવિધ પ્રકારનાં સાધનો સાથેનાં આપાતકાલીન કાર્ય કેન્દ્રો બનાવવા જેવાં ઘણાં પગલાં લીધાં છે. કોઈ પણ કટોકટીને પહોંચી વળવા માટે તેની પાસે ઉત્તમ ઈન્સીડન્ટ કમાન્ડ સિસ્ટમ છે. એવી માન્યતા છે કે જો સમાજ આધારીત મૅનેજમૅન્ટ પદ્ધતિને નકારાય તો કોઈ પણ મૅનેજમૅન્ટ પદ્ધતિ અસરકારક નીવડતી નથી. ગામના સ્તરે સહાયકારી આયોજનની તૈયારી માટે તથા અસરકારક સામાજિક પ્રત્યાઘાતો માટે કૉમ્યુનિટી બેઝ્ડ ડીઝાસ્ટર પ્રીપેર્ડનેસ પ્રક્રિયા સંસ્થાગત કરાઈ છે. આ હસ્તક્ષેપ ઉપરાંત જિલ્લા તાલુકા તથા સમુદાય આપત્તિ પ્રબંધન આયોજન તરીકે જાણીતા થયેલા જિલ્લા, તાલુકા તથા શહેરના સ્તરે હોનારત પ્રબંધન આયોજનની તૈયારી, શાળા સુરક્ષા હોનારત પ્રબંધન, વાવાઝોડાનાં જોખમનું ઉપશમન, હોનારત પ્રબંધનમાં મુખ્ય પ્રવાહ જાતિ, તાલીમો, કેમ્પો તથા સર્ટિફિકેટો દ્વારા કડીયાઓની કાબેલિયત વધારવી વગેરે વિશિષ્ટ કાર્યક્રમો તરતા મૂકાયા છે.

આ ધારો અધિકારીને, કમિશનરને, સહાયતા આયોજન માટે વાટાઘાટ કેન્દ્રો સ્થાપવા માટે કલેક્ટર તથા સ્થાનિક અધિકારીને, કાબેલીયત ઘડવા માટે, ડેટા એકઠા કરવા માટે તથા તાલીમ માટે માણસો શોધવા માટે, રાહત કાર્યો, નુકશાનની આકારણી, નવઘડતર તથા પુનરુત્થાન માટે સહાયરૂપ થવા માટે રાજ્ય સરકારના બધા વિભાગોને હળીમળીને કામ કરવા કહે છે. આમ આ ધારો -

- હોનારત પ્રબંધન વલણ માટે કાયદાકીય ટેકો પૂરો પાડે છે.
- સરકારની અંદરની તથા બહારની વિવિધ સંસ્થાઓની ભૂમિકા/જવાબદારીઓ સ્પષ્ટ કરે છે.
- એક સિદ્ધાંત તરીકે, તે ખાનગીક્ષેત્ર, સ્વયંસેવી સંગઠનો તથા સામાજિક જુથો વગેરેને કાયદાકીય સ્થાન આપે છે.
- જોખમની ભાગીદારી/નાણા વિષયક વળતર અથવા વિમા તંત્ર વિશે જાણવાની સગવડનો સમાવેશ.
- ખર્ચમાં ભાગીદારીનો વિકલ્પ પૂરો પાડે છે.
- સાવધાની, આયોજન, જોખમ ઘટાડવું, સામાન્યતા તરફ ઝડપથી પાછા ફરવું વગેરે પર ભાર મૂકે છે.

આપત્તિ વ્યવસ્થાપનની ધારોનો મહત્વનો ગુણ છે લાઈન વિભાગ, ગ્રામ-બ્લોક-જિલ્લા તથા રાજ્ય કક્ષાએ સ્થાનિક સંસ્થાઓ તથા સમાજના સહયોગથી સાવધાની તથા મીટીગેશન/ઉપશામક આયોજન તૈયાર કરવાં તથા તેનો અમલ કરવો. સ્થાનિક સમાજને પ્રાથમિક હિસ્સાધારક ગણવામાં આવે છે. આ આયોજનોને સંચાલન શક્તિથી ભરપૂર પ્રકારના કલ્પવામાં આવ્યાં છે તથા તેમની સમયાંતરે પુનઃ - ચકાસણી તથા તેમને અદ્યતન કરવાની સગવડ છે. બધા સ્તરે લોકોની ભાગીદારી ખાતરી વડે આ આયોજનનો ઘડાવાં જોઈએ અને આવાં કોઈ પણ આયોજનો જાહેર ક્ષેત્રમાં ઉપલબ્ધ હોવાં જોઈએ.

**લોક સમાજ આધારિત હોનારત જોખમમાં ઘટાડો કરવોઃ** સંસ્થાકીય ક્ષમતા ઘડવાની સાથે સાથે સમાજના સ્તરે સ્થિતિ સ્થાપક્તા ઘડવી તથા મજબૂત કરવી એ પણ અગત્યનું છે. હોનારતનાં જોખમ ઘટાડવાની વ્યુહરચનામાં પંચાયતી રાજ સંસ્થાઓ અસરકારક ભૂમિકા ભજવી શકે. સમુદાયના સ્તરે સ્થાપવા/ઘડવા જરૂરી એવા કેટલાંક મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ છે.

- હોનારત(આપત્તિ) સુરક્ષિત સમુદાયમાં રહેવું તેને મૂળભૂત માનવ અધિકાર ગણવામાં આવે છે
- સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપનને બધા વિકાસશીલ આયોજનો તથા પ્રારંભ સાથે જોડવાથી જ ટકાઉ વિકાસ સાધી શકાશે
- લોકોસમાજનાં જ્ઞાન, સંસ્કૃતિ તથા રિવાજો ને ઓળખ મળે છે તેમ જ માન અપાય છે
- નબળાં જુથો તથા વ્યક્તિઓ માટે કેન્દ્રની ભૂમિકા
- ટકાઉ વિકાસને આગળ વધારવાના લાંબાગાળાનાં લક્ષ્ય સાથે વિકાસ અભિમુખ વલણ
- અન્યાય અથવા અવિકસિતતા પેદા કરતાં માળખાંમાં પરિવર્તન કરે છે અથવા તેને કાઢી નાખે છે, ત્યારે નબળાઈઓનાં તળીયાંનાં કારણોને સ્પર્શે છે/સંબોધે છે.
- ઘણા બધા હિસ્સેદારોની ભૂમિકાઃ NGOs, બીજા નાગરિક સમાજ સંગઠનો તથા સરકાર ઉત્તેજનાત્મક છે. જાગરુકતા ઘડવામાં તથા પૂર્વ ચેતવણીમાં માધ્યમો મહત્વની ભૂમિકા ભજવી શકે.
- જાતિ - હોનારત જોખમ મૅનેજમૅન્ટના બધા સ્તરે મહિલાઓની ભાગીદારી.

**લોકસમાજના સ્તરે આપત્તિ પ્રબંધન આયોજનનાં મુખ્ય અંશ/ઘટક**

1. **જોખમોની આકારણીઃ** જોખમને ઘણા લોકો વડે હોનારત તરીકે ગણવામાં આવે છે. જો કે, એક જોખમને એક હોનારત ત્યારે જ કહેવાય, જ્યારે તે એક લોકસમાજ પર હુમલો કરે, જે તેની

અસરો સાથે મેળ બેસાડી શકે તેમ ન હોય. યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ સ્ટ્રેટેજી ફૉર ડીઝાસ્ટર - રીડક્શન (UN-ISDR)ની શબ્દોની પૂરવણી અનુસાર જોખમ એટલે "શક્તિશાળી નુકશાનકર્તા શારીરિક ઘટના, વિલક્ષણ ઘટનાં અથવા માનવ પ્રવૃતિ કે જે મૃત્યુ અથવા ઈજાનું કારણ બની શકે, મિલ્કતોની નુકશાની, સામાજિક અથવા આર્થિક ભંગાણ અથવા પર્યાવરણીય અધઃપતન છે". એક જોખમને તેનાં કારણ તથા અસરની રીતે આલેખવાં જરૂરી છે. કેટલાંક જોખમો બહોળા સમાજને અસર કરે છે, તો કેટલાંક વ્યક્તિને અસર કરે છે. લોકસમાજના જોખમોની આકારણીને સમાજ ભયની શું વ્યાખ્યા કરે છે, તથા ચોક્કસ જોખમના પ્રકાર તથા વર્ણન સમજ દર્શાવે છે. આ આકારણી જોખમની લાક્ષણિકતા - ચોક્કસપણે, જોખમની તાકાત, ચેતવણીની સંજ્ઞાઓ તથા પૂર્વચેતવણીની નિશાનીઓ, ઘસારાની ઝડપ, પુનરાવૃત્તિ, બનાવનો સમયગાળો તથા અવધિની માહિતી બહાર લાવે છે.

2. **આંતરિક નિર્બળતાની આકારણીઃ** લોકોની જીંદગી તથા આરોગ્ય સામાન્ય રીતે હોનારતની વિનાશક અસરથી સીધાં જોખમમાં છે. તેઓ જેના પર નિર્ભર છે તેવી માલમિલકતો જેમ કે મકાનો, પાક, ઢોરઢાંખર અથવા સાધનોના વિનાશને કારણે તેમનો જીવન નિર્વાહ પણ જોખમમાં હોઈ શકે છે. આંતરિક નબળાઈએ પ્રવર્તમાન સ્થિતિઓનો સમુહ છે, જે લોકસમાજની અગમચેતી, ઉપશામનની અથવા હોનારતની ઘટનાના પ્રત્યાઘાતની તૈયારીની શક્તિને ખરાબ રીતે અસરકર્તા છે. આંતરિક નબળાઈએ અસુરક્ષિત પરિસ્થિતિ છે અને આંતરિક નબળાઈની માત્રા આદર્શ સુરક્ષા સ્થિતિ સાથે સંબંધીત છે. માટે લોક સમાજે ચોક્કસ હોનારતના પ્રત્યાઘાત માટે અસુરક્ષિત હોય તેવાં માળખાં તથા સ્થિતિઓને ઓળખી લેવી જોઈએ. હોનારતના જોખમની હદ હઝાર્ડની તાકાત તથા આંતરિક નબળાઈની હદ પરથી નક્કી થાય છે. ભૌતિક માળખાં તથા સામાજિક સ્થિતિની આંતરિક નબળાઈની આકારણી હોનારતના જોખમની અસરને પ્રાથમિક રીતે વધારે છે. આંતરિક નબળાઈના વિશ્લેષણ વડે લોકસમાજ જોખમમાં હોય તેવાં તત્વો તથા આંતરિક નબળાઈ ઘટાડવાની ક્ષમતા કેવી રીતે ઘડવી તે જાણી શકે છે. હોનારતનાં જોખમને (હોનારત આંતરિક નબળાઈ) ક્ષમતા વડે ભાગાકાર તરીકે જોવામાં આવે છે. ક્ષમતાનું વર્ગીકરણ અગમચેતી, ઉપશમન, અસ્તિત્વ ટકાવી રાખવું તથા તૈયારીનાં પગલાં એવો થાય છે.

3. **ક્ષમતાની આકારણીઃ** તે સમાજની વિવિધ હોનારતનો સામનો કરવાની ક્ષમતાઓને ઓળખવા માટે છે. એક લોકસમુદાય, સમાજ અથવા સંગઠન કે જે એક આપત્તિનાં જોખમ અથવા અસરોના સ્તરને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે, તેનાં સંયોજનને ક્ષમતા કહેવાય છે. ક્ષમતામાં શારીરિક, સામાજિક, સંસ્થાકીય અથવા આર્થિક માર્ગો તેમ જ કુનેહવાળી વ્યક્તિઓ અથવા સામુહિક ગુણધર્મો જેવાં કે નેતાગીરી તથા મૅનેજમૅન્ટ વગેરેનો સમાવેશ થાય છે. ક્ષમતાની આના જેવી જ વ્યાખ્યા એટલે તાકાત તથા સ્રોતો, જે વ્યક્તિ, ઘરો તથા સમાજમાં પ્રવર્તમાન હોય છે, જે તેમને સામનો કરવા, ટક્કર લેવા તૈયાર થવા અગમચેતી, ઉપશમન કરવા અથવા હોનારતમાંથી ઝડપથી ઉભા થવા સક્ષમ બનાવે છે.

- ઉપશમન એવાં પગલાં આવરે છે, જે હોનારતની અસરને ઓછી/નાની કરે છે અને આ રીતે હોનારતના મહત્ત્વને ઓછું કરે છે. ઉપશમનનાં પગલાંનો વિસ્તાર એટલે ભૌતિક પગલાં જેવાં કે પૂર નિયંત્રણ, સુરક્ષિત મકાનોની ડીઝાઈન, બિન માળખાંકીય પગલાં, જેવાં કે તાલીમ, હોનારત સ્વયંસેવકોની ગોઠવણ, લોકોમાં જાગરુકતા, અન્ન સુરક્ષા કાર્યક્રમો વગેરે.

- અગમચેતીમાં હોનારતની ઘટના બનતી અટકાવવા માટે તૈયાર કરાયેલ પ્રવૃત્તિઓ તથા/અથવા આવી ઘટનાની સમાજ તથા સગવડો ઉપર પડતી નુકશાનકારક અસરો અટકાવવાનું આવરી લેવાય છે. ઉદાહરણ તરીકે - પૂરતાં પાણી માટે નહેર બનાવવી વનીકરણ, અગમચેતીરૂપ આરોગ્ય સંભાળ વગેરે.

- અસ્તિત્વ ટકાવી રાખવાં એવી પ્રવૃત્તિઓ દર્શાવે છે, જે વ્યક્તિગત આંતરિક નિર્બળતા સાથે કામ કરે. આ બધી વ્યક્તિગત સ્તરની ક્ષમતા છે, જેવી કે મુશ્કેલ પરિસ્થિતિ છતાં, ખોરાક, આશરો, પીવાનું પાણી સુધી પહોંચવું, જીવતા રહેવા અથવા અસ્તિત્વ ટકાવી રાખવાની વ્યવસ્થા કરવી વગેરે.

- ઊભા થવું અથવા બહાર આવવું એ સમુદાય તથા સંગઠનોની એક તંત્ર તરીકે કામ કરવાની ક્ષમતા જે શોધખોળ, બચાવકાર્ય, રાહત તેમ જ પુનઃવસવાટ જેવી બાબતો સાથે કામ કરે, સામાન્ય સમય દરમ્યાન આ ચાર ક્ષેત્રમાં લોકસમાજની ક્ષમતા વિકસાવી શકાય. ઉદાહરણ તરીકે, ઉપશમન તથા અગમચેતીની પ્રવૃત્તિઓ વિવિધ વિકાસશીલ કાર્યોક્રમો હેઠળ લઈ શકાય. તેવી જ રીતે અસ્તિત્વ ટકાવી રાખવા માટેની તથા બહાર આવવા માટેની આવડતો/કુનેહો, જેવી કે તરવું, પ્રાથમિક સારવાર, આરોગ્ય સંભાળ સગવડો, શોધ તેમ જ બચાવ તંત્ર, સુરક્ષિત બાંધકામ માટે કડીયા કામની તાલીમ વગેરે હોનારત પહેલાં લાગુ કરી શકાય. લોકસમુદાયની ક્ષમતા પણ જ્ઞાતિ, જાતિ, ઉંમર વગેરેની રીતે જુદી જુદી હોય છે. ક્ષમતાની આકારણી પણ અસંમુક્ત પદ્ધતિથી થવી જરૂરી છે.

4. **આપત્તિનાં જોખમોનું વિશ્લેષણઃ** હોનારત, આંતરિક નબળાઈઓ તથા ક્ષમતાની આકારણી કર્યા પછી, લોકસમુદાયએ જુદી જુદી હોનારતનાં ચોક્કસ જોખમોનું વિશ્લેષણ કરવું જોઈએ તથા કાર્યોં તત્વો કયા પ્રકારનાં જોખમ હેઠળ છે, તે ચકાસવું જોઈએ દાખલા તરીકે એક નબળાં બાંધકામવાળું શાળાનું મકાન જો દરિયા કિનારે/પૂરગ્રસ્ત વિસ્તાર/ભૂકંપ વિસ્તાર/ની નજીક હોય, તો માત્ર બાંધકામનાં નુકશાન પુરતું જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે પણ જોખમી છે. ધારો કે જે દરીયા તથા ખૂલ્લી ગટરો વચ્ચે રહેલાં છે, તેઓ પૂર તથા વાવાઝોડાં સમયે જોખમ સામે અરક્ષિત છે, કારણ કે તેમને સહેલાઈથી ખાલી કરાવી શકાતાં નથી. કયા લોકો જોખમમાં છે, જોખમનું સ્થળ કયું છે, તથા હોનારતની બાબતમાં લોકો તથા જગ્યા કેટલાં નિર્બળ છે તે જોવાની જરૂર છે. હોનારતનાં જોખમોનું વિશ્લેષણ જોખમ ઘટાડવાની વ્યૂહરચના વિકસાવવા તથા તૈયાર કરવાની સમજણ પૂરી પાડવામાં મોટો ભાગ ભજવે છે.

5. **આપત્તિનાં જોખમો ઘટાડવાની વ્યુહરચનાનો વિકાસઃ** વ્યુરચના એ કામનાં આયોજનો તથા સંદર્ભોનો સમુહ છે, જે સંગઠનોના સ્રોતોનો શક્ય તેટલાં ઉત્તમ માર્ગે અભિયાન અથવા મુખ્ય હેતુઓ માટે ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપે છે. આપત્તિને જોખમ ઘટાડાના કિસ્સામાં કામનાં

આયોજનો નિયમિત વિકાસની પ્રવૃત્તિઓ દરમ્યાન એવી રીતે તૈયાર થવાં જોઈએ કે લોક સમુદાયમાં ઉપશમન, અગમચેતી, અસ્તિત્વ ટકાવી રાખવું તથા સાવચેતી ઘડી શકાય DRR ક્રિયા આયોજનની મુખ્ય ચાલક લોકસમુદાય પોતે જ છે. મોટાભાગનાં DRR આયોજનો સમુદાયની ક્ષમતાની અંદર છે. દાખલા તરીકે નિયમિત રીતે પૂરથી અસરગ્રસ્ત વિસ્તારમાં ખેડુતો પૂરની પહેલાં પોતાનાં ઢોરઢાંખર વેચી દે છે અને પૂર પછી પાછાં ખરીદે છે. આવી સામાજિક ક્રિયાઓ દુઃખ તથા મિલકતની ખોટ ઘટાડે છે. લોકસમુદાયની પૂર, વાવાઝોડાં, ભૂકંપ સામે નબળાં ઘરોની આકારણી મજબુતીકરણની વ્યુહરચનાને ઓળખવામાં મદદરૂપ થાય છે, (જેને પંચાયતો મદદ કરી શકે) હેન્ડપંપની ઉંચાઈ વધારવાથી તે પૂરતા સમયે પીવાનાં પાણીને દુષિત થતું અટકાવી શકે. આવા ઘણા આપત્તિ જોખમ ઘટાડા આયોજનનો વિકસાવી શકાય. જેના લોકસમાજ સીધા જ પ્રારંભ કરે. જો કે , કેટલીક ક્રિયાઓ જેવી કે પૂર દરમ્યાન સ્થળાંતર માટેની યાંત્રિક બોટની સમાજની જરૂરીયાત હોઈ શકે. આવા કિસ્સાઓમાં અસરકારક કડી (ફોન નંબર, સંપર્કો) આપત્તિ જોખમ ઘટાડાની ક્ષમતા ઘડવામાં મદદ કરી શકે.

6. આપત્તિ જોખમ ઘટાડા પર લોકસમુદાયની ક્રિયાઓ તથા સહાયકારી આયોજનોઃ છેવટે લોકસમુદાયે બધાં ઘરોને સુરક્ષિત કરવા માટેના કાર્યોનાં આયોજનો દર્શાવવાં જરૂરી છે. માટે, આયોજનની ક્ષમતાના ઘડતરની પુનઃચકાસણીની પ્રક્રિયા નિરંતર ચાલવી જોઈએ. પંચાયત આપત્તિ જોખમ ઘટાડા ને ગ્રામસભાનો એક મુદ્દો બનાવી શકે. પૂર્વ ચેતવણી શોધખોળ તથા બચાવ, પ્રાથમિક સારવાર, પીવાનું પાણી, આશ્રય, નુકશાનની આકરણી વગેરે માટે મોટેભાગે સમાજના સ્તરે કાર્યબળ (ટાસ્કફોર્સીઝ) બનાવવામાં આવે છે.

**લોકસમાજ આધારિત હોનારતના જોખમને ઘટાડવાનું મહત્ત્વઃ** ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન ધારાએ ગ્રામ હોનારત પ્રબંધન સમિતિને DRR માટેની એક ફરજિયાત સંસ્થા બનાવી છે. તે ઉપશમન (મીટીગેશન) તથા અગમચેતી માટે વિવિધ વિકાસશીલ કાર્યક્રમો હેઠળ ગ્રામ સ્તરે આયોજનો કરશે. ઉ.ત. રોજગાર બાંયધરી કાયદા પાસે પૂરનિયંત્રણ તથા દુષ્કાળની અગમચેતીનાં કામ હાથ ધરવાની સગવડ છે. માળખાકીય આંતરિક નબળાઈઓ, જેવી કે શાળાઓ, રુગ્ણાલયનાં મકાનો, પૂલો વગેરે સરકારના વિવિધ કામોના કાર્યક્રમો હેઠળ લઈ શકાય. તળના આરોગ્ય સેવા પૂરી પાડનારાને વધુ જવાબદાર બનાવીને અગમચેતી રૂપ આરોગ્ય સંભાળ સગવડો મેળવી શકાય. બીજા શબ્દોમાં, સમાજ હોનારત સાથે સંકળાયેલાં જોખમો સાથે કામ કરવા માટે વધુ જવાબદારી હાથ પર લઈ શકે. તે સામાન્ય સમયમાં હોનારતનાં ઉપશમન તથા અગમચેતી માટે સ્રોતોનો ઉપયોગ કાર્યક્ષમ બનાવી શકે. તે નેતાગીરી, કડીરૂપ મકાનો તથા વિવિધ ટેકારૂપ સેવાઓની આકારણીની બાબતમાં સમાજની ક્ષમતા પણ ઘડી શકો, જે લાંબાગાળે સમાજની સ્થિતિસ્થાપકતા ઘડી શકે.

**લોકસમાજની ભાગીદારીનું મહત્વઃ** સમાજની ભાગીદારી તેમની જોખમ તથા આંતરિક નિર્બળતા વિશેની જાગરુકતા વધારવા તરફ દોરી જશે. તે આપત્તિ જોખમ ઘટાડા આયોજનની માલિકી ઘડે છે, અને લોકો તેમના અનુભવો તથા સ્રોતોના ઉપયોગમાં પ્રોત્સાહીત થયાનું અનુભવે છે. જ્યારે સમાજ સામેલ થાય ત્યારે આયોજન પર ઝડપી ક્રિયાઓ શક્ય બને છે, કારણ કે સ્થાનિક સ્તરના પ્રશ્નો લોકો પોતે જ ઉકેલે છે, તથા તેમાં ફાળો આપવા લોકો સ્વેચ્છાએ આગળ આવે છે, જે ઝડપથી ઉકેલ લાવી શકે.

અગ્રતાક્રમવાળી ક્રિયાઓ/મુદ્દાઓ વિશે નિર્ણય લેવાનું સરળ છે. સમુદાય પણ સ્રોતોની સજાવટ માટે બહાર તરફ કડીઓ બાંધવા માટે સશક્ત થયાનું અનુભવે છે. તે સમાજ પોતાની પ્રક્રિયા તરફ દોરી જાય છે તેથી, સમાજનો આત્મવિશ્વાસ વધે છે, જે સ્વ-આવડત તરફ દોરી જાય છે તથા સ્થાનિક સ્તરે નેતાગીરીના વિકાસની તક પૂરી પાડે છે.

**લોક સમુદાયની ભાગીદારીમાં બાધારૂપ તત્વોઃ** જ્યારે લોકસમુદાય પાસે પાયાના વિકાસ માટેના વિભાગો, જેવાં કે અન્નની સુરક્ષિતતા, આરોગ્ય સંભાળ સેવાઓ વગેરે સ્પર્ધાત્મક માગણી હોય, ત્યારે હોનારતમાં જોખમોનાં પ્રબંધનનો અગ્રતાક્રમ નીચો રહે છે અને સામાન્ય સમયમાં લોકોનો હોનારત વિશે વાત કરવામાં રસ ઓછો થઈ જાય છે. વધુમાં આપત્તિ જોખમ વ્યવસ્થાપન એ ઘણો નવો સંદર્ભ છે, જેના જુદા જુદા હિસ્સેદારો માટે જુદા જુદા અર્થ છે. આ મુદ્દા પર પર્યાપ્ત અભિમુખતા ભાગીદારીમાં આવતી પાયાની અડચણને દૂર કરી શકે છે. અત્યારે PRI ઓ સહિતની મોટાભાગનું સંસ્થાકીય વલણ કટોકટી કેન્દ્રિત છે, જે હોનારત જોખમનાં પ્રબંધનનાં સંગઠિત તંત્રના અભાવમાં પરિણમે છે. આપત્તિ જોખમ ઘટાડા ઉપર ક્ષમતા ઘડવાની રાજકીય ઈચ્છા ઊભી કરવી જરૂરી છે.

**પંચાયતી રાજ સંસ્થાઓ તથા હોનારત પ્રબંધનઃ** ભારતનાં બંધારણના 73મા સુધારાની કલમ 243 - G, પંચાયતોને ગામડાંઓનો વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તે સ્થાનિક સ્વરાજ સંચાલનને વિકેન્દ્રિકરણ કરવા તથા સ્રોતોનો ઉપયોગ કરવા કાયદાકીય દરજ્જો પૂરો પાડે છે. ગ્રામ પંચાયતને દર વર્ષે ગ્રામસભાના સહયોગ તથા સંમતિથી તેમનું વાર્ષિક આયોજન તૈયાર કરવાની ફરજ પડાય છે. ગ્રામસભાએ ગામના સર્વગ્રાહી વિકાસ માટેના આયોજનો, જેનું સમાન ભાગીદારી, સામાજિક ન્યાય, જવાબદારી તથા પારદર્શિતા જેવાં સિદ્ધાંતો વડે માર્ગદર્શન કરાયું છે, તેની તૈયારીમાં વિવિધ હિસ્સેદારોની માન્યતાની દલીલ, ચર્ચા તથા વહેંચવા માટેનું જાહેર સ્થાન છે. આ આયોજનોનું અમલીકરણ પંચાયત વડે કરાય છે.

ભારતમાં ડીઝાસ્ટર મૅનેજમૅન્ટને કુદરતી આપત્તિથી અસર પામેલા લોકોને રાહત તરીકે જોવાનું હતું. લાંબા સમય સુધી ડીઝાસ્ટર મૅનેજમૅન્ટ ખેતીવાડી મંત્રાલય હેઠળ રહ્યું છે, રાજ્યોમાં તે મહેસુલ અથવા રાહત વિભાગનો વિષય હતો, જ્યારે જિલ્લાઓમાં તે કલેક્ટર માટે ઘણી કટોકટીનું પ્રબંધન કાર્યમાંનું એક હતું. ભૂતકાળમાં દુકાળ દરમ્યાન પંચાયતો મોટા પાયે સામેલ હતી, કારણ કે તે એક સર્વસામાન્ય તથા અવારનવાર થતી આપત્તિ છે. તેવા સમયે મહેસુલ વિભાગ વડે અછત કાર્યોનું આયોજન થતું, જેથી ગામના સ્તરે રોજગાર માટેની તકો ઊભી કરી શકાય તથા ઉપશમનને અટકાવાય. રાહત કમિશનરનાં માર્ગદર્શન હેઠળ તેનું અમલીકરણ જિલ્લા કલેક્ટરના તાબામાં રહેતું. ચૂકવણી તથા માપણી પદ્ધતિની માર્ગદર્શિકા તરીકે રીલીફ મેન્યુએલનો ઉપયોગ કરાતો. પંચાયતો શ્રમ કરવા માટે તૈયાર હોય તેવા લોકોનાં નામો સૂચવવામાં ભાગ લેતી. નિરિક્ષણ તથા ચૂકવણી મહેસુલ વિભાગ વડે કરાતી.

કૉમ્યુનિટી બેઝ્ડ ડીઝાસ્ટર રીસ્ક રીડક્શનનાં નવાં વલણને જોતાં ધારા હેઠળ બનાવાયેલ ગુજરાત રાજ્ય આપત્તિ પ્રબંધન સંસ્થાએ આયોજન પ્રક્રિયામાં પંચાયતોને સામેલ કરવાની શરૂઆત કરી છે. જો કે, એવા ઘણા અવરોધો છે કે પંચાયતોની ભૂમિકાને અસરકારક બનાવવા જેને જોવા જરૂરી છે.

# 11. કુદરતી સંસાધન સંચાલનમાં પંચાયતોની ભૂમિકા

કુદરતી સંસાધન સંચાલનનો અર્થ છે જમીન, પાણી, વનસ્પતિ અને પ્રાણીઓ જેવાં કુદરતી સંસાધનોનું સંચાલન. તેમાં વર્તમાન અને ભાવિ બંને પેઢીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. કુદરતી સંસાધન સંચાલન એ ચિરંતન કે ટકાઉ વિકાસના ખ્યાલ સાથે સુમેળ સાધનારી બાબત છે. તે એક વૈજ્ઞાનિક સિદ્ધાંત છે કે જેમાં ચિરંતન જમીન સંચાલન અને પર્યાવરણીય શાસન માટેનો આધાર કુદરતી સંસાધનોના જતન તથા જાળવણી માટે ઉભો થાય છે. કુદરતી સંસાધન સંચાલનમાં સંસાધનો તથા પરિસ્થિતિ વિજ્ઞાનની વૈજ્ઞાનિક અને ટેક્નિકલ સમાજ ઉપર અને આ સંસાધનોની જીવનને ટેકો આપનારી ક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કુદરતી સંસાધનના સંચાલનનો અર્થ પર્યાવરણીય સંચાલન પણ થાય છે.

**પર્યાવરણીય સંસાધનોનો પારસ્પરિક સંબંધો**

કુદરતી સંસાધનોનાં મુખ્ય ઘટકો જમીન, પાણી અને બાયોમાસ છે, તે બધાં પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે. જો કુદરતી પ્રક્રિયા અને ચક્ર કશાય વિક્ષેપ વિના ચાલવા દેવામાં આવે તો તે બધાં એકબીજામાં ફાળો આપે છે. મનુષ્યો અને પ્રાણીઓની વપરાશ માટે જો બાયોમાસનો ઉપયોગ કરવામાં આવે તો તે પર્યાવરણીય વ્યવસ્થાની વહન ક્ષમતાની મર્યાદામાં હોવી જોઈએ. આધુનિક વિજ્ઞાન અને

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

પરંપરાગત જ્ઞાનની પદ્ધતિઓ બંનેમાં તેનો સ્વીકાર કુદરતી સંસાધનોને ટકાઉ બનાવવા માટેના પાયાના સિદ્ધાંત તરીકે કરવામાં આવ્યો છે.

કોઈ પણ પરિસ્થિતિલક્ષી એકમમાં કુદરતી સંસાધનોનો પારસ્પરિક સંબંધ જ્યારે તમામ ઘટકોને એક સાથે જોવામાં આવે ત્યારે તેમની શક્તિનો ઉપયોગ કરવાની અમાપ તકો પૂરી પાડે છે, પછી ભલે ને ખેતીની વ્યવસ્થા હોય કે નાના જળાશયની વ્યવસ્થા હોય. તેથી એ આશ્ચર્યજનક નથી કે છૂટક દરમ્યાનગીરીઓને બદલે નાનાં જળાશયોના વિકાસ જેવા કુદરતી સંસાધનોના સંચાલનના અભિગમોમાંથી વધારે સારાં પરિણામો મળે છે.

### પ્રાકૃતિક સંસાધનોની સ્થિતિ

ભારતનો કુલ ખેડાણલાયક વિસ્તાર 12,69,218 ચો.કિ.મી. છે. કે જે ભારતના કુલ ક્ષેત્રફળના 56.78 ટકા જેટલો છે. તેમાં ઉદ્યોગીકરણ, ખાણકામ, શહેરી માળખાગત સવલતો, રસ્તા વગેરે જેવા હેતુઓ માટે થતાં દબાણોને લીધે ઘટાડો થઈ રહ્યો છે. ભારતમાં સપાટી પરના પાણીનો વિસ્તાર 31,440 ચો.કિ.મી. છે અને સરેરાશ 1100 મિ.મી. જેટલો વાર્ષિક વરસાદ પડે છે. 92 ટકા પાણીનો ઉપયોગ સિંચાઈ માટે થાય છે. 1974માં તેવો વિસ્તાર 380 ચો.કિ.મી.નો હતો અને 2025માં તે 1050 ચો.કિ.મી. થવાની સંભાવના છે. બાકીનું પાણી ઔદ્યોગિક અને ઘરેલુ હેતુઓ માટે વપરાય છે. ભારતનાં આંતરિક જળ સંસાધનોમાં નદીઓ, નહેરો, તળાવો વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત હિંદી મહાસાગરના પૂર્વ અને પશ્ચિમ કિનારા, અન્ય અખાતો અને ઉપસાગરો જેવાં દરિયાઈ સંસાધનો પણ છે. તે લગભગ 60 લાખ માછીમારોને રોજગારી પૂરી પાડે છે. 2008માં ભારતનો માછીમારી ઉદ્યોગ દુનિયામાં ત્રીજા ક્રમે સૌથી મોટો ઉદ્યોગ હતો.

## ગુજરાતમાં પ્રાકૃતિક સંસાધનો: સ્થિતિ અને પ્રશ્નો

### જમીન

ગુજરાત ભારતનું સાતમા ક્રમે સૌથી મોટું રાજ્ય છે. ગુજરાતનું ક્ષેત્રફળ 19.60 લાખ હેક્ટર છે. 1991માં ગુજરાતમાં જમીનની માથાદીઠ પ્રાપ્યતા 0.70 હેક્ટર હતી. સમગ્ર ભારતમાં જમીનની માથાદીઠ પ્રાપ્યતા 0.49 હેક્ટર હતી. સામાન્યરીતે એમ માનવામાં આવે છે કે દેશમાં ગુજરાતના અને અન્ય સૂકા અને અર્ધ-સૂકા વિસ્તારો એટલે ખેડાણ હેઠળ ના હોય તેવી ખરાબાની જમીન છે અને તેમાં વિકાસની ભારે સંભાવનાઓ રહેલી છે. જો ખરાબાની જમીનની સ્થિતિ સુધારવામાં આવે તો ખેડાણ હેઠળના વિસ્તારની ઉત્પાદકતામાં વધારો થાય અને ખરાબાની જમીનની આવક સર્જનની ક્ષમતામાં પણ વધારો થાય.

જમીનનું ભૌતિક ધોવાણ થઈ રહ્યું છે. તે ઉપરાંત, સાર્વજનિક જમીનનું સંચાલન અને રક્ષણ કરનારી સામુદાયિક સંસ્થાઓનું પણ ધોવાણ થઈ રહ્યું છે. ભારતમાં જમીન સંચાલનના આર્થિક ઇતિહાસ ઉપરનું સંશોધન એમ જણાવે છે કે આઝાદી સમયે વણખેડાયેલી જાહેર જમીનનો વહીવટ ગ્રામ પંચાયત કે સમુદાય કરતા હતા અને રાજ્યનું વહીવટી તંત્ર તેમાં ભાગ્યે જ કશી દખલગીરી કરતું હતું. આઝાદી બાદ અને દેશી રજવાડાં ભારતમાં ભળી ગયાં તે પછી તમામ રાજ્યોના મહેસૂલી વિભાગોએ આ સાર્વજનિક જમીનોનો હવાલો સંભાળ્યો અને ગ્રામ પંચાયતો અને સમુદાયોને તેમના સંચાલનની બાબતમાં પાછળ ધકેલી દીધી. સંચાલન અને નિયમનમાં આ જે પરિવર્તન આવ્યું તેની વિઘાતક અસર

એ થઈ કે મોટા ભાગની જમીન ખુલ્લી થઈ ગઈ અને ખેડાણ હેઠળ ના હોય એવી આ જમીનનું ખૂબ જ ધોવાણ થયું. તેને પરિણામે પર્યાવરણ માટે ગંભીર ખતરો ઉભો થયો. બીજું, ખુલ્લી પહોંચને પરિણામે સંચાલન અને નિયમન બિન-અસરકારક બની ગયું. બીજું એક મહત્ત્વનું પાસું એ પણ છે કે ગરીબો તેમના જીવનનિર્વાહ માટે સાર્વજનિક મિલકત સંસાધનો ઉપર આધાર રાખતા થયા.

ટૂંકમાં, છેલ્લાં 50 વર્ષમાં જમીનનો ઉપયોગ અને જમીનના સંચાલનમાં ખૂબ મોટા ફેરફારો થયા છે.

**જંગલો**

ગુજરાતનો કુલ વન વિસ્તાર 1921.54 ચો.કિ.મી.નો છે. સમગ્ર રાજ્યમાં વનો અસમાન રીતે ફેલાયેલાં છે. મોટાં જંગલો રાજ્યની પૂર્વ સરહદે અને સૌરાષ્ટ્રના ઉચ્ચ પ્રદેશમાં આવેલાં છે. ડાંગ, વલસાડ, સુરત અને જૂનાગઢમાં ગાઢ જંગલો આવેલાં છે. પર્યાવરણ અને ભૂસ્તર વિજ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાતમાં 4 પ્રકારના જંગલો આવેલાં છે. તે છે: ભેજવાળાં પાનખર જંગલો, સ્કૂલ કાંટાળાં જંગલો, પાનખર જંગલો તથા દરિયાકિનારાનાં કળણ જંગલો.

જંગલ કેટલું હોવું જોઈએ તે જે તે પ્રદેશના ભૂસ્તર અને ભૂગોળ ઉપર આધાર રાખે છે. ગુજરાતમાં લગભગ 30 ટકા જંગલ હોય એવું વૈજ્ઞાનિક ધોરણ છે. જો કે, ગુજરાતમાં માત્ર 10 ટકા જ જંગલ વિસ્તાર છે. જો કે, 1990ના ભારતના વન સર્વે અનુસાર ગુજરાતમાં માત્ર 6 ટકા જ જંગલો છે. દાયકાઓ સુધી મેનગ્રોવ્ઝનો નાશ થતો રહ્યો, પણ તાજેતરનાં વર્ષોમાં તેમાં થોડોક સુધારો થયો છે. જો કે, એ સુધારો થોડાક પ્રદેશો પૂરતો જ મર્યાદિત છે, અને તે કચ્છના અખાતી વિસ્તારની આસપાસ થયો છે એમ 1997નો ભારતનો વન સર્વે જણાવે છે. ટૂંકમાં ગુજરાતમાં એવાં જંગલો ઘટવાનું એકંદર વલણ રહ્યું છે કે જે પર્યાવરણ અને પરિસ્થિતિના રક્ષણ અને સ્થિરતા માટે ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**પાણી**

રાજ્યમાં જુદી જુદી દિશામાં વહેતી નદીઓનાં ત્રણ જૂથ પાડી શકાય: મધ્ય અને ઉત્તર ગુજરાતની મોટી નદીઓમાં સાબરમતી, મહી વગેરે નદીઓનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રમાંની નદીઓમાં મીઠી, ખારી, ભાદર, શેત્રુંજી અને ભોગાવોનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતની નદીઓમાં નર્મદા, તાપી, પૂર્ણા, અંબિકા, ઔરંગા અને દમણ-ગંગાનો સમાવેશ થાય છે. કચ્છમાં ઘણી નદીઓ છે પણ તેમાંની મોટા ભાગની નાની અને સૂકી છે. ઉનાળામાં તો તો સાવ સૂકાઈ જાય છે. ખારી નદી તો રણમાં જ મળે છે, જ્યારે મહી અને તારા નદીઓ ખંભાતના અખાતને મળે છે.

ગુજરાતમાં કુલ 185 જેટલા નદીના તટ છે. તેમાંથી સૌરાષ્ટ્રમાં 71 છે અને કચ્છમાં 97 છે. કચ્છના નદીના તટ નાના છે. ગુજરાતમાં સપાટી પરનાં જળ સંસાધનો 3500 એમસીએમ છે અને 12000 એમસીએમ જેટલું ભૂગર્ભ જળ પ્રાપ્ય છે. રાજ્યમાં કુલ જળ સંસાધનો 50,000 એમસીએમ છે. વિવિધ પ્રદેશોમાં પાણીની પ્રાપ્યતા વિશે ખાસ્સી અસમાનતા પ્રવર્તે છે.

ભૂગર્ભ જળના વિકાસના સંદર્ભમાં જે તે વિસ્તારોને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે: સલામત, અર્ધ-

ગંભીર, ગંભીર અને વધુ પડતો શોષિત વિસ્તાર. ગુજરાતમાં 255 તાલુકામાંથી 31 તાલુકા વધુ પડતા શોષિત વિસ્તાર છે કે જ્યાં ભૂગર્ભ જળ વિકાસ 100 ટકા કરતાં વધારે છે. 12 તાલુકા એવા છે કે જેમની સ્થિતિ અર્ધ-ગંભીર છે, અને ત્યાં ભૂગર્ભ જળનો ઉપયોગ 90 થી 40 જેટલો થયો છે. 42 તાલુકા અર્ધ-ગંભીર સ્થિતિમાં છે અને ત્યાં ભૂગર્ભ જળનો ઉપયોગ 75 થી 90 ટકા જેટલો થઈ ગયો છે. જે તાલુકા ભૂગર્ભ જળની દૃષ્ટિએ વધારે પડતા શોષિત છે તેમાંના મોટા ભાગના તાલુકા ઉત્તર ગુજરાતના કાંપવાળા મેદાની વિસ્તારો છે.

ભૂગર્ભ જળની અછત હોય તેવા વિસ્તારો મોટે ભાગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ વિસ્તારોમાં વરસાદ ઓછો અને અનિયમિત છે, સિંચાઈનો વિકાસ ખૂબ મોટા પ્રમાણમાં થયો છે અને કંઈક અંશે તે મૂળભૂત રીતે ખારાપાટનો વિસ્તાર છે, તેથી પાણીની ભારે અછત પ્રવર્તે છે.

### દરિયાકિનારાના વિસ્તારોમાં ખારાશ

ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં દરિયાકિનારે દરિયાનું પાણી જમીનમાં ઘૂસીને ખારાશ ફેલાવતું હોવાની સમસ્યા ખૂબ મોટી છે અને તે આશરે 1125 કિ.મી. લાંબા દરિયાકિનારાના પ્રદેશોમાં દેખાય છે. સોરાષ્ટ્રમાં ઉના-માધવપુર પટ્ટામાં અને કચ્છમાં માળિયા-લખપત વિસ્તારમાં ખેતીમાં આ સમસ્યા વધારે તીવ્ર છે અને ખૂબ વધારે પ્રમાણમાં ભૂગર્ભ જળ વપરાયું છે અને દરિયાથી અંદરના વિસ્તારો વિસ્તારોમાં રિચાર્જિંગ ઓછું થયું છે અને દરિયાનાં પાણી જમીનમાં 5 થી 6 કિ.મી. અંદર સુધી ઘૂસી જાય છે અને તેથી જમીનમાં ખારાશની સમસ્યા ઉભી થાય છે. પાણી જમીનમાં ઝમતું નથી અને ઝમવાની પ્રક્રિયા અનિયમિત છે. કુદરતી રીતે પણ પાણી જમીનમાં જતું નથી, જમીન સંચાલન નબળું છે અને સિંચાઈ માટે પાણીનો વધારે પડતો ઉપયોગ કરવામાં આવે છે - આ તમામ પરિબળો આ સમસ્યા માટે જવાબદાર છે.

જમીનમાં ખારાશ ઉભી થવાની સમસ્યા લોકોના જીવનને બે રીતે વિપરીત અસર કરે છે: ખેતીની જમીનનું ધોવાણ થાય છે અને પીવાના પાણીની સમસ્યા ઉભી થાય છે. એક એવો અંદાજ છે કે 534 ગામોના 10.80 લાખ લોકોને જમીનની ખારાશની આ સમસ્યાથી વિપરીત અસર થઈ છે. 7,00,120 હેક્ટર જેટલી ખેડાણલાયક જમીન બિન-ઉપયોગી બની ગઈ છે અને 32,050 કૂવા સૂકાઈ ગયા છે.

### ઢોરઢાંખર

આકાશી ખેતીના વિસ્તારોમાં ઢોરઢાંખર ખેતીની વ્યવસ્થાનો એક અંતર્ગત ભાગ હોય છે. તેઓ જમીનના પોષણ ચક્રને જાળવવામાં મદદ કરે છે. ઉપરાંત, તે મનુષ્યને દુકાળ અને અછતના સમયમાં અન્ન અને પોષણની સલામતી પણ પૂરી પાડે છે. જુદી જુદી પર્યાવરણીય પરિસ્થિતિમાં જુદાં જુદાં પશુઓ સમાયોજન સાધતાં હોય છે. સૂકા વિસ્તારોમાં સદીઓથી દુકાળનો પ્રતિકાર કરી શકે તેવાં પશુઓ હોય છે. જો કે, પર્યાવરણમાં તાજેતરમાં જે ફેરફારો થયા છે તેને લીધે ઘાસચારાની વ્યાપક પ્રમાણમાં અછત ઉભી થઈ છે અને તે જીવનનિર્વાહની પરંપરાગત પ્રવૃત્તિઓ સામે ખતરો ઉભો કરે છે અને તેથી લોકો વધારે અસહાય બને છે.

### ભારતની ખેતીમાં ઉભી થઈ રહેલી કટોકટી

મોટા ભાગના અન્ય વિકસતા દેશોની સાથે ભારત પણ ખેતીપ્રધાન દેશ હતો. આજે પણ ખેતી આશરે

60 ટકા લોકોને જીવનનિર્વાહ પૂરો પાડે છે અને લગભગ 56 ટકા લોકોને રોજગારી પૂરી પાડે છે. જો કે, ખેતી ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિ દર 1980ના દાયકામાં 3.2 ટકા હતો અને તે છેલ્લાં ચાર-પાંચ વર્ષના ગાળા દરમ્યાન લગભગ બે ટકા થઈ ગયો છે. આમ, તેમાં સતત ઘટાડો થતો ગયો છે. બીજી તરફ, ઉદ્યોગોમાં વૃદ્ધિ દર 8 ટકા જેટલો ઉંચો રહ્યો છે. આવી ઓછાવત્તા વૃદ્ધિ દરની સ્થિતિ દેશમાં ઉચ્ચ કક્ષાએ આયોજકો અને નીતિ-નિર્ધારકો માટે ગંભીર ચિંતાનો વિષય બની છે.

**જળસ્રાવ વિકાસ: કુદરતી સંસાધન સંચાલનની સંકલિત વ્યૂહરચના**

લઘુ જળસ્રાવ વિકાસ યોજનાઓના અનેક કિસ્સા જાણીતા છે અને તેમાં સુખોમાજરીનો કિસ્સો ખૂબ જ જાણીતો છે. સુખોમાજરી 80 પરિવારોનું એક નાનકડું ફળિયું છે. તે હરિયાણામાં શિવાલિક પર્વતમાળાની તળેટીમાં આવેલું છે. ચંડીગઢના કેન્દ્રિય જમીન અને જળ જતન સંશોધન અને પ્રશિક્ષણ સંસ્થાન (CSWCRTI)ના શ્રી પી. આર. મિશ્રાના નેતૃત્વ હેઠળ ત્યાં કામ થયું. તેને પરિણામે જળસ્રાવના પર્યાવરણમાં અને સુખોમાજરી તથા તેની નજીકનાં ગામોની આર્થિક સ્થિતિમાં નાટ્યાત્મક ફેરફારો થયા. પાણીના નિકાલના રસ્તે માટીના અનેક બંધ બનાવવામાં આવ્યા, ધોવાણ પામેલ સામુદાયિક અને જંગલની જમીનોનું વૃક્ષોના વાવેતર દ્વારા રક્ષણ કરવામાં આવ્યું અને ગ્રામવાસીઓએ પોતે સામાજિક વાડ બનાવી તથા વિવિધ વૃક્ષો અને ઘાસ ઉગાડીને ખરાબાની જમીનોને નવસાધ્ય કરવામાં આવી. આ બધા અનુભવોને ધ્યાનમાં રાખીને ભારત સરકારે દેશમાં વિવિધ પ્રકારના જળસ્રાવ વિકાસ કાર્યક્રમો હાથ ધર્યા. મહારાષ્ટ્રમાં રાલેગાંવ સિદ્ધિ, અડગાંવ અને ધારેવાડીના તથા બીજા અનેક પ્રયોગો લઘુ જળસ્રાવ વિકાસ કાર્યક્રમ માટે પ્રેરણાનાં સ્રોત બન્યા છે. તેમની સફળતાને લીધે અનેક પ્રયાસો હાથ ધરાયા અને અનેક કાર્યક્રમોનો અમલ કરવામાં આવ્યો.

# 12. માહિતીનો અધિકાર

પોતાના ગામ, રાજ્ય અને દેશના શાસનમાં જવાબદારીપૂર્વક સક્રિય રસ લેવા અને ભાગીદાર થવા માટે માહિતી ધરાવતા નાગરિકોની લોકશાહીમાં જરૂર છે. કામગીરીમાં પારદર્શિતા લાવવા, ભ્રષ્ટાચારમાં ઘટાડો કરવા અને પહોંચ તથા ન્યાયને પ્રોત્સાહન આપવા માટે માહિતી અધિકાર ધારો એક અનિવાર્ય અને પ્રગતિશીલ કાયદો છે. દેશના શાસનની કામગીરી અને સ્વરૂપમાં ગરીબ અને અસહાય વર્ગોની તરફેણમાં પરિવર્તન લાવવા માટે આ કાયદો મહત્વનો છે. તે સરકાર અને શાસિતો વચ્ચે ખૂટતી કડી પ્રસ્થાપિત કરે છે. માહિતી અધિકાર ધારો-2005 તા. 15-6-2005ના રોજ સંસદ દ્વારા પસાર થયો અને તા. 13-10-2005ના રોજ તે અમલી બન્યો. આ કાયદો જમ્મુ-કાશ્મીર સિવાય દેશનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડે છે. આ કાયદો સલામતી અને ગુપ્તચર સંસ્થાઓ સિવાય સરકારી તંત્ર દ્વારા લેવાના નિર્ણયો અને એની પાછળનાં સંજોગો અને કારણો વિશે લોકોને માહિતી આપે છે. જે માહિતી જાહેર થવાથી ભારતની સલામતી અને અખંડતા સામે ખતરો ઉભો કરી શકે એ કાયદા હેઠળ પ્રાપ્ત થઈ શકતી નથી. જો કે, જો માહિતી ભ્રષ્ટાચાર કે માનવ અધિકારો સાથે સંબંધિત હોય તો એવી માહિતી સલામતી કે ગુપ્તચર સંસ્થાઓ પાસેથી પણ મળી શકે છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

માહિતી અધિકાર ધારો સામાન્ય નાગરિકોને તમામ જાહેર કામોની સ્થિતિ જાણવા માટેની સત્તા આપે છે. તેમાં થયેલા ખર્ચ વિશેની માહિતી પણ તેઓ મેળવી શકે છે. નાગરિકો સરકારી ખાતાં પાસેથી કોઈ પણ માહિતી મેળવવા વિનંતી કરી શકે છે, તેઓ દસ્તાવેજોની નકલો મેળવી શકે છે, દસ્તાવેજો જોઈ શકે છે, કામો અને રેકર્ડ નિહાળી શકે છે, કામોના પ્રમાણિત નમૂના મેળવી શકે છે. નાગરિકો આ માહિતી પ્રિન્ટમાં કે ડિસ્ક, ફ્લોપી, ટેપ, વિડિયો કેસેટ કે બીજા કોઈ પણ વીજાણુ સ્વરૂપે મેળવી શકે છે.

કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકારના કોઈ પણ વિભાગ પાસેથી માહિતી મેળવી શકાય છે. એ જ રીતે પંચાયતી રાજ સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી શકાય છે. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી, રચાયેલી, તેમની માલિકીની કે તેમના દ્વારા નિયંત્રિત કે તેમના દ્વારા સીધી કે આડકતરી રીતે નાણાકીય સ્વરૂપે સહાયિત એવા કોઈ પણ સંગઠન કે સંસ્થા (બિન-સરકારી સંગઠન સહિત) પાસેથી પણ માહિતી મેળવી શકાય છે. આ કાયદા મુજબ તમામ જાહેર સત્તાવાળાઓએ પોતાના રેકર્ડ કોમ્પ્યુટરરાઈઝ્ડ રાખવા જરૂરી છે કે જેથી તેમનો વ્યાપક પ્રચાર-પ્રસાર થઈ શકે. તેમણે કેટલીક માહિતી આપમેળે જ જાહેર કરવાની હોય છે કે જેથી નાગરિકોને ઔપચારિક રીતે માહિતી મેળવવા માટે ઓછામાં ઓછી વિનંતી કરવી પડે. જો 30 દિવસમાં માહિતી ન આપવામાં આવે તો સરકારી અધિકારીઓને દંડ થાય તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે. ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ફીમાંથી માફી આપવામાં આવી છે. કાયદાના અમલ માટે રાજ્ય અને કેન્દ્ર સ્તરે અલગ અલગ પંચ નીમવામાં આવ્યાં છે.

કાયદાની એક કલમમાં તમામ સરકારી વિભાગોને આપમેળે જાહેરાત માટેનાં ધોરણોને વળગી રહેવા અને તમામ યોજનાઓ પાછળની અંદાજપત્રીય ફાળવણી સાથે તેમના અમલની સ્થિતિ અંગેની વિગતો મુદ્રિત સ્વરૂપે અને વીજાણુ સ્વરૂપે એમ બંને રીતે તૈયાર રાખવા જણાવવામાં આવ્યું છે. નોટિસ બોર્ડ, જાહેરાતો, માધ્યમોમાં પ્રસારણ અને ઈન્ટરનેટ દ્વારા માહિતી અપાવી જોઈએ.

મઝદૂર કિસાન શક્તિ સંગઠન (MKSS) રાજસ્થાન દ્વારા સુશ્રી અરુણા રોય, શ્રી નિખીલ ડે અને શ્રી શંકરસિંહના નેતૃત્વ હેઠળ માહિતીના અધિકારોને પ્રોત્સાહન આપવા મહત્ત્વની ભૂમિકા ભજવવામાં આવી. નવી દિલ્લીના  પરિવર્તન  ના શ્રી અરવિંદ કેજરીવાલ અને સ્થાનિક સ્તરના અનેક કર્મશીલો તથા નાગરિક સમાજનાં જૂથોએ પણ નેશનલ એડવાઈઝરી કાઉન્સિલ (NAC)ના ટેકાથી તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**માહિતીના અધિકારનું આંદોલન**

લોકશાહી બરાબર કામ કરે તે માટે માહિતીનો અધિકાર એક મહત્ત્વની પૂર્વશરત છે એમ વ્યાપક રીતે સ્વીકારવામાં આવ્યું છે. તેને એક મૂળભૂત માનવ અધિકાર ગણવામાં આવ્યો છે કે જે અંતર્નિહિત રીતે તમામ મનુષ્યોના માનવીય ગૌરવ સાથે જોડાયેલો છે. જ્યાં ગુપ્તતા હોય છે ત્યાં ભ્રષ્ટાચાર વધે છે, સત્તાનો દુરુપયોગ વધે છે અને ગેરસંચાલન ઉભું થાય છે. લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત જ એ છે કે જાહેર સંસ્થાઓ પારદર્શક હોય અને ઉત્તરદાયી બનતી હોય. લગભગ 200 વર્ષ્ અગાઉ સ્વિડનના કાયદામાં રાજ્ય દ્વારા માહિતીના અધિકારને માન્ય રાખવામાં આવ્યો હતો. બીજા વિશ્વ યુદ્ધ બાદ સ્વતંત્ર રાજ્યોની રચના થતાં માહિતીની સ્વતંત્રતાના મુદ્દાનું મહત્ત્વ વધતું ગયું.  સંયુક્ત રાષ્ટ્રો

(UN)ની પ્રથમ સામાન્ય સભાએ 1946માં ઠરાવ નં. 59 સ્વીકાર્યો હતો અને તેમાં માહિતીની સ્વતંત્રતાને અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકારનો ભાગ ગણાવાયો હતો. 1948ની માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા તથા 1966ના નાગરિકો અને રાજકીય અધિકારોના આંતરરાષ્ટ્રીય ઠરાવમાં માહિતીની સ્વતંત્રતાની જરૂરિયાત અને મહત્ત્વનો પુનરુચ્ચાર કરવામાં આવ્યો હતો.

દક્ષિણ એશિયાના અન્ય દેશોની જેમ ભારતમાં પણ સત્તાવાર ગુપ્તતા ધારો-1923 અમલમાં હતો કે જે 1911ના બ્રિટિશ સત્તાવાર ગુપ્તતા ધારા ઉપરથી ઘડાયો હતો. શાસનની પદ્ધતિમાં શાસકો અને શાસિતો વચ્ચે અંતર રાખવું જોઈએ એવા સામંતશાહી માનસ અને સંસ્થાનવાદી શાસનને પોષવા માટે જ આ રીત અપનાવવામાં આવતી હતી. ગુપ્તતાનું ચોખ્ખેચોખ્ખું પરિણામ એ આવતું હતું કે લોકો અશક્તિમાન બની જતા હતા અને પોતાના અસ્તિત્વને ખૂબ જ અસર કરે તેવી પ્રક્રિયાઓમાંથી તેમની બાદબાકી થઈ જતી હતી. સામાન્ય લોકો માટે પ્રમાણપત્રો મેળવવાં, વિવિધ પ્રકારની લોન માટે ભલામણ મેળવવી, ગરીબી નિવારણના વિવિધ કાર્યક્રમોનો લાભ મેળવવો, સિંચાઈ, પીવાનું પાણી, સફાઈ અને શિક્ષણની સવલતો વગેરેની માહિતી મેળવવી અગત્યની બાબત છે, પછી ભલે ને તે સરકાર દ્વારા આપમેળે જાહેર કરવામાં આવે કે તે વિનંતી કર્યે મળે.

છેલ્લા બે દાયકા દરમ્યાન ગરીબીના નિવારણ માટે અને ગરીબો તથા ધનવાનો વચ્ચેની ખાઈ દૂર કરવા માટે અન્ન, આવાસ, જીવનનિર્વાહ અને શિક્ષણ વિશેની માહિતી ગરીબોને મળે એ ખૂબ જ જરૂરી છે. લોકશાહી મૂલ્યોનો વિકાસ, માહિતી ક્રાંતિ અને ગ્રામ પંચાયતો દ્વારા વિકેન્દ્રિત શાસન જેવાં પરિબળો દ્વારા એ વધારે શક્ય બન્યું છે. જો કે, રાજકીય સત્તાનું વિકેન્દ્રિકરણ થયું છે, પરંતુ સ્થાનિક અધિકારીઓ પાસેથી માહિતી મેળવવાની સમસ્યા યથાવત્ રહી છે કારણ કે ઘણીવાર તેઓ ખુલ્લા થવા માગતા હોતા નથી. એનું કારણ એ છે કે તેઓ સ્થાપિત હિતોનું પ્રતિનિધિત્વ કરે છે, અથવા તો તેઓ ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓમાં ભાગીદાર હોય છે.

તેથી જ માહિતીના અધિકારના આંદોલનનો મુખ્ય મુદ્દો અસ્તિત્વના અધિકાર સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. તેણે એ રીતે સ્થાનિક સ્તરના સામાન્ય લોકોની ભાગીદારી અંકે કરી છે અને તેમાં વિદ્યાજગતના લોકો, માધ્યમો અને રાજકીય પક્ષોને પણ સામેલ કર્યા છે.

ભારતીય પુરાવા ધારો-1872ની કલમ-76, જળ પ્રદૂષણ પ્રતિરોધ અને નિયંત્રણ ધારો-1974ની કલમ-25(6), હવા પ્રદૂષણ પ્રતિરોધ અને નિયંત્રણ ધારો-1981 અને પર્યાવરણ સુરક્ષા ધારો-1986માં આપમેળે જાહેરાત સંબંધી બાબતોના સંદર્ભમાં માહિતીના અધિકારનો કેટલાંક તત્ત્વો નજરે પડે છે. 1977માં સત્તાવાર ગુપ્તતા ધારામાં સુધારા કરવા માટે સરકારે એક કાર્યકારી જૂથની રચના કરી હતી. 1997માં ભારતનાં રાજ્યોના મુખ્ય પ્રધાનોની પરિષદમાં સત્તાવાર ગુપ્તતા ધારાને સુધારવા માટે એક કાર્યકારી જૂથની નિમણૂક કરવામાં આવી હતી. આ જૂથે જે મુસદ્દો તૈયાર કર્યો હતો તે ફરી સુધારવામાં આવ્યો અને 2000માં સંસદમાં માહિતી સ્વાતંત્ર્ય ખરડા તરીકે રજૂ કરવામાં આવ્યો. તેની ઘણી ટીકાઓ થઈ. તે પછી તામિલનાડુ, કર્ણાટક અને રાજસ્થાન જેવાં રાજ્યોએ પોતે માહિતી અધિકાર કાનૂન ઘડ્યા અને તેના ઘણા સમય બાદ સંસદે આ કાયદો ઘડ્યો.

રાજસ્થાનમાં 1990ના દાયકા દરમ્યાન મઝદૂર કિસાન શક્તિ સંગઠન (પ્ક્ષરર) દ્વારા સૌ પ્રથમ માહિતી અધિકાર ધારાની હિમાયત કરવામાં આવી હતી. તેણે તે સમયે કામના સ્થળે લઘુત્તમ વેતનના મુદ્દે માહિતી માગી હતી અને હાજરીપત્રકો જોવા માંગ્યાં હતાં. તે માટે તેણે અનેક દેખાવો, ધરણા, ભૂખ હડતાળ, સભા-સરઘસ અને જનસુનાવણી યોજ્યાં હતાં. નાગરિક સમાજનાં અન્ય જૂથો, માધ્યમો, વકીલો, કવિઓ, લેખકો, પત્રકારો, વિદ્વાનો અને સરકારી અધિકારીઓને સામેલ કરીને માહિતીના અધિકાર માટેની આ ઝુંબેશને વ્યાપક બનાવવાનો પ્રયાસ કરાયો હતો. અખબારોમાં આ ઝુંબેશને વ્યાપક બનાવવાનો પ્રયાસ કરાયો હતો. અખબારોમાં આ ઝુંબેશને પ્રસિદ્ધિ મળી તેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તે વધારે સ્વીકૃત બની. ગામ સ્તરના અધિકારીઓ અને સરકારી અધિકારીઓ તરફથી તેનો વિરોધ પણ થયો અને તેઓ હડતાળ ઉપર પણ ગયા. પરંતુ આ ઝુંબેશનાં મૂળ તો લોકોની પાયાની જરૂરિયાતમાં હતાં, તેથી તેણે ધીમે ધીમે વેગ પડક્યો. MKSSને ટેકો આપવા માટે નેશનલ કેમ્પેઈન ઓન પીપલ્સ રાઈટ ટુ ઈન્ફર્મેશન (NCPRI)ની  રચના કરવામાં આવી અને તેણે રાષ્ટ્રીય સ્તરે પણ હિમાયત આરંભી. પરિર્તન, કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશ્યેટિવ (CHRI), ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર (CERC)-અમદાવાદ, કન્ઝ્યુમર એક્શન ગ્રૂપ-ચેન્નઈ વગેરે જેવાં નાગરિક સમાજનાં અગ્રણી જૂથો પણ આ આંદોલનમાં જોડાયાં. અગ્રણી ક્રાંતિકારી અમલદારો પણ આંદોલનમાં જોડાયા અને તેમણે માહિતી અધિકાર ધારાનો મુસદ્દો તૈયાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

આંતરરાષ્ટ્રીય સ્તરે લોકશાહી અસરકારક રીતે કામ કરે છે તે માટે લોકોના માહિતીના અધિકારને પાયાની પૂર્વશરત તરીકે વ્યાપક રીતે સ્વીકારવામાં આવી છે. દુનિયાભરમાં લગભગ 40 દેશોએ રાજ્યના દસ્તાવેજો આસાનીથી લોકોને મળે તે માટે સર્વગ્રાહી કાયદા કર્યા છે અને બીજા 30 દેશો એવા જ કાયદા કરી રહ્યાં છે.

**માહિતી મેળવવાની પ્રક્રિયા**

દરેક વિભાગમાં કમ-સે-કમ એક અધિકારીને જાહેર માહિતી અધિકારી (પબ્લિક ઈન્ફર્મેશન ઓફિસર-પીઆઈઓ) તરીકે નીમવામાં આવે છે. તે લોકોના વિનંતીપત્રો સ્વીકારે છે અને લોકો દ્વારા માગવામાં આવેલી માહિતી પૂરી પાડે છે. વધુમાં, દરેક જિલ્લામાં સહાયક જાહેર માહિતી અધિકારીઓ હોય છે. તેઓ જાહેર માહિતી અધિકારીઓના નિર્ણયો સામેની અપીલો અને માહિતી માટેની વિનંતીઓ સ્વીકારે છે, અને તેઓ પછી યોગ્ય અધિકારીઓને મોકલી આપે છે.

જેને માહિતી જોઈતી હોય તેણે લેખિતમાં અરજી કરવી પડે છે. તે અંગ્રેજી, હિંદી કે અન્ય કોઈ પણ સત્તાવાર ભાષામાં નેટ દ્વારા માહિતી માગી શકે છે. તે માટે તેણે જાહેર માહિતી અધિકારી કે સહાયક માહીતી અધિકારી પાસે ફી ભરવી પડે છે. જ્યાં લેખિતમાં વિનંતી કરી શકાય તેમ ના હોય ત્યાં જાહેર માહિતી અધિકારી સમક્ષ મૌખિક વિનંતી કરવામાં આવે તો તેઓ તેને લેખિતમાં રૂપાંતરિત કરી શકે છે. જો અરજદાર વ્યક્તિ વિકલાંગ હોય તો એ અધિકારી તેને માહિતી મેળવવામાં મદદ કરે એ અપેક્ષિત છે. માહિતી જોવા માટે જરૂરી સહાય તે કરી શકે છે.

અરજી કરતી વખતે અરજદારે પોતાના સંપર્કની વિગતો આપવાની હોય છે પણ તેણે કોઈ અંગત વિગતો આપવાની હોતી નથી કે માહિતી મેળવવાનાં કારણો પણ તેણે જણાવવાનાં હોતાં નથી.

કેન્દ્ર સરકારે રૂા. 10 જેટલી વાજબી ફી નક્કી કરી છે. રાજ્યે રાજ્યે તે જુદી જુદી હોય છે. દરેક અરજી પર માહિતી પૂરી પાડવા માટે આ ફી લેવામાં આવે છે, જોકે, જો માહિતી માગનાર વ્યક્તિ ગરીબીની રેખા નીચે જીવનાર (BPL) હોય તો કોઈ ફી લેવામાં આવતી નથી. અથવા તો નિર્ધારિત સમય કરતાં વધુ સમય થાય તો ફી લેવામાં આવતી નથી. દસ્તાવેજોની નકલ માટે વધારાની ફી લેવામાં આવે છે. કેન્દ્ર સરકારે દરેક પાના અને તેની નકલ માટે રૂ. 2 ફી તરીકે નક્કી કર્યા છે. કેટલાંક રાજ્યોમાં તે બદલાય છે. નિર્ધારિત  સમયમર્યાદામાં જો માહિતી ન પૂરી પાડવામાં આવે તો તે સમયગાળા પછી માહિતી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જો અરજદાર ગરીબીની રેખા નીચે જીવનાર હોય તો કોઈ ફી લેવામાં આવતી નથી. આવા BPL કાર્ડ ધારકોએ તેમના BPL કાર્ડની નકલ અરજી કરતી વખતે જાહેર સત્તાવાળાને આપવાની હોય છે. રાજ્ય સરકાર અને વડી અદાલતોએ તેમના પોતાના નિયમો નક્કી કર્યા છે.

**ફી અંગેના નિયમો**

| **સરકાર** | **અરજી ફી** | **વધારાની ફી** | **ચુકવણીની રીત** |
|---|---|---|---|
| કેન્દ્ર સરકાર | રૂા.10 | - A/4 કે A/3 સાઈઝના કાગળ દીઠ રૂા. 2<br><br>- મોટો કાગળ<br>- મુદ્રિત પ્રકાશન નકલ/સારાંશ<br>- ફ્લોપી/ડિસ્ક<br>- નમૂના કે મોડેલ<br>- રેકર્ડનું નિરીક્ષણ | રોકડા, ડિમાન્ડ ડ્રાફ્ટ કે બેંકર ચેક<br>- ખરો ખર્ચ<br>-નિશ્ચિત કિંમત<br>- પાના દીઠ રૂા.2<br>- રૂા. 50<br>- ખરો ખર્ચ<br>- એક કલાક વિના મૂલ્યે અને તે પછીના દરેક કલાક દીઠ રૂા. 5 |
| ગુજરાત | રૂ. 20 | - ઈન્ટરનેટ દ્વારા અરજી કરી હોય તો 8 કલાકમાં ફી સુપરત કરવી<br>- A/4 કે A/3 સાઈઝના કાગળ દીઠ રૂા. 2<br>- મોટો કાગળ - ખરો ખર્ચ<br>- પ્રકાશન - નિશ્ચિત કિંમત<br>- ફ્લોપી/ડિસ્ક - રૂ. 50<br>- નમૂના, મોડેલ કે ફોટા<br>- રેકર્ડનું નિરીક્ષણ<br><br>- જ્યાં રેકર્ડના નિરીક્ષણ માટે કોઈ પદ્ધતિ કે કાર્યવાહી હોય ત્યાં વર્તમાન દર અને ત્યાં આ દર લાગુ ના પડે. | - ખરો ખર્ચ<br>- પ્રથમ અડધો કલાક વિનામૂલ્યે અને તે પછીના દરેક અડધા કલાક માટે રૂા. 20. |

જો પ્રાથમિક માહિતી અધિકારીને લાગે કે માગવામાં આવેલી માહિતી તેના ખાતા અંગેની નથી તો તે જે તે ખાતાને પાંચ દિવસમાં એ અરજી મોકલી આપે એ તેની જવાબદારી છે. તેણે અરજદારોને તે અંગે માહિતી પણ આપવાની હોય છે. આ પ્રકારના કિસ્સામાં માહિતી પૂરી પાડવાની સમયમર્યાદા 35 દિવસની છે.

જો પ્રાથમિક માહિતી અધિકારી (PIO) નિર્ધારિત સમયગાળામાં માહિતી પૂરી ના પાડે અને બિનજરૂરી રીતે અરજદારને પરેશાન કરે તો અરજદાર તેની સામે રાજ્ય માહિતી પંચમાં ફરિયાદ કરી શકે છે. જો પ્રાથમિક માહિતી અધિકારી માહિતી માગતી અરજી સ્વીકારવાનો કોઈ વાજબી કારણ વિના જ ઈન્કાર કરે તો અથવા જાણી જોઈને ખોટી, અપૂર્ણ કે ગેરમાર્ગે દોરતી માહિતી આપે તો અથવા અરજદાર પાસેથી માહિતી પૂરી પાડવા માટે વધારે ફી માગે તો અરજદાર કેન્દ્રિય માહિતી પંચ કે રાજ્ય માહિતી પંચ સમક્ષ સીધી ફરિયાદ કરી શકે છે.

કેટલાક કિસ્સા કે બાબતોમાં પ્રાથમિક માહિતી અધિકારી માહિતી આપવાનો ઈન્કાર કરી શકે છે. કઈ માહિતી ન આપી શકાય તેની વિગતો માહિતી અધિકાર ધારા-2005ની કલમ-8માં આપવામાં આવી છે. જો માગવામાં આવેલી માહિતી જાહેર હિતમાં હોય તો કલમ-8 હેઠળની માહિતી પણ જાહેર કરી શકાય છે. જે માહિતી સંસદને કે વિધાનસભાને આપવાનો ઈન્કાર ન કરી શકાય તે માહિતી સામાન્ય નાગરિકને આપવાનો પણ ઈન્કાર કરી શકાય નહિ.

અરજદાર વ્યક્તિને નિર્ધારિત સમયગાળામાં પ્રાથમિક માહિતી અધિકારી (PIO) તરફથી કોઈ પ્રતિભાવ ના મળે અથવા તેને જે પ્રતિભાવ મળ્યો હોય તેનાથી અસંતોષ હોય તો અથવા કલમ-8નો દુરૂપયોગ થયો હોય તો તે 30 દિવસના સમયગાળામાં તેના ઉપરી અધિકારી સમક્ષ ફરિયાદ નોંધાવી શકે છે. જો આ પ્રથમ અપીલથી પણ અરજદારને સંતોષ ના થાય તો તે બીજી અપીલ રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રિય માહિતી પંચને 60 દિવસના સમયગાળામાં કરી શકે છે.

**અરજીની પ્રક્રિયા**

(1) પ્રશ્ન નક્કી કરવો (2) અરજીનો મુસદ્દો ઘડવો (3) ફી ચૂકવવી

(4) જાહેર માહિતી અધિકારીને અરજી સુપરત કરવી

(5) પ્રતિભાવ માટે 30 દિવસ રાહ જોવી

(6) માહિતી મેળવવી અથવા માહિતીનો ઈન્કાર

જો જાહેર માહિતી અધિકારીએ -

- તમારી અરજીનો જવાબ ના આપ્યો હોય.
- ખોટી, અપૂર્ણ કે ગૂંચવાડાભરી માહિતી આપી હોય.
- કલમ-8નું ખોટું અર્થઘટન કર્યું હોય અને માહિતી આપવાનો ઈન્કાર કર્યો હોય.

તો તમે પ્રથમ અપીલ કરી શકો છો.

ઉપરોક્ત પરિસ્થિતિમાં પ્રથમ એપેલેટ સત્તાધિકારી સમક્ષ અપીલ કરવી જોઈએ. કાયદાની જોગવાઈ હેઠળ આ સત્તાધિકારી જાહેર માહિતી અધિકારી (PIO) થી વરિષ્ઠ કક્ષાના હોય છે. 60 દિવસની મર્યાદામાં આવી અરજી કરી શકાય છે. તમારી પ્રથમ અપીલ પર લેવાયેલાં પગલાંથી તમને સંતોષ ના હોય તો તમે રાજ્ય માહિતી પંચ કે કેન્દ્રિય માહિતી પંચ સમક્ષ બીજી અપીલ નોંધાવી શકો છો.

**પ્રથમ અપીલની પ્રક્રિયા**

1. પ્રતિભાવ ન મળવો 2. ફરિયાદ કરવી 3. ફરિયાદ માહિતી પંચને મોકલવી 4. ઉકેલ મળવો

5. માહિતી મળવી 6. અપૂરતી માહિતી મળવી કે અસંતોષ હોવો 7. 30 દિવસમાં પ્રથમ અપીલ

8. પ્રથમ એપેલેટ સત્તાધિકારીને અપીલ કરવી 9. 30 દિવસ રાહ જોવી

10. સુનાવણીની તારીખ મળવી 11. સુનાવણીમાં હાજર રહેવું 12. અપીલ ઉપર ચૂકાદો મેળવવો

**બીજી અપીલની પ્રક્રિયા**

13. અપૂરતી માહિતી મળવી કે અસંતોષ હોવો

14. પ્રથમ અપીલ પછી 90 દિવસમાં બીજી અપીલ કરવી

15. માહિતી કમિશનરને બીજી અપીલ મોકલવી

16. માહિતી કમિશનરના જવાબની રાહ જુઓ

17. સુનાવણીની તારીખ મેળવો 18. સુનાવણી દરમ્યાન અપીલ કરવી

19. આખરી ચુકાદો મેળવો

જો નિર્ધારિત સમયગાળામાં જાહેર માહિતી અધિકારી (PIO) ધારા હેઠળ માગવામાં આવેલી માહિતી ના આપે અથવા માહિતી નહિ આપવામાં આવે એવી જાણકારી ના આપે તો તેમણે વિલંબ બદલ રોજના રૂ. 250નો દંડ આપવો પડે છે. વધુમાં વધુ રૂ. 25000નો દંડ થાય છે, માહિતી પંચ તેમને લાગુ પડતા નોકરી કે સેવાના નિયમો હેઠળ સંબંધિત જાહેર માહિતી અધિકારી સામે શિસ્તભંગનાં પગલાં ભરવાની ભલામણ પણ કરી શકે છે. અરજદાર નાગરિક દ્વારા માગવામાં આવેલી માહિતી માટે નાણાકીય ચુકવણી કરવાની હોય છે તેથી પોતે વિનંતીનો સંપૂર્ણપણે કે આંશિક રીતે અસ્વીકાર કરે છે અને વધુ ફી ચૂકવોએમ જણાવી શકે છે. જાહેર માહિતી અધિકારી વધુ ફીની માગણી કરે અને વધારાની ફી ચૂકવવામાં આવે તે સમયગાળો માહિતી આપવાના નિર્ધારિત સમયગાળામાં ગણવામાં આવતો નથી. જો આ સમયગાળામાં માહિતી ન આપવામાં આવે તો તેને માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે એમ જ ગણવામાં આવે છે. કારણો સાથે કે કારણો વિના માહિતી આપવામાં ના આવે તો તેની સામે અપીલ કે ફરિયાદ થઈ શકે છે. વળી, નિર્ધારિત સમયગાળામાં જો માહિતી ન આપવામાં આવે તો તે વિનામૂલ્યે પૂરી પાડવાની રહે છે.

જ્યારે માહિતી અધિકાર ધારા હેઠળ માહિતી માગવાની હોય ત્યારે તમારા મનમાં તેનું ધ્યેય સ્પષ્ટ હોય એ મહત્ત્વની બાબત છે. અહીં માહિતી માગવા માટેનું જે અરજીપત્રક આપ્યું છે, તેનો ઉપયોગ માહિતી માગવા માટે કરી શકાય છે.

## અરજીપત્રક

પ્રતિ,

જાહેર માહિતી અધિકારી

સરનામું: ........................................................................................................

પિન : ...............................

**વિષય : માહિતી અધિકાર ધારા-2005 અન્વયે માહિતી માટે વિનંતી.**

માનનીયશ્રી,

હું શ્રી/શ્રીમતી/કુ. ..........................................................................................

નિવાસ .........................................................................................................

ફોન નં. ...............................                         મોબાઈલ નં. ...............................

નીચે મુજબની માહિતી મેળવવા માગું છું:

...................................................................................................................

...................................................................................................................

...................................................................................................................

...................................................................................................................

હું આથી આપને જણાવું છું કે નીચે મુજબની કાર્યવાહી પૂર્ણ કરી છે:

1. મેં જરૂરી ફી રૂ. ................. રોકડેથી/બેંકર ચેકથી/ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા/પોસ્ટલ ઓર્ડરથી ભરી છે. ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ નં. ................................ તારીખ : ................................
2. મારે દસ્તાવેજોની નકલ જોઈએ છે અને મેં ............. પાનાંની નકલોના ખર્ચ પેટે રૂ. ................ ભર્યા છે.
3. મેં સીડીના ચાર્જ પેટે રૂ. ............ ની રકમ ભરી છે.
4. હું ઉંદ્દ્ય શ્રેણીમાં છું/નથી.

   જો હા, તો, તે અંગેનું પ્રમાણપત્ર આ સાથે જોડ્યું છે.
5. હું ભારતનો નાગરિક છું અને અને એક નાગરિક તરીકે આ માહિતી માગું છું.
6. હું આથી ખાતરી આપું છું કે મને જે માહિતી પ્રાપ્ત થઈ છે તે કોઈપણ સંજોગોમાં હું કોઈ વ્યક્તિને કોઈપણ રીતે નહિ આપું કે જેથી ભારતની એકતા અને અખંડતાને હાનિ પહોંચાડે છે. ભારતના હિતને નુકસાન પહોંચાડે, અને તે રીતે તેનો પ્રચાર પણ નહિ કરું, તે પ્રદર્શિત પણ નહિ કરું કે તેનો તે રીતે ઉપયોગ નહિ કરું કે કરવા દઉં.

   અરજદારની સહી

   તા.

મુખ્ય માહિતી કમિશનર એક અલગ એપેલેટ સત્તાધિકારી છે. તેઓ તમામ માહિતી અધિકારીઓના વડા છે. રાજ્ય સ્તરે રાજ્ય માહિતી પંચ હોય છે. તેની ગેઝેટમાં જાહેરાત કરવામાં આવે છે. તેમાં એક રાજ્ય મુખ્ય માહિતી કમિશનર હોય છે અને 10ની સંખ્યા સુધી રાજ્ય માહિતી કમિશનરો હોય છે. તેમની નિમણૂક રાજ્યપાલ કરે છે.

વર્ષાન્તે મુખ્ય માહિતી કમિશનરે એક અહેવાલ સુપરત કરવાનો હોય છે કે જેમાં નીચેની બાબતો હોવી જોઈએ:

(1) દરેક જાહેર સત્તાધિકારી સમક્ષ રજૂ કરવામાં આવેલી માહિતી માગતી અરજીઓની સંખ્યા.

(2) અરજદારોને દસ્તાવેજો જોવાની પરવાગનગી આપવામાં ન આવી હોય એવા કિસ્સાની સંખ્યા, ધારાની કઈ જોગવાઈ હેઠળ આવો નિર્ણય લેવામાં આવ્યો.

(3) ધારાના અમલના સંદર્ભમાં વહીવટી અધિકારીઓ સામે લેવાયેલાં શિસ્તભંગનાં પગલાં અંગેની વિગતો.

(4) ધારા હેઠળ જાહેર સત્તાધિકારી દ્વારા મેળવવામાં આવેલો ચાર્જ.

માહિતી માગતી જે અરજીઓ આવે છે તેમનો નિકાલ જાહેર માહિતી અધિકારી (PIO) દ્વારા કરવામાં આવે છે. જ્યાં માહિતી માગતી અરજી લેખિત રીતે વ્યક્તિ કરી શકે તેમ ના હોય ત્યાં જાહેર માહિતી અધિકારીએ તેમને તે માટે વાજબી મદદ કરવી જોઈએ.

**પડકારો**

જે અનુભવો થયા છે અને જે અભ્યાસો થયા છે તે એમ દર્શાવે છે કે માહિતી મેળવવા અરજી કરવાનું અને સંબંધિત ખાતાને સુપરત કરવાનું નાગરિકોને ઘણું જ મુશ્કેલ અને ગૂંચવાડાભર્યું લાગે છે. નાગરીક સમાજનાં જૂથો દ્વારા ટેકો મેળવીને તેઓ માહિતી માગતી અરજી કરે તો પણ અધિકારી ઘણી વાર એવું બહાનું કાઢીને અરજી નકારી કાઢે છે કે અરજી અપૂર્ણ છે અથવા યોગ્ય નથી. જો સતત પ્રયાસો કરવામાં આવે તો પણ અરજી મળ્યાની રસીદ આપવામાં આવતી નથી. ઘણાં રાજ્યોમાં જાહેર માહિતી અધિકારીઓ એ જ ખાતામાંથી નીમવામાં આવ્યા છે કે જે ખાતામાંથી માહિતી માગવામાં આવે છે. સરકારી અધિકારીઓનું વલણ સહકારી હોતું નથી, તેમને મળવાનું મુશ્કેલ હોય છે, તેઓ આળસુ હોય છે અને તેથી વ્યક્તિગત ગ્રાહકો માટે માહિતી મેળવવાનું મુશ્કેલ બને છે અને છેવટે તે પ્રયાસો બંધ કરી દે છે. ધારાની મર્યાદા એ છે કે તેના હેઠળ આવરી લેવાયેલા નિર્ણયની નકલો આપવામાં આવે છે. ઘણીવાર એમ પણ બને છે કે જાહેર માહિતી અધિકારી (PIO)ને જ ધારા હેઠળના નિયમો અને કાર્યવાહીઓની કશી ખબર હોતી નથી. નાગરિકોએ માહિતી માગતી અરજી કરવા માટે પણ કલાકો સુધી રાહ જોવી પડે છે અને માહિતી મેળવવા માટે પણ ખૂબ રાહ જોવી પડે છે. ગરીબીની રેખા નીચે જીવનારા લોકોને પણ ફી ચૂકવવાની ફરજ પાડવામાં આવે છે. આપમેળે જાહેરાત કરવા માટે જે જોગવાઈ કરવામાં આવી છે. તમામ જાહેર સત્તાવાળાઓએ કાયદો અમલમાં આવે તેના 120 દિવસમાં આપમેળે ઘણી માહિતી જાહેર કરવાની હતી. ઘણીવાર આવા પ્રકારના દસ્તાવેજો રાજ્ય સ્તરે પ્રાપ્ય છે, પરંતુ જિલ્લા સ્તરે તે પ્રાપ્ય નથી. જો કે, તે ઈન્ટરનેટ ઉપર પ્રાપ્ય છે.

ઈન્ટરનેટ ઉપર જે દસ્તાવેજો પ્રાપ્ય છે. તેની ડિઝાઈન ખૂબ જ ખરાબ છે અને ઘણી વાર તો લિંક પ્રાપ્ત કરવી ખૂબ મુશ્કેલ છે. એ માહિતીમાં છેલ્લામાં છેલ્લી માહિતી ઉમેરવામાં આવતી નથી.

ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત સ્તરે આપમેળે માહિતી જાહેર કરવાની બાબતમાં ઔપચારિકતાઓ પૂરી કરવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. નાગરિક સમાજનાં જૂથો દ્વારા જ્યાં આ માહિતી તૈયાર કરવામાં આવે છે ત્યાં ગ્રામ સભામાં પણ આ માહિતી આપવામાં આવતી નથી. સામાજિક અન્વેષણ હાથ ધરવાનો પ્રયાસ જ્યાં જ્યાં કરવામાં આવ્યો ત્યાં ઘણીવાર સંઘર્ષો થયા છે અને હિંસક ઘટનાઓ બની છે. મોટે ભાગે શહેરો વિસ્તારોમાંથી જ અપીલ કરવામાં આવે છે અને આર્થિક રીતે સમૃદ્ધ લોકો જ બીજી અપીલ કરતા હોય છે.

નાગરિક સમાજનાં જૂથોએ સમાજના છેવાડાના લોકોનાં જૂથોને ટેકો આપ્યો છે. તેમને સરકારી માહિતી મેળવવામાં અને તે સમજવામાં મદદ કરી છે. મળેલી માહિતીનું વિશ્લેષણ તેઓ કરે અને તેનું મહત્ત્વ સમજે એ જરૂરી છે. તેમણે કાયદા વિશે અને તેની જોગવાઈઓ વિશે લોકોને જાગૃત કરવાની જરૂર છે, તેમનો સંકોચ અને શરમ દૂર થાય એ જરૂરી છે. તેમને એમ જણાવવાની જરૂર છે કે આ એક એવો કાયદો છે કે જેનાથી તેમના જીવનમાં ફરક પડી શકે છે. સર્વોચ્ચ અદાલતે માહિતીના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે સ્વીકાર્યો છે. લોકો અને સરકાર પારદર્શિતાના આ યુગમાં કામ કરે ત્યારે એ અનિવાર્ય છે કે સરકારની અંદર અને સરકારની બહાર માનસ બદલાય. તેનાથી જ પરિવર્તન આવશે. સરકારની અંદર એવી સમજ ઉભી થતી જાય છે કે સાચી સહભાગી લોકશાહી ઉભી કરવા માટે સરકાર પાંચ વર્ષમાં એક વાર નહિં પણ સતત લોકોને ઉત્તરદાયી બનવી જોઈએ. સરકારે માત્ર પોતાની સફળતાઓ અને નિષ્ફળતાઓની બાબતમાં જ ઉત્તરદાયી બનવાનું નથી એવી સમજણ પણ સરકારમાં ઉભી થતી જાય છે. આ કાયદો લોકોનું સશક્તિકરણ જ કરે છે એવું નથી, પણ તે જવાબદારીની ભાવના પણ ઉભી કરે છે અને શાસનમાં સહભાગી થવાનો હક આપે છે અને તેમ કરવાની તેમની ફરજ પણ છે એ લોકોને સમજાવે છે.

# 13. માનવ વિકાસ




**માનવ વિકાસનો અર્થ અને ખ્યાલ**

અનેક પ્રકારના પ્રગતિશીલ બદલાવ દ્વારા વૃદ્ધિ અથવા પ્રગતિ થાય તો તેને વિકાસ કહે છે. આર્થિક વૃદ્ધિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરનારા વિકાસના ખ્યાલના વિકલ્પરૂપે 1980ના દાયકાના અંત ભાગમાં માનવ વિકાસનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. આર્થિક વિકાસની એક એવી પ્રક્રિયા છે કે જેમાં દેશની માથાદીઠ વાસ્તવિક આવક લાંબા ગાળે વધે છે જ્યારે તેની સાથે સાથે સમાજમાં ગરીબી અને અસમાનતા ઘટે છે. એમ ધારી લેવામાં આવ્યું છે કે વૃદ્ધિ થશે તો સમાજના તમામ વર્ગો સુધી તેના લાભ પહોંચશે, ગરીબોને પણ લાભ થશે જેથી અસમાનતા ઘટશે. જો કે, આવકના સંદર્ભમાં આર્થિક વૃદ્ધિની ગુણવત્તા કેવી છે અને તેનું વિતરણ કેવી રીતે થાય છે તેના પર આધાર રાખે છે, દેશની ચોખ્ખી આવક ઉપર નહિ.

આર્થિક વિકાસના મોડેલ ઉપર દાયકાઓ સુધી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેને પરિણામે રાષ્ટ્રો વચ્ચે અને રાષ્ટ્રોની અંદર અસમાનતા વધી. તેથી એમ સમજાયું કે આર્થિક વૃદ્ધિ અને મનુષ્યના કલ્યાણ વચ્ચે કડી ઊભી કરવા માટે સભાન પ્રયાસોની જરૂર છે. તમામ નાગરિકોને શક્ય તેટલી સમાન રીતે સેવાઓ અને તકો પૂરી પડાય તેવી જાહેર નીતિ દ્વારા આ બાબત માત્ર બજારતંત્ર ઉપર જ છોડી શકાય

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

નહિ. રાજતંત્ર ગરીબો, નબળાઓ અને અસહાય લોકોના રક્ષણ માટે જવાબદાર બને એ જરૂરી છે. મોટા પ્રમાણમાં ગરીબી દૂર કરવા આર્થિક વૃદ્ધિની સાથે સંસાધનોની પુનર્વહેંચણી અને ઉપયોગ જીવનની ગુણવત્તા સુધારે છે.

એટલે માનવ વિકાસનું મોડેલ રાષ્ટ્રીય આવકમાં થતા વધારા કે ઘટાડા કરતાં કંઈક વિશેષ છે. તેનો અર્થ એક એવું પર્યાવરણ ઊભું કરવાનો છે કે જેમાં લોકો તેમની તમામ સુષુપ્ત શક્તિઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે અને તેમના પોતાનાં હિતો, જરૂરિયાતો અને આકાંક્ષાઓ અનુસાર ઉત્પાદક અને સર્જનાત્મક જીવન જીવી શકે. લોકો જ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. એ રીતે જોતાં, વિકાસ એટલે લોકોના જીવનમાં પસંદગીઓને વિસ્તારવી જેથી તેઓ મૂલ્યવાન જીવન જીવી શકે. માનવ વિકાસનાં બે પાસાં છેઃ એક સારું આરોગ્ય, જ્ઞાન  અને કૌશલ્ય જેવાં માનવ ક્ષમતાઓના વિકાસ અને બીજું ઉત્પાદક હેતુઓ, આરામ અથવા સાંસ્કૃતિક, રાજકીય અને સામાજિક જીવનમાં સક્રિય થવા માટે પ્રાપ્ત ક્ષમતાઓનો ઉપયોગ કરવો.

માનવ વિકાસનું મોડેલ મુખ્યત્વે તકોનાં ત્રણ આવશ્યક ક્ષેત્રો ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છેઃ 1. લાબું અને તંદુરસ્ત જીવન જીવવું (આયુષ્યમાં વધારો), 2. જ્ઞાન પ્રાપ્ત કરવાની તક (સાક્ષરતા કે શિક્ષણ), 3. સંસાધનો પ્રાપ્ત કરવાની તક - જમીન, ધિરાણ, આવક અને અન્ય સંસાધનોની પ્રાપ્તિ, કે જે સારા જીવનધોરણ માટે જરૂરી હોય (પ્રતિ વ્યકિત આવક). છેલ્લો નિર્દેશક પાયાની જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવા ખરીદવા માટેની ખરીદશક્તિ સાથે સીધી રીતે સંબંધિત છે.

**માનવ વિકાસનાં લક્ષણો**

1. માનવ વિકાસ ધ્યેય છે, અથવા વિકાસનો પાયાનો હેતુ છે, જ્યારે આર્થિક વિકાસ માનવ વિકાસનો હેતુ સિદ્ધ કરવાનું એક સાધન છે.
2. લોકોની ક્ષમતાઓ અને તેમનાં જીવન વિશેની પસંદગીઓ ઉપર ભાર મૂકે છે.
3. તે ઊંચી ઉત્પાદકતા તરફ દોરી જાય છે, કારણ કે તંદુરસ્ત, શિક્ષિત અને કુશળ શ્રમ દળ સૌથી વધારે ઉત્પાદક અસ્કામત છે.
4. તેમાં બાળ મૃત્યુ દર ઘટાડવા ઉપર અને આરોગ્યના ઉચ્ચ ધોરણ ઉપર ધ્યાન આપવામાં આવે છે. તેથી વસ્તી વૃદ્ધિનો દર ઘટાડાશે. બાળકો ઓછાં મૃત્યુ પામશે તો કુટુંબનું કદ ઘટશે.
5. તેનો ઈરાદો પર્યાવરણને થતું નુકસાન રોકવાનો પણ છે. ગરીબો આ નુકસાનનું કારણ પણ છે અને તેઓ તેના અસરગ્રસ્તો પણ છે. રણીકરણ, વનવિનાશ અને જમીનનું ધોવાણ વગેરેની પ્રક્રિયા ત્યારે ઓછી થાય છે કે જ્યારે ગરીબી ઘટે છે.
6. વધારે સારા લોકશાહી શાસન દ્વારા પ્રતિભાવાત્મક નાગરિક સમાજ ઊભો થાય તેના ઉપર તે ધ્યાન આપે છે.
7. તેમાં એક પ્રકારે રાજકીય અપીલ છે કારણ કે તે નાગરિકોનો અસંતોષ અને તેને લીધે ફેલાતી અશાંતિ ઘટાડે છે અને સામાજિક સ્થિરતા વધારે છે.
8. એક તરફ તે પાયાની જરૂરિયાતો પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, તો બીજી તરફ માનવ જીવનની ગુણવત્તા સુધારવા ઉપર ધ્યાન આપે છે.

છેલ્લા દાયકાઓ દરમ્યાન માનવ વિકાસના મોડેલમાં બીજાં અનેક પાસાં અને પરિણામો ઉમેરાયાં છે. હવે 'માનવ વિકાસ'ને બદલે 'ચિરંતન માનવ વિકાસ' શબ્દ વપરાય છે. તેમાં મૂડી અને સંસાધનોનાં તમામ સ્વરૂપો - ભૌતિક, માનવીય, નાણાકીય અને પર્યાવરણીય - ને ટકાઉ બનાવવાના મહત્ત્વ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, અને તે માત્ર વર્તમાન પેઢીઓની જ નહિ પણ ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતોને સંતોષવાની પૂર્વશરત છે.

ચિરંતન વિકાસ માત્ર પર્યાવરણના જતન માટે નથી, પરંતુ તે આર્થિક વૃદ્ધિનો એક નવો ખ્યાલ છે કે જે તમામ રાષ્ટ્રોના તમામ લોકો માટે ન્યાય અને તકોની સમાનતા ઉપર આધારિત છે, જે પ્રાકૃતિક સંસાધનો પર વિપરીત અસર પાડીને કે તેમનો વિનાશ કર્યા વગર કરાય. તે એક એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા તમામ આર્થિક, રાજકોષીય, વ્યાપાર, ઊર્જા, કૃષિ, ઔદ્યોગિક નીતિઓ એવો વિકાસ સિદ્ધ કરવા માટે ઘડવામાં આવે જે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય રીતે સક્ષમ અને ટકાઉ વિકાસ થાય. પ્રાપ્ય પ્રાકૃતિક સંસાધનોને ઓછું માનવામાં આવે છે અને અસ્કામતોના સંચાલન માટે તેમની કિંમત નક્કી કરવામાં આવે છે કારણ કે કદાચ તે ભવિષ્યમાં પ્રાપ્ય ન પણ થાય. એ રીતે, તેમાં આજની જરૂરિયાતો અને ભવિષ્યની આવશ્યકતાઓ વચ્ચે, મનુષ્યના લોભ અને સામાજિક કરૂણા વચ્ચે, સ્પર્ધાત્મક બજારો તથા નિયમનકારી તંત્રો અને અસમાન પહોંચથી અસહાય લોકોને સુરક્ષાની જાળ પૂરી પાડવા વચ્ચે, લશ્કરી ખર્ચ ઘટાડીને વધારે માનવીય રોકાણ વચ્ચે સંતુલન સાધવામાં આવે છે. તેને માટે વૈશ્વિક સ્તરની નીતિઓ અને વપરાશની તરાહમાં જબરજસ્ત ફેરફારો કરવા પડે. 1990ના દાયકાથી વિકસતા દેશોમાં નવી આર્થિક નીતિ, ઉદારીકરણ અને માળખાગત ગોઠવણના કાર્યક્રમો દાખલ કરાયાના સંદર્ભમાં આ બાબત વધારે સાચી છે.

**પર્યાવરણના વૈશ્વિક વિનાશની કેટલીક હકીકતો**

1. છેલ્લાં 50 વર્ષના ગાળા દરમ્યાન દુનિયાની વસ્તી બમણી થઈ 60 કરોડ છે. આજ પ્રમાણમાં વસ્તિની વધતી જવાની આશંકા છે જેને પરિણામે કુદરતી સંસાધનો ઉપરનું દબાણ વધતુ જશે.
2. 10 ટકા ફળદ્રુપ જમીન ખરાબાની જમીન બની ગઈ છે અને વધુ 25 ટકા ફળદ્રુપ જમીન આવી બની જાય એવો ખતરો છે. સૌથી ગરીબ લોકો પર્યાવરણની દૃષ્ટિએ સૌથી વધુ નુકસાન પામેલા પ્રદેશોમાં રહે છેઃ 80 ટકા લેટિન અમેરિકામાં, 60 ટકા એશિયામાં અને 50 ટકા આફ્રિકામાં.
3. લગભગ 13 કરોડ લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી, 23 કરોડ લોકો પાસે સફાઈની સવલતો નથી અને 15 કરોડ લોકોને બળતણ માટે લાકડું મળતું નથી.
4. વૈશ્વિક તાપમાનમાં વધારો થઈ રહ્યો છે, ગરમી વધી રહી છે, કાર્બન ડાયોક્સાઈડ હવામાં વધુ ને વધુ પ્રમાણમાં ઘૂસી રહ્યો છે, ઓઝોન વાયુના પટાનું ધોવાણ થઈ રહ્યું છે, હિમનદીઓ  ઓગળી રહી છે અને પરિણામે પર્યાવરણીય વ્યવસ્થાઓમાં અકલ્પનીય ફેરફારો થઈ રહ્યા છે - આ બધાને પરિણામે તમામ સજીવોના અસ્તિત્વ સામે ખતરો પેદા થઈ રહ્યો છે.
5. દુનિયામાં લગભગ 50 ટકા જંગલોનો નાશ થઈ ગયો છે અને દર વર્ષે લગભગ 160 લાખ હેક્ટર જંગલો કપાય છે અથવા બાળવામાં આવે છે.

*સ્રોતઃ હક, 1995*

ચિરંતન વિકાસનો ધ્યેય ફક્ત આર્થિક વૃદ્ધિ નથી; સમાનતા અને પર્યાવરણ સુરક્ષા સાથે વિકાસ છે. માનવ વિકાસ અહેવાલના સ્થાપક મહેબૂબ અલ હકના શબ્દોમાં કહીએ તો, "ગરીબ લોકો અને ગરીબ દેશો અન્ન માટે જમીન પર, પાણી માટે નદીઓ પર અને બળતણ માટે જંગલો પર આધાર રાખે છે. તેમને આ સંસાધનોની તાતી જરૂર છે તેને લીધે તેમની પાસે પસંદગીના વિકલ્પો ઓછા છે કારણ કે આવક અને અસ્કામતો ઓછાં છે, અને તેથી તેમનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે જ આ સંસાધનોની વધારે પડતી વપરાશ કરે છે અને તેમના પર્યાવરણનો નાશ કરે છે. આમ કરીને, તેઓ તેમના આરોગ્ય તથા તેમનાં બાળકોના જીવન સામે ખતરો ઊભો કરે છે. ગરીબ સમાજોને વધુ વિકલ્પો આપવા માટે આર્થિક વૃદ્ધિ મહત્ત્વની છે પરંતુ આ મોડેલો ઓછાં ઊર્જાગહન અને પર્યાવરણીય દૃષ્ટિએ વધારે મજબૂત બનાવવાં જ જોઈએ." (હક, 1995)

**ભારતમાં પ્રાકૃતિક સંસાધનોની સ્થિતિ**

1. ભારતમાં દુનિયાની 18 ટકા વસ્તી વસે છે અને પૃથ્વીનો 2.4 ટકા વિસ્તાર જ તે ધરાવે છે, તેથી ભારતનાં પ્રાકૃતિક સંસાધનો ઉપર દબાણ વધ્યું છે.
2. ખેડાણ હેઠળની લગભગ 60 ટકા જમીનમાં ધોવાણ થયું છે અથવા તેમાં પાણીનો ભરાવો થયો છે અથવા તે ખારાશવાળી બની છે. અંદાજ છે કે 4.7 અબજ ટનથી 12 અબજ ટન જેટલી જમીનની ઉપરની સપાટીનો ધોવાણને કારણે દર વર્ષે નાશ થાય છે.
3. 1947થી 2002 દરમ્યાન પાણીની માથાદીઠ વાર્ષિક પ્રાપ્યતા લગભગ 70 ટકા ઘટીને 1,822 ઘન મીટર થઈ છે. હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં ભૂગર્ભ જળના વધુ પડતા ઉપયોગથી ભારે સમસ્યાઓ સર્જાઈ છે.
4. ભારતના ભૌગોલિક વિસ્તારના 18.34 ટકા (6,77,000 ચો. કિ. મી.) વિસ્તારમાં જંગલો છે. બીજી બાજૂ, ગુજરાત, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં જંગલો, કુલ ભૌગોલિક વિસ્તારના ફક્ત 2થી 6 ટકા છે. મોટા ભાગના આ રાજ્યોમાં 'બીન જંગલ ખરાબા'ની જમીન છે.
5. ઈન્ડિયન એગ્રીકલચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (IARC)નાં અદાંજ પ્રમાણે તાપમાનમાં 3 અંશ સે. ગ્રે.નો વધારો થશે તો ઘઉંના વાર્ષિક ઉત્પાદનમાં 15થી 20 ટકાનું નુકસાન થશે.
6. ભારતનાં 3119 શહેરો અને નગરોમાંથી 209 શહેરો અને નગરોમાં ગંદા પાણીના શુદ્ધિકરણની આંશિક સવલતો છે અને માત્ર 8 શહેરોમાં સંપૂર્ણ સવલતો છે. 114 શહેરો કચરો અને અર્ધદગ્ધ મૃતદેહો ગંગા નદીમાં ઠાલવે છે. હેઠવાસમાં આવેલા વિસ્તારો એ જ ગંદા પાણીનો ઉપયોગ પીવા માટે, સ્નાન માટે અને કપડાં ધોવા માટે કરે છે.
7. ભારતનાં શહેરોમાં પણ ખુલ્લામાં મળત્યાગની સ્થિતિ વ્યાપક છે.
8. પાણીની ગુણવત્તાના માપદંડો દરેક રાજ્યમામ જુદા છે. દેશમાં 90 ટકા શહેરી વસ્તીને પીવાનું ચોખ્ખું પાણી મળે છે પરંતુ 49 ટકા શહેરી વસ્તી જ સફાઈની સવલતો મેળવે છે.
9. અંદાજ છે કે ભારતમાં દર વર્ષે ગ્રામ વિસ્તારોમાં 5 લાખ મોત ઘરેલુ સ્રોતથી પ્રદૂષણને કારણે જ થાય છે કે જેમાં મોટા ભાગનાં મોત સ્ત્રીઓ અને 5 વર્ષથી નીચેની વયનાં બાળકોનાં થાય છે. *સ્રોતઃ ઈન્ડિયા હ્યુમન ડૅવલપમેન્ટ રિપોર્ટ 2001.*

**ગુજરાતમાં પ્રાકૃતિક સંસાધનોની સ્થિતિ**

1. ગુજરાતમાં 50 ટકા કરતાં વધારે જિલ્લામાં ફ્લોરાઈડની સમસ્યા છે. લગભગ 15 ટકા ગામોમાં ભૂગર્ભ જળમાં સલામત માત્રા કરતાં વધારે ફ્લોરાઈડ જણાય છે.
2. દરિયા કિનારાના પ્રદેશોમાં ભૂગર્ભ જળ ખેંચવાથી દરિયાના પાણીની ઘૂસણખોરી વધી છે અને જમીનની ખારાશમાં મોટો વધારે થયો છે. દરિયા કિનારેના પ્રદેશોમાં જમીનની ખારાશ વધવાનું એક અગત્યનું કારણ મેનગ્રોવ્સનો નાશ થયો છે તે છે. ઉપરાંત, ઉદ્યોગો અને લોકો દ્વારા કચરો ઠલવાયો છે, નદીઓમાં પાણીનો પ્રવાહ ઘટ્યો છે તથા મીઠાનાં અગરોનો કચરો પણ ઠલવાયો છે.
3. ગુજરાતમાં પીવાના પાણીના પુરવઠાની ભારે તંગી છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત સૌથી અસરગ્રસ્ત પ્રદેશો છે. દુકાળ વારંવાર પડે છે અને એ વર્ષો દરમ્યાન રાજ્યનાં 75થી 80 ટકા ગામો અને અડધોઅડધ નગરોમાં પીવાના પાણીની અછત ઊભી થાય છે.
4. વધારે પડતું ચરાણ વ્યવસ્થા, વનવિનાશ તથા કુદરતી સંસાધનોના ખરાબ સંચાલનને કારણે કુદરતી સંસાધનોનો વધુ પડતો ઉપયોગ થાય છે. તેને પરિણામે રાજ્યના ઉત્તર અને વાયવ્યના વિસ્તારોમાં રણ વિસ્તરતું જાય છે.
5. ગુજરાત એક દુષ્કાળ સંભવ રાજ્ય છે. સામાન્ય વર્ષોમાં 10થી 15 ટકા તાલુકા તો અછતગ્રસ્ત હોય છે જ અને ત્યાં અછતનાં કામો હાથ ધરવામાં આવે છે. દુકાળ હોય ત્યારે પીવાના પાણીની ગંભીર અછત ઊભી થાય છે.

*સ્રોતઃ ગુજરાત હ્યુમન ડૅવલપમેન્ટ રિપોર્ટ* 2001

**માનવ વિકાસનાં ઘટકો**

માનવ વિકાસના માળખામાં ચાર ઘટકો સમાયેલાં છેઃ સમતા, ચિરંતનતા, ઉત્પાદકતા અને સશક્તિકરણ.

**1. સમતાઃ** તમામ વ્યક્તિઓને પાયાના માનવ અધિકાર તરીકે રાજકીય અને આર્થિક તકો મળે તે સમતા છે. આ બાબત એ ધારણા પર આધારિત છે કે તમામ વ્યક્તિઓને તેમની ક્ષમતાઓ વિકસાવી તેનો પૂરેપુરો ઉપયોગ કરવા માટે સક્ષમ થવા મદદ મળવી જોઈએ. એનો અર્થ એવો નથી થતો કે જો બધાને સમાન તકો આપવામાં આવે તો તેનું પરિણામ પણ સમાન આવે. તકો પૂરી પાડવા માટે ખરેખર સત્તાના માળખામાં ફેરબદલ જરૂરી છે કે જમીન સુધારા દ્વારા ઉત્પાદક અસ્કામતોની પુનર્વહેંચણી, રાજકોષીય નીતિ દ્વારા આવકની પુનર્વહેંચણી, ગરીબો માટે ધિરાણની વ્યવસ્થા વિસ્તારવી કે જેથી તેમની નિયોજક શક્તિમાં વધારો થાય, મતાધિકારની વ્યવસ્થામાં સુધારા દ્વારા મહિલાઓ, વંશીય લઘુમતીઓ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઆ પ્રત્યે સામાજિક અને કાનૂની અવરોધો દૂર કરી રાજકીય તકોમાં વધારો કરવો.

**2. ચિરંતનતાઃ** આપણે જે તકો ભોગવી છે એટલી જ તકો આગામી પેઢીને પણ મળવી જોઈએ. નાણાકીય, માનવીય, ભૌતિક કે પર્યાવરણીય - કોઈ પણ સ્વરૂપે સંસાધનરૂપ મૂડીનું ધોવાણ થાય તો ભવિષ્યની પેઢીઓની આ તકો ઝૂંટવાઈ જાય છે. તેથી તેમના વર્તમાન સ્વરૂપમાં તમામ પ્રકારની મૂડીનું જતન કરવું એ એક પ્રાથમિક બાબત છે. તેનો અર્થ એ પણ છે કે ગરીબી, વંચિતતા અને અસમાનતાની વર્તમાન સ્થિતિ ચાલુ રહેવી જોઈએ નહિ. વર્તમાન અસમાનતાઓને ઘટાડવાના પ્રયાસો કરવાની જરૂર છે. હક જણાવે છે કે, "અન્યાયી વૈશ્વિક વ્યવસ્થા સાહજિક રીતે જ બિન-ટકાઉ છે." જો ચિરંતન

વિકાસનું લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો થોડાક વિશેષાધિકાર ભોગવતા લોકો તેમની જીવનશૈલી બદલે અને વપરાશની તરાહ બદલે, એ અનિવાર્ય છે.

**3. ઉત્પાદકતા:** લોકો પોતાની સુષુપ્ત શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે તેમને સક્ષમ બનાવવા તેમની ક્ષમતાઓ અને કૌશલ્યો ઊભાં કરવાં પડે અને તે માટે તેમાં રોકાણ કરવું પડે, તથા સાનુકૂળ પર્યાવરણ સર્જવું પડે. અગાઉ જણાવ્યું તે મુજબ આર્થિક વૃદ્ધિ એ વિકાસનો એક પેટા વિભાગ છે અને અનિવાર્ય ભાગ છે પરંતુ સમતા, ચિરંતનતા અને સશક્તિકરણ જેવાં અન્ય ઘટકો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં ન આવે તો માનવ વિકાસના ખરા ધ્યેય પરથી ધ્યાન ખસી જાય.

**4. સશક્તિકરણ:** માનવ વિકાસનું મોડેલ માનવકેન્દ્રી છે અને તેમાં કલ્યાણવાદ દ્વારા અપનાવાયેલા ઉપકારના અભિગમનો ઈન્કાર કરવામાં આવે છે કારણ કે તે માનવીય ગૌરવથી વિરુદ્ધની બાબત છે. પોતાના જીવનને અસર કરનારી અને આકાર આપનારી નિર્ણય પ્રક્રિયાઓમાં લોકો સહભાગી થવા જ જોઈએ. સશક્તિકરણનો અર્થ એ છે કે લોકો પોતાની પસંદગીઓ વ્યક્ત કરવા માટે અને નિર્ણય પ્રક્રિયા પર પ્રભાવ પાડવા માટે સક્ષમ છે અથવા સક્ષમ બને છે. અહીં ગર્ભિત ધારણા એ છે કે આર્થિક ઉદારીકરણ અને વિકેન્દ્રિત શાસન વ્યવસ્થા છે, વધુ ધિરાણ અને ઉત્પાદક અસ્કામતો પ્રાપ્ત થાય છે અને એ તમામમાં સ્ત્રીઓ-પુરુષો અને અન્ય અસહાય વર્ગોને સમાન હિસ્સો પ્રાપ્ત થાય છે. માનવ વિકાસનું મોડેલ પાયાની જરૂરિયાતોના મોડેલ કરતાં જુદું છે. તેમાં પાયાની સેવાઓની જોગવાઈ સામાન્ય રીતે રાજ્ય દ્વારા કરવામાં આવે છે, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષાની વ્યવસ્થાની સાથે રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓને આવરી લેવાની જરૂર છે.

માનવ વિકાસ અને આર્થિક વિકાસ વચ્ચે એક ઈચ્છનીય કડી સ્થાપવાની જરૂર છે અને તે માટે સૌ પ્રથમ આરોગ્ય, શિક્ષણ, કૌશલ્યવૃદ્ધિ અને ક્ષમતા નિર્માણમાં રોકાણ કરવાની જરૂર છે. તેને પરિણામે વ્યક્તિઓ વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર થઈ શકશે તેમ જ વળતરજન્ય રોજગારી દ્વારા લાભો પ્રાપ્ત કરી શકશે. બીજી બાબત વૃદ્ધિના લાભોની વહેંચણી છે, જેમ કે, જમીન સુધારા, સુધારાત્મક જાહેર નીતિ કાર્ય થાય વગેરે. ત્રીજી બાબત છે લોકો ખાસ કરીને દલિતો, આદિવાસીઓ, લઘુમતી જૂથો, વંશીય જૂથો અને વિકલાંગ લોકો જેવાં અસહાય જૂથોનું સશક્તિકરણ. બન્ને વિકાસને લાંબા ગાળા સુધી ટકાઉ અને સહભાગી બનાવવા માટે મહિલાઓ અને પુરુષો મહત્ત્વનાં છે.

**માનવ વિકાસ અને માનવ અધિકારો**

દ્વિતીય વિશ્વ યુદ્ધ બાદ 1945માં 51 સભ્ય દેશો સાથે 'સંયુક્ત રાષ્ટ્ર'ની સ્થાપના થઈ. 'સંયુક્ત રાષ્ટ્ર'ની સ્થાપનાનો હેતુ ન્યાય, માનવીય ગૌરવ અને તમામ લોકોની સુખાકારીના સિદ્ધાંતોના આધાર પર શાંતિ અને વિકાસ માટે કાર્ય કરવા દુનિયાનાં તમામ રાષ્ટ્રોને એકત્ર કરવાનો છે. અત્યારે 'સંયુક્ત રાષ્ટ્ર'માં 192 સભ્યો છે. 10, ડિસેમ્બર 1944ના રોજ 'સંયુક્ત રાષ્ટ્ર'ની સામાન્ય સભાએ 'માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા' (Universal Declaration of Human Rights - UDHR) સ્વીકારી અને ઘોષિત કરી. અન્યાયી કાયદાઓ અને વ્યવહારોથી રક્ષણ મેળવવા માટે આ ઘોષણા એક પાયો બની રહી છે. તેમાં તમામ દેશોના તમામ નાગરિકોને તેઓ મનુષ્ય છે તે માટે પર્યાપ્ત માત્રામાં (આરોગ્યની સુરક્ષા, વાણી અને વિચારનું સ્વાતંત્ર્ય) પ્રાપ્ત થાય તેનું વચન પણ આપવામાં આવ્યું છે. તેમાં નાગરિકો પરસ્પરને નુકસાન ન પહોંચાડે અને પરસ્પરને સહાય કરે તે માટેની નાગરિકોની ફરજો અને

જવાબદારીઓની રૂપરેખા પણ આપવામાં આવી છે. તે પછી માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા માટે અનેક પરિષદો મળી છે અને અનેક સંગઠનોની સ્થાપના થઈ છે. વાસ્તવમાં, 'માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણા'નું હાર્દ ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો અને રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાયેલું છે જ.

માનવ વિકાસનું માળખું અને માનવ અધિકારોનો અભિગમ બંને તમામ સમાજોની તમામ વ્યક્તિઓની સ્વતંત્રતા, સુખાકારી અને ગૌરવને પ્રોત્સાહન આપવાની મૂળભૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે અને બંને ગાઢ રીતે પરસ્પર સુસંગત અને પૂરક છે. માનવ અધિકારો મહદંશે રાજકીય, નાગરિક અને લોકશાહી અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રગતિના આ નિર્દેશકોને માપવામાં મુશ્કેલી પડે છે તેથી માનવ વિકાસ આંક (Human Development Index - HDI) કોઈ સંચિત માપ ઊભું કરી શક્યો નથી કે જેથી આ બાબતોનું મૂલ્યાંકન કરી શકાય. પરંતુ તમામ મનુષ્યો માનવ વિકાસ પરિપૂર્ણ કરવા અને વધારવા માટેની ફરજ ધરાવે છે એવી એક અવધારણા ઊભી કરવામાં તેણે ચોક્કસ પ્રદાન આપ્યું છે. ફરજોના કારણે ઉત્તરદાયિત્વ અને જવાબદારી ઊભી થાય છે. માનવ વિકાસના અભિગમ દ્વારા જ્યારે આ નિષ્ફળતાઓનું વિશ્લેષણ કરવામાં આવે ત્યારે તે આપણને ઓળખી કઢાયેલી સમસ્યાઓના ઉકેલ માટેની યોગ્ય વ્યૂહરચનાઓ ઘડવા તરફ લઈ જાય છે. માનવ વિકાસની પ્રક્રિયા અને અધિકારોની માંગમાં સંઘર્ષ અને લડતનો સમાવેશ થાય છે એટલે તેમાં સશક્તિકરણ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માનવ અધિકારોનો દૃષ્ટિકોણ માનવ વિકાસ વધારવા માટે જરૂરી નીતિવિષયક પગલાંનો નિર્દેશ કરે છે અને પ્રગતિ માપવા માટેનાં સાધનો પણ આપે છે.

**માનવ વિકાસનું માપન**

લોકોની ક્ષમતાઓ અને તેઓ જે પસંદગીઓ કરે છે તે દેશની પ્રગતિ માપવા માટેનો આધાર બનવો જોઈએ, નહિ કે આર્થિક વૃદ્ધિ, આ અંગેનો માપદંડ શોધવાની મથામણમાંથી માનવ વિકાસ આંકનો જન્મ થયો છે. મહેબૂબ અલ હકના નેતૃત્વ હેઠળ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nations Development Programme - UNDP)ના સહયોગથી માનવ વિકાસ અહેવાલોનું પ્રકાશન 1990થી થઈ રહ્યું છે. તેનો ઈરાદો એ છે કે આર્થિક પ્રગતિને આધારે નહિ પણ લોકોની સુખાકારીમાં થયેલા વધારાને આધારે વિકાસનું મૂલ્યાંકન લોકો, વિદ્વાનો અને નીતિ-નિર્ધારકો કરે તે માટે તેમને પ્રતીતિ કરાવવાની છે. તે પછી સમયાંતરે અમુક દેશવાર અને રાજ્યવાર અહેવાલો પણ તૈયાર કરાયા છે.

માનવ વિકાસ આંકનો ઉપયોગ માનવ વિકાસના સ્તરને આધારે દેશોને ક્રમ આપવા માટે કરાય છે. દેશોનો વિકસિત, વિકાસશીલ અને નિમ્ન વિકસિત, એમ ત્રણ વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. મૂળે ભારતના વિખ્યાત અર્થશાસ્ત્રી અમર્ત્ય સેન દ્વારા ઘડાયેલી ફોર્મ્યુલાનો ઉપયોગ કરીને અપેક્ષિત આયુષ્ય, શિક્ષણ અને કુલ ઘરેલૂ પેદાશ (Gross Domestic Product - GDP) વિશેની આંકડાકીય માહિતી રાષ્ટ્રીય સ્તરે એકત્ર કરીને દેશોને ક્રમ આપવામાં આવે છે. સૌ પ્રથમ માનવ વિકાસ અહેવાલ UNDP દ્વારા 1990માં પ્રકાશિત થયો હતો. તેમાં અપેક્ષિત આયુષ્ય, સાક્ષરતા અને માથાદીઠ આવકને ધ્યાનમાં લેવામાં આવ્યાં હતાં. આ રીતે આ આંક લોકોની અમુક પસંદગીઓને સાંકળે છે અને લોકો દ્વારા મહત્વપૂર્ણ ગણાતી બીજી ઘણી બધી બાબતો જેમ કે સામાજિક, રાજકીય અને આર્થિક સ્વતંત્રતા, હિંસા સામે રક્ષણ, અસલામતી અને ભેદભાવ સામે રક્ષણ વગેરેને ધ્યાનમાં નથી લેતો. પછીનાં વર્ષો

દરમ્યાન તેમાં રાજકીય સ્વાતંત્ર્ય આંક, મહિલા વિકાસ આંક, મહિલા સશક્તિકરણ આંક અને માનવ ગરીબી આંક ઉમેરવાનો પ્રયત્ન કરાયો છે પરંતુ અપૂરતી માહિતીને કારણે એ ધ્યેય સંપૂર્ણપણે સિદ્ધ થઈ શક્યું નથી.

**માનવ વિકાસ આંક** (HDI)**:** આ આંકમાં દરેક દેશ કે પ્રદેશની માનવ વિકાસના ક્ષેત્રે સિદ્ધિ ત્રણ માપદંડોના આધારે માપવામાં આવે છે. પ્રથમ તો લાંબુ અને તંદુરસ્ત જીવન છે. તે જન્મને આધારે અપેક્ષિત આયુષ્યના સંદર્ભમાં માપવામાં આવે છે. બીજું, જ્ઞાનને પુખ્ત વયનાઓના સાક્ષરતા દર દ્વારા માપવામાં આવે છે. તેને બે તૃતીયાંશ જેટલો ભાર અપાય છે અને તેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં કુલ નોંધણી દરના સંદર્ભમાં માપવામાં આવે છે. જીવનધોરણને માથાદીઠ આવકના સંદર્ભમાં મપાય છે. માથાદીઠ આવકની ગણતરી માટે ખરીદશક્તિ સમતા (PPP) ધ્યાનમાં લેવાય છે. એટલે કે તેમાં દેશો વચ્ચેના જીવનનિર્વાહ ખર્ચને સાપેક્ષ રીતે તથા ફુગાવાના દરના સંદર્ભમાં ધ્યાનમાં લેવાય છે, માત્ર ચલણોના વિનિમય દરને ધ્યાનમાં લેવામાં આવતો નથી, કે જેથી આવક વચ્ચેનો ખરો તફાવત ખબર પડે.

**રાજકીય સ્વતંત્રતા આંક:** જો દુનિયાના દેશો સંમત થાય તો માનવ વિકાસ આંકમાં આ આંકનો સમાવેશ કરવામાં આવશે. આ સૂચિત આંકનાં મુખ્ય ઘટકો નીચે મુજબ છે:

i. રાજકીય સહભાગિતા-રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજકીય નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થવાની અને તેના ઉપર પ્રભાવ પાડવાની સ્વતંત્રતા.

ii. કાયદાનું શાસન-કાનૂની સુધારા દ્વારા વ્યક્તિના જીવનનું રક્ષણ અને સલામતી.

iii. અભિવ્યક્તિની સ્વતંત્રતા-માહિતી માગવાની અને મેળવવાની તથા માધ્યમોની સ્વતંત્રતા.

iv. ભેદભાવનો અભાવ-સ્ત્રી-પુરુષ, જ્ઞાતિ, વર્ગ, ધર્મ અને વંશીયતાના ભેદભાવ વિના તમામ વ્યક્તિઓને તકની સમાનતા.

**મહિલા વિકાસ આંક** (GDI): માનવ વિકાસ આંકની કેટલીક પાયાની બાબતોને આમાં ધ્યાનમાં લેવામાં આવે છે, પરંતુ સ્ત્રીઓ અને પુરુષો વચ્ચેની અસમાનતાને વિશેષ ધ્યાનમાં લેવાય છે.

**મહિલા સશક્તિકરણ માપ** (GEM): આર્થિક અને રાજકીય જીવનમાં નિર્ણય પ્રક્રિયામાં સ્ત્રીઓ અને પુરુષો સક્રિય રીતે ભાગીદાર થાય છે કે નહિ તે આ આંકમાં માપવામાં આવે છે. મહિલા વિકાસ આંક ક્ષમતાઓના વિસ્તરણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, તો મહિલા સશક્તિકરણ માપ એ ક્ષમતાઓનો લાભ, તકો પ્રાપ્ત કરવા માટે કેટલો લેવાય છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. મહિલા સશક્તિકરણ માપને ત્રણ નિર્દેશકો દ્વારા મપાય છે: (1) રાજકીય સહભાગિતા અને નિર્ણય પ્રક્રિયા કે જેને સંસદમાં સ્ત્રીઓ અને પુરુષોની બેઠકો દ્વારા માપવામાં આવે છે. (2) આર્થિક સહભાગિતા અને નિર્ણય પ્રક્રિયા કે જેને વિધાયકો, વરિષ્ઠ અધિકારીઓ અને મેનેજરો, વ્યવસાયીઓ અને ટેકનિકલ હોદ્દાઓમાં સ્ત્રીઓ અને પુરુષોના પ્રમાણ દ્વારા માપવામાં આવે છે. (3) આર્થિક સંસાધનો પરનો અંકુશ કે જેને સ્ત્રીઓ અને પુરષોની આવકના સંદર્ભમાં મપાય છે. અહીં આવક અમેરિકન ડૉલરમાં ખરીદશક્તિ સમતા (PPP)ના સંદર્ભમાં મપાય છે. મહિલા વિકાસ આંક અને મહિલા સશક્તિકરણ માપ બંને 1995માં માનવ વિકાસ અહેવાલમાં દાખલ કરાયાં.

**માનવ ગરીબી આંક** (HPI): ગરીબોને સામાન્ય રીતે આવકના સંદર્ભમાં માપવામાં આવે છે. માનવ વિકાસના ખ્યાલમાં ગરીબીને તંદુરસ્ત અને લાંબા આયુષ્ય તથા પસંદગીઓના ઈન્કારના સંદર્ભમાં માપવામાં આવે છે. HPI-1 માં ભારત જેવા વિકસતા દેશોનો સમાવેશ થાય છે. તેમાં 40 વર્ષથી ઓછું આયુષ્ય ભોગવનારાનું પ્રમાણ અને 15થી વધુ વયનાઓમાં સાક્ષરતાનું પ્રમાણ મપાય છે. સારા જીવનધોરણને બે રીતે મપાય છેઃ 5 વર્ષથી ઓછી વયનાં ઓછું વજન ધરાવનારાં બાળકોનું પ્રમાણ અને પીવાલાયક પાણી ન મેળવનારી વસ્તીનું પ્રમાણ. HPI - 1 વિકસતા દેશો માટે છે. એમા માનવ વિકાસ આંક જેવા જ ત્રણ માપદંડો છે; આયુષ્ય જે બાળકના જન્મ સમયે માપવામાં આવે કે બાળક 40 વર્ષથી વધારે જીવશે કે નહિ; સાક્ષરતાનું માપ છે કે કેટલા ટકા વયસ્ક અભણ છે; વંચિતતાનું પ્રમાણ છે - કેટલા ટકા લોકો પાણીના કાયમી સારા શ્રોતથી વંચિત છે અને 5 વર્ષથી નીચેના કેટલા બાળકો કુપોષિત છે.

**ભારતમાં અને ગુજરાતમાં માનવ વિકાસની સ્થિતિ**

ભારતના સંદર્ભમાં વાત કરીએ તો માનવ વિકાસનો અર્થ એ થાય છે કે સૌથી વધારે વંચિત વર્ગની પાયારૂપ ક્ષમતાઓનો વિકાસ કરવો. તેનો અર્થ એ છે કે જેઓ મુખ્ય પ્રવાહની વિકાસ પ્રક્રિયામાંથી બાકાત રહી ગયા છે અથવા છેવાડે રહી ગયા છે તેમને ટેકો આપવાનો છે. માનવ વિકાસ અહેવાલો અને દેશોના ક્રમની તુલના થઈ શકતી નથી કારણ કે માહિતી અને પદ્ધતિમાં ફેરફારો થયા છે, તથા આવરી લેવાયેલા દેશોની સંખ્યા પણ બદલાઈ છે.

ભારત મધ્યમ માનવ વિકાસ ધરાવતા દેશો છે. 2004માં 174 દેશોમાં ભારત 128મા ક્રમે હતો અને 2009માં 182 દેશોમાં 134મા ક્રમે હતો. ભારતનો આર્થિક વૃદ્ધિ દર ઊંચો ગયો તેમ છતાં આ સ્થિતિ હતી. ભારત સતત દુનિયાના સૌથી નિમ્ન માનવ વિકાસ ધરાવતા ત્રીજા ભાગના દેશોમાં સ્થાન ધરાવતું રહ્યું છે. દા. ત. 2004માં માથાદીઠ આવકના સંદર્ભમાં ભારત 117મા ક્રમે હતો અને માનવ વિકાસ આંકમાં 126મા ક્રમે હતો. તેની તુલનાએ વિયેતનામ માનવ વિકાસ આંકમાં 109મા ક્રમે હતું અને માથાદીઠ આવકના સંદર્ભમાં 121મા ક્રમે હતું. એનો અર્થ એવો થાય કે વિયેતનામે મર્યાદિત આવક સાથે પોતાના નાગરિકોનો જીવનની ગુણવત્તા સુધારવા માટે સારી પ્રગતિ સાધી છે.

એ જ રીતે, ગુજરાત દેશમાં સૌથી વધુ આર્થિક રીતે સમૃદ્ધ રાજ્યોમાંનું એક છે. દેશનાં 15 રાજ્યોની પ્રાપ્ય માહિતી અનુસાર ગુજરાતનો ક્રમ ચોથો આવે છે. 2004ના ગુજરાતના માનવ વિકાસ અહેવાલમાં જણાવવામાં આવ્યા મુજબ દેશની માથાદીઠ આવક કરતાં ગુજરાતની માથાદીઠ આવક 27 ટકા વધારે છે. ગુજરાતમાં ભારત કરતાં વધારે શહેરીકરણ થયું છે અને ગુજરાતની 38 ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં રહે છે. ગુજરાતમાં મૂડી બજાર અને નાણાં બજાર સુવિકસિત છે અને પ્રજા વેપારી અને સાહસિક છે. નવી આર્થિક નીતિ પછીના સમયગાળામાં ગુજરાતે અનેક રોકાણકારોને આકર્ષ્યા છે અને ઔદ્યોગિક વૃદ્ધિનાં આધારે દેશમાં ત્રીજો ક્રમ છે. આર્થિક વૃદ્ધિનો દર ઊંચો હોવા છતાં માનવ વિકાસના સંદર્ભમાં ગુજરાતે સારો વિકાસ કર્યો નથી. 2001માં માનવ વિકાસમાં ગુજરાતનો છઠ્ઠો ક્રમ હતો. 1981થી 2001ના ગાળા દરમ્યાનના માનવ વિકાસની વાત કરીએ તો જણાય છે કે સાક્ષરતાનો દર અને અપેક્ષિત આયુષ્યના સંદર્ભમાં પરિસ્થિતિ સ્થિર રહી છે. 2004ના ગુજરાતના માનવ વિકાસ અહેવાલમાં જણાવાયું છે તે મુજબ આવક ગરીબી અને માનવ ગરીબી વચ્ચેના તફાવતનાં કારણો આ બાબતો સાથે સંગળાયેલા છેઃ (i) અસંગઠિત ક્ષેત્રના મજૂરોને રોજગારીની તકો ઓછી મળે છે અને

તેમને સામાજિક સલામતીના લાભો નહિવત્ મળે છે, (ii) સામાજિક ક્ષેત્રના કાર્યક્રમોની કામગીરી નબળી છે જેમ કે શાળામાં છોકરીઓની નોંધણી ઓછી થાય છે તથા બાળ મૃત્યુ દરમાં ધીમો ઘટાડો થાય છે.

આર્થિક વૃદ્ધિ અને વળતરજન્ય રોજગારી વચ્ચે ટકાઉ સંબંધો વિકસાવવા અને મજબૂત કરવા માટે માત્ર વિવિધ કાર્યક્રમો દ્વારા દરમ્યાનગીરી કરવામાં આવે એ પૂરતું નથી પણ યોગ્ય નીતિવિષયક દરમ્યાનગીરી કરીને સાનુકૂળ વાતાવરણ ઊભું કરાય એ જરૂરી છે. નબળા વર્ગો વધારે ને વધારે અસલામતી અનુભવે છે અને સંઘર્ષો તથા આપત્તિની પરિસ્થિતિમાં તેઓ ભારે વંચિતતાનો અનુભવ કરે છે. તેમના રોજિંદા જીવનમાં વિક્ષેપ ઊભો થાય છે. પુનર્વસન, પુનર્સ્થાપન અને પુનર્નિર્માણની નીતિઓ ઘડતી વખતે અને તેમનો અમલ કરતી વખતે તેમના ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. દલિતો, બાળકો, મહિલાઓ અને વિકલાંગો જેવાં અસહાય જૂથો કટોકટી કે આપત્તિની પરિસ્થિતિઓનો સામનો કરવા સૌથી ઓછું સક્ષમ હોય છે. પુનર્વસનની તકોમાં તેઓ આસાનીથી બાકાત રહી જાય છે. કટોકટી અને આપત્તિની સ્થિતિથી વિકાસની પ્રક્રિયાઓ ખોરંભે પડે છે, અને તેથી માનવ વિકાસ માટેની વ્યૂહરચના ઘડતી વખતે આપત્તિ આવી શકે છે એ બાબતને ધ્યાનમાં લેવી જોઈએ.

**ભારતમાં વિવિધ રાજ્યોનો માનવ વિકાસ આંકની દૃષ્ટિએ ક્રમ**

| ક્રમ | રાજ્ય | 1981 | 1991 | 2001 |
|---|---|---|---|---|
| 1. | ગુજરાત | 4 | 6 | 6 |
| 2. | કેરળ | 1 | 1 | 1 |
| 3. | પંજાબ | 2 | 2 | 2 |
| 4. | તામિલનાડુ | 7 | 3 | 3 |
| 5. | મહારાષ્ટ્ર | 3 | 4 | 4 |
| 6. | હરિયાણા | 5 | 5 | 5 |
| 7. | કર્ણાટક | 6 | 7 | 7 |
| 8. | પશ્ચિમ બંગાળ | 8 | 8 | 8 |
| 9. | રાજસ્થાન | 12 | 11 | 9 |
| 10. | આંધ્ર પ્રદેશ | 9 | 9 | 10 |
| 11. | આસામ | 10 | 10 | 14 |
| 12. | બિહાર | 15 | 15 | 15 |
| 13. | ઓરિસ્સા | 11 | 12 | 12 |
| 14. | મધ્ય પ્રદેશ | 14 | 13 | 12 |
| 15. | ઉત્તર પ્રદેશ | 13 | 14 | 13 |

*સ્રોતઃ India Human Development Report: 2001, આયોજન પંચ*

કોઠામાં જણાવાયા મુજબ ભારતનાં મુખ્ય રાજ્યોમાં, 1981, 1991 અને 2001માં માનવ વિકાસની દૃષ્ટિએ કેરળનો ક્રમ સૌ પ્રથમ છે. રાષ્ટ્રીય માથાદીઠ આવક કરતાં કેરળની માથાદીઠ આવક નીચી હોવા છતાં પણ આમ બન્યું છે. કેરળનો જન્મ દર, મૃત્યુ દર, બાળ મૃત્યુ દર અને સાક્ષરતા દરની

તુલના ઘણી ઊંચી માથાદીઠ આવક ધરાવતા દેશો સાથે પણ કરી શકાય છે. 2000ના ભારતના માનવ વિકાસ અહેવાલ અનુસાર કેરળનો દેખાવ સારો હોવા પાછળ અનેક પરિબળો જવાબદાર છે, પણ બહુ આસાનીથી તેનું અનુસરણ કરી શકાય તેમ નથી. આઝાદી પછી ઘણા લોક ચળવળોએ, લોકોના અધિકાર માટેની લડતને મજબૂત કરવા પાયો નાખ્યો. જમીન સુધારાનો અસરકારક રીતે અમલ એ ગરીબી નિવારણમાં યોગદાન કર્યું. કેટલીક ઉચ્ચ જ્ઞાતિઓમાં  માતૃસત્તાક વ્યવસ્થા હતી અને તેને પરિણામે ભારતનાં અન્ય રાજ્યોની તુલનાએ કેરળમાં મહિલાઓને ઊંચો સામાજિક દરજ્જો મળે તેવું સાનુકૂળ સામાજિક વાતાવરણ પણ ઊભું થયું હતું. છોકરા-છોકરીઓના લગ્નની ઉંમર સતત વધતી ગઈ અને તેથી જન્મ દર ઉપર જોરદાર અસર પડી. લગ્ન મોડાં થાય અને માતાઓ ભણેલી હોય એટલે તેનું પરિણામ એ આવ્યું કે માતૃ મૃત્યુ દર અને બાળ મૃત્યુ દર ઘટ્યાં અને ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ પણ વધ્યો. આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે મોટું રોકાણ, સારો વહીવટ થયો, ખાનગી ક્ષેત્ર અને નાગરિક સમાજની સહભાગિતાના કારણે માનવ સંસાધન વિકાસની વ્યૂહરચના વધારે મજબૂત બની. પરિણામે આરોગ્યનાં ધોરણો સુધર્યાં અને નાના કુટુંબના ધોરણનો સ્વીકાર થયો. છેલ્લે, ખૂબ જ મોટા પ્રમાણમાં કામ અર્થે સ્થળાંતરથી વસ્તિ અને બેરોજગારોનો ભાર ઘટ્યો અને બહાર ગયેલાઓએ પોતાની કમાણી કેરળમાં મોકલતાં જીવનધોરણમાં પણ સુધારો થયો.

જો કે, કેરળ સામે જે પડકારો છે, તેની ઝીણવટથી ચકાસણી જરૂરી છે. તેનો ઉલ્લેખ પિંકી ચક્રવર્તીએ તેમનો લેખ 'ઇન્દ્રા-રિજનલ ઈન ઈક્વાલિટી એન્ડ ધી રોલ ઑફ પબ્લિક પૉલિસીઃ લેસન્સ લર્ન્ટ ફ્રૉમ કેરળા' (EPW, 2009)માં કર્યું છે. એક તરફ, કેરળમાં માનવ વિકાસના નિર્દેશકોની દૃષ્ટિએ સારી પ્રગતિ સિદ્ધ થઈ છે, તો બીજી તરફ આર્થિક વૃદ્ધિના વર્તમાન તબક્કામાં ઝડપથી વધતા જતા શિક્ષિત શ્રમદળને ગુણવત્તાયુક્ત રોજગારી મળતી નથી અથવા પૂરતી માત્રામાં આવકનું સર્જન થતું નથી. સરકાર દ્વારા મોટી સંખ્યામાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની સંસ્થાઓને ટેકો, અસરકારક જાહેર વિતરણ વ્યવસ્થા, ગ્રામ વિસ્તારોમાં સંપર્ક વ્યવસ્થા અને સામાજિક સલામતીનાં વ્યાપક પગલાં વારંવારના ખર્ચને વધારે છે. જો નવી પેઢીની વધતી જતી અપેક્ષાઓને સંતોષવી હોય તો સેવાઓની ગુણવત્તા સુધારવા માટે સામાજિક અને ભૌતિક માળખાગત સવલતોમાં મોટા પાયે વધારાનું રોકાણ કરવાની આવશ્યકતા છે. દા. ત. જાહેર શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા કથળી રહી છે અને ઉચ્ચ શિક્ષણની સવલતોમાં વિવિધીકરણ અને વિસ્તરણની આવશ્યકતા છે. સમતા અને ગુણવત્તા સાથે કોઈ પણ જાતની બાંધછોડ કર્યા વિના આ સમસ્યાઓ ઉકેલવી એ એક મોટો પડકાર છે. રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે જે પરિવર્તન આવ્યું છે તેણે આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે નવી જ સમસ્યાઓ ઊભી કરી છે. મૃત્યુ દરની તરાહમાં પણ પરિવર્તન આવ્યું છે અને તેથી વિશેષીકૃત આરોગ્ય સંભાળ વ્યવસ્થાની જરૂર છે. કેરળમાં સામાજિક સલામતીની વ્યવસ્થામાં આમૂલ સુધારાની તાતી જરૂર છે કે જેથી તે વધારે સર્વગ્રાહી અને કાર્યક્ષમ બની શકે. આને કેરળના માનવ વિકાસની બીજી પેઢીની સમસ્યાઓ તરીકે જોઈ શકાય. દલિતો, માછીમારો અને આદિવાસીઓ વિકાસની પ્રક્રિયામાં પાછળ રહી ગયા છે અને એ સીમાન્ત જૂથોને સમાવવા એક મોટો પડકાર છે. વિકાસની પ્રક્રિયામાં સ્ત્રી-પુરુષ સમાનતા ઊભી થાય એ વિકાસ માટે એક નવો પડકાર છે. કેરળમાં શિક્ષણ અને આરોગ્યના સંદર્ભમાં મહિલાઓની સ્થિતિ દેશના બાકીના ભાગોની તુલનાએ ઘણી સારી છે પરંતુ આર્થિક અને સામાજિક સહભાગિતાના સંદર્ભમાં બહુ સારી નથી. છેવટે, રાજ્યમાં વિકાસની પ્રક્રિયા પર્યાવરણીય દૃષ્ટિએ ચિરંતન બને એ પણ અગત્યનો મુદ્દો છે. આર્થિક વિકાસની પ્રક્રિયાઓને લીધે સંસાધનોનું ભારે ધોવાણ થયું છે અને તેને

પરિણામે દરિયાઈ ક્ષેત્રે, વન ક્ષેત્રે અને જળ ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે. આધુનિક ઔદ્યોગિક વિકાસ અત્યંત ઊર્જાગહન છે. ચિરંતન વિકાસ સિદ્ધ થઈ શકે તે માટે વિકાસની પ્રક્રિયામાં પર્યાવરણીય બાબતો દાખલ કરવામાં આવે એ પણ અત્યંત મહત્ત્વનું છે. કેરળમાં માનવ વિકાસ સાથે સીધી રીતે સંબંધિત એવાં મોટા ભાગનાં કાર્યો પંચાયતોને સોંપવામાં આવ્યાં છે. તેટલા જ પ્રમાણમાં સંસાધનો પણ સોંપવામાં આવ્યાં છે. તેથી વિકાસની સ્થાનિક સ્તરની વ્યૂહરચનાઓ અને દરમ્યાનગીરીઓ માનવ વિકાસને આગળ ધપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

**માનવ વિકાસ અને શાસન**

શાસનની વ્યવસ્થા માનવ વિકાસને પ્રોત્સાહન આપે, ટેકો આપે, તેને ટકાવે અને સૌથી વધુ ગરીબો તથા છેવાડાના લોકો માટે માનવ વિકાસ સિદ્ધ થાય તો જ ટકાઉ માનવ વિકાસ કહેવાય. ચિરંતન વિકાસ માટે શાસન અંગેના યુ.એન.ડી.પીના નીતિવિષયક દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે, "શાસનને, તમામ સ્તરે દેશની બાબતોના સંચાલન માટે આર્થિક, રાજકીય અને વહીવટી સત્તાના ઉપયોગ તરીકે જોઈ શકાય છે. તેમાં એવાં પ્રક્રિયાઓ, તંત્રો અને સંસ્થાઓનો સમાવેશ થાય છે કે જેમના દ્વારા નાગરિકો અને જૂથો તેમનાં હિતોને આકાર આપે છે, તેમના કાનૂની અધિકારોનો ઉપયોગ કરે છે, પોતાની ફરજો નિભાવે છે અને પોતાના મતભેદોનો ઉકેલ આણે છે." સુશાસનમાં એવી પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે કે જે સહભાગી, પારદર્શી, ઉત્તરદાયી, અસરકારક અને સમતાપૂર્ણ હોય. તે કાયદાના શાસનને પ્રોત્સાહિત કરે છે અને રાજકીય, સામાજિક તથા આર્થિક પ્રાથમિકતાઓ સમાજમાં વ્યાપક સર્વસંમતિને આધારે નક્કી થાય તથા ગરીબો અને અસહાય લોકોનો અવાજ નિર્ણય પ્રક્રિયામાં સંભળાય તે સુનિશ્ચિત કરે છે.

શાસનના ત્રણ સ્તંભો રાજ્ય, ખાનગી ક્ષેત્ર (બજાર) અને નાગરિક સમાજ છે. આ ત્રણેય સ્તંભો પરસ્પર આંતરક્રિયા કરે છે અને સમાજનું શાસન કરવાનો હેતુ સિદ્ધ કરે છે. રાજ્યમાં રાજકીય અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓનો સમાવેશ થાય છે કે જેઓ લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. ખાનગી ક્ષેત્રમાં ઉત્પાદન, વ્યાપાર, બેંકિંગ અને સહકારી મંડળીઓ વગેરે જેવાં ખાનગી સાહસોનો સમાવેશ થાય છે અને તેમની સાથે સાથે બજારમાંનાં અનૌપચારિક ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે. નાગરિક સમાજનાં સંગઠનો હેઠળ આખો સમાજ સ્વૈચ્છિક રીતે સંગઠિત થાય છે. તેમાં મજૂર મંડળો, બિન-સરકારી સંગઠનો, સામાજિક અને રમત-ગમતનાં મંડળો, સહકારી મંડળીઓ, સામુદાયિક વિકાસ સંગઠનો, પર્યાવરણ સાથે સંબંધિત જૂથો, વ્યાવસાયિક સંગઠનો, વિદ્યાજગતની સંસ્થાઓ, નીતિવિષયક સંસ્થાઓ, માધ્યમો અને રાજકીય પક્ષોનો સમાવેશ થાય છે. રાજ્ય, નાગરિક સમાજ અને ખાનગી ક્ષેત્રની શાસનની સંસ્થાઓને ચિરંતન માનવ વિકાસ સિદ્ધ કરવા માટે આ ત્રણેય સ્તંભોને પ્રેરિત કરવા જોઈએ અને તેમનામાં જોમ પૂરવું જોઈએ. તે માટે રાજકીય, કાનૂની અને આર્થિક તથા સામાજિક સંજોગો ઊભા કરવા પડે કે જેથી ગરીબી ઘટે, રોજગારી વધે, પર્યાવરણનું રક્ષણ થાય અને અસહાય તથા સામાજિક રીતે બાકાત રહી ગયેલાં જૂથોનો વિકાસ થાય.

માનવ વિકાસને પ્રોત્સાહન આપવામાં રાજ્ય સૌથી મોટું પરિબળ છે. તે દાયકાઓથી સમતા અને સામાજિક ન્યાય માટે સામાજિક કાનૂનોનો અમલ કરાવે છે અને વિકાસલક્ષી કાર્યક્રમોનો અમલ કરે છે. પરંતુ તે બહુ ઓછા ગરીબો અને અસહાય લોકો સુધી પહોંચે છે અને તેમની અસરકારકતા પણ ઓછી હોય છે. તેનું મુખ્ય કારણ એ છે કે ગરીબો અને અસહાય લોકો પાસે રાજકીય સત્તા હોતી નથી.

એમ અત્યારે સ્વીકારવામાં આવ્યું છે કે છેવાડાના લોકો અને ગરીબોને રાજકીય ક્ષેત્રમાં પહોંચ પ્રાપ્ત થવી જોઈએ કે જેથી તેઓ તેમની સમસ્યાઓ અને ફરિયાદોને વાચા આપી શકે. સ્થાનિક સ્તરે રાજકીય પ્રક્રિયામાં સહભાગિતા ઊભી થાય તો આવા લોકોને રાજકીય સત્તા અને અધિકારિતા પ્રાપ્ત કરવા માટે વધારે તકો મળે. તેના દ્વારા તેઓ તેમના સમુદાયના અન્ય સભ્યોની સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરી શકે છે.

આ સમજના આધારે કે માનવ વિકાસ એટલે લોકોની પસંદગીઓમાં વધારો, કલ્યાણ અને સમાન રીતે તકો પ્રાપ્ત થાય છે, એક તરફ, રાજ્ય દ્વારા જાહેર સંસાધનોનું માનવ વિકાસ માટે અસરકારક રીતે સંચાલન થાય તે જરૂરી છે. બીજી તરફ, લોકો પોતાની પસંદગીઓ વ્યક્ત કરી શકે અને નિર્ણય પ્રક્રિયામાં સહભાગી થઈ શકે તેવું સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાનું પણ એટલું જ મહત્ત્વનું છે.

માનવ વિકાસ માટે જાહેર સંસાધનોનું સંચાલન એટલે સંસાધનોને એ રીતે એકત્ર કરવાનો, ફાળવણી કરવાનો અને ઉપયોગ કરવાનો કે જેથી તમામ નાગરિકોની જરૂરિયાતો શક્ય તેટલી સમાન રીતે પરિપૂર્ણ થાય. જો ચિરંતનતાના દૃષ્ટિકોણને ધ્યાનમાં લઈએ તો તેનો અર્થ થાય છે કે વર્તમાન પેઢીઓએ ભવિષ્યની પેઢીઓની જરૂરિયાતો સાથે બાંધછોડ કર્યા વિના પોતાની જરૂરિયાતો સંતોષવાની છે. તેનો નિશ્ચિત અર્થ એવો પણ થાય કે જાહેર સંસાધનોનું સંચાલન એવી રીતે કરવું જોઈએ કે જેથી સામાજિક માળખાગત સવલતો તથા શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સામાજિક સેવાઓ પણ અસરકારક અને કાર્યક્ષમ રીતે પૂરી પડાય. આ બાબત સિદ્ધ કરવા માટે સરકાર અને સંસ્થાગત માળખાની ક્ષમતા એ રીતે વધારવી જોઈએ કે જેથી તેઓ સૌથી વધારે જરૂરતમંદ લોકો સુધી પહોંચી શકે. તેમને માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો અર્થ એ છે કે નિર્ણય પ્રક્રિયામાં લોકો ભાગીદાર થાય તેવી સંસ્થાગત વ્યવસ્થાઓ અને કાર્યવાહીઓ હોય. તેમાં મનુષ્યની સલામતી જળવાવી જોઈએ અને નાગરિક સમાજ તથા સરકાર વચ્ચે ખરા અર્થમાં સંવાદ ઊભો થવો જોઈએ.

માનવ વિકાસનો અર્થ આવક વધારવા ઉપરાંત પણ કંઈક છે. એ જ રીતે, માનવ વિકાસ માટેના શાસનમાં જાહેર સંસ્થાઓની અસરકારક કામગીરી ઉપરાંત પણ કંઈક વધુ બાબતોનો સમાવેશ થાય છે. તેથી શાસન તેના વ્યવહાર અને સ્વરૂપના સંદર્ભમાં લોકશાહી હોય એ જરૂરી છે. લોકશાહીમાં રાજકીય અને નાગરિક સ્વતંત્રતાની ખાતરી મળે છે અને સહભાગી થવાનો અધિકાર એક મૂળભૂત માનવ અધિકાર છે. તે આર્થિક અને રાજકીય આપત્તિઓ સામે રક્ષણ પૂરું પાડે છે કારણ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાજકીય સ્થિરતા જાળવવામાં રસ લે છે અને તે માટે પગલાં ભરે છે. લોકશાહીમાં રાજકીય સ્વતંત્રતા માટે અવકાશ ઊભો થાય છે અને મુક્ત તથા સ્વતંત્ર માધ્યમો અને સક્રિય નાગરિક સમાજ દ્વારા સામાજિક અને આર્થિક તકો તથા પસંદગીઓ વિસ્તરે તેવી નીતિઓ માટે હિમાયત કરવા નાગરિકો મજબૂત બને છે.

બે મહત્ત્વનાં ઉદાહરણો આ ક્ષેત્રે સહભાગી બજેટ પ્રક્રિયા અને મહિલાઓના વિકાસ પ્રત્યે પ્રતિભાવાત્મક બજેટ પ્રક્રિયા અંગેનાં છે. બ્રાઝિલમાં પોર્ટો ઍલિગ્રી ખાતે નગરપાલિકાનું બજેટ તૈયાર કરવામાં નાગરિકોની સહભાગિતા માનવ વિકાસની પ્રાથમિકતાઓ અનુસાર ખર્ચની પુનઃ ફાળવણી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મહિલાઓ પ્રત્યે પ્રતિભાવાત્મક બજેટ પ્રક્રિયા 40 જેટલા દેશોમાં અપનાવવામાં આવી છે. સ્થાનિક કક્ષાનાં અંદાજપત્રોમાં સ્ત્રી-પુરુષ સમાનતા ઊભી કરવા પ્રત્યે શી જોગવાઈઓ કરવામાં આવી હોય છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આવા પ્રયત્નોના

પરિણામે દક્ષિણ આફ્રિકામાં અંદાજપત્રની દરખાસ્તો આ દૃષ્ટિથી તપાસવા માટે સાંસદો સક્ષમ થયા છે. તેને પરિણામે નીતિ વિષયક બાબતોમાં મહિલાલક્ષિતા આધારિત વિશ્લેષણ દાખલ થયું. ઉપરાંત, જાહેર ખર્ચ માટેના અસરકારક લક્ષ્યાંકો પણ નક્કી થઈ શક્યા.

જો કે, માનવ વિકાસ અને લોકશાહી વચ્ચેનો સંબંધ આપોઆપ પ્રસ્થાપિત થતો નથી. લોકોનું સશક્તિકરણ કરવા માટેનું તંત્ર ઊભું કરીને આ સંબંધોને સભાનતાપૂર્વક ઊભા કરવાની જરૂર હોય છે. લોકશાહીની પ્રક્રિયાને ગહન બનાવવા માટે લોકશાહીને પ્રોત્સાહન આપનારી મહત્ત્વની સંસ્થાઓને મજબૂત કરવાની આવશ્યકતા રહે છે.

સરકાર અને સંસ્થાઓનાં માળખાંમાં કેન્દ્ર અને સ્થાનિક બન્ને સ્તરનો સમાવેશ થાય છે. એ બાબત વધુ ને વધુ સ્વીકારવામાં આવી રહી છે કે પ્રાદેશિક અને સ્થાનિક સ્તરની સરકારોને જો સત્તાઓ અને જવાબદારીઓ તબદીલ કરવામાં આવે તો માનવ વિકાસને તેનાથી વધારે અસરકારક રીતે તથા કાર્યક્ષમ રીતે પ્રોત્સાહન મળે. નાગરિકો અને સમુદાયો સાથે સરકારની સાચા સ્વરૂપની ભાગીદારી ઊભી કરવામાં કેન્દ્ર સરકારને બદલે આ નીચલા સ્તરની સરકારો વધારે ઉપયોગી થાય છે. પાયાની સેવાઓ પૂરી પાડવામાં અને મહત્ત્વનાં કાર્યો કરવામાં આવી ભાગીદારીથી સત્તાવાળાઓને વધારે મદદ મળે છે. સાથે સાથે લોકોની સહભાગિતા ઊભી કરવા માટે સાનુકૂળ વાતાવરણ સર્જાય છે.

આ જે ચર્ચાઓ ઊભી થઈ તેના સંદર્ભમાં 73મા અને 74મા બંધારણ સુધારાઓ 1992માં પસાર કરવામાં આવ્યા. આ સુધારાઓ દ્વારા અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, મહિલાઓ તથા અન્ય પછાત વર્ગો જેવાં અસહાય જૂથો માટે પંચાયતો અને પાલિકાઓમાં અનામત બેઠકો રાખીને તેમનું પ્રતિનિધિત્વ તેમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું. શાસનના સૌથી નીચેના સ્તરે ગ્રામસભાને લોકો પોતાની જરૂરિયાતો અને આકાંક્ષાઓને વાચા આપી શકે તે માટેનું સાધન ગણવામાં આવ્યું. ચૂંટાયેલા પ્રતિનિધિઓ પોતાનાં કાર્યો માટે લોકોને ઉત્તરદાયી બને તે માટે ગ્રામસભા એક મંચ બને અને વહીવટમાં પારદર્શિતા આવે તે માટેનું સાધન બને એ પણ એનાથી સુનિશ્ચિત થયું. અસહાય જૂથો માટે અનામત બેઠકો રાખીને પહેલી જ વાર મોટી સંખ્યામાં તેમને માટે રાજકીય અવકાશ ઊભો કરવામાં આવ્યો. માહિતી અધિકાર અધિનિયમ - 2005 સરકારનાં માળખાંમાં અને સેવાઓનાં પુરવઠા તંત્રોમાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં કરવા માટેનું એક બીજું પગલું છે.

બિન-સરકારી સંગઠનો અને સમુદાય-આધારિત સંગઠનો વિકેન્દ્રિત સરકારોને ટેકો આપવાની અને તેમને મજબૂત કરવાની ગુંજાયશ ધરાવે છે. તેમની સાથે આ સંગઠનો સહભાગીઓ તરીકે કામ કરી શકે છે. વિકેન્દ્રિત સરકારોને ત્રણ સ્તરે પુનર્જીવિત કરવામાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છેઃ નિર્ણય પ્રક્રિયામાં લોકોને ભાગીદાર બનાવવા પ્રોત્સાહન, સ્થાનિક સરકારોના આયોજનનાં વિવિધ પાસાં વિશે લોકોને માહિતી પૂરી પાડવી અને વર્તનલક્ષી ફેરફારો આવે તે માટે પ્રયાસ કરવો.

**પંચાયતી રાજ માટે સંસ્થાકીય સુધારા વિશેના કર્ણાટક માનવ વિકાસ અહેવાલ - 2005માં માનવ વિકાસને પ્રોત્સાહન આપવા માટેનાં સૂચનો**

- માનવ વિકાસના હેતુઓનો સમાવેશ જિલ્લાઓની યોજનાઓમાં થવો જોઈએ અને સિદ્ધિઓ ઉપર દેખરેખ રાખવી જોઈએ. રાજ્યની વાર્ષિક યોજનામાં જે વધારો થાય તેને બધા જિલ્લાઓ વચ્ચે

સરખા ભાગે વહેંચવો જોઈએ નહિ. જે જિલ્લામાં માનવ વિકાસ અને આર્થિક વિકાસ ઓછો થયો હોય તેમને માટે વધારે ફાળવણી થવી જોઈએ.

- જે જિલ્લાઓમાં માનવ વિકાસ નીચો હોય એ જિલ્લામાં બિન શરતી ભંડોળ વધારે આપવું જોઈએ.
- ક્ષમતાનિર્માણ દ્વારા જિલ્લા આયોજન સમિતિઓને મજબૂત કરવી.
- તાલુકા પંચાયતોને આયોજન માટે માળખાગત સવલતો પૂરી પાડવી.
- ગ્રામ પંચાયતો વધારે સારી અસરકારક કામગીરી બજાવી શકે તે માટે તેમને સક્ષમ બનાવવા સંચાલકીય અને તકનિકી સહાય પૂરી પાડીને મજબૂત કરવી.
- કરવેરા દ્વારા ગ્રામ પંચાયતોએ પોતાનાં સંસાધનો વધારવાં જોઈએ, સારી કામગીરી કરનારી ગ્રામ પંચાયતોને સરકારે પ્રોત્સાહનો આપવાં જોઈએ.
- સમુદાય-આધારિત સંગઠનોની ક્ષમતાનું નિર્માણ કરવું જોઈએ કે જેથી તેઓ પરિવર્તનના અસરકારક વાહકો તરીકે કામ કરી શકે.

માનવ વિકાસ સિદ્ધ કરવા માટે એક કરતાં વધારે રસ્તા છે, અનેક વ્યૂહરચનાઓ તેને માટે વિચારી શકાય છે. પરંતુ જાહેર ખર્ચની ફાળવણી અને સંસ્થાગત વ્યવસ્થાઓની ફાળવણી પ્રત્યે ધ્યાન આપવામાં આવે તો જ કોઈ પણ વ્યૂહરચના સફળ થઈ શકે. આ વ્યૂહરચના આવક અને સંપત્તિની પુનર્વહેંચણી વિશે વિચારનારી હોય. ઉપરાંત, સમાજના નબળા વર્ગોના જીવનનિર્વાહ સામે અને કદાચ જીવન સામે  સામે ખતરો ઊભો ના થાય તે માટે પણ તેમાં વિચારવામાં આવે.

માનવ વિકાસ અહેવાલોને આધારે નક્કી થયા લક્ષ્યાંકોને સિદ્ધ કરવા માટે સપ્ટેમ્બર 2000માં દુનિયાના 189 દેશોના નેતાઓએ સહસ્રાબ્દી ઘોષણા કરી. તેમાં ગરીબી ઘટાડવા માટે, માનવ વિકાસ ઝડપી બનાવવા માટે અને માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા માટે લક્ષ્યાંકો નક્કી કરાયા. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (Millenium Development Goals - MDGs) સમયબદ્ધ સંખ્યાલક્ષી લક્ષ્યાંકો છે કે જે 2015 સુધીમાં સિદ્ધ કરવાના છે. તેમાં તીવ્ર ગરીબી અને ભૂખમરાનું નિવારણ, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની સિદ્ધિ, સ્ત્રી-પુરુષ સમાનતાને પ્રોત્સાહન, બાળ મૃત્યુ દરમાં ઘટાડો, પીવાનું સલામત પાણી ન મળતું હોય એવા લોકોની સંખ્યામાં ઘટાડો, પર્યાવરણીય ચિરંતનતાનું સર્જન અને વિકાસ માટે વૈશ્વિક ભાગીદારી વિકસાવવી તથા તે માટે સહાય, વ્યાપાર અને દેવાં રાહતના લક્ષ્યાંકો નક્કી કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

**સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો**

1. ભારે ગરીબી અને ભૂખમરાનું નિવારણ કરવું
    - રોજના એક ડોલરથી ઓછી આવક ધરાવનારા લોકોનું પ્રમાણ અડધું કરવું
    - ભૂખમરાથી પિડાતા લોકોનું પ્રમાણ અડધું કરવું
2. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ સિદ્ધ કરવું
    - તમામ છોકરા-છોકરીઓ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે જોવું
3. સ્ત્રી-પુરુષ સમાનતા અને મહિલાઓની સક્ષમતા વધારવાં
    - શિક્ષણમાં તમામ સ્તરે સ્ત્રી-પુરુષ અસમાનતા દૂર કરવી
4. બાળ મૃત્યુ દર ઘટાડવો

- પાંચ વર્ષથી નીચેની વયનાં બાળકોમાં મૃત્યુ દર બે-તૃતીયાંશ જેટલો ઘટાડવો

5. પ્રસૂતાઓનું આરોગ્ય સુધારવું
   - માતૃત્વ મૃત્યુ દરનું પ્રમાણ પોણા ભાગ જેટલું ઘટાડવું
6. એચઆઈવી/એઈડ્સ, મેલેરિયા અને અન્ય રોગો રોકવા
   - એચઆઈવી/એઈડ્સનો થતો ફેલાવો સ્થગિત કરવો અને તેમાં ઘટાડો શરૂ કરવો
7. પર્યાવરણીય ચિરંતનતા ઊભી કરવી
   - ચિરંતન વિકાસના સિદ્ધાંતોને દેશની નીતિઓ અને કાર્યક્રમોમાં સામેલ કરવા અને પર્યાવરણીય સંસાધનોની હાનિ ઓછી કરતા જવું
   - ચોખ્ખું પીવાનું પાણી ન મળતું હોય તેવા લોકોનું પ્રમાણ અડધું કરવું
   - કમ-સે-કમ 10 કરોડ ઝૂંપડાવાસીઓના જીવનમાં મોટો સુધારો કરવો
8. વિકાસ માટે વૈશ્વિક ભાગીદારી સ્વીકારવી
   - સત્તાવાર વિકાસ સહાય વધારવી
   - બજાર માટેની પહોંચ વધારવી

સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો પહેલી જ વાર દુનિયાના તમામ દેશોને આવા કાર્ય માટે એકત્ર કરી શક્યા છે. એમાં માનવ વિકાસ સિદ્ધ કરવા માટે સમયબદ્ધ લક્ષ્યાંકો નક્કી કરાયા અને તે માટે રાજકીય સર્વસંમતિ ઊભી થઈ. વિભિન્ન દેશોની સરકારો, દ્વિપક્ષીય અને બહુપક્ષીય દાતા દેશો તથા બિન-સરકારી સંગઠનો, બિન-સરકારી સંગઠનોનાં આંતરરાષ્ટ્રીય નૅટવર્ક્સ, મહિલા જૂથો, મજૂર મંડળો, ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને અન્ય ખાનગી સાહસો, બહુરાષ્ટ્રીય કંપનીઓ, માધ્યમો, ન્યાયતંત્ર વગેરે તમામ માટે અને વૈશ્વિક નાગરિકો એવા આપણા સૌ માટે સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો એક પ્રકારે ઉત્તરદાયિત્વનું માળખું ઊભું કરે છે. દરેક હિતધારક તે જ્યાં છે ત્યાં આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટેની કાર્યલક્ષી યોજના તૈયાર કરીને અમલમાં મૂકી શકે છે. 15 વર્ષના ટૂંકા ગાળામાં આ લક્ષ્યાંકો સિદ્ધ કરવાના છે અને તેમાં સમાયેલી પ્રગતિ ધીમી જણાય છે. ઉપલબ્ધ માહિતી એમ જણાવે છે કે માનવ વિકાસને પ્રોત્સાહન આપવા માટે આર્થિક વૃદ્ધિ પૂર્વશરત નથી. આ એક શરૂઆત છે અને માનવ વિકાસ સિદ્ધ કરવામાં અનેક દાયકાઓ વીતી શકે છે.

ગરીબીનાં અનેક પાસાં છે. નીચી આવક ઉપરાંત નિરક્ષરતા, અનારોગ્ય, સ્ત્રી-પુરુષ અસમાનતા અને પર્યાવરણનો વિનાશ વગેરે તમામ ગરીબીનાં પાસાં છે. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોમાં આ બાબત વ્યક્ત થાય છે. જે આઠ સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો છે તેમાંથી પાંચ લક્ષ્યાંકો શિક્ષણ અને આરોગ્ય સાથે સંબંધિત છે. પરંતુ કદાચ આવકના સંદર્ભમાં ગરીબી ઘટી છે, પણ માનવ વિકાસના સંદર્ભમાં તે ઘટી નથી. જગત રોજના એક ડૉલરથી ઓછી આવક ધરાવનારા લોકોની સંખ્યા અડધી કરવાનો પ્રથમ લક્ષ્યાંક સિદ્ધ કરવાની અણી પર છે એમ કહેવાય છે. તેનું મુખ્ય કારણ ભારત અને ચીનની ઝડપી આર્થિક વૃદ્ધિ છે, કે જ્યાં દુનિયાના મોટા ભાગના ગરીબો જીવે છે. પરંતુ પ્રાથમિક શિક્ષણ, સ્ત્રી-પુરુષ અસમાનતા અને બાળ મૃત્યુ દરના સંદર્ભમાં સહસ્ત્રાદી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવાની બાબતમાં દુનિયાએ હજુ ઘણી લાંબી મંઝિલ કાપવાની છે.

### સ્થાનિક સ્તરે લેવાનાં પગલાં

સમાજની સરેરાશ વ્યક્તિ માટે અથવા ગરીબો માટે સમાજ શું કરે છે, એટલે કે લોકો માટે કેવી તકો અને લાભોનું સર્જન કરે છે અને પછી એ કેવી રીતે વહેંચાય છે તેના સંદર્ભમાં સમાજનો વિકાસ થયો છે કે નહિ તે જોવામાં આવે છે અને તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ તકો અને લાભોની વહેંચણી તેણે સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે, અસહાય જૂથોમાં, સમૃદ્ધ અને વંચિત લોકોમાં અને વિવિધ પ્રદેશો વચ્ચે કરવાની હોય છે. ઉપર જણાવ્યું તેમ ઘણી વાર આર્થિક વૃદ્ધિ અને જીવનની ગુણવત્તા વચ્ચે કોઈ સંબંધ હોતો નથી. જે પ્રદેશો અને રાષ્ટ્રોમાં આવકનું અને આર્થિક વૃદ્ધિનું સ્તર ઊંચું હોય ત્યાં સામાજિક ક્ષેત્રોમાં એવી જ સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય એવું જરૂરી નથી. તેથી એ બે વચ્ચેનો સંબંધ મજબૂત બને તે માટેનાં માળખાં ઊભાં કરવાનું અને વ્યૂહરચનાઓ વિકસાવવાનું મહત્ત્વું બને છે. ઉપરાંત, લોકોની સુખાકારી વધે તે માટે પ્રાપ્ય સંસાધનોનો મહત્તમ અસરકારક અને કાર્યક્ષમ ઉપયોગ થાય એને પ્રોત્સાહન આપવાની જરૂર છે. ભારત વિવિધતામાં એકતાની સંસ્કૃતિ ધરાવે છે પરંતુ માનવ વિકાસનું સ્તર ખૂબ તફાવતો ધરાવે છે. તે તફાવતો ગ્રામીણ, શહેરી, જ્ઞાતિ, વર્ગો, સ્ત્રી-પુરુષ, ધર્મ અને વંશીયતાના સંદર્ભમાં દેખાય છે.

છેલ્લા બે દાયકા દરમ્યાન સામાજિક ક્ષેત્રોના નિર્દેશકોના સંદર્ભમાં ભારતે ખાસ્સી પ્રગતિ સાધી છે પરંતુ 11મી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો અને સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે પૂરતી પ્રગતિ થઈ નથી. માથાદીઠ આવક વધવાની સાથે સાથે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સુધારો થાય એ રાજ્યની જવાબદારી છે. આ જવાબદારી અદા કરવા માટે સરકારો અને નાગરિકોએ પાણી, સફાઈ, ઊર્જા, પરિવહન, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની સેવાઓ સુધારવી જોઈએ કે જેથી એ ગરીબોને પ્રાપ્ત થાય.

મોટા ભાગની આ સેવાઓ પરસ્પર સંબંધિત છે. દા.ત. જે ઘરને સફાઈની સેવા ઉપલબ્ધ છે તેને માટે તેનું મહત્ત્વ ત્યારે જ છે કે જ્યારે પાણીની સેવા તેને મળતી હોય. એ જ રીતે, શિક્ષણની પરિસ્થિતિ સુધરે તો આરોગ્યની પરિસ્થિતિ સુધરે અને લોકોનું આયુષ્ય પણ વધે અને તેમની આર્થિક સુખાકારીમાં પણ વધારો થાય. શિક્ષિત લોકો વધારે ઉત્પાદક હોય અને દેશની આર્થિક વૃદ્ધિમાં તેઓ વધારે ફાળો આપે એ શક્ય છે. ક્ષેત્રો વચ્ચે સંકલન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. સામાજિક પર્યાવરણ ઉપરાંત, ભૌતિક પર્યાવરણ પણ વ્યક્તિઓની સુખાકારી ઉપર સીધી રીતે અસર કરે છે. વિકાસનું ચક્રને સંસાધનોની ક્ષમતાપૂર્ણ વહેંચણી, માનવ વિકાસ આંકમાં સુધારો અને પર્યાવરણીય ચિરંતનતા તરફ વાળવાની જરૂર છે.

### અસરકારક રીતે અમલમાં મૂકવાનાં અને દેખરેખ રાખવાનાં કેટલાંક પાસાંઃ

### આર્થિક સિદ્ધિ અને સુખાકારી

લઘુતમ વેતન સાથે ઓછામાં ઓછા 100 દિવસની સ્ત્રી-પુરુષોને રોજગારી

### પાયાની સુવિધાઓની પ્રાપ્તિ

| | | |
|---|---|---|
| આવાસ | : | એક ઓરડા કે બે ઓરડાનું પાકું કે કાચું ઘર |
| સફાઈ | : | ઘરમાં જાજરૂ |
| સફાઈ | : | ગંદા પાણી, ઘન કચરો અને મળનો નિકાલ |

| | | |
|---|---|---|
| પાણી | : | ઘરમાં પીવાલાયક પાણી |
| રસ્તા | : | નજીકના તાલુકા કે જિલ્લા મથકે જવા માટેનો રસ્તો અને બસ સેવા |
| વીજળી | : | ઘરમાં વીજળી |

**શિક્ષણ**

ICDS : 0-6 વર્ષની વયનાં બાળકોની નોંધણી અને હાજરી

સાક્ષરતા દર : 7 વર્ષની વયનાથી ઉપરનાં બાળકો, પુખ્તવય સ્ત્રી-પુરુષોમાં સાક્ષરતા દર

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં વર્ગવાર છોકરા-છોકરીઓનો નોંધણી દર, હાજરીનું પ્રમાણ અને શાળા અધવચ્ચે છોડી જનારાનું પ્રમાણ.

આરોગ્ય

બાળ મૃત્યુ

જન્મ સમયે બાળકનું વજન

રસીકરણ

5 વર્ષથી નીચેની વયનાં બાળકોનો પોષણનો દરજ્જોઃ આંગણવાડી અને મધ્યાહન ભોજન યોજના

તાલીમબદ્ધ વ્યક્તિઓ દ્વારા પ્રસૂતિ

PHC અને CHC ખાતે સાધન સામગ્રીની પ્રાપ્યતા, દવાઓ અને વ્યવસાયીઓની ઉપલબ્ધા અને તેમની કામગીરી

આયુષ્યઃ જન્મ અને મૃત્યુની નોંધણી, લગ્ન અને સગર્ભાવસ્થા, સાર્વત્રિક રસીકરણ, 18થી 20 વર્ષ પછી લગ્ન.

# 14. મહિલા સશક્તિકરણ



ભારતનું બંધારણ તેના બધા જ નાગરિકોને જાતિ, જ્ઞાતિ, ભાષા અને ધર્મના ભેદભાવ વગર સમાનતાની ખાતરી આપે છે. બંધારણની પ્રસ્તાવના, મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિધ્ધાંતો જાતિની સમાનતાના સિધ્ધાંતનુ રક્ષણ કરે છે. આ આપણા સમાજમાં પ્રવર્તતી જાતિ આધારિત અસમાનતાની કબુલાત અને પ્રત્યાઘાત દર્શાવે છે. બંધારણ મહિલાઓ માટે ખાસ ઉપલબ્ધતા ઊભી કરવાની જવાબદારી માટે સકારાત્મક પગલાં ભરવાની જવાબદારી રાજ્યને સોંપે છે (મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિ)

મહિલાઓને સત્તાના અભાવ માટેનાં કારણો વિશેની સમજણની છણાવટના આધારે પાછલાં વર્ષોમાં વિવિધ સ્તરે વિવિધ પગલાં લેવાયાં છે. 1974માં ભારતમાં મહિલાઓની સ્થિતી વિશે વિશ્લેષણ કરવા અને અભિપ્રાય આપવા માટે એક કમિટિ બનાવવામાં આવી હતી. આ કમિટિની નોંધ પરથી એ વાત પ્રકાશમાં આવી કે વિકાસની પ્રક્રિયામાં ગરીબ મહિલાઓ હાંસીયામાં ધકેલાઈ ગઈ છે અને તેમની સંસાધનો સુધીની પહોંચ ખૂબ જ ઓછી છે. આ વાતના સ્વિકારને કારણે 1985માં મહિલા અને બાળ વિકાસ વિભાગ સ્થાપવામાં આવ્યો જે ખાસ કરીને મહિલાઓ તથા બાળકોનાં આરોગ્ય, શિક્ષણ અને રોજગાર માટેની વિકાસ યોજનાઓ ઘડે છે.

પછીનાં વર્ષોમાં અનુભવે દર્શાવ્યું કે સ્ત્રીઓને વિકાસ પ્રક્રિયામાં સામેલ કરતાં પણ આગળ જવાનું જરૂરી

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

છે. એટલે કે તેમણે સમાજમાં પૈતૃક કાળથી તેમના માટે સ્વિકૃત થયેલ ગૌણ સ્થાનને સમજવું તથા સામુહિક રીતે તેમના અધિકારોની માગણી માટે સશક્તિકરણ કરવું જરૂરી છે. આ વિચાર જુદા જુદા કાર્યોના આરંભ તરફ દોરી ગયો. 1990માં સ્ત્રીઓ માટેનાં રાષ્ટ્રીય કમિશન સ્થપાયાં જેને અનુસરી રાજ્યોમાં વડે પણ મહિલાઓના હક્કના રક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં આવાં કમિશનો સ્થપાયાં. 1996માં સ્ત્રીઓ માટેની એક રાષ્ટ્રીય નીતિનું નિરુપણ થયું, જેણે રાજ્યોને પોતાની નીતિ ઘડવામાં માર્ગદર્શકનું કાર્ય કર્યું. ગુજરાતે 2004માં તેની 'નારી ગૌરવ નીતિ' વિકસાવી અને તેને આખરી ઓપ આપ્યો. તે ઉપરાંત સરકારી વિભાગો, બિન સરકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિદેશી એજન્સીઓ અને આયોજનમાં માહેર વ્યક્તિઓ દ્વારા જાતિ સંવેદી કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓનો આયોજન, અમલ અને મૂલ્યાંકતમાં મદદ માટે મહિલા તથા બાળ વિકાસ વિભાગ હેઠળ જાતિ સંસાધન કેન્દ્ર સ્થાપવામાં આવ્યું.

90નાં દાયકા દરમ્યાન 73માં અને 74માં સુધારા દ્વારા પંચાયતી રાજ સંસ્થા અને શહેરી સ્થાનિક શાસનની સંસ્થાઓમાં મહિલાઓને 33 ટકા અનામત આપતો મહત્વનો બંધારણીય ફેરફાર દાખલ કરાયો. કેટલાંક રાજ્યોએ મહિલાઓનાં રાજકીય પ્રતિનિધિત્વને 50 ટકા સુધી વધાર્યું છે. આયોજન પ્રક્રિયામાં કેટલાંક રાજ્યોમાં મહિલા ઘટક યોજના દાખલ કરાઈ છે જેમાં માત્ર મહિલાઓના વિકાસ માટે સંસાધનો ફાળવાયા છે. તે ઉપરાંત મોટા ભાગના મંત્રાલયોમાં જેન્ડર દૃષ્ટિકોણથી યોજનાના આયોજન અને મૂલ્યાંકન માટે 'જેન્ડર બજેટ સેલ' ઊભા કરાયા છે.

કેટલાક કિસ્સાઓમાં આવા ફેરફારો મહિલા જૂથોના પરિણામે છે જ્યારે બીજા આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા ફેરફારના પ્રતિભાવ રૂપે છે અથવા બન્ને કારણોના સંયુક્ત રૂપે છે.

કેટલાંક મહિલા સંગઠનો અને બિન સરકારી સંસ્થાઓ પણ મહિલા સશક્તિકરણ માટે કાર્યક્રમો કરે છે. તેમાં સંબંધોમાં પાયારૂપ અન્યાયને પડકારવા માટે વ્યક્તિગત નિવેદનથી લઈને સામુહિક પ્રતિરોધ, વિરોધ પ્રદર્શનો અને સંબંધોમાં પાયારૂપ અન્યાયને પડકારવા માટેની ઘોષણા જેવી પ્રવૃત્તિઓની હારમાળા હોય છે. 80ના દાયકામાં આવાં મહિલા સંગઠનો દ્વારા થયેલી માગણીઓ સ્ત્રીઓ માટેના અંગત કાયદાઓ તેમના પ્રજનન હક્કો, સ્ત્રી ભૃણહત્યા, બળાત્કાર, દહેજ, શારીરિક કનડગત અને ઘરેલું હિંસા વિશે કાયદાકીય સુધારા તરફ દોરી ગઈ.

1948માં આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ અધિકારોના વૈશ્વિક જાહેરનામાંમાં સ્વિકારાયું છે કે બધા માનવો જન્મજાત સ્વતંત્ર છે અને બધાને એકસમાન અધિકાર છે. જો કે આ જાહેરનામાએ પુરુષ અને સ્ત્રી વચ્ચે તફાવત કર્યો ન હતો, તેમાં સ્વિકારાયેલું કે મહિલાઓ માત્ર તેઓ સ્ત્રીઓ હોવીના કારણે જ માનવ અધિકાર ભંગની રોજીંદી વસ્તુ છે, પછી ભલે તે તેનાં કુટુંબ માટે, દેશ માટે કે આંતર રાષ્ટ્રીય સ્તરે સામાજિક - આર્થિક વિકાસમાં ઘણી મોટી ભૂમિકા ભજવતી હોય.

1970માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા મહિલા દશકના ઘોષણાથી સ્ત્રીઓના પ્રશ્નો અને તેને લગતા વિષયો પર ખાસ ધ્યાન કેન્દ્રિત થયું. 1979માં મહિલાઓ સામેના ભેદભાવના બધાં જ પ્રકારો (ઊત્રૠીંઉજ)ને રદ્દ કરવાનો સંયુક્ત રાષ્ટ્ર સામાન્ય સભા વડે સ્વિકાર થયો. આ એક મહત્ત્વનું સીમાચિન્હ બની ગયું. જેને 1981માં કાયદાનું રૂપ મળ્યું. આથી મહિલાઓ તરફ ભેદભાવ રખાય છે તે હકીકત અને આવા ભેદભાવ સામે લડત આપવા માટે સંગઠિત પગલાં લેવાં જરૂરી છે તે વાતને વૈશ્વિક સમર્થન મળ્યું. 140 દેશો આ

કરારનામું સ્વીકારવા સહમત થયાં છે. ભારતે 1993માં આ કરારનામાંને બહાલી આપી.

CEDAWનો મૂળ હેતુ દરેક પ્રકારના જાતિવાદી વર્તનો, વલણો કે ભેદભાવો, પુરુષોની તરફદારી, સ્ત્રીઓની અવગણના અથવા મહિલાઓને નીચું જોવડાવવા જેવી વર્તુણકનો અંત લાવવાનો છે. આ કરારનામું સ્ત્રીઓ તરફના ભેદભાવોની વ્યાખ્યા આપે છે - કોઈ પણ સ્ત્રીને, પછી તે જુવાન છોકરી હોય કે પૌઢ કુંવારી સ્ત્રી હોય, પરણેલી હોય કે છુટાછેડાવાળી કે વિધવા હોય, તેને પુરુષો જેવા જ હક્કો જેવા કે રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, નાગરીકત્વને લગતા અધિકારો ભોગવવામાંથી બાકાત રાખવા અથવા અટકાવવા માટે હોય તેવી વર્તુણક તરીકે કરે છે. જેમ કે મોટાભાગના વિકાસશીલ દેશોમાં સ્ત્રીઓને જમીન વારસામાં મળી શકતી નથી. જ્યારે પુરુષોને સંપૂર્ણ અધિકાર આપવામાં આવે છે. આવા રિવાજો સ્ત્રીઓ સામે ભેદભાવ દર્શાવે કારણકે એક માનવ તરીકે સ્ત્રી, પુરુષ સમાન જ છે અને માટે તેને પણ પુરુષો જેવાં જ અધિકારો છે તે તેમાં સ્વીકારાતું નથી. અને માટે જ સ્ત્રીઓને વારસાના હક્ક જે દરેક માણસને અધિકાર છે, તેમાંથી અટકાવવી યોગ્ય નથી  એટલે રાજ્યોએ એવા કાયદા પસાર કરવા જોઈએ જેનાથી સ્ત્રી-પુરૂષ સમાનતા તો જળવાય જ, સાથે મહિલાઓ પ્રત્યે ભેદભાવપૂર્ણ હોય તેવા રિવાજો પણ અટકે. સભ્ય દેશોએ એ પણ ખાતરી કરવી જોઈએ કે આવા કાયદા યોગ્ય રીતે લાગુ કરાય અને ન્યાયલયો કે જાહેર કચેરીઓમાં મહિલાઓને પણ પુરુષો જેવું જ રક્ષણ મળે.

CEDAW ખાસ ભાર મૂકે છે કે...

- મહિલાઓને અસામાન્ય નીતિવડે લાભ આપી શકાય. દા. ત. તેમની શાળામાં નોંધણીની સંખ્યા વધારવા માટે મફત કેળવણી.
- મહિલાઓ અને પુરુષો શું કરી શકે અને શું ન કરી શકે તે વિશેના પૂર્વગ્રહો અને સાંસ્કૃતિક માન્યતાઓને ચકાસવી જોઈએ અને તેનો વિરોધ કરવો જોઈએ. દા. ત. એ માન્યતા કે સ્ત્રીઓએ ઘરનાં કામ સાથે બંધાઈ રહેવું જોઈએ, અને જાહેર સ્થાનો પુરુષો માટે જ છે, તે મહિલાઓને સમાજમાં અને જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેતી અટકાવે છે અને તેની શક્તિ હણી લે છે.
- શહેરની મહિલાઓને છે તેવાં બધા જ અધિકારો ગામડાંની સ્ત્રીઓને પણ છે જ. ગ્રામ્યવિસ્તારની સ્ત્રીઓને નિર્ણયો લેવામાં અને પોતાના પ્રદેશના વિકાસકાર્યોમાં ભાગ લેવામાં મદદરૂપ બને તેવાં પગલાં બધા દેશોએ ભરવાં જોઈએ. ગ્રામ્ય સમાજની સ્ત્રીઓને પણ દવાખાનામાં સારવાર લેવાનો, કુટુંબ નિયોજન વિશે માહિતી અને સલાહનો, શિક્ષણનો અને વ્યાવસાયિક તાલીમનો હક્ક છે. સ્ત્રીઓને એકબીજાને મદદરૂપ થવા માટે સંગઠનો બનાવવાનો અધિકાર છે. દેશો એ પણ ખાતરી કરવી જોઈએ કે ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓ પણ પુરુષોની જેમ જ પોતાની સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લે. તેઓએ મહિલાઓની પણ ખેતી માટે ધિરાણ સુધી પહોંચ બનાવવી જોઈએ. જમીનોની વહેંચણી અને ભોગવટાની પ્રક્રિયામાં પણ સ્ત્રીઓને પુરુષો સમાન જ ગણવી જોઈએ.

ભારતે CEDAW ને બહાલી આપી ને પહેલાં બે મહત્ત્વનાં કાયદાકીય દસ્તાવેજો વિશે ચર્ચા અને ઘડતરની પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ CEDAW ને સમર્થન અપાયા પછી તેને કાયદાનું રૂપ અપાયું. તે હતા પ્રસુતીપૂર્વે નિદાન પધ્ધતિ વિશેનો કાયદો (ગેરઉપયોગ અટકાવવો અને નિયંત્રિત કરવો (PNDT) (1994) તથા ઘરેલુ અત્યાચારથી રક્ષણનો કાયદો (2005) PNDT કાયદો છોકરીઓના જન્મ પૂર્વે જ તેના તરફ થતા ભેદભાવને અટકાવવા (જન્મ પ્રમાણમાં અસમાનતા) માટે હતો. આ કાયદો ગર્ભની

જાતિ નક્કી કરવા તથા જાહેર કરવા સામે મનાઈ ફરમાવે છે. તે ગર્ભવસ્થા દરમ્યાન જાતિ નક્કી કરવા વિશેની જાહેરાતની પણ મનાઈ કરે છે તેનો અમલ ન કરનાર માટે જેલ તથા દંડની શિક્ષા વર્ણવે છે. 2003માં આ કાયદામાં સુધારા દ્વારા અમલને વધુ અસરકારક બનાવવામાં આવ્યો અને હવે તે PCPNDT ધારા તરીકે ઓળખવાય છે.

ભારતમાં 40-60 ટકા મહિલાઓ ઘરેલુ અત્યાચારનો ભોગ બને છે. આવા અત્યાચારોની મહિલાઓના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય ઉપર થતી અસરો ઉપરાંત ગંભીર સામાજિક અસરો પણ પડે છે. આ તેમના માનવ અધિકારનું ઉલ્લંઘન છે, અને સમાજમાં તેમનાં સંપૂર્ણ યોગદાનને અવરોધે છે. ઘરેલું અત્યાચાર સામે રક્ષણનો કાયદો ઘણા નાગર સમાજ જુથો, ખાસ કરીને મહિલા સંગઠનો વડે લાંબા સમયથી કરાયેલી માગણીને અનુસરીને પસાર કરવામાં આવ્યો. આ દિવાની કાયદો ઘરેલુ અત્યાચારની શિકાર મહિલાઓને તેમના પિતૃપક્ષેથી કે સાસરીયામાંથી અને મૈત્રી સંબંધોથી શારીરિક ક્ષતિ, કબજો છોડાવવાની બીકથી સ્વતંત્રતા અપાવવાનું અને પર્યાપ્ત જાળવણી માટે કૌટુંબિક સાધનો ઉપલબ્ધ કરાવવાની ખાતરી માટે છે. ગુજરાત રાજ્યમાં ઘરેલુ અત્યાચાર સામેના સામૂહિક પ્રચાર માટે સૌરાષ્ટ્ર-કચ્છ નેટવર્ક બનાવવામાં આવ્યું છે. આ નેટવર્કે 4 વિસ્તારમાં કરેલા અભ્યાસ પરથી તારણ કાઢ્યું છે કે સાક્ષાત્કાર કરાયેલી સ્ત્રીઓમાંથી 90 ટકા સ્ત્રીઓ ઘરેલુ અત્યાચારનો ભોગ બની હતી.

આ કાયદાના અસરકારક અમલીકરણ સામેના મહત્ત્વના પડકારોમાં ફરિયાદ નિવારણ માટે અપૂરતા અને તાલીમ પામેલા ન હોય તેવા રક્ષણ અધિકારી (PO), અપૂરતી નાણાકીય જોગવાઈ, સરકારના જુદા જુદા વિભાગો વચ્ચે સંકલનનો અભાવ અને ખરાબ સ્થિતિમાં ન્યાયાલયના રેકર્ડ છે. બીજાં કેટલાંક રાજ્યોની વિપરીત ગુજરાતમાં જિલ્લા સમાજ રક્ષણ અધિકારીઓને POની વધારાની જવાબદારી સોંપવામાં આવે છે અને આ ભૂમિકા નિભાવવા માટે જરૂરી કાયદાની તાલીમ પણ અપાતી નથી. (સંદર્ભ - લૉયર્સ કલેક્ટીવ વિમેન્સ રાઈટ્સ ઈનિશીયેટીવ, GRC અને UNDP ના અહેવાલ)

**શા માટે નારી સશક્તિકરણ?**

ઐતિહાસિક રીતે સ્ત્રીઓ હંમેશા પુરુષોની આજ્ઞાકારી સેવિકાની ભૂમિકા જ ભજવી છે. મહિલાઓ ઉપર પ્રભૂત્વ જમાવવું અને તેને ઉતરતી કક્ષાની ગણવાનું વલણ પ્રાથમિક રીતે સામાજિક પરિસ્થિતીમાંથી આવે છે. પુરુષો અને સ્ત્રીઓ એવી માન્યતાથી ટેવાયેલી છે કે તેઓ અલગ છે. એટલે કે મહિલાઓ આજ્ઞાંકિત, નબળી અને ચાકરી કરવા માટે છે જ્યારે પુરુષો ખડતલ, મજબૂત અને શાસન કરવા માટે છે. સ્ત્રીઓ અને પુરુષોની આવી સામાજિક અને સાંસ્કૃતિક વ્યાખ્યાને જ 'જેન્ડર' કહે છે. જાતિભેદ જીવનની શરૂઆતમાં જ શિખવા અને આત્મસાત કરવામાં આવે છે અને પછી તે જુદી જુદી રીતે સતત બળવત્તર થાય છે. સાંસ્કૃતિક વલણ અને વર્તન, જેવાં કે કહેવતો, લોક સાહિત્ય અને અમુક ચિન્હો પુરુષો અને સ્ત્રીઓએ ધારણ કરવાં જોઈએ તેવી અપેક્ષા હોય છે. તે માત્ર જાતિ આધારિત અસમાનતા જ પ્રતિબિંબીત કરતાં નથી પરંતુ તેને બળવત્તર પણ બનાવે છે. તે પુરષો અને મહિલાઓ વચ્ચેના અસમાન સત્તા સંબંધો તરફ દોરી જાય છે. સામાજિક-સાંસ્કૃતિક સ્વિકૃત ધોરણોમાંથી જરા પણ ચલાયમાન થવું તે બન્ને જાતિ માટે અસ્વિકૃત છે અને સમાજ તેની સામે ભવાં ચડાવે છે.

કોઈપણ અસમાન સંબંધોમાં જે વધુ શક્તિશાળી છે તે જે નબળું છે તેને પોતાના કાબુમાં રાખવા માટે

શોષણ તથા દબાણ કરવાની લાક્ષણિક્તા ધરાવે છે. આવો કાબુ ચાલુ રાખવા માટે પુરુષો વડે ઘણા બળજબરી ભર્યા રસ્તા અપનાવવામાં આવે છે, જે સ્ત્રીની આખી જીવન ઘટમાળ અને જીંદગીના દરેક ભાગમાં લંબાય છે. સામે પક્ષે સ્ત્રીઓ પોતાનું ઉતરતી કક્ષામાં હોવાનું સ્વિકારે પણ છે અને તેને કાયમી બનાવે છે.

આવો સ્ત્રી અને પુરુષ વચ્ચેનો જાતિભેદ શારીરિક અલગતાને કારણે નહી પરંતુ સામાજિક રીતે ઘડાયેલી હોવાને કારણે તેમાં ફેરફાર કરવો શક્ય છે. આ માટે સત્તાવન અને સત્તાવિહીન બન્નેની માન્યતામાં બદલાવ આવવો જરૂરી છે.

સ્ત્રીઓને એક બીબાંઢાળ વર્ગ કે જુથ તરીકે લઈ શકાય નહીં. શહેરની સ્ત્રીઓ કરતાં ગામડાની સ્ત્રીઓની જરૂરિયાત, પ્રશ્નો અને પરિસ્થિતિ અલગ હોય છે. એકલી સ્ત્રી ખાસ કરીને વિધવા તેના જેવી જ પરિણીતા કરતાં જુદી પડે છે. વિકલાંગતા, જ્ઞાતિ, ગોત્ર, વર્ગ એ બીજાં કેટલાંક એવાં પાસાંઓ છે જે સમાજમાં સ્ત્રીઓના મોભા અને સ્થાનને અસર કરે છે. આ પાસાંઓ તરફ તથા તે જેન્ડરના સંદર્ભમાં શું અસર કરે છે તેના પર ધ્યાન આપવું જરૂરી છે.

**મહિલાઓએ સહન કરવી પડતી અસમાનતા**

અમર્લ્ય સેન - ભારતના અગ્રગણ્ય અર્થશાસ્ત્રી - કે જેમણે જેન્ડર ઉપર મહત્ત્વનું કાર્ય કર્યું છે, તેઓ સ્ત્રીઓ સામનો કરતી હોય તેવી સાત પ્રકારની અસમાનતા દર્શાવી છે.

1. **મૃત્યુ પ્રમાણમાં અસમાનતાઃ** સ્ત્રી બાળ હત્યાને કારણે સ્ત્રીઓના મૃત્યુઆંક ઉંચો છે. તેમનાં આરોગ્ય અને પોષણને ઓછું મહત્ત્વ અપાય છે, એટલે મહિલાઓ વહેલી મૃત્યુ પામે છે અને તેમના કરતાં પુરૂષોની સંખ્યા વધારે છે.

2. **ગર્ભની અસમાનતાઃ** દિકરા વધુ પસંદ કરાય છે જ્યારે દિકરી હોય તો ગર્ભપાત કરાવાય છે. ગર્ભમાં જ જાતિ પરિક્ષણની શક્યતાએ આમાં વધારો કર્યો છે જે જાતિના પ્રમાણભેદમાં પરિણમે છે. આ પ્રમાણ ખાસ કરીને 0થી 6 વર્ષનાં બાળકોમાં ઘટ્યું છે.

3. **મૂળભૂત સગવડોની અસમાનતાઃ** સ્ત્રીઓ માટે શિક્ષણ અને ભણતરનો પ્રવેશ માર્ગ ઓછો છે અથવા પોતાની બુદ્ધિ અને આવડતના ઉપયોગની તક ઓછી મળે છે.

4. **વિશેષ સુવિધાઓની અસમાનતાઃ** સ્ત્રીઓ મૂળભૂત સુવિધાઓ અને પ્રાથમિક શિક્ષણ મેળવી શકે તો પણ તેમની બીજી કેટલીક બાબતો એવી છે કે તે ઉચ્ચ શિક્ષણ અથવા ચોક્કસ પ્રકારનાં વ્યવસાયિક અભ્યાસક્રમો કે જેમાં પુરુષોનું વર્ચસ્વ માનવામાં આવે છે તે તેમને પસંદ કરવાની છૂટ મળતી નથી.

5. **વ્યાવસાયિક અસમાનતાઃ** ચોક્કસ પ્રકારની નોકરીઓ મેળવવામાં અતવા તેમાં પુરુષોના સમાન દરે આગળ વધવામાં મહિલાઓ મુશ્કેલી અનુભવે છે.

6. **માલિકીની અસમાનતાઃ** વારસા તથા માલિકીના હક્કોમાં સ્ત્રી-પુરૂષ વચ્ચે અસમાનતા છે.

7. **ઘરબારની અસમાનતાઃ** એક ઘરમાં ભલે શિક્ષણ મેળવવા જેવી બાબતોમાં અસમાનતા જોવા ન

મળતી હોય તો પણ ઘરકામના બોજની વહેંચણી અને બાળકની સંભાળ જેવી કૌટુંબીક બાબતોમાં વ્યવસ્થામાં ઘણી અસમાનતા હોઈ શકે છે. ઉદાહરણ તરીકે - ઘણા સમાજમાં એ ખૂબ સામાન્ય માન્યતા છે કે પુરુષો સ્વાભાવિક રીતે જ ઘરની બહાર કામ કરે જ્યારે સ્ત્રીઓ ઘણી બધી બાંધછોડ ન થાય તેવી અને અસમાન રીતે વહેંચણી થયેલી ઘરબારની ફરજો ને સાથે સાંકળીને ન થાય તો અને માત્ર તો જ બહાર કામ કરી શકે.

**સશક્તિકરણની વ્યાખ્યા**

સરિતા એક 38 વર્ષની સ્ત્રી છે, જે ગૃહિણી તરીકે સંતોષકારક જીવન જીવતી હતી અને ત્રણ બાળકોની માતા છે. તે એક સ્વસહાય જૂથની સભ્ય હતી અને નિયમિત બચત કરતી હતી. તે સ્વ સહાય જૂથની એક નેતા હતી અને સ્ત્રીઓ તેમની રોજીંદી મુશ્કેલીઓ તથા સમસ્યાઓ એક બીજા સાથે વહેંચે તે માટે સક્રીય ભૂમિકા ભજવતી હતી. છેલ્લી પંચાયત ચૂંટણીમાં તે અનામત બેઠક પર તેના ગામના સરપંચ તરીકે ચૂંટાઈ. તે અનુસૂચિત જાતિની છે અને ઉચ્ચ જાતિના લોકો દ્વારા ઉમેદવારી કરવાનું તેને કહેવાયું. સમયનાં આ બીંદુએ સરિતાબેન ચૂંટણી લડવી કે નહીં તે બાબતે સ્પષ્ટ ન હતાં. છતાં આ વાત એક ઉચ્ચ વર્ણના પુરુષ કે જે ગામમાં મહત્વનું સ્થાન ધરાવતો હતો તેના તરફથી થઈ હોવાના કારણે તેણે સ્વીકારી. બહુમત સમાજે તે માટે સરિતાબહેનનું નામ સુચવ્યું જેથી તેઓ પંચાયત સ્તરના નિર્ણયો અને કાર્યોમાં તેના પર કાબુ અને સત્તા જાળવીને રાખી શકશે. સરિતાબેન આ નવી પરિસ્થિતીના અર્થ વિશે અને તે કેવી રીતે તેમની જીંદગી બદલી નાખશે તે વિશે તદ્દન અજાણ હતાં. તે ક્યારેય શાળાએ ગયાં ન હતાં અને આથી તેનાં મોટાભાગનાં કામ માટે ‘શિક્ષિત’ સલાહકારોની દયા પર હતાં.

તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓની તાલીમમાં હાજરી આપી અને પોતાની ભૂમિકા અને ગામના વિકાસમાં તે શું ફાળો આપી શકે તે જાણ્યું. પોતાની નવી સ્થિતીથી ઉત્સાહિત અને ઘણી મહિલાઓના ટેકાથી તેણે ‘સેલ્ફ હેલ્પ ગૃપ’માં સ્ત્રીઓને કાર્યક્ષમ બતાવવાની પ્રક્રિયામાં વધારે રસ લીધો. આને કારણે તેને તેમને વધારે મળવાની તથા તેમના સામાન્ય પ્રશ્નો વિશે વધુ જાણવાની તક મળી. તેમના ટેકાથી તેઓ હેન્ડપંપ મૂકાવવાના  તથા આંગણવાડી સ્થાપવા જેવાં કેટલાંક વિકાસનાં કાર્યો કરી શક્યાં. તેણે ગામની સહીયારી જમીન કે જે ગામના શક્તિશાળી લોકોએ પચાવી પાડી હતી તેના સામે પગલાં ભર્યાં. તેમની વધતી જતી લોકપ્રિયતા સામે ગામનાં શક્તિશાળી જુથ અને બીજા પંચાયત સભ્યો તરફથી કડક અવરોધો કરાયા. તેમના વિરુદ્ધ ભ્રષ્ટાચારના આરોપો ઘડાયા. શરૂઆતમાં તે પોતાના વિરુદ્ધ કામ કરતાં બળોનો સામનો કરવામાં તદ્દન અસહાય બની ગઈ. કેટલાંક પ્રસંગોએ તેને તેના પદ પરથી રાજીનામું આપી દેવાનું દબાણ પણ કરવામાં આવ્યું. પરંતુ તેણે નક્કી કર્યું કે તે પોતાના પર આવેલા દબાણ સામે ઝૂકશે નહી.

તેના આ નિર્ણયને ગામની સ્ત્રીઓ તથા એક એક સ્વંય સેવી સંસ્થા કે જે સ્ત્રી નેતાઓની ક્ષમતા ઘડવાનું અને ચૂંટાયેલા સ્ત્રી પ્રતિનિધિઓનું સંગઠન ઊભું કરવાનું કામ કરતી હતી, તેનો ટેકો મળ્યો. આ સંગઠનના ટેકાને કારણે તેણે પોતાની સામે કરાયેલા આરોપો ખોટા છે તે સાબિત કરવાની વ્યુહરચના વિકસાવી. તે પોતાના ગામના વિકાસ માટે સ્વતંત્ર રીતે સ્રોતોનો ઉપયોગ કરી શકે તે બાબતે જુદા જુદા માધ્યમો વિશે માહિતી એકઠી કરી શકી.

સરિતાએ સરિતા ચૂંટાયેલી સ્ત્રી નેતાઓ માટેના સાક્ષરતા અભિયાનમાં ભાગ લીધો અને તેની એક સફળ નેત તરીકે ઉભરવાની પ્રબળ ઈચ્છાને લીધે પોતાની ભૂમિકામાં વધારે સુધારે થાય તેવી સાક્ષરતા કુનેહમાં

પ્રબળ વિશ્વાસ કરી શકી. તેણે મહિલાઓને પોતાના પ્રશ્નોને વાચા આપવા ગ્રામસભાનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપ્યું. તેણે તેમને ગામના સ્તરે કમિટિઓમાં ભાગ લેવા માટે પણ પ્રોત્સાહન આપ્યું. સાક્ષરતાના ફાયદાનો અનુભવ મળવાને કારણે તે તેના ગામમાં કન્યા કેળવણીની સક્રિય ટેકેદાર બની અને તેમને શાળામાં મૂળભૂત સગવડો મળી રહે તેનો પણ ખ્યાલ રાખ્યો. તેનો સક્રિય રસ ભાગીદારી અને ખંત તેને સામાન્ય સીટ પરથી હટી બીજી વખત સત્તા પર લાવવામાં મદદરૂપ થયાં છે.

સરિતાનો કિસ્સો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે તે કેવી રીતે પરતંત્રતા અને અસહાયતાની સ્થિતીમાંથી પોતાનો નિર્ણય રજૂ કરવાની તથા અતિખરાબ પરિસ્થિતીમાં પણ ન્યાયની માગણી કરવા માટેનો આત્મવિશ્વાસભરી સ્થિતી ઊભી કરી શકી. સરિતાબેનના સશક્તિકરણની પ્રક્રિયા ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિનાં સંગઠન જેવાં બાહ્ય પરિબળોનાં કારણે છે. આ કિસ્સામાં થયેલું સશક્તિકરણ નજરે જોઈ શકાય છે. આ પ્રક્રિયા વ્યક્તિગતથી સામૂહિક એમ બન્ને સ્તરે તેમ જ તેનાથી ઊલટી રીતે પણ બની શકે છે. આ કાર્યની શરૂઆત સ્ત્રીઓ પોતાની માન્યતા વિશે સભાન થાય, જાતિભેદ અને તેની પોતાની જીંદગી પર થતી અસરો વિશે જાણે, પોતાની શક્તિ વિશે માન્યતા અને જાતિની અસમાનતામાં ફેરફારની જરૂર અનુભવે તેવી રીતે થવી જોઈએ. સશક્તિકરણની પ્રક્રિયામાં સામૂહિક પ્રત્યાઘાતો પણ સામેલ થવા જોઈએ. કારણ કે પુરુષ પ્રધાન વ્યવસ્થા કે જે સમાન તકમાં બાધારૂપ બને છે તેને પડકારવાની એક જુથની શક્તિ સામે સ્ત્રીઓની સ્વશાસન અને સ્વતંત્ર જીંદગીની પસંદગી હંમેશા એક વ્યક્તિની ક્ષમતા હોય તેના કરતાં વધારે હોય છે. સંગઠનો, હાંસીયામાં ધકેલાઈ ગયેલા જુથોને તેમની જાતને વાચા આપવાની, વિચારોના આદાન-પ્રદાનની અને સત્તાવાન સાથે વાટાઘાટો શક્તિ પ્રદાન કરે છે. સાધનો મેળવવા અને તેના પર કાબુ કરવાના ફેરફાર ઉપરાંત એવો સમય અને અવકાશ ઉભા કરવાની જરૂર છે જેથી મહિલાઓ પોતાની જીંદગીની કડક ચકાસણી કરીને એક નવો વિશ્વાસ વિકસાવી શકે. તેમની વિચારવાની રીતમાં પરિવર્તન લાવવા ઉપરાંત નાના ફેરફારો કરવા જરૂરી છે. જેવા કે ઘર તથા સમાજને સ્તરે માત્ર મુંગા મુંગા સહમતી આપવાને બદલે નિર્ણયો કરવામાં ભાગ લેવો, કન્યાઓને શાળાએ જવા પ્રોત્સાહન કરવી, પારંપારિક જાતિ આધારિત મહેનતના ભાગમાં ફેરફાર લાવવો, સેલ્ફ હેલ્પ ગૃપ બનાવવાં વગેરે, કે જે નજરે ચઢે તેવા છે અને જે તે સમાજ સ્વિકૃતિ પણ આપે છે અને પ્રતિક્રિયા પણ દર્શાવે છે. સામૂહિક શક્તિ મહિલાઓને પ્રવર્તમાન સત્તા સમીકરણો વિશે વાટાઘાટા કરવામાં અને બદલવામાં મદદરૂપ થઈ શકે.

નારી સશક્તિકરણ માટે કામ કરનારને ઘણી વખત ધર્મસંકટનો સામનો પણ કરવો પડે છે. દા. ત. તેમની પરિસ્થિતિમાં ફેરફાર લાવવાનું જ કામ કરવું કે તેમની સત્તાવિહિનતા વિશેના મૂળ કારણ માટે તેમની સભાનતા વધારવી, મોટા ભાગના હસ્તક્ષેપો તેઓ આવકમાં વધારો, આરોગ્ય અથવા શિક્ષણ વડે મહિલાઓની પરિસ્થિતી સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મહિલાઓની સ્થાન સુધારવાની બાબતમાં ઘણાં કાર્યો કરવા યોગ્ય છે. જેવાં કે જાતિ આધારિત કામનાં વર્ગીકરણની નાબુદી, મહિલાઓ માટે ઉધાર તથા જમીન જેવા સાધનો મેળવવામાં સુધાર, ભેદભાવ ધરાવતાં સંસ્થાકીય માળખાં દૂર કરવાં, રાજકીય સમાનતા સ્થાપવી અથવા મહિલાઓને નિર્ણયાત્મક સ્થાન મળે તેમ કરવું, મહિલાઓ સામેના અત્યાચારો દૂર કરવા વગેરે.

મોટાભાગના સરકારી કે બિનસરકારી સંગઠનોના હસ્તક્ષેપ મહિલાઓની આવક પેદા કરવાની પ્રવૃત્તિ શરૂ થાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરી છે. અમુક જ હસ્તક્ષેપ મહિલાઓને સામૂહિક મંડળીઓ સુધી પહોંચ, તેમની લે-વેચની તથા સંગલનની આવડત ઊભી કરવાની કામગીરી કરે છે. શિક્ષણનાં ક્ષેત્રમાં કન્યાઓને

મફત પ્રાથમિક શિક્ષણ આપીને વધારે સંખ્યામાં શાળા સુધી પહોંચતી કરવાની યોજના શરૂ કરાઈ છે. પરંતુ એક વખત નોંધણી થયા પછી આ કન્યાઓ ઉચ્ચ શિક્ષણ અને અભ્યાસના બિન-પારંપરિક ક્ષેત્રો સુધી પહોંચી છે કે નહી અથવા શાળાનો અભ્યાસક્રમ જાતિ આધારિત નથી તે ખાતરી કરવા માટે બહુ ઓછું કામ થયું છે.

સશક્તિકરણ શબ્દમાં 'શક્તિ' શબ્દ સમાયેલો છે. તે સત્તા સંબંધોમાં ફેરફાર અને વ્યક્તિ અથવા જૂથ વચ્ચે સત્તાની વહેંચણીનો સંદર્ભ આપે છે. સત્તાને સાધનો, માણસો તથા બૌદ્ધિક સંસાધનો ઉપરનાં કાબુ તરીકે સમજી શકાય. જેમાં i) પ્રાકૃતિક સંસાધનો - જેવા કે જમીન, પાણી, જંગલો ii) માનવ સંસાધનો - લોકો, તેમનાં શરીરો, તેમની મહેનત અને તેમની આવડત iii) બૌદ્ધિક સંસાધના - જ્ઞાન, માહિતી અને વિચારો iv) નાણાકીય સંસાધનો - પૈસા અને પૈસાની પ્રાપ્યતાં વગેરેનો સમાવેશ થાય છે.

સત્તા બદલાતી રહે છે અને અસમાન રીતે વહેંચાયેલી છે. માટે એક વ્યક્તિ અથવા જુથ જેમની આમાંથી એક અથવા વધારે સંસાધન પર કાબુ છે તે પોતાની સત્તા બીજા જે સત્તાહીન છે અથવા ઓછો કાબુ ધરાવે છે તેના પર વિસ્તરે છે. જેટલી વધારે પહોંચ અને કાબુ, તેટલી વધારે સત્તા. આ બધું નિર્ણય લેવા પર વધારે કાબુ કોઈ કોઈ સીધા હસ્તક્ષેપ વગર બીજાના નિર્ણય પર પ્રભાવ પાડવો વગેરે તરફ પણ દોરી જાય છે.

આમ જો 'સત્તા' દરેક પ્રકારના સંસાધનો પર પહોંચ અને કાબૂ દર્શાવે છે તો 'સશક્તિકરણ' સમાજમાં જે ઓછા શક્તિશાળી અથવા શક્તિવિહન છે તેઓ સાધનો તથા જ્ઞાનના સ્ત્રોત પર વધારે પહોંચ અને કાબુ મેળવે તેની પ્રક્રિયા છે. સશક્તિકરણનો બીજો અર્થ છે ભેદભાવ અને ગૌણ ગણવાની વિચારસરણીને પડકાર આપવો, કે જે આવી અસમાન વહેંચણીને યોગ્ય ગણાવે છે.

નારી સશક્તિકરણ એ એવી પ્રક્રિયા છે જેના વડે મહિલાઓ સાધનો તથા બૌધિક સ્રોતો પર વધારે કાબૂ મેળવી શકે અને વડિલશાહીને લગતી વિચારધારાને અને સમાજની બધી જ સંસ્થાઓ તથા માળખાંઓ જ્યાં જાતિ આધારિત મહિલા વિરોધી ભેદભાવ છે તેને પડકારી શકે. આ ત્યારે જ શક્ય છે જ્યારે ગરીબ અને હાંસીયામાં ધકેલાયેલી મહિલાઓ પોતાની પરિસ્થિતિ માટેનાં કારણો સમજી શકે અને તેમાં બદલાવ લાવવા પગલાં ભરે. આમાં કાયદા, દીવાની ધારા, મિલકત અને વારસાના હક્કો, મહિલાઓનાં શરીર તથા મહેનત પર કાબૂ અને પુરુષોનાં વર્ચસ્વ તથા તેની શાશ્વત સંસ્થાઓમાં ફેરફાર પર ભાર છે. નારી સશક્તિકરણ એ પુરુષોની વિરુદ્ધમાં નથી પરંતુ પૈતૃક્તા તથા તેનું પ્રદર્શન કરતી વ્યવસ્થાની વિરુધ્ધ છે.

**નારી સશક્તિકરણ - એક બહુસ્તરીય પ્રક્રિયા**

જાતિ અસમાનતાના પ્રકારો અને કારણો સમજવા તથા તેને ઓછા કરવા માટેનાં પગલાં વિકસાવવા પર ભાર વધતો જાય છે. માનવ અધિકારો અને મહિલા અધિકારો પર વધતા દબાણને લીધે પાછલા ત્રણ દાયકામાં 'મહિલા સશક્તિકરણ'ના વિચારે ખાસ પ્રાધાન્ય મેળવ્યું છે.

સશક્તિકરણનો વિચાર મુખ્યત્વે શક્તિહીનના પાયાનાં કારણોને વાચા આપવા માટેના હસ્તક્ષેપ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મહિલાઓની સ્થિતિમાં ફેરફાર ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં આયોજનોમાં માળખાકીય ફેરફાર કરવા જરૂરી છે.

1988માં ભારત સરકાર તરફથી શરૂ કરાયેલ મહિલા સામખ્ય કાર્યક્રમ મહિલા સશક્તિકરણને જુલ્મી સંગઠિત તથા સજ્જ કરીને આગળ વધારવા માટે કરાયો હતો. તાલીમ પામેલી સ્થાનિક મહિલા વડે મહિલાઓના સમુહોને તેમના પ્રશ્નો જેવાં કે તેમને સભા અને તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવાના અધિકાર, મહિલાઓ પરના અત્યાચારો અટકાવવાં, તેમનાં ઘરનાં કામ માટે જાતિ મુજબના વર્ગીકરણને પડકાર આપવો તથા તેમાં ફેરફાર કરાવવા, બીજાના નામે ચડેલી જમીન મહિલાઓના નામે પાછી મેળવવી, લાગવગભર્યાં સ્થાને પુરુષો સાથે પહોંચવા તથા કામ પાડવાની આવડત કેળવવી, વટાઘાટની કુનેહ અને આત્મવિશ્વાસ વિકસાવવા, તેમના સંઘોને મજબુત કરવા તથા તેનું વ્યવસ્થાપન કરવું વગેરે માટે અવકાશ પૂરો પાડ્યો. આ બધું મહિલાઓમાં તેમની સ્થિતિ અને સ્થાન વિશે સભાનતા ઊભી કરીને, તેમને લાગુ પડતા પ્રશ્નોને ઓળખવામાં મદદ કરીને, માહિતી તથા સંકલન પ્રદાન કરીને, તેમના પ્રશ્નોનું વિશ્લેષણ તથા તેના પર કામ કરવામાં મદદ કરીને કરાયું. આમાં કાયદાકીય જાગૃતિ, બિન પરંપરાગત વ્યવસાય માટેની કુનેહની તાલીમ તથા રોજગાર સુધી પહોંચવાની માહિતી, સાક્ષરતા વર્ગો, સામૂહિક મંડળી સ્થાપવી વગેરે પ્રવૃત્તિનો સમાવેશ થયો હતો.

ગુજરાતે પોતાને આર્થિક પ્રગતિ કરતાં રાજ્ય તરીકે સ્થાપ્યું છે. લગભગ બે દશકથી વ્યક્તિગત આવકની બાબતમાં ભારતનાં મુખ્ય રાજ્યોમાં તેણે ચોથો નંબર મેળવ્યો છે અહિંયા શહેરીકરણનું પ્રમાણ પણ વધારે છે. રાષ્ટ્રીય સ્તરે 27 ટકાની સામે ગુજરાતની 38 ટકા વસ્તી શહેરોમાં વસે છે. જો કે સામાજિક નિર્દેશનનો અહેવાલ દર્શાવે છે કે રાજ્યમાં જાતિ આધારિત અસમાનતા પ્રવર્તે છે. આ વાતનો પુરાવો સાક્ષરતા દરમાં તફાવત છે (58.6 ટકા મહિલાઓ માટે અને 80.5 ટકા પુરુષો માટે. બાળકોના પ્રવેશની સંખ્યાનો દર 6થી 14 વર્ષની ઉંમરનાં જુથમાં છોકરાઓ માટે 94 છે જ્યારે છોકરીઓ માટે 78 છે (શૈક્ષણિક આંકડા 2000 - 01). શિક્ષણના દરેક સ્તરે કન્યાઓનો અભ્યાસ છોડી જવાનો દર છોકરાઓ કરતાં વધુ છે. પ્રાથમિક શાળાના સ્તરે આ તફાવત સૌથી વધારે છે. 14.02 ટકા કન્યાઓના, જેની સરખામણીએ 9.97 ટકા છોકરાઓનો દર છે. (સ્ટૈટિસ્ટિકલ ઍબ્સટ્રક્ટ ઑફ ગુજરાત 2006)

પુરુષ અને સ્ત્રીઓની જાતિનો પ્રમાણ દર 1991માં 934માંથી 2001માં 920 જેટલો નીચો ઉતર્યો છે. બાળકોમાં જાતિનો પ્રમાણ દર (0થી 6 વર્ષ) 927માંથી 878નો થયો છે. અને સમગ્ર ભારતના સ્તરે ગુજરાતનો નંબર 20મો છે. ગુજરાતમાં 27.2 ટકા મહિલાઓના લગ્ન 18 વર્ષથી ઓછી ઉંમરમાં થયાં હતાં. પુરુષોના 22.2 ટકાની સરખામણીએ 55.3 ટકા સ્ત્રીઓ પાંડુરોગથી પીડાય છે (NFHS - 2005 - 06). બાળ મૃત્યુનું પ્રમાણ કન્યાઓમાં (82) છોકરાઓ (74) કરતાં ઊંચું છે. તેમાં પણ ગ્રામ્ય વિસ્તારમાં છોકરીઓનું મૃત્યુ શહેરની સરખામણીએ ઉંચું છે 2005માં ગામમાં 64 શહેરમાં 32

કામમાં ભાગ લેવાનો દર પુરુષો (55.02 ટકા)ની સરખામણીએ મહિલાઓમાં (28.03 ટકા) નીચો છે (2001ની વસ્તી ગણતરી). જોકે અવિધિસરનાં અને ખેતી ક્ષેત્રે સ્ત્રીઓ પુરુષોને પાછળ રાખી દે છે. આ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષા ઓછી છે તથા મહેનતાણાની પદ્ધતિ નિયમસરની હોતી નથી. સ્ત્રીઓ ઘરમાં અને કામના સ્થળે બન્ને જગ્યાએ બળ પ્રયોગનો વિષય બને છે. 15થી 49 વર્ષની 33.8 ટકા પરણેલી મહિલાઓએ માનસિક, શારીરિક અથવા જાતિય બળપ્રયોગનો અનુભવ કર્યો હોય છે (NFHS - 2005 - 06). સામાજિક દબાણ અને નિષેધને કારણે આવી પરિસ્થિતિમાંથી મહિલાઓને બહુ ઓછો આધાર

મળે છે. કુલ BPL ઘરોમાંથી 12 ટકામાં કુટુંબના વડા મહિલા હોય છે અને 14 ટકા ઘરવિહોણા હોય છે (2002 - gswan@gov.in).

**જાતિ સમાનતાને આગળ વધારવા તથા સ્થાનિક શાસનમાં મહિલાઓનાં સશક્તિકરણ માટે લેવાયેલાં પગલાં**

ઉપરના પુરાવાઓને આધારે જાતિ સમાનતા આગળ વધારવા તથા મહિલાઓના સશક્તિકરણ માટે કેટલાંક સ્તરે જુદા જુદા હિતધારકો વડે પગલાં લેવાવાં જરૂરી છે.

પુરુષો અને સ્ત્રીઓને બન્નેને મહિલાઓ તરફ થતા ભેદભાવ વિશે સભાન કરીને જ જાતિ સમાનતા પ્રાપ્ત કરી શકાય. પુરુષોએ મહિલાને યોગ્ય તકો આપવી જોઈએ અને દરેક પ્રકારના બળપ્રયોગ દૂર કરવા જોઈએ. મહિલાઓએ અધિનતાને લીધે તથા સ્વશાસન અને સશક્તિકરણની આત્મામાં મૂળીયા ઘાલી જવાને કારણે ઊભી થયેલી પોતાની છબી ફૂટી બતાવવી જોઈએ. એ યાદ રાખવુ જરૂરી છે કે સ્ત્રીઓનું ઉતરતી કક્ષામાં હોવું એ ઐતિહાસિક અન્યાય છે જે દૂર કરવાના અને અન્યાયને અંકુશમાં રાખવાના ટકાઉ પ્રયત્નો બધા વડે થવા જોઈએ. આ માત્ર રાજ્યની ભૂમિકા નથી.

સ્થાનિક સ્તરે મહિલાઓના સશક્તિકરણ માટે બે ચાવીરૂપ વ્યૂહરચના સામાન્ય રીતે ઉપયોગમાં લેવાય છેઃ

મહિલા સમુદાયોને સંગઠિત કરીને અને જાતિ વિશે સભાનતા વધારીને તથા જાગરૂકતા ભર્યાં વલણો વધારવાં જેથી તે મહિલાઓ માટેની જુદી જુદી પ્રવૃત્તિઓ તથા પ્રક્રિયાઓમાં ભાગ લેવાના વાહન બને. નૈતિક સ્તરે અસરકારક ફેરફાર માટે મહિલાઓના સામૂહિક અવાજ અને વાટાઘાટોની ક્ષમતા વધારવા માટે સ્થાનિક સ્તરે મહિલાઓનાં જુથ અને ઉપરના સ્તરે સમવાયતંત્ર બનાવી શકાય. આવાં જુથો મહિલાઓની બચત અને ઉધાર, સાક્ષરતા, આરોગ્ય વિશે સભાનતા વગેરે પ્રવૃત્તિઓ દ્વારા સંશોધન સુધી પહોચવા માટે રસ્તો બની શકે.

આરોગ્ય સેવાઓ, સાક્ષરતા વર્ગો, ઉધાર અને આવક ઊભી કરતા કાર્યક્રમો જેવી નક્કર સેવાઓ ઉપલબ્ધ કરાવવી અને એ ખાતરી કરવી કે તે હાંસીયામાં ધકેલાયેલી મહત્તમ મહિલાઓ સુધી પહોંચે.

મહિલાઓનું સ્થાનિક શાસનમાં ભાગીદારી, કઠપુતળી ઉમેદવારો (પતિ સરપંચ સિન્ડ્રોમ) માટે અવરોધ ઊભો કરવાની પ્રવૃત્તિ વડે આગળ વધારી શકાય. એક વખત ચૂંટાઈ ગયા પછી ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓને યોજના અને અંદાજપત્ર પર પ્રભાવ પાડવાની સત્તા મળે છે. માટે સૌથી પહેલું પગલું તેઓ જાતિ સંવેદનશીલ હોય તેવી યોજના ઘડવામાં મદદરૂપ બની શકે. થોડાંક વર્ષો માટે એવું માની લેવાયું હતું કે કુટુંબ અથવા સમાજને અનુલક્ષીને કરાયેલ યોજના આપો આપ જ મહિલાઓને ફાયદો કરશે. પરંતુ એ ખોટું પુરવાર થયું છે. મહિલાઓના જીવનમાં બદલાવ લાવવા માટે ખાસ તેમને ધ્યાનમાં રાખી ને જ યોજના બનાવવી જરૂરી છે. દાખલા તરીકે મહિલાઓને માત્ર ઘરકામની ભૂમિકામાં અથવા કુટુંબના કમાનારને ટેકો પૂરો પાડનાર તરીકે જ જોવાતી હતી. આ વસ્તુ પોષણ, શિક્ષણ તેમની ઘરમાંની ભૂમિકામાં સુધારો તથા આવક ઊભા થાય તેવી પ્રવૃત્તિઓમાં તેમને સાંકળવા જેવાં હસ્તક્ષેપો તરફ દોરી ગઈ. તેઓને વિકાસમાં સક્રિય ભાગીદાર તરીકે નહીં પરંતુ લાભ મેળવનાર તરીકે જોવામાં આવતી હતી. એમ પણ ધારી લેવામાં આવતું હતું કે કુટુંબને લક્ષ્યમાં રાખીને કરવામાં આવતા હસ્તક્ષેપ આપોઆપ જ મહિલાઓને પણ લાભકર્તા નિવડશે, કારણ કે કુટુંબને સામાજિક - આર્થિક એકમ ગણવામાં આવે છે, જ્યાં મહિલાઓને સાધનો પર સમાન હક્ક અને પહોંચ છે. અનુભવે દર્શાવ્યું છે કે આ સત્ય નથી.

આ રીતે મહિલાઓ અને પુરુષોની જુદી જુદી જરૂરીયાતો અને અગ્રતાક્રમો ચકાસવા માટે, પ્રકલ્પ ઘડવા માટે તથા જાતિ આધારિત સંસાધનો ફાળવવા માટે આયોજન આયોજન રજુ કરવામાં આવ્યું. તેનો ઉદ્દેશ્ય એવા પ્રકલ્પોનો વિકાસ કરવાનો છે, જે જાતિના ભેદભાવ અને અસમાનતાને કારણે ઊભા થતા પ્રશ્નોને વાચા આપીને મહિલાઓના સ્થાનને સુધારી શકે. તો પછી એ પણ જરૂરી છે કે પ્રકલ્પોનું નિર્દેશન થાય અને ચકાસણી કરાય કે આ યોજનાઓમાં જે ખરેખર નિર્ધારિત રીતે અસમાનતામાં ઘટાડો થાય.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ જેન્ડર યોજના દાખલ કરી શકે અને સ્ત્રીઓ તથા પુરુષોની જરૂરિયાતોની ઓળખ તથા ક્ષતિરહિત 'ડેટા' વડે કરી શકે. એ મહત્ત્વનું છે કે મહિલાઓને આ આયોજન પ્રક્રિયામાં સામેલ કરવામાં આવે કારણ કે તેમ કરવું તેમની જરૂરિયાતો શું છે તે જાણવાનો ચાવીરૂપ માર્ગ છે. આ કામ માત્ર મહિલાઓની સભા, જ્ઞાતિ આધારિત જુથ, ગ્રામસભા વગેરેમાં મોટી સંખ્યામાં હાજરીથી જ પ્રાપ્ત ન થાય, પરંતુ તેને માટે મહિલાઓને નિયમિત મળવા તથા પોતાની જરૂરિયાતો તથા પ્રશ્નોની ચર્ચા કરવા સક્ષમ કરવી જરૂરી છે. સ્થાનિક સ્વ સહાય જૂથને મજબૂત કરીને મહિલાઓને આવી તક આપી શકાય. મહિલાઓમાંથી જે નેતા બનવાની ક્ષમતા ધરાવતી હોય તેને ઓળખીને જાતિ વિશ્લેષણ અને આયોજન માટે તાલીમ આપી શકાય. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ એ બાબત સભાન હોવું જોઈએ કે આવું આયોજન મતભેદ ઉભા કરી શકે કારણ કે તે ઘર તથા જાહેર જગ્યાઓએ સત્તા સંબંધોમાં ફેરફાર તરફ દોરી જાય છે. તેમણે આવા મતભેદોને સંભાળવા અને તેની સામે પરિપક્વતાથી કામ પાડવું જોઈએ.

જેન્ડર આયોજન મહિલાઓની સ્થિતિ તેમ જ સ્થાનમાં સુધારો કરવા માટે કરી શકાય. પાણી તથા ગટરની સુવિધા, રોજગારી, આરોગ્ય અને શિક્ષણની સગવડમાં સુધારણાને લક્ષ્ય સાથે કરાયેલા હસ્તક્ષેપ, મહિલાઓએ સામનો કરવો પડતો હોય તેવા રોજીંદા વૈતરાંમાંથી ઉગારવામા મદદરૂપ થઈ શકે છે. સાથે સાથે જ પુરુષોની ઘરનાં કામકાજમાં ભાગીદારી વધારીને, હિંસા અત્યાચારને અટકાવીને તથા તેની સામે રક્ષણ આપીને રાજકીય તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓની ભાગીદારી વધારીને, કુનેહની તાલીમ વડે ઉપર લાવીને, ઉચ્ચ શિક્ષણની સગવડ આપીને, ચલાયમાનતા વધારીને વગેરે દ્વારા અસમાનતા ને વાચા આપવી મહત્ત્વની છે. સ્થાનિક સ્તરનું આયોજન મહિલાઓની પાછળની જરૂરીયાતોને ધ્યાનમાં લઈને થઈ શકે, અને તેને અંદાજપત્રમાં ગોઠવી શકે. મહિલાઓની તેમની જાત, વર્ગ, ધર્મ, ઉંમર, પરિણીત - અપરિણીત છે વગેરેને લીધે ઊભી થતી જરૂરિયાતો ગણતરીમાં લેવામાં આવે તે અગત્યનું છે.

શિક્ષણમાં જેન્ડર આયોજન - શિક્ષણ પર 'ડેટા'એ તરફ આંગળી ચીંધે છે કે જ્યારે પ્રાથમિક શિક્ષણમાં કન્યાઓની નોંધણીનો દર ઊંચો છે ત્યારે ઉચ્ચ શિક્ષણમાં કન્યાઓ તથા છોકરાઓની નોંધણીનો તફાવત ધ્યાન ખેંચે તેવો છે. છોકરીઓનો શિક્ષણમાં ટકી રહેવાનો દર પણ છોકરાઓ કરતાં નીચો છે. પરિણામે શિક્ષણ માટેના ખર્ચાઓનું પ્રમાણ પણ છોકરીઓ કરતાં છોકરા માટે વધારે છે. આ ખાસ કરીને ઉચ્ચ અને તકનીકી શિક્ષણ માટે વધુ સાચું છે.

વિભિન્નતા માટેનાં કેટલાંક કારણોમાં ગામથી શાળાનું અંતર, છોકરીઓને જવા આવવા માટે અપુરતી સગવડ, કુટુંબનું ખાસ કરીને પ્રાથમિક સ્તર પછી છોકરીઓને આગળ ભણાવવા માટેનું વલણ તથા જાતિ સંવેદનશીલ સગવડ જેમકે શાળામાં ચોખ્ખાં જાજરૂ વગેરેના અભાવનો સમાવેશ થયા છે. કોઈ પણ ગામ/ તાલુકા/જિલ્લામાંના ચોક્કસ કારણો મહિલાઓ તથા છોકરીઓ સાથેની ચર્ચાથી મેળવી શકાય.

શિક્ષણમાં ભેદભાવ તથા અસમાનતાને દૂર કરવા આયોજનમાં ગ્રામ શિક્ષણ કમિટિ બનાવી મજબુત

કરવાનો સમાવેશ કરી શકાય, જેમને ગામડાંમાં છોકરીઓને કેળવણીની બાબતમાં સંવેદનશીલ બનાવી શકાય અને જે કન્યા કેળવણીને આગળ વધારવાની બાબતમાં પગલાં લઈ શકે, - જેવાં કે છોકરીઓ માટે અલગ જાજરૂની સગવડ, છોકરીઓને સાઈકલની સગવડ પૂરી પાડવી, તાલુકા, જિલ્લા કક્ષાએ ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહન અને રહેઠાણની સુવિધા કરવી વગેરે. આમાંના કેટલાંક પગલાં ભલે રાજ્ય પ્રવર્તક યોજનાને કારણે ઉપલબ્ધ હોય, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ ખાતરી કરવી જરૂરી છે કે આ યોજનાઓનો યોગ્ય અમલ થાય.

**આરોગ્યમાં જેન્ડર આયોજન** - પુરુષો અને સ્ત્રીઓ બન્નેને આરોગ્યને લગતી જરૂરિયાત હોય છે જ પરંતુ છોકરીઓ તથા મહિલાઓને પ્રજનન કાર્યને લગતી હોય તેવી કેટલીક વધારાની જરૂરીયાત પણ હોય છે. સ્થાનિકનું આરોગ્ય સુવિધાનો કન્યાઓ તથા મહિલાઓ દ્વારા ઉપયોગના ડેટા. ગુજરાત સહિત ઘણાં રાજ્યોમાં કોઈ પણ અવસ્થાની મહિલાઓની આરોગ્ય સંભાળની પહોંચ ઘણી ઓછી છે અને ખાસ કરીને આવું જ્યારે સુવાવડ દરમ્યાન હોય ત્યારે તે પોષણની ખાધ, બાળકના જન્મમાં તકલીફ અને છેલ્લે મૃત્યુમાં પરિણમે છે. રોગ-પ્રતિકાર શક્તિને મજબુત બનાવવા તથા ANC સેવાઓ PHC/CHC સ્તરે ઉપલબ્ધ થઈ શકે. પાંડુરોગ ઘટાડવામાં કે જે સામાન્ય રીતે કન્યાઓના કૌમાર્ય કાળ તથા મહિલાઓમાં પુરુષની સરખામણીએ વધુ જોવા મળે છે. તેમાં મદદ માટે સ્થાનિક રીતે લોહત્ત્વ વધારે મળે તેવું કરી શકાય. જે મહિલાઓ શારીરિક કે માનસિક રીતે અસ્વસ્થ હોય તેમની આરોગ્ય જરૂરિયાત પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવાની યોજના બનાવી શકાય અને તેઓને આરોગ્ય સેવા સરળતાથી ઉપલબ્ધ થાય તેવું પણ કરી શકાય.

**રોજગારીમાં જેન્ડર આયોજન** - ગુજરાતના મહિલાઓની રોજગારીના 'ડેટા' દર્શાવે છે કે નાના તથા બિનઔપચારિક રોજગારોમાં વધારે પ્રમાણમાં મહિલાઓ છે અને સંગઠિત વિભાગોમાં તેમની પહોંચ મર્યાદિત છે. સામાન્ય રીતે મહિલાઓને મોટે ભાગે કામના સ્થળે બાળકોની સંભાળ લેવાની સેવા ઉપલબ્ધ ન હોવાને લીધે ઘણી કઠીનાઈઓનો સામનો કરવો પડે છે. તેઓને ધિરાણ, જમીન, ખેતી વિશેની યોજનાઓ વગેરે મેળવવાની ક્ષમતા ઘણી ઓછી હોય છે કારણ કે તેઓ જમીન ધરાવતી નથી હોતી, જે આવી યોજના સુધી પહોંચવાની પૂર્વશરત છે. મહિલાઓ રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના જેવી યોજનાઓમાં નામ નોંધાવી શકે તથા રોજગાર મેળવી શકે, સમાન કાર્ય માટે સમાન મહેનતાણું મેળવે, મહિલાઓ રોજગારમાં ચાલુ રહી શકે તે માટે બાળ સંભાળની તથા જાજરૂની વ્યવસ્થા ઊભી કરાય, હાંસીયામાં ધકેલાયેલી મહિલાઓ અને ખાસ તો એકલી સ્ત્રી ધિરાણ મેળવી શકે, મહિલાઓ સામાન્ય મિલકત મેળવી શકે તથા સંયુક્ત સાહસો માટે ટેકો મેળવી શકે તેવી ખાતરી સ્થાનિક સ્તરે ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાખી શકે છે.

જેન્ડર આયોજન અને જાતિ સંવેદનશીલ યોજનાઓ તથા આયોજનોનાં અમલીકરણમાં મહત્ત્વનું પાસું છે, પુષ્કળ સંસાધનોની ફાળવણી, કાર્યક્રમો તથા નીતિઓને ક્રિયામાં બદલવા માટે અંદાજપત્ર એ સૌથી મહત્ત્વનું સાધન છે. લોકોની જરૂરિયાતો અલગ અલગ હોય છે અને સરકારી અંદાજપત્રમાં અગ્રતાક્રમ સમાયેલ હોવા છતાં એક આદર્શ અંદાજપત્રનું ધ્યાન છેવાડાના લોકો માટે પુરું પાડવા પર કેન્દ્રિત ન હોવું જોઈએ. જો કે અંદાજપત્ર અને તેનો ઉપયોગ આજના દિવસ સુધી જાતિ અસમાનતા ઉપરની અસરના સંદર્ભમાં ચકાસાયા નથી.

જાતિ આધારિત અંદાજપત્ર આંતરરાષ્ટ્રીય સ્તરે અને ભારતમાં પણ પાછલા દાયકામાં લાગુ કરાયું છે. તેનું વધારે ધ્યાન મહિલાઓ તથા કન્યાઓની જરૂરિયાત તરફ છે. કારણ સામાન્ય રીતે દરેક મોરચે તેઓ ખોટમાં હોય છે. જેન્ડર અંદાજપત્રનું બીજું ધ્યાન એવી સ્ત્રીઓ તથા છોકરીઓ પર છે જે સૌથી વધારે અસહાય છે - જેમ કે ગરીબ, અનુસૂચિત જાતિની, આદીવાસી, ગ્રામીણ મહિલાઓ, એકલી સ્ત્રીઓ, અપંગ મહિલાઓ વગેરે.

એ સમજવું જરૂરી છે કે જેન્ડર અંદાજપત્રનો અર્થ એવો નથી કે મહિલાઓ માટેનું અલગ અંદાજપત્ર હોય, કે એવો પણ નથી કે મહિલાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે તેનો ખ્યાલ આવે. જેન્ડર અંદાજપત્રો દરેક નીતિમાં અને બધી સરકારી એજન્સીઓના અંદાજપત્રમાં અને પુરુષો તથા મહિલાઓની જુદી જુદી જરૂરિયાતો ઉપર આધારિત ફાળવણીની ખાતરી કરવાનો માર્ગ છે. શિક્ષણમાંથી એક દાખલો લઈએ તો કેટલાંક રાજ્યોએ અત્યારનું જાતિ અંતર ઘટાડવા માટે કન્યાઓ માટે મફત શિક્ષણ યોજના દાખલ કરી છે. તેવી જ રીતે ગર્ભવતી મહિલાઓના આરોગ્યનાં રક્ષણ માટે, આપાતકાલીન પરિસ્થિતિમાં મહિલાઓને લઈ જઈને સલામત સંસ્થામાં સુવાવડ થાય તેની ખાતરી માટેની યોજના પણ લાગુ કરવામાં આવી છે. આપત્તિમાં હોય તથા અત્યાચારનો સામનો કરતી હોય તેવી મહિલાઓ માટે આધાર કેન્દ્રોની સ્થાપના એ જાતિ અંદાજપત્રનું વધુ એક ઉદાહરણ છે.

કર્ણાટકમાં ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓએ મહિલા જુથોને લક્ષ્યાંકમાં રાખીને સુચિત કરાયેલ કાપને જેન્ડર અંદાજપત્રનો ઉપયોગ કરીને અટકાવ્યું. ઉલટાનું 56 ટકા વધારો લઈને તેઓએ પુરું કર્યું તથા ભવિષ્યમાં જનતા વધુ પારદર્શક માહિતી મેળવી શકે તે માટે તરફદારી શરૂ કરી છે.

નીતિ અંદાજપત્ર માટે બિનએકંદર જેન્ડર 'ડેટા' ભેગા કરવા તે પ્રથમ અને સૌથી અગત્યનાં જરૂરિયાત છે કારણ કે તે નીચેની રીતે મદદરૂપ થશે.

**અ. મહિલાઓ તથા પુરુષો, કન્યાઓ તથા છોકરાઓની પરિસ્થિતિનું વર્ણન**

- નબળા છોકરા - છોકરીઓની સંખ્યા
- રોગ પ્રતિકારક થયેલ છોકરા - છોકરીની સંખ્યા
- પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણમાં નોંધાયેલ છોકરા-છોકરીની સંખ્યા
- પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણમાં છોકરા - છોકરીઓની હાજરી

**બ. કાર્યક્રમો તથા પ્રકલ્પો સુધી કેટલા સ્ત્રી - પુરુષો પહોંચી શકે છે તે જાણવું**

- પ્રાથમિક આરોગ્ય સેવા મેળવી શકતાં સ્ત્રી - પુરુષોની સંખ્યા
- શાળા આરોગ્ય કાર્યક્રમો અથવા મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ નીચે આવરાયેલ બાળકો અને બાળકીઓ
- સ્વાસ્થ્ય વીમા નીચે આવરાયેલ સ્ત્રી - પુરુષોની સંખ્યા

કેટલાક કિસ્સાઓમાં મહિલાઓ તથા પુરુષો જેમને ખરેખર ચોક્કસ પ્રકારની સેવા/સારવારની જરૂર હોય અને તેની સરખામણીએ જે ખરેખર તેવી સેવા મેળવતા હોય તેવા 'ડેટા' એકઠા કરવા મહત્ત્વના છે અને યોગ્ય પગલાંમાં મદદ માટે તેનું વિશ્લેષણ થવું જરૂરી છે. આ અંતર કદાચ વલણના કારણે હોય જેની અસર ચોક્કસ કાર્યક્રમના ઉપયોગ પર પડે.

**ક. નીતિ અને કાર્યક્રમોની અસર ચકાસણી**

- મુખ્ય અને નજીવા કાર્યબળમાં મહિલાઓ તથા પુરુષોની સંખ્યા
- સમાન કાર્ય માટે સ્ત્રી અને પુરુષઓને મળતું વેતન
- ચોક્કસ ક્ષેત્રમાં સ્ત્રી અને પુરુષોને મળતી સબસીડી
- કાર્યના સ્થળે પુરુષો અને મહિલાઓ માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા

**ડ. માત્ર એક જ જાતિને અસરકર્તા પ્રશ્નો સમજવા.**

- દા. ત. માતાના મૃત્યુદર અથવા મહિલાઓ સામે અત્યાચાર ના 'ડેટા'

સમાનતા તથા નક્કર માર્ગે મહિલા સશક્તિકરણને આગળ વધારવાની સત્તા તથા જવાબદારી ચૂટાંયેલા પ્રતિનિધિઓની છે. આને માટે પિતૃસત્તાત્મક બળ જે દરેક સ્તરે જાતિ અસમાનતાને પ્રોત્સાહન આપે છે તેના વિશે સમજણ વિકસાવવાની, જાતિ પ્રશ્નો વિશે સંવેદનશીલતા અને તેને સ્થાનિક શરૂઆત યોજના તથા અંદાજપત્રમાં સાંકળી લેવાની જરૂર છે. આને માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓની જાતિ અને તેની પુરષો તથા મહિલાઓના જીવન પર પડતી અસરો વિશે ક્ષમતા ઘડવી જરૂરી છે. ગ્રામસભા, મહિલા ગ્રામસભા, આયોજન કમિટિ વગેરેનો જાતિ સમાનતા આગળ વધારવામાં ઉપયોગ; મહિલા સશક્તિકરણને આગળ વધારવા માટે તેમના વડે લેવાયેલાં પગલાંનો કેવી રીતે ઉપયોગ થાય તે જાણવું. આવાં પગલાં સત્તા સંબંધોમાં ફેરફાર કરે છે અને તેથી તકરાર ઊભી થાય છે. જો બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓના આ મોરચેં કરાયેલા પ્રયત્નોને ભેગા કરવામાં આવે તો તે આવા ફેરફારો સાથે કામ પાડવાની યુક્તિ તથા બળ તેમને પૂરાં પાડી શકે. જે મહિલા સશક્તિકરણમાં પરિણમી શકે.

**સંદર્ભોઃ** બાટલીવાલા , એસ . (1994): વિમેન્સ એમ્પાવરમેન્ટ ઈન સાઉથ એશીયા - કન્સેપ્ટ એન્ડ પ્રેક્ટીસીઝ, FAO (FFHC/AD) અને ASPBA, ન્યુ દિલ્લી)

- ઈવેલ્યુએશન ઑર્ગેનાઈઝેશન, ડીપાર્ટમેન્ટ ઑફ પ્લાનિંગ, ગવર્મેન્ટ ઑફ રાજસ્થાન (2006) જેન્ડર રીસ્પોન્સીવ બજેટીંગ ફોર ધ ડીપાર્ટમેન્ટ ઑફ હેલ્થ, રાજસ્થાન.
- હીર્વે, આઈ અને મહાદેવીયા, ડી. (2004) ગુજરાત હ્યુમન ડેવલપમેન્ટ રીપોર્ટ, મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ.
- મિનીસ્ટ્રી ઑફ વિમેન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ (2007): જેન્ડર બજેટીંગ હેન્ડબુક ફૉર ગવર્મેન્ટ ઑફ ઈન્ડીયા મિનીસ્ટ્રી એન્ડ ડીપાર્ટમેન્ટ, GOI નવી દિલ્હી.
- સખી વિમેન્સ રીસોર્સ સેન્ટર. (2006): જેન્ડર પ્લાનીંગ, બજેટીંગ એન્ડ ઓડીટીંગ મેન્યુઅલ (ડ્રાફ્ટ), ડિપાર્ટમેન્ટ ઑફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ, ગવર્મેન્ટ ઑફ કેરાલા.
- સેન એ. (2009): મેની ફેસીસ ઑફ જેન્ડર ઈનઈક્વાલીટી, કવર સ્ટોરી, વોલ્યુમ 18 - ઈસ્યુ 22, ઑક્ટો: 27 નવે. 09, ફ્રન્ટલાઈન, ચેન્નાઈ.
- શેટ્ટી એસ. (અનડેટેડ ): ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઈન એસેસીંગ એમ્પાવરમેન્ટ ઑકેઝનલ પેપર, સીરીઝ નં. 3, સોસાયટી ફોર પાર્ટીસીપેટરી રીસર્ચ ઈન એશિયા, ન્યુ દિલ્હી.
- ઉન્નતિ ઑર્ગેનાઈઝેશન ફૉર ડેવલપમેન્ટ એજ્યુકેશન (2009) જેન્ડર અવેરનેશ એન્ડ સેન્સીટીવીટી એપ્લીકેશન્સ, ટ્રેઈનીંગ રીસોર્સ, અમદાવાદ.
- ઉન્નતિ ઑર્ગેનાઈઝેશન ફૉર ડેવલપમેન્ટ એજ્યુકેશન (2006) યુનાઈટેડ વી સ્ટેન્ડ, અમદાવાદ.
- વીલીયમ્સ, સુઝાન સીદ, જેનેટ, મ્વાઉ, એડેલીના (2002): ધી ઓક્ષ્ફામ જેન્ડર ટ્રેઈનીંગ મેન્યુઅલ, માયાપબ્લીશર્સ પ્રા. લી. નવી દિલ્હી.

# 15. સામાજિક ન્યાય



સામાજિક ન્યાયની વ્યાખ્યા કરવી એ સામાન્ય રીતે અઘરું છે. તેનું સાર એ છે કે સામાજિક ન્યાયની નિસ્બત એવા નબળા લોકોને પાયાના નાગરિક અધિકારોની ખાતરી તથા રક્ષણ આપવા સાથે છે, જેમનાં હક્કોનું સ્થાપિત હિતો તથા વર્ચસ્વ ધરાવતાં જૂથો વડે ઉલ્લંઘન થાય છે. તે કાયદાની અદાલતમાં ન્યાય કરવાની પ્રક્રિયા વિશે નથી, પરંતુ સામાજિક વર્તણુક, જે લોકોના સમાન અધિકાર તથા તકોની માંગણી વિશે છે; સામાજમાં હાંસિયામાં રહેલા સૌથી ગરીબથી લઈને સૌથી ધનિક, બધા જ ભેદભાવ રહિત ગૌરવભર્યું જીવન તથા સમાન તકોના હક્કદાર છે. અન્યાય ત્યારે બને છે, જ્યારે એક અથવા વધુ લોકો કોઈ બીજા લોકોના અધિકારો રદબાતલ કરે છે અને/અથવા તેમાં ઘટાડો કરે છે. સ્વાભાવિક અધિકારોનો કાયદો એ છે જે બધા લોકોના હોય છે. સામાજિક ન્યાય એક ક્રાંતિકારી ખ્યાલ છે, જે જીવનને અર્થ તથા મહત્ત્વ આપે છે અને કાયદાને ગતિશીલ બનાવે છે. જ્યારે સમાજને સામાજિક-આર્થિક અસમાનતાના પડકારોનો સામનો કરવાની જરૂર પડે છે, ત્યારે લોકનિયંત્રિત સંચાલન પદ્ધતિ કોઈ હાનિ પહોંચાડ્યા વિના સામાજિક ન્યાયને રક્ષવા માટે કાયદો ઘડે છે.

સામાજિક ન્યાય સંજ્ઞા સર્વપ્રથમ 1840માં એક સિસિલીની પાદરી, લુઈગી ટાપારેલી ડી'અજેગલીએ વડે વપરાયો તથા એન્ટોનિયો રોશમિની શેરબાતી વડે લા કૉન્સ્ટીટ્યુશન સિવીલ સેકન્ડ લા ગ્યુસજિયામાં

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

1848માં તેને પ્રખ્યાતિ અપાઈ. સામાજિક શબ્દ સામાજિક ન્યાયને ન્યાય - જે કાયદો-રાજ્ય-સંચાલિત પદ્ધતિ તરીકે લાગુ કરાય છે, જે ચોક્કસ વર્તણૂંકને અસ્વિકાર્ય ગણાવે છે તથા નિયંત્રણના ઔપચારિક તંત્રનો અમલ કરાવે છે- તેનાથી જુદો પાડે છે. સામાજિક ન્યાયમાં સામાજિક સત્તા માળખાંને નબળા તથા નિર્બળની તરફેણમાં ફેરવાય તેવાં પરિણામો પેદા કરવાની શક્તિ છે. સામાજિક ન્યાય એક સમાજના તેના પુરસ્કાર તથા બોજની વેંચણીના એકંદર પ્રમાણિક વ્યવહાર માટે પણ વપરાય છે. આમ હોવાથી, આ વાક્યખંડ ફેર વહેંચણીના મુદ્દા સાથે રાજકીય પક્ષો વડે અપનાવાયો છે. સામાજિક ન્યાય દરેક સંસ્કૃતિમાં પ્રવર્તતી નૈતિક સંહિતામાંથી તેના અધિકાર મેળવે છે.

પરંતુ ન્યાયી અને નિષ્પક્ષ શબ્દનો અર્થ શું અને સમાનતાની વ્યાખ્યા શું? સમાજ એક ન્યાયી તથા નિષ્પક્ષ જગ્યા છે તેની ખાતરી કરવા કોણ જવાબદાર હોવું જોઈએ? સામાજિક ન્યાયને લગતી નિતિઓનો તમે કેવી રીતે અમલ કરો છો? વારાફરતી, શું તમારે સમાજમાં ન્યાય માટે કાયદો ઘડવો જોઈએ, કે માત્ર સમાજના સભ્યોના નૈતિક પરિમાણ ઉપર નિર્ભર થવું જોઈએ?

**ભારતમાં ભેદભાવ, હાંશીયામા ધકેલવું, અત્યાચાર તથા બહિષ્કૃતિના મુદ્દાઓ**

સામાજિક બહિષ્કૃતિ એ વૈશ્વિક ઘટના છે, જે ઘણા સમય તથા સ્થળ પર પ્રવર્તે છે. જો કે, ભારતમાં સામાજિક બહિકૃતિ પ્રબળ રીતે જાતિ આધારિત ભેદભાવ સમજવા માટે વપરાય છે. ભારતીય ઉપખંડમાં નીતિ એ સામાજિક બહિષ્કૃતિનો અજોડ નિર્ણાયક છે. દલિતો વડે જુદા જુદા ક્ષેત્રોમાં સામાજિક બહિષ્કૃતિનાં વિવિધ રૂપોનો અનુભવ કરાય છે. ઐતિહાસિક રીતે, દલિતોને શિક્ષણ, મિલકતો ધરાવવાના અધિકારો તથા પોતાનાં રક્ષણ માટે શસ્ત્રો ધરાવવાના અધિકારથી વંચિત રખાયા હતા. આચાર સંહિતા, કે જે તેમને આવા અધિકારોથી વંચિત રાખે છે - મનુસ્મૃતિ - 3000 વર્ષ પહેલાં લખાઈ હતી. દલિતોએ સામાજિક, આર્થિક તથા રાજકીય વર્તુળમાં સામાજિક બહિષ્કૃતિની માનસિક યાતનાનો અનુભવ કર્યો છે. એવા બનાવો છે, જ્યાં દલિતોને સામૂહિક કુવામાંથી પાણી ખેંચવાની છૂટ નથી. ખાવાની દુકાન પર તેમને અલગ વાસણમાં પીરસાય છે, તેમને મંદિરોમાં પ્રવેશવાની છૂટ નથી, તથા શાળા વર્ગમાં દલિત બાળકોને પાછળ બેસાડવામાં આવે છે. ગ્રામિણ વિસ્તારોમાં પરિસ્થિતિ વધારે ખરાબ છે. ભારતનું બંધારણ દલિતોને કેટલાક વિશિષ્ટ લાભો આપે છે, જેમાં શિક્ષણ તથા સરકારી નોકરીઓમાં અનામત તથા જાતિ આધારિત ભેદભાવથી રક્ષણનો સમાવેશ થાય છે. જો કે, વર્ચસ્વ ધરાવતી જ્ઞાતિઓ લાયકાતનાં ધોરણો તથા ગેરઉપયોગની દલીલો રજૂ કરીને આ કાયદાઓને પાછો ખેંચવાની માંગણી કરે છે.

આવી સગવડો તથા માની લીધેલા ગેરઉપયોગો છતાં દલિતો ઉચ્ચ વર્ગના લોકો વડે પોતાની જ્ઞાતિનું પ્રાધાન્ય ટકાવી રાખવા તથા પોતાની સત્તાનાં પ્રદર્શન માટે, અત્યાચાર તથા સામાજિક બહિષ્કૃતિનો ભોગ બને છે. દલિતો સામે બળપ્રયોગની વધતી ઘટનાઓ પણ તેમની જાગરૂકતા તથા પ્રતિપાદન શક્તિનું સ્તર વધવા સાથે સંબંધિત છે. માટે, સામાજિક બહિષ્કાર એ સમાજ વડે અપાતી સેવાઓ તથા વસ્તુઓ સુધી પહોંચવાના અભાવ સાથે સંબંધિત છે. સામાજિક તથા ધાર્મિક જૂથો ચોક્કસ સામાજિક તથા ધાર્મિક ક્રિયાઓ સંબંધિત તકો, સેવાઓ તથા સ્ત્રોતો સુધી પહોંચવા દેવાનો ઈન્કાર કરીને સામાજિક બહિષ્કૃતિને વધુ પડતું મહત્ત્વ આપતા જણાય છે. જ્ઞાતિ આધારિત બહિષ્કૃતિ, શિક્ષણ, આરોગ્ય સંભાળ તથા રોજગાર જેવા સ્ત્રોતો સુધી પહોંચવાના અતિરેક માટેની વિવિધ તકો દ્વારા ટપકે

છે. સામાજિક બહિષ્કાર પ્રાથમિક રીતે ત્રણ પ્રકાર ધારણ કરે છે - સંપૂર્ણ બહિષ્કાર, આંશિક બહિષ્કાર તથા અસંમતિ સૂચક બહિષ્કાર, સંપૂર્ણ બહિષ્કાર અથવા સેવાઓ તથા સ્ત્રોતોના પ્રવેશમાર્ગોની સંપૂર્ણ નામંજૂરીના કિસ્સામાં લોકોને ગમે તે કારણ હોય, કેટલીક સેવાઓ તથા સ્રોતો સુધી પહોંચવામાંથી સંપૂર્ણ રીતે બાતલ કરી દેવાય છે. ઘણી વખત કેટલાક લોકો અમુક સેવાઓ સુધી પહોંચી શકે છે અને બીજી સુધી નહીં. સેવાઓ અપાતી હોય તે જગ્યાએ અગ્રતાક્રમ તથા નિકટતાની બાબતમાં સેવા પૂરી પાડનારાઓ તથા સહવપરાશકર્તાઓ વડે ભેદભાવ થાય છે. આ સેવાઓ તથા સ્રોતો સુધી પહોંચવાનો આંશિક ઇન્કાર છે. આ ત્રણ રીતે સ્પષ્ટ છે.

- સેવાઓ પૂરી પાડનાર/સ્રોતોના માલિકો વડે ભેદભાવભર્યું વર્તન.
- સેવાઓ તથા સ્રોતોના સહવપરાશકર્તાઓ વડે ભેદભાવભર્યું વર્તન.
- ચોક્કસ સેવાઓ/સ્રોતો મેળવવાની જગ્યાએ ભેદભાવભર્યું વર્તન.

ભેદભાવ એટલે માત્ર જ્ઞાતિ, વર્ગ, જાતિ જેવાં પાસાંઓ પર આધારિત ગણતરી મુજબ એક ચોક્કસ જૂથની વ્યક્તિની તરફેણમાં અથવા વિરુદ્ધમાં ફાળવાતું વર્તન. ભેદભાવ એ બીજાં જૂથ તરફનું વાસ્તવિક વર્તન છે. તેમાં એક જૂથના સભ્યોને ઉપલબ્ધ તકોથી બીજાં જૂથના સભ્યોને દૂર રાખવાનો અથવા અટકાવવાનો સમાવેશ થાય છે. (1) યુનાઇટેડ નેશન કહે છે, ભેદભાવભરી વર્તણૂંકના ઘણા પ્રકાર હોય છે, પરંતુ તે બધામાં બહિષ્કૃતિ અથવા રદબાતલ કરવાનું તત્ત્વ હોય છે.

યુનિસેફ તથા હ્યુમન રાઈટ્સ વોચ મુજબ, જ્ઞાતિના ભેદભાવ સમગ્ર વિશ્વમાં લગભગ 250 મિલિયન લોકોને અસર કરે છે. હાલમાં, ભારતમાં 160 કરોડ જેટલા દલિતો છે. 2005 ના આંકડાઓ મુજબ દલિતો અલગતામાં જીવે છે તથા બળ પ્રયોગ, ખૂન, બળાત્કાર તથા બીજા અત્યાચારોનો અનુભવ કરે છે, જેનો આંક એક વર્ષમાં 110,000 કિસ્સાઓનો નોંધાયો છે. ભારતમાં આશરે 50 કરોડ લોકો, જેમાંના મોટાભાગના દલિતો છે, બંધક શ્રમિકો છે, તેમાંના ઘણાં પેઢીઓ અગાઉ વહોરેલાં દેવાંઓ ચૂકવવા માટે કામ કરે છે. ભારત સરકારના આંકડા મુજબ આશરે 1 કરોડ દિલતો અથવા અસ્પૃશ્યો સફાઈ કામદારો છે, જે પાયખાનાં તથા ગટર હાથેથી સાફ કરે છે, તથા મરેલાં પ્રાણીઓને ઉપાડી જાય છે. મોટાભાગનાં સફાઈ કામદારો શ્વસનતંત્રને લગતી બિમારીથી પિડાય છે, 23 % ટ્રોકોમાંથી પિડાય છે, જે અંધાપા તરફ દોરી જાય છે. જેમણે પોતાના હક્કો તથા અધિકારો માગવાની હિંમત કરી તેમને, તથા માત્ર બીજા નાગરિકો કરે તે રીતે લગ્ન અથવા બીજા તહેવારો ઉજવાની ઇચ્છા દર્શાવી તેમને પણ નીચું જોવડાવવા ટોળાં વડે દલિત સ્ત્રીઓને નગ્ન કરીને જાહેરમાં ફેરવવામાં આવી છે. ભલે આધુનિક જમાનાના દલિતો વિરુદ્ધના અત્યાચારો તથા બળ પ્રયોગો આઘાતજનક તો છે જ, પરંતુ તેઓ વધારે ખરાબ સમયમાંથી પસાર થઈ ચૂક્યાં છે, તેમ વર્ણતા કાયદાઓ દ્વારા દર્શાવાયું છે. જે દલિતો વિરુદ્ધ મર્યાદાભંગ કરતા બળપ્રયોગની પ્રણાલી વિશે ઉંડું જ્ઞાન આપે છે.

**ઘટના**

નાગપુર પાસે ખૈજરીયા નામનું ઇંટોનાં ઝૂંપડાં તથા સિમેન્ટનાં ઘરોનું બનેલું સમાન્ય ગામ છે. 200 કરતાં ઓછા કુટુંબો અહીં રહે છે. સપાટ ખેતરો વચ્ચે ગંદા રસ્તાઓ ચાલ્યા જાય છે. 29 સપ્ટેમ્બર, 2006ના દિવસે, નજરે જોનાર સાક્ષીઓ મુજબ એક ઉપલા વર્ગનાં ટોળાંએ એક મા અને તેની 17

વર્ષની પુત્રીને નગ્ન કરીને ફેરવ્યાં, બળાત્કાર કર્યો તથા મારી નાખ્યાં, તે અગાઉ પણ આ ગામમાં હંમેશાં સોપો પડેલો રહેતો. એ કુટુંબના બીજા બે સભ્યો, 19 અને 21 વર્ષના ભાઈઓનું પણ ખૂન કરાયું. તેમનાં શરીરો એક નહેરમાં ડૂબાડી દેવાયાં. 38 પુરુષોની ધરપકડ કરાઈ છે અને તેમને પોલિસ કબજા હેઠળ રાખવામાં આવ્યા છે. આ જુગુપ્સાજનક ઘટના મુંબઈથી 780 કિ.મી. દૂર બની. આમ શા માટે બન્યું, તે એક રહસ્ય છે, જેને તમે કોની સાથે વાત કરો છો, તેના આધારે ઉકેલી શકાય છે. કેટલાક કહે છે કે એક સિદ્ધાર્થ ગાજભીયે નામના પલિસ પાટીલને 45 વર્ષની સુરેખા જે ભૈયાલાલ ભોટમાંગેની પત્ની છે તથા ત્રણ સંતાનોની માતા છે-ની સાથે સંબંધ હતો. દેખીતી રીતે, તેણે ગામવાસીઓને વલોવી નાખ્યાં અને ઘટનાઓની હારમાળા પછી, તેમણે આ ઉગ્ર પગલું લીધું. બીજા કહે છે કે દલિત જમીનદાર કુટુંબ ભોટમાંગે તે ઉચ્ચ વર્ગ સાથે જમીનના વિખવાદ બાબત લડાઈ ચાલતી હતી. રસ્તો બાંધવા માટે અગાઉ બે એકર જમીન લેવાઈ ગઈ હતી અને 1996માં તેઓ પાસે 5 એકર જમીન હતી. જ્યારે ફરી રસ્તો બાંધવા માટે તેમની પાસે જમીન માંગવામા આવી, ત્યારે તેમણે વાંધો ઉઠાવ્યો, આ અવજ્ઞાને કારણે થયેલો તણાવ, તેમનાં સંહારમાં પરિણમ્યો. જે પણ કારણ હોય તે 29 સપ્ટેમ્બર, 2006ની સાંજે જે બન્યું તેના વિશે ઝાઝી શંકા નથી. ટોળાંએ ઘરનું ખખડી ગયેલું બારણું, જે ચૂનાના જોડાણ વગરની છૂટ્ટી ઇંટોના ઢગલા સિવાય કંઈ ન હતું, તે તોડી નાખ્યું. ટોળું સાયકલની ચેઈન, કુહાડીઓ તથા બળદગાડાંના સળિયાથી સજ્જ હતું. સુરેખા તથા 12માં ધોરણમાં અગ્રક્રમ ધરાવતી 17 વર્ષની પ્રિયંકાને ગામ વચ્ચેથી નગ્ન પરેડ કરાવી. નજરે જોનાર સાક્ષીઓ મુજબ તેમાંની એકને બળદ ગાડાં સાથે બંધવામાં પણ આવી હતી.

**દલિતો અને સામાજિક અન્યાય**

હિન્દુ માન્યતા અનુસાર ભારતની વર્ણ પદ્ધતિ વ્યક્તિઓને ચોક્કસ ઉચ્ચ પદ પર નિમે છે. લાક્ષણિક રીતે, ચાર મુખ્ય વર્ણ છે (જે ઘણી ઉપશ્રેણીઓમાં વિભાજીત છે) - બ્રાહ્મણો (શિક્ષકો, વિદ્વાનો તથા પૂજારીઓ), ક્ષત્રિઓ (રાજાઓ તથા યોદ્ધાઓ), વૈશ્ય (ખેડૂતો તથા વ્યાપારીઓ) અને શુદ્રો (કારીગરો, સેવા આપનારાઓ, શ્રમિકો). ભારતીય સમાજના નીચલા સ્તરના સભ્યો હોવાને કારણે, દલિતો લગભગ બધાં ક્ષેત્રોમાં - શિક્ષણ તથા તબીબી સગવડો મેળવવાથી લઈને તેઓ ક્યાં રહી શકે અને કેવી નોકરી કરી શકે ત્યાં સુધી - ભેદભાવનો સામનો કરે છે. અસર પામનાર લોકોની સંખ્યાને કારણે દલિતો વિરુદ્ધનો ભેદભાવ ખાસ સૂચક છે. ભારતમાં આશરે 167 કરોડ દલિતો છે, જે કુલ વસતિનો 16 ટકા ઉપર છે.

દલિતોનાં કાર્યબળમાંથી આશરે 3/4 અર્થતંત્રના ખેતી ક્ષેત્રમાં છે. દેશના 40 કરોડ લોકો, જેઓ બંધક શ્રમિકો છે, તેમાંના મોટા ભાગના દલિતો છે. આ કામ દલિતોને તેમનાં કુટુંબોનાં ભરણપોષણ માટે અથવા બાળકોને શાળાએ મોકલવા માટે ભાગ્યે જ પૂરતી આવક આપે છે. પરિણામે ઘણાં દલિતો દરિદ્ર, અશિક્ષિત તથા નિરક્ષર છે.

દલિતો દબાયેલા, સાંસ્કૃતિક રીતે અંકુશિત તથા રાજકીય રીતે હાંસિયામાં ધકેલાયેલા છે. અસ્પૃશ્યતા અને પવિત્રતા અને અપવિત્રતા  ના વડાઓ નક્કી કરે છે કે દલિતો શું છે અને તેમને શું કરવાની છૂટ નથી; તેઓ કોને પાણી આપી શકે, સાથે ખાઈ શકે અથવા પરણી શકે અને કોની સાથે નહીં વગેરે બાબતો રોજિંદા જીવનના બધાં જ પાસાઓની ઝીણી ઝીણી વિગતો સુધી લંબાય છે.

**ગુજરાતમાં દલિતો**

પંજાબ, હિમાચલ પ્રદેશ અથવા પશ્ચિમ બંગાળ, જ્યાં વસતીના 20 % થી પણ વધુ ભાગ દલિતો ઘડે છે, તેની સરખામણીમાં ગુજરાતમાં દલિતોનું પ્રમાણ (7.1 %) ઘણું ઓછું છે. 2001ની વસતી ગણતરી મુજબ ગુજરાતમાં લગભગ 3.6 કરોડ સભ્યો પછાત જાતિના છે, જે રાજ્યની કુલ વસતીના 7.1 % નું પ્રતિનિધિત્વ કરે છે. જો કે આ પ્રમાણમાં નીચો આંકડો તેમની કંગાળ પરિસ્થિતિનો ઉલટો સૂચક છે. ગુજરાતના દલિતોમાંથી 80 ટકાથી પણ વધુ રોજ મજૂરો છે, જેમાંથી મોટાભાગના ખેતીના ક્ષેત્રોમાં છે. SCની વસતીનાં અડધા ભાગ જમીન વિહોણા છે અથવા એક એકરથી પણ ઓછી જમીન ધરાવે છે. જે તેમને વર્ચસ્વ ધરાવતા વર્ણનાં જૂથો નીચે કામ કરવા મજબૂર કરે છે. ગુજરાત સરકારે પછાત જાતિના લોકોને ઉપર લાવવા માટે તૈયાર કરાયેલ ચોક્કસ યોજનાઓ/નીતિઓનો અમલ કર્યો છે. સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી છે અનામત પદ્ધતિ. જેમાં સરકારની ચોક્કસ બેઠકો માત્ર દલિતો માટે અલગ રાખવામાં આવે છે. ગુજરાતમાં સરકારી તથા શિક્ષણ વિભાગની 7 % બેઠકો (રાષ્ટ્રીય સ્તરે અલગ રખાયેલ 14 % ને બદલે) દલિતો માટે અનામત છે. લોકસભાના 26 સભ્યોમાંથી બે સંસદ સભ્યો અને ધારાસભાના 182 સભ્યોમાંથી 13 બેઠકો પર હાલમાં અનુસૂચિત જાતિના સભ્યો છે. આખા રાજ્યમાં જિલ્લા, બ્લોક તથા ગ્રામ સ્તરની જગ્યાએ પણ અનામત પદ્ધતિ સ્થાપિત છે. દલિત સમાજના વિકાસ માટે ખાસ બોર્ડ તથા કમિટિઓ પણ બનાવાઈ છે. ગુજરાત પંચાયતીરાજ ધારામાં વિકાસના કાર્યક્રમોનાં અમલીકરણમાં સામાજિક ન્યાય તથા કાયદાકીય ન્યાયની ખાતરી માટે સામાજિક ન્યાય સમિતિની જોગવાઈ છે.

અનામત દ્વારા ઉપર લાવવાના આ વચન સાથે પણ, આખા ગુજરાતમાં દલિતો સામે ભેદભાવ ચાલુ રહ્યાં છે. દલિતો સામે અત્યાચારના ઘણાં કિસ્સાઓ તથા અસ્પૃશ્યતાની ઘટના બનવાનું ચાલુ છે. 1998માં બધાં ભારતીય રાજ્યોમાં પછાત જાતિ સામે થયેલા ગુનાઓની સંખ્યામાં દર એક લાખની વસતીએ 62 કિસ્સા સાથે ગુજરાત ઉપરથી બીજા ક્રમે હતું. જ્યારે આટલું ઉંચું છે, એ નોંધવું પણ અગત્યનું છે કે અન્ડર રિપોર્ટિંગ બહું સામાન્ય છે. આમ આ સંખ્યા કેટલી હદે અત્યાચાર થાય છે, તે છૂપાવે છે. એક બિનસરકારી સંગઠન નવસર્જન વડે કરાયેલ તાજા અભ્યાસમાં દર્શાવાયું છે કે ગુજરાતના ચાર જિલ્લામાં બનેલા અત્યાચારના બધા કિસ્સાઓમાંથી 36.6 % કિસ્સાઓ અત્યાચાર ધારા હેઠળ નોંધાયા છે, તે પણ જ્યાં આ ધારો લાગુ પડતો હતો ત્યાં જ, બાકીના 84.4 % ખોટાં પ્રોવિઝન હેઠળ નોંધાયા છે. આમ કિસ્સાઓમાં હિંસાની તીવ્રતા છૂપાવાઈ છે.

ઘણી વખત પોલિસ તથા કાયદા તંત્ર પણ અનુ. જાતિ, અનુ. જનજાતિ (અત્યાચાર અટકાવવાના) ધારા, 1989 હેઠળ ફાઈલ થયેલા કેસોની પ્રતિક્રિયા આપવામાં ઘણાં ધીમા હોય છે. ગુજરાતમાં 2000ની સાલમાં, ન્યાયાલયમાં 13,293 કેસ અનુ. જાતિ, અનુ. જનજાતિ ધારા 1989 હેઠળ નોંધાયા હતા, વર્ષના અંતે તે બધા જ ન્યાયાલયમાં અનિર્ણિત રહ્યાં, તેમાંનો એક પણ કેસ ગુનેગારને દોષિત ઠરાવીને અથવા નિર્દોષ જાહેર કરીને પૂરો થયો નહીં.

નોંધાયેલા કેસોમાં પોલિસની પ્રતિક્રિયાની રીતે ખૂનના કેસમાં કેસની નોંધણી અને પોલિસની ક્રિયા વચ્ચે સરેરાશ 121.2 કલાક ચાલ્યા ગયા. જ્યારે બળાત્કારના કિસ્સામાં આ અંતર 532.9 કલાક હતું. ગુજરાતમાં અસ્પૃશ્યતાનો વ્યવહાર પણ ઘણો સામાન્ય છે અને નીચેની રીતે બને છે -

1) ગ્રામ્ય પ્રદેશોમાં દલિતોને બાકીના સમાજ સાથે સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ, જેમાં મંદિરમાં પ્રવેશ, ગામની મુખ્ય જગ્યામાં બેસવું, ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવો અને ગામના પ્રસંગો દરમ્યાન બાકીના સમાજ સાથે જમવું વગેરેનો સમાવેશ છે, તેમાં ભાગ લેવાની મોટેભાગે છૂટ અપાતી નથી.
2) સમાજના બિનદલિતો વાપરે તેવી જ વસ્તુઓ વાપરવાની દલિતોને છૂટ હોતી નથી, તેમને બિનદલિતોનાં ઘર ભાડે રાખવાની અને તેમાં પ્રવેશવાની, એક જ કૂવાના ઉપયોગની, એક જ શાળામાંથી ખાવાની કે પાણી પીવાની છૂટ હોતી નથી.
3) શાળાઓમાં પણ મધ્યાહ્ન ભોજન દરમ્યાન તેમને બીજા વિદ્યાર્થીઓ કરતાં અલગ બેસવાની ફરજ પડાય છે અને માત્ર તેમને જ શાળાનાં પાયખાનાં સાફ કરવાનું કહેવાય છે.
4) શાળામાં આવા વર્ણઆધારિત ભેદભાવ હોવાને પરિણામે, બાકીના સમાજ કરતાં દલિતો ઓછા શિક્ષિત છે.
5) શિક્ષણનાં નીચાં સ્તરને લીધે, મોટાભાગના (78 %) દલિતો શ્રમિકો છે. તેમને ઉપર તરફ ખસવાની ઓછી તકો મળે છે અને તેઓ આર્થિક રીતે પછાત રહે છે.
6) ગામડાંમાં દલિતો વડે દુકાન ખોલવાના પ્રયત્નો મોટે ભાગે અસફળ રહ્યાં છે. અસ્પૃશ્યતાના વ્યવહારને કારણે, બાકીના ગ્રામિણો વસ્તુઓ ખરીદવા માટે તેમની દુકાને જતા નથી.
7) ગુજરાતમાં દલિતોને કેટલાંક ખૂબ/સૌથી ગંદા કામો કરવાની ફરજ પાડવામાં આવે છે. દાખલા તરીકે વાલ્મિકી ઉપજાતિની મહિલાઓ વડે હાથેથી ગટરો સાફ કરવાની ક્રિયા વિસ્તૃત રીતે લગભગ આખામાં અમલમાં છે.
8) સરકારની પાયાની સેવાઓ દલિતોનાં નાનાં ગામડાં સુધી પહોંચતી નથી. દલિતોની વસાહતો ગામના રસ્તાઓ, વડે જોડાયેલ હોતી નથી. આંગણવાડી કેન્દ્રો તથા પ્રાથમિક શાળાઓ દલિતોની વાસહતોમાં બાંધવામાં આવતી નથી.
9) જ્યારે દલિતો તેમનાં સામાજિક અધિકારો માટે ઉભા થવાનો પ્રયત્ન કરે, ત્યારે વર્ચસ્વ ધરાવતા વર્ગના સભ્યો મોટેભાગે તેમના ઉપર ઓચિંતો હુમલો કરે છે અથવા તેમનાં સામાજિક બહિષ્કાર કરાય છે.
10) સરકારના કર્મચારીઓની ભેદભાવભરી નીતિને કારણે અનુ. જાતિ/અનુ.જનજાતિ (અત્યાચારોને અટકાવવા) ધારો 1989નો યોગ્ય રીતે અમલ કરાતો નથી. (કેસો જ્યારે નોંધવા જોઈએ ત્યારે આ ધારા હેઠળ નોંધાતા નથી, અથવા સંબંધિત પ્રોવિઝન હેઠળ નોંધાતા નથી)
11) દલિતો મોટેભાગે જમીન વિહોણા હોય છે અને એવા કિસ્સાઓમાં, જ્યાં સરકાર દલિતોને જમીનની ફાળવણી કરે છે, ત્યાં મોટેભાગે તેઓને ગામની વર્ણ આધારિત ભેદભાવની રીતને કારણે, તે જમીન સુધી પહોંચવા દેવાતા નથી.

**મહિલાઓ અને અન્યાય**

ભારતીય સમાજની અંદર મહિલાઓ સાથે ભેદભાવ એક અતિ વિશાળ પ્રશ્ન તરીકે ચાલુ રહ્યો છે. પરંપરાગત (લાક્ષણિક) પુરુષપ્રધાન ધારાધોરણોએ મહિલાઓને ઘર તથા કાર્યસ્થળમાં બીજાં સ્થાન પર ઉતારી મૂકી છે. તે મહિલાઓનાં આરોગ્ય, નાણાકીય સ્થિતિ, શિક્ષણ તથા રાજકીય સંડોવણીમાં ભયાનક અસર કરે છે. મહિલાઓ સામાન્ય રીતે નાની વયે પરણી જાય છે, ઝડપથી માતા બની જાય છે અને પછી તેના પર સખત કૌટુંબિક તથા આર્થિક બોજ આવી પડે છે. પરંપરાગત રીતે જમવા માટે

તથા તબીબી સારવાર લેવા માટે ઘરના છેલ્લા સદસ્ય હોવાને કારણે તેઓ અવારનવાર કુપોષણનો ભોગ બની શકે છે. વધારામાં, પુરુષોના 76 ટકાની સરખામણીએ માત્ર 54 ટકા મહિલાઓ જ અક્ષરજ્ઞાન ધરાવે છે. મહિલાઓ સામે હિંસા તથા મહિલાઓના સામાજિક અધિકારો તથા સમાનતા વચ્ચે સકારાત્મક પારસ્પરિક સંબંધો છે.

જાતિ આધારિત બળપ્રયોગ ઘણાં પ્રકારે પ્રવર્તે છે - શારીરિક, જાતીય, માનસિક તથા આર્થિક. તે કુટુંબની અંદર રહીને થતા બળપ્રયોગના રૂપે જોઈ શકાય છે, જેવાં કે કૌટુંબિક બળપ્રયોગો, દામ્પત્યમાં બળાત્કાર, નુકસાનકર્તા પરંપરાગત રિવાજો તથા ઘરેલું હિંસા, તેમજ સમાજમાં જેવાં કે - જાતિય સતામણી અને કાર્યસ્થળે બળપ્રયોગ અથવા સરહદની પેલેપારના સંદર્ભો જેવા કે મહિલાઓ તથા કન્યાઓની લેવડ-દેવડ વગેરે. મહિલાઓ સામેના બળપ્રયોગો બીજા ઘણાં રૂપે પ્રવર્તતા હોવાથી આ તો માત્ર ઉદાહરણો છે.

કૌટુંબિક બળપ્રયોગ, જાતિય સતામણી એ સહિયારો તથા સામાજિક પ્રશ્ન હતો. રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય આકારણીએ 2002માં દર્શાવેલી આકારણીમાં 56 ટકા મહિલાઓએ કૌટુંબિક બળપ્રયોગ વાજબી ઠરાવ્યો છે. આ લાગણી અન્ડર રિપોર્ટીંગ તરફ દોરી જાય છે અને ફરિયાદ પક્ષ સાથે અસરકારક રીતે જોડાઈને કૌટુંબિક બળપ્રયોગ વિરુદ્ધની પ્રક્રિયાને મુશ્કેલ બનાવી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ્ બ્યુરો (NCRB) મુજબ દેશમાં 1998 થી 2001 સુધીમાં કૌટુંબિક બળપ્રયોગના 49,170 કિસ્સાઓ નોંધાયા હતા.

યુનાઈટેડ નેશન્સ પ્રેસના અહેવાલ મુજબ 2/3 પરિણિત ભારતીય મહિલાઓ કૌટુંબિક હિંસાનો ભોગ બને છે. 15થી 49 વર્ષની ઉંમર વચ્ચેની 70 ટકા ભારતીય પરિણિત મહિલાઓ બળાત્કાર, મારપીટ તથા સંભોગની ફરજ જેવી અધમ ઘટનાઓનો શિકાર સાબિત થઈ છે અને કૌટુંબિક બળપ્રયોગની દરેક ઘટના ભારત જેવાં દેશમાં એક મહિલા માટે કામના સાત દિવસો ગુમાવવા તરફ દોરી ગઈ છે.

### ભારતનું બંધારણ અને સામાજિક ન્યાય

ભારતનાં બંધારણે તેના બધા નાગરિકોને સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાય; વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને પૂજાની સ્વતંત્રતા; સ્થાન/સ્થિતિ તથા તકોમાં સમાનતા; તથા બધામા વ્યક્તિનાં ગૌરવ તથા રાષ્ટ્રની એકતાની ખાતરી આપતો ભાઈચારો આગળ વધારવાનું ગંભીરતાપૂર્વક વચન આપ્યું છે. બંધારણે સામાજિક-આર્થિક ન્યાય તથા વ્યક્તિ સ્વાતંત્ર્ય તથા મૂળભૂત અધિકારો જેવાં વિખવાદી દેખાતા દાવાઓમાં વ્યવસ્થાઓ મૂકીને સુમેળ સાધવાનો પ્રયત્ન કર્યો છે.

કલમ 19 આ દેશના નાગરિકોના મૂળભૂત અધિકારોનું જતન કરે છે. કલમ 19 (1)ની સાત પેટા કલમો નાગરિકોને જુદા જુદા સાત પ્રકારની સ્વતંત્રતા આપે છે અને તેને તેમના મૂળભૂત અધિકાર માને છે. કલમ 19 સમગ્ર રીતે વ્યક્તિ સ્વાતંત્ર્યના દાવા તથા જાહેર હિતના દાવા વચ્ચે સંવાદિતા માટે એક ખૂબ સંતોષકારક તથા તટસ્થ આધાર પૂરો પાડે છે.

કલમ 23 અને 24 શોષણ વિરુદ્ધ મૂળભૂત અધિકારો પૂરા પાડે છે. ખાસ કરીને કલમ 24 એક રોજગારદાતાને 14 વર્ષની નીચેની વયનાં બાળકને કોઈ પણ કારખાનાં કે ખાણ અથવા બીજાં કોઈ પણ જોખમી રોજગાર માટે કામે રાખતા અટકાવે છે. કલમ 31 મિલકતના મૂળભૂત અધિકાર સંબંધી

વિશિષ્ટ સગવડ ઉભી કરે છે અને મિલકતના ફરજીયાત સંપાદનના બહુચર્ચિત પ્રશ્ન તરફ ધ્યાન આપે છે.

કલમ 38ની માંગ છે કે દરેક રાજ્યએ સામાજિક કાર્ય પદ્ધતિ, જે સામાજિક આર્થિક તથા રાજકીય ન્યાય બધી રાષ્ટ્રીય જીવન સંસ્થાઓને જણાવે છે, તેને શક્ય હોય તેટલી અસરકારક રીતે બચાવીને તથા રક્ષણ આપીને લોકોની સુખાકારીને આગળ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ. કલમ 39 (a) કહે છે કે રાજ્યએ કાયદા પદ્ધતિ તેનું કાર્ય ન્યાયની સમાન તકોના આધાર પર આગળ વધારશે તે નક્કી કરવું જોઈએ તથા તે ચોકક્સપણે - આર્થિક અથવા બીજી કોઈપણ અશક્તિને કારણે કોઈપણ નાગરિકની ન્યાયની માંગણીની તકનો અસ્વિકાર ન થાય તે ખાતરી કરવા માટે યોગ્ય કાયદા અથવા યોજનાઓ અથવા બીજી કોઈપણ રીતે કાયદાકીય સહાય પૂરી પાડશે.

કલમ 41 માને છે કે દરેક નાગરિકને બેકારી, ઘડપણ, બિમારી તથા અપંગતા અને બીજાં કોઈપણ અનિચ્છનિય કારણોના કિસ્સામાં કામનો, શિક્ષણનો તથા જાહેર સહાયનો અધિકાર છે. કલમ 42 કામના ન્યાય તથા માનવીય પરિસ્થિતિની ખાતરી તથા માતૃત્વ સહન માટેના મહત્વ પર ભાર મૂકે છે. કલમ 43 કામ કરતી વસતી સામે જીવંત વેતનના આદર્શો મૂકે છે તથા કલમ 46 પછાત જાતિ, પછાત જાનજાતિ તથા બીજા નબળા વર્ગોના શૈક્ષણિક તથા આર્થિક હિતને આગળ વધારવા પર ભાર મૂકે છે. જેમની સાથે અસ્પૃશ્ય તરીકે વર્તન કરાય છે તેવા અસ્તિત્વ ધરાવતા નાગરિકોના વિશાળ સમુહ વડે રજૂ કરાયેલ સામાજિક પ્રશ્ને બંધારણનું ખાસ ધ્યાન ખેંચ્યું છે, જેથી કલમ 15(1) ધર્મ, કુળ, વર્ણ, લિંગ અથવા જન્મ સ્થળના મુદ્દા પર ભેદભાવ કરવાની મનાઈ કરે છે. રાજ્યને મહિલાઓ તથા બાળકો માટે તથા નાગરિકોના કોઈપણ સામજિક કે શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટે અથવા અનુ. જાતિ/ અનુ. જનજાતિ માટે ખાસ સુવિધાઓ કરવાનો અધિકાર છે. કલમ 16(1)માં તેમજ 16(4)માં વર્ણવાયેલ સમાનતા તથા તકોના આ જ સિદ્ધાંતને એવો અપવાદ પૂરો પાડવામાં આવ્યો છે, જે સરકારને કોઈ પણ પછાત વર્ગ કે જેનું સરકારી સેવાઓમાં પર્યાપ્ત પ્રતિનિધિત્વ ન હોયની તરફેણમાં નિમણૂંકની છૂટ આપે છે. કલમ 17 જાહેર કરે છે કે અસ્પૃશ્યતા નાબૂદ થઈ ગઈ છે તથા કોઈપણ પ્રકારે તેને ચાલુ રાખવાનો નિષેધ કરે છે તથા તે કહે છે કે અસ્પૃશ્યતાનો પરાણે અમલ કરાવવો તે એક કાયાદાને અનુરૂપ સજાપાત્ર ગુનો બનશે. આ સુવિધાની સંહિતા ભારતનાં બંધારણમાં વર્ણવાયેલ આદેશ સામાજિક-આર્થિક ન્યાયના આદર્શને પામવાના પ્રશ્ન તરફ ધ્યાન આપે છે.

**સામાજિક ન્યાયના રક્ષણ માટે માળખું**

1985-86ના વર્ષમાં પૂર્વ વેલ્ફેર (કલ્યાણ) મંત્રાલય મહિલાઓ તથા બાળકોના વિકાસ વિભાગ તથા કલ્યાણ વિભાગમાં વહેંચાઈ ગયું હતું. તેજ સમયે તે સમયનું કલ્યાણ મંત્રાલય બનાવવા માટે તે પછાત જાતિ વિકાસ વિભાગ, આદિવાસી વિકાસ વિભાગ અને લઘુમતિઓ તથા પછાતજાતિ કલ્યાણ વિભાગ ગૃહ મંત્રાલયમાંથી ખસેડાયાં હતાં અને વકફ વિભાગ કાયદા મંત્રાલયમાંથી ખસેડાયો હતો.

પછી મે, 1998માં મંત્રાલયનું નામ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાં બદલવામાં આવ્યું હતું. આગળ ઓક્ટોબર 1999માં અલગ ટ્રાઈબલ અફેર મંત્રાલય બનાવવા માટે આદિમ જાતિ વિકાસ બહાર ખસેડાયો હતો. જાન્યુ. 2007માં લઘુમતિ વિભાગ અને વકફ એકમ મંત્રાલય બનાવવામાં આવ્યું છે અને બાળ વિકાસ વિભાગ મહિલાઓ તથા બાળ વિકાસ વિભાગમાં ગયો છે.

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયને પછાત જાતિ, બીજા પછાત વર્ગો, અપંગ વ્યક્તિઓ, વૃદ્ધ નાગરિકો અને શોષણના શિકાર બનેલા તથા સમાજના હાંસિયામાં ધકેલાયેલા વિભાગોનું સશક્તિકરણ સોંપવામાં આવ્યું છે. લક્ષ્ય પર છે તે જૂથોના સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક વિકાસ માટે મંત્રાલય વિવિધ યોજનાઓનો અમલ કરી રહી છે. પરિણામે આ જૂથોની સુખાકારીમાં ગણનાપાત્ર સુધારો થયો છે.

**સમાજમાં સામાજિક ન્યાયની ખાત્રી માટે ભારત સરકારે પસાર કરેલા કેટલાક કાયદાઓ તથા નિયમો નીચે મુજબ છેઃ**

પછાત જાતિ કલ્યાણ: નાગરિક સુરક્ષા અધિકાર (PCR) ધારો 1955 અને નાગરિક સુરક્ષા અધિકાર (PCR) નિયમ 1977, અસ્પૃશ્યતા નિવારણ માટેનાં કાયદાકીય સાધનો છે. આ કાયદા હેઠળ, અસ્પૃશ્યતાનો બોધ અથવા વર્તન અથવા તેવાં કારણ માટે અથવા કારણસર ઉભી થતી કોઈપણ અશક્તિ માટેના દબાણને સમજણપૂર્વકનો તથા બિન-માંડવાળપાત્ર ગુનો ગણવામાં આવ્યો અને જેલની સજા લાગુ કરવામાં આવી. રાજ્ય સરકારને કોઈપણ વિસ્તારના રહેવાસીઓ અસ્પૃશ્યતા અપરાધ કમીશનનું ઉલ્લંઘન કરા જોવા મળે તો તેમને સામૂહિક દંડ કરવાનો અધિકાર અપાયો છે. આ ધારો અને તેની નીચે બતાવાયેલા નિયમો, આવા વર્તનોનો ભોગ બનેલાઓને વિશેષ અદાલત, વિશેષ સરકારી વકીલો, તપાસ માટે નક્કી સમય વગેરે પૂરાં પાડીને રક્ષણની ખાત્રી આપતી વિગતવાર પ્રક્રિયા/વિધિ મૂકે છે.

પછાત જાતિ અને પછાત આદિજાતિ (અત્યાચાર અટકાવ) ધારો 1989 અને પછાત જાતિ પછાત આદિમ જાતિ (અત્યાચાર અટકાવ) ધારો 1995 નાગરિક અધિકાર રક્ષણ ધારાની અમલ બજવણીની મર્યાદાની મહત્વહિનતાના કારણે ઠરાવાયા હતા. સમાજે વ્યાપક રીતે નાગરિક અધિકાર રક્ષણ ધારો ક્યારેય સ્વિકાર્યો ન હતો. દરમ્યાનમાં દેશના જુદા જુદા ભાગોમાં પછાત જાતિ અને પછાત જનજાતિ સામેના વિવિધ અત્યાચારો બનવાના ચાલું રહ્યાં હતા. એ ખ્યાલ આવ્યો કે સુધારેલ નાગરિક અધિકાર રક્ષણ ધારો 1955 તથા IPCની સામાન્ય સુવિધા પણ ખાસ કરીને વર્ણના આધારે કરાયેલા પછાત જાતિ અને પછાત જનજાતિ પરના બળપ્રયોગોને અટકાવવા માટે અવરોધ પૂરો પાડી શકી નથી. તેથી લોકસભાએ બીજો કાયદો શેડ્યુલ્ડ કાસ્ટસ્ એન્ડ શેડ્યુલ્ડ ટ્રાઈબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસીટીઝ) એક્ટ, 1989 પસાર કર્યો. 1995માં આ ધારા હેઠળ પછાત જાતિ અને જનજાતિના સભ્યો સામે થતા અત્યાચારો અટકાવવા, આવા ગુનાઓના પરિક્ષણ માટે વિશેષ અદાલતો પૂરી પાડવા તથા આવા ગુનાઓનો ભોગ બનેલાઓના રાહત તથા પુનર્વસન માટે તથા તેની સાથે અથવા ઘટના સ્થળ સાથે સંકળાયેલી બાબતો માટે નિયમો બનાવવામાં આવ્યા.

આ ધારો સર્વપ્રથમ વખત જેનાં દ્વારા પછાત જાતિ તથા જનજાતિને હલકી પડાય છે, ક્રૂર રીતે દબાવી દેવાય છે, નીચલી કક્ષાએ મૂકાય છે, તેમનાં સામાજિક તથા આર્થિક અધિકારોની અવગણના થાય છે, તથા મોટાભાગનાં હલકાં કામો કરવાની ફરજ પાડવામાં આવે છે, તેવા બહુવિધ માર્ગોને આવરી લે તેવા અત્યાચારના પ્રતિરૂપ(કાઉન્ટરસ)મૂક્યા છે. આ ધારાના હેતુઓ ઉચ્ચ વર્ગ તરફથી કોઈ જાતના ભય, બળપ્રયોગ કે દબાણ વગર તેઓ ગૌરવ તથા સ્વમાનપૂર્વક સમાજમાં જીવી શકે તેવી સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા આ જાતિઓને ન્યાય આપવાના સરકારના ઈરાદા પર સ્પષ્ટપણે ભાર મૂક્યો છે. આ

ધારો ભોગ બનનાર માટે વળતર તથા કડક સજાની જોગવાઈ કરે છે તથા અગમચેતી રૂપ પગલાં સૂચવે છે.

**અસમર્થ/અપંગ/વિકલાંગ લોકોનું સશક્તિકરણ**

પર્સન્સ વીથ ડીએસબીલીટીઝ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂરી હિસ્સેદારી) એક્ટ 1995: ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, માનસિક અવરોધ વગેરે ધરાવતા વ્યક્તિઓના કલ્યાણ માટે રાષ્ટ્રીય ટ્રસ્ટ અને મલ્ટીપલ ડીસેબીલીટી એક્ટ, 1999-એ વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેની કેટલીક કાયદાકીય જોગવાઈઓ છે.

PWD ધારો 1995 નીચે મુજબના સાત પ્રકારના વિકલાંગતાવાળી વ્યક્તિઓને સમાન તકો, અધિકારોનું રક્ષણ તથા પૂર્ણહિસ્સેદારી પૂરી પાડવા માટે યોગ્ય માને છે. સૂચિત ધારા મુજબની વિકલાંગતાની વ્યાખ્યા નીચે મુજબ છે.

- અંધાપો એટલે દૃશ્ય/નજરની સંપૂર્ણ ગેરહાજરી, સારી આંખોમાં યોગ્ય ચશ્માંથી ચક્ષુગમ્ય તિવ્રતા (Visual acuiry) 6/60 અથવા 20/200 (Snellen) કરતાં વધતી નથી અથવા દૃષ્ટિનાં ક્ષેત્રની મર્યાદા 20 અંશ કે તેનાથી પણ ખરાબ રીતે ખૂણાને આંતરે છે.
- ઓછી દૃષ્ટિ/ધુંધળાપણું એટલે જેની દૃષ્ટિમાં ધારધોરણ મુજબનાં રીફ્રેક્ટિવ સુધારાની સારવાર કર્યા બાદ પણ દૃષ્ટિનાં કાર્યમાં ઘટાડો થયો હોય, પરંતુ યોગ્ય સહાયક સાધન વડે જે પોતાની દૃષ્ટિનો કામ કરવા માટે ઉપયોગ કરે છે અથવા ઉપયોગ કરવા માટે સક્ષમ છે તેવી વ્યક્તિઓ.
- કૃષ્ઠરોગની સારવાર લીધેલા એટલે એવી વ્યક્તિઓ કે જે કૃષ્ઠરોગમાંથી સાજી થઈ ગઈ છે, પરંતુ જે હાથ પગમાં સંવેદના શૂન્યતાથી પિડાય છે તેમજ આંખ તથા પાંપણોમાં સંવેદન શૂન્યતા તથા સ્નાયુઓની નબળાઈ (puresis) હોય છે, પરંતુ કોઈ દેખીતી વિદ્રૂપતા હોતી નથી, દેખીતી વિદ્રૂપતા તથા સ્નાયુઓની નબળાઈ હોય પરંતુ સામાન્ય આર્થિક પ્રવૃત્તિઓ માટે હાથ તથા પગમાં પુરતું હલનચલન હોય અથવા એક વ્યક્તિને વ્યવસાય કરતા અટકાવે તેટલી વધુ પડતી શારીરિક વિદ્રૂપતા તેમજ વધતી ઉંમર.
- શ્રવણશક્તિમાં ઘટાડો એટલે વાર્તાલાપને લગતા તરંગોની હારમાળામાં સારા કાનમાં 60 ડેસીબલ અથવા વધારેનો ઘટાડો.
- હલનચલનમાં અશક્તિ એટલે હાડકાં, સાંધાઓ અથવા પગનાં હલનચલનમાં અવરોધ ઉભો કરતી સ્નાયુઓની અશક્તિ અથવા સેરેબ્રલ પાલ્સીનો કોઈ પણ પ્રકાર.
- માનસિક અવરોધ એટલે એક વ્યક્તિના મગજનો અપૂરતો વિકાસ, જેને બુદ્ધિની ઓછી સામાન્યતા વડે ઓળખાવાય છે, તેનો નિર્દેશ કરે છે.
- માનસિક બિમારી, માનસિક અવરોધ સિવાયની કઈપણ માનસિક અવ્યવસ્થાનો નિર્દેશ કરે છે. PWD ધારો વિકલાંગ વ્યક્તિઓને મુખ્ય પ્રવાહનો એક ભાગ બનવા માટે સશક્ત કરવા ઈચ્છે છે. તે ઘણો વ્યાપક છે અને વિકલાંગતા સામે અગમચેતી, શિક્ષણ આપવું, રોજગાર, સકારાત્મક પગલાં, ભેદભાવ વિહિન, સંશોધન તથા માનવબળનો વિકાસ, વિકલાંગ વ્યક્તિઓ માટેની સંસ્થાને માન્યતા તથા તંત્રનાં અમલીકરણનાં નિરિક્ષણ માટેની સુવિધાઓનો સમાવેશ કરે છે.

**પંચાયતો અને સામાજિક ન્યાય**

73મો બંધારણીય સુધારો તથા મહિલાઓ તથા અનુ. જાતિ/અનુ. જનજાતિના માટે અનામતની જોગવાઈ એ લોકશાહીના પાયામાં સામાજિક ન્યાય જુદું આહ્‌વાન છે. મહિલાઓ તથા ચ્રીએ/ચ્ર્નાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને કાયદેસરતા તથા સ્વિકૃતિની ખાતરી આપવી તે પોતે જ સામાજિક ન્યાયનાં ચણતરનું પહેલું પગથિયું છે.

ગુજરાત પંચાયત ધારા 1993 મુજબ દરેક પંચાયત માટે સામાજિક ન્યાય સમિતિ બનાવવી ફરજિયાત છે. આ સમિતિઓ ગ્રામપંચાયતની નિર્ણયો કરવાની પ્રક્રિયામાં મહિલાઓ, દલિતો તથા અનુ. જનજાતિઓ જેવા સમાજના નબળા વર્ગોની ભાગીદારીની ખાતરી માટે બનાવાયેલ અધિકૃત સંસ્થાઓ છે. પંચાયતના ચૂંટાયેલા સભ્યો આ સમુદાયના પુખ્ત પ્રતિનિધિઓની દરેક ગામની સામાજિક ન્યાય સમિતિમાં નિમણૂંક કરે છે. સામાજિક ન્યાય સમિતિની પંચાયતનાં માળખાંની અંદર વીશિષ્ટ સ્થાન છે. તેને હાંસિયામાં ધકેલાયેલ સમુદાયની જરૂરિયાતો ઉપર વિશેષભાર સાથે ગામમાં વિકાસની જરૂરિયાતોને ઓળખવાની સત્તા છે, અને તે ગ્રામપંચાયતોને તેમનાં અંદાજપત્રમાં આવી માંગણીઓના સમાવેશની ભલામણ કરે છે. સરકાર પાસેથી મંજૂરી મેળવીને આ પ્રકલ્પોનું અમલીકરણ હાથ ધરવાની પાંચાયતની ફરજ છે. પંચાયત ધારો પસાર થયાના ત્રણ દાયકા દરમ્યાન આ સમિતિઓ મોટેભાગે બિનકાર્યશીલ રહી છે, અથવા તેનું અસ્તિત્વ માત્ર કાગળ પર જ રહ્યું છે. સેંકડો ગામોમાં આવી સમિતિનું અસ્તિત્વ જ નથી.

પંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિનાં કાર્યો પૂરતા જુસ્સા સાથે અનુસરાય તે જરૂરી છે. તેના કાર્યો નીચે મુજબનાં છે:

1. સમાજનાં નબળા વર્ગોને શિક્ષણ, આવાસ માટે ગામની જમીન, પીવાનું પાણી તથા આરોગ્ય સંભાળ જેવી સુવિધાઓ પૂરી પાડવી.
2. આવી સુવિધાઓની વ્યવસ્થા માટે આયોજનો કરવાં તથા તેનો અમલ કરવો.
3. નબળાવર્ગો સામે થયેલા ભેદભાવના કિસ્સાઓની તપાસ કરવી.
4. મડદાંનો યોગ્ય નિકાલ કરાય છે તે તપાસવું.
5. બિનવારશી લાશના યોગ્ય નિકાલ માટેનું સ્થળ નક્કી કરવું તથા સાધનો પૂરાં પાડવાં.
6. ગ્રામિણ આવાસ યોજનાને પ્રોત્સાહન પૂરું પાડવું.
7. નબળા વર્ગોના રહેઠાણ વિસ્તારમાં રસ્તા/શેરીની લાઈટોની વ્યવસ્થા.
8. દારૂબંધીને આગળ વધારવી તથા અસ્પૃશ્યતાને મૂળમાંથી ઉખેડી નાખવી.
9. અસામાજિક તત્વોને તથા જુગારને પ્રોત્સાહન ન મળે તેવા પ્રયત્ન કરવા.
10. નબળા વર્ગો માટે બાળ કલ્યાણ પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું અયોજન કરવું.
11. પૂર્વપ્રાથમિક શિક્ષણ માટે વ્યવસ્થા કરવી.

તાલુકા તથા જીલ્લા સામાજિક ન્યાય સમિતિનાં કાર્યો નીચે મુજબનાં છે:

1. સમાજના નબળા વર્ગો માટે શિક્ષણ, આવાસ માટે ગામની જમીન, પીવાનું પાણી તથા આરોગ્ય સંભાળ જેવી સુવિધાઓ પૂરી પાડવી, તેમજ તેને માટે આયોજનો તથા તેનું અમલીકરણ કરવું.
2. નબળા વર્ગો સામેના ભેદભાવોના કિસ્સાઓની તપાસ.

3. દારૂબંધી, અસ્પૃશ્યતા નિવારણ, નબળા વર્ગોના સામાજિક તથા સાંસ્કૃતિક કલ્યાણને આગળ વધારવા તથા જુગાર તથા બીજી અસામાજિક પ્રવૃત્તિઓને અટકાવવા માટે કામ કરવું.
4. સમાજના નબળા વર્ગોમાં બિન-પારંપરિક શિક્ષણના પ્રચાર માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવું.
5. સમાજના નબળા વર્ગોની સમસ્યાઓ/ફરિયાદો સાથે સંબંધિત કામ કરવા, પંચાયત સક્ષમ ન હોય તેવા કિસ્સાઓમાં યોગ્ય અમલદારો/સત્તાધિશોને જાણ કરવી.
6. સમાજના વંચિત વર્ગોના સામાજિક તથા આર્થિક કલ્યાણ સંબંધિ સહકારી પ્રવૃત્તિઓનું આયોજન, આગળ વધારવી તથા મદદ કરવી.
7. આવી પ્રવૃત્તિઓ માટે આયોજન કરવું તથા તેની સંભાળ લેવી તથા અમલ પણ કરવો.
8. સમાજના નબળા વર્ગો સંબંધી દરેક પાસાંનો ખ્યાલ રાખવો.

સામાજિક અન્યાયનો ઉકેલ સમાજની અંદર જ છે. નાગરિક અધિકારોને હાનિ પહોંચાડે અથવા તેનો ભંગ કરે તેવાં અથવા દરિદ્રો, પછાત વર્ગોનાં અધિકારો અથવા ગૌરવને વહેતાં મૂકે તેવાં કોઈપણ વર્તન અથવા ક્રિયાઓ, કોઈપણ સંદર્ભમાં સ્વિકાર્ય નહીં થાય. દરેક જાહેર સભામાં સામાજિક અન્યાયનો મુદ્દો ઉઠાવવો જોઈએ. ભોગ બનેલાઓને સ્વયં-સજ્જતા તથા અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે સંગઠિત કરવા સહિતની બાબતોમાં સંપૂર્ણ ટેકો પૂરો પાડવો જરૂરી છે. અસરકર્તા લોકોને નિ:શુલ્ક તથા સહાયક કાયદાકીય સેવાઓ અપાવવાની જરૂર છે. એકંદરે, બધા વડે પોષવામાં આવે તેવો સામાજિક નિષ્પક્ષ સમાજ એક વાસ્તવિકતા બને તેવી આશા સો ગૌરવશાળી સમાજ માટે સામાજિક જાગૃતિ તથા સુધારણા ચાલુ રહેવાં જરૂરી છે.

# 16. સૂક્ષ્મ સ્તરીય આયોજન

આયોજન એ પ્રશ્નોન નિવારણ માટેનો વાસ્તવિક પ્રયત્ન છે. તેમાં સમય, પ્રયત્ન તથા પૈસાની રીતે ઓછામાં ઓછી કિંમતે હેતુઓના સૅટને સ્પષ્ટતાથી વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાતને આગળ વધારવાની વ્યુહરચના ઘડવાનો સમાવેશ થાય છે. આયોજનનોના લાભ સમાજના પ્રશ્નોને વાચા આપવા માટે કરવું/ના કરવું કે થવું/ના થવુંની નિષ્ફળતા સુધી પ્રસર્યા નથી તેવી એક સહિયારી તથા દૃઢ નિસ્બત ઊભરી છે. આ નિષ્ફળતાનું એક કારણ એ છે કે સામાન્ય માણસોને આયોજન પ્રક્રિયાની બહાર રખાયા છે. વિશાળ સ્તરનાં આયોજનો સૂક્ષ્મ સ્તરીય આયોજનો (સૌથી નીચેના એકમે આયોજન)ના આધારે ઘડાવાં જોઈએ. જેથે આયોજનોમાં લોકોનો સમાવેશ થઈ શકે અને તેમની જરૂરિયાતો તથા નિસ્બતો વિશાળ સ્તરીય આયોજનોમાં પ્રતિબીંબિત થાય.

સમયાંતરે ભારતમાં આયોજન માટેનાં વિવિધ વલણો અનુસરાયાં છે.

**બહુહેત્વિક વલણઃ** ભારતમાં ગ્રામ વિકાસ કાર્યક્રમ બહુહેત્વિક વલણ સાથે શરૂ થયો. સમાજ વિકાસ કાર્યક્રમ (CDP) 1952માં શરૂ થયો. CDPનો પ્રાથમિક એકમ, જે એક લાખની વસ્તી ધરાવતો હોય તેવો બ્લોક હતો અને સમાજની વિકાસને અખંડ પદ્ધતિતી જોવે છે. સરકાર જ્ઞાન, ઈનપુટ્સ તથા સ્રોતોના વિસ્તાર દ્વારા વિકાસને આગળ ધપાવનાર મુખ્ય સંસ્થા હતી. પાયાનો હેતુ જીવનધોરણ ઉપર લાવવું,

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સામાજિક કલ્યાણને આગળ ધપાવવું સામાજિક ન્યાય તથા સમજ એકસુત્રતાનો હતો. આ વલણની મુખ્ય મર્યાદા એ હતી કે તેનું ધ્યાન સામાજિક - આર્થિક અસમાનતાને લગતા પ્રશ્નો ઉપર ધ્યાન આપ્યા વગર એક એકમ તરીકે સમાજ પર કેન્દ્રિત હતું.

**લઘુત્તમ પેકેજ વલણઃ** આ વલણ એક ચોક્કસ ક્ષેત્રને વધારવા પર કેન્દ્રિત હતું. ઈન્ટીગ્રેટેડ એગ્રીકલ્ચરણ ડૅવલપમેન્ટ પ્રોગ્રામ (IADP) આ વલણ હેઠળ તરતો મુકાયો હતો. આ વલણની મુખ્ય ત્રૃટિ એ હતી કે આ કાર્યક્રમોના લાભ મુખ્યત્વે ગ્રામિણ ક્ષેત્રના ખમતીધર ખેડુતો વડે લણી લેવામાં આવતા હતા.

**લક્ષ્ય જુથ વલણઃ** તેની હેઠળ, એક ચોક્કસ જુથનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવતો હતો, અને તે મુજબ અગ્રતા નક્કી થતી હતી. આ વલણની એ હકીકત જણાઈ કે લોકોનાં જુદાં જુદાં જૂથોના જુદા જુદા પ્રશ્નો હતા. નાના ખેડુતોના વિકાસ કાર્યક્રમો (SFDP) તથા ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ તથા બાળકોના વિકાસ (DWCRA) જેવી વિકાસ યોજનાઓ આ વલણમાંથી બહાર આવી.

**લક્ષ્ય વિસ્તાર વલણઃ** જુદા જુદા ભૌગોલિક પ્રદેશોની વિકાસ માગણી જુદી જુદી છે તે માન્યતા ડ્રાઉટ થ્રોન એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ (DPAP), કમાન્ડ એરીયા ડેવલપમેન્ટ (CAD) વગેરે જેવા વિશિષ્ટ કાર્યક્રમોનો પરિચય તરફ દોરી ગઈ.

અખંડ ગ્રામ વિકાસ વલણઃ ઈન્ટીગ્રેટેડ રુરલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IRDP) ગરીબી ઘટાડવા તથા જમીન આધારિત પ્રવૃત્તિઓના આવીર્ભાવ દ્વારા આર્થિક વિકાસ સાધવા માટે આગળ વધારાયો હતો. સ્વ-રોજગાર સાહસોની શરૂઆત માટે આર્થિક સહાય લાભકર્તાઓ સુધી વિસ્તારવામાં આવી. જોકે તેઓએ સરકારની વહેંચણી પદ્ધતિ પર વધુ આધાર રાખવાનું શરૂ કર્યું.

આમાંનું એક પણ વલણ અસરકારક ગ્રામ વિકાસ માટે પૂરતું સાબિત થયું નહીં. તેને માટે બે મુખ્ય કારણો ધ્યાન પર આવ્યાં - જેમ કે - વાસ્તવિક પ્રશ્નને ઓળખવામાં નિષ્ફળતા તથા લોકોની સંડોવણી વગર કાર્યક્રમોનું ઘડતર. તેમણે માની લીધું કે ગ્રામિણોમાં ઈનપુટ તથા સાધન સંપત્તિનો અભાવ છે, અને માટે, આ જરૂરિયાતો પૂરી પડાશે તો તે વિકાસ તરફ દોરી જશે.

વધતી ગરીબાઈ, બેરોજગારી, અસમાનતા તથા પર્યાવરણીય અધઃપતને વિકાસની પારંપારિક માન્યતા વિશે પ્રશ્નો ઉભા કર્યાં છે તથા પાછલા દાયકાઓમાં તળીયાંની સંસ્થાઓ વડે જાતીય સમાનતા, લોકોની પસંદગી કરવા માટે સશક્તિકરણ ઉપર વિશિષ્ટ રીતે કેન્દ્રિત હોય તેવી, લોકો વડે સંચાલિત તથા વધુ લોકો કેન્દ્રિત વૈકલ્પિક વિકાસ વલણ વિકસાવવા માટે પ્રયત્નો થયા છે. આ પ્રયત્નો સૂક્ષ્મ આયોજન તરીકે ઓળખાય છે, જે લોકોને પ્રાપ્ય એવા વર્તમાન લોકપ્રિય જ્ઞાન, કુનેહ તથા સાધન-સંબત્તિ પર આધારિત છે.

**સૂક્ષ્મ આયોજનનો અર્થઃ** સામાન્ય રીતે આયોજન ત્રણ સ્તરમાં વ્યાખ્યાયિત થાય છે. વિશાળ (રાષ્ટ્રીય અથવા ઉપ-રાષ્ટ્રીય સ્તર), મેસો (રાજ્ય અથવા ઉપ-રાજ્ય સ્તર) તથા સૂક્ષ્મ. સૂક્ષ્મ સ્તરિય આયોજનએ વિકાસના સૌથી નીચલા સ્તરનું આયોજન છે. તે સ્થાનિક પરંપરા, ઈતિહાસ, નૈતિક્તા તથા પ્રથાઓને યોગ્ય મહત્વ આપે છે. બહુસ્તરીય આયોજન માળખાંમાં સૂક્ષ્મ સ્તરીય આયોજન દાખલ કરવાનું પ્રયોજન એક ક્ષેત્ર અથવા એકમના વિશિષ્ટ પ્રશ્નોને લગતા સાધન-સંપત્તિના સામર્થ્યના શોષણ દ્વાર વિકાસ તથા સમાનતા વચ્ચેનાં અંતરમાં સેતુરૂપ છે. તે ઉપરાંત, સૂક્ષ્મ સ્તરીય આયોજન સ્થાનિક ભાગીદારી વધારે છે

અને પ્રાદેશિક તણાવ ઘટાડવામાં મદદ કરે છે. સૂક્ષ્મ સ્તરીય આયોજનો હાથ ધરવા માટેનાં મુખ્ય કારણોની હીમાયત નીચે મુજબ છે.

- ગરીબોની જરૂરિયાતો પર વિશેષ ધ્યાન આપી શકાય
- કાર્યક્રમોને ક્ષેત્રની વિશિષ્ટ જરૂરિયાતો તથા તેના વિકાસ સામર્થ્ય તરફ વધારે આગળ વધારી શકાય તથા
- વહીવટનાં સૌથી નીચેનાં સોપાનો વ્યવસ્થિત તથા સમતોલ કરી શકાય

73મા સુધારા દ્વારા, પંચાયતોને આર્થિક વિકાસના સ્થાનિક પ્રશ્નો તથા સામાજિક ન્યાયના આયોજન તથા વાચા આપવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. તળીયાંની આયોજન પ્રક્રિયા પર બધું ધ્યાન કેન્દ્રિત છે. ગ્રામ પંચાયતો તેમના વાર્ષિક આયોજનો તાલુકા પંચાયતોને સોંપે છે, જે પછીથી જરૂરી આકારણી પછી આયોજનોનું એકત્રીકરણ કરે છે તથા તાલુકા માટે એક એકત્રીકૃત વાર્ષિક વિકાસ આયોજન તૈયાર કરે છે. તાલુકા પંચાયતો તેમના લાગતા વળગતા વાર્ષિક વિકાસ આયોજનો જિલ્લા પંચાયતને સુપરત કરે છે જે જિલ્લા માટેના એકત્રીત વાર્ષિક વિકાસ આયોજન તૈયાર કરે છે.

**સૂક્ષ્મ આયોજનની પ્રક્રિયાઃ** પ્રાથમિક રીતે સૂક્ષ્મ આયોજન માટે વિવિધ અનુભવો દ્વારા આઠ પગલાં જણાયાં/ઓળખાયા છે.

1. **પંચાયત/વિસ્તારની પસંદગીઃ** પંચાયત/વિસ્તારની પસંદગી અથવા સમાજનો સંપર્ક કેવી રીતે કરવો તે પાસાંની ચકાસણી અતિઆવશ્યક છે.
2. **પર્યાવરણ બંધારણઃ** આ કાર્યમાં સમાજની સક્રીય સંડોવણી જરૂરી હોવાને કારણે, તેમને શરૂઆતથી જ પ્રેરિત કરવા આવશ્યક છે.
3. **માહિતીનું સંકલન તથા વર્ગીકરણઃ** વિભાગ તથા રહેવાસીઓની સ્થિતિની મુશ્કેલીઓની ઉત્તમ માહિતી તે વિભાગના રહેવાસીઓની પોતાની પાસેથી જ મળી શકે, પરંતુ સરકાર કે બીન સરકારી તંત્ર બેમાંથી જે પ્રાપ્ય હોય તેની પાસેથી માહિતી એકઠી કરવી સલાહભર્યું છે, જેથી ક્ષતિરહિત આયોજન થઈ શકે. ગ્રામવાસીયોનાં જુદાં જુદાં જુથો સાથે ઔપચારિક અથવા અનૌપચારિક મીટીંગો યોજાવી જોઈએ, જેથી વાસ્તવિક પ્રશ્નો ઊંડાણપૂર્વક સમજી શકાય. તે સાથે જ આ વિભાગના રહેવાસીઓ પાસેથી આ પ્રશ્નોના નિરાકરણો વિશેના અભિપ્રાયો પણ લેવાવા જોઈએ. એકઠી કરાયેલ બધી જ માહિતીના કોષ્ટક બનાવવા જોઈએ તથા વિશ્લેષણ થવું જોઈએ.
4. **નિષ્કર્ષની લોકો સાથે વહેંચણીઃ** જેમની પાસેથી માહિતી એકઠી કરાઈ છે તે સમાજ સાથે નિષ્કર્ષની વહેંચણી તેમને સામુહિક નિર્ણયોથી માહિતગાર કરવા માટે સક્ષમ બનાવે છે.
5. **સમાજના પ્રશ્નોનું વિશ્લેષણ તથા વિકાસની અગ્રતાઓ ઓળખવીઃ** ગામના પ્રશ્નોનું સામુહિક વિશ્લેષણ કરાય છે તથા પ્રશ્નોને અગ્રતાક્રમ મુજબ સંગ્રહિત કરાય છે.
6. ઉકેલ તથા વ્યુહરચનાઓ જાણવાં/ઓળખવાંઃ પ્રશ્નોનાં નિરાકરણ શોધવા માટે પાછના પ્રયત્નો, પરિણામો તથા વિકલ્પો સહિતના અનુભવો ચર્ચાવા જોઈએ. આ પ્રક્રિયામાં સરકારની નીતિઓ/પ્રકલ્પોને મનમાં રાખવા જોઈએ.
7. સૂક્ષ્મ આયોજનોની તૈયારીઃ ગ્રામ અથવા વિભાગના સ્તરના આયોજનો પંચાયત સ્તરે એકત્રિત કરી શકાય.
8. આયોજનનો અમલઃ આયોજન દરમ્યાન કયું કામ કોને સોંપાયું છે તે તથા સમયનું માળખું મગજમાં રાખવું જોઈએ. આ પ્રક્રિયામાં સરકારી વિભાગો/ખાતાંઓ પંચાયતના સભ્યો તથા

ગ્રામવાસીઓની ભૂમિકા નિશ્ચિત કરવી જોઈએ, જેથી આયોજનનો જરૂર મૂજબ અમલ કરી શકાય.

**સૂક્ષ્મ આયોજનનાં વલણ તરીકે સહભાગી ગ્રામિણ મુલ્યાંકનઃ** પાર્ટીસીપેટરી રુરલ ઍપરાઈઝલ (PRA)એ ગ્રામિણો સાથે વ્યક્તિગત રીતે વાતચીતની પદ્ધતિ છે. જે તેમના વિશે સમજણ વિકસાવવા માટે તથા તેમના માટે શિખવા માટે છે. તેમાં સિદ્ધાંતોના એક સેટનો તથા ગ્રામવાસીયોના વિવિધ પ્રશ્નો વિશે તેમના દૃષ્ટિબિંદુ ને આગળ લાવવામાં ભાગીદારી માગતી પદ્ધતિઓના મેનુનો સમાવેશ છે, જે તેમને વિશ્લેષણ પ્રત્યાઘાત તેમ જ તેમની જાણકારી પર આધારિત કાર્ય આયોજન શોધવા સક્ષમ બનાવે. (PRA)એ જુદા જુદા પ્રકારના ડેટા એકઠા કરવા માટે, ધારેલાં/નક્કી કરેલાં જૂથોને જાણવા તથા પ્રેરિત કરવા માટે, તેમની ભાગીદારીને જાગ્રત કરવા માટે તથા ધારેલાં જૂથો નિર્ણય લેવાની પ્રક્રિયા, પ્રકલ્પની ભાત, અમલ તથા નિરિક્ષણ ઘડી શકવામાં ભાગીદારી કરી શકે તેવા રસ્તાઓ ખોલવા માટેનો માર્ગ છે. PRA માં મેળવેલી સ્થાનિક આંતરસૂઝની શોધખોળ દ્વારા તથા સામાન્ય માણસ સાથે મોઢા મોઢ વાત દ્વારા વિકાસ પ્રક્રિયામાં સ્થાનિક લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનું એક આંતરિક તંત્ર હોય છે, જે વધુ અસરકારક માહિતીના આવિર્ભાવમાં પરિણમે છે.

**લોક સમુહનું નકશાકરણઃ** આ પ્રક્રિયામાં/પદ્ધતિમાં ગામ વિશેની પ્રાથમિક માહિતીઓ જેવી કે ઘર, ખેતરો, મંદીર, કૂવાઓ, તળાવો, વન, રસ્તાઓ વગેરે આપવા માટે ઘણા નિર્દેશો તથા સંજ્ઞાઓનો ઉપયોગ થઈ શકે. આ પદ્ધતિ એક જગ્યાએ બેસીને ગામની પાયાની જરૂરિયાતો વિશે જાણવા માટે ઘણી ઉપયોગી છે. આવા નકશાઓમાંથી મેળવેલી માહિતી જુદાં જુદાં પાસાંઓની વિગતવાર માહિતી માટે બીજી પદ્ધતિઓના ઉપયોગ તરફ દોરી જઈ શકે, તેમ જ તેના પરથી સામાજિક નકશાકરણ, સ્રોતનું નકશાકરણ, જાહેર સુખસગવડનું નકશાકરણ વગેરે વિવિધ નકશાઓ બનાવી શકાય. આવા એક કિસ્સાનું ઉદાહરણ નીચે આપેલું છે.

**પ્રક્રિયાઃ** સર્વપ્રથમ એક ખૂલ્લી જગ્યા પસંદ કરવી જોઈએ, જ્યાં દરેક પ્રકારના લોકો એકઠા થઈ શકે, અને જે કોઈને માટે (ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે) અસુવિધાજનક ન હોય શરૂઆતમાં કેટલાક ગ્રામવાસીઓને બોલાવી શકાય તથા સામાન્ય ચર્ચા વિચારણાનો પ્રારંભ કરી શકાય. ધીમે ધીમે બીજાઓ પણ એકઠા થવા લાગશે. લોકોને શાળા, મંદીર વગેરેનાં ચિત્રો બનાવવા પ્રોત્સાહિત કરવા જોઈએ. એ વાત મનમાં રાખવી જોઈએ કે બધાને બંધાયેલા હોવાનું તથા આખી ઘટનાનો એક પક્ષ હોવાની લાગણી થવી જોઈએ. આવા નકશાકરણ દરમ્યાન ભૂલો તો થવાની જ છે, તેથી ખૂલ્લાપણું જળવાવું જોઈએ તથા જ્યારે પણ જરૂર હોય ત્યારે તેમને સુધારવી જોઈએ.

**આવશ્યક સામગ્રીઃ** આખો કાગળ, જુદા જુદા રંગની ત્રણ ચાર સ્કેચ પેન, માર્કર તથા રંગીન પેન્સીલો.

**સમોવડીયું/જોડી ક્રમાંકઃ** ગ્રામસભામાં એવું જોવાયું છે કે બધા ઈચ્છે છે કે આયોજનમાં તેમના મુદ્દા લેવાવા જોઈએ. વાસ્તવિક રીતે એક જ સમયે દરેક પ્રશ્ન પર કામ કરવું શક્ય નથી, તેથી લોકોની સંમતિથી અગ્રતાક્રમ નક્કી કરવો જરૂરી છે. આ સરળ કાર્ય નથી. આ જગ્યાએ સમોવડીયા/જોડી ક્રમાંકનો ઉપયોગ કરી શકાય.

**પ્રક્રિયાઃ** સર્વપ્રથમ પ્રશ્નો અથવા કરવાનાં કાર્યોની એક સૂચિ બનાવવી જોઈએ. ચર્ચા વિચારણા પછી આ સૂચિમાંથી 7-8 પ્રશ્નો અથવા કરવાનાં કાર્યો નક્કી કરવાં જોઈએ. હવે આપણે જોવું જોઈએ કે કયા 7-

8 પ્રશ્નો/મુદ્દાઓ લેવાના છે, તેથી આપેલ આકૃતિ મુજબ તેમની સૂચિ બનાવો તથા બે મુદ્દાઓ વચ્ચે સરખામણી કરો. જે પ્રશ્ન સૌથી આગળ આવે તેને નંબર 1 આપવો જોઈએ. ગણતરી કર્યા પછી આપણને ખ્યાલ આવે છે કે કયો મુદ્દો/પ્રશ્ન ઘણી વખત નોંધાયો છે અને તે મુજબ બધાંની ભાગીદારી સાથે અગ્રતા સૂચિ બનાવી શકાય છે.

**આવશ્યક સામગ્રી:** 3 આખા કાગળ - સૂચિ બનાવવા, સમોવડીયા ક્રમાંક તથા અગ્રતા આપવા દરેક માટે એક - ચાર જુદા જુદા રંગની સ્કેચ પૅન, માર્કર તથા રંગીન પૅન્સીલ.

ઉપર જણાવેલ બે પદ્ધતિઓ ઉપરાંત PRA પદ્ધતિ વડે આયોજન માટે લેવાયેલ સમય વધારે હોઈ શકે છે, પરંતુ લોકોની ભાગીદારીની ખાતરી આપવાનો એક મજબુત માર્ગ છે.

**જુદા જુદા અભિપ્રાયોના સમાવેશની ખાતરી:** USAની KAIN's વેસ્ટર્ન યુનિવર્સીટીએ સૂક્ષ્મ આયોજન માટે એક પદ્ધતિ વિકસાવી છે. આ પદ્ધતિમાં જુદા જુદા અભિપ્રાયોનાં એક જુથમાં એક ચોક્કસ મુદ્દો/પ્રશ્ન ચર્ચા માટે લેવાય છે. દા. ત. જો શિક્ષણનો મુદ્દો હોય, તો તેને લગતી વ્યક્તિઓ/લોકો, જેવાં કે વિદ્યાર્થીઓ, શિક્ષકો, પંચાયતના પ્રતિનિધિઓ, વાલીઓ, શિક્ષણ વિભાગ (તાલુકા અથવા જિલ્લા સ્તરના)માંથી અધિકારીઓ તથા શિક્ષણ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનો સમાવેશ કરાય છે. તેઓ બધાને એક સભા માટે બોલાવાય છે જેમાં તેઓ પોતાના અભિપ્રાયો/દૃષ્ટિબીંદુ મૂકે છે. આ સભાઓમાં સહિયારી એકમતતા મેળવાય છે અને એક સમયબદ્ધ કાર્યક્રમ તૈયાર કરાય છે. આવા આયોજનના અમલ દરમ્યાન તેઓ જ સહભાગીઓની ભૂમિકા નક્કી કરે છે. હવે, ભૂમિકા તથા સમયમાળખું તેમના વડે જ નક્કી કરાયેલા હોવાને કારણે વાસ્તવિક અમલીકરણની શક્યતાઓ પણ વધે છે, તથા નિશ્ચિત થાય છે.

આ પદ્ધતિ એક ચોક્કસ પ્રશ્ન માટે ઉપયોગી છે, તેમ જ સામાન્ય રીતે બધા પ્રકારના આયોજન માટે પણ ઉપયોગી છે, કારણ કે તે બધા અભિપ્રાય ધારકોની ભાગીદારીની ખાતરી આપે છે અને આવી પરિસ્થિતિ આયોજનની કાયદેસરતા/દૃઢતા વધારે છે.

આવાં આયોજન સાથે ઘણા મુદ્દાઓમાં જાહેર ભાગીદારી સરળ હોય છે, અને તેને પ્રોત્સાહિત કરવી જોઈએ. ખાસ કરીને આયોજનમાં આવી જાહેર ભાગીદારીનો ઉલ્લેખ થવો જોઈએ. એવી સલાહ છે કે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ, વૈકલ્પિક સ્રોતો (નાણાકીય, શ્રમ, જાહેર ભાગીદારી વગેરે)નો પણ આયોજન કરવામાં સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ. તે આયોજનની યોગ્યતામાં વધારો કરે છે અને સ્વાભાવિક રીતે જ સરકારી સંસ્થાઓનું ધ્યાન ખેંચે છે.

કઈ પદ્ધતિનો ઉપોયગ કરવો: આ પ્રશ્નનો કોઈ નિશ્ચિત પ્રકારનો જવાબ હોઈ શકે નહીં. જરૂરીયાત મુજબ ત્રણમાંથી કોઈ પણ પદ્ધતિનો ઉપયોગ થઈ શકે. બે પદ્ધતિની મેળવણી પણ હોઈ શકે અથવા કોઈપણ સંબંધિત મુલ્યની ઉમેરણી પણ હંમેશા શક્ય છે.

**અસરકારક આયોજન પ્રક્રિયા માટે મહત્ત્વના મુદ્દાઓ:** ગ્રામસભા અથવા વિભાગ સભા માટેની તારીખો ખાસ્સી વહેલી નક્કી થઈ જવી જોઈએ. નોટિસ ફેરવવી જોઈએ તથા રુણાલયો, શાળાઓ, બસ સ્થાનકો તથા ધાર્મિક સ્થળો જેવી જગ્યાએ મૂકાવી જોઈએ. ગ્રામસભા તથા વિભાગ સભામાં તરછોડાયેલા વર્ગો (મહિલાઓ તથા દલિતો) એ ભાગ લેવો જોઈએ. તેમને તેમના વિચારો મૂકવાની તક મળવી જોઈએ તથા તેમનાં સૂચનો/વિચારોને મહત્વ અપાવું જોઈએ.

અગ્રતાક્રમ માટે સમોવડીયા ક્રમાંક પ્રક્રિયા અપનાવી શકાય. ગ્રામસભામાં પોતાનામાં જ આવી સૂચિત પ્રવૃત્તિઓ માટે નાણાકીય જરૂરીયાતો માટેની દરખાસ્તો તૈયાર કરી શકાય.

ગ્રામસભાનાં કદ તથા સામર્થ્યને જોતાં, એ નક્કી જ છે કે તેમને બહારની મદદની જરૂર છે. આમ આ પ્રવૃત્તિઓ માટે સરકારી, બીન સરકારી તેઓ મદદ કરવી જોઈએ, પરંતુ નિર્ણય ગ્રામસભાનો જ રહેવો જોઈએ. બધાં આયોજનો તથા પ્રકલ્પોનો અગ્રતાક્રમ તથા સૂચિ ગ્રામસભામાં થવાં જોઈએ. પંચાયત સભામાં આયોજન માટે સર્વ પ્રથમ ગ્રામસભાની બદલી ભલામણો ધ્યાન પર લેવાવી જોઈએ.

એ ખાતરી રાખવી જોઈએ કે આયોજન ખૂબ સરળ પદ્ધતિમાં થવું જોઈએ જેથી દરેક ગ્રામિણ તથા પ્રતિનિધિ તેને સરળતાથી સમજી શકે. આ (વાર્ષિક) આયોજન તાલુકા પંચાતય (તાલુકા વિકાસ અધિકારીઓ)ને મોકલાય છે.

તાલુકા સ્તરે, તેમની મહત્વની ભૂમિકા ગ્રામ પંચાયતને આયોજનના જુદા જુદા તબક્કે મદદ આપવાની છે. આથી તેઓ ગ્રામ પંચાયતની ટેકનીકલ અગ્રતાઓને મેળવે છે/સુધી પહોંચે છે. મોટેભાગે તેઓ ગ્રામ પંચાયતની અગ્રતાને જાળવે છે. એક કરતાં વધારે ગ્રામ પંચાયતના કેટલાક સામાન્ય પ્રશ્નો હોઈ શકે છે, જે તાલુકા પંચાયત કાર્યક્રમમાં હાથ પર લેવાય છે.

આયોજન તૈયાર કરતી વખતે જુદા જુદા ખાતાના કર્મચારીઓ તથા અધિકારીઓના અનુભવોનો સમાવેશ કરી શકાય છે, પરંતુ નિર્ણાયક ભૂમિકાતો પંચાયતના પ્રતિનિધિઓની જ હશે. તાલુકા પંચાયત સ્તરનાં આયોજનને જિલ્લા પંચાયતને મોકલવામાં આવે છે.

જિલ્લા પંચાયત સભાઓમાં જિલ્લા સ્તરે ચર્ચા વિચારણાઓ પછી ગ્રામ્ય આયોજન કરાય છે. જિલ્લા સ્તરની પંચાયતની સૌથી મહત્વની ભૂમિકા તાલુકા પંચાયતોને વિવિધ આયોજનો તથા કાર્યક્રમોમાં સહાય કરવાની છે. તેઓ તાલુકા પંચાયતની ટેકનીકલ ઉપયોગીતાની ચકાસણી તથા તપાસ પણ કરે છે. મોટેભાગે તે તાલુકા પંચાયતનાં મહત્ત્વ તથા અગ્રતા જાણવે છે. કેટલાંક આયોજનો એક કરતાં વધારે તાલુકા પંચાયતો માટે કૉમન/સામાન્ય હોઈ શકે, જ્યાં જિલ્લા પંચાયત આ આયોજનોને તેમના પોતાનાં આયોજનોમાં સમાવેશ કરે છે. તેના ઉપરાંત આ જિલ્લાનું કાર્ય ન્યાય વિસ્તારમાં આવતા બધા પછાત વિસ્તારોનું બધા સ્તરના વિકાસનું ધ્યાન રાખવાનું છે તથા તેમને એક સ્તરે લાવવાનું છે. પંચાયતના સૌથી નીચલા સ્તરને માર્ગદર્શન આપીને તથા પેટા આયોજનો તથા અલગ ભંડોળ ફાળવણી આ કરી શકે. જિલ્લા પંચાયત સભ્યોએ ખાતરી કરવી જોઈએ કે તેમની ભાગીદારી સંબંધિત તાલુકા સ્તરની સભાઓ, ગ્રામ પંચાયત સભાઓ તથા ગ્રામસભાઓમાં હકારાત્મક રીતે થાય છે. આ એક બાજુ તેમને સૌથી નીચલા સ્તરે અનુભવનો ફાયદો આપે છે, તથા બીજી તરફ તેઓને જિલ્લા પંચાયતના વાસ્તવિક પ્રશ્નોને સમજવા તથા સમર્થક બનવા સક્ષમ બનાવે છે.

જિલ્લા પંચાયત વડે તૈયાર કરાયેલ આયોજન જિલ્લા આયોજન સમિતિને મોકલાય છે. જિલ્લા આયોજન સમિતિ વડે તૈયાર કરાયેલ વિગતો જુદા જુદા પ્રકલ્પો માટેના સ્રોતો તથા તેમની ફાળવણીની વિગતો ધરાવે છે. તેના 3 મુખ્ય/મોટાં પાસાંઓ છે:

1. ગ્રામ્ય સ્થાનિક એકમોએ તેમને કામો ફાળવ્યાં છે તથા રાષ્ટ્રીય/રાજ્ય સ્તરે આયોજનો વડે કરાયેલ કાર્યો. આ આયોજનોને તેમના પોતાના ફાળવાયેલ સ્રોતો પણ હોય છે. DPC અમલીકરણની

ખાતરી આપે છે.

2. શહેરી સ્થાનિક એકમો વડે તેમને ફાળવાયેલ કાર્યો તેમ જ રાષ્ટ્રીય/રાજ્ય સ્તરના આયોજન વડે ફાળવાયેલ કાર્યો પણ, સ્રોતો પણ ફાળવાયેલ હોય છે, તેમણે આયોજન તથા અમલીકરણની ખાતરી કરવાની હોય છે.
3. શહેરી તથા ગ્રામ્ય સ્થાનિક એકમોનાં આયોજનો ભેગાં કરવાં તથા છેવટે તેમને જિલ્લાની અંદર કાર્યમાં લેવાં.

જિલ્લા આયોજન સમિતિ આ ત્રણેય પાસાંઓનું ધ્યાન રાખે છે તથા પછી તેનાં પોતાનાં આયોજન ઉમેરે છે. નીચેનાં મહત્ત્વનાં પાસાંઓને પણ ધ્યાનમાં લેવાય છે.

1 સ્વ મદદ જુથો, સહકારી સમિતિઓ વગેરે તે પોતાની પ્રવૃત્તિઓ હોય છે, જે આયોજનોનું વિસ્તરણ કરે છે.

2 વ્યાવસાયીક બેંકો (જાહેર તથા ખાનગી ક્ષેત્રો) નાબાર્ડ, કૉ. ઑપરેટીવ બેંકો તથા સમાંતર બેંકની સ્થાનિક શાખાઓને પોતાની પ્રવૃત્તિઓ હોય છે, જે આયોજનોનું વિસ્તરણ કરે છે.

3 જિલ્લાઓનાં, સ્વૈચ્છિક સંસ્થાઓનાં તથા બીજાં પક્ષ આયોજનોના વડે.

4. બીજા ખાનગી એજન્ટોનાં આયોજનો હોય છે જેની સરકારી પ્રવૃત્તિઓ પર અસર હોય છે, અથવા તેઓ અપેક્ષા રાખે છે કે જ્યાં સુધી તેમના કાર્યક્ષેત્રને લાગેવળગે છે ત્યાં સુધી સરકાર તેમના વિકાસ કાર્યોમાં પ્રતિભાવ આપશે.

**જિલ્લા સ્તરનાં આયોજનોની અગ્રતા:**

1. પાયાની લઘુત્તમ જરૂરીયાતો (પીવાનું પાણી, ઘર વગેરે)
2. પાયાની સેવાઓ (શિક્ષણ, આરોગ્ય વગેરે)
3. ગ્રામ્ય વ્યાવસાયિક કેન્દ્ર
4. સામાન્ય આર્થિક વિકાસ.

પંચાયતી રાજ તંત્ર માટે 28 - 29 ઑગષ્ટ 2004ના માયસોરમાં ભરાયેલ રાજ્ય કક્ષાના પ્રધાનોની ગોળમેજી પરિષદની ભલામણ

ટેકનીકોની વિશાળ શ્રેણી ઉપલબ્ધ છે, પરંતુ પ્રક્રિયાને કેવી સગવડ અપાય છે તથા આ સગવડ લોકોને સશક્ત કરવાની દૃષ્ટિથી અપાય છે, કે જેથી તેઓ વધુ આત્મવિશ્વાસુ તથા સ્વનિર્ભર બને તથા સાધન સંપત્તિનો સમાન વિતરણની ખાતરી માટે પોતાના નિર્ણયો કરવા સક્ષમ બને તેના પર ઘણો આધારે છે.

# 17. વિકાસ કાર્યક્રમોનું સંકલન

ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા માટે ગરીબો, ખાસ કરીને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને મહિલાઓ જેવા છેવાડાના જૂથો માટે, મોટા પ્રમાણમાં જાહેર રોકાણ કરવામાં આવી રહ્યું છે. 11મી પંચવર્ષીય યોજનામાં વિવિધ ક્ષેત્રોમાં ખર્ચની જોગવાઈમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ તેટલા માત્રથી જ પરિસ્થિતિ સુધરી જાય એવું બનતું નથી. ગરીબી નિવારણ અસરકારક રીતે કરવા માટે જુદાં જુદાં ક્ષેત્રોમાં જે વ્યૂહરચનાઓ અપનાવાઈ રહી છે તેમાંના પ્રયાસોને ઈષ્ટતમ કરવાની જરૂર છે. જળસ્રાવ વિકાસ કાર્યક્રમો, રાષ્ટ્રીય કૃષિ વિકાસ કાર્યક્રમ કે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના (NADP/RKVY), રાષ્ટ્રીય બાગાયત મિશન (NHM), કૂવા ખોદીને ભૂગર્ભ જળને કૃતિમ રીતે રિચાર્જ કરવાની યોજના (ARGW) અને જળાશયોના સમારકામ, નવસર્જન અને પુનર્સ્થાપનની યોજના (RRRWB), પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF ), રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ (૭૯૬) વગેરે જેવા વિવિધ કાર્યક્રમોને MGNREGA (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી ધારા) સાથે જોડવામાં આવે તો ગ્રામ વિસ્તારોમાં વધારે સારું આયોજન અને અસરકારક રોકાણ થશે. ગ્રામ વિસ્તારોમાં આવા નવતર પ્રયાસોથી વિકાસ વધારવા માટેની નવી તકો ઊભી થશે. 11મી પંચવર્ષીય યોજનામાં પાંચ વ્યૂહરચનાઓ સૂચવાઈ છે (i) પંચાયતી રાજ સંસ્થાઓમાં સુધારો (ii) વહીવટી તંત્રને મજબૂત કરવું (iii) સંસાધનોનું સંધાન કરવું (iv) સેવાઓ પૂરી પાડવા માટેનું વૈકલ્પિક તંત્ર ઊભું કરવું

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

અને (v) યોજનાઓની માર્ગરેખાઓમાં નિહિત અવરોધો દૂર કરવા.

11મી યોજનાની એક વ્યૂહરચના છે ઈષ્ટતમ ઉપયોગ માટે સંસધાનોને જોડવા. એ યોજનાઓનો લાભ જે એક જ લાભાર્થીને મળવાનો જરૂરી હોય એને મળે તે માટે બધી યોજનાઓને સાંકળવામાં આવે. કોઈ પણ એક વિસ્તાર કે કોઈ પણ વ્યક્તિ કે કોઈ પણ જૂથના સંદર્ભમાં પણ આ બની શકે.

સંધાનને પરિણામે વિવિધ સરકારી કાર્યક્રમો અને યોજનાઓ વચ્ચે આયોજન, પ્રક્રિયા અને અમલની બાબતમાં સંકલન ઊભું થાય છે. જે વિકાસલક્ષી પરિયોજનાઓ અને યોજનાઓનો અમલ સરકારની વિવિધ સંસ્થાઓ અને ખાતાંઓ દ્વારા કરવામાં આવે છે તેમની વચ્ચે અસરકારક રીતે સંસાધન ઊભું થાય તે એક મોટો પડકાર છે.

બે સ્તરે સંધાન ઊભું કરવાની જરૂર છેઃ

(i) વિવિધ સંસ્થાઓ અને ખાતાં દ્વારા વિવિધ ક્ષેત્રોની યોજનાઓ તૈયાર કરવા માટે સ્થાનિક સ્તરે સંસાધનોની ફાળવણી અને આયોજનના તંત્રને મજબૂત કરવું.

(ii) વિવિધ મંત્રાલયો કે ખાતાં દ્વારા જારી કરાયેલી વિવિધ માર્ગરેખાઓ હેઠળ તૈયાર કરાયેલી યોજનાઓને મંજૂરી આપવા અને તેમના અમલ માટે સંસ્થાકીય તંત્ર.

સ્થાનિક સ્તરે આયોજન માટે 73મો બંધારણ સુધારો અને વિકેન્દ્રીકરણ તથા લોકકેન્દ્રી વિકાસ માટેનો તર્ક એ પાયો છે. જિલ્લા આયોજન સમિતિ વિશે વિકેન્દ્રિત આયોજનના માળખા તરીકે બંધારણમાં જોગવાઈ કરવામાં આવી જ છે. જિલ્લા આયોજન સમિતિ, તાલુકા સ્તરની સમિતિ અને પંચાયત સ્તરની સમિતિ લોકકેન્દ્રી આયોજન કરે અને સંસાધનોની ફાળવણી કરે એ જરૂરી છે. આયોજનની પ્રક્રિયા નીચેથી ઉપરની હોય એ જરૂરી છેઃ પહેલાં ગામમાં આયોજન થાય, તેને આધારે તાલુકામાં આયોજન થાય અને પછી એને આધારે જિલ્લામાં આયોજન થાય.

લોકોને સંસાધનો તરીકે જોવાં જોઈએ અને સ્થાનિક વિસ્તાર માટે આયોજન કરવાની ક્ષમતા તેઓ ધરાવે છે એમ સમજવું જોઈએ. તેનું કારણ એ છે કે તેઓ સમસ્યાઓને સૌથી સારી રીતે સમજે છે અને એ સમસ્યાઓના ઉકેલો શોધવાનું જ્ઞાન પણ તેમની પાસે છે. આ પ્રક્રિયાને માટે વધારે મોકળાશ ઊભી કરવી જોઈએ અને ટેક્નોલોજીની ખાઈ હોય તો તે દૂર કરવી જોઈએ.

છેક નીચેથી આયોજન કરવામાં આવે તો વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ વચ્ચે સંધાન ઊભું થાય. આ યોજનાઓ અને કાર્યક્રમોના અમલમાં પણ સંધાન ઊભું કરવાની જરૂર હોય છે. પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત કરીને આ સંધાન સાધવાનું સિદ્ધ થઈ શકે. વિકાસ ક્ષેત્રના વિવિધ કર્મચારીઓ અને ચૂંટાયેલા સભ્યોની સત્તાઓ કઈ કઈ છે તેની મર્યાદાઓ સ્પષ્ટ રીતે અંકાઈ જવી જોઈએ. જ્યાં સત્તાધિકાર બેવડાતો હોય ત્યાં તે દૂર કરાય કે જેથી નાણાં અને શક્તિનો બગાડ ના થાય. એક વાર અમલ માટે યોજના તૈયાર થઈ જાય પછી યોજના અનુસાર ભંડોળની ફાળવણી થાય તે જરૂરી છે. પંચાયત સ્તરે વિવિધ કામો નક્કી કરવામાં આવે અને પંચાયતો દ્વારા જ અમલ થાય. સંસ્થાકીય માળખું ઊભું કરવાની જરૂર છે કે જેથી બધી જ યોજનાઓને એક જ સ્થળેથી મંજૂરી મળી જાય અને એ યોજનાઓ માટે ભંડોળની ફાળવણી પણ એક જ જગ્યાએથી થાય. વિવિધ ખાતાંઓ ટેકનિકલ ટેકો પૂરો પાડે અને તે અમલમાં સામેલ ના થાય.

**સંધાનની પ્રક્રિયા**

વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ વચ્ચે સંધાનથી પ્રક્રિયા ચલાવવી એ મુશ્કેલ જણાય છે, પરંતુ દેશમાં અને વિવિધ રાજ્યોમાં સંધાન માટેનાં નવતર મોડેલ અને તંત્રો ઊભાં કરવામાં આવ્યાં છે. વિવિધ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ વચ્ચેના સંધાનનું માળખું તૈયાર કરવાના પ્રયત્નો થયા છે. સંધાન માટેનું આવું એક માળખું આયોજન દ્વારા શક્ય છે.

સ્થાનિક સરકાર દ્વારા સ્થાનિક સ્તરે સહભાગી આયોજન થાય તો લોકોમાં માલિકીની ભાવના મજબૂત બને છે અને તેનાં સ્થાનિક સ્તરે વધારે સારાં પરિણામો મળે છે. જો કે, અત્યારે વિવિધ ક્ષેત્રોમાં જે તે ક્ષેત્રમાં પ્રાપ્ય સંસાધનોનો ઉપયોગ કરવા માટે આયોજન કરવામાં આવે છે. વિશેષીકરણ વધી રહ્યું છે અને ક્ષેત્રવાર વિકાસ ઉપર ભાર મૂકવામાં આવે છે. એટલે કે જે તે ક્ષેત્ર માટે આયોજન કરવામાં આવે છે અને તે માટેની માર્ગરેખાઓ જે તે વિભાગ કે મંત્રાલય દ્વારા જારી કરવામાં આવે છે. આવી ક્ષેત્રીય યોજના તૈયાર થાય તે બાદ તેમાંથી ઉપરથી નીચે સુધી સંકળાયેલી યોજના (Vertically Integrated Plan) તૈયાર થાય છે. કાર્યક્ષમ રીતે સંસાધનોનો ઉપયોગ કરવા માટે અને સ્થાનિક સરકારોને સક્રિય રીતે આ યોજનામાં સાંકળવા માટે આ પ્રકારની યોજનાની પ્રક્રિયાનું રૂપાંતર સમાંતર આયોજન પ્રક્રિયા (Horizontal Planning Process)માં થાય તે જરૂરી છે. તેને પરિણામે સ્થાનિક સરકારો અન્ય આયોજન સંસ્થાઓ સાથે મળીને કામ કરી શકે છે અને જે તે વિસ્તાર માટે સંકલિત યોજના તૈયાર કરી શકે છે. જિલ્લા આયોજન સમિતિઓ દ્વારા જિલ્લાની યોજનાઓ તૈયાર કરવા માટે પ્રયાસો થઈ રહ્યા છે.

કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારનાં ખાતાં જુદી જુદી માર્ગરેખાઓને આધારે અને વિવિધ વહીવટી અને સંસ્થાગત વ્યવસ્થાઓનો ઉપયોગ કરીને વિવિધ ગ્રામ વિકાસ કાર્યક્રમોનો અમલ કરે છે. ઘણી વાર જે કાર્યો સમાન હોય તેમને પણ વિવિધ સંસ્થાઓ અને વિભાગો વચ્ચે એ રીતે અલગ પાડી દેવામાં આવ્યાં છે કે જેને પરિણામે અનેક વિભાગો એક જ પ્રકારની પરિસ્થિતિઓમાં એક જ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે અને પરિણામે અલગ અલગ પરિણામો આવે છે. સંસાધનોનો બગાડ થાય છે અને કામોના અમલ તથા સંગઠનાત્મક કાર્યોમાં વિલંબ થાય છે. સ્થાનિક સરકારના વિવિધ સ્તરે સમાંતર આયોજન પ્રક્રિયાને સુગમ બનાવવા માટે હાલ જે ક્ષેત્રવાર માર્ગરેખાઓ વિવિધ વિભાગોમાં છે તેમાં સુધારા કરવાની જરૂર છે કે જેથી આયોજન, મંજૂરી, ભંડોળ છૂટું કરવું અને કાર્યક્રમો પર દેખરેખ અને તેમના મૂલ્યાંકનમાં એકરૂપતા આવે.

સંધાન સાધવાનો એક બીજો રસ્તો છે મહત્ત્વના મોટા કાર્યક્રમોને પરસ્પર જોડવા. સ્થાનિક વિસ્તારોના વિકાસ માટે જ મહત્ત્વના મોટા કાર્યક્રમો ચાલે છે તેમાં MGNREGA, SGSY, SSA, BRGF, PMSGY, FAY, MDMS, NRHM અને RKVYનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોની પ્રક્રિયા અને કાર્યવાહીઓમાં ઘણી સમાનતા હોય છે. આ મહત્ત્વના મોટા કાર્યક્રમોમાં સંકલન અને સંધાન સાધવા માટે તેમની તમામ માર્ગરેખાઓમાં સંકલનની વાત કરાઈ છે. એ બધાનો પાયો જિલ્લા સ્તરે સ્થાનિક આયોજન અને એકત્રીકરણમાં રહેલો છે. તફાવત ફક્ત મંજૂરીની વ્યવસ્થામાં અને અમલ માટેની સંસ્થા અને તંત્રમાં છે.

મોટે ભાગે જુદા જુદા વિભાગો ભંડોળની ફાળવણીને ધ્યાનમાં રાખીને માર્ગરેખાઓને આધારે જિલ્લા સ્તરે દરખાસ્તો તૈયાર કરે છે. આ પ્રક્રિયામાં આયોજનમાં પંચાયતો કેન્દ્ર સ્થાને રહેતી નથી અને

નીચલા સ્તરની યોજનાઓનું સંકલન ઉપલા સ્તરની યોજનાઓમાં થતું નથી. આયોજન કરનારાં અનેક એકમો છે અને તેમની વચ્ચે કોઈ સમાન મંચ નથી. કેન્દ્ર સ્તરે કે રાજ્ય સ્તરે યોજનાઓને મંજૂરી આપવામાં આવે છે અને તે અગાઉ ટેકનિકલ અને નાણાકીય મૂલ્યાંકન કરવામાં આવે છે. જે તે મંત્રાલય દ્વારા રચાયેલી મંજૂરી સમિતિ દ્વારા નાણાકીય મંજૂરી આપવામાં આવે છે અને વિભાગીય અધિકારીઓ દ્વારા ટેકનિકલ મંજૂરી અપાય છે. સામાન્ય રીતે જિલ્લા સ્તરેથી વહીવટી મંજૂરી અપાઈ જાય તેને આધારે ટેકનિકલ મંજૂરી અપાય છે. જિલ્લા સ્તરની સંસ્થાઓ દ્વારા ભંડોળ છૂટું કરવામાં આવે છે. જે તે કાર્યક્રમના પરિયોજના અધિકારી કે વિભાગ દ્વારા કાર્યક્રમનો અમલ કરવામાં આવે છે, તેના ઉપર દેખરેખ રખાય છે અને નિર્ધારિત સમયાંતરે અહેવાલ તૈયાર કરવામાં આવે છે.

**MGNREGA દ્વારા સંધાન**

MGNREGA સાથે આંતરક્ષેત્રીય કાર્યક્રમનું સંધાન કરવામાં આવે તો ગ્રામીણ વિસ્તારોમાં વધારે સારું, આયોજન થઈ શકે અને અસરકારક રીતે રોકાણ થઈ શકે. સપ્ટેમ્બર-2005માં MGNREGAનો અમલ શરૂ થયો અને એક નવો ચીલો ચાતરાયો. અગાઉના વેતન રોજગારીના કાર્યક્રમો કરતાં આ કાનૂન જુદો છે કારણ કે તે અધિકાર - આધારિત અભિગમ ધરાવે છે. તેને પરિણામે જેઓ રોજગારી માગે તેમને તે પૂરા પાડવા માટે સરકાર કાયદાકીય રીતે જવાબદાર બને છે. તેનો ઉદ્દેશ ગ્રામ વિસ્તારોમાં પરિવારોના જીવનનિર્વાહની સલામતી વધારવાનો છે. તે માટે જે પરિવારો અકુશળ શારીરિક શ્રમ કરવા તૈયાર હોય તેમને 100 દિવસની વેતન રોજગારીની બાંયધરી આપવામાં આવે છે. એમ જણાયું છે કે MGNRGEA જીવનનિર્વાહને સલામત બનાવે, સ્થાનિક સ્તરે માળખાગત સવલતોના સંદર્ભમાં સંસાધનોનો પાયો ઊભો કરે, ગરીબી દૂર કરે અને લોકશાહીને મજબૂત કરે તેવી ગુંજાયશ ધરાવે છે. તેથી એ અગત્યનું છે કે વિકાસ માટેના અન્ય પ્રયાસો અને પરિયોજનાઓ સાથે તેનો સંબંધ જોડવામાં આવે કે જેથી તેમની ભેગી તાકાત અને સંસાધનોનો ઉપયોગ જે તે વિસ્તારના એકંદર વિકાસ માટે થઈ શકે.

રોજગાર બાંયધરી કાયદાની આંતરક્ષેત્રીયતાના સંદર્ભમાં અને ટકાઉ અસ્કામતો ઊભી કરવાની જરૂર છે એ અર્થમાં તથા મોટાભાગના વિકાસલક્ષી કાર્યક્રમોમાં જે લક્ષ્યાંક જૂથ હોય છે, તે જ MGNRGEAના કામદારો હોય છે એ હકીકતને ધ્યાનમાં લઈને ભારત સરકાર દ્વારા MGNRGEA દ્વારા વધારે સર્વગ્રાહી અને અસરકારક સંધાનની શક્યતાઓ શું છે તે તપાસવા માટે અને સંધાન માટેની વ્યૂહરચનાઓ સૂચવવા માટે એક કાર્ય દળની રચના કરાઈ હતી. એક સંધાન મોડેલ તૈયાર કરાયું છે. ભારત સરકારે 2009માં સંધાન માટેનું સામાન્ય માળખું અને વ્યાપક સિધ્ધાંતો અંગેની માર્ગરેખાઓ બહાર પાડી છે. MGNRGEA ના ભંડોળનું અન્ય સ્રોતોનાં ભંડોળ સાથે સંધાન થાય તો ટકાઉ અસ્કામતોનું સર્જન કરવામાં મદદ મળી શકે છે. દા. ત. કેન્દ્રિય નાણાં પંચ, રાજ્ય નાણાં પંચ અને રાજ્યના વિભાગો તથા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાંથી પ્રાપ્ય ભંડોળને MGNRGEA ના ભંડોળ સાથે ભેળવી શકાય અને જે કામો માન્ય છે તે કામો હાથ ધરીને સમુદાય માટે ટકાઉ અસ્કામતો બાંધી શકાય.

આ મોડેલમાં MGNRGEA જેવી જ આયોજનની પ્રક્રિયા અને કામો જે કાર્યક્રમો અને પરિયોજનાઓમાં છે તેમને ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. ભારતમાં 22 રાજ્યોમાં 122 જિલ્લામાં સંધાન અંગે પ્રાયોગિક પરિયોજનાઓ હાથ ધરાશે. પાંચ મંત્રાલયો કે કાર્યક્રમોમાં સંધાન માટે માર્ગરેખાઓ ઘડવામાં આવી

છે. તેમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR), કૃષિ મંત્રાલય, વન અને પર્યાવરણ મંત્રાલય, ગ્રામ વિકાસ મંત્રાલયની પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, જળ સંસાધન મંત્રાલયની યોજનાઓ અને જમીન સંસાધન વિભાગના જળસ્રાવ વિકાસ કાર્યક્રમનો સમાવેશ થાય છે.

આ માળખાનો માર્ગદર્શક સિધ્ધાંત એ છે કે MGNRGEAના માપદંડો અનુસાર જ સંધાન માટેનું આયોજન થવું જોઈએ: MGNRGEA માં જે કામો હાથ ધરી શકાય છે તે જ કામો સંધાનના ભાગરૂપે હાથ ધરી શકાય, વેતન તથા સાધન-સામગ્રીના ખર્ચ વચ્ચેનું પ્રમાણ 60:40નું રહે તથા કોન્ટ્રેક્ટરોને રાખી શકાય નહિ. વિવિધ વિભાગો અને એજન્સીઓની તેમની પોતાની પ્રવૃત્તિઓ માટે MGNRGEA ના ભંડોળનો ઉપયોગ વૈકલ્પિક સ્રોત તરીકે કરી શકે નહિ. સંધાનની સમગ્ર પ્રક્રિયામાં કેન્દ્રસ્થાને ગ્રામ પંચાયત રહેશે. સંધાન માટેના આ માળખામાં ત્રણ માપદંડો છેઃ ટેકનિકલ કોન્સોર્ટિયમની રચના, આયોજનના સ્તરે સમાવેશ અને નિશ્ચિત પ્રવૃત્તિઓ તથા કામોનો અમલ. સંધાનનું આયોજન સંચાલન, આયોજન અને કામોના સ્તરે કરવામાં આવ્યું છે.

ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે સંધાનના આ મૉડેલનો અમલ કરવા માટે વિવિધ વિભાગો સાથે મસલતો કરીને એક ટેકનિકલ કન્સોર્ટિયમની રચના કરવાની છે. ટેકનિકલ કન્સોર્ટિયમમાં નિષ્ણાતો અને ટેકનિકલ માણસો હશે કે જેઓ સંધાનના મોડેલના અમલ અંગે સલાહ આપે, તેના ઉપર દેખરેખ રાખે અને તેનું મૂલ્યાંકન કરે. MGNREGA હેઠળની રાજ્ય સ્તરની પરિષદ રાજ્ય સ્તરના ટેકનિકલ કોન્સોર્ટિયમ વિશે જવાબદારી લે અને DRDA જિલ્લાના ટેકનિકલ કોન્સોર્ટિયમ વિશે જવાબદારી લે તથા તાલુકા અધિકારી તાલુકા સ્તરના અને ગ્રામ પંચાયત ગ્રામ સ્તરના ટેકનિકલ કોન્સોર્ટિયમ વિશે જવાબદારી લે. ટેકનિકલ કાઉન્સિલમાં જુદા જુદા એ વિભાગોના પ્રતિનિધિઓ હોય કે જે વિભાગો સાથે સંધાન થવાનું હોય અને તેમાં જિલ્લા સ્તરે ગ્રામ વિકાસ વિભાગ અને પંચાયતી રાજ વિભાગ સામેલ થાય. ટેકનિકલ કોન્સોર્ટિયમ MGNREGA ની માર્ગરેખાઓ વિશે અને યોજનાઓ વિશે એ વિભાગ સાથે વાત કરે કે જો સંધાનની યોજનાઓનો ભાગ હોય. તે આયોજનની પ્રક્રિયા નક્કી કરે, સમુદાયના કાર્યકરો અને વપરાશકાર જૂથો સાથે અસરકારક IEC હાથ ધરે, સંધાન જેમની સાથે વિચારવામાં આવ્યું હોય તે સંસ્થાઓ અને વ્યક્તિઓને તાલીમ આપે, ટેકનિકલ રીતે કામોની યોગ્યતા તપાસે, ડિઝાઈન અને ટેકનોલોજીને તપાસે, માનવ સંસાધનો - નાણાકીય સંસાધનો અને માહિતી એકત્ર કરે, જે તે યોજનાની અસરનું મૂલ્યાંકન હાથ ધરે અને દસ્તાવેજીકરણ કરે અને તે માટે MGNREGA હેઠળના કામગીરીના નિર્દેશકોને આધાર ગણે.

આયોજનમા સંધાન કરવા માટે બે પ્રકારની યોજનાઓ તૈયાર કરવાની છે. વાર્ષિક યોજના અને જિલ્લા માટેની લાંબાગાળાની યોજના માટે દૃષ્ટિકોણ યોજના (perspective plan). દૃષ્ટિકોણ યોજના જિલ્લામાં તમામ ક્ષેત્રોમાંની જરૂરિયાતો ઓળખી કાઢશે અને જિલ્લામાં MGNREGA હેઠળનું કયું કામ હાથ ધરવું તે નક્કી કરશે. વિભાગની પ્રોજેક્ટ યોજનાઓ ખૂબ જ મહત્વની છે. વિભાગની યોજનાઓ બહુસ્તરીય હોઈ શકે છે. આ વિભાગીય યોજનાઓને MGNREGA ની યોજનાઓમાં ભેળવી શકાય છે. MGNREGA ની વાર્ષિક કાર્ય યોજનામાં ગ્રામસભા દ્વારા જેમની ભલામણ કરાઈ છે તે પરિયોજના સંપુટ (Shelf of Projects) હશે. વાર્ષિક કાર્ય યોજના વ્યાપક રીતે દૃષ્ટિકોણ યોજના પર આધારિત

**રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી કાયદા હેઠળ માન્ય કામો**

1. જળ સંગ્રહ અને જળસંચય
2. દુકાળ પ્રતિરોધ, વનીકરણ અને વૃક્ષોનું વાવેતર
3. લઘુ અને સૂક્ષ્મ સિંચાઈનાં કામો સહિત સિંચાઈ માટેની નહેરો
4. સિંચાઈની સવલતોની જોગવાઈ, વૃક્ષોનું વાવેતર, બાગાયત, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની માલિકીની જમીનોનો વિકાસ, જમીન સુધારાના લાભાર્થીઓની જમીનોનો વિકાસ, ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓ અને બીપીએલ પરિવારોની જમીનોનો વિકાસ
5. તળાવો ઊંડા કરવા સહિત પરંપરાગત જળાશયોનું નવીનીકરણ
6. જમીન વિકાસ
7. પાણીનો ભરાવો થતો હોય તેવા વિસ્તારોમાં ગટર વ્યવસ્થા સહિત પૂર નિયંત્રણ અને રક્ષણનાં કામો
8. ગ્રામ વિસ્તારોમાં બારમાસી રસ્તાઓ, રસ્તાઓના બાંધકામમાં જ્યાં જરૂરી હોય ત્યાં ગટરોનું બાંધકામ કરી શકાય. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં જે રસ્તાઓનો સમાવેશ થયો છે એ રસ્તાઓનો સમાવેશ MGNREGA માં ન થાય તેની કાળજી રાખવી. MGNREGA હેઠળ સીસી રોડનું બાંધકામ હાથ ન ધરાય. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના વિસ્તારોમાં રસ્તા બંધાય તેને પ્રાથમિક્તા આપવી
9. કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે મસલત કરીને અન્ય જે કોઈ કામ નક્કી કરે તે

હોય છે. તેને કાયદામાં જણાવાયા મુજબ ગ્રામ સભા, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત મંજૂરી આપે.

કામો દ્વારા સંધાન સાધી શકાય અને તે માટે MGNREGA દ્વારા ખૂટતી કડીઓ પૂરી શકાય કે જેની વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકાતી યોજનાઓમાં જરૂર છે. બધાં જ સંસાધનો એક જ પરિયોજનામાં આવે અને MGNREGA ના કામમાં એ રીતે મૂલ્ય વૃદ્ધિ થાય, અને એ કામ માટે ટેકનિકલ ટેકો પૂરો પડાય. તેથી MGNREGA હેઠળના કામનાં આયોજન, પસંદગી અને અમલમાં ગુણવત્તા જળવાય. જળ સંગ્રહ કે જળનું જતન, દુકાળનો પ્રતિરોધ, લઘુ અને સૂક્ષ્મ સિંચાઈની નહેરો, પરંપરાગત જળાશયોનું નવીનીકરણ, બાગાયત, જમીન વિકાસ, પૂર નિયંત્રણ અને રક્ષણનાં કામો, પાણીનો ભરાવો થતો હોય તેવા વિસ્તારોમાં પાણીના નિકાલ માટેની ગટરો અને ગ્રામીણ રસ્તા દ્વારા સંધાન ઊભું કરવાની દરખાસ્ત છે.

સંધાનની યોજનામાં પંચાયત કેન્દ્રસ્થાને છે. તાલુકા પંચાયત માટે જે ભૂમિકા વિચારવામાં આવી છે તે ટેકનિકલ ટેકાની છે. પરંતુ ગ્રામ પંચાયત સ્તરે માનવ સંસાધનો અને નાણાકીય સંસાધનો નથી અને

તાલુકા પંચાયત સ્તરે છે, એ હકીકતને ધ્યાનમાં રાખીએ તો મોટા ભાગનું આયોજન અને અમલ તાલુકા સ્તરે જ થાય છે. વિવિધ વિભાગોનું મોટા ભાગનું ભંડોળ તાલુકા પંચાયત સ્તરે તબદીલ કરવામાં આવે છે અને પછી તેઓ પરિયોજનાઓનો અમલ કરે છે. MGNREGA ના કિસ્સામાં પણ, આયોજન અને અમલ માટેનું એકમ ગ્રામ પંચાયત છે તેમ છતાં, ભંડોળ અને માણસો બંને તાલુકા પંચાયત સ્તરે જ પ્રાપ્ય છે. જરૂરી ક્ષમતા વિના ગ્રામ પંચાયત સ્તરે સંધાન સાધવાનું મુશ્કેલ બનશે. તેથી તાલકા અને ગામ સ્તરે સંસાધન જૂથની તાલીમ દ્વારા ક્ષમતા નિર્માણ થાય તે જરૂરી છે અને તે સંધાનની પધ્ધતિથી થાય. ક્ષમતા નિર્માણની સાથે સાથે પંચાયતોને ભંડોળ અને માણસોની સોંપણી થાય તે મહત્ત્વનું છે. MGNREGA ની કામોની વાર્ષિક યોજના અને જે તે વિભાગ દ્વારા હાથ ધરાતી પરિયોજનાઓ વચ્ચે પૂરકતા ઊભી કરવામાં તેનાથી મદદ મળશે.

**ગુજરાતમાં સંધાન**

છેક 2003માં ગુજરાત સરકારે તેના નાગરિકોના અને ખાસ કરીને સમાજના સૌથી વધુ અસહાય અને લાભવંચિત વર્ગોના જીવનની ગુણવત્તા નાણાકીય અને માનવ સંસાધનોને એકત્ર કરીને સુધારવા માટે નિર્ણય લીધો હતો. ગુજરાત સરકારે રાજ્ય માટે સંધાનની પરિયોજના ઘડવા એક પ્રયોગ હાથ ધર્યો હતો. તેનો હેતુ સામાજિક ક્ષેત્રની યોજનાઓને એકસૂત્રે બાંધવાનો હતો કે જેથી મહત્તમ અસર ઊભી કરી શકાય અને અછતવાળાં નાણાકીય સંસાધનોનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય. આ પરિયોજનામાં સમુદાયની સક્રિય સામેલગીરી પણ વિચારવામાં આવી હતી. તેનો સમયગાળો 2003-06નો 3 વર્ષનો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શિક્ષણ, ખાણ અને ઉદ્યોગ, મહિલા અને બાળ વિકાસ, ગ્રામીણ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ એમ પાંચ વિભાગો આ પરિયોજનામાં સહભાગી થયા હતા. તે માટે સાત જિલ્લામાંથી એક-એક તાલુકો પસંદ કરાયો હતો. કેટલાક નિર્દેશકો નક્કી કરાયા. તેમાં સમુદાય દ્વારા તૈયાર કરાયેલી ગ્રામ યોજનાઓને આધારે સંધાન થાય, તેમાં 3 વર્ષ માટેની ગામની જરૂરિયાતો અને પ્રાથમિક્તાઓ નક્કી કરવામાં આવે. ગામની વિવિધ યોજનાઓમાંથી ગ્રામ પંચાયતની યોજના બને. ગ્રામ પંચાયતોની યોજનાઓમાંથી તાલુકા પંચાયતની યોજના બને અને વિવિધ ખાતાંઓની માગણીઓને ધ્યાનમાં લઈને જિલ્લાની યોજના તૈયાર થાય. તેમાં તાલુકાની યોજનાઓ અને જિલ્લાની ક્ષેત્રીય યોજનાઓ પણ ધ્યાનમાં લેવાય. આ યોજનાને અને વિવિધ વિભાગોનાં વિવિધ કાર્યક્રમોને સાંકળી શકાય અને એક યોજનામાં સંધાન કરી શકાય. આ સૂક્ષ્મ સ્તરીય આયોજન વિવિધ વિભાગોને આ પરિયોજનામાં યોજનાઓ દાખલ કરવા માટે માર્ગદર્શન આપી શકે છે.

2005માં MGNREGAના અમલ સાથે સંધાનના મોડેલને વેગ મળ્યો છે. ગુજરાતમાં પણ MGNREGA દ્વારા સંધાન સિદ્ધ કરવાના પ્રયાસો થયા છે. રોજગારી, ટકાઉ અસ્કામતોનું સર્જન, ગ્રામીણ માળખાગત સવલતોનું સ્તર સુધારવું અને યોજનાઓના લાભોને વધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. વન વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, જળસંગ્રહનાં કામો અને કાર્યક્રમોનો અમલ કરનારા વિભાગો, આદિ જાતિ વિકાસ વિભાગ અને કૃષિ વિભાગ સાથે સંધાનનું આયોજન કરાયું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો મારફતે પંચાયતોને પ્રાપ્ય ભંડોળ સાથે MGNREGAના ભંડોળનું સંધાન ટકાઉ સામુદાયિક અસ્કામતોના બાંધકામ માટે કરી શકાય અથવા MGNREGA હેઠળ માન્ય કામો માટે કરી શકાય.

વન વિભાગ સાથે રસ્તાની બંને બાજુ અને તળાવોના કિનારે વૃક્ષોનું વાવેતર, ચેક ડેમ, વનીકરણ, સામાજિક વનીકરણ, વન વિસ્તારોમાં રસ્તાનું બાંધકામ અને દુકાળનો પ્રતિરોધ વગેરે જેવી પ્રવૃત્તિ હાથ ધરી શકાય. આંતરિક રસ્તાઓનું બાંધકામ અને ગટરકામ, ગામો વચ્ચેના રસ્તા, એપ્રોચ રોડ, ગરનાળાં વગેરેનું આયોજન માર્ગ અને મકાન વિભાગ સાથે સંધાન સાધીને કરી શકાય. રસ્તાના બાંધકામમાં માટીકામ કરવાની અને કપચી પાથરવાની જરૂર હોય ત્યાં તે કામ MGNREGA હેઠળ હાથ ધરી શકાય અને ડામર લગાડવાનું તથા રોલિંગનું કામ રાજ્યના અંદાજપત્રના ભંડોળમાંથી હાથ ધરી શકાય. સિંચાઈ વિભાગ સાથે મળીને જળસંગ્રહ અને જળના જતન અંગેનાં કામો, લઘુ અને સૂક્ષ્મ સિંચાઈ અંગેના કામો, પરંપરાગત જળ સ્રોતોનું નવીનીકરણ, તળાવો ઊંડા કરવાં, પાણીનો ભરાવો થતો હોય તે વિસ્તારોમાં ગટરકામ, ચેકડેમ, પૂર નિયંત્રણ અને પૂરથી રક્ષણ વગેરે જેવાં કામો લઈ શકાય છે. જે માટીકામ હોય કે જેમાં મજૂરીકામ હોય, તે MGNREGA હેઠળ હાથ ધરી શકાય અને સાધન-સામગ્રી તથા માળખાગત સવલતોનું ખર્ચ કેન્દ્ર અને રાજ્ય સરકારના કાર્યક્રમોને આધારે કરી શકાય. તેમાં જળાશયોનું સમારકામ, નવીનીકરણ અને પુનર્સર્જન, વૃદ્ધિત સિંચાઈ લાભ કાર્યક્રમ, પૂર નિયંત્રણ અને નદી સંચાલનનાં કામો, કૂવા રિચાર્જ કરવાની યોજના, ભૂગર્ભ જળ સંચાલન અને નિયમન યોજનાનો સમાવેશ થઈ શકે છે. જમીન વિકાસ, આદિ જાતિ ખેડૂતોને લઘુ સિંચાઈની સગવડ પૂરી પાડવી, બાગાયતની પરિયોજનાઓ, નહેરનું ખોદકામ, ખેતરોમાં પાઈપલાઈન અને સિંચાઈ માટેના કૂવા વગેરે કામો આદિ જાતિ વિભાગ અને કૃષિ વિભાગ સાથે સંધાન સાધીને કરી શકાય છે. MGNREGA માંથી બાંધકામનાં કામો થાય અને સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) કે રાષ્ટ્રીય સમ વિકાસ યોજના (RSVY) હેઠળ માળખાગત સવલતોનું ખર્ચ થઈ શકે છે.

ગુજરાતમાં અનેક જિલ્લામાં સંધાનના મોડેલનો પ્રયોગ થઈ રહ્યો છે. ડાંગ અને દાહોદ જિલ્લામાં હાથ ધરાનારાં અનેક કામો કે એકમો માટે વિગતવાર યોજના તૈયાર કરાઈ છે અને MGNREGA તથા અન્ય યોજનાઓમાંથી તેના ખર્ચની વ્યવસ્થા કરાઈ રહી છે. વરસાદી પાણીનો સંગ્રહ, સિંચાઈ, ખેતીગત પ્રવૃત્તિઓનું વધારે સારું સંચાલન અને ક્ષમતાનિર્માણમાં સંધાન કરાઈ રહ્યું છે. નીકો ખોદવા માટે અને કૂવા બાંધવા માટે MGNREGA હેઠળ ખર્ચ કરી શકાય છે અને એ રીતે વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે છે, જ્યારે SGSY હેઠળ માળખાગત સવલતોનું ખર્ચ પાડી શકાય ચે. એ જ રીતે, રૂ. 3 કરોડનું મજૂરી ખર્ચ અને રૂ. 2 કરોડનું સામગ્રી ખર્ચ મળીને કુલ રૂ. 5 કરોડનાં ઉદ્વહન સિંચાઈ ખર્ચનાં કામો MGNREGA માં હાથ ધરી શકાય અને SGSY કે RSVY હેઠળ અન્ય ખર્ચા કરી શકાય. સામૂહિક સિંચાઈના કૂવા માટે અને ટપક સિંચાઈની સવલત ઊભી કરવા માટે MGNREGA માં ખર્ચો પાડી શકાય અને માળખાગત સવલતોનાં કામો માટે SGSY કે RSVY માંથી નાણાં ખર્ચી શકાય. વર્મિ કમ્પોસ્ટનાં કામો માટે સ્વસહાય જૂથોને સામેલ કરવામાં આવશે. તેમાં MGNREGA હેઠળ વેતન રોજગારી પૂરી પડાય અને સામગ્રીની જોગવાઈ SGSY કે RSVYમાંથી થઈ શકે.

એવું પણ આયોજન કરવામાં આવ્યું છે કે ભૂગર્ભ જળની યોજનાઓના સંધાનને કારણે ભૂગર્ભ જળ રિચાર્જ, 5000 એકર જમીનમાં સિંચાઈની સવલત પૂરી પડાશે અને પરિવારોની આવકમાં વધારો થશે. એ જ રીતે, ઉદ્વહન સિંચાઈને પરિણામે 5000 એકર જમીનમાં સિંચાઈ થશે અને તેનો લાભ 4120 પરિવારોને મળશે. વર્મિ કોમ્પોસ્ટથી પર્યાવરણ સુધરશે, કુદરતી ખાતરના ઉપયોગને પ્રોત્સાહન મળશે, અને રોજગારીમાં વધારો થશે. ખેતીગત કામોના વધુ સારા સંચાલન માટે ક્ષમતાનિર્માણ કરવા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્ર દ્વારા નિદર્શનો રજૂ કરાશે અને ટેકનિકલ ટેકો પૂરો પાડવામાં આવશે.

તાપી જિલ્લામાં સોનગઢ તાલુકાના કામદારોને ઘેરઘેર બેંકિંગ સવલત પૂરી પાડવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેને માટે સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા અને NIFD ની સહાય લેવામાં આવી છે. આ જિલ્લામાં નિરક્ષરતાનો દર ખૂબ ઊંચો છે અને બેંક ખાતાં ખોલાવવામાં તથા બેંક સાથે વ્યવહારો કરવામાં તેને લીધે ભારે સમસ્યાઓ ઊભી થતી હતી. કામદારો અને ખાસ કરીને મહિલા કામદારોને ભારે સમસ્યાઓ નડતી હતી. કામદારોએ સૌ પ્રથમ તો ગામમાં જ ખાતું ખોલાવવા માટે અરજી કરવાની હતી. આ અરજીઓ જિલ્લા સીડીવી (Customer Delivery Vertical) શાખાને સુપરત કરવાની હતી. તે તેની ચકાસણી અને ડિજિટલાઈઝેશન કરે. ફૉર્મની માહિતીને આધારે કસ્ટમર કાર્ડ તૈયાર થાય. કોઈ પણ વ્યવહાર ઉપર કોઈ ખર્ચ લેવામાં ન આવે. તમામ વ્યવહારો અને માહિતીની તબદીલી GPRS સાથે થાય. ઘરઆંગણે બેંકિંગ સવલતમાં રોકડ થાપણ, રોકડ ઉપાડ, ખાતાની વિગતો અને સવલત ફિંગરપ્રિન્ટ, કાર્ડ ઉપર ફોટા, ઑડિટની વ્યવસ્થા વગેરેથી ખૂબ જ સલામત બનાવવામાં આવી હતી. વળી, જુદી જુદી બેંકો દ્વારા અપનાવાતી જુદી જુદી વ્યવસ્થાઓ વચ્ચે સંકલન થાય તે માટે વ્યાપક રીતે સ્વીકૃત એવાં ધોરણો પણ અપનાવવામાં આવ્યાં છે. આ પ્રયોગ ઓછો ખર્ચાળ સાબિત થયો છે અને તેનાથી નાણાંની સમયસર વહેંચણી શક્ય બની છે. સોનગઢ તાલુકામાં 23,000 લોકોને રોજગારી અપાઈ છે અને અત્યાર સુધીમાં રૂ. 2.23 કરોડનું વેતન વહેંચવામાં આવ્યું છે. અનેક ઉપયોગો માટેનું કસ્ટમર કાર્ડ આપવાના, સિલકની ખુલ્લંખુલ્લા જાહેરાત કરવાના અને સુસંગત સૉફ્ટવૅર સાથે MIS માં જોડાણ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પંચમહાલ જિલ્લામાં અનેક રીતે સંધાન સાધવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. દરેક પ્રોજેક્ટમાં સંધાનના અમલ માટેની વ્યૂહરચના અને અસરના મૂલ્યાંકનનો પણ આ પ્રયાસોમાં સમાવેશ થાય છે. તેમાં જે પ્રવૃત્તિઓ હાથ ધરાઈ છે તેમાં સામુદાયિક સિંચાઈ, સિંચાઈનાં વર્તમાન સ્રોતોનું નવીનીકરણ, જળસંગ્રહ, અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં પાકા રસ્તા, અપોષણનું નિવારણ તથા ગ્રામીણ જીવનનિર્વાહમાં વૃદ્ધિનો સમાવેશ થાય છે. મોટા ભાગના પ્રોજેક્ટ્સનો અમલ થઈ રહ્યો છે અને તેમની અસર માપવા માટેના સ્વતંત્ર અભ્યાસો કરવાની દરખાસ્ત છે. જો કે, સિંચાઈનાં વર્તમાન સ્રોતોના નવીનીકરણને લીધે 1265 હેકટર જમીનમાં સિંચાઈની સંભાવના વધી છે અને જળ સંગ્રહ પરિયોજનાને લીધે 30 લાખ ઘન મિટર જેટલી સંગ્રહ ક્ષમતા વધી છે અને રવી પાક 3 વર્ષમાં બમણો થયો છે.

કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ (NAP)નાં તમામ કામોનું સંધાન MGNREGA સાથે થવાનું છે. NAP હેઠળ કૃત્રિમ પુનર્સર્જન અને ગૌચર વિકાસનાં બે મોડેલનો અમલ થઈ રહ્યો છે. બંનેમાં 60 ટકા મજૂરી ખર્ચ અને 40 ટકા સામગ્રી ખર્ચની જોગવાઈ છે. ગૌચર વિકાસનાં કામો હેઠળ ઘાસચારાની જમીનનું પુનરુત્થાન, કાંટાળી વાડ અને રક્ષણ માટે ખાઈનું ખોદકામ, વનની જમીનમાં ઘાસચારો ઉગાડવો વગેરે કામો હાથ ધરવામા આવી રહ્યાં છે. કૃત્રિમ પુનર્સર્જન અન્વયે વન વિસ્તારોમાં વનીકરણ અને વનના જતન અંગેનાં કામો, માટીના બંધ દ્વારા જમીન સંરક્ષણ અને જળસંગ્રહનાં કામો અને વૃક્ષોના વાવેતરનાં કામો હાથ ધરાઈ રહ્યાં છે. 2009-12ના 3 વર્ષના ગાળા દરમ્યાન રૂ. 1297.60 લાખની દરખાસ્ત NAP હેઠળ તૈયાર કરવામાં આવી છે. આગામી ત્રણ વર્ષના ગાળા દરમ્યાન જે અન્ય કામોનું આયોજન થયું છે તેનાં મેનગ્રોવ્ઝનું પુનર્સર્જન, માટીની ભીંતનું બાંધકામ,

વન વિસ્તારની આસપાસ ખાઈનું ખોદકામ અને કાંટાળી વાડનું બાંધકામ, દરિયાકિનારે વૃક્ષોનું વાવેતર, દરિયાકિનારે આશ્રય સ્થાન તૈયાર કરવું અને સિલ્વી વિકાસનો સમાવેશ થાય છે.

**જિલ્લા આયોજનઃ BRGFમાં સંધાન માટેની વ્યવસ્થા**

પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (BRGF) એ ઉપરથી નીચે તરફના આયોજનના અભિગમને બદલે સ્થાનિક સ્તરે સહભાગી રીતે આયોજન કરવા માટેનો અભિગમ ધરાવે છે. તેમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓ કાર્યક્રમોનું આયોજન કરનારી અને તેમનો અમલ કરનારી સંસ્થાઓ બની છે. તેમાં એમ મક્કમપણે માનવામાં આવ્યું છે કે સ્થાનિક લોકશાહી સંસ્થાઓ સ્થાનિક સ્તરની ગરીબીને સમજવા માટે શ્રેષ્ઠ સંસ્થાઓ છે, તેઓ સમુદાયની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ વધારે સારી રીતે જાણી શકે છે અને ગરીબીનો સામનો કરવાનો અનુભવ અને જ્ઞાન તેમની પાસે છે. વર્તમાન નાણાકીય ભંડોળથી સ્થાનિક માળખાગત સવલતોમાં રહેલી ખાઈ દૂર કરવાનો અને અન્ય વિકાસલક્ષી જરૂરિયાતો પરિપૂર્ણ કરવાનો, પંચાયતો અને નગરપાલિકાઓનું ક્ષમતાનિર્માણ કરવાનો અને તેમને આયોજન કરતી કરવાનો, તેઓ પોતે જ નિર્ણયો કરે, અમલ કરે અને દેખરેખ રાખે તે માટે તેમને સક્ષમ બનાવવાનો તથા સ્થાનિક જરૂરિયાતોનું તેઓ પ્રતિબિંબ પાડી શકે તે માટે તેમને સક્ષમ બનાવવાનો BRGF ઉદ્દેશ છે. દરેક પંચાયત અને નગરપાલિકાને આયોજન કરનારા એક એકમ તરીકે ગણવામાં આવશે. જિલ્લામાં પંચાયતો અને નગરપાલિકાઓ કાર્યક્રમનું આયોજન કરશે અને તેનો અમલ પણ કરશે. ગ્રામ વિસ્તારોમાં આયોજનની પ્રક્રિયામાં ગ્રામસભા અને વૉર્ડ સભા દ્વારા લોકભાગીદારી કલ્પવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં વિસ્તાર સભા અને વૉર્ડ સમિતિઓ દ્વારા લોકભાગીદારી વિચારવામાં આવી છે. જિલ્લામાં દરેક પંચાયત અને નગરપાલિકા દ્વારા સહભાગી યોજના તૈયાર કરાશે. તે યોજનામાં ક્ષેત્રીય યોજના, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ, MGNREGA, કેન્દ્ર અને રાજ્ય નાણાં પંચ અને ભારત નિર્માણ યોજના મારફતે આવતાં નાણાં જે તે પંચાયતના વિસ્તારમાં કેવી રીતે ખર્ચાશે તે બાબતને ધ્યાનમાં લેશે. પંચાયતો અને નગરપાલિકાઓ દ્વારા જે સહભાગી યોજનાઓ તૈયાર કરવામાં આવશે તે જિલ્લા સ્તરે એકત્ર કરીને જિલ્લાની યોજના બનાવાશે. જિલ્લાની આ યોજનામાં જિલ્લામાં પ્રાપ્ય તમામ નાણાકીય સંસાધનોને ધ્યાનમાં લેવાશે અને વિલંબ, બેવડાપણું, ગળતર અને અન્યત્ર ખર્ચ વિના તેમનો ઈષ્ટતમ ઉપયોગ થાય તેનું ધ્યાન રખાશે.

બંધારણની કલમ-243માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જિલ્લા સ્તરના આયોજન માટે તક ઊભી થઈ છે. જિલ્લા સ્તરે અને તેનાથી નીચલા સ્તરે આયોજન કરવા માટે અને લોકકેન્દ્રી વિકાસલક્ષી યોજના તૈયાર કરવા માટે 74મા બંધારણ સુધારામાં જિલ્લા આયોજન સમિતિ (DPC) ની રચનાની જોગવાઈ કરવામાં આવી છે. કલમ - 243 ZDમાં જિલ્લા આયોજન સમિતિની રચના વિશે વિગતવાર જોગવાઈઓ કરાઈ છે. જિલ્લા સ્તરના આયોજન પાછળનો ખ્યાલ એ છે કે સ્થાનિક વિસ્તારના વિકાસ માટે એક સંકલિત, સહભાગી અને સંયોજિત યોજના બને.

11મી પંચવર્ષીય યોજનાના ભાગરૂપે રચાયેલા નિષ્ણાંત જૂથે સ્થાનિક સ્તરના આયોજન માટે એક કાર્યલક્ષી કાર્યક્રમ તૈયાર કર્યો હતો અને સંકલિત જિલ્લા આયોજન દ્વારા આરોગ્ય, શિક્ષણ, રોજગારી, ગરીબી નિવારણ, ગૃહનિર્માણ અને ગ્રામીણ માળખાગત સવલતોની યોજનાઓ વધારે સારી રીતે તેના ઉદ્દેશો પાર પાડી શકે તેનું વિગતવાર વિવરણ માટેની નિયમાવલિ (મેન્યુઅલ)માં જિલ્લાની યોજનાઓ

તૈયાર કરવા માટેનાં પગલાંની રૂપરેખા આપવામાં આવી છે. આ સમગ્ર બાબતમાં કેન્દ્ર સ્થાને પંચાયતો છે. એવું માનવામાં આવે છે કે કાર્યક્રમો અને યોજનાઓનું સંધાન છેક નીચલા સ્તરેથી શક્ય બનશે.

ગરીબી નિવારણ, માળખાગત સવલતોનો વિકાસ અને સેવાઓનો પુરવઠો પૂરો પાડવામાં સુધારા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની અનેક યોજનાઓ મારફતે ખાસ્સું ભંડોળ પ્રાપ્ય હોય છે. પરંતુ આ મોટા ભાગનું ભંડોળ જુદી જુદી યોજનાઓ હેઠળ હોય છે અને તેથી તે ઈષ્ટતમ કરતાં ઓછું હોય છે. MGNREGA, NRHM, ICDS, પાણી પુરવઠા અને સફાઈ કાર્યક્રમ, સર્વ શિક્ષા અભિયાન, મધ્યાહન ભોજન યોજના, PMGSY, સિંચાઈ વિકાસ યોજના અને RKVY હેઠળ ભંડોળ પ્રાપ્ય છે. BRGFનો ઈરાદો એ છે કે આ તમામ સંસાધનોનો ઉપયોગ કાર્યક્ષમ રીતે થાય. BRGFનો ઉપયોગ જિલ્લાઓમાં જે ભંડોળ હાલ આવે છે તેમાં સ્થાનિક માળખાગત સલવત માટે જે ખાઈ હોય તે પૂરવા માટે અને તેમાં સંધાન સાધવા માટે કરી શકાય છે.

નાણાંનો પ્રવાહ કેવી રીતે વહેશે તેની વિગતો પણ નક્કી કરાઈ છે. બધાં જ નાણાં રાજ્યના એકત્રિત ભંડોળમાં તબદીલ કરવામાં આવશે અને ત્યાંથી તે 12મા નાણાં પંચની ભલામણ અનુસાર પંચાયતો અને નગરપાલિકાઓનાં ખાતાંમાં તબદીલ કરવામાં આવશે. મંજૂર થયેલા જે કામનો અમલ પંચાયતો કરતી હશે તેના હિસાબો અને છૂટાં કરાયેલાં નાણાંના ઉપયોગનું પ્રમાણપત્ર આપવાનાં રહેશે. રાજ્ય સરકારે ઠરાવેલી પેનલના વ્યવસાયી દ્વારા કામોનું ભૌતિક અને નાણાકીય ઑડિટ નિયમિતપણે કરવામાં આવશે. ગ્રામ વિસ્તારોમાં MGNREGA ની માર્ગરેખાઓમાં જણાવાયેલી પ્રક્રિયા અનુસાર ગ્રામ સભા કે વૉર્ડ સભા દ્વારા સામાજિક અન્વેષણ હાથ ધરવામાં આવશે. શહેરી વિસ્તારોમાં વિસ્તાર સભા કે વૉર્ડ સમિતિઓ દ્વારા સામાજિક અન્વેષણ હાથ ધરાશે. શહેરી વિસ્તારોમાં આ પ્રક્રિયા કેવી રીતે હાથ ધરાશે તેની વિગતો આપવામાં આવી નથી.

કામોના અમલમાં સંધાન સાધવા માટે પંચાયત સ્તરે તેનું તંત્ર તૈયાર કરવામાં આવ્યું છે. પંચાયતો અને પાલિકાઓ દ્વારા તમામ કામોનો અમલ જે તે પ્રવૃત્તિની નકશાંકન પ્રક્રિયા અને કામો માટે ફાળવાયેલાં નાણાં અનુસાર કરાશે. અમલ માટે તમામ નાણાં પંચાયતો અને નગરપાલિકાઓને તબદીલ કરવામાં આવશે. જો કે, જે કામ પંચાયતો અને પાલિકાઓના કાર્યક્ષેત્રની બહાર હશે તો કયો વિભાગ કે કઈ સંસ્થા તેનો અમલ કરશે અથવા પંચાયતો કે પાલિકા પાસે તે કામનો અમલ કરાવશે તે જિલ્લા આયોજન સમિતિ (DPC) નક્કી કરશે. તેમને જ દેખરેખ અને નિરીક્ષણની સત્તા હશે.

ગુજરાતમાં છ જિલ્લાઓ BRGF હેઠળ છેઃ બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, નર્મદા અને ડાંગ. માર્ગરેખાઓ અનુસાર તમામ છ જિલ્લાઓ માટે જિલ્લા કક્ષાની યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા પંચાયતોએ આ યોજનાઓને મંજૂરી આપી છે.

પંચમહાલ જિલ્લા માટે તમામ યોજનાઓ માટેની બિન-શરતી (untied) અપેક્ષિત ફાળવણી રૂ. 51 કરોડ છે. ક્ષેત્રવાર યોજનાકીય ફાળવણી કરવામાં આવી છે અને તેમાં રસ્તા, પીવાનું પાણી, સામાજિક કલ્યાણ, આરોગ્ય, સફાઈ અને કૃષિ ક્ષેત્રોને માટે સૌથી વધારે ફાળવણી કરવામાં આવી છે. આંગણવાડીઓના બાંધકામ માટે મહિલા અને બાળ વિકાસ યોજનામાંથી ભંડોળની ફાળવણી કરાઈ છે અને આરોગ્ય માટે નેશનલ રૂરલ હેલ્થ મિશન (NRHM) હેઠળ ફાળવણી કરવામાં આવી છે. એપ્રિલ-2010ના અંત સુધીના સમયગાળા દરમ્યાન પ્રાથમિકતાને ધોરણે 491 કામો ઓળખી કઢાયાં

છે. નર્મદા જિલ્લા માટે તમામ યોજનાઓમાંથી અપેક્ષિત ફાળવણી શરતી અને બિન-શરતી ભંડોળ સહિત રૂ. 78 કરોડ અંદાજવામાં આવી છે. સૌથી વધારે ખર્ચ રસ્તા, લઘુ સિંચાઈ, ગ્રામીણ ગૃહનિર્માણ, શિક્ષણ અને પીવાના પાણી માટે ઑગસ્ટ-2009થી એપ્રિલ-2010 દરમ્યાન અંદાજવામાં આવ્યું છે. ભંડોળ જે યોજનાઓ માટે અપેક્ષિત છે તેમાં લઘુ સિંચાઈ યોજના, પશુપાલન, શિક્ષણ, વૃદ્ધિત ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ, કૃષિ યોજનાઓ અને SCBC તાલુકા યોજનાનો સમાવેશ થાય છે. પ્રાથમિકતાને ધોરણે 170 કામો ઓળખી કાઢવામાં આવ્યાં છે. બનાસકાંઠામાં તમામ યોજનાઓ માટે રૂ. 33 કરોડની ફાળવણી થાય એવી અપેક્ષા છે. BRGFના ભંડોળ ઉપરાંત તેમાં સામાજિક વનીકરણ અને ખેત વનીકરણ તથા માનવ કલ્યાણ (ગરીબી નિવારણ કાર્યક્રમ)માંથી પણ ભંડોળ મેળવવામાં આવી રહ્યું છે. દાહોદ જિલ્લા માટે અપેક્ષિત બિનશરતી ફાળવણી રૂ. 8.85 કરોડ છે અને સંપૂર્ણ સફાઈ યોજના તથા પશુપાલનમાંથી પણ ભંડોળ મેળવાઈ રહ્યું છે.

ગુજરાતમાં જે જિલ્લામાં BRGFનો અમલ થઈ રહ્યો છે ત્યાં જિલ્લા કક્ષાની યોજનાઓ તૈયાર થઈ ગઈ છે અને તે મંજૂર થઈ ગઈ છે. તેમને માટે BRGFના ભંડોળની સાથે સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓમાંથી નાણાં મેળવાઈ રહ્યાં છે કે જેથી સ્થાનિક માળખાગત સવલતોમાં રહેતી ખાઈ પૂરી શકાય અને ગરીબી નિવારણના ઉદ્દેશ સાથે સુધારેલી ગુણવત્તા સાથેની સેવાઓ પૂરી પાડી શકાય.

**સંધાન સિદ્ધ કરવા માટેના કેટલાક મુદ્દા**

વિકાસલક્ષી કાર્યક્રમો અને વિકાસલક્ષી પ્રયાસોમાં સંધાન સાધવું એ ઘણા લાંબા સમયથી રાજ્યોમાં વિકાસલક્ષી વહીવટી તંત્ર માટે એક ચિંતાનો મુદ્દો રહ્યો છે. સંધાન સાથે સંલગ્ન એવા કેટલાક મુદ્દાઓ નીચે આપ્યા છેઃ

### (1) અંકુશ ગુમાવવાનો ડર

તમામ માર્ગરેખાઓમાં જુદા જુદા કાર્યક્રમો વચ્ચે સંકલન અને સંધાન ઊભું થાય તેમ જણાવાયું હોવા છતાં વિવિધ વિભાગો વચ્ચે પરામર્શ થતો નથી. અન્ય વિભાગો દ્વારા આયોજિત પરિયોજનાઓ માટે નાણાં ફાળવવામાં હંમેશાં પ્રતિકાર ઊભો થાય છે. વિભાગોને એમ લાગે છે કે તેઓ તેમનાં સંસાધનો ઉપરનો અંકુશ ગુમાવે છે. સંધાન સાધવા માટે આ નાખુશી દૂર કરવી જ જોઈએ. રાજ્ય સ્તરે તમામ સંબંધિત ખાતાંએ એક પ્રકારે સર્વસંમતિ ઊભી કરવી જ જોઈએ અને તે જિલ્લા સ્તરે પહોંચાડવી જોઈએ કે જેથી તે સંધાનની પ્રક્રિયા શરૂ કરી શકે.

### (2) સંસ્થાગત મંચની ગેરહાજરી

હાલ સંધાન માટે કોઈ સંસ્થાગત મંચ નથી. વિભાગોના કર્મચારીઓ દ્વારા ઘણી વાર એવો સવાલ ઉઠાવવામાં આવે છે કે દેખરેખ કેવી રીતે રખાશે અને આયોજિત રીતે સંધાન કેવી રીતે થશે. જે વિભાગો સંધાન સાધવાનો પ્રયત્ન કરે છે એ વિભાગોની બહારથી સંસાધનો આવવાનાં હોય તો એ ઘણી વાર મુશ્કેલ બની જાય છે. વિવિધ વિભાગોએ દેખરેખ અને હિસાબની સમાન વ્યવસ્થા રાખવી જોઈએ નહિ તો એક જ કામની બેવડી નોંધની સમસ્યા ઊભી થઈ શકે છે. જુદા જુદા કાર્યક્રમોમાં એક જ કામની નોંધ ન લેવાય તે માટે યોગ્ય વ્યવસ્થા ઊભી થયેલી હોવી જોઈએ. હાલ, વિવિધ વિભાગોની નોંધની સામસામી ચકાસણી માટે કોઈ વ્યવસ્થા ઊભી થયેલી નથી.

### (3) વિવિધ વિભાગો વચ્ચે સંકલન

હાલ વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધવા અને સંસાધનો એકત્ર કરવા માટે કોઈ સક્ષમ સત્તામંડળ નથી. દા. ત. જિલ્લાના કલેક્ટર જેવા જિલ્લા સ્તરના અધિકારી સંધાન સાધવા માટે આદેશ અને સત્તા આપવાં જરૂરી છે. એવી પણ એક સામાન્ય લાગણી છે કે જિલ્લા સ્તરને બદલે રાજ્ય સ્તરે સંધાન સધાય તો તે વધારે ઉચિત છે અને તે વધારે સારું છે. વિવિધ વિભાગો વચ્ચેનું સંધાન ગ્રામ પંચાયત સ્તરે સંધાન ન પણ કરે. અનેક અભિગમોનો ઉપયોગ કરવો પડે તેમ છે.

### (4) ભંડોળ વિશે માહિતીનો અભાવ

ખાસ કરીને જે વિભાગો પાસે ઓછું ભંડોળ હોય અને પારસ્પરિક ભંડોળ પ્રાપ્તિની વ્યવસ્થા ના હોય તો ભંડોળ મેળવવા માટે સ્પર્ધા ઊભી થાય છે. પ્રાપ્ય ભંડોળ વિશેની માહિતી મેળવવાનું મુશ્કેલ હોય છે. વિવિધ ક્ષેત્રો હેઠળ જે ભંડોળ ફાળવાયું છે તેની કાં તો ખબર નથી, અથવા તેની વિગતો આપવાનો ઈન્કાર કરવામાં આવે છે. નાણાંના પ્રવાહ વિશે માહિતી ન મળે તો સંધાન ઉચિત રીતે થતું નથી.

### (5) સર્વગ્રાહી પ્રશિક્ષણ કાર્યક્રમનો અભાવ

હાલ કોઈ સંકલિત કે સર્વગ્રાહી તાલીમ કાર્યક્રમ નથી. દરેક વિભાગની તાલીમ જુદી જુદી છે અને ક્ષેત્રીય છે. સંધાન સાધવામાં તેનાથી મદદ ના મળે. વિવિધ વિભાગોનાં સંસાધનો એકત્ર કરવાની જરૂર છે કે જેથી એક સર્વગ્રાહી તાલીમ કાર્યક્રમ ઘડી શકાય અને તે સંધાન સાધવા માટે જરૂરી કુશળતા કર્મચારીઓમાં ઊભી કરે.

# 18. દેખરેખ અને મૂલ્યાંકન

દુનિયાભરમાં વિકાસ માટેના મોટા પ્રયાસો વિવિધ કાર્યક્રમો અને પરિયોજનાઓના સંદર્ભમાં વિચારવામાં આવ્યા છે અને પછી તેમનો અમલ કરવામાં આવ્યો છે. કેન્દ્ર અને રાજ્ય પ્રેરિત કાર્યક્રમોના અમલ માટે વિગતવાર માર્ગરેખાઓ તૈયાર કરવામાં આવતી હોય છે. તમામ કાર્યક્રમો અને પરિયોજનાઓ ઉપર નિયમિત દેખરેખ રખાય અને તેમના ઉપર નજર રખાય તે જરૂરી છે કે જેથી ઈચ્છિત હેતુ માટે જ સંસાધનો વપરાય અને યોજના મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરાય, ઉપરાંત, કોઈ પણ જાતના અવરોધ કે જોખમો વિના કાર્યક્રમ યોગ્ય દિશામાં આગળ ધપે અને તેના હેતુઓ સિદ્ધ થાય.

**દેખરેખ:**

યુરોપિયન કમિશન દ્વારા દેખરેખ (Monitoring) વિશે આ મુજબ વ્યાખ્યા આપવામાં આવી છે: "સંચાલકીય નિયંત્રણ અને નિર્ણય પ્રક્રિયા માટે માહિતીનું પદ્ધતિસર અને સતત એકત્રીકરણ, વિશ્લેષણ અને ઉપયોગ." સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (United Nations Development Programme - UNDP) દ્વારા દેખરેખ વિશે આ મુજબ વ્યાખ્યા આપવામાં આવી છે. "દેખરેખ એ એક સતત ચાલતું કાર્ય છે કે જેનો હેતુ મુખ્યત્વે સંચાલકો અને મુખ્ય હિતધારકોને નિયમિત રીતે પ્રગતિ વિશે પ્રતિભાવ પૂરો પાડવાનો છે અને આરંભિક નિર્દેશકો પૂરા પાડવાનો છે અથવા ઈચ્છિત પરિણામો સિદ્ધ કરવામાં

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

રહેલી ખામી જણાવવાનો છે. દેખરેખ વાસ્તવિક કામગીરી કે પરિસ્થિતિ આયોજન કે અપેક્ષા મુજબ કાર્ય થઈ રહ્યું છે કે નહિ તે વ્યૂહરચનાઓ અને પરિણામે વિશેની માહિતી એકત્ર કરવામાં આવે છે અને તેનું વિશ્લેષણ કરવામાં આવે છે તથા સુધારાત્મક પગલાંની ભલામણ કરવામાં આવે છે." સીધા-સાદા શબ્દોમાં કહીએ તો, દેખરેખમાં આયોજિત કાર્યોના સંદર્ભમાં ચાલતી પ્રવૃત્તિઓની પ્રગતિ ઉપર નજર રાખવામાં આવે છે. કોઈ એક પ્રવૃત્તિના સંદર્ભમાં તેનો અમલ સંસાધનો, કામનું સમયપત્રક અને લક્ષ્યાંકો વિશે કેટલો થયો તે જોતા રહેવું એ દેખરેખ છે. કોઈ પરિયોજનાની યોજનાઓ, સંસાધનોનો ઉપયોગ, માળખાગત સવલતો અને સેવાઓનો પુરવઠો તથા લાભાર્થીઓ દ્વારા એ માળખાગત સવલતો અને સેવાઓનો પુરવઠો તથા લાભાર્થીઓ દ્વારા એ માળખાગત સવલતો અને સેવાઓનો ઉપયોગ વગેરેના સંદર્ભમાં પરિયોજનાના અમલનું સતત મૂલ્યાંકન કરતા રહેવું એ દેખરેખ છે. એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં સતત થઈ રહેલા અનુભવમાંથી મળતી શીખ વધતી જાય અને આયોજનની પ્રક્રિયા સુધરે તથા દરમ્યાનગીરીઓની અસરકારકતા સુધરે તે માટે નિયમિત પ્રતિભાવ મેળવવામાં આવે છે. આ બાબત અનુદાન આપનારી સંસ્થા અને અમલકર્તા સંસ્થા બંને માટે મહત્ત્વની છે, કે જેથી વિવિધ હિતધારકો અને ખાસ કરીને લક્ષ્યાંકિત જૂથો પ્રત્યેની પરિયોજનાનું ઉત્તરદાયિત્વ વધે.

સંચાલકો અને અમલકર્તાઓના દૃષ્ટિકોણથી જોઈએ તો દેખરેખ ખૂબ જ અનિવાર્ય બાબત છે. એક તરફ, દેખરેખને પરિણામે પરિયોજનાનાં વિધાયક પરિણામો ઓળખી કાઢી શકાય છે અને તે દૃઢીભૂત કરી શકાય છે. એવું જ પરિયોજનાની મજબૂત કડીઓ અને સફળતાઓની બાબતમાં પણ બને છે. બીજી તરફ, તે સંચાલકોને પરિયોજનાની વાસ્તવિક અને સંભવિત ખામીઓ, નબળાઈઓ અને સમસ્યાઓ વિશે બહુ મોડું થાય તે પહેલાં સચેત કરે છે. તેને પરિણામે પરિયોજનાના સંચાલકોને પરિયોજનામાં સમયસર સુધારાત્મક પગલાં ભરવાની અને જરૂરી ગોઠવણો કરવાની તક મળે છે કે જેથી કાર્યક્રમ કે પરિયોજનાની ડિઝાઈન સુધારી શકાય છે, કામની યોજનાઓ અને અમલની વ્યૂહરચનાઓમાં પણ સુધારા કરી શકાય છે. તેથી, સરળ શબ્દોમાં એમ કહી શકાય કે દેખરેખ એ સમયસર અને યોગ્ય રીતે સંસાધનો પૂરાં પડાયાં કે નહિ અને કાર્યક્રમોનો અમલ થયો કે નહિ તે જોતાં રહેવાની રાબેતા મુજબની પ્રક્રિયા છે. તે દરમ્યાનગીરી યોગ્ય માર્ગે છે કે નહિ તેની માહિતી પૂરી પાડે છે.

**મૂલ્યાંકનઃ**

ડૅનિશ ઈન્ટરનેશનલ ડૅવલપમેન્ટ એજન્સી (DIDA)એ જણાવ્યા અનુસાર મૂલ્યાંકન એ ચાલુ કે પૂરી થયેલી પરિયોજના, કાર્યક્રમ કે નીતિનું શક્ય તેટલું પદ્ધતિસરનું અને હેતુલક્ષી આકલન છે કે જે તેની ડિઝાઈન, અમલ અને પરિણામોના સંદર્ભમાં કરવામાં આવે છે. તેનું ધ્યેય હેતુઓની પ્રસ્તુતતા અને પરિપૂર્ણતા, વિકાસલક્ષી કાર્યક્ષમતા, અસરકારકતા, અસર અને ચિરંતનતા નક્કી કરવાનું છે. મૂલ્યાંકનથી એવી માહિતી મળવી જોઈએ કે જે વિશ્વસનીય અને ઉપયોગી હોય, ભંડોળ મેળનારાઓ અને દાતાઓની નિર્ણય પ્રક્રિયામાંથી પદાર્થપાઠ શીખવા મળ્યા હોય તે તેમાં આજે જ કરવા માટેની ક્ષમતા વધારે છે.

યુએનડીપી મૂલ્યાંકનને એક પસંદગીયુક્ત ક્વાયત ગણે છે કે જેમાં ધ્યેય તરફની પ્રગતિ અને સિદ્ધિનું પદ્ધતિસર વસ્તુલક્ષી મૂલ્યાંકન કરવામાં આવે છે. મૂલ્યાંકન એ કોઈ એક જ વખતની ઘટના નથી. પરંતુ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેના પ્રયાસો દરમ્યાન જુદા જુદા સમયે જે જ્ઞાન મળ્યું છે તે પ્રાપ્ત કરવાની

જરૂરિયાત તેમાં માપવામાં આવે છે. જુદા જુદા સમયે તેનો અવકાશ અને ઊંડાણ અલગ અલગ હોય છે. પરિયોજનાના મૂલ્યાંકન સહિતનું કોઈ પણ મૂલ્યાંકન પ્રસ્તુતતા, કામગીરી અને અન્ય માપદંડોથી આકલન કરે છે. તેમને તત્કાલીન પરિણામો કે અમલની સાથે જ સંબંધ હોતો નથી, પરંતુ લાંબા ગાળાનાં પરિણામ સાથે સંબંધ હોય છે.

સરળ શબ્દોમાં કહીએ તો, પરિયોજનાની કાર્યક્ષમતા, અસરકારકતા, અસર, ચિરંતનતા અને પ્રસ્તુતતા નક્કી કરવા માટે પરિયોજનાની પદ્ધતિસર અને સ્વતંત્ર જાંચ કરવામાં આવે છે. અમલકર્તા સંસ્થાઓ દ્વારા નક્કી કરાયેલા હેતુઓ પાર પાડ્યા કે નહિ તે તેમાં જોવામાં આવે છે. મૂલ્યાંકનમાં સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે થયો તે તપાસવામાં આવે છે. તેમાં પગારો, સાધન-સામગ્રી, સાધનો, લોકો વગેરેની તપાસ થાય છે. એને કાર્યક્ષમતા તરીકે ઓળખવામાં આવે છે, એ જ રીતે, તેમાં વસ્તુઓ અને સેવાઓનું ઔચિત્ય તપાસાય છે એટલે કે તેમનું ઉત્પાદન અને ગુણવત્તા ચકાસાય છે. તેનો ઈરાદો પરિયોજનાની અસરકારકતા કેટલી રહી તે ચકાસવાનો છે. મૂલ્યાકનમાં ઈચ્છિત પરિવર્તનો આવ્યાં કે નહિ અને વધારાની દરમ્યાનગીરી ન કરાય તો પણ એ પરિવર્તનો લાંબા ગાળા સુધી ટકી શકે એમ છે કે નહિ તે જોવામાં આવે છે.તેમાં માત્ર આંકડાકીય તપાસ નથી કરાતી પરંતુ કુશળતા, વલણ, વર્તન, જીવનની ગુણવત્તામાં ફેરફાર, જાહેર નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારીનું સ્તર, સશક્તિકરણ, જૂથનું મજબૂતીકરણ વગેરે જેવી ગુણાત્મક બાબતોને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. કોઈ પણ પરિયોજનાની સફળતા નક્કી કરવામાં આ ગુણાત્મક પરિબળો ખૂબ જ અગત્યનાં છે.

પરિયોજનાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે મૂલ્યાંકનનો ઉપયોગ પ્રવૃત્તિઓ, સંસાધનો અને સાધનોની પસંદગી કરવા માટે કરી શકાય છે. ભાવિ કાર્યકર્મો માટે અમલની પદ્ધતિઓ નક્કી કરવા માટે તે ઉપયોગી માર્ગદર્શિકા બની શકે છે. જો મૂલ્યાંકનની પ્રક્રિયામાં વિવિધ હિતધારકો સામેલ થયેલા હોય તો તેઓ ઉત્તરદાયિત્વના સાધન તરીકે પણ મૂલ્યાંકનનો ઉપયોગ કરી શકે છે.

**મહત્ત્વના પારિભાષિક શબ્દોઃ**

મૂલ્યાંકન અને દેખરેખમાં કેટલાક પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. દેખરેખ કે મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં આ શબ્દોની સમજ મેળવવી અત્યંત જરૂરી છે.

**અસર મૂલ્યાંકન (Impact Assessment):**

પરિયોજનાને પરિણામે તેના અમલના વિસ્તારમાં સીધી કે આડકતરી રીતે જે વિધાયક કે નકારાત્મક પરિણામો આવે તે.

**ચિરંતનતા (Sustainability):**

અમલકર્તા સંસ્થા પરિયોજના માટેની સહાય પૂરી થઈ ગયા પછી પણ કેટલે અંશે પરિયોજનાના હેતુઓ સિધ્ધ કરવાનું ચાલુ રાખી શકે છે તે.

**પ્રસ્તુતતા (Relevence):**

ઓળખી કઢાયેલી પ્રાથમિકતા ધરાવતી જરૂરિયાતો અને નિસ્બત ધરાવતી બાબતોના સંદર્ભમાં

પરિયોજનાનો તર્ક અને હેતુઓ કેટલા પ્રમાણમાં યોગ્ય અને મહત્ત્વના બની રહે છે.

**પરિણતિ અને પરિણામ (Output and outcome):**

આ બંને શબ્દો વચ્ચે સ્પષ્ટ તફાવત નજરે પડે છે. તેથી આ બંને શબ્દોને સમાનાર્થી ગણવા જોઈએ નહિ. પરિણતિ એ ટૂંકા ગાળાનું છે. તે ટકાઉ હોય પણ ખરું અને ન પણ હોય. દા. ત. કોઈ પરિયોજનામાં કોઈ વિસ્તારમાં પાણી, સફાઈ, આરોગ્ય વગેરે જેવી પાયાની સેવાઓની પરિસ્થિતિ સુધારવાનો ઉદ્દેશ હોય અને ગામમાં ૧૦ હેન્ડપંપ નાખવામાં આવ્યા એ Output કહેવાય અને અછતવાળા એ ગામમાં પીવાનું પાણી મળે એ Outcome કહેવાય. એટલે આપણે એમ કહી શકીએ કે Output એ તત્કાળ ઊભી થતી અસર (effect) છે, જ્યારે Outcome એ અસર (Impact) છે.

**હિતધારકો (Stakeholders):**

કોઈ કાર્યક્રમ કે પરિયોજનાના હેતુઓ અને અમલમાં જે લોકો, જૂથો કે સંસ્થાઓમાં જેમનું હિત અને ભૂમિકા સામેલ હોય અને હિતધારકો કહેવાય. તેમાં એ સમગ્ર સમુદાયનો પણ સમાવેશ થઈ શકે છે કે જેની પરિસ્થિતિમાં ફેરફાર કરવાનો ઉદ્દેશ કાર્યક્રમમાં હોય છે. તેમાં સ્થાનિક સંસ્થાઓ, પાયાની વિવિધ સેવાઓના પુરવઠાકારો અને પ્રવૃત્તિઓનો અમલ કરનારા પરિયોજનાના ક્ષેત્રીય કર્મચારીઓનો પણ સમાવેશ થયા છે. તેમાં પરિયોજના અને કાર્યક્રમ પ્રબંધકો પણ ગણાય કે જેઓ અમલ ઉપર દેખરેખ રાખે છે. એવા દાતાઓ અને નિર્ણયકર્તાઓનો પણ તેમાં સમાવેશ થાય છે કે જેઓ કાર્યક્રમ સંબંધી બાબતો અંગે નિર્ણયો લે છે અને જેઓ સમગ્ર કાર્યક્રમના માહોલ પર પ્રભાવ પાડે છે એ તમામનો પણ તેમાં સમાવેશ થાય છે.

સીધા-સાદા શબ્દોમાં કહીએ તો, હિતધારકો એટલે એ સમુદાય, હિત જૂથો, સંસ્થાઓ કે એજન્સીઓ કે જેઓ સીધી કે આડકતરી રીતે પરિયોજના પર પ્રભાવ પાડે છે કે પછી પરિયોજના સાથે સંકળાયેલા હોય છે.

**સાધનો:**

દેખરેખ અને મૂલ્યાંકન હાથ ધરવા માટે અનેક સાધનો અને પધ્ધતિઓ પ્રાપ્ય છે. જુદા જુદા સંદર્ભમાં કાર્યક્રમો અને પરિયોજનાઓ પર દેખરેખ રાખવા માટે અને મૂલ્યાંકન કરવા માટે આ સાધનો ઉપયોગમાં લેવાયાં છે અને તેમનું પરીક્ષણ કરાયું છે. પ્રગતિ કેટલી થઈ તે જાણવા માટે અને સંસાધનોનો કેટલો ઉપયોગ થયો તે જાણવા માટે દેખરેખ રાખવામાં આવે છે, જ્યારે મૂલ્યાંકનમાં અસર અને ટકાઉપણા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. પરિયોજનાના સંચાલનમાં વર્તમાન માળખામાં વધારે સારી ગુણવત્તા જળવાય તે માટે અનેક બાબતો ઉપર ભાર મૂકવામાં આવે છે. તે આ મુજબ છે: ૧. પ્રવૃત્તિઓ (Output). ૨. પરિયોજનાની સેવાઓ અને પેદાશોનો ઉપયોગ (Outcome). ૩. એકંદર પરિસ્થિતિમાં ફેરફાર (Impact). ૪. બહારનો ટેકો પાછો ખેંચવામાં તે પછી લાભો ચાલુ રહે તે (sustainability).

**નિર્દેશકો:**

જે કંઈ થઈ રહ્યું છે તે જોવા માટે, સંસાધનોનો કેટલો ઊપયોગ થયો તે જોવા માટે, પ્રવૃત્તિઓની નોંધ

કરવા માટે, લોકો-સામુદાયો-મહિલાઓ-પર્યાવરણ વગેરે ઉપર પરિયોજનાની અસર જોવા માટે નિર્દેશકોનો ઉપયોગ કરવામાં આવે છે. નિર્દેશકો એટલે વિકાસલક્ષી પરિયોજનાઓ કે કાર્યક્રમો માટેનાં સાધનો (inputs), Outcome પ્રક્રિયાઓ, અને અસરો (impact). જો નિર્દેશકો નક્કી કરવામાં હિતધારકો સામેલ થયા હોય તો સંચાલકો દ્વારા નિર્ણયો લેવામાં એમનો ઉપયોગ થવાની શક્યતાઓ વધી જાય છે. કામગીરી નિર્દેશકો કામગીરીના લક્ષ્યાંકો નક્કી કરવામાં અને એ લક્ષ્યાંકો સિદ્ધ કરવાની દિશામાં સધાયેલી પ્રવૃતિ માપવામાં મદદ કરી શકે છે. સમસ્યા ઓળખી શકાય છે અને તેને આધારે સુધારાત્મક પગલાં ભરી શકાય છે.

જો મજબૂત માહિતી એકત્રીકરણ, વિશ્લેષણ અને અહેવાલ લેખન થયું હોય તો પ્રબંધકો કેટલી પ્રગતિ સધાઈ તે જોઈ શકે, પરિણામે દર્શાવી શકે અને સેવાના પુરવઠાની વ્યવસ્થા સુધારવા માટે સુધારાત્મક પગલાં ભરી શકે. વિવિધ જિલ્લાઓ અને પ્રદેશો વચ્ચે તથા જુદા જુદા સમયની પરિસ્થિતિ વચ્ચે તુલના કરવા માટે પણ તેમનો ઉપયોગ થઈ શકે છે. પરંતુ દરેક વિકાસલક્ષી કાર્યક્રમ કે પરિયોજના માટે ખુબ જ કાળજીપૂર્વક નિર્દેશકો નક્કી કરવા જોઈએ. ખૂબ નિર્દેશકો હોય અને વિશ્વસનીય માહિતી મળતી ન હોય તેના કરતાં થોડાક જ નિર્દેશકો હોય એ વધારે મહત્ત્વનું છે.

નિર્દેશકો ગુણાત્મક કે જથ્થાત્મક હોઈ શકે છે. જથ્થાત્મક નિર્દેશકોમાં સંખ્યા કે રકમો આવે છે. જેમ કે, પરિવારોની સંખ્યા, પ્રાપ્ત વેતન, રસીકરણ પામેલાં બાળકોની સંખ્યા. ગુણાત્મક નિર્દેખશોને વર્ણન સાથે સંબંધ છે. જેમ કે, સહભાગિતા, સશક્તિકરણ, વલણો વગેરે. નિર્દેશક ગુણાત્મક હોય કે જથ્થાત્મક, વસ્તુલક્ષી રીતે તેની ચકાસણી થાય એવી પરિપાટી ઊભી થવી જોઈએ. પરિયોજનાના સંચાલનમાં તેને વસ્તુલક્ષી રીતે ચકાસણીક્ષમ નિર્દેશક (objectively Verifiable Indicator) તરીકે ઓળખવામાં આવે છે.

આદર્શ બાબત તો એ છે કે પરિયોજનાના આરંભે જ નિર્દેશકો ઓળખી કાઢવામાં આવે. એ નિર્દેશકો અનુસાર માહિતી કેવી રીતે અને ક્યાંથી એકત્ર કરી શકાય તેની સંપૂર્ણ સમજ હોવી જરૂરી છે. એને ચકાસણીનાં સાધનો (Means of Verification - MOV) અને ચકાસણીનાં સ્રોતો (Sources of Verification - SOV) તરીકે ઓળખવામાં આવે છે. ઘણી વાર નિર્દેશકોની ખૂબ લાંબી યાદી બનાવવાનું વલણ વિકસેલું જોવા મળે છે તેનાથી મૂલ્યાંકનની પ્રક્રિયા ખૂબ જ કંટાળાજનક, લાંબી અને ખર્ચાળ બને છે. તેથી યોગ્ય અને મહત્ત્વના નિર્દેશકોની પસંદગી કરવી જોઈએ કે જેનાં આધારે સમય જતાં થયેલા ફેરફારો દર્શાવી શકાય. મહત્ત્વની બાબત એ છે કે પરિયોજનાના હેતુઓ સ્પષ્ટ હોય અને પરિણામો સ્પષ્ટ રીતે વિચારાયેલાં હોય તો નિર્દેશકો નક્કી કરવાનું આસાન બની જાય છે. ઘણી વાર બરાબર હેતુઓ નક્કી કર્યાં વિના જ કે પછી તે અસ્પષ્ટ રાખીને જ પરિયોજનાઓનો અમલ કરવામાં આવે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં કોઈ પણ પરિયોજનાનું પરિણામ ગમે તે આવે તોય તે સ્વીકાર્ય બને છે, કારણ કે પરિયોજનાના આરંભે કશું સ્પષ્ટ રીતે નક્કી થયું હોતું જ નથી. દેખરેખ અને મૂલ્યાંકનની પ્રક્રિયા વાસ્તવમાં પરિયોજનાના આયોજનના સમયે જ શરૂ થાય છે. એ કંઈ પરિયોજનાના પતી જાય પછી કરવાનું કામ નથી.

**પધ્ધતિઓઃ**

દેખરેખ હેતુ અને અમલની પ્રક્રિયાના ભાગ તરીકે માહિતી ભેગી કરવી જ જોઈએ. પરિયોજનાની

વિવિધ પ્રકારની આંકડાકીય માહિતી, ક્ષેત્રીય મુલાકાતોની નોંધો અને તેમની મેળવણી કરવા માટેનાં માળખાં અને પત્રકો દેખરેખ માટે ખૂબ જ ઉપયોગી થાય છે. મૂલ્યાંકનમાં પણ દેખરેખ માટે ઊભી કરાયેલી માહિતી ખૂબ જ ઉપયોગી થાય છે. જો કે, મૂલ્યાંકનમાં એક જ પ્રકારની માહિતી ભેગી કરવા માટે સર્વેનો ઉપયોગ કરી શકાય છે. તેમાં લોકો કે પરિવારોની પસંદગી નમૂના પધ્ધતિને આધારે કરી શકાય.

નોંધણી, માતૃત્વ મૃત્યુ દર અને બાળમૃત્યુ દરની સમસ્યાઓ વિશેની પ્રક્રિયાઓ જોવા માટે પાયાની () માહિતી ભેગી કરવાનું હંમેશા સલાહભર્યું છે. તેને માટે પરિયોજનાના આરંભે જ સર્વે હાથ ધરી શકાય છે. આ પ્રકારની પાયાની માહિતી એક આરંભબિંદુ છે. તેના પરિણામે પરિયોજનાના અમલ અગાઉ શું હતું અને પછી શું છે તે જાણી શકાય છે. જમીન વિકાસ, વનીકરણ, તળાવો કે કૂવા ઊંડાં કરવાં વગેરે જેવી પરિયોજનાઓમાં અગાઉનું ચિત્ર શું છે તે જાણવાનું ઉપયોગી બનતું હોય છે. જો ફોટા પાડવાની વ્યવસ્થા ના હોય તો સ્થાનિક લોકોને પ્રવર્તમાન પરિસ્થિતિ વિશે ચર્ચા કરવાનું અને તેને આધારે ચિત્રો દોરવાનું કહેવામાં આવે છે. તુલના કરવા માટે તેનો ઉપયોગ પછી કરી શકાય છે.

### (1) ઝડપી મૂલ્યાંકન (Rapid Appraisal):

લાભાર્થીઓ અને અન્ય હિતધારકોનાં મંતવ્યો જાણવાની અને તેમનો પ્રતિભાવ મેળવવાની આ ઝડપી અને ઓછી ખર્ચાળ પધ્ધતિ છે. માહિતી માટેની નિર્ણયકર્તાઓની જરૂરિયાતો તેનાથી સંતોષાય છે. સંચાલકોને નિર્ણયો કરવા માટે તેનાથી ઝડપથી માહિતી મળે છે. ખાસ કરીને પરિયોજના કે કાર્યક્રમ સ્તરે એ ખૂબ જ મહત્ત્વનું બને છે. પરિયોજનાને પરિણામે આવેલા ફેરફારો વિશે તે ગુણાત્મક સમજ પૂરી પાડે છે. એ વિવિધ હિતધારકો સાથે ચર્ચા-વિચારણા દ્વારા થાય છે. મહત્ત્વનાં માહિતીદારોની મુલાકાત, જૂથ ચર્ચાઓ અને મુલાકાતો, સમુદાય સ્તરની બેઠકો, જૂથ મુલાકાતો, પ્રત્યક્ષ નિરીક્ષણ, લઘુ સર્વે અને વિવિધ દાખલાઓનું દસ્તાવેજીકરણ એ ઝડપી મૂલ્યાંકન કેટલાક રસ્તા છે. પરિયોજના કે કાર્યક્રમના વિસ્તારો કે લક્ષ્યાંક જૂથમાંથી આવા ઉદાહરણીય દાખલાઓ સૌથી શકાય છે. સંદર્ભ પૂરો પાડવા માટે, ગુણાત્મક માહિતીનું અર્થઘટન કરવા માટે અને વધુ ઔપચારિક સર્વે માટે પણ તે ઉપયોગી થઈ શકે છે. ઝડપી મૂલ્યાંકન ઓછા ખર્ચે થાય છે અને તે ઝડપથી હાથ ધરી શકાય છે. તે લવચીક અથવા ફેરફારક્ષમ એ અર્થમાં છે કે મૂલ્યાંકન થઈ રહ્યું હોય ત્યારે નવા માપદંડો ઉમેરી શકાય છે. જો કે, આવાં ઝડપી મૂલ્યાંકનો એ રીતે હાથ ધરવામાં આવે છે કે તે અમુક નિશ્ચિત સમુદાય કે વિસ્તારને આવરી લે અને તેનાં તારણો બધાને લાગુ ના પડે. ઔપચારિક સર્વે કરતાં આવાં મૂલ્યાંકનોને ઓછાં માન્ય, વિશ્વસનીય અને સાચાં માનવામાં આવે છે.

### (2) ખર્ચ-લાભ વિશ્વેષણ અને ખર્ચની અસરકારકતાનું વિશ્લેષણ:

જે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે તેમાં થયેલું ખર્ચ તેનાથી મળેલાં પરિણામો અને અસરના સંદર્ભમા તપાસવા માટેનાં આ સાધનો છે. ખર્ચ-લાભ વિશ્લેષણમાં સાધન ખર્ચ અને પરિણામ બંનેનો નાણાંકીય સંદર્ભમાં માપવામાં આવે છે. ખર્ચની અસરકારકતા માપવામાં આવે ત્યારે ખર્ચને નાણાકીય સંદર્ભમાં મપાય છે અને પરિણામોને બિન-નાણાકીય સંદર્ભમાં મપાય છે. દા. ત. જો આરોગ્ય સંભાળ માટે વ્યક્તિદીઠ રૂ. ૫૦નું ખર્ચ થયું હોય તેના સંદર્ભમાં માપવામાં આવે છે. કાર્યક્રમની કાર્યક્ષમતા માપવા માટે કે તેનો અંદાજ બાંધવા માટે આ એક સારી પધ્ધતિ છે. આ વિશ્લેષણમાંથી જે તારણો મળે છે

તે નીતિનિર્ધારકો અને દાતા સંસ્થાઓને સમજાવવા માટે ઉપયોગી થઈ શકે છે. ઉપરાંત, થયેલા લાભ દર્શાવીને પ્રવૃત્તિઓને વાજબી ઠરાવી શકાય છે. જો કે, આ પધ્ધતિ ઘણી ટેક્નિકલ છે અને તે હાથ ધરવા માટે તાલીમબદ્ધ માનવ સંસાધનોની જરૂર પડે છે.

**(3) અભિગમોઃ**

દેખરેખ અને મૂલ્યાંકનના ખ્યાલનો પોતાનો એક ઈતિહાસ છે. સરકાર તથા દ્વિપક્ષી અને બહુપક્ષીય સંસ્થાઓ ખૂબ જ મોટાપાયા પર વિકાસલક્ષી પરિયોજનાઓમાં રોકાણ કરી રહી છે તથા તેમાં ઉત્તરદાયિત્વ ઊભું થાય એવી માગં વધી રહી છે માટે આ ખ્યાલો વિકાસના ક્ષેત્રે આવ્યા છે. ઇચ્છિત ફેરફારો લાવવા માટે પરિયોજનાઓ ઘડાય તે શીખવા માટે પણ આ ખ્યાલોને વિકાસના ક્ષેત્રે લવાયા છે. છેલ્લા ઘણા સમયથી દેખરેખ અને મૂલ્યાંકન અભીગમો બદલાય છે. પરિયોજનાના સંચાલકો પાસે અંકુશ હોય એના બદલે જેમને માટે પરિયોજના ઘડાઈ છે અથવા ઊભી કરાઈ છે એ લોકોના હાથમાં અંકુશ હોય એવો અભિગમ ઊભો થયો છે. એટલે હવે પ્રણાલીગત મૂલ્યાંકન (Conventional Evaluation)ને બદલે સહભાગી મૂલ્યાંકન (Conventional Evaluation) એવો ખ્યાલ પ્રચલિત બન્યો છે.

પરંપરાગત કે પ્રણાલીગત મૂલ્યાંકનનો અભિગમ output અને outcomeના માપન ઉપર વધારે પડતો આધાર રાખે છે અને તેમાં જથ્થાત્મક માહિતીનો ઉપયોગ કરવામાં આવે છે અને પરિયોજનાનાં ગુણાત્મક પાસાં ઉપર ખૂબ જ ઓછું ધ્યાન આપવામાં આવે છે. તેમાં લોકોને માત્ર લાભાર્થીઓ સમજવામાં આવે છે અને પરિયોજનાની પ્રક્રિયામાં તેમને સામેલ કરવામાં આવતા નથી. સત્તાવાર કાર્યક્રમોમાં હવે સહભાગી વિકાસને સ્થાન મળ્યું છે અને તેથી સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ખ્યાલ પરંપરાગત અભિગમને બદલે સ્થાન પામ્યાં છે. પરંપરાગત અભિગમમાં મોટે ભાગે પરિયોજનાના હિતધારકોને દાતા સંસ્થા કે નાણાં આપનારી સંસ્થા તરીકે જ ગણવામાં આવે છે.

એમ માનવામાં આવે છે કે જો સહભાગી વિકાસ થાય તો માલિકીની ભાવના લોકોમાં પેદા થાય છે, તેમનામાં પ્રતિબદ્ધતા આવે છે અને ભવિષ્યનાં કાર્યોનાં આયોજનમાં તો મદદરૂપ થાય છે. સહભાગી મૂલ્યાંકનમાં મૂલ્યાંકન અંદરના માણસો દ્વારા જ કરવામાં આવે છે, અને બહારના લોકો દ્વારા નહિ. સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનમાં અનેક હિતધારકો હોય છે, ખાસ કરીને છેવાડાનાં જૂથોને આ પ્રક્રિયામાં સામેલ કરી શકાય કે જેથી વિવિધ મંતવ્યો જાણી શકાય. તારણો વિશે જો સર્વસમંતિ ઊભી થાય તો કામગીરી સુધારવા માટેની યોજના આસાનીથી બનાવી શકાય. આ સમગ્ર પ્રક્રિયા ભણતરની પ્રક્રિયા બની શકે છે. તેને લીધે સહભાગીઓ કાર્યક્રમના અમલમાં સુધારા કરી શકે છે અને લક્ષ્યાંકો પાર પાડ્યા કે નહિ તે એ જોઈ શકે છે.

પારકર ડી. નારાયણ પરંપરાગત અને સહભાગી મૂલ્યાંકનના અભિગમો વચ્ચેનો તફાવત ટૂંકમાં આ મુજબ રજૂ કરે છેઃ

| | પરંપરાગત મૂલ્યાંકન | સહભાગી મૂલ્યાંકન |
|---|---|---|
| શા માટે | ઉત્તરદાયિત્વ, જો નાણાં નો પ્રવાહ ચાલુ રહે તો પરિયોજના વિશે ત્વરિત નિર્ણયો સામાન્ય રીતે લેવામાં આવે છે. | સ્થાનિક લોકો પ્રક્રિયા શરૂ કરે તે માટે તેમને સક્ષમ બનાવવા, તેઓ તેના પર નિયંત્રણ ધરાવે અને સુધારાત્મક પગલાં તે માટે તેમને સક્ષમ બનાવવા. |
| કોણ | બહારના નિષ્ણાંતો | સમુદાયના સભ્યો, પ્રોજેક્ટનો સ્ટાફ, પ્રાયોજક |
| કેવી રીતે | વૈજ્ઞાનિક વસ્તુલક્ષિતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, મૂલ્યાંકનકારો અન્ય સહભાગીઓથી અંતર રાખે છે, એકરૂપી જટિલ પ્રક્રિયાઓ હોય છે અને પરિણામો મોડેથી અને મર્યાદિત પ્રમાણમાં મળે છે. | સ્વમૂલ્યાંકન, સ્થાનિક સંસ્કૃતિને અનુકૂળ એવી સરળ પદ્ધતિઓ, મૂલ્યાંકનની પ્રક્રિયામાં સ્થાનિક સામેલગીરી દ્વારા પરિણામોની તત્કાળ જાણકારી. |
| શું | સફળતાના નિર્દેશકો અગાઉથી નક્કી થાય, ખાસ કરીને ખર્ચ અને પરિણામ. | લોકો પોતે જ સફળતાના નિર્દેશકો નક્કી કરે છે. |
| ક્યારે | વચગાળામાં અને પ્રોજેક્ટ પૂરો થાય ત્યારે | કાર્યક્રમમાં સુધારા કરવા માટે ગમે ત્યારે મૂલ્યાંકન થાય, દેખરેખ અને મૂલ્યાંકન સાથે સાથે થાય, તેથી વારંવારનાનાં મૂલ્યાંકનનો સતત થાય. |

વિકાસલક્ષી ક્ષેત્રમાં સહભાગિતા એક મહત્ત્વનો ખ્યાલ બન્યો છે. આંતરરાષ્ટ્રીય દાતાઓ, સરકારો અને નાગરિક સમાજનાં સંગઠનો કરવામાં સહભાગી અભિગમનો આગ્રહ રાખી રહ્યાં છે. સમગ્ર પરિયોજના ચક્રમાં સહભાગિતા એક મહત્ત્વનું તત્વ છે. એ ચક્રમાં કાર્યક્રમનું આયોજન અને ડિઝાઈન, અમલ, દેખરેખ અને મૂલ્યાંકન બધાનો સમાવેશ થાય છે. એને લીધે હિતધારકોમાં પરિયોજના કે કાર્યક્રમ પોતાનાં છે એવી ભાવના ઊભી થાય છે. વિકાસલક્ષી કાર્યોમાં વ્યાપક સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેની તકો વધી રહી છે, ત્યારે વધુ ને વધુ પ્રમાણમાં એમ મનાઈ રહ્યું છે કે દેખરેખ અને મૂલ્યાંકન પણ સહભાગી હોવાં જોઈએ. સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ખ્યાલ ૧૯૮૦ના દાયકાથી સરકાર સહિતનાં વિકાસલક્ષી સંગઠનો અને મોટા દાતાઓ દ્વારા નીતિવિષયક બાબતોમાં દાખલ થયો છે.

સહભાગી દેખરેખ પરિયોજનાનો કેવી રીતે અમલ થઈ રહ્યો છે તેનું ચિત્ર પૂરું પાડે છે. આયોજન મુજબ પ્રવૃત્તિઓમાં થઈ રહી છે કે નહિ એની માહિતી તે આપે છે. હિતધારકો સાથે વાતચીત કરવામાં આવે છે તેથી સમગ્ર પ્રક્રિયામાં નાના-મોટા સુધારા થઈ શકે છે, અને પ્રવૃત્તિઓને સાચી દિશામાં લઈ

જઈ શકાય છે. તેનાથી સમસ્યાઓની ખબર પડે છે અને એ ઉકેલવા માટેનો અવકાશ ઊભો થાય છે, અને સંસાધનોનો ઉષ્ટતમ ઉપયોગ થવાની સંભાવના વધે છે.

સહભાગી મૂલ્યાંકન કાર્યક્રમની કામગીરી સુધરે છે. કાર્યક્રમના લાભાર્થીઓને સાંભળવામાં આવે અને તેમની પાસેથી શીખવામાં આવે, તથા એવું જ ક્ષેત્રીય કાર્યકરો તથા અન્ય હિતધારકોના થઈ શકે છે. મૂલ્યાંકનમાં કયા પ્રશ્નો દ્વારા માહિતી મહત્ત્વના સુધારા થઈ શકે છે. મૂલ્યાંકન કયા પ્રશ્નો દ્વારા માહિતી મેળવવી એ નક્કી કરવામાં અને મળેલી માહિતીનું વિશ્લેષણ કરવામાં પરિયોજનાના અંદરના માણસોને જો વધારે ને વધારે પ્રમાણમાં સામેલ કરવામાં આવે તો તેઓ કામગીરી સુધારવા માટે માહિતીનો ઉપયોગ કરે એવી શક્યતાઓ વધી જાય છે. એ રીતે, સહભાગી મૂલ્યાંકન કાર્યક્રમનો અમલ કરનારાઓ અને લાભાર્થીઓ બંને પ્રાપ્ત થયેલા જ્ઞાનને આધારે શક્તિમાન બનાવે છે.

અસર મૂલ્યાંકન (Impact assessment), કાર્યક્રમનું આયોજન અને સંચાલન, સંગઠન કે સંસ્થાનું મજબૂતીકરણ, હિતધારકોના દૃષ્ટિકોણની સમજ કેળવવી અને જાહેર ઉત્તરદાયિત્વનું નિર્માણ કરવામાં સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ઉપયોગ થતો રહ્યો છે. મોટે ભાગે તેનો ઉપયોગ અસર મૂલ્યાંકન અને કાર્યક્રમના આયોજન તથા અમલ માટે થયો છે. તાજેતરના સમયમાં સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ઉપયોગ જાહેર ઉત્તરદાયિત્વ અને નીતિનિર્ધારણ માટે થયો છે. કોઈ એક કાર્યક્રમની અસર શી થઈ અને શું ફેરફારો થયા તે જાણવા માટે સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. જે હેતુઓ આરંભે નક્કી કરાયા હતા તે હેતુઓ કાર્યક્રમને લીધે સિદ્ધ થયા કે નહિ તે આ પદ્ધતિને આધારે નક્કી કરી શકાય છે. વિવિધ કર્તાઓ કે હિતધારકો આ પ્રક્રિયાના ભાગ બની શકે છે અને તેના ઉપર વિચાર-વિમર્શ કરી શકે છે. પરિયોજનાના આયોજન અને સંચાલનમાં વિવિધ હિતધારકો ભવિષ્યના લક્ષ્યાંકો નક્કી કરવા અને પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે તેમના અનુભવોની આપ-લે કરે છે.

સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો વ્યાપક ઉપયોગ જાહેર ઉત્તરદાયિત્વ ઊભું કરવા અને નીતિવિષયક હિમાયત માટે થઈ રહ્યો છે. પરંપરાગત રીતે જોઈએ તો, દાતા સંસ્થાઓ અને સરકારી સંસ્થાઓ લાભાર્થીઓને ઉત્તરદાયી બનાવવા માટે તેનો ઉપયોગ કરતી હતી કે જેથી નક્કી થયેલાં લક્ષ્યાંકો અને ધ્યેયો સિદ્ધ કરી શકાય. તાજેતરમાં સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનનો ઉપયોગ વધારે ને વધારે પ્રમાણમાં સહભાગીઓ અને સ્થાનિક સમુદાય સરકારી સંસ્થાઓ અને દાતાઓની કામગીરી ઉપર દેખરેખ રાખવા અને તેનું મૂલ્યાંકન કરવા માટે કરી રહી છે. આ પ્રકારની દેખરેખથી સરકારને જવાબદાર બનાવવામાં આવે છે અને જાહેર કાર્યક્રમોથી સમુદાયની જરૂરિયાતો કેટલી સંતોષાય છે તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. સામાજિક અન્વેષણ, આવશ્યક સેવાઓ ઉપર નાગરિકો કે સમુદાયની દેખરેખ, જનસુનાવણી વગેરે એવી કેટલીક પધ્ધતિઓ છે કે જેમનો ઉપયોગ હિતધારકોની સહભાગિતા સાથે વિકાસલક્ષી કાર્યક્રમો ઉપર દેખરેખ રાખવા અને તેમનું મૂલ્યાંકન કરવા માટે કરાતો હોય છે. મોટા ભાગની નવી વિકાસલક્ષી યોજનાઓમાં સમગ્ર પરિયોજના ચક્રમાં એટલે કે આયોજન, અમલ અને દેખરેખમાં સહભાગી પ્રક્રિયાનું મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. કંઈક અંશે સરકારે પણ મોટા પાયાના વિકાસલક્ષી કાર્યક્રમોમાં સમુદાયની સહભાગિતા ઊભી કરવાની જરૂરિયાતનો સ્વીકાર કર્યો છે. કેટલા પ્રમાણમાં સહભાગિતા ઊભી થાય તે તો કોઈ વિકાસલક્ષી યોજના કે કાર્યક્રમોમાં કોણ, કેવી રીતે, કયા સ્તરે અને કયા સ્વરૂપે ભાગીદાર બને છે તેના ઉપર આધાર રાખે છે. ભારતના મોટા

ભાગના રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરના વિકાસલક્ષી કાર્યક્રમોમાં સહભાગી દેખરેખ અને મૂલ્યાંકન માટે અંતર્નિહિત વ્યવસ્થા હોય છે જ.

ઘણા વિકાસલક્ષી કાર્યક્રમોમાં આયોજન, અમલ અને દેખરેખ માટેની વ્યવસ્થા અંતર્નિહિત હોય છે. પછાત પ્રદેશ અનુદાન ભંડોળ (Backward Region Grant Fund - BRGF)માં અમલ માટે દેખરેખ અંગે એક નિયમાવલિ તૈયાર કરવામાં આવી છે. તેમાં માહિતીનું એકત્રીકરણ, પ્રક્રિયાનું અહેવાલ લેખન અને ખર્ચમાંથી આવતું ભૌતિક પરિણામ માટેનાં પત્રકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (MNREGS)માં અમલ ઉપર દેખરેખ રાખવા માટે વેબ-આધારિત વિગતપૂર્ણ એવી માહિતી એકત્રીકરણની વ્યવસ્થા રાખવામાં આવી છે. સ્થાનિક લોકોને સામેલ કરવા માટે ગ્રામ સભામાં સામાજિક અન્વેષણ દ્વારા છેક નીચે સુધીનું ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. MNREGSમાં સામાજિક અન્વેષણ ફરજિયાત કરાયું છે. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન (NATIONAL RURAL HEALTH MISSION - NRHM)માં પણ મિશનના અમલ ઉપરની દેખરેખ અને તેના મૂલ્યાંકન માટે એક ટૂલકિટ તૈયાર કરવામાં આવી છે. મિશનના દસ્તાવેજમાં તે માટેના નિર્દેશકો પણ લખવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના (MNREGS)માં સામુદાયિક દેખરેખની વ્યવસ્થા ઊભી થવાથી અમલમાં રહેતી વિવિધ ખામીઓ - જેવી કે વેતનથી ચુકવણી, થયેલા કામનું મૂલ્યાંકન, લાંબાગાળા માટેની અસ્કામતોના સર્જન માટે કામની યોગ્ય પસંદગી વગેરે - બહાર આવી છે. કાર્યક્રમના અમલ સામે વાંધા ઉઠાવવા માટે માહિતી લોકોને મળે અને કાર્યક્રમની માળખું એને આધારે બદલાય એ જરૂરી છે. આમ, મેનેજમેન્ટ ઈન્ફર્મેશન સીસ્ટમ (MIS) ને બદલે જનતા ઈન્ફર્મેશન સીસ્ટમ (JIS) ઊભી થાય છે કે જેનો પ્રયોગ ગ્રામીણ રાજસ્થાનમાં KSSM અને આરુણા રોય દ્વારા કરવામાં આવ્યો છે. અભિગમમાં થયેલા આ ફેરફારથી કાર્યક્રમ ઉપરથી દેખરેખ અને તેના મૂલ્યાંકન માટેની સત્તા એવા સામાન્ય લોકોને મળે છે કે જેઓ પરિયોજનાની સફળતા અને નિષ્ફળતા છેવટે નક્કી કરે છે.

# 19. સામાજિક ઑડિટ

સામાજિક ઑડિટનો મૂળભૂત હેતુ પ્રકલ્પો, કાયદાઓ તથા નીતિઓનાં અમલીકરણમાં જાહેર જવાબદારીની ખાતરી કરાવવાનો છે. આ એ પ્રક્રિયા છે, જે વિકાસનાં પ્રથમ તબક્કા માટે જાહેર સંસ્થાઓ વડે ઉપયોગમાં લેવાયેલ નાણાકીય તથા બીન નાણાકીય સ્રોતોની વિગતો દર્શાવે છે. તેમાં મોટેભાગે ગ્રામસભા જેવા જાહેર મંચ દ્વારા યોજનાનો નક્કી થયેલી વસ્તીને કેટલી અસરકારકતાથી ફાયદો મળ્યો, તથા આ ફાયદો લોકો સાથે કેવી રીતે વહેંચવામાં આવ્યો તેનું મૂલ્યાંકન થાય છે. સામાજિક ઑડિટ અંતિમ ઉપભોક્તાને વિકાસના પ્રારંભિક તબક્કાને ચકાસવાની તક આપીને લોકોને જવાબદારી તથા પારદર્શિતા તરફ આગળ વધારે છે. સામાજિક ઑડિટ એ જાહેર જાગૃતિ તથા દેખભાળની સતત ચાલતી પ્રક્રિયા છે. સામાજિક ઑડિટનો એક સાદો પ્રકાર જાહેર સભા છે, જ્યાં એક પ્રકલ્પની વિગતો બારિકારીથી ચકાસાય છે. માહિતી અધિકાર ધારા મુજબ પારદર્શિતા માટે કરાયેલ ઘટસ્ફોટ આપોઆપ જવાબદારી તરફ દોરી જતો નથી. જ્યારે માહિતીના આધારે સામાન્ય માણસ અમલ કરતી સંસ્થાને પ્રશ્ન કરે, ત્યારે તે જવાબદારી તરફ દોરી જાય છે.

વિસ્તારથી કહીએ તો સામાજિક ઑડિટ પ્રક્રિયામાં નીચેના ઘટકો/વિભાગોનો સમાવેશ છે.

(a) વિકાસના પ્રારંભિક તબક્કા માટે જાહેર સંસ્થાઓ વડે ઉપયોગમાં લેવાયેલ નાણાકીય તથા બીન

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

નાણાકીય સ્રોતોની માહિતી/વિગતોની ઉપલબ્ધી.

(b) અંતિમ ઉપયોગકર્તા/લાભ મેળવનાર/લોકોને કાર્યક્ષમ બનાવવા તથા

(c) છેવાડાના વપરાશકાર વડે માહિતીની ચકાસણી સામાજિક ઑડિટની સફળતા સંલગ્ન માહિતીને કેવી રીતે ખૂલ્લી મૂક્યા છે અને તે કેટલો બહોળો પ્રચાર કરાય છે તેના પર નિર્ભર છે. સામાન્ય રીતે ગરીબ લોકો જાહેર કાર્યક્રમો વિશે સવાલ પૂછતા નથી, માટે તેમને તેમના માટે બનાવાયેલા કાર્યક્રમોની અસરકારકતા વિશે પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરવા તથા સશક્ત કરવા જરૂરી છે.

**સામાજિક ઑડિટ માટે અપનાવાયેલાં જુદાં જુદાં વલણોઃ**

નજીકના ભૂતકાળમાં બહોળા ક્ષેત્રમાં સામાજિક ઑડિટની પ્રથા તથા ચર્ચા વિચારણા સંચાલનમાં સુધારણા તથા જાહેર જવાબદારીની ખાતરીના ભાગ તરીકે થતી હતી. દેશના જુદા જુદા ભાગોમાં ત્રણ પ્રકારની પદ્ધતિ છે.

પ્રથમ વલણ ગ્રામસભામાં કરાયેલ ઘોષણા દ્વારા કાયદાકીય માળખાનાં સ્વનિયંત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરી છે. કાર્ય સ્થળે મંજુરી તથા ખર્ચના સમાવેશની માહિતી પૂરી પાડતાં માહિતી પ્રસારણ બોર્ડની શરૂઆત કેરળથી થઈ હતી અને હવે ઘણાં રાજ્યોમાં તે મુજબ કરવામાં આવે છે. કેરળે તેનાં બુલેટીન બોર્ડમાં એનઆરઈજીએને લગતી ઘણી માહિતી જાહેર કરવામાં પૂરતી પ્રગતિ કરી છે. આ તેમનાં લોકો વડે આયોજન પ્રક્રિયા તથા સફળ ઘોષણા માટે અગાઉ અપાયેલ વચન સાથે જોડાયેલ છે. નાગરિકો ને જ્યારે વિકાસ કાર્યક્રમોને લગતી માહિતી પૂરી પડાય છે ત્યારે તેમનો રસ તથા સંડોવણી વધે છે. ઘણાં રાજ્યોમાં જ્યાં સ્થાનિક લોકો પારદર્શક પદ્ધતિમાં ચર્ચા કરે છે, ત્યાં લાભ મેળવનારની પસંદગી માટે ગ્રામસભામાં લોકોની ભાગીદારી વધી છે.

રાજસ્થાનની સામાજિક ઑડિટ માર્ગદર્શિકા અસરકારક સામાજિક ઑડિટના સંચાલન માટેનાં તબક્કાવાર વલણ પૂરાં પાડે છે. તેણે સરકારી અમલદારોની નિમણુંક તથા ગ્રામ પંચાયત સ્તરે સ્થાનિક ઑડિટ બહાર મોકલવાની પ્રક્રિયાની પણ શરૂઆત કરી. તે જરૂરી નિરિક્ષણ તંત્ર બરાબર છે તે જોવાનું કામ કરશે તેવી અપેક્ષા છે. કેરળે પણ વાયનદ તથા પલક્કડ જિલ્લા કે જે ટુંક સમયમાં ઈદૃીકી તથા કોઝીકોડ સુધી વિસ્તરવાના છે, માં ક્ષેત્ર ચકાસણી તથા સામાજિક ઑડિટ માર્ગદર્શિકાની શરૂઆત કરી છે.

બીજુ વલણ સ્થાનિક સંસ્થાઓ તથા જેના પાયા સર્વાનુમત ઘડવાની ભાગીદારીનાં મૂલ્યોમાં તથા જવાબદારીને આગળ વધારવામાં રહેલાં છે, તેવી નાગરિક સમાજ સંગઠન વચ્ચેના સહકારનો નમૂનો છે. આ વલણ વાટાઘાટ માટે જગ્યા બતાવવી તથા સામુહિક આકારણી માટે કેન્દ્રિત છે. જો કે આ વલણ હજી અવિકસિત તબક્કામાં છે. ઘણા રાજ્યોમાં નાગરિક સમાજ સંગઠન પંચાયતો તથા સરકારી કર્મચારીઓનો સંપર્ક માત્ર MGNREGSના રીપોર્ટ કાર્ડનાં સંચાલન માટે જ નહીં પરંતુ બીજા સેવા આપતા કાર્યક્રમો માટે પણ કરે છે. ત્રીજો નમુનો ભ્રષ્ટાચારને પડકારવાને લગતો છે. આ મોડલનું આવશ્યક તથા અનોખું પાસુ તેમાં રાજ્ય સંસ્થાઓ તથા PRIઓની ગેરહાજરી છે. આ વલણ જાહેર

યાદી/નોંધો મેળવવા માટે માહિતી અધિકાર (RTI)ના ઉપયોગ પર વિશ્વાસ મૂકે છે. પ્રાથમિક સભા છે જન સુનવાઈ જેનો ઉપયોગ ભ્રષ્ટાચારના પ્રશ્નો પર કામ કરવા માટે સમાજને પ્રેરિત કરવા માટે છે. એ સ્પષ્ટ છે કે આવી શરૂઆતોએ સેવા આપતી સંસ્થાઓને જવાબદાર બનાવવા માટે સામાન્ય માણસની સશક્ત સંડોવણી માટેનો માર્ગ વિકસાવ્યો છે. પ્રથમ મોર્ડલ સત્તાવાર રીતે સ્વિકાર્ય પદ્ધતિ તરીકે ચાલુ રહી છે કારણ કે જુદા જુદા સ્તરે સરકારી સંસ્થાઓ ના નેટવર્કમાં કરાતા સુધારા સાથે કદમ મીલાવવાનું તેનામાં સામર્થ્ય છે. પ્રક્રિયાને આગળ વધારવા માટે સબળ નાગરિકોની ગેરહાજરીમાં ઘણી વખત સત્તાધારી લોકો હાંસીયામાં રહેલા લોકોના અવાજની દરકાર કર્યા વગર પ્રક્રિયાને આગળ વધારી દે છે. આથી નિર્ણાયો “સર્વાનુમતે સહમતતા” ને બદલે “જબરાઈથી સહમતતા”નું પરિણામ હોય છે, માહિતીઓ એવી રીતે મૂકવામાં આવે છે કે લોકો સમજતા નથી અને જાહેરમાં પ્રશ્નો પૂછવાને ખાળવામાં આવે છે. સામાજિક ઑડિટનું સંચાલન કરતી સંસ્થાને આંતરિક પ્રતિરોધ હોય છે તથા પ્રક્રિયામાં જાહેર આત્મવિશ્વાસનો અભાવ હોય છે.
આવા સંજોગોમાં દબાયેલાં જુથો ગ્રામસભા સામે પ્રશ્નો ઉભા કરવા માટે પોતાનું બળ વાપરી શકતા નથી. આને અવગણવા માટે આંધ્રપ્રદેશ તથા ગુજરાત જેવાં રાજ્યો એ ગ્રામ જાગૃતિ તથા નિરિક્ષણ સમિતિ (VVMC)ના ટેકા માટે આગળ વધારનારાઓનું સ્વતંત્ર જુથ બનાવ્યું છે.

સામાજિક ઑડિટનો સમગ્ર હેતુ કાર્યક્રમની અસરકારકતા તથા લીકેજની તપાસની ખાતરી માટે જાહેર ચકાસણીની એક ચર્ચાસભા હેઠળ લોકો વડે જ કાર્યક્રમમાં રહેલાં છીંડા ઓળખવાનો છે. જો કે, આ તબક્કે પહોંચવા માટે એક તબક્કાવાર કામ કરતું તંત્ર રચવાની જરૂર છે, જેથી ગરીબો, લાભાર્થીઓ, શ્રમિકો તેમના અવાજને એક મુક્ત તથા ભયમુક્ત વાતાવરણમાં અવાજ ઉઠાવવા માટે સશક્તતા અનુભવે સામાજિક ઑડિટમાં અવરોધ ઉભો કરે તેવા વાતાવરણને અટકાવવાની જરૂર છે. પહેલું પગલું બધા હિસ્સેદારોની નજરમાં પ્રક્રિયાની કાયદાકીયતા સ્થાપિત કરવાનું છે. આ પ્રક્રિયાને એક હેતુ તરીકે જોવાની જરૂર છે, નહીં તે કોઈ ચોક્કસ જુથ સાથે જોડાયેલ તરીકે, તથા તેની સ્વિકૃતિની બાબતમાં ખડતલ તરીકે તથા પ્રશ્નોની નવી સજાવટ તરીકે જોવા જરૂરી છે. આ પ્રક્રિયાને કાયદાકીય માળખાં/સરકારી તપાસ/નિર્ધાર હેઠળ ગોઠવવા જરૂરી છે. તે ઉપરાંત, સામાજિક ઑડિટના દરેક તબક્કે ગ્રામવાસીઓની ભાગીદારી માટે ટેકાનું તંત્ર બનાવવું જરૂરી છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંયધરી અધિનિયમ (MGNREGS)માં સામાજિક ઑડિટના સંચાલન માટે સ્પષ્ટ સગવડ છે અને તે આપણા દેશનો એવો પહેલો કાર્યક્રમ છે, જે નીચે તરફની જવાબદારીની ખાતરી આપે છે, તથા લોકોને અધિકાર તરીકે ભોગવવા માટે હક્કોની તબદીલી કરે છે. MGNREGS હેઠળ સામાજિક ઑડટની સગવડો નીચે વર્ણવવામાં આવી છે.

**MGNREGS હેઠળ સામાજિક ઑડિટ આગળ વધારવું:**
સામાજિક ઑડટ સંચાલન સંસ્થાઓ તથા મૂળભૂત સેવાઓ પૂરી પાડનારાઓ જેવાં કે પ્રાથમિક શાળાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા વાજબી ભાવની દુકાનો માટે જે પ્રાથમિક હિસ્સેદારો છે, તેવા નાગરિકોને બોલાવે છે. આ રીતે તે વાસ્તવિક તથા સીધી પદ્ધતિમાં પારદર્શિતા તથા જવાબદારીઓ લાદે છે. તે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ જેવી કે પંચાયતી રાજ સંસ્થા અને ખાસ કરીને ગ્રામ સભાને

જવાબદારી માટે લોકોની ભાગીદારી માટેની બંધારણીય સંસ્થા તરીકે બહાર લાવે છે. જો ગ્રામ પંચાયત સ્તરે સાચા અર્થમાં સારા સંચાલનની ખાતરી આપવી હોય તો તેઓએ અમલમાં મૂકાતા બધા પ્રકલ્પો તથા વિકાસ નવસર્જન માટે તેમ જ ગામમાં કામ કરતા બીજા સેવા પૂરી પાડનારાઓ માટે સામાજિક ઑડિટ પ્રક્રિયા આગળ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ માટે સામાજિક ઑડિટના સંચાલન માટે શક્તિશાળી વાતાવરણ ઊભું કરવું ખૂબ અગત્યનું છે.

સામાજિક ઑડિટને આગળ ધપાવવા માટેની મૂલભૂત આવશ્યકતા નીચેના સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ.

1) ગ્રામ પંચાયત આ પ્રક્રિયા ધરાવતી હોવી જોઈએ તથા તેઓ ગ્રામસભાઓ યોજવી જોઈએ.
2) તે નકલ કરવા માટે ખૂબ સાદી અને સરળ હોવી જોઈએ.
3) તે ધાકધમકી વગરની પરંતુ તે જ સમયે લોકો માટે સશક્તિકરણ કરનારી હોવી જોઈએ.
4) સુધારાનાં પગલાં લેવા માટે તથા વહીવટી માળખાંમાં જોડાણ તથા યોગ્ય સમન્વય હોવું જોઈએ.

### ગ્રામ પંચાયત આ પ્રક્રિયા ધરાવતી હોવી જોઈએ તથા તેણે ગ્રામસભાઓ યોજવી જોઈએ.

સ્થાનિક સંચાલનના તળીયાના સ્તરની સંસ્થાઓ હોવાના કારણે ગ્રામ પંચાયતો સામાજિક ઑડિટ પ્રક્રિયા ધરાવતી હોય તથા ગ્રામસભા યોજતી (સામાજિક ઑડિટ સભા) હોય તે અગત્યનું છે. MGNREGS ની માર્ગદર્શિકા અનુસાર સામાજિક ઑડિટ સભા/સમિતિ ફરજીઆત સમિતિ તરીકે બનવી જોઈએ. સામાજિક ઑડિટ સભા/સમિતિના બધા જ સભ્યો ગ્રામસભા વડે પસંદ કરાય છે અને તેમાં સ્ત્રીઓ તથા શ્રમિકો, કે જેમણે તે જ ગ્રામ પંચાયતના MGNREGS ના ચાલુ/અગાઉનાં કામ હેઠળ કામ કરેલું હોય તેમનું પ્રતિનિધિત્વ ફરજીઆત છે. ગ્રામ પંચાયતે સામાજિક ઑડિટ/સમિતિ, કે જે લાગતી વળગતી પંચાયતમાં સામાજિક ઑડિટનું સંચાલન કરવા માટે મુખ્ય સત્તાધારી સંસ્થા હોવી જોઈએ, તેને સંપૂર્ણ ટેકો તથા જરૂરી મદદ પૂરાં પાડવાં જોઈએ.

### પ્રક્રિયા ખૂબ સરળ હોવી જોઈએ

ગ્રામ પંચાયત સ્તરે સામાજિક ઑડિટને લોકોના સહકાર સાથે સામાજિક ઑડિટ સમિતિ (SAC)ના સભ્યો વડે આગળ લાવવું જોઈએ. સામાજિક ઑડિટ કમિટીના કેટલાક સભ્યોનું સાક્ષરતા સ્તર આ પ્રક્રિયામાં સામેલ ટેકનીકલીટીને સમજવા માટે પર્યાપ્ત ન હોય તેવું બને, માટે સામાજિક ઑડિટની પ્રક્રિયા ખૂબ જ સાદી તથા સરળ હોવી જરૂરી છે, જેથી સભ્યો આ પ્રક્રિયાને કોઈ પણ મુશ્કેલી વગર આગળ વધારી શકે. સામાજિક ઑડિટ સમિતિ માટે સભ્યોની અભિમુખતા તેમના આત્મવિશ્વાસને ઘડવામાં તથા સામાજિક ઑડિટની અસરકારકતા સુધારવામાં ઘણે લાંબે સુધી જઈ શકે છે. પંચાયત સ્તરે સામાજિક ઑડિટને ટેકો આપવા માટે સામાજિક ઑડિટ આગળ વધારનારાઓનું એક સ્વતંત્ર જુથ ઉભું કરી શકાય.

### લોકોનાં સશક્તિકરણ ઉપર ધ્યાન કેન્દ્રિત હોવું જોઈએ.

બીજું અગત્યનું પાસું છે લોકોના સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું, જેથી તેઓ તેમની નિસ્બતો તથા પ્રશ્નોને વાચા આપી શકે. આ માટે પ્રાથમિક રીતે યોજના હેઠળ હક્કો માટે જાગરુકતા વધારવી, અધિકાર તથા કર્તવ્યભાન ખાસ કરીને સામાજિક ઑડિટમાં ભાગ લેવાના હક્ક તરીકે - વધારવા માટે આવશ્યક છે. આ વસ્તુ આ પાસાં પર કેન્દ્રિત વિશાળ સ્તરના જાગરુકતા પ્રચાર દ્વારા તેમ જ આ

પ્રક્રિયાની ગંભીરતા તથા તેની તરફની વચનબદ્ધતા વિશે રાજ્યનાં તંત્રો વડે પ્રદર્શન દ્વારા શક્ય બને.

**વહિવટી માળખાંમાં જોડાણ તથા યોગ્ય સમન્વય**

સામાજિક ઑડિટ માત્ર લીકેજ તથા ભ્રષ્ટાચારના પ્રશ્નો જ બહાર નથી લાવતું, પરંતુ કાર્યક્રમના અમલીકરણમાં રહેતાં છીંડા, જેનો લોકોને અનુભવ થાય છે, તે પણ બહાર લાવે છે. સામાજિક ઑડિટની નિપજ એ વહિવટના વિવિધ વિભાગો તથા નીતિ ઘડનારાઓ માટે નાગરિકોનો સીધો અભિપ્રાય છે. ભલે પંચાયતી રાજ સંસ્થાએ સરળતા કરી દેનાર મુખ્ય સંસ્થા હોય, સામાજિક ઑડિટ સ્ટેટ લીગલ ઑથોરિટી, નાગરિક સમાજ સંગઠન, મહિલા સ્વમદદ જુથો, એનવાયકે જેવાં યુથ ગ્રુપ્સ, ઉચ્ચ શિક્ષણ વિભાગો, યુનિવર્સિટીઓ વગેરે પણ આગળ વધારી શકે, સામાજિક ઑડિટની સફળતા સંસ્થાકીય સમન્વય પર આધારિત છે.

**સામાજિક ઑડિટ માટે વાતાવરણ તથા વ્યુહરચનાની સરળતા કરવી.**

સંલગ્ન વ્યુહરચન તથા કાર્યસંબંધી માર્ગદર્શિકા સામાજિક ઑડિટને જે નિયતકાલીન મધ્યાંતરે રાજ્યભરથી બધી જ પંચાયતોન આવરે છે, તેનાં અમલીકરણને સરળતા કરી દેવામાં મદદરૂપ બની શકે. MGNREGS ના અમલીકરણ વિશેના ડેટા એકઠા કરવા માટે વપરાશકર્તાને માફક આવે તેવા ફોર્મેટ તથા દસ્તાવેજો બનાવવા જોઈએ. ઢાંચો એવો હોવો જોઈએ જેથી ગ્રામિણો પણ કાર્યક્રમના જુદાં જુદાં ખાતાંમાં માહિતી ભરી શકે. MGNREGS વિશેની કેટલીક મહત્વની માહિતી પ્રોએક્ટીવલી પ્રદર્શિત કરવી જરૂરી છે. પ્રોએક્ટીવ ઘટસ્ફોટનો ઢાંચો વિકસાવી શકાય અને માહિતી પંચાયતોનાં મકાનો તથા બીજા જાહેર સ્થળોની દિવાલો પર છાપી શકાય. કાર્યકરોની સૂચિ, કામના દિવસોના આંકડા તથા ચૂકવાયેલ વેતન વિશેની માહિતી જાહેર કરી શકાય, જેથી ભૂતિયા કામગારો, ન ચૂકવાયેલાં ભથ્થાંઓ વગેરે પ્રશ્નો જાહેર કરી શકાય.

બધી સંબંધિત માહિતીઓ લોકોની પહોંચની અંદર હોવી જરૂરી છે. સામાજિક ઑડિટની જાહેરાત વિશિષ્ટ ક્ષેત્રદ્વારા - લાક્ષણિક માર્ગો જેવા કે ઢોલ વગાડીને જાહેર જગ્યાએ નોટિસો લગાડીને વગેરે એક મહિના અગાઉ થવી જરૂરી છે. જોકે લોકોનો વિશ્વાસ વધારવા માટે પ્રોએક્ટીવ માહિતીની વહેંચણી વિશે, નિયમીત ધોરણે કામની ફાળવણીના આદેશ વિશે, કામની પૂર્ણતાની વિગતો વગેરે કાર્યસ્થળે તથા પંચાયતના કાર્યાલય પર પ્રદર્શિત કરવી જોઈએ. સામાજિક ઑડિટ ગ્રામસભામાં અભણ વ્યવક્તિને પણ માહિતી અપાઈ છે તેની ખાતરી માટે બધી માહિતી જોરથી વંચાવી જોઈએ. સામાજિક ઑડિટ સમિતિના સભ્યોનાં નામ તેમની ભૂમિકા તથા જવાબદારીઓ સાથે પંચાયતનાં નોટિસ બોર્ડ પર તેમ જ કાર્યસ્થળે પ્રદર્શિત કરવાં જોઈએ. કાર્યસંબંધિ માર્ગદર્શિકા સૂચવે છે કે ભથ્થાં તેમ જ ભથ્થાંનાં ધારા ધોરણો કાર્યસ્થળે પ્રદર્શિત થવાં જોઈએ અને કામની વિગતો - અડસટ્ટે તથા ચાલુ કિંમત, મટીરીયલ, મજૂરી તથા ભંડોળ સાથેનું એક બોર્ડ પણ હોવું જોઈએ. એ પણ ખાતરી કરવી જરૂરી છે કે સામાજિક ઑડિટના ઠરાવ પર તાત્કાલિક પગલાં લેવામાં આવે તથા પરિણામો લોકોને જણાવવામાં આવે. MGNREGS જેવા નામ આધારિત કાર્યક્રમોમાં લોકોને તેમના માટેના કાર્યક્રમોની બજવણીમાં નિરિક્ષર કરવા, પ્રશ્નો પૂછવા તથા છીંડાંઓ શોધવા પ્રોત્સાહિત કરવા જોઈએ. લોકો વડે પૂછાતા પ્રશ્નો (સામાજિક ઑડિટ) જાગરુકતા ઘડવાની, હિસ્સેદારી તથા જવાબદારીની ખાતરી કરાવે છે. તે વહીવટી તંત્રને શુદ્ધિકારક પગલાં લેવા સક્ષમ બનાવે છે.

ફરજીયાત સામાજિક ઑડિટ વિભાગીય જાહેરનામાં સાથે સપ્ટેમ્બર અને માર્ચ (નાણાકીય વર્ષના અંતે) દરમ્યાન ગોઠવી શકાય. સ્ટેટ કમીશનનાં કાર્યાલયે (MGNREGS) બધા જિલ્લા કાર્યક્રમ સંયોજકો (DPCs)ને વિગતવાર સંસ્થાકીય તંત્ર તથા તેમનાં ક્ષેત્રમાં સામાજિક ઑડિટ પ્રક્રિયાની સરળતા માટેની જુદી જુદી પ્રવૃત્તિઓ માટેનો સમયગાળો દર્શાવતી સરકારી હુકમો (GO) પાઠવવા જોઈએ. સામાજિક ઑડિટ શરૂ કરવા વિશેના સૂચિત પગલાંઓ સરકારી આદેશમાં ઉલ્લેખાયા છે.

**સામાજિક ઑડિટ પ્રક્રિયાની વિગતો નીચે દર્શાવવામાં આવી છે.**

**સામાજિક ઑડિટ માટે ગ્રામસભા પર જાહેરનામું:**

MGNREGSના સ્ટેટ કમીશનર GO પાઠવે તે પછી DCPની દરેક ઓફીસ બધી ગ્રામ પંચાયત માટે 30 દિવસ અગાઉ ગ્રામસભા માટે એક જાહેરનામું મોકલશે. આ જાહેરનામામાં પ્રોગ્રામ ઓફીસરને તેમના લાગતા વળગતા વિસ્તારોની ગ્રામસભાની તારીખ તથા સમય નક્કી કરવા તથા તે વિશેની માહિતી ગ્રામ પંચાયત તેમ જ DCP ના સંબંધીત અમલદારને પહોંચાડવા માટે જવાબદાર બનાવવામાં આવશે. GP ને સામાજિક ઑડિટ માટે ગ્રામસભા યોજવા માટે જવાબદાર બનાવવી જોઈએ જ્યારે ઑડિટના સંચાલનની જવાબદારી SAC એ MGNREGS હેઠળ હાથ ધરાયેલ કામની પ્રગતિના નિરિક્ષણ માટે સ્થાનિક સમાજના 9 સભ્યોનું બનાવાયેલ જુથ છે. તેમાં મહિલાઓ તથા SC/ST નું પ્રતિનિધિત્વ હોય છે. આ સમિતિને તેમના સંબંધિત ગામો સામાજિક ઑડિટ હાથ ધરવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

એક વખત ગ્રામસભા માટેની તારીખ તથા સમય PO વડે નિશ્ચિત થઈ જાય પછી જુદા જુદા બ્લોક્સ તથા MGNREGS ની ગ્રામસભામાં હાજર રહેનાર જિલ્લા કક્ષાના કર્મચારીઓ માટે DPC ના કાર્યાલય વડે ગ્રામસભાનું એક કેલેન્ડર/તારીખયું તથા પ્રતિનિધિ મંડળનો ચાર્ટ તૈયાર થઈ શકે. આ બધા બ્લોકને મોકલવામાં આવશે તથા MGNREGS ના સ્ટેટ કમીશનર સાથે પણ વહેંચવામાં આવશે. સામાજિક ઑડિટ માટેની ગ્રામસભામાં સરકારી કર્મચારીઓની હાજરીથી ઘણા પ્રશ્નો વિશે ત્યાં જ યોગ્ય રીતે વાતચીત થઈ શકશે તેની ખાતરી થાય છે. પ્રતિનિધિ મંડળનો ચાર્ટ તૈયાર કરતી વખતે એ સાવચેતી રાખવી જોઈએ કે ઓછામાં ઓછાં એક બ્લોક સ્તરના કર્મચારીની દરેક ગ્રામસભામાં હાજરી હોય.

પ્રોગ્રામ ઑફિસર/કાર્યક્રમ અમલદારે ગ્રામસભાનો પ્રતિનિધિ મંડળનો ચાર્ટ બધી ગ્રામપંચાયતો તથા સામાજિક ઑડિટ કમિટીને મોકલવો જોઈએ. ગ્રામસભાની ભૂમિકા તથા જવાબદારીઓની રૂપરેખા તૈયાર કરવી જોઈએ અને પત્ર સાથે જોડવી જોઈએ.

સરપંચે પ્રોગ્રામ ઑફિસરના કાર્યાલય તરફથી અપાયેલ તારીખ મુજબ ગ્રામસભા માટેની નોટિસ જારી કરવી જોઈએ. ગ્રામસભાની નોટિસ નિશ્ચિત તારીખના એક મહિના પહેલાં ગામના લોકોને અપાવી જોઈએ. આ નોટિસમાં ગ્રામસભાની તારીખ, સ્થળ, સમય તથા કાર્યક્રમનો સમાવેશ હોવો જોઈએ તથા તે જાહેર સ્થળોએ ચોંટાડવી જોઈએ. પંચાયતે પણ ગ્રામસભાની પહેલાં ઢોલ પીટીને/વગાડીને તથા જાહેરાત કરીને લોકોને જાણ કરવી જોઈએ.

બધી પંચાયતોમાં સામાજિક ઑડિટ કમિટી (SAC)ની પ્રેરણાઃ દરેક પંચાયતમાં સામાજિક ઑડિટ કમિટી બનાવવી ફરજીઆત છે. તેમાં મહિલાઓ, SC/ST તથા શ્રમિકો/કામગારોનું પ્રતિનિધિત્વ હોય

છે. એવું જોવામાં આવ્યું છે કે મોટાભાગની પંચાયતોમાં SACના સભ્યો બહુ ક્રિયાશીલ હોતા નથી. માટે પંચાયત સેક્રેટરીને આ કમિટીઓને કાર્યશીલ કરવાનાં પગલાં લેવાની સૂચના આપવી જોઈએ. ગ્રામસભાનાં જાહેરનામાં પછી પંચાયત સેક્રેટરીઓએ પોતાની પંચાયતની સામાજિક ઑડિટ કમિટીની એક સભા બોલાવવી જોઈએ. આ મિટીંગ દરમ્યાન તેઓને સામાજિક ઑડિટનાં સંચાલનમાં તેમની સંડોવણી તથા ભૂમિકા અને જવાબદારીઓની જાણ કરવી જોઈએ. ગ્રામ પંચાયત સેક્રેટરી જે અત્યારે સામાજિક ઑડિટ કમિટીના રાજ્ય સેક્રેટરી તરીકે કામ કરે છે, તેઓ સામાજિક ઑડિટના સમય દરમ્યાન સભા (ભરવા માટે લાયક નથી) ભરી શકતા નથી. આવી પરિસ્થિતિમાં ગામની એક શિક્ષિત વ્યક્તિ અથવા પ્રાથમિક શાળાના શિક્ષકને આ સભામાં કમિટીના સભ્ય સેક્રેટરી તરીકે નિમવા જોઈએ. આ વ્યક્તિ ડેટા એકઠા કરવામાં તથા ગ્રામસભામાં વંચાનાર ઠરાવના અહેવાલને આખરી સ્વરૂપ આપવામાં ટેકો પૂરો પાડશે. આ સભાની 'મીનિટ્સ' સંબંધિત પ્રોગ્રામ ઑફીસરને તેના/તેણીની યાદી માટે મોકલવી જોઈએ. આ પ્રક્રિયા બધા સભ્યોને ક્રિયાશીલ થવા માટે તથા સામાજિક ઑડિટની પ્રક્રિયાનું વહન કરવા માટે તેમનો આત્મવિશ્વાસ ઘડવામાં મદદરૂપ થશે.

**સામાજિક ઑડિટ માટે ડેટાનો સંચય, ચકાસણી તથા વિશ્લેષણઃ**

પ્રોગ્રામ ઑફિસરને (PO) કાયદેસર પત્ર દ્વારા તથા તેમની માસિક મીટિંગમાં ગ્રામ પંચાયત સેક્રેટરીને MGNREGS ની પ્રગતિ સંબંધી બધા ડેટા પૂરા પાડવાની સૂચના આપવી જોઈએ. સામાજિક ઑડિટ કમિટી તેમની પોતાની ગ્રામ પંચાયતમાંથી ડેટાનો સંચય તથા વિશ્લેષણ કરશે. સૌથી મહત્વનું પાસું એ છે કે વિશ્લેષણ ડેટા લોકો પાસે બહુ સરળ ઢાંચા/માળખામાં રજુ થવા જોઈએ. સામાજિક ઑડિટ કમિટી માહિતીના વિશ્લેષણ તથા પ્રસારના હેતુ માટે SHG નેતાઓ, સમાજના આગેવાનો, શાળાના મુખ્ય શિક્ષક/હેડમાસ્તર અથવા કેટલાક ક્રિયાશીલ યુવાનોનો પણ સમાવેશ કરી શકો. સામાજિક ઑડિટ કમિટી નીચેના ચાર સ્તરની માહિતીના આધારે પ્રાથમિક ચકાસણી કરશે અને તેનો અહેવાલ ગ્રામસભા દરમ્યાન રજુ કરશે.

i ) ગ્રામ પંચાયત તરફથી નોંધો તથા માહિતીઓ.

ii ) ઘરોની મુલાકાત દરમ્યાન માહિતીની ચકાસણી.

iii ) કાર્યસ્થળે ચકાસણી તથા

iv) થયેલાં કામનું મુલ્યાંકન તથા આકારણી.

## i ) ગ્રામ પંચાયત તરફથી નોંધો તથા માહિતીઓ

સામાજિક ઑડિટ કમિટી નોંધો માગશે તથા પ્રશ્નોના જવાબો આપશે. જો દર્શાવાયેલ કોઈ પણ નોંધ ઉપલબ્ધ નહીં હોય તો તે તેની પણ નોંધ લેશે. સામાજિક ઑડિટ કમિટી MGNREGS હેઠળના પ્રોઍક્ટીવ (જાહેર) ઘટસ્ફોટ વિશેનું એક ફોર્મેટ (માળખું, ઢાંચો) પણ ભરશે, જેથી બધી માહિતી સરળ રીતે લોકો પાસે રજુ કરી શકાય. સામાજિક ઑડિટ કમિટી "સેલ્ફ ઓન પ્રોજેક્ટ" વિશેના ગ્રામસભાના તથા પંચાયતના કાયદાઓની ચકાસણી કરશે. આ "સેલ્ફ ઓન પ્રોજેક્ટ" માટેનો નિર્ણય ગ્રામસભા વડે કરાયો હતો, કે પંચાયત વડે તે ચકાસવા માટે મહત્ત્વનું છે. પૂરાં થયેલાં કામ માટેની મંજુર થયેલી રકમ તથા વાસ્તવિક ખર્ચની સરખામણી કરી શકાય. કેટલાં ઘરે કામ કર્યું, મસ્ટર રોલ સંબંધી માહિતી, સમયસર ચૂકવણું તથા વાસ્તવિક થયેલાં ચૂકવણું વગેરે વિશે માહિતી મેળવી શકાય.

## ii ) ઘરોની મુલાકાત દરમ્યાન માહિતીની ચકાસણી

સામાજિક ઑડિટ કમિટી મસ્ટર રોલ મેળવશે તથા આડા અવળાં ગમે તે ઘરોની મુલાકાત તેમના કામના અનુભવો - હાથ ધરાયેલ કામના પ્રકાર સમાજમાં એ કાર્યની ઉપયોગીતા, કાર્યસ્થળ સંબંધી સગવડો, સમયસર માપણી તથા ચૂકવણું વગેરે વિશે જાણશે. કુટુંબો શા માટે MGNREGS હેઠળ કામ માટે નોંધણી નથી કરાવતાં તે સમજવા માટે ન નોંધાયેલા ઘરો આવરવાં જરૂરી છે. દરેક મસ્ટર રોલમાંથી ગમે તે 10થી 15 કામગારોને પસંદ કરી શકાય અને ઘરોની મુલાકાત દરમ્યાન તેમની પૂછપરછ કરવી જોઈએ.

જે કામગારો (શ્રમિકો) મસ્ટર રોલમાં ગેરહાજર નોંધાયેલા હોય તેમને તેમની ગેરહાજરીનું કારણ તેમ જ કામ વિશે તેમને માહિતગાર કરાયા હતા કે નહીં તે પૂછી શકાય. કામગારો ને મસ્ટર રોલ દેખાડી શકાય અને તેમાં દર્શાવેલા કામગારો કાર્ય સ્થળે હતા તે પણ પૂછી શકાય. તેઓએ લોકોએ કરેલી ફરીયાદો પણ નોંધવી જોઈએ.

## iii ) કાર્યસ્થળે ચકાસણી

હાથ ધરાયેલ કામની ચકાસણી માટે સામાજિક ઑડિટ કમિટીના કેટલાક રાજ્યો કાર્યસ્થળની મુલાકાત લેશે. કાર્યસ્થળે રોજના મટીરિયલ્સ રજીસ્ટર રખાયાં છે કે નહીં તથા પાંચ કામગારો વડે તેની રોજ ચકાસણી થાય છે કે નહીં તે તેમણે ચકાસવું જોઈએ. તેમણે એ પણ જણાવવું જોઈએ કે તપાસ માટે મેઝરમેન્ટ/માપણીની નોંધો ઉપલબ્ધ છે કે નહીં. જો કામગારોની હાજરી નોંધવા માટે કાચુ મસ્ટર રોલ વપરાતું હોય, તો નકલ મેળવવી જોઈએ પણ મસ્ટર રોલમાં નોંધાયેલ હાજરી સાથે તેની ચકાસણી થવી જોઈએ. MGNREGS માં કાચા મસ્ટર રોલનાં ઉપયોગ પર સંપૂર્ણ પાબંધી છે અને તેના વિશે તાત્કાલીક સંબંધીત બ્લોક પ્રોગ્રામ ઓફીસરને જાણ કરવી જોઈએ.

માર્ગદર્શકોમાં વર્ણવ્યા મુજબની વિગતોની માહિતી આપતું બોર્ડ કાર્યસ્થળે મૂકાયેલ છે તેની ચકાસણી SAC વડે થવી જોઈએ. પીવાનું પાણી, પ્રાથમિક સારવાર બોક્ષ તથા ઘોડીયાઘર જેવી બીજી સગવડો પણ ચકાસવી જોઈએ. આની ચકાસણી કાર્યસ્થળની મુલાકાત લઈને અથવા શ્રમિકોને પૂછવાથી થઈ શકે.

## iv) પૂરાં થયેલાં કામનું મુલ્યાંકન તથા આકારણી.

સામાજિક ઑડિટ કમિટી બધાં જ પૂરાં થયેલ કામોની મુલાકાત લેશે અને કામની ગુણવત્તા નક્કી કરશે. કામનું વિવરણ પણ કાર્યસ્થળે મૂકવું જરૂરી છે, તથા વહિવટી મંજુરીની એક નકલ ગ્રામ પંચાયતમાંથી મેળવી શકાય છે. કોઈ પણ કામની ગુણવત્તા ને માપણી વિવરણની વિગતોની ટેકનીકલ તથા વહિવટી મંજુરીને કેટલી બારિકાઈથી અનુસરે છે તેના પર નિર્ભર છે. માટે સામાજિક ઑડિટ કમિટીએ જ્યારે તેઓ ચકાસણી માટે સ્થળની મુલાકાત લે ત્યારે મેઝરીંગ ટેપ/ટેપ પટ્ટી તથા હથોડી લઈ જવી જોઈએ. પૂર્ણતાના ડેટા લોકોને માફક આવે તેવા ફોર્મેટ (ઢાંચા)માં જાહેર થયા છે કે નહીં તે પણ તેઓ ચકાસશે ઉપર જણાવેલ પાસાંઓમાં કોઈ પણ થયેલ ફેરફારની નોંધ કરવી જોઈએ. માર્ગદર્શિકા મુજબ પંચાયતે સ્થળના કામ થયા પહિલાંના તથા પછીના ફોટા લેવા જોઈએ. આ ફોટાઓ SACને વિવિધ સ્થળોએ પૂરાં થયેલ કામોની આકારણીમાં મદદરૂપ થઈ શકે.

આ નોંધો ગ્રામસભાના ઓછામાં ઓછા 15 દિવસ પહેલાં પંચાયત ઓફીસમાં મૂકાવી જોઈએ. સામાજિક ઑડિટ કમિટી દ્વારા વિશ્લેષણ કરાયેલ ડેટા પણ ગ્રામ સભાની નિશ્ચિત તારીખના ઓછામાં ઓછા પાંચ (5) દિવસ પહેલાં બીજા જાહેર સ્થળો (ગામનો ચોરો, પાણી માટેની જગ્યા, કરિયાણાની દુકાન, પ્રાથમિક શાળા, આંગણવાડી, સહકારી દુધ મંડળી તથા કાર્યસ્થળો)એ મૂકાશે, જેથી લોકોને તે વાંચવા તથા સમજવાનો મોકો મળે.

સામાજિક ઑડિટ કમિટીએ MGNREGSની સવલતો તથા સામાજિક ઓડિટના મહત્વ વિશે જાગરુકતા પેદા કરવા કામગારો સાથે કાર્ય સ્થળે તથા ફળીયાંના સ્તરે સભાઓ યોજવી જોઈએ. ગ્રામસભામાં લોકોની ભાગીદારી વધારવા માટે આ બહુ મહત્ત્વની જરૂરિયાત છે.

આ સભાઓમાં સામાજિક ઑડિટ કમિટીએ લોકોને તેમના વડે હાથ ધરાયેલ કાર્ય તથા તેનાં પરિણામો/શોધો વિશે પણ ટુંકમાં વર્ણવ્યું જોઈએ. તેમનો MGNREGSના અમલીકરણની પ્રગતિ સંબંધી તેમના વિચારો તથા નિસબત પણ નોંધવા જોઈએ તથા તેમને આ નિસબત વધારવા તથા ગ્રામસભામાં પ્રશ્નો પૂછવા પ્રોત્સાહિત કરવા જોઈએ. સમાજ/વસતી સાથે તારીખ, સમય તથા સ્થળ વિશે પણ ચોખવટભરી વાત થવી જોઈએ જેથી તેઓ હાજર રહી શકે.

મસ્ટર રોલ તથા બીજા અગત્યના દસ્તાવેજોની નકલો પંચાયત ઓફીસ તથા ગામના ચોરા પર લોકોની ચકાસણી માટે ખૂલ્લાં મૂકાવાં જોઈએ. પંચાયત સેક્રેટરીને આને માટે પ્રાથમિક જવાબદારી સોંપવી જોઈએ. પંચાયત અથવા ગામનો ચોરો, જ્યાં લોકોની ચકાસણી માટે ડેટા ઉપલબ્ધ કરાવાયા હોય ત્યાં નોંધો વિશે લોકોને સમજાવવા રોજગાર સેવક અથવા સામાજિક ઑડિટ કમિટીનો કોઈ સભ્ય હાજર હોવો જોઈએ.

**સામાજિક ઑડિટ માટે ગ્રામસભાઃ**

ગ્રામસભાના દિવસે સમાજમાં ઉત્સાહ તથા રસપૂર્વક અંકિત થવો જોઈએ. જાહેર ઘોષણા પણ અદ્યતન હોવી જોઈએ. નીચે જણાવેલ પગલાંઓનું ચૂસ્તતાપૂર્વક પાલન થવું જોઈએઃ

- MGNREGSના અમલીકરણ સંબંધી મસ્ટર રોલ તથા બીજા બધા દસ્તાવેજો લોકોની ચકાસણી માટે ગ્રામસભાના સ્થળે મૂકાવાં જોઈએ.
- વિશ્લેષણ ડેટા પણ મોટા તથા સાદા ફોર્મેટ (ઢાંચા)માં લખાવા જોઈએ તથા ગ્રામસભાનાં સ્થળે મૂકાવા જોઈએ.
- કામને લગતા ડેટા (શેલ્ફ ઓફ પ્રોજેક્ટ), મંજુર થયેલ બજેટ, માન્ય કામ, નોંધાયેલ કુટુંબો, અપાયેલ જોબ કાર્ડ્સ, કુલ લોકો - પુરુષો તથા મહિલાઓને સોંપાયેલા કામના દિવસો તથા થયેલ ચૂકવણી વગેરે ગ્રામસભાના સ્થળે ચાર્ટ પર દર્શાવવા જોઈએ. લોકોની જાણકારી માટે ભાવપત્રક પણ ચાર્ટ પર દર્શાવવા જોઈએ. ગ્રામસભામાં દર્શાવેલ બધી જ માહિતી જોઈ શકાય તેવી તથા વાંચી શકાય તેવી હોય તેનો ખ્યાલ રાખવો જોઈએ. કામની પહેલાંના તથા પછીના ફોટોગ્રાફ્સ લોકોની ચકાસણી માટે મૂકાવા જોઈએ.
- અમલીકરણ સંસ્થા અથવા સંસ્થાઓના પ્રતિનિધિઓ ગ્રામસભામાં હાજર હોવા જોઈએ. જો અમલીકરણ સંસ્થા ગ્રામ પંચાયત ન હોય તો સરપંચે સંબંધિત સંસ્થાઓ જેવી કે લાઈન

ડિપાર્ટમેન્ટ, NGOs, CBOs, ખાનગી સંસ્થાઓ વગેરેને ગ્રામસભાના 15 દિવસ પહેલાં જાણ કરવી જોઈએ.

- સામાજિક ઑડિટની ગ્રામસભાની મુખ્ય સ્થાન પર સામાજિક ઑડિટ કમિટીના પ્રમુખ હોવા જોઈએ. ગ્રામ પંચાયત અમલીકરણ સંસ્થા હોવાના કારણે સરપંચ આ ગ્રામસભાનું મુખ્ય સ્થાન લઈ શકે નહીં.
- ગ્રામસભાની શરૂઆત છેલ્લી સામાજિક ઑડિટ ગ્રામસભાના મુખ્ય પ્રશ્નો/મુદ્દાઓની પ્રગતિ (લેવાયેલ પગલાં) તથા લેવાયેલ મુખ્ય નિર્ણયોની ફેર ચકાસણી વડે કરાય છે. ગ્રામસભાની પહેલાં, પંચાયત સેક્રેટરી લેવાયેલ પગલાંનો અહેવાલ તૈયાર કરે છે તથા પંચાયતની માસિક સભામાં તેને મંજુર કરાવે છે. આ અહેવાલને સરપંચ અથવા પંચાયત સેક્રેટરીએ ગ્રામસભા દરમ્યાન મોટેથી વાંચવો જોઈએ. લોકો ટીપ્પણી કરી શકે અથવા પ્રશ્નો પૂછી શકે તથા તેના આધારે આગળના નિર્ણયો લેવાય, જે સભાની મિનિટ્સ લેતી વ્યક્તિ વડે યોગ્ય રીતે નોંધી લેવાય.
- ગ્રામસભા દરમ્યાન, પંચાયત સેક્રેટરી અથવા રોજગાર સેવકે MGNREGSના અમલીકરણ વિશેની વિગતો પૂરી પાડવી જોઈએ.
- ત્યારપછી સામાજિક ઑડિટ કમિટીએ MGNREGSના અમલીકરણનો અહેવાલ રજુ કરવો જોઈએ. એટલે કે તેમણે વિશ્લેષણ થયેલ, ચકાસાએલ તથા રજુ થયેલ માહિતીઓ રજુ કરવી જોઈએ.
- ગ્રામસભામાં શ્રમિકોનાં નામો મોટેથી વંચાવા જોઈએ. તફાવતની નોંધ થવી જોઈએ. મસ્ટર રોલની ચકાસણી પછી, નાગરિકતાના પ્રશ્નો/મુદ્દાઓ માટે મેદાન મોકળું થવું જોઈએ. સભ્યો વડે ઉઠાવેયેલા બધા જ મુદ્દાઓ પર ગ્રામસભામાં હાજર સંબંધિત અધિકારી જેમ કે અમલીકરણ સંસ્થા (જો હોય તો) ના હાજર કર્મચારી, સરપંચ, પંચાયત સેક્રેટરી, PO તથા ગ્રામસભામાં હાજર બીજા કોઈ પણ સંબંધિત કર્મચારી વડે યોગ્ય રીતે સંબોધાવા જોઈએ.
- નિર્ણયો બહુમતીથી લેવાય છે. મિનિટ્સ ઉપર હાજર બધા સભ્યો સહી કરે છે.

**સામાજિક ઑડિટ પ્રક્રિયાને સંસ્થાગત/સંસ્થાકૃત કરવા સામે પડકારોઃ**

સામાજિક અન્વેષણ ને આગળ વધારવા માટે બધા સ્તરે પૂષ્કળ પ્રયત્નો તથા ઈચ્છાની જરૂર છે. જો સામાજિક ઑડિટ સંસ્થાકૃત કરાય તો તે પારદર્શિતા તથા જવાબદારપણામાં મદદરૂપ થઈ શકે. જો કે, અનુભવ દર્શાવે છે કે આ પ્રક્રિયાને સંસ્થાકૃત કરવામાં થોડા પડકારો છે. તેમાંના કેટલાક અહીં દર્શાવ્યા છે.

**મૌનની સંસ્કૃતિઃ**

કશુંક ખોટું બનતું જોવે તો પણ લોકો બોલતા નથી કારણ કાં તો તેઓ પદ્ધતિ વિશે જાગૃત નથી અથવા તેઓએ બેપરવાઈ/ઉદાસીનતાની લાગતી વિકસાવી છે કે વર્તમાન પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થવાનો નથી. પ્રત્યાઘાતનો ભય પણ હોય છે.

આ પડકારનો સામનો કરવા માટે, વહિવટદારોઓ ગ્રામસભા દરમ્યાન ઉઠાવાયેલ મુદ્દાઓ પર ત્વરિત

પગલાંની ખાતરી આપવી જોઈએ, તથા પછીની ગ્રામસભામાં આ લેવાયેલાં પગલાં વિશે લોકો સાથે ફરી વાતચીત થવી જોઈએ. આનાથી લોકોને વિશ્વાસ થશે કે તેમના અવાજને સાંભળવામાં આવે છે. તે સમાજને વ્યસ્ત બનાવશે તથા પ્રશ્નોને વાચા આપવાનો તેમનો આત્મવિશ્વાસ વધારશે.

**ગ્રામસભામાં નીચી/ઓછી હિસ્સેદારીઃ**

ગ્રામસભામાં લોકોની ઓછી ભાગીદારી એ બીજો અવરોધ છે. સુધારણાની પદ્ધતિ, ભૂતકાળના કાયદાઓનો અસહકાર, શક્તિશાળી વડે પ્રભુત્વ તથા અર્થપૂર્ણ ચર્ચાઓનો અભાવ, એ બીજાં કેટલાંક કારણો છે જે તે લીધે લોકો ગ્રામસભામાં જવું તેને સમયનો બગાડ સમજે છે.

સામાજિક ઑડિટને પૂષ્કળ સુધારણા તથા સજાવટની જરૂર છે, માટે સ્થાનિક CSOs ની સામેલગીરી તેને વધુ અસરકારક બનાવે છે. તેઓ કાર્યબજવણી સાથે જોડાયેલા ન હોવાને કારણે, તે પ્રક્રિયાની હેતુલક્ષીના તથા વિશ્વસનીયતા વધારે છે. અગાઉ દર્શાવ્યું તે મુજબ નિપુણ અધિકારી વડે ઠરાવ પર લેવાયેલાં સમયસરનાં પગલાંની સામાજિક ઑડિટના બીજા ફેરા/રાઉન્ડ પર અસર પડે છે. MGNREGSના સામાજિક ઑડિટ દર છ મહિને કરાતાં હોવાથી પહેલાંના સામાજિક ઑડિટ પર સમયસર લેવાયેલાં પગલાં લોકોને પ્રોત્સાહિત કરે છે. ઉલટાનું જો આ પ્રમાણે ન બને તો લોકો નિરાશ થઈ જાય છે અને તે ભવિષ્યમાં હિસ્સેદારીના અભાવમાં પરિણમશે. સામાજિક ઑડિટ, વધેલી જાગરુકતા તથા માગ પેદા થવી જેવા પાછોતરા ફાયદાઓ છે. ડેટા એકઠા કરવા, ચકાસણી તથા ગ્રામસભા સજાવટ દરમ્યાન કમિટી તથા સ્વયંસેવકો જાતે જ લોકો સાથે વાતચીત કરે છે અને ધારા/નિયમની ઉપલબ્ધતા, તેમનાં અધિકાર તથા તેમને મેળવવાની પદ્ધતિ તેમની સાથે વહેંચે છે. રસ ધરાવતાં ઘરોને નોંધણી માટે અરજી કરવા તથા કામની માગણી કરવા પ્રોત્સાહિત કરાય છે. તે માત્ર કાર્યક્રમના અમલીકરણની ગુણવત્તા જ સુધારતું નથી, તે લોકોની સામેલગીરી પણ વધારે છે.

**સામાજિક ઑડિટએ નકારાત્મક સુચિતાર્થો તથા સામાજિક આર્થિક સ્વાર્થના વિખવાદો છેઃ**

સામાજિક ઑડિટ ચૂંટાયેલા પ્રતિનિધિઓ ખાસ કરીને સરપંચમાં ભય તથા રોષ/દુઃખ જાગૃત કરે છે. વળી, ભારતીય ગ્રામીણ સમાજ એકસમાન નથી અને તેમાં જ્ઞાતિ વર્ગ તથા જાતિ પર આધારિત વિખવાદી સ્વાર્થી પણ છે. સામાજિક ઑડિટ પ્રક્રિયા નબળા વર્ગ જેવાં કે ગરીબો, દલિતો, મહિલાઓ તથા લઘુમતીઓના હિતને ગણતરીમાં લે છે અને તેમને સશક્ત કરે છે. આથી શક્તિશાળી જુથો પણ આવી પ્રક્રિયાને અવરોધે છે.

આ પડકારનો સામનો કરવા શરૂઆતના તબક્કે જો સામાજિક ઑડિટને એક શિખવાની પ્રક્રિયા દોષો શોધવાને બદલે - પારદર્શિતા તથા જવાબદારીની સંસ્કૃતિ મનમાં ઠસાવવા માટે - આગળ વધારાયતો સરપંચો ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા ઉપર દર્શાવ્યાં મુજબ બીજા જુથો ના અવરોધને ખાળવા સહેલો છે. નાની પરંતુ વધતી રહેતી સફળતા લોકોની ખાસ કરીને ગરીબો તથા હાંસિયામાં ધકેલાયેલાઓના આત્મવિશ્વાસ તથા નૈતિક્તાનો વધારો કરશે.

**માહિતીની વહેંચણીમાં ગ્રામ સ્તરના કર્મચારીઓનો અવરોધઃ**

અમલીકરણમાં સામેલ બધા કર્મચારીઓના મગજમાં એ ઠસાવવું અગત્યનું છે કે તેઓ લાગે તે

જવાબદાર છે તથા તે તેમના વલણ તથા વર્તનમાં દેખાવું જોઈએ. કદાચ આ જાગૃતતા બધી કર્મચારી સભાઓ તથા અભિમુખતાનો ભાગ બનાવી શકાય. વળી, માહિતી અધિકાર ધારો - 2005, એક મહત્ત્વનો શક્તિદાતા છે. એવું જોવામાં આવ્યું છે કે કર્મચારીઓ હવે આ ધારા હેઠળ માહિતીની માગણી માટેની અરજી અપાયા પહેલાં જ માહિતી પુરી પાડી દે છે.

**ચકાસણી ન થઈ શકે તેવી નોંધોઃ**

જોબકાર્ડનો મુખ્ય આશય કામગારોને તેમના પોતાના રોજગાર તથા ભથ્થાંની વિગતો ચકાસવા માટે સમર્થ કરવાનો છે. જોબકાર્ડમાં કાં તો હાજરી નોંધવામાં જ નથી અથવા કોઈક એવી જગ્યાએ અને એવી પદ્ધતિથી નોંધ કરવામાં આવે છે કે અર્ધશિક્ષિત શ્રમિકો માટે તે ચકાસણી અશક્ય બને છે તથા તાલીમ પામેલા સંશોધક ને માટે પણ મુશ્કેલ બને છે.

અમલીકરણ સંસ્થા ને સારા હસ્તાક્ષરમાં સુસજ્જ નોંધ રાખવા વિશેની સૂચના પારદર્શિતાને સરળ બનાવશે કારણ કામગારો પોતે જ નિયમિત ધોરણે તેમના રોજગાર તથા ભથ્થાંની વિગતો ચકાસી શકશે. આ અનિતિ જો કોઈ હોય તો, તે અટકાવવાનો લાંબો રસ્તો બનશે. જ્યારે પણ રાજ્ય, જિલ્લા અથવા બ્લોકના કર્મચારીઓ ગામની મુલાકાત લે ત્યારે તેમણે જોબકાર્ડની કામગારો સાથે તથા બીજી નોંધોની પણ રેન્ડમ તપાસ કરવાનો એક મુદ્દો બનાવવો જોઈએ. આનાથી સંબંધિત ગ્રામ કર્મચારીમાં નિમયિતપણે બધી નોંધો સુસજ્જ કરવાની ટેવ જાગૃત થશે.

આખરે, એવું જોવામાં આવ્યું છે કે પારદર્શિતા તથા જવાબદારી વધારવા માટે માત્ર કાયદાકીય સગવડો પૂરતી નથી. માગણીઓની દિશા અધિકારો વિશેની જાગૃતતા, કાબેલીયત ઘડતર, સુસજ્જતા તથા સુધારા વડે મજબુત કરવી જરૂરી છે. પૂરવઠા સાઈડ, ક્રિયાઓ અનુસરણ માટે પ્રાથમિક રીતે જવાબદાર છે જેને ભયમુક્ત વાતાવરણ ઉભુ કરીને તથા નોંધ રાખવા માટે કાબેલ બનાવીને ટેકો આપવો જોઈએ. પંચાયતોની અપક્રાંતિની પ્રક્રિયા પૂરી કરવી મહત્ત્વની છે, કારણ કે સત્તા વગરની જવાબદારી, જવાબદારી વગરની સત્તા જેટલી જ વહીયાત છે.

# 20. નેતાગીરીનો વિકાસ

**સહિયારા લક્ષ્યની પ્રાપ્તિ માટે આગેવાની, પ્રેરણા અને વાટાઘાટ માટે સ્વવિકાસનું મહત્ત્વ**

નેતાગીરીએ એવો મુદ્દો છે જેણે વ્યવસ્થાપન, વ્યાપાર, જનસમુહ અને રાજકીય સંગઠનોમાં ઘણું ધ્યાન ખેંચ્યુ છે. બધા જાણે છે કે નેતાગીરી હોય છે, પરંતુ બહુ થોડા તેની વ્યાખ્યા કરી શકે છે. અસરકારક નેતા વગર અસરકારક સંગઠન હોઈ શકે નહીં. એક આગેવાન તરીકે તમે શું કરો છો અને શું નથી કરતા તે ખૂબ અગત્યનું છે. જો તમે તમારા સમાજની સુધારણાની શરૂઆત ન કરો અને જો તમારા 'લોકો'ને જાહેરજીવનનાં ઉંચાધોરણો પ્રાપ્ત કરે તેવી દોરવણી ન આપો, તો તમારો સમાજ તેમ જ સંગઠન બહુ અસરકારક થશે નહી. નેતાગીરીએ એક ચાવીરૂપ ઘટક છે.

**નેતા અને નેતાગીરીનો ખ્યાલ/વિભાવના**

નેતાગીરી એ એક એવી પ્રક્રિયા છે જેના વડે એક વ્યક્તિ બીજા પર એક ધ્યેય, કાર્ય અથવા હેતુ પુરા કરવા માટે સત્તા વાપરી શકે અને સંગઠનને/તંત્રને વધારે સુસંબદ્ધ તથા સંયોગી બનાવે તે પ્રકારનું નિર્દેશન પુરું પાડે. (Brim. D: 1998) એક વ્યક્તિ આ પ્રક્રિયાને પોતાના આગેવાનીના ગુણધર્મ લાગુ પાડીને પાર પાડે છે. (ઉદાહરણ તરીકે - માન્યતા, મુલ્યો નીતિ, ચારિત્ર્ય, જ્ઞાન અને કુનેહ). નેતાગીરીનો ચાવીરૂપ ખ્યાલ એટલે "લોકો દ્વારા કામ કરાવવું"

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

એક તંત્રમાં લોકો એવી વ્યક્તિ પાસેથી માર્ગદર્શન ઈચ્છે છે જેને તેઓ માન આપતા હોય તથા જેને નિર્દેશનની સ્પષ્ટ સૂઝ હોય. બીજાને પ્રેરણા આપીને તથા ઉત્સાહિત કરીને નક્કી કરેલું અપેક્ષિત લક્ષ્ય પ્રાપ્ત કરવું એ એક નેતાની આવડત છે.

નેતા એટલે "અનુયાયીઓ દ્વારા એક વ્યક્તિને સોંપાઈ હોય તેવી ભૂમિકા. તેમાં અનુયાયીઓ એ નક્કી કરેલા વર્તુણકનાં સ્વિકૃત ધોરણો તથા ઉદ્દભવતી અપેક્ષાઓનો સમાવેશ થઈ જાય છે, જેના બદલામાં તેઓ નેતાને એવી પદવી આપે છે કે જે તેમને તેમનાં કાર્યોમાં સત્તાના ઉપયોગની છૂટ આપે છે." (Huezymski, A. & Buchanan, D. 2000)

"નેતાગીરી એટલે કોઈ ધ્યેય પુરું કરતી વખતે અથવા તંત્રમાં સુધારા કરતી વખતે લોકોને હેતુ, નિર્દેશન તથા પ્રોત્સાહન પૂરાં પાડીને તેમના પર પ્રભાવ પાડવાની રીત"

નેતાગીરીનાં બે મહત્ત્વનાં પાસાં એટલે; (i) લોકોને દોરવણી/આગેવાની આપવી. (ii)હેતુ અથવા લક્ષ્યની પ્રાપ્તિ.

એ સાચું છે કે અધ્યક્ષ અથવા રાજા સંચાલન કરે છે, પરંતુ કોઈ પદ ન ધરાવતા હોવા છતાં લોકો પણ સંચાલન કરે છે. તેવી જ રીતે તમને એવા લોકો પણ મળશે જેમને આગેવાન/નેતાનું બિરુદ અપાયું હોય અને તેમણે સંચાલન કરવું પડતું હોય પરંતુ તેઓ સંચાલન કરતા હોતા નથી. નેતાગીરી એ એવો ગુણ છે, જે જેનામાં તે માટે અનિવાર્ય એવી ખાસીયત તથા લાક્ષણિકતા હોય તેમ બધામાં જોઈ શકાય છે.

બીજા શબ્દોમં કહીએ તો નેતાગીરીની ટોપી પહેરવાથી નેતા બની જવાતું નથી. તમે ત્યારે જ ખરા નેતા છો જ્યારે તમે બીજા લોકો પાસે કામ કરાવી/કઢાવી શકો છો.

મહાત્મા ગાંધી, નેલ્સન માંડેલા કે માર્ગારેટ થેચર જેવા નેતાઓ નેતા તરીકે જનમ્યા ન હતા. તેઓ ઉંચી કક્ષાની મહાત્વાકાંક્ષા ધરાવતા હતા જેની સાથે તેઓ ક્યાં પહોંચવા માગે છે તથા તેમના લોકોનાં હિત માટે શું કરવા ધારે છે તે વિષેની સ્પષ્ટ દૃષ્ટિ જોડાયેલી હતી. તેમની પાસે અપાર શક્તિ, આત્માવિશ્વાસ, નિર્ણયાત્મકતા, તેમનાં ક્ષેત્રનું જ્ઞાન વગેરે હતાં. નેતાગીરી કુનેહ માગે છે. પાયાની વાત એ છે કે જો એક વ્યક્તિ આવી ખાસીયતો ધરાવતી હોય તે આગેવાની લઈ શકે છે.

ભલે તમારું સ્થાન એક નેતા, વ્યવસ્થાપક નિરિક્ષક વગેરેનું હોય અને તંત્રમાં ચોક્કસ કાર્ય તથા હેતુઓ પૂરા કરાવવા માટે તેમને સત્તા આપતું હોય આ 'સત્તા' તમને નેતા બનાવતી નથી, તે માત્ર તમને ઉપરી 'બૉસ' બનાવે છે. નેતાગીરી લોકો પાસે ઉંચા નિશાન અથવા હેતુઓ પાર પડાવવા ઈચ્છે છે ત્યારે ઉપરીઓ લોકોને કોઈ કાર્ય અથવા હેતુ પૂરા કરવાનું કહે છે.

પ્રબંધન કરવું એટલે કશાકની જવાબદારી લેવી, કોઈ પ્રવૃત્તિનું સંચાલન કરવું, કશુંક પુરું કરવું. વ્યવસ્થાપણે નિત્યક્રમ મુજબ યોજના, આયોજન, નિર્દેશન, કાબુ, દેખરેખ તથા મૂલ્યાંકન કરે છે. તેઓ તંત્રની નીતિઓ, નિયમો, કાર્યપદ્ધતિ તથા યોજનાઓનો અમલ કરે છે. વ્યવસ્થાપકો તેમની નોકરીમાં વર્ણવ્યા મુજબની ફરજો તથા કાર્યો કરે છે.

નેતાઓ ઉપર કહેલી બધી વસ્તોઓ પણ કરતા હોઈ શકે. ખરેખર તો જો તેઓ વ્યવસ્થાપકો હોય તો તેઓએ તે બધું કરવું તેવી અપેક્ષા રહે છે. પરંતુ આપણે જોયું તેમ વ્યાખ્યા મુજબ આગેવાનીમાં નિર્દેશન,

દિશા ક્રિયા તથા લોકોના મતનું માર્ગદર્શન કરવું અથવા તેના પ્રભાવ પાડવો તેનો પણ સમાવેશ થઈ જાય છે.

**એક સાચા નેતાનાં લક્ષણો (વલણો) તથા ખાસીયતો (ગુણો)**

આગેવાનોએ સફળતા માટે ખૂબ બુદ્ધિશાળી હોવું કે મહાન પુરુષ કે મહિલાઓ હોવું જરૂરી નથી. પરંતુ તેમનામાં યોગ્ય ગુણો તથા મુલ્યો (લક્ષણો તથા ખાસીયતો) હોવાં જરૂરી છે.

**સારા નેતાનાં લક્ષણોઃ**

| ક્રમ | લક્ષણો | વર્ણન |
|---|---|---|
| 1. | સમગ્ર તંત્રમાં સંબંધો કેળવવાની આવડત | ઉપરીઓ, સમોવડીયાઓ કે હાથ નીચેના કર્મચારીઓમાં ઊંચા સ્તરનો વિશ્વાસ સ્થાપિત કરવો તથા સહયોગ અને પ્રભાવથી કામ થઈ જાય તે જોવું. |
| 2. | મજબૂત વ્યક્તિગત બળ હોવું | મહત્વાકાંક્ષા, આરંભ, આત્મવિશ્વાસ અને પોતાની ક્રિયાઓ માટે અંગત જવાબદારીહોવી તથા બહાનાં ન કાઢવા તથા બીજા પર દોષારોપણ ન કરવું. |
| 3. | યોજના હોવી | ક્યાં પહોંચવું છે અને તેને માટે કયો રસ્તો લેવો છે તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો તથા મુખ્ય લક્ષ્ય તથા હેતુ માટે પ્રયત્નો તથા શક્તિને એકાગ્રચિત્ત કરવાં. |
| 4. | પોતાની દૃષ્ટિ બીજા સાથે વહેંચવી | વસ્તુ સ્થિતી કેવી હોવી જોઈએ તેની દૃષ્ટિ હોવી અને કામદારો સાથે અસરકારક તથા ઉત્સાપૂર્વકની વાતચીત દ્વારા 100 ટકા પરિણામ મેળવવું. |
| 5. | આજ્ઞાંકિત તથા અનુકૂલિન સાથે તેવા હોવું | પરિસ્થિતિની માગને સમજીને તે મુજબ ક્રિયા કરવી. |
| 6. | ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવાની આવડત | કાર્યને લગતાં દરેક પાસાંમાં બીજાને પોતાનો અભિપ્રાય આપવા માટે પ્રોત્સાહિત કરીને તેમને પોતે કંપનીનો એક ભાગ છે તેવો અનુભવ કરાવવો. |
| 7. | વાટાઘાટની કુનેહ | તેના અથવા તેણીના વિચારો, માન્યતા, હેતુ, પદ્ધતિ અને વલણોને કાર્યકર્તાઓ સુધી પહોંચાડવાં, જેઓ પછી તે વિચારોને કાર્યમાં બદલે. |

**અસરકારક આગેવાનની ખાસીયતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.**

| | | |
|---|---|---|
| 1. | ચલાવવું/વલણ | મેળવવાની ઈચ્છા, મહત્વાકાંક્ષા, અપારશક્તિ, શરૂઆત કરવી. |
| 2. | પ્રમાણિકતા તથા સંપૂર્ણતા | વિશ્વાસપાત્ર, ભરોસામંદ, ખુલ્લા મંતવ્યો. |
| 3. | નેતાગીરીની ઈચ્છા | વહેંચી લિધેલા લક્ષ્ય સુધી પહોંચવા માટે બીજા પર સત્તા ચલાવવાની ઈચ્છા. |
| 4. | આત્મવિશ્વાસ | પોતાની શક્તિમાં વિશ્વાસ |
| 5. | પ્રક્રિયાત્મક શક્તિ | બુદ્ધિમત્તા, માહિતીના વિશાળ પ્રમાણને ભેગા કરવાની તથા અર્થઘટન કરવાની ક્ષમતા. |
| 6. | વ્યાપાર વિશેનું જ્ઞાન/જાણકારી | ઉદ્યોગ વિશે તેને સંબંધી ટેકનીકલ વસ્તુઓ, કાયદાકીય પાસાં વિશે જાણકારી/જ્ઞાન. |
| 7. | નમ્રતા | પરિસ્થિતિની જરૂરિયાત તથા અનુયાયીઓની જરૂરને અપનાવવાની ક્ષમતા |
| 8. | લાગણીમાં સ્થિરતા અથવા સ્થિતપ્રજ્ઞતા | તણાવ અને હતાશાને સહન કરવાની ક્ષમતા |
| 9. | ઉત્સાહ | સક્રિય, લાક્ષણિકતા, ખંતીલુ; મોટે ભાગે ખૂબ આશાવાદી તથા ફેરફાર માટે ખૂલ્લા મનનું. |
| 10. | પરિપક્વતા | એ સ્વિકારવાની/સમજવાની શક્તિ છે. બીજા ઉપર શાસન કરવા કરતાં બીજાનું સશક્તિકરણ કરવાથી વધારે (કાર્યો) પૂર્ણ કરી શકાય છે. |
| 11. | જૂથને પરિસ્થિતિ મુજબ અભિમુખ કરવી | જુથ કાર્યો ઉપર મજબુત ભાર મૂકવો |
| 12. | સહભાગ | પોતાની જાતને બીજાના જુથમાં મૂકવાની ક્ષમતા. |

**અનુયાયીઓ તેમના આગેવાન પાસેથી શું ઈચ્છે છે અને તેમને શા માટે ચાહે છે**

આપણામાંના મોટા ભાગના એવા નેતાઓ માટે ઉંચો અભિપ્રાય ધરાવે છે જેઓ પ્રમાણિક કાબેલ, દિર્ઘદ્રષ્ટિવાળા અને પ્રેરણાદાયક હોય. અહીં પ્રમાણિકતાનો આપણે એવો અર્થ લઈએ છીએ કે તેઓ જે ઉપદેશ આપે તેને અમલમાં પણ મુકે. વચનો પળાવાં જ જોઈએ અને નેતાને પોતાની માન્યતાને અનુસરી શકવાનો વિશ્વાસ હોવો જોઈએ. સાથો સાથ જ નેતા લક્ષ્યને પૂરાં કરી શકવા પૂરો સક્ષમ હોવો જોઈએ. ઘણી વખત એવું બને છે કે નેતા મહાન વિચારો અથવા એક અઠવાડીયાંના સમયમાં અમુક

કાર્યો પૂરાં કરવાનાં લક્ષ્ય સાથે પોતાનો હોદ્દો સંભાળે, પરંતુ જેમ જેમ સમય પસાર થતો જાય તેમનો રસ ઘટી જાય અને પરિણામે પ્રકલ્પો પૂરા ન થાય એ કામદારોને તેમના નેતા વડે 'નિરાશ કર્યા'ની લાગણી થાય.

નેતાનું મોટેભાગે બીજું સૌથી વધારે વખત પસંદ કરાતું લક્ષણ છે તેમની દુરગામીતા. આને માટે ભવિષ્યની પેઢીની અપેક્ષા અને જરૂરિયાતને જોઈ શકવાની આવડત તથા આ અપેક્ષા તથા જરૂરિયાત પૂરાં પાડવા માટે લોકોને પ્રોત્સાહન કરવાની દિર્ઘદૃષ્ટિ જરૂરી છે. નેતાઓ તંત્રનાં બંધારણના દરેક તબક્કે બુદ્ધિશાળી દુરદૃષ્ટિવાળા તથા સર્જનાત્મકતા ધરાવતા હોવા જોઈએ. પછીનો અપેક્ષિત ગુણ છે પ્રેરણા. અગાઉ ચર્ચાઈ ગયું છે તે મુજબ નેતાની દૃષ્ટિ સમગ્ર તંત્રમાં બધા સુધી પહોંચવી જોઈએ. આવી માહિતીની આપ-લે માત્ર માહિતીપ્રદ જ નહીં પરંતુ પ્રોત્સાહક પણ હોવી જોઈએ. જો એક નેતા તરીકે હું જ મારી નજરે ઉત્સાહિત ન હોઉં તો હું બીજા ઉત્સાહિત હોવા જોઈએ તેવી અપેક્ષા કેવી રીતે રાખી શકું? જો કૉમ્પ્યુટરાઈઝેશન કંપની માટે સફળતા લાવશે તે વિશે હું જ ઉત્સાહિત ન હોઉં તો એ ડીવાઈસ/સાધનના ઉપયોગ માટે મારા કાર્યકરોએ શા માટે વધારાની તાલીમ લેવી જોઈએ?

આ બધા એવા લક્ષણો છે જે લોકો ઈચ્છે છે. જ્યારે કામદારોને તે નથી દેખાતાં ત્યારે તેમને પોતાના નેતાઓમાંથી, તંત્રમાંથી અને છેવટે પોતાની જાતિમાંથી વિશ્વાસ ઉઠી જાય છે. આ વસ્તુ કામદારોને કામ ન કરવા તથા બીજાને પણ તેમ કરવા પ્રેરવા તરફ દોરી જાય છે. નેતાઓએ પણ જાણવું જોઈએ કે 'નેતા બનવા'નું બીરુદ તેમને મહાન કે જેને લોકો અનુસરે તેવા બનાવતું નથી. પરંતુ માનવીય સમજણ, ન્યાય, કારણો, કલ્પના, કૃતુહલ, જાણવાની ઈચ્છા, આગળ વધવું અને સમગ્ર સમાજનાં ભલાની ખાતરી, આ બધી વસ્તુઓ તેમને 'નેતા' બનાવે છે.

**નેતાગીરીની શૈલી**

સામાન્ય રીતે નેતાગીરીની શૈલી એટલે એવી રીતભાત અથવા વલણ જે કોઈ દોરવણી કરવા માટે અપનાવે. દા.ત. એક એવી વર્તુણક કે જેના વડે નેતા નિર્દેશન કરે છે, યોજનાનો અમલ કરે છે અથવા લોકોને પ્રેરે છે. બીજીબાજુ લોકોની આગેવાની લેવા માટે અંગત નેતાગીરીની શૈલી આપણે વધારે પસંદ કરીએ છીએ. જોડે એક આગેવાને પોતાની અંગત પસંદગી તથા આગેવાનીની રીતો બદલવી પડે છે. આ અલગ અલગ પરિસ્થિતિ અને લોકોની નેતાગીરીની જુદી જુદી શૈલીની માગણીને કારણે હોય છે. શૈલીમાં સરળતા આપણી ચોક્કસ પરિસ્થિતિ મુજબ, અનુયાયીઓની જરૂરિયાત મુજબ અંગત અથવા આગેવાનીની શૈલીને અપનાવવાની જરૂરિયાત અથવા આવડત દેખાડે છે, જેનાથી વધારે અસરકારક નેતા બની શકાય.

એક નેતા તરીકે તમે જુદા જુદા સમયે પોતાને જ જુદી જુદી નેતાગીરીની શૈલીનો ઉપયોગ કરતા જોઈ શકશો. કેટલીક વખત તમારે તમારી ટુકડીના સભ્યોને આદેશ આપવાનો હોય છે, તો બીજા પ્રસંગોએ તમે ચર્ચા વિચારણા દ્વારા તેમનું યોગદાન માગો તેમ પણ બને. લોકો સાથે કામ કરવાના અનેક જુદા જુદા રસ્તાઓ હોય છે.

નેતાગીરીની ચાર શૈલી છે. જેમ કેઃ (i) અધિપત્ય ધરાવતા અથવા સર્વસત્તાધિશ નેતા. (ii) સક્રિય ભાગીદારી અથવા લોકનિયંત્રિત નેતા. (iii) પ્રતિનિધિત્વ ધરાવતા અથવા સલાહમસલત કરનાર નેતા. (iv) ચાલતું હોય તેમ ચાલવા દેતા અથવા મુક્તશાસનમાં માનવાવાળા નેતા.

સારા નેતાઓનો ભલે સામાન્ય રીતે આમાંની એક શૈલી પર વધારે કાબુ હોય તો પણ તેઓ ચારેય શૈલીનો ઉપયોગ કરે છે. જ્યારે ખરાબ નેતાનું માત્ર એક જ શૈલીને વળગી રહેવાનું વલણ હોય છે. આપણે પ્રશમ આ ત્રણ નેતાગીરીની શૈલીઓ સમજશું પછી અંગત શૈલીના મુલ્યાંકન વડે તમે તમારી નેતાગીરી શૈલી શોધી લેજો.

**1. અધિપત્ય ધરાવતા અથવા સર્વસત્તાધિશ નેતાઃ** આ રીત નીચે નેતાઓ - (i) કર્મચારીઓ પર સત્તા જમાવવા માટે ધમકીઓ તથા સજા/શિક્ષાનો આધાર લે છે (ii) કર્મચારીઓ પર વિશ્વાસ મુકતા નથી. (iii) કર્મચારીઓને સહકારની છુટ આપતા નથી.

અધિપત્ય ધરાવતી નેતાગીરી એવી છે જેમાં વ્યવસ્થાપક શક્ય હોય તેટલી સત્તા અને નિર્ણય લેવાની સત્તા ભોગવે છે. સર્વસત્તાધિશ નેતા કર્મચારીની સલાહ લેતા નથી. તેને બદલે તેમણે શું કરવાનું છે અથવા તેની/તેણીની પાસેથી પોતે શું કરાવવા ઈચ્છે છે તે તેમને કહે. આ લગભગ "હું કહું તેમ કરો" તે પ્રકારનું વલણ છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે આમાં કર્મચારીઓને કંઈ કરવા માટેનું પ્રોત્સાહન ક્યાંથી મળે? આવા કિસ્સાઓમાં ઈનામ અથવા સજા પ્રોત્સાહન પુરં પડાય છે.

આવી અધિપત્યભરી શૈલી માત્ર કેટલાંક પ્રસંગોએ જ ઉપયોગમાં લેવા માટેની સૌથી અસરકારક રીતે છે. ઉદાહરણ લેવા માટેની સૌથી અસરકારક રીતે છે. ઉદાહરણ તરીકે (i) નવા, તાલીમ પામ્યા વગરના કર્મચારીઓ કે જેમને શું કામ કરવાનું છે તે અથવા સોંપાયેલુ કામ કઈ પદ્ધતિથી કરવાનું છે તે ખબર ન હોય ત્યારે (ii) કર્મચારીઓ નેતાગીરી બીજી કોઈ રીતને ન ગણકારે ત્યારે. (iii) જ્યારે સિમિત સમયમાં નેતાઓ નિર્ણય લેવો જરૂરી હોય ત્યારે.

**સર્વસત્તાધિશ નેતાગીરીનો ઉપયોગ ક્યારે ન કરવોઃ** (i) જ્યારે કર્મચારીઓ તણાવગ્રસ્ત, ડરેલા કે રોષે ભરાયેલા હોય ત્યારે (ii) કર્મચારીઓ પોતાનો અભિપ્રાય સાંભળવામાં આવે તેમ ઈચ્છતા હોય ત્યારે (iii) કર્મચારીઓની નીચી નૈતિક્તા વધારે ફેરબદલી અને ઑફિસમાં ગેરહાજરદારી વખતે.

**સક્રિયભાગીદારી અથવા લોકનિયંત્રિત નેતાગીરીઃ** લાક્ષણિક રીતે લોકનિયંત્રિત નેતા એટલે - (i) કર્મચારીઓને કામમાં આગળ વધવા પ્રેરે (ii) જે પ્રાપ્ત કર્યું હોય તેને માન્યતા તથા પ્રોત્સાહન આપે. (iii) કર્મચારીઓને લક્ષ્ય નક્કી કરવાની છુટ આપે.

નેતાગીરીની લોકનિયંત્રિત શૈલી સૌથી વધારે ઈચ્છનીય શૈલી છે. એક લોકનિયંત્રિત નેતા તેના કર્મચારીઓને કામને અસરકર્તા હોય તેવી તમામ વસ્તુઓ વિશે માહિતી આપે છે. એ શું અને કેમ કરવું તે નિર્ણય લેવા માટે તેમની સાથે સલાહ મસલત કરે છે, તેમ છતાં આખરી નિર્ણય લેવાની સત્તા પોતાની પાસે જ રાખે છે. ઘણા કર્મચારીઓને તેઓ જે વિશ્વાસ પ્રાપ્ત કરે છે તે ગમે છે. અને સામે તેઓ સહયોગ, ટુકડીનો જુસ્સો તથા ઉંચી નૈતિકતાથી બદલો આપે છે.

**લોકનિયંત્રિત નેતાગીરી સૌથી વધારે અસરકારક છે, જ્યારે નેતાઃ** (i) કર્મચારીઓને તેમને અસરકર્તા બાબતો વિશે માહિતગાર રાખવા માગતો હોય (ii) કર્મચારીઓને નિર્ણય લેવામાં તથા સમસ્યાઓના હલની ફરજોમાં ભાગીદાર બનાવવા માગતો હોય (iii) કર્મચારીઓને પોતાના વિકાસ તથા કામના સંતોષની લાગણી વિકસાવવાની તક પૂરી પાડવા માગતો હોય. (iv) જુથ બનાવવા તથા ભાગીદાર બનવા પ્રોત્સાહન આપવા માગતો હોય.

**લોકનિયંત્રિત નેતાગીરીનો ઉપયોગ ન કરવો જોઈએ - જ્યારે :** (i) કર્મચારીઓની દરખાસ્ત માટે પૂરતા સમય ન હોય ત્યારે (ii) નેતા માટે નિર્ણય કરવાનું સરળ છે અને તે સસ્તું પણ છે. (iii) તંત્ર કોઈ ભૂલ સહન કરી શકે તેવી સ્થિતિમાં ન હોય ત્યારે. (iv) કર્મચારીઓ ઊંચી કુનેહ ધરાવતા ન હોય અથવા વિષયનું જ્ઞાન ન હોય ત્યારે.

**પ્રતિનિધિત્વવાળા/સલાહ મસલત કરે તેવા નેતાઃ** લાક્ષણિક રીતે પ્રતિનિધિત્વમાં માનનાર નેતા નીચેની બાબતો કરે (i) લોકો પાસેથી તેમના વિચારો જાણે (ii) આખરી નિર્ણયની સત્તા પોતાની પાસે રાખે.

પ્રતિનિધિત્વમાં માનતા નેતા ચોક્કસ સીમામાં રહીને કર્મચારીઓને નિર્ણય લેવાની છુટ આપે છે. આવી નેતાગીરીની શૈલી હેઠળ કર્મચારીઓ પોતાનાં કામ માટે તથા પોતાના વિભાગની સફળતા માટે પોતાની જવાબદારી છે તેમ માને છે. દાખલા તરીકે - કર્મચારીઓ સમસ્યાને ઓળખી તેનું નિદાન કરે છે. તેના ઉકેલ માટે જુદી જુદી પ્રક્રિયા વિકસાવે છે. તથા એક અથવા વધારે ઉપાયો નક્કી કરે છે. નેતા થોડું નિર્દેશન તથા ટેકા પૂરાં પાડે છે.

**પ્રતિનિધિત્વવાળી નેતાગીરીની શૈલી અસરકારક હોય જ્યારે** - (i) કર્મચારીઓ સંવાદીપણે વાત કરવા તૈયાર હોય. (ii) કર્મચારીઓ ખૂબ કુનેહવાળા, અનુભવી તથા ભણેલા હોય. (iii) કર્મચારીઓ વ્યવસ્થાપકના અંતિમ નિર્ણયને સ્વિકારવા તૈયાર હોય.

**પ્રતિનિધિત્વવાળી નેતાગીરીની શૈલી બીન અસરકારક હોય જ્યારે** - (i) કર્મચારીઓ નવા તથા બીનઅનુભવી હોય ત્યારે.

ચાલતું હોય તેમ ચાલવા દેવાવાળા નેતા કર્મચારીઓ પર બહુ ઓછો કાબુ ધરાવે છે એવા તંત્રમાં જ્યાં કર્મચારીઓ કુનેહવાળા અનુભવી સમર્થ અને પ્રરિત હોય ત્યારે તેમને સોંપાયેલા કામમાં ભાગ લીધા વગર કે દખલ કર્યા વગર તેમને સત્તા તેમ જ જવાબદારી સોંપી દેવાં તે જ મોટે ભાગે ઉત્તમ છે. માલીકી સોંપી દીધા પછી એક નેતા તેના જુથનું લક્ષ્ય સાધવા માટે સશક્તિકરણ કરી શકે છે.

**ચાલતું હોય તેમ ચાલવા દેવાની શૈલી અસરકારક છે જ્યારે** - (i) કર્મચારીઓ ઊંચી કુનેહવાળા, અનુભવી, ભણેલા હોય. (ii) કર્મચારીઓને ખૂબ પ્રેરિત કરાયા હોય. (iii) કર્મચારીઓ વિશ્વાસપાત્ર અને અનુભવી હોય.

**આ શૈલીનો ઉપયોગ ન કરવો જોઈએ જ્યારે** - (i) નેતાની અપ્રાપ્યતાના કારણે કર્મચારીઓ અસુરક્ષિતતા અનુભવતા હોય ત્યારે. (ii) જ્યારે નેતા કર્મચારીઓને તેઓ કેટલું સારું કામ કરી રહ્યા છે તેવો નિયમિત અભિપ્રાય પૂરો ન પડા શકે ત્યારે. કારણ કે તેવા સમયે કર્મચારીઓ પોતાના દેખાવ વિશે સૂચન વગર છોડી દેવાયેલા અનુભવશે.

**પરિસ્થિતિ મુજબની નેતાગીરી** - પરિસ્થિતિને અનુલક્ષીને જે જુદા જુદા પ્રકારની નેતાગીરી અપનાવી શકે તે પરિસ્થિતિજન્ય નેતા કહેવાય. પરિસ્થિતિ મુજબની નેતાગીરીનું વર્ગીકરણ કાર્ય અને વહેવારુ વર્તુણક જેમાં નેતા ભાગ લે છે તેને સંબંધિત અર્થ મુજબ થાય છે. કાર્ય/નિર્દેશિત વર્તુણક એટલે કેટલા અંશે નેતા કોઈ એક વ્યક્તિ અથવા જુથની ફરજો અને જવાબદારી નિશ્ચિતપણે વહે છે તે. આમાં નિર્દેશન કરવાનો તથા લક્ષ્ય મૂકવાનો સમાવેશ થાય છે. બીજી તરફ સંબંધિત વર્તુણક એ છે જેમાં નેતા

કેટલાક અંશે દ્વિ-માર્ગી અથવા બહુમાર્ગી વાટાઘાટોમાં ભાગ લે છે. આમાં સાંભળવું, પ્રોત્સાહત કરવું અને શિખવવું જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**કાર્ય/નિર્દેશિત વર્તુણકમાં સમાવેશ** - (i) લોકોને સ્પષ્ટ કહેવું - શું કરવું, કેવી રીતે કરવું, ક્યાં કરવું, ક્યારે કરવું. (ii) અને પછી તેમનાં કાર્યનું બારીકાઈથી નિરિક્ષણ કરવું. સંબંધો/ટેકારૂપ વર્તણુક. (iii) લોકોને સાંભળવા. (iv) ટેકો પૂરો પાડવો તથા તેમના પ્રયત્નોને ઉત્તેજન આપવું. (v) પ્રશ્નોના નિરાકરણ તથા નિર્ણયો લેવામાં તેમના સમાવેશ ને આગળ વધારવો.

પરિસ્થિતિ મુજબની નેતાગીરી તમને તમે જે પરિસ્થિતિમાં કામ કરો છો તેની જરૂરિયાતોનું પૃથકરણ કરવાની છુટ આપે છે. આના પછી તમે નેતાગીરીની યોગ્ય શૈલી અપનાવી શકો છો. આથી શૈલીઓમાં નિર્દેશન/સૂચનોની શૈલી છે જેમાં કામ પર વધારે ધ્યાન કેન્દ્રીત કરવાનું તથા સંબંધો પર ઓછું ધ્યાન આપવાનું, શિખવવાની શૈલી જેમાં કામ તરફ પણ વધારે એકાગ્રતા તેમ જ સંબંધો તરફ પણ વધારે એકાગ્રતા. ભાગીદારી/ટેકારૂપ શૈલી જેમાં કામ તરપ ઓછી એકાગ્રતા અને સંબંધો તરફ વધુ એકાગ્રતા અને પ્રતિનિધિત્વ વાળી શૈલી જેમાં કામ તથા સંબંધો બન્ને માટે ઓછી એકાગ્રતા હોય છે. નેતા કાર્યની જવાબદારી જુથના એક સભ્યને સોંપે છે પછી તેને માત્ર પ્રગતિ વિશે માહિતી આપતા રહેવામાં આવે છે.

## ઉપસંહાર

સારી નેતાગીરીનો આધાર માન થાય તેવું ચારિત્ર તથા તમારા તંત્ર તથા સમાજ માટેની નિઃસ્વાર્થ સેવા છે. તમારા કર્મચારીઓની આંખમાં તમારી નેતાગીરી એટલે એ બધું જ જે તમે તમારા તંત્ર તથા સમાજના હેતુઓ તથા ભલા માટે કરો છો તેની અસર નેતાઓ જે પગલાં ભરે છે તે - (i) એક હકારાત્મક જોડે તેવી અસર હોવી (ii) લક્ષ્યને પૂરાં કરવામાં દોરવણી (લક્ષ્યપૂરાં કરવામાં મદદ કરવી અને એવું સશક્તિકરણનું વાતાવરણ ઊભું કરવું જે બીજા કામ તથા બીજા પ્રવૃત્તિઓમાં સફળ થઈ શકે) (iii) સ્વવિકાસ તથા તંત્રને લગતી ઉત્પાદિતા વધારવી. (અવરોધો દૂર કરવા તથા અનુયાયીઓને તેમની શક્તિનો ઉપયોગ કરવામાં સહાય કરવી)

પ્રખર/પ્રબળ નેતાગીરીને લોક તેમનાં કામમાં સારું કરતા હોય તેટલા માત્ર કરતાં ઘણું વધારે જરૂરી હોય છે. તેને માટે નવીન વિચારો જરૂરી છે, હકારાત્મક તથા પ્રેરણાત્મક છાપ પાડે તેવા લોકોની જરૂર છે. તથા આવા લોકો બીજાને પ્રોત્સાહિત કરે તે પણ જરૂરી છે. તેનામાં ચિલાચાલુ કરતાં જુદું વિચારવાની તથા કરવાની ક્ષમતા જરૂરી છે.

# 21. પ્રોત્સાહન

નેતાઓ લોકોને અમુક સાથે લક્ષ્ય તરફ જવા પ્રેરે છે. પ્રેરકબળનો અભ્યાસ નેતાઓને એ સમજવામાં મદદ કરે છે કે લોકોને કામનો આરંભ કરવા માટે શું પ્રોત્સાહિત કરે છે તેમની કાર્યની પદ્ધતિમાં શાનો પ્રભાવ પડે છે અને શા માટે તેઓ લાંબા સમય માટે પણ તે કાર્યને વળગી રહે છે. "એક વ્યક્તિની પ્રેરણા એ એક લક્ષ્ય પુરું કરવા તરફની ઈચ્છા અને શક્તિનું સંયોજન છે." (ગ્રે. એલ. જે. અને સ્ટાફ, એ. એફ, 1988) પ્રેરણાએ મૂળભૂત રીતે કર્મચારીઓ પાસે કામ કરાવવું અને કર્મચારીઓને કામ કરવા ઈચ્છતા કરવા વચ્ચેનો સ્પષ્ટ તફાવત છે. દરેક કર્મચારી એક જ વસ્તુથી પ્રભાવિત થતો નથી. આથી તમારા લોકોને કઈ વસ્તુ પ્રેરિત કરે છે તેના વિશેની સમજણ જ અસરકારક અને કુશળ દેખાવની ચાવી છે.

### લોકોને શું પ્રેરિત કરે છે?

લોકોની કેટલીક મૂળભૂત જરૂરિયાત હોય છે. જેમ કે ખોરાક, સફળતા અથવા ધન પ્રાપ્તિની જરૂરિયાત. જે તેને આવી જરૂરિયાત પૂરી કરવામાં પરિણમે તેવી ચોક્કસ પ્રકારની વર્તુમક કરવા માટે પ્રેરે છે. જેટલા અંશે આવી જરૂરિયાત પૂરી થાય તેવી વર્તુણક સફળ થાય તેનાથી તે વ્યક્તિને તે વ્યક્તિને તેની જરૂરિયાત સંતોષવાના રૂપે ઈનામ/બદલો મળે છે. આ બદલો પણ તે વ્યક્તિને જણાવે છે કે એ પ્રકારની વર્તુણક બરાબર હતી અને ફરી ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ કરી શકાય.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

આપણામાંના મોટ ભાગના માની લે છે કે આર્થિક વળતર (ભથ્થું)એ પ્રાથમિક પ્રેરણા છે. ભલે એ સાચું છે કે નિયમિત પગારની ચૂકવણી લોકોને કામ કરવા પ્રેરિત કરે છે. પરંતુ આવું હંમેશા પૈસા વિશે જ હોય તેવું નથી. લોકપ્રિય માન્યતા વિરૂદ્ધ, મોટા ભાગના કર્મચારીઓ માત્ર પૈસાને કારણે પ્રેરિત થતા નથી. મેનેજરો સાથેના ગાઢ સંબંધો, તેમના પ્રયત્નોને મળતી સ્વિકૃતી તથા કદર અને આગળ વધવાની વિકાસની તથા શીખવાની તકો એ એવી વસ્તુ છે જે કર્મચારીઓ ખરેખર ઈચ્છતા હોય છે. પગાર ચૂકવવાથી તમારું કામ થઈ જવામાં મદદ મળશે, જ્યારે તેમણે કરેલાં કામની કદર અને સ્વિકૃતિ તમને વધુ સારાં પરિણામો મેળવવામાં મદદરૂપ થશે.

જે કર્મચારીઓ પ્રેરિત થયા છે તેઓ તંત્રને ઉગરવામાં મદદ કરશે અને તેઓ વધુ ઉત્પાદક તથા સર્જનાત્મક હશે, પ્રેરિત કરે તેવાં કેટલાંક પરિબળો (i) રસ પડે તેવું કાર્ય (ii) સારો પગાર (iii) થયેલાં કામની પૂરી કદર (iv) નોકરીની સલામતી (v) સારી કાર્ય સ્થિતી (vi) તંત્રમાં બઢતી તથા વિકાસની તક (vii) કર્મચારીઓ તરફ વ્યક્તિગત વિશ્વાસ (viii) અંગત સમસ્યાઓ માટે સહાનુભૂતિભરી મદદ.

કાર્યને નીચેની રીતે સમૃદ્ધ બનાવી શકાય. (i) કામદારોને કાર્યપદ્ધતિ, તેના ક્રમાંક તથા ગતિ અથવા સામગ્રીના સ્વીકાર કે અસ્વીકાર વિશે નિર્ણય લેવાની સ્વતંત્રતા આપીને. (ii) હાથ નીચે કામ કરતા માણસોની ભાગીદારી અને કામદારો વચ્ચેની વાતચીતને પ્રોત્સાહન આપીને (iii) કામદારોમાં તેમનાં કામ માટે અંગત જવાબદારીની ભાવના ઊભી કરીને. (iv) કામદારો પૂરાં થયેલાં ઉત્પાદનમાં તથા તંત્રના ભલા માટે તેમનું કાર્ય કેટલું યોગદાન આપી શકે છે તે જોઈ/જાણી શકે તેવાં ખાતરીબંધ પગલાં ભરીને. (v) યોગ્ય અને યથાર્થ તથા સફલતાની ઊંચી શક્યતાવાળા લક્ષ્ય મૂકીને. (vi) તેમને કામનાં આયોજન તથા અમલીકરણમાં ભાગીદાર બનાવીને તથા પ્રોત્સાહન કરીને.

કર્મચારીઓની એવી ક્રિયાઓ જે તેઓ નિરુત્સાહ થઈ રહ્યા છે તેમ દર્શાવે તે ઓળખવાનું કામ પણ નેતા માટે અગત્યનું છે.

નીચેનાં તત્વો પરોક્ષ રીતે નૈતિક અથવા ઉત્સાહને લગતી સમસ્યાઓ દર્શાવે છે. (i) વધારે પડતી ગેરહાજરી. (ii) ફેર-બદલીની ઉંચા દર. (iii) અકસ્માતની સંખ્યામાં વધારો. (iv) વધારે પડતી ફૂટ-ફાટ અથવા બગાડ. (v) કર્મચારીઓ તરફથી મોટી સંખ્યામાં ફરીયાદો અથવા ગાંભીર્ય.

**3. અકર્મણ્યતાનો ઉકેલ કરવોઃ** "એક એવા કર્મચારી સાથે વ્યવહાર કરવો જે તેની/તેણીની કાર્ય ફરજો સારી રીતે પૂરી કરતા નથી." આ નિવેદન આપણને બધાને ખૂબ જાણીતું લાગે છે. આમાંની કેટલીક કામગીરીની સમસ્યા નીચી નેતિક્તા નીચું પ્રેરણાબળ, અસ્પષ્ટ લક્ષ્ય અને કામ માટેની અપેક્ષાનાં પરિણામ સ્વરૂપ હોઈ શકે છે.

કામગીરીની સમસ્યાનાં ચાર મુખ્ય કારણો છેઃ (i) જ્ઞાન તથા કુનેહઃ- કર્મચારી. પ્રક્રિયા યોગ્ય રીતે કેવ કરવી તે જાણતો નથી. કુનેહ, જ્ઞાન, શક્તિનો અભાવ. (ii) પ્રક્રિયાઃ- સમસ્યા કર્મચારીને લગતી નહીં પરંતુ કાર્યસ્થિતિ તથા ખરાબ પ્રક્રિયાઓને કારણે હોય. (iii) સ્રોતોઃ- કાર્ય માટે જરૂરી સ્રોતો અથવા ટેકનોલોજીનો અભાવ. (iv) પ્રેરણા અથવા સંસ્કૃતિઃ- કાર્ય કેવી રીતે કરવાનું છે તે કર્મચારી જાણે છે, છતાં ખોટી રીતે કરે છે.

અપૂરતી કામગીરી સાથે વ્યવહાર કરતી વખતે મોટેભાગે સામાન્ય વલણ તેમને તેમનાં કામમાંથી દૂર

કરવાનું, બીજે તેઓ સારું કામ કરશે તેમ વિચારીને તેમની બીજા વિભાગમાં બદલી કરવાનું અથવા તેમને પગાર કાપવાનું અથવા કરવાની સજા કરવાની હોય છે. આવાં વલણને જડ વલણ કહે છે. જો કે આવું વલણ માત્ર ઈચ્છિત પરિણામ મેળવવામાં અસફળ જ નથી રહેતું, પરંતુ બધા કર્મચારીઓને નીચી નૈતિક્તાવાળાં તથા કરે છે.

આવા જડ વલણથી વિરુદ્ધ છે પ્રોત્સાહક વલણ. આવા વલણમાં પ્રયત્નોની સ્વકૃતિ અને કદરનો સમાવેશ થાય છે જે કાર્યનાં વાતાવરણને સુધારવામાં, ઉત્પાદનની ગુણવત્તા સુધારવામાં તથા કર્મચારીઓના સંતોષમાં પરિણમે છે. નબળા દેખાવ માટે સજા એ પ્રશ્નનું નિરાકરણ નથી. એ શક્ય છે કે કડક શિસ્ત અને શિક્ષા સમસ્યાને વકરાવે. નેતાઓ માટે એ જરૂરી છે કે નબળા દેખાવ પાછળનાં કારણોને સમજે અને પછી યોગ્ય પગલાં ભરે.

હવે નેતાનું મુખ્ય કાર્ય છે કર્મચારીઓને પ્રેરિત કરવાનું, જેથી તેઓ પરિણામ આપી શકે અને સાથે જ પોતાની જરૂરિયાતો સંતોષી શકે. નીચેનાં સૂચનો નેતાઓ માટે કર્મચારીઓને સારી કામગીરી માટે પ્રેરિત કરવા માટે મદદરૂપ થઈ શકેઃ- (i) તંત્રનાં લક્ષ્યને પામવા માટે કયા સ્તરના અને પ્રકારના કાર્યની જરૂર છે તે નક્કી કરવું :- જ્યારે કર્મચારીઓને કઈ આવશ્યકતાઓ પૂરી કરવાની છે તેની સ્પષ્ટ સમજણ હોય ત્યારે સારાં પરિણામો પ્રાપ્ત થાય છે.

1. **તંત્રની જરૂરિયાતોને લોકોની જરૂરીયાતો સાથે સાંકળોઃ** એ નક્કી કરવું ખૂબ અગત્યનું છે કે તમારા તંત્રને લગતી અને લોકોની જરૂરિયાતો એક બિંદુ પર મળે.
2. **લોકોને પ્રોત્સાહન તથા તાલીમ આપોઃ** નેતાએ તેમના જુથના સભ્યોમાં તેઓ જરૂરી કાર્ય કરી શકશે તેવો આત્મવિશ્વાસ પેદા કરવા માટે જરૂરી તાલીમ તથા પ્રેરણા પૂરા પાડવાં જોઈએ.
3. **સારા કામ બદલ ઈનામઃ** ભલે એક પ્રમાણપત્ર, પત્ર અથવા આભાર નાના અને મહત્વ વગરના લાગતાં હોય, તેઓ શક્તિશાળી પ્રેરકબળ બની શકે છે.
4. **તમારા કર્મચારીઓને આયોજન તથા સમસ્યાના ઉકેલની પ્રક્રિયાનો ભાગ બનવાની છૂટ આપોઃ** જે લોકો નિર્ણય લેવાની પ્રક્રિયાના ભાગ બને છે. તેને તેના માટે માલિકી ભાવ થાય છે. આ વસ્તુ આયોજન સફળ થાય તેમાં તેમનો અંગત રસ ઉભો કરે છે.
5. **તમારા કર્મચારીઓની સંભાળ રાખોઃ** તમારો તેમનળી સાથે સમભાવ હોવો જોઈએ. ભલે તેમની અંગત જીંદગી પર તમારો કાબુ ન હોય, તમને તેમની દરકાર છે તેમ તેમને લાગવું જોઈએ.
6. **તેમને માહિતગાર રાખોઃ** વાટાઘાટની સ્થિતી રાખીને તથા પારદર્શક મદદ વડે લક્ષ્યને કુશળતાપૂર્વક તથા ઝડપવાની પ્રાપ્ત કરો.
7. **તેમનાં કામને પડકારરૂપ, ઉત્તેજનસભર તથા અર્થપૂર્ણ બનાવોઃ** લોકોને અર્થપૂર્ણ કામ જોઈએ છે, પછી ભલે તે કંટાળાજનક અથવા ન ગમે તેવું હોય. તેમને એટલી ખબર હોવી જોઈએ કે તંત્રના ઉગરવા માટે તે કામ જરૂરી છે તથા અગત્યનું છે.

કર્મચારીઓનો ઉત્સાહ/પ્રેરણા ઉત્પાદક્તાને અસર કરે છે. અને તંત્રના લક્ષ્યની પૂર્ણતા માટે પ્રેરણાને માધ્યમ બનાવવું તે એક નેતાનાં કાર્યનો ભાગ છે. રસ પડે તેવાં કાર્ય, પડકાર અને વધતી જવાબદારીથી કર્મચારીઓ પ્રેરિત થાય છે. આ અંતર્ગત ઘટક બાહ્ય બદલા (પગાર) સાથે જોડાય તે તેમની ઉંડે ઉતરેલી વિકાસ તથા પ્રાપ્તિની જરૂરિયાત માટેનો જવાબ છે.

# 22. અસરકારક સંચાર



યોગ્ય વાતચીત વ્યક્તિને તેની પાસેથી શું અપેક્ષા છે તે જણાવે છે, એટલે કે યોગ્ય વ્યક્તિ સાચી માહિતી મેળવે છે તથા તંત્રની અંદર સહયોગનું વાતાવરણ છે તેમ જાણે છે. સામાન્ય અર્થમાં વાટાઘાટ એટલે માહિતીની આપ-લે તથા વિચારોનું આદાન-પ્રદાન. જો કે માહિતી તથા વિચારોની આપ-લે તો જ પૂરી થાય. જો તે સંદેશો જે વ્યક્તિ માટે હોય તે વ્યક્તિ તેને એ જ અર્થમાં સમજે, જે તેને સંદેશો મોકલનાર તે જે રીતે સમજ તેમ ઈચ્છતા હોય.

તંત્રની કુશળતાની દૃષ્ટિથી જોઈએ તો સંદેશાનું 'સાચું' અર્થઘટન અને સમાજણ મહત્ત્વપૂર્ણ છે. વાતચીતમાં સમજણની માત્રા જેટલી વધારે તેટલી કર્મચારીની લક્ષ્યની પૂર્ણતાની દિશામાં આગળ વધવાની ક્રિયા તથા પ્રયત્નો કરવાની શક્યતા વધારે.

1. **અસરકારક વાટાઘાટના ફાયદાઃ** (i) ઉત્પાદક્તામાં વધારો. (ii) ગુણવત્તાસભર ઉત્પાદન તથા સેવા. (iii) કર્મચારીઓ તરફથી વધારે સૂચનો (iv) સર્જનાત્મકતાનાં ઉંચા સ્તર (v) કર્મચારીઓનો વધારે કાર્ય સંતોષ. (vi) ગેરહાજરદારીમાં ઘટાડો (vii) કર્મચારીની ફેર-બદલીમાં ઘટાડો.

2. **વાટાઘાટની પદ્ધતિઃ** દરેક સ્તરના વ્યવસ્થાપકો મુખ્ય ચાર પ્રકારની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે.

---

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

આયોજન, સંયોજન, દોરવણી તથા મુલ્યાંકન (પછીનાં સેશનમાં આવરી લેવાશે).આકૃતિ 4માં દર્શાવ્યા મુજબ મૅનેજરે વાતચીત કરવી જોઈએ તેવાં પાંચ સ્તર છે. તે છે ઉપર તરફ, નીચે તરફ, સામેની તરફ અને બહારની તરફ તથા પોતાના તરફ.

ઘણાં તંત્રોમાં વાતચીતનો પ્રવાહ માત્ર એક જ દિશામાં એટલે કે નીચેની તરફ હોય છે. આવા નીચે તરફ હોય છે. આવા નીચે તરફની વાર્તાલાપમાં વ્યવસ્થાપકો પોતાની ભૂમિકા આદેશાત્મક છે તેમ સમજે છે. એટલે કે પ્રબંધન વડે નિર્ણયો લેવાય છે અને હાથ નીચેના માણસો પર લાદી દેવાય છે, જેઓ એ હુકમનું પાલન કરવું જોઈએ તેમ મનાય છે. વ્યવસ્થાપન તથા કર્મચારીઓ વચ્ચે બહુ પહોળી ખાઈ હોય છે. આવી પરિસ્થિતિ સ્પષ્ટ પણે "કામદારો કામ કરે અને વ્યવસ્થાપકો વ્યવસ્થા કરે" તેવો ખ્યાલ સૂચવે છે. આવા કાર્યસ્થળે વાતચીત 'જાણવા માટે જરૂર છે માટે' એવા આધાર પર થાય છે જે નીચી નૈતિક્તા તથા ઓછી ઉત્પાદક્તામાં પરિણમે છે.

ઉપર તરફની વાટાઘાટો મોટેભાગે કર્મચારીઓ તરફથી આંરભતી વાટાઘાટો હોય છે અને તે આદેશાત્મક ન હોય તેવા પ્રકારની હોય છે. ઉપરની તરફની વાટાઘાટમાં વ્યવસ્થાપકો સૂચનો માગે છે, આવશ્યક માહિતી આપે છે અને ત્યારે પછી વિચારોની આપ-લે થાય છે. આ એક ઉપર-નીચે-ઉપર પ્રકારની વાટાઘાટ છે. આ વાટાઘાટ બધી દિશામાં વહે છે અને કર્મચારીઓના મતની સક્રિય વકિલાત તથા મૂલ્યાંકન થાય છે. આવી વાટાઘાટનું વલણ કાર્ય માટેની ભૂમિકા તથા જવાબદારીની સ્પષ્ટ સમજણમાં પરિણમે છે, જે પછી આગળ જતાં વધારે ઉત્પાદન તથા કામ તેમ જ મેનેજમેન્ટ તરફના હકારાત્મક અભિગમમાં પરિણમે છે.

આજનાં તંત્રો પૂરા તંત્રમાં કાર્ય જૂથોમાં ઉંચી કક્ષાનો તાલમેલ માગે છે. આવી એકસૂત્રતા માત્ર તંત્રમાં અસરકારક, સ્પષ્ટ તથા દ્વિ-માર્ગી વાટાઘાટ વડે જ શક્ય છે. તંત્રમાં વાટાઘાટ માહિતી, પ્રેરણા, સંભાળની ફરજ તથા ફરજ પર કાબુ માટે દર્શાવાય છે.

3. **સક્રિય શ્રોતા હોવું:**

સક્રિય શ્રોતા હોવું એ સામા માણસને સાંભળવા તથા પ્રતિભાવ આપવાનો એવો માર્ગ છે જે અરસ-પરસ/ સામ-સામી સમજણમાં પરિણમે છે. મોટે ભાગે જ્યારે લોકો એકબીજા સાથે વાત કરે છે ત્યારે ધ્યાનપૂર્વક સાંભળતા નથી. સક્રિય સાંભળવું એ વક્તાને સાંભળવા તથા પ્રતિભાવ આપવાનો ઘડેલો પ્રકાર છે. સક્રિય સાંભવવામાં વક્તાને એક હેતુ સાથે સાંભળવાનો સમાવેશ થાય છે. આ હેતુ છે માહિતી મેળવવી બીજાને સમજવા, તેમની સમસ્યા ઉકેલવી, ટેકો દર્શાવવો ખ્યાલ વગેરે. આને માટે સંદેશો મેળવનાર તે વિવિધ સંદેશાને સંભાળપૂર્વક તથા ધ્યાનપૂર્વક સાંભળે, તેનો અર્થ સમજે, પછી તેના વિશે વિચારો દર્શાવીને તે અર્થની ચકાસણી કરે તે જરૂરી છે. આ લોકો વચ્ચે ગેરસમજ થતી અટકાવવામાં પણ મદદરૂપ છે.

4. **વાટાઘાટના પ્રકારો:** વાટાઘાટના ચાર પ્રકાર છે.

(4.1) **લેખીત પત્રવ્યવહાર**

લેખીત પત્રવ્યવહારનો ઉપયોગ જ્યારે ઔપચારિક, કાર્યાલય સંબંધી અથવા લાંબાગાળાની પરિસ્થિતિ હોય ત્યારે કરવો જોઈએ. પત્રો ભાવમાં ઔપચારિક હોય છે અને એક વ્યક્તિને સંબોધાયેલા હોય છે. તેનો સત્તાવાર નોટિસ, ઔપચારિક રીતે નોંધાયેલા નિવેદનો તથા લંબાણપૂર્વકની વાટાઘાટ માટે ઉપયોગ

કરાય છે. પત્ર કરતાં અહેવાલ વધારે વસ્તુલક્ષી તથા વધારે ઔપચારિક હોય છે. તેનો ઉપયોગ માહિતી, વિશ્લેષણ અને ભલામણ પહોંચાડવા માટે કરાય છે. જુથ સાથેની લેખીત વાટાઘાટમાં સત્તાવાર અહેવાલ, બૉર્ડ નોટીસ, ચોપાનીયાં, જાહેરાત, પ્રદર્શિત કરવું તથા દૃશ્ય - શ્રાવ્ય વસ્તુઓનો સમાવેશ થાય છે. લેખીત વાટાઘાટ એકરૂપતા આગળ વધારવા તથા સ્પષ્ટ સમજણમાં મદદ માટે સાદા શબ્દોમાં લખાયેલી હોવી જોઈએ.

### (4.2) **ઑન લાઈન સંવાદ**

ઈલેક્ટ્રોનિક મેઈલ એ એક અથવા વધારે લોકોને સંદેશો મોકલવાનો ઝડપી માર્ગ છે. જો કે ઈ-મેઈલ દ્વારા વાતચીત કરતી વખતે ધ્યાનમાં લેવા જેવા કેટલાંક પોઈન્ટ્સ છે તે નીચે મુજબ છે.

- તમારો પાસવર્ડ સુરક્ષિત છે તેની ખાતરી કરો.
- યોગ્ય માળખાં અને આલેખનનો ઉપયોગ કરો.
- આકાર તથા કદ વિશે સાવધ રહો.
- એક અર્થપૂર્ણ વિષયનો ઉપયોગ કરો.
- કેપીટલ અક્ષરોમાં ન લખો કારણ તે તમે ગુસ્સામાં છો તેમ દેખાડે છે.
- તમે ઈમેઈલ મોકલો તે પહેલાં ફરી વાંચી લો.
- તમારા ઈમેઈલની એક કૉપી સાચવો.

### (4.3) **મૌલિક અથવા બોલાયેલ વાટાઘાટ**

આમાં કર્મચારી મીટિંગ, આયોજીત સભા/પરિષદ તથા સમુહ મીટિંગનો સમાવેશ થાય છે. મૌખિક વાટાઘાટમાં અવાજની સ્પષ્ટતા તથા સંદેશો પહોંચાડવા/આપવામાં સાવધાની રાખવી જરૂરી છે. મૌખિક વાટાઘાટ ત્વરિત અભિપ્રાય સાથે ઝડપથી સંદેશો પહોંચાડવામાં પરિણમે છે. લોકો તે જ ક્ષણે પ્રશ્નો પૂછીને શંકા (જો હોય તો)નું નિરાકરણ કરી શકે છે. વધુમાં તેની એક પ્રોત્સાહક અસર પણ છે. નિરિક્ષક સાથેની મોઢા મોઢ મીટિંગ ઉંચી નૈતિક્તા તથા પોતાની સાંભળવામાં આવ્યા તેવી લાગણીમાં પરિણમી શકે.

### (4.4) **અમૌખિક (મુંગી) વાટાઘાટ**

મુંગા સંદેશામાં વાટાઘાટ માટે પ્રતિકૃતિ, ક્રિયા તથા વર્તુણકના ઉપયોગનો સમાવેશ થાય છે. પ્રતિકૃતિમાં તસ્વીરો, સિનેમા, નકશા, કોષ્ટક, ગ્રાફ તથા વિડીયોનો સમાવેશ થાય છે. એક અસરકારક વાટાઘાટકાર તે/તેની જે લોકો સાથે વાટાઘાટ કરે તેમની સાથે આપનો સંપર્ક જાણવી રાખે છે.

### (4.5) **વાટાઘાટનાં માધ્યમોઃ**

આમ તંત્રને લગતી વાટાઘાટોનું નેટવર્ક (કાર્યજાળ) બે પ્રકારનાં માધ્યમોનું બનેલું હોય છે પરસ્પર સંબંધિત તથા પરસ્પર આધારિત એટલે કે ઔપચારિક તથા અનૌપચારિક માધ્યમો. આ માધ્યમો કેટલે અંશે સંદેશ સરળતાથી, ત્વરાથી તથા સચ્ચાઈથી તંત્રમાં ફેલાય છે તે નક્કી કરે છે.

ઔપચારિક માધ્યમ તંત્રના જુદા જુદા હોદ્દાઓ વચ્ચે વાટાઘાટનો પ્રવાહ માટે ઈરાદાપૂર્વક બનાવાયેલ અને સત્તાવાર રીતે મુકરર કરાયેલ માર્ગ છે. આ માધ્યમ વાટાઘાટ માટેનું મર્યાદિત માધ્યમ છે જે માત્ર ઉપરી અથવા હાથ નીચેના કર્મચારીની દ્વારા આવશ્યક માહિતી પસાર થવાની છૂટ આપે છે.

વાટાઘાટ માટેનું અનૌપચારિક માધ્યમ, જે દ્રાક્ષાસવ તરીકે પણ ઓળખાય છે, તે કોઈ સત્તાવાર ક્રિયાનું

નહીં પરંતુ કાર્યસ્થળે સામાજિક દળોની પ્રક્રિયાનું પરિણામ છે. જ્યારે તંત્રને લગતી વધારે પડતી ઉત્તેજના જેવી કે નીતિમાં ફેરફાર, યાંત્રિકતા, કૉમ્પ્યુટરાઈઝેશન અથવા અંગત ફેરફાર થાય ત્યારે આ દ્રાક્ષાસવ (ગ્રેપવાઈન) વધારે સક્રિય બને છે. અનૌપચારિક વટાઘાટ એ તંત્રને લગતી પ્રક્રિયાનો અનિવાર્ય ભાગ છે. આ બાબતમાં મેનેજમેન્ટ વડે થઈ શકે તેવી એક જ વસ્તુ છે કે આ માધ્યમની ખરાબ અસરોને બને તેટલી ઓછી કરવા યોગ્ય પગલાં ભરે.

### (4.6) **વાટાઘાટની વર્તુણકઃ**

આપણે જ્યારે બીજાની સાથે વાટાઘાટ કરતા હોઈએ ત્યારે (જાણતાં કે અજાણતાં) અનેક પ્રકારની વર્તુણક કરતા હોઈએ છીએ. વાટાઘાડની વિવિધ ચાર પ્રકારની વર્તુણક હોય છે. આક્રમક, શાંત, ત્યાગ અને કૃતનિશ્ચય. (i) આક્રમક વર્તુણક બીજા કોઈકના હક્કનું ઉલ્લંઘન કરી છે અથવા વિખુટું પાડી દે છે. તે કદાચ શારીરિક તથા શાબ્દીક/મૌખિક બન્ને જાતના ગુસ્સા અથવા અંકુશને દેખાડે છે. આક્રમકતા એ કેટલીક વખત બીક, સ્વાભિમાનનો અભાવ અથવા બીજા કોઈ પણ રસ્તે પરિસ્થિતિને કાબુમાં કરી શકવાની અશક્તિ દર્શાવે છે. (ii) શાંત અથવા પરોપકારી વર્તુણક મોટે ભાગે જેઓ અયોગ્ય વિનંતીઓને 'ના' કહેવા ન ઈચ્છતા હોય, વધારે પડતા નમ્ર અને મદદરૂપ થાય તેવા દેખાવા ઈચ્છતા હોય તેવામાં જોવા મળે છે વિનમ્ર વર્તુણક. (iii) મોટેભાગે મનદુઃખ/રોષ ઉભાં કરે છે જે પોતાનાં જ સ્વભિમાનમાં ઘટાડો અથવા આખરે આક્રમક ધડાકા રૂપે દેખાય છે. (iv) હતનિશ્ચિયી/સાગ્રહી વર્તુણક એટલે બીજી વ્યક્તિના દૃષ્ટિકોણ ને માન્ય કરતી વખતે જ તમારી પોતાની લાગણી/માન્યતા વિશે કહેવું આવી હતનિશ્ચયી વર્તુણક મોટેભાગે આનંદપ્રદ પરિસ્થિતિ તરીકે જોવાય છે જ્યાં બન્ને પક્ષોની વાટાઘાટ પ્રક્રિયામાં અસરકારકતા વધવાને કારણે લાભ મેળવે છે. આમાં શક્ય સમસ્યાઓના ઉકેલના માર્ગે શોધતી વખતે તમારા હક્ક તથા માન્યતા માટે ઉભા રહીને થતી સ્પષ્ટ તથા સ્થિર વટાઘાટને સમાવેશ થાય છે.

### (4.7) **અસરકારક વાટાઘાટમાં અવરોધઃ**

તંત્રમાં ભલે ગમે તેટલી સારી વાટાઘાયની પધ્ધતી હોય તો પણ દુર્ભાગ્યે મોટેભાગે અવરોધો ઉભા થઈ શકે છે અને થાય છે. અસરકારક વાટાઘાડમાં આવતા અવરોધને ઓળખવા તે વાટાઘાટની શૈલી સુધારણાનું પ્રથમ પગથીયું છે. અસરકારક વાટાઘાટમાં આવતા અવરોધોમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

- **શારીરિક અવરોધોઃ** જે તત્વો અવારનવાર વાટાઘાટમાં મુશ્કેલીના કારણો બને છે, તે છે - અલગ અલગ મકાનો અથવા સ્થળમાં રખાયેલા કર્મચારીઓ, કર્મચારીઓની અછત વગેરે હોય છે.

- **તંત્રનું માળખુંઃ** તંત્રનું માળખું જો અસ્પષ્ટ હોય તો કોની સાથે વાટાઘાટ કરવી તેની મુંઝવણ ઊભી કરી છે. બિનઅસરકારક અથવા આયોગ્ય માહિતી પદ્ધતિ કર્મચારીઓને તેમની પાસેથી શું અપેક્ષા છે તેની અચોક્કસતા તરફ દોરી જાય છે, જે અસરકારક વાટાઘાટમાં અસ્પષ્ટતા અથવા નિષ્ફળતામાં પણ પરિણામે છે.

- **વૃત્તિસ્થિતિજન્ય અવરોધઃ** વૃત્તિસ્થિતિજન્ય અવરોધો એક તંત્રમાંના કર્મચારીઓ સાથેના પ્રશ્નોને પરિણામે આવે છે. દાખલા તરીકે - નબળું વ્યવસ્થાપન, કર્મચારીઓ સાથે સલાહ-મસલતનો અભાવ, વ્યક્તિત્વનો ટકરાવ કે જે લોકોના વાટાઘાટમાં મોડું કરવા અથવા મનાઈ કરવામાં પરિણમી શકે છે.

- **પ્રાપ્તકર્તા તરફ લાગણીશીલતાનો અભાવઃ** એક સંદેશો જ્યારે પ્રાપ્તકર્તાને સ્વિકાર્ય ન હોય. દા. ત. પ્રાપ્તકર્તાની જરૂરિયાત, વિષયનું જ્ઞાન તથા ભાષાની કુનેહ ત્યારે વાટાઘાટ નિષ્ફળ જઈ શકે.

- **વાટાઘાટ માટેની મૂળભૂત કુનેહનો અભાવઃ** વાટાઘાટમાં અઘરા અથવા અયોગ્ય શબ્દો નો વપરાશ લોકોને સંદેશો સમજતા અટકાવી શકે.

- **વિષયનું અપુરતુ જ્ઞાનઃ** જો મોકલનાર કોઈ બાબત વિશેની ચોક્કસ માહિતી ચૂકી જાય તો મેળવનાર અસ્પષ્ટ અથવા ભેળસેળવાળો સંદેશો મેળવી શકે. ઉદાહરણ તરીકે જો મેળવનાર ટેકનીકલ માહિતી ભરેલો સંદેશો સમજી ન શકે તો વટાઘાટ પડી ભાંગશે.

- **માધ્યમનો અવરોધઃ** જો મોકલનાર અયોગ્ય માધ્યમની વાટાઘાટ માટે પસંદગી કરે, તો વાટાઘાટ નિષ્ફળ થઈ શકે છે.

- **વાટાઘાટની લાંબી સાંકળઃ** વાટાઘાટની સાંકળ જેટલી વધુ લાંબી, તેટલી ક્ષતિની શક્યતા વધારે. જો એક સંદેશો ઘણા બધા મેળવનાર દ્વારા પસાર થયા, તો મોટેભાગે તે સંદેશો નાશ પામે છે.

- **ભાવનાશીલ વિક્ષેપઃ** જો સંદેશો ઘડવામાં અને તેના સંચાલનમાં લાગણી વચ્ચે આવે તો પણ મેળવવામાં ભંગાણ પાડી શકે. જો તમારા નિરિક્ષકે મોકલેલો કાર્ય પ્રક્રિયામાં ફેરફાર સૂચવવા બાબતને અહેવાલ મેળવો અને તમને તમારો નિરિક્ષક પસંદ ન હોય, તો તમને વસ્તુલક્ષી રીતે તે અહેવાલ વાંચવામાં પણ તકલીફ થશે. તમે તે વાંચશો ખરા, પરંતુ વસ્તુલક્ષી રીતે નહીં, ભૂલો શોધવા માટે. તમે કદાચ શબ્દોનું ખોટું અર્થઘટન કરો અને તેમાંથી નકારાત્મક છાપ ઉપસાવીને વાંચો. પરિણામે આંશિક કે આખે આખો ખોટો સમજો તેવું બને.

- **અભિપ્રાય માટે તૈયારી નહીંઃ** વાટાઘાટ એ એક દ્વિ-માર્ગી પ્રક્રિયા હોવાને લીધે મોકલનારે મેળવનારનો પ્રતિભાવ મેળવવા માટે એક માર્ગ શોધવો જ પડે. જો એક જૂથનો નેતા પ્રકલ્પની ચર્ચા કરતી વખતે કોઈ વિક્ષેપ કે પ્રશ્નો પૂછવાની છૂટ ન આપે તો તે જોઈ શકશે કે જુથના સભ્યો તેમણે શું કરવાનું છે તે પૂરેપુરું સમજ્યા નથી.
  વાટાઘાટમાંનાં અવરોધો વાટાઘાટના હેતુની સ્પષ્ટતા મેળવનાર તરફ લાગણીશીલ થઈને બે વાટાઘાટને પ્રોત્સાહન આપીને તથા યોગ્ય ભાષાના ઉપયોગથી દૂર કરી શકે છે.

**ઉપસંહારઃ**

સ્પષ્ટ વાટાઘાટ કરવી સરળ નથી. તંત્રમાં વાટાઘાટની સમજણ તથા મહત્ત્વ માટે પદ્ધતિ, સંદર્ભ, માળખું, ભાષા અને જેને માહિતી રવાના કરાય છે. તે મેળવનારની જરૂરિયાત વિશે સમજણ તથા જાણકારી અનિવાર્ય છે. યોગ્ય તથા સ્પષ્ટ વાટાઘાટ વગર કોઈ પણ તંત્ર ટકી શકે નહી.

# 23. જૂથ નિર્માણ

"એક ટુકડી એટલે એવાં કાર્યોનો સમુહ કે જે એક વ્યક્તિની અસરકારક રીતે પૂર્ણ થઈ શકે તેમ ન હોય, તે પૂરાં કરવા માટે સંગઠીત કરાયેલ જૂથ" બીજુ તરફ,"જૂથકાર્ય એ સહિયારી દૃષ્ટિ માટે સાથે મળીને કામ કરવાની આવડત છે."

તંત્રો હવે તેમના સંસ્થાગત હેતુઓ તથા લક્ષ્યો પૂરાં કરવા માટેનાં કાર્યો માટે સંપૂરક કુનેહ ધરાવતા લોકોનાં જૂથ/ટુકડી બનાવવા ઈચ્છે છે. ટુકડીએ ત્યારે બનાવાય છે જ્યારે એક ચોક્કસ કાર્ય કરવા માટે કુનેહ, જાણકારી/જ્ઞાન અને નિપુણતાનાં સંયોજનની જરૂર પડે અને આવું સંયોજન એક એકલી વ્યક્તિમાં ન હોઈ શકે. જૂથની તંત્રમાં અતિ આવશ્યક ભૂમિકા હોય છે. ઉદાહરણ તરીકે કુનેહ, કાબેલીયત, વલણો, નિપુણતાનું સંયોજન તંત્રને પડકારોમાંથી બહાર આવવામાં મદદ કરી શકે, નવા પ્રકલ્પોનાં આયોજનનો તથા પૂર્ણતામાં મદદરૂપ થઈ શકે તથા પ્રારંભિક ફેરફારોને સુઝબુઝથી સંભાળવામાં મદદરૂપ થઈ શકે. તે ખાસ કરીને મોટા અને સંકુલ તંત્રમાં પ્રતિક્રિયાત્મક સહયોગમાં મદદરૂપ થઈ શકે.

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

**એક સારી ટુકડીનાં લક્ષણોઃ**

- **હેતુઃ** સભ્યોને ખ્યાલ હોય છે કે જૂથ શા માટે બનાવાયું છે. કયાં કામ પૂરાં કરવાનાં છે અને તેઓ તેમના ધ્યેય તથા લક્ષ્યને પૂરાં કરવા માટે વચનબદ્ધ હોય છે.

- **અગ્રતાઃ** સભ્યો જાણે છે કે હવે પછી શું કરવાનું છે, કોના વડે અને કેટલા સમયમાં જુથે લક્ષ્ય પ્રાપ્ત કરવાનું છે.

- **ભૂમિકાઃ** સભ્યો તેઓની ભૂમિકા વિશે જાણે છે. તેમની પોતાની કાર્ય પ્રક્રિયાને સંભાળવા માટે સ્પષ્ટ વર્ણવેલી સત્તા હોય છે અને કાર્ય પુરું કરાવવા માટે સ્પષ્ટ રીતે સોંપાયેલ હોદ્દો ધરાવતું જુથનું સભ્યપદ હોય છે.

- **વહેંચાયેલી જવાબદારીઃ** એવું વાતાવરણ સ્થાપવું કે જેમાં ટુકડીના બધા સભ્યોને ટુકડીના દેખાવ માટે જવાબદારી અનુભવે.

- **નિર્ણયઃ** અધિકાર/સત્તા તથા નિર્ણયાત્મક પંક્તિઓ સ્પષ્ટ સમજાયેલી હોય, તેમ જ ટુકડીના સભ્યો બીજાને પણ નિર્ણય લેવાની પ્રક્રિયા માટે ઉતેજન.

- **તકરારઃ** તકરારનો ખૂલ્લી રીતે ઉકેલ કરાય છે અને તેને નિર્ણય લેવામાં તથા અંગત વિકાસ માટે અગત્યની ગણવામાં આવે છે.

- **અંગત ખાસીયતોઃ** સભ્યોને લાગે કે તેમના વ્યક્તિગતની કદર થાય છે તથા તેને સારી રીતે ઉપયોગમાં લેવાય છે.

- **સ્વિકૃત ધોરણઃ** સાથે કામ કરવા માટે જુથનાં સ્વિકૃત ધોરણો નક્કી કરાય છે અને તેને જુથમાં દરેક માટે આદર્શ તરીકે જોવાય છે.

- **સફળતાઃ** સભ્યો સ્પષ્ટપણે જાણે છે કે જ્યારે જુથને સફળતા મળે ત્યારે તેમાં સમાનતાથી તથા ગર્વથી ભાગ લેવો.

- **તાલીમઃ** પ્રતિભાવો તથા કુનેહ જે સજ્જતા કરવાની તક પૂરી પાડવામાં આવે છે અને જુથના સભ્યો વડે તેનો લાભ લેવાય છે.

- **વાતાવરણમાં ભાગ લેવોઃ** તેમની અંગત લાગણીઓ, અભિપ્રાયો, વિચારો અને સમસ્યાઓ તથા પરિસ્થિતિ વિશેની માન્યતાઓ બીજા સાથે ખુલીને તથા વાસ્તવિક રીતે વહેંચે છે.

- **આંતરવ્યક્તિગત કુનેહઃ** સભ્યો ઉંચી વાટાઘાટમાં માને છે અને તેમાંથી વિશ્વાસ અને ખુલ્લી અને પ્રાથમિક વાટાઘાટની આબોહવા ઉભી કરે છે. જૂથના દરેક સભ્ય વ્યક્તિગત મતભેદને માન આપે છે અને સહન કરે છે.

**જુથના વિકાસના તબક્કાઓઃ**

જુથના વિકાસના તબક્કાઓ સમજવા એ સફળ જુથ વ્યવસ્થાપનની ચાવી છે. તુકમાન અને જેન્સને જુથની ઉત્ક્રાંતિની શ્રેણી તેમનાં કાર્યમાં વર્ણવી છે જે જુથને સમજવા તથા સંભાળવા માટેનું ઉત્તમ નમુનો છે.

**તબક્કો 1: બનાવવું/આકાર આપવો.**

આ એવો તબક્કો છે, જ્યાં સભ્યો એકત્રિત થાય છે તથા એકઠા મળે છે. લોકો એક બીજાથી પરિચિત થાય છે અને જૂથમાં પોતાની ભૂમિકા વિશે અંદાજ બાંધવાની કોશિશ કરે છે. આ તબક્કે જૂથના નવા સભ્યોના મતમાં બે સૌથી સામાન્ય પ્રશ્ન હોય છે કે તેઓ જુથ સાથે ક્યાં અને કેવી રીતે બંધ બેસસે/ગોઠવાશે. આ તબક્કામાં એક બીજાની સહજ સ્વિકૃતી, વિવાદને દુર રાખવા તથા જુથના નેતા તરફથી ગોઠવાવા માટે નિર્દેશન અને ટેકાનો સમાવેશ થાય છે.

**તબક્કો 2: ધસી જવું/તુટી પડવું.**

આ તબક્કો તકરાર તથા હરીફાઈનો પરિચય કરાવે છે કારણ દરેક વ્યક્તિ યોજના પર કામ કરવાનું શરૂ કરે છે. તકરાર બહુ જલ્દી અભિમુખતાના તબક્કાની નમ્ર પારસ્પરિક અસરનું સ્થાન લઈ લે છે. ચર્ચાના મુદ્દા પરના વ્યક્તિગત મતભેદો કામના તણાવ સાથે જોડાઈને તકરારને બળ આપે છે. આંતર વ્યક્તિગત તથા વાટાઘાટના મુદ્દાઓ આ તબક્કા ઉપર સંપૂર્ણ કાબુ લઈ લે છે, જે તકરાર તથા મુકાબલાને ભડકાવે છે.

જુથના વિકાસના તબક્કે નેતામાં ભરપૂર આત્મસંયમ તથા પરિપક્વતા હોવી જરૂરી છે. તેણે યોગ્ય વાતાવરણ ઊભું કરવા માટે જૂથના સભ્યો વચ્ચે જીતવાના સંબંધો ઉભા કરવા માટે તથા જુથની દૃષ્ટિ તથા લક્ષ્ય પર ફરી તેમનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે પોતાની બધી જ નૅટવર્કીંગ કુશળતા, લાગણીજન્ય બુદ્ધિમત્તા તથા લોકોના વ્યવસ્થાપનની આવડત બહાર લાવવાની છે. ભલે તકરાર કદાચ જૂથને નુકશાન પહોંચાડી શકે કે તેનો નાશ કરી શકે, પરંતુ નેતાથી સભ્યો તેમના મતભેદોને સ્વિકારવાનું તથા તેનો રચનાત્મક નિવેડો લાવવાનું શીખે છે અને આમ જુથને મજબૂત પણ બનાવે છે.

**તબક્કો 3:**

જેવો તકરારનો નિવેડો આવવા લાગે છે કે કામ સરળતાથી તથા ઝડપથી પાર પડે છે. જુથ એકતાની લાગણી તથા જુથની ઓળખનો અનુભવ કરે છે તેથી જુથની તકરારોનું સ્થાન જુથના સંયોગીપણાની લાગણી વડે લેવાય છે. તેથી આ તબક્કો સંતોષની લાગણી, ઉંચા સ્વાભિમાન તથા ઓછી વ્યગ્રતાનાં લક્ષણો વડે દર્શાવાય છે. હવે બધુ ધ્યાન જુથના સહિયારા હેતુઓ તથા કામગીરીના પ્રશ્નો પર કેન્દ્રિત થાય છે. જુથના સભ્યો તેમની તાકાત તથા નબળાઈને ઓળખીને તેમના જુથના સંપૂર્ણ કુનેહવાળા બીજા સભ્યોને બળ આપીને સહિયારા લક્ષ્યો પ્રાપ્ત કરવાનો તથા કામગીરી સુધારવાનો પ્રયત્ન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો જુથના સભ્યો તેમનાં કામની જવાબદારીઓનું પ્રતિનિધિત્વ કરવામાં તથા તેમાં ભાગ લેવામાં વધુ આત્મશ્રધ્ધા અનુભવે છે.

**તબક્કો 4: રજુઆત**

આ એ તબક્કો છે જ્યાં એક ચોક્કસ જુથની ઓળખાણ ઊભી થાય છે. હવે જ્યારે આ જુથ ઘણા સમયથી સાથે છે ત્યારે વધુ સારી તથા અસરકારક ઉત્પાદક્તાની શક્યતા વધી જાય છે. વધારે પ્રેરકબળને કારણે રજુઆત/દેખાવ તેની ટોચ પર હોય છે.

**તબક્કો 5: સ્થગિત કરવું/મુલતવી રાખવું.**

પાંચમા સ્થગિત કરવાના તબક્કામાં કાર્યને પુરું કરવું તથા જુથને વિખેરી/તોડી નાખવાનો સમાવેશ થાય છે. એક સફળ જુથ નેતા જુથને ઘડવા તથા વિકસાવવાના વિવિધ તબક્કાઓને સમજે છે. તે

વિકાસના જે તબક્કામાંથી જુથ પસાર થઈ રહ્યું હોય તે મુજબ વ્યવસ્થાપનને લગતી શૈલીનાં નિયમન વડે જુથને અસરકારક રીતે સંભાળે છે.
જુથની સમસ્યાઓઃ

| જુથના પાંચ કાર્યાવરોધો | નેતાની ભૂમિકા |
|---|---|
| 1. પરિણામ તરફ બેધ્યાન | પરિણામ તરફ ધ્યાન આપવું |
| 2. જવાબદારીનો ત્યાગ | અઘરા મુદ્દાનો સામનો કરવો |
| 3. જવાબદારી / બાંયધરીનો અભાવ | સ્પષ્ટતા પર ભાર તથા અંત લાવવો |
| 4. તકરાર/મતભેદનો ભય | ચર્ચાની માગણી |
| 5. વિશ્વાસની ગેરહાજરી | માનવતા દર્શાવવી |

**1. વિશ્વાસની ગેરહાજરી : બહાર આવવાની વ્યુહરચના**

- વ્યક્તિગત તાકાત તથા નબળાઈને ઓળખવી તથા ચર્ચવી
- મોઢા મોઢની મુલાકાતો તથા કાર્યસત્ર પાછળ પૂરતો સમય આપવો.

**2. તકરાર/મતભેદનો ભયઃ બહાર આવવાની વ્યૂહરચના**

- ઉત્પાદક મુલાકાત માટે મતભેદ આવશ્યક છે તે સ્વિકારવું.
- જુથના દરેક સભ્યની તકરારની કુદરીત શૈલીને સમજવી તથા તકરારમાં ભાગ લેવા માટે સહિયારા પાયાના નિયમો સ્થાપવા.

**3. બાંયધરીનો અભાવઃ બહાર આવવાની વ્યૂહરચના**

- જુથના બધા સભ્યો જોડાયેલા છે તે ખાતરી કરવા માટે દરેક મીટિંગનાં અંતે જવાબદારીઓનું પુનરાવલોકન કરવું.
- 'અસંમત અને સાંકળવું'ની માનસિક્તા અપનાવો - ખાતરી કરો કે આરંભિક અસંમતિ તરફ લક્ષ્ય આપ્યા વગર જુથના બધા સભ્યો સંકળાયેલા છે.

**4. જવાબદારીનો ત્યાગઃ બહાર આવવાની વ્યૂહરચના**

- નિશ્ચિતપણે લક્ષ્યની અને વર્તુણકના ધોરઓની વાત કરો.

● દેખાવ/રજુઆતની સામે લક્ષ્ય અને ધોરણોની નિયમિત ચર્ચા કરો.

**5. પરિણામ માટે બેધ્યાનઃ બહાર આવવાની વ્યૂહરચના**

● વાસ્તવિક જુથ લક્ષ્યો પર જુથનું ધ્યાન કેન્દ્રિત રાખો.
● જુથનાં લક્ષ્યો તથા સામુહિક સફળતાના આધારે વ્યક્તિઓને ઈનામ આપો.

**જુથની આગેવાની કરવી - જુથને કેવી રીતે ચાલુ રાખવાં**

**જુથને તેના પ્રયોજનો ઓળખવામાં મદદ કરવીઃ** જ્યારે લોકો તેઓ જે લક્ષ્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે તેને સમજે ત્યારે વધારે અસરકારક રીતે કાર્ય કરે છે. જુથના નેતા તરીકે એ તમારું કામ છે કે જુથનો તેમના પ્રયત્નોનું ઈચ્છીત પરિણામ મળે તે જોવામાં મદદ કરવી અને તેમને આખા માર્ગમાં ચોક્કસ લક્ષ્યો અને માર્ગસ્તંભ નક્કી કરવામાં મદદ કરવી.

**લક્ષ્યબિંદુ અને સરહદ નક્કી કરવાંઃ** જુથને તેમનાં કામનાં લક્ષ્યબિંદુને સંભાળવામાં મદદ કરીને તમે તેમને તેમનાં લક્ષ્ય સુધી વધુ ઝડપથી પહોંચવા માટે તેમના નિશાન પર વધુ ધ્યાન આપતા કરી શકશો.

**તમારી માન્યતા જણાવોઃ** જો તમે જુથની વસ્તુકલ્પનામાં ન માનતા હો તો તમે જુથને સારી રીતે દોરી નહીં શકો. તમારા વાણી અને વર્તન બન્ને દ્વારા દર્શાવો કે તમે તેમાં માનો છો. એક વખત તેમને તેમનો હેતુ અને લક્ષ્ય અને તમારી માન્યતા મળી જાય એટલે તેઓ તેમના સફળતાના માર્ગ પર છે.

**તમારી ભૂમિકા સ્પષ્ટ કરોઃ** તમારી ભૂમિકા દોરવાની છે, કામ કરવાની કે બધા નિર્ણયો કરવાની નથી. જુથને જાણવાદો કે તમારી ભૂમિકા શું છે. જુથનાં કાર્યોની પૂર્ણતા માટે તમે તેમના અનુભવો, જ્ઞાન અને બુધ્ધિમત્તા પર કેટલા આધારિત છો તે જાણવામાં તેમને મદદ કરો.

**ટેકેદાર બનોઃ** તમારી ક્રિયાઓથી જુથને ટેકો આપો. જુથને અવરોધો અને માર્ગમાં આડખીલીનો અનુભવ થશે. એ આડખીલીઓ હટાવવાનું, વધારાના સ્રોત/સાધનો શોધવાનું અને સામાન્ય રીતે ટેકો પૂરો પાડવો એ તમારું કામ છે.

**સરળતા કરી આપનાર બનોઃ** સરળતા કરવી એટલે ‘સહેલું બનાવવું’ અને તે તમારી ભૂમિકા છે. જુથને સફળ થવામાં મદદ કરો. જરૂર હોય ત્યારે માર્ગદર્શન પુરું પાડો. તે સમયે જ જુથને સફળ થવા દો અને ભવિષ્યની વધુ મોટી સિદ્ધિ માટે પોતાની જાતને વિકસાવવા દો.

**માહિતીની આપ-લે કરોઃ** દરેક જુથ કાર્યો કરવા માટે વાટાઘાટ એ પાયો છે. જુથના સભ્યો વચ્ચે યોગ્ય વાટાઘાટ વગર જુથમાં ભાગલા પડી જશે અને એક અસરકારક જુથ એકમ તરીકે તે કાર્ય નહીં કરે. એક જુથને મળવા/ભેગા થવા ચર્ચા કરવા તથા માહિતીની આપ-લે કરવા એક કુશળ યંત્રરચના હોવી જ જોઈએ. ઉદાહરણ તરીકે - જુથની નિયમિત મીટિંગ્સ. એક જુથમાં નબળો વાર્તાલાપ તેને જુથના સભ્યો વચ્ચે તકરાર, ભળતી સળતી અથવા ખોટી માહિતીના પ્રસાર તથા જુથના નિર્દેશનના અભાવ તરફ દોરી જશે. જો જુથનો દરેક સભ્ય માત્ર પોતાનું જ કામ કરે તો જુથ તેની દિશા ગુમાવી દેશે અને જુથ તરીકે કામ કરવામાં નિષ્ફળ જશે અને જુથમાં એકબીજાને પ્રતિભાવ આપશે નહીં.

**અસરકારક વાટાઘાટમાં અવરોધોઃ**

- સ્પષ્ટ રીતે કહેવાયેલા, વહેંચાયેલા તથા માપી શકાય તેવા પ્રયોજનોનો અભાવ.
- તાલીમ અને આંતરશિસ્તને લગતા સહયોગમાં અભાવ.
- ભૂમિકા અને નેતાગીરીની અસ્પષ્ટતા.
- જુથ વધારે પડતું મોટું અથવા વધારે પડતું નાનું હોવું.
- સમયસર માહિતીની આપ-લે માટે યોગ્ય યંત્ર રચનાનો અભાવ.

**જુથના સભ્યો તેમના આગોવાનમાં નીચેના ગુણો શોધે છે.**

- કામ તેમ જ લોકો પ્રત્યે સમર્પિતતા.
- જુથને ટેકો તથા સેવા આપવાની ઈચ્છા.
- ઉત્સાહ, શક્તિ, પ્રેરણા અને પૂરતી નિપુણતા.
- બધો કાર્યભાર જુથના સભ્યો પર નાખી દેવાને બદલે પોતાના ખભા પર જવાબદારી ઉપાડવાની તૈયારી.
- લક્ષ્યો અને હેતુઓ પ્રાપ્ત કરવા માટે જુથને એકઠું થાય તેમ કરવાની આવડત.

**સંદર્ભોઃ**


- બૅનેટ, આર. (1997) ઑર્ગેનાઈઝેશનલ બીહેવીયર 3rd એડી. પીહમાન પબ્લિકેશન.
- બોવેન, બી.ઈ. અને રાધાક્રિષ્ન, આર. બી. (1991) જોબ સેટીસ્ફેક્શન ઑફ એગ્રીકલ્ચરલ એડ્યુકેશન ફેકલ્ટીઃ અ કૉન્સ્ટન્ટ ફિનોમીના, જરનલ ઑફ એગ્રીકલ્ચરણ એડ્યુકેશન, વૉલ્યુમ 32, નં 2, પીપી1622.
- બ્રીન ડી. (1998), લિડરશીપઃ રીસર્ચ ફાઈન્ડીંગ્સ પ્રેકટીસ એન્ડ સ્કીલ્સ ઑલ ઈન્ડીયા પબ્લીશર્સ એન્ડ ડિસ્ટ્રીબ્યુટર્સ રજી.
- ક્લાર્ક, જે. (2002), સ્ટેસ ન્યુઝ વૉલ્યુમ 14, નં-1.
- ડાફ્ટ, આર. એલ. (2002) ધી લીડરશીપ એક્સપીરીયન્સ, હરકોર્ટ કોલેજ પબ્લીશર્સ, બીજી એડી.
- ડેસ્સલર જી. એ. (2002) ફ્રેમ વર્ક ઑફ મેનેજમેન્ટ, પ્રેન્ટીક હૉલ, ન્યુ જર્સી.
- ફૌરીનેસ, એફ. એફ. વ્હાય એમ્પ્લોયીઝ ડુનોટ ડુ વ્હોટ ધે આર સપોઝ ટુ ડુ એન્ડ વ્હોટ ટુ ડુ અલાઉડ ઈટ.
- ગ્રાઉમેન કે. (2005) ઈસ્ટ બૅ બીઝનેસ ટાઈમ્સ, મે-9.
- ગ્રે. એલ. જે. એન્ડ સ્ટાર્ક, એ. એફ. (1988) ઑર્ગેનાઈઝેશનલ બીહેવીયરઃ કન્સેપ્ટ એન્ડ એપ્લીકેશન મૅકમીલનઃ ન્યુયૉર્ક (પીપી 104-5)
- હેકમેન જે. આર. ઍન્ડ ઑલ્ડહામ, જી. આર. (1980) વર્ક રીડીઝાઈન, એડીસનવેસ્લી.
- હર્જી, જી. ડીક્શન ડી. એન્ડ ટૌરીશ ડી. (2004), કૉમ્યુનીકેશન સ્કીલ્સ ફૉર ઈફેક્ટીવ મેનેજમેન્ટ, પીપી 5-9
- કોવાચ, ડે. એ. (1987) વ્હોટ મોટીવેટ્સ એપ્લોઈઝ, વર્કર્સ ઍન્ડ સુપરવાઈઝર્સ ગીવ ડીફરન્ટ આન્સર્સ, બીઝનેશ હોરાઈઝન્સ, પીપી 58-65.
- ક્રુન્ટઝ હેન્ડ weihrich , H. (1998) ઑફ મેનેજમેન્ટ, ટાટા મેડ ગ્રો-હિલ્સ, ન્યુ દિલ્હી, (5મી એડી.)
- પાર્કર, એમ. જી. એન્ડ ક્રોપ, પી. આર. (1996). ટીમ બીલ્ડીંગઃ અ સોર્સબુક ઑફ એક્ટીવીટીઝ ફોર ટ્રેઈનર, 1મી એડી.
- પ્રસાદ, એલ. એમ. (1999) પ્રીન્સીપલ્સ એન્ડ પ્રેક્ટીસીઝ ઑફ મેનેજમેન્ટ, સુલ્તાન ચાંદ એન્ડ સન્સ, ન્યુ દિલ્હી, (5મી એડી.)

# 24. સાક્ષર ભારત અભિયાન



આપણા દેશની આઝાદી પ્રાપ્તી પછી કેન્દ્રિય તથા રાજય સરકારો પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે સિધ્ધી મેળવવા પ્રયત્નશીલ છે, છતાં હજી ધણા કિસ્સાઓમાં કેટલાય લોકો તેનો લાભ લઈ શકયા નથી. કોઈક વખત કુટુંબની આર્થિક મુંઝવણના કારણે તેઓ સ્કુલ જઈ શકયા નથી. ધણા અસંગઠિત મજુર વર્ગ, બાળ મજુર વર્ગ, અનુ. જાતિ/અનુ. જનજાતિ ગ્રામીણ મહિલાઓ શિક્ષણથી વંચિત રહ્યી છે. એકંદરે વિચારતાં મહિલા શિક્ષિત વર્ગ પુરુષ વર્ગના પ્રમાણમાં એકદમ પછાત છે જ.

સાક્ષર ભારત અભિયાનના લક્ષ્ય જૂથ અશિક્ષિત ભારતીઓ (15થી 35 વય જુથના) 2007માં 597 જિલ્લાઓને સંપુર્ણ શિક્ષણ યોજના હેઠળ તથા 485 જિલ્લાઓને સાધારણ શિક્ષિત કાર્યક્રમ તથા 328 જિલ્લાઓને સતત શિક્ષણ કાર્યક્રમમાં આવરી લેવાયા હતાં, આ અભિયાનના ફળ સ્વરૂપે 127.45 લાખ ભારતીઓનેશિક્ષિત કરી લેવાયા જેમાં 60 ટકા મહિલા તથા 23 ટકા અનુસૂચિત જાતિ અને 11 ટકા અનુસૂચિત જનજાતિ હતા. ધણા મોટા પાયાના અભિયાન અમલમાં હોવા છતાં હજી પણ અશિક્ષિત સમાજ રાષ્ટ્ર માટે એક સમસ્યારૂપે છે. હાલના સ્તરે તો આંકડા પ્રમાણભુત સ્વરૂપે મળી શકે તેમ નથી પણ તેની જાણકારી 2011 થી મળશે. 2001 ની વસ્તી ગણતરીથી જણાયું હતું કે ત્યારે 259.52 લાખ વ્યકિતઓ 15 વર્ષ ઉપરની વયજુથમાં અશિક્ષિત હતા. પિતૃસત્તાક વ્યવસ્થા તથા

*આ માહિતી હયાત સામગ્રીઓમાંથી સંગ્રહિત કરવામાં આવી છે. પંચાયત પ્રતિનિધિઓની સહેલાઈ માટે રેફરન્સ આપવામાં આવ્યા નથી. આ સામગ્રીનો ઉપયોગ ફક્ત શૈક્ષણિક હેતુ માટે કરાશે.*

સામાજિક પછાત વિસ્તારમાં પ્રૌઢ શિક્ષણ ખુબ જ અગત્યની જરૂરિયાત છે.

આપણા વડાપ્રધાનશ્રીએ સાક્ષર ભારત અભિયાન શરૂ કર્યું છે, તે સાક્ષરતા વિભાગ, માનવ અધિકાર કાર્યાલય કેન્દ્ર સરકારે વિશ્વ સાક્ષરતા દિવસે અમલી બનાવ્યું છે. (તા. 8 સપ્ટેમ્બર 2009.) તેનો ધ્યેય છે કે જીવનમાં સતત સાક્ષરતાનું કાર્ય થયા કરે અને છેવઠે પૂર્ણ સાક્ષર સમાજ અસ્તિત્વમાં આવે. સમગ્ર પ્રૌઢ નાગરિકોને શિક્ષિત થવાનો હક મળશે, જેથી તેઓ એક ઉન્નત જીવન જીવી શકે.

આ બધા માટે સાક્ષર ભારત અભિયાને બીજા એક નવીનતમ પ્રયોગથી 15 વર્ષ ઉપરની વયના પ્રૌઢ અશિક્ષિત વર્ગ અને વિશેષતમ મહિલા વિકાસ માટે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ અગાઉ ઉભા થયેલા તમામ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ વિચાર્યું છે, તેમાં યોગ્ય સુધારાઓ સૂચવી પ્રાથમિક સાક્ષરતાને વધુ સરળ બનાવ્યું છે, ચાલતા કાર્યક્રમોને એકત્ર કરી રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાનને પુર્ણ સફળતા પ્રાપ્ત થાય તે દિશામાં કાર્ય ચાલે છે.

આપણી કેન્દ્ર સરકારે સાક્ષરતા અભિયાનને પ્રાથમિક માન્યતા આવી છે અને મહિલા વિકાસ એ તેનો મુખ્ય અભિગમ છે. તે મુખ્ય કારણે શાળા ભણતર, સ્વાસ્થ્ય, પોષક ખોરાક તેમજ કાર્ય કુશળતા વગેરે બાબતે સભાનતાપુર્વક કાર્યક્રમ આગળ ધપાવે છે, અને મહિલાઓનો સંપૂર્ણ વિકાસ પૂર્ણ પણે સિધ્ધ થાય તેવા પ્રયત્ન કરે છે. સરકારનો ધ્યેય મહિલા સાક્ષરતા એટલુ ગંભિરતા બાબતે છે કે સર્વ ક્ષેત્ર તેમને વિકાસ સાધવાના પ્રયત્નો કરે છે. પૂર્ણ સાક્ષરતા સિધ્ધ કરી અત્યાર સુધી તેને લગભગ પછાત ગણી કઢાતી અને લાચાર પરિસ્થિતિ તેણીને વર્ગ, જાતિ અને જ્ઞાતિના દૂરવ્યવહાર થી બહાર કાઢવા માંગે છે.

**કાર્યક્રમ બાબતે:**

સાક્ષર ભારત અભિયાનની 1લી ઓકોટોમ્બર, 2009ના રોજ સ્થાપના થઈ છે અને તેની અવધિ માર્ચ 31, 2012 સુધી નિર્ધારિત રખાઈ છે. આ કાર્યક્રમ માટે 18 માસનો સમય નકકી કરાયો છે. ત્યાં સુધી રોજીદી શિક્ષણ સતત કાર્યશીલ રહેશે. અંતે આ અભિયાન 70 લાખ વ્યકિતઓ, તેમાં પણ 60 લાખ અભણ મહિલાઓ સુધી પહોંચશે. ગુજરાત ખાતે 121 તાલુકાઓ અને 13 જિલ્લાઓ આવરી લેવાશે. તેમાં દાહોદ, બનાસકાંઠા, પંચમહાલ, ડાંગ, નર્મદા, પાટણ, સુરેન્દ્રનગર, કચ્છ, સાબરકાઠાં, ભાવનગર, અમરેલી, જુનાગઢ અને જામનગર જિલ્લાઓમાં 2001ની વસ્તી ગણતરી પ્રમાણે 50 ટકા મહિલાઓ અભણ હતી.

**અભિયાનના મુખ્ય મુદ્દાઓ**

1. આ કાર્યક્રમ હેઠળ આવતા પ્રૌઢ અશિક્ષિત વર્ગ 15 વર્ષથી ઉપરનાને સામાન્ય જ્ઞાન પ્રદાન કરશે અને આ નવ શિક્ષિતોને જરૂરી સાક્ષરતા પાયાનું શિક્ષણ મેળવવામાં દોરવણી આપશે. વળી તેમને અન્ય માહિતી પ્રદાન કરી તેમનું જીવન સ્તર સુધારવા મદદ કરશે.

2. હજી સાક્ષરતાનું વિસ્તરણ ગ્રામ્ય વિસ્તારો સુધી પહોચ્યું નથી. તે શહેરી પ્રમાણમાં ઘણું જ ઓછું છે. કાર્યક્રમ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

3. હજી અવિકસિત રહી જતાં પ્રદેશોને અન્ય આર્થિક રીતે પછાતના કાર્યક્રમો સાથે જોડી દેવાશે.

4. જિલ્લાઓ, તાલુકાઓ અને ગ્રામ પંચાયતો મુખ્ય અમલકર્તાઓ છે અને ત્યાં તેનો અમલ શરૂ કરી દેવા સુચના અપાઈ છે. આ રીતે યોજના છેક નીચેના સ્તરે શરૂ કરી, જિલ્લા તથા તાલુકા સ્તરને સામેલ કરી કાર્ય ઉપાડવાનું છે. આ અભિયાનની સરળ પ્રગતિ માટે રાજય સરકારોની મદદ લેવાશે.

**યોજના સિધ્ધિના ધોરણો :**

આ યોજના ચાર તબક્કામાં યોજાઈ છે.

1. સામાન્ય સાક્ષરતાનું જ્ઞાન બિલકુલ અજ્ઞાન અને અભણ પ્રૌઢોને પૂરું પાડવું.
૨. અર્ધ શિક્ષિત વર્ગના પ્રૌઢોને તેમનું શિક્ષણ મેળવી શકે તે માટે મદદરૂપ થઈ દોરવની પૂરી પાડવી.
3. બિલકુલ અભણ તથા પ્રાથમિક જ્ઞાન પ્રદાન કરેલા વર્ગને તેઓ સભાનતા પૂર્વક જ્ઞાન સાથે આવકનું પ્રમાણ સુધારી શકે અને પોતાનું જીવન સ્તર ઉચું લાવી શકે તેવું માર્ગદર્શન પૂરું પાડવું.
4. એક પૂર્ણ શિક્ષિત એકમ, જેમાં કાર્યરત સભ્યોને તેમનું સાક્ષરતા અભિયાન ચલાવી શકે તે માટે મદદ કરવી.

**ધ્યેય : લક્ષ્યાંક**

આ યોજનાનું મુખ્ય ધ્યેય લગભગ વય જૂથ 15 થી ઉપરના 70 લાખ પ્રૌઢ વ્યકિતઓને પ્રાથમિક સાક્ષરતા પ્રદાન કરવાનો છે. ઉપરાંત લગભગ 1.5 લાખ પ્રૌઢોને પાયાની સાક્ષરતા પ્રદાન કરી ધંધાદારી જાણકારી પહોચાડવાનો છે. આ સિધ્ધિઓ મેળવવા માટે યોજનામાં મહિલા સાક્ષરતાને પ્રધાન્ય આપી અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિ, લઘુમતિ કોમ તથા અન્ય વિચરતી જાતિઓનાં પ્રૌઢને સાક્ષર કરવાનું લક્ષ્યાંક રાખે છે. દરેક વિસ્તારના ટકાવારી પ્રમાણે જુદા જુદા લક્ષ્યાંક હોય છે.

**મહિલાઓ**

મહિલાઓના પ્રશ્નને પ્રાથમિકતા અપાઈ છે. હવે જાતિયતાને પણ સમાન ધોરણે ગણતરીમાં લેતા તેમને પણ મદદરૂપ થવામાં રણનીતિ, આયોજન, સંચાલન,માળખું અને શિક્ષણ માટેની બધી જરૂરિયાતો તેમને પણ પુરી પાડી આપવામા પ્રધાન્ય અપાશે એટલે કે મહિલાઓ જેવો અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ વર્ગ તથા બીજા અન્ય પછાત ગ્રામીણ વિસ્તારની બહેનોને સમાન ધોરણે ન્યાય મળશે. સમગ્ર અભિયાન સામાન્ય મહિલાની સમજ તથા તેનું જે કાઈ ભણતર હોય તે પણ વિચારણામાં લઈને તેમને લાંબા ગાળે ઉપર લાવવા તથા તેઓ પણ કેટલી હોશિંયારીથી કાર્ય કરી શકશે તે વિચારાશે, તેઓ ઝડપથી ગ્રહણ કરી શકે તેવા કાર્યક્રમો આપી તેની સાક્ષરતાનું પ્રમાણ સુધારવા માટે ધ્યેય સિધ્ધ કે સમસ્યા પ્રમાણે તેમની સાક્ષરતાના પગલાં લેવાશે, આ કામ માટે મોટી

સંખ્યામાં શિક્ષિત મહિલાઓને સ્વયં સેવક તેમને શિક્ષણ સહાયકોની નીમી આ મહિલાઓને પ્રોત્સાહિત કરી કામ ચલાવવામાં આવશે.

**અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા લઘુમતિ વર્ગો માટે**

અનુસૂચિત જાતિ 15 ટકા અને અનુસૂચિત જનજાતિ 8 ટકા અને લઘુમતી વર્ગ 20 ટકા થઈને કુલ 40 ટકા જેટલી સંખ્યા થાય છે. સમગ્ર દેશની મહિલાઓ અને જયારે આપણે અશિક્ષિત વસ્તી ગણતરી વિચારીએ ત્યારે અનુસૂચિત જાતિ 20.5 ટકા અને અનુસૂચિત જનજાતિ 12 ટકા અને લઘુમતી પ્રજા એક મોટો વર્ગ અશિક્ષિત જણાય છે. તેમના બાબતે પણ યોગ્ય ધોરણો ગોઠવી તેમાંના અભણ પ્રજા માટે કેવા સુધારાઓ અમલી બનાવી, તેમની સાક્ષરતા વધારી શકાય તે પણ વિચાર્યુ છે. આ કામે સ્ટેટ લીટરસી મીશન ઓથોરીટી (એસ.એલ.એમ.એ)ની સાથે રહીને કાર્યક્રમ અમલી બનાવવો જોઈએ અને આ બાબતે તેમને મોટા પ્રમાણમાં સહાય  કરવાનું વિચારવું પડશે. તેમની જાગૃતિ બાબતે એક સક્રિય માળખું ઉભું કરી તેમના પ્રયત્નોથી સાક્ષરથવા ઈચ્છતી વ્યકિતઓ તથા સાથોસાથ સમયસર યોગ્ય મદદ પહોંચાડવાનું અને ફરી કોઈ અશિક્ષિત વર્ગ ફરી ન રચાય તે પાસુ વિચારી તેને અગત્યતા આપવા વિચારવું પડશે.

**આવાસીય શિબિરો**

આવાસીય શિબિરો ખાસ કરીને 15-25 વર્ષની વય જૂથ ધરાવતાં કિશોર - કિશોરીઓ અને યુવા - વયસ્કો માટે યોજી શકાય કે જેમણે પ્રાથમિક શિક્ષણ (ધોરણ 4/5) હમણાં જ પૂરું કર્યુ છે પણ પાછળથી ફોલોઅપની જરૂરિયાત છે. ઉપરાંત તેઓ કે જેમણે સ્કૂલ છોડી દીધી છે અને ફરીથી સ્કૂલમાં જવા માટે ઉંમરમાં ઘણાં મોટા થઈ ગયા છે અને તેવાં બાળકો કે જેમને પધ્ધતિસરના શિક્ષણમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. યુવા-વયસ્કો અને કિશોર - કિશોરીઓને આવાસીય શિબિરોમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવાના રહેશે. આવી શિબિરો રિસોર્સ-પર્સનની સહાયથી તાલુકાની અંદરના કોઈ યોગ્ય સ્થળે યોજવામાં આવશે.

જેમની પાસે અનુભવ અને નિષ્ણાતો છે તેવા એન.જી.ઓ., એસ.આર.સી., જે.એસ.એસ. વગેરે ઘ્વારા પણ આવી શિબિરોનું આયોજન કરાવી શકાય છે.

**અર્ધ - આવાસીય શિબિરો  - અર્ધ- સ્વયંસેવક આધારિત અભિગમ :**

સ્વ-સહાય જુથો, મહિલા મંડળો, ગ્રામ પંચાયતના સભ્યો માટે આ અભિગમ સુસંગત રહેશે. દેશમાં આજે આવાં ઘણાં જૂથો છે અને તેમાનાં ઘણાં જુથો ઋણ અને બચત માટેનાં મંડળો તરીકે પણ કાર્ય કરે છે. લાભ મેળવનારાઓની અનુકૂળતાને ઘ્યાનમાં રાખી યોગ્ય સમયગાળા માટે સંચાલિત શિબિરોમાં પાયાનું શિક્ષણ સ્વયંસેવક (સ્વૈચ્છિક) પધ્ધતિથી વિવિધતાસભર માર્ગદર્શક અભ્યાસ સાથે આપવામાં આવશે. આ શિબિરો અભ્યાસુઓને પૂર્વ નિયત  સ્તરનાં સાક્ષરતા કૌશલ્યો પ્રાપ્ત કરવા સમર્થ બનાવશે. સાથે સાથે તેમનાં જીવન અને કામકાજની પરિસ્થિતિ સાથે મેળ ખાતાં મુદ્દાઓ પર ચર્ચા વિચરણાની તક પૂરી પાડે છે.

**અમલીકરણ માળખું**

આ કાર્યક્રમના અમલીકરણ માટે કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલા જિલ્લાઓની ગ્રામ પંચાયતોમાં 1.70 લાખ લોક શિક્ષા કેન્દ્રો સ્થાપવામાં આવશે. અમુક ખાસ જિલ્લામાં મંજૂર થયેલા નિરંતર શિક્ષણ કેન્દ્રો હેઠળ તેને મૂકવામાં આવશે. આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં ન આવેલ જિલ્લાઓમાંનાં વર્તમાન નિરંતર શિક્ષણ કેન્દ્ર અને મધ્યવર્તી નિરંતર શિક્ષણ કેન્દ્રને બંધ કરી દેવામાં આવશે. સિવયા કે રાજય સરકારો તેમની પોતાની કિંમતો અને જવાબદારીથી તે કેન્દ્રો જાહેર -ખાનગી ભાગીદારીના ધોરણે કે કોઈ બીજી રીતે ચલાવવા માગે તો તેમ કરી શકે છે. ગ્રામ પંચાયતોને પણ આ ઓફર આપવામાં આવી શકે છે. આ કાર્યક્રમ હેઠળ વર્તમાન સી.ઈ.સી.એસ. ચાલુ રાખવા માટે એન.એલ.એમ.એ.ની ખાસ મંજૂરી મેળવવી જરૂરી રહેશે. પાયાગત સ્તરે સાક્ષરતા અને જીવનભરના શિક્ષણને સંસ્થાકીય, સંચાલકીય અને રિસોર્સ સહાય પૂરી પાડવા માટેનાં સાધન સંપન્ન વિવિધલક્ષી લોક શિક્ષા કેન્દ્રો (સી.ઈ.સી.એસ.) ગ્રામ પંચાયત સ્તરે સ્થાપવામાં આવશે. 5000ની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતમાં સી.ઈ.સી.એસ.નું એક કેન્દ્ર સ્થાપવામાં આવશે. જો ગ્રામ પંચાયત 5000 કરતાં વધુ વસ્તી ધરાવતી હશે તો તેને માટે એક વધારાનું એ.ઈ.સી. કેન્દ્ર સ્થાપવામાં આવશે. એ.ઈ.સી. કેન્દ્રમાં બે પગારદાર સંયોજકો પ્રેરકની કરારના ધોરણે નિમણૂક કરવામાં આવશે. ગ્રામ પંચાયત ધ્વારા આપવામાં આવેલા મકાનમાંથી એ.ઈ.સી.નું કાર્ય ચાલશે. પ્રેરકોની પસંદગી અનામત જૂથો માંથી કરવાની રહેશે અને તેમાં ઓછામાં ઓછી એક મહિલા હોવી જોઈએ. પ્રેરક ઓછામાં ઓછો એસ.એસ.સી. પાસ હોવો જોઈએ.

પાયાગત સ્તરે મિશનના સુચાલન સાધન તરીકે લોક શિક્ષા કેન્દ્ર કાર્ય કરશે અને મિશન હેઠળની બધા જ પ્રકારની પ્રવૃતિઓ, જેમાં તેના પ્રાદેશિક અધિકારની મર્યાદા હેઠળ સાક્ષરતા, પાયાગત શિક્ષણ, રોજગાર શિક્ષણ અને નિરંતર શિક્ષણનો પણ સમાવેશ થયેલો છે, તેના સંચાલન માટે જવાબદાર રહેશે. વહીવટીય અને શૈક્ષણિક કાર્યોની જવાબદારી સંભાળવા માટે માનદ વેતનથી બે પ્રેરકોની નિમણૂક કરી શકાય છે. પ્રેરકોને શિક્ષણ આપવા માટેની જવાબદારીઓ પણ સોંપવામાં આવશે. સ્વયંસેવક શિક્ષકો સાથે મળીને ગામમાં રિસોર્સ-ગૃપની રચના કરશે. જયાં સુધી કેન્દ્ર પાસે પોતાનું મકાન નથી ત્યાં સુધી પંચાયતો અને સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટને વિનંતી કરીને પંચાયત ઘરો, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો વગેરેમાંથી કેન્દ્ર માટે કાર્ય ચલાવવાની પરવાનગી મેળવી શકાય છે.

લોક શિક્ષા કેન્દ્ર, અભ્યાસુઓ માટે તેમના અધિકારના ક્ષેત્રમાંથી બધી જ ટીચિંગ-લર્નિંગ પ્રવૃતિઓ માટેની નોંધણી માટેના કેન્દ્ર તરીકે કાર્ય કરશે. સાક્ષરતા અભિયાન તેમજ અભ્યાસુઓ અને સ્વયંસેવકોની ઓળખ, વિભાગીકરણ અને અભ્યાસુઓનું સુસંગત સ્વયંસેવક સાથે મેચિંગ તેમજ તેમની તાલીમ, અભ્યાસુઓ અને સ્વયંસેવકોને સાક્ષરતા કિટ પૂરી પાડવી, દરેક અભ્યાસુ -સ્વયંસેવક જૂથ ધ્વારા થયેલી પ્રગતિની નોંધ રાખવી જેવી પ્રવૃતિઓના પ્રોત્સાહક- કેન્દ્ર તરીકે તેમજ સમૂહ સંગઠન માટેના મધ્યસ્ય કેન્દ્ર તરીકે કાર્ય કરશે.

**સંચાલન માળખું :**

- આ કાર્યક્રમનું અમલીકરણ મિશન પધ્ધતિમાં કરવામાં આવશે. રાષ્ટ્રીયથી રાજય, જિલ્લો, તાલુકો અને ગ્રામ પંચાયત સુધીના સંસ્થાકીય માળખાની સ્થાપનામાં રાજય સરકાર, જિલ્લા વહીવટ અને પી.આર.આઈ.એસ.ને સાંકળવામાં આવશે. આ માળખાઓમાં ખાસ કરીને નિર્ણય લેવાની ભૂમિકાઓમાં

મહિલાઓના પૂરતાં પ્રતિનિધિત્વની ખાતરી કરી લેવામાં આવશે.

- માનવીય સંસાધન વિકાસ મંત્રાલયની સ્વાયત પાંખ, રાષ્ટ્રીય સાક્ષરતા મિશન મંડળ, રાષ્ટ્રીય કક્ષાએ નોડલ એજન્સી તરીકે રહેશે. તે આ યોજના અંગેના સમગ્ર આયોજન અને સંચાલન માટે જવાબદાર રહેશે, જેમાં રાજય/ સ્વૈચ્છિક એજન્સીઓ માટે ફંડ ઉપલબ્ધ, લોકચળવળ, સાક્ષરતા અને પ્રૌઢ શિક્ષણ અંગેના રાષ્ટ્રીય ડેટાબેઝની જાળવણી, પ્રચાર-પ્રસાર, ટેકનોપોલીકલ સહાય સરળ બનાવવી, સંશોધન, નિરીક્ષણ અને મૂલ્યાંકન વગેરે સમાવિષ્ટ છે.
- એન.એલેએમ.એ ધ્વારા મિશનને તકનીકી અને સંચાલકીય સહાય પૂરી પાડવા માટે રાષ્ટ્રીય સંસાધન જૂથ(એન.આરજી.)ની સ્થાપના કરવામાં આવશે. એન.એલ.એમ.એ કે એન.આર.જી.ખાતે કાયમી કર્મચારીની નિમણુક કરવામાં આવશે નહી. જો કે એન.એલ.એમ.એ. સામાન્ય સંચાલન લોક સંગઠન, મૂલ્યાંકન, આઈ.ટી.સી. અથવાન બીજી કોઈપણ પ્રવૃતિ કે જે એન.એલ.એમ.એની વહીવટી  સમિતિ ધ્વારા નકકી કરવામાં આવી હોય તેના ક્ષેત્રોમાં સહાયક સેવાઓ અને ટૂંકા/ મધ્યમ ગાળાના સલાહકારોની નિમણૂક કરી શકે છે. જેનો સમયગાળો ત્રણ વર્ષથી વધુનો ના હોવો જોઈએ.
- રાજય કક્ષાએ, કાર્યક્રમની તૈયારી, અમલીકરણ અને નિરીક્ષણ માટે રાજય સાક્ષરતા મિશન મંડળ (એસ.એલ.એમ.એ) જવાબદાર રહેશે. રાજય સરકારો તે સંબંધી એસ.એલ.એમ.એ.ને પૂર્ણ સમયના મંત્રીઓ ઉપરાંત એન.એલ.એમ.એ ધ્વારા મંજૂર થયેલા કરારબધ્ધ કર્મચારીઓ પૂરા પાડશે.
- રાજય યોજના જિલ્લા યોજનાઓ સાથે સુમેળ ધરાવતી હશે. સમગ્ર રાષ્ટ્રીય માર્ગદર્શક - રૂપરેખાના માળખામાં રહીને, કાર્યક્રમ લાક્ષણિકતાઓમાં રહેલી વિવિધતાઓ અને સ્થાનિક લાક્ષણિક પરિસ્થિતિઓના સંદર્ભમાં અમલીકરણ રીતોમાં રહેલી નવીનતાને પ્રતિબિંબિત કરવાના હેતુથી એસ.એલ.એમ.એ મિશન રણનીતિ અને માર્ગદર્શક રૂપરેખા પર આધારિત સધન ચર્ચાઓ અને માર્ગદર્શન ધ્વારા એઈ યોજનાઓની તૈયારીને આગળ ધપાવશે.
- એન.એલ.એમ.એ અને એસ.એલ.એમ.એ. સમાજના દરેક વિભાગમાંથી અનુભવી અને સમર્પિત વ્યકિતઓ ઉપરાંત કેન્દ્ર/રાજય સરકાર, જિલ્લા વહીવટીય શાખા, યુનિવર્સિટી/ કોલેજ કે જાહેર વિભાગ હસ્તકનાં સાહસોના કર્મચારીઓને પ્રોત્સાહિત કરી અને તેમની સેવાઓ ઉપલબ્ધ કરાવશે.
- આ વ્યકિતઓની નિમણૂક તેમનાં ખાતાઓ ધ્વારા કરવાની રહેશે. તેઓ કામચલાઉ ધોરણે સાક્ષરતા અને નિરંતર શિક્ષણ કાર્યક્રમ માટે કાર્ય કરશે. તેમનાં કાર્યના સમયગાળાને તેમનાં મૂળ ખાતાઓમાં ફરજ તરીકે ગણવામાં આવશે. આ સમયગાળાનો પગાર અને ભથ્થાઓ તેઓ તેમનાં મૂળ ખાતાઓમાંથી લેવાનું ચાલુ રાખશે.
- જિલ્લા અમલીકરણ એજન્સીને ફંડ આપવા, રાજયમાંની યોજનાની પ્રગતિનું નિરીક્ષણ અને સમાલોચન, જિલ્લાઓ પાસેથી વપરાશ સર્ટિફિકેટ (યુ.સી.એસ.) એકત્ર કરવા અને ર્દઢીકરણ કરેલા યુ.સી.ને એન.એલ.એમ.એ.માં સુપરત કરવા જેવાં કાર્યોની જવાબદારી પણ એસ.એલ.એમ.એ.ની રહેશે. ક્ષમતા બંધારણ, ક્ષેત્ર પરીક્ષણ અને સહાય અને રાજયમાં કાર્યક્રમ માટેના રાજય સંસાધન જૂથ તરીકે કાર્ય કરવા માટે પણ તે જવાબદાર રહટેશે.
- જિલ્લા સ્તરે જિલ્લા વહીવટ કે જિલ્લા પરિષદોને (ઝેડ.પી.)કાર્યક્રમના અમલીકરણ માટે જવાબદાર ગણવામાં આવશે. ઝેડ.પી.ના આશ્રય હેઠળ કાર્ય કરવા માટે એક ખાસ સમિતિ અને જિલ્લા

સંસાધન જૂથની રચના કરવાની રહેશે. ગ્રામ પંચાયતો તેમજ સમુદાય પણ અમલીકરણ સ્તરે અમલીકરણ એજન્સી ગણાશે, એટલે કે જી.પી.ની અંદરનાં બધાં જ ગામો.

સૂચિત સંચાલન માળખું

**ગ્રામ પંચાયત સ્તરે :**

પંચાયત લોક શિક્ષા સમિતિ લગભગ 13 સભ્યોની બનેલી હશે. પંચાયત પ્રમુખ(સરપંચ) આ સમિતિના અધ્યક્ષ હશે અને સમિતિ સભ્યોમાંથી ઉપાધ્યક્ષને પસંદ કરવામાં આવશે.

સભ્યો(50 ટકા મહિલાઓ)

- પંચાયતના મહિલાઓએ ચૂંટુલા પ્રતિનિધિઓ - ૨
- પંચાયત ધ્વારા સ્થાનિક શાળામાંથી પંસદ કરાયેલા હેડમાસ્ટર/ શિક્ષક - 1
- સમુદાયના પ્રતિનિધિઓ( એસ.સી.એસ/ એસ.ટી.એસ./ લધુમતીઓ) - 3
- શૈક્ષણીક સમિતિના સભ્ય મંત્રી - 1
- મહિલા મંડળ/ એસ.એચ.જી. સભ્ય - 1
- યૂઝર ગ્રુપ - ૨
- સામાજિક સક્રિય કાર્યક્તા -1
- સાક્ષરો / સલાહકર્તાઓ (સીનીયર સરકારી કર્મચારી - ડોકટર -1
- સભ્ય - મંત્રી - સીનીયર પ્રેરક
- મંત્રીઓ - બે પૂર્ણ સમયના કરારબધ્ધ કર્મચારીઓ (સીનિયર પ્રેરક અને પ્રેરક)

સમિતિનું મુખ્ય કાર્ય લોક શિક્ષણ કેન્દ્રનાં સંચાલનનું છે.

1. ગ્રામ પંચાયતમાંની અશિક્ષિત મહિલાઓ અને સ્વૈચ્છિક રીતે કાર્ય કરનાર શિક્ષકોની ઓળખ કરવી.

૨. ટીચિંગ -લર્નિંગ સાધન સામગ્રીનું સોર્સિંગ, સંગ્રહ અને વહેંચણી અને સેવા માટે નોંધેલા શિક્ષકોને માટે તેને ઉપલબ્ધ બનાવવી.

3. ગ્રામ પંચાયત સ્તરે માઈક્રો પ્લાનિંગ અને સાક્ષરતા વર્ગોનું નિરીક્ષણ

4. રાષ્ટ્રીય સ્તરની પરિક્ષાઓ/ અભ્યાસુઓની આકારણી માટે સહાય

૫. સાક્ષરતા શિક્ષણવેતાઓને માટે માનદ વેતન

6. મૂલ્યાંકન

7. 100 ટકા સ્ત્રી સાક્ષરતા પ્રાપ્ત કર્યા પછી પંચાયત મહિલા સાક્ષરતા પુરસ્કાર એવોર્ડ મેળવવા માટે દાવો કરવાનો રહેશે.

8. પંચાયત પાસેના ફંડ અને એવોર્ડના પૈસામાંથી નિરંતર શિક્ષણ માટેનું લોક શિક્ષણ કેન્દ્ર સ્થાપવું.

તાલુકા સ્તરે : તાલુકા લોક શિક્ષણ સમિતિ

અધ્યક્ષ - તાલુકા પંચાયતના પ્રમુખ

સભ્યો - તાલુકા પંચાયત, કોલેજ/ શાળાના શિક્ષકો, સમુદાયના પ્રતિનિધિઓ, એન.જી.ઓ. વગેરેના મહિલા ધ્વારા ચૂંટાયેલા બધા જ પ્રતિનિધિઓ

સભ્ય મંત્રી - બી.ડી.ઓ

મંત્રીઓ - પૂર્ણ સમયના કરારબધ્ધ કર્મચારીઓ -૨ (વધુમાં વધુ)

કાર્યો :

1. તાલુકા પંચાયત સ્તરે સાક્ષરતા યોજનાની તૈયારી

૨. સાક્ષરતા વર્ગોનું નિરીક્ષણ

3. ગ્રામ પંચાયત અને જિલ્લા સ્તરની એજન્સી

4. તાલુકા સ્તરે કાર્યક્રમનું નિરીક્ષણ

જિલ્લા સ્તરે : જિલ્લા લોક શિક્ષા સમિતિ

અધ્યક્ષ - જિલ્લા પંચાયત પ્રમુખ

સભ્યો :

- જિલ્લા કલેકટર : સંયોજક
- પસંદગીના તાલુકા અને ગ્રામ પંચાયત પ્રમુખો (તેમાંની ઓછામાં ઓછી 50 ટકા મહિલાઓ)
- પસંદગીના ખાતાઓના જિલ્લાના અધિકારીઓ, એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરો, જે એસ.એસ.ના નિયમકો
- સભ્યો - મંત્રી : સી.ઈ.ઓ, જિલ્લા પંચાયત
- મંત્રીઓ - સમિતિનો પૂર્ણ સમયનો અધિકારી જે કોઈ વધારાનો ચાર્જ સંભાળશે નહી. સમિતિના કાર્યોનાં સંચાલન માટે રાજય સરકાર ઓછામાં ઓછો સહાયક સ્ટાફ પૂરો પાડશે. તે સીવાય, સમિતિ વધુમાં વધુ પાંચ કરારબધ્ધ કર્મચારીઓની નિમણૂક કરી શકે છે.

કાર્યો :

1. જિલ્લા સ્તરની સાક્ષરતા અંગેની ચળવળનું આયોજન

૨.બધી જ ગ્રામ પંચાયતોના મુખ્ય અધિકારીઓને રણનીતિને માહિતી આપવી.

3. લોક સંગઠન અને પર્યાવરણ બંધારણ પ્રવૃતિઓ હાથમાં લેવી.

4. પેટા -જિલ્લા સ્તરે અને જિલ્લાવાર ગ્રામ સભા બેઠકો ધ્વારા મહિલા સાક્ષરતા ઓરિએન્ટેશન નું સંગઠન

૫. સહભાગી એજન્સીઓ જેવી કે અભ્યાસુઓ, શિક્ષકો, મૂલ્યાંકન કર્તાઓ, પંચાયતો માટે કાર્ય આલેખ અને ભૂમિકાની વ્યાખ્યાનું સર્જન કરવું.

6. પંચાયતોને ટીચિંગ-લર્નિંગ સામગ્રી પૂરી પાડવા માટેનું વ્યવસ્થાપન કરવું.

7. ટીચિંગ -લર્નિંગ નિરીક્ષણ

8. એસ.એચ.જી.એસ. અને એમ.જી.એન.આર.ઈ.જી. એ જૂથો ધ્વારા પૂરક કાર્યોનું વ્યવસ્થાપન

9. દર વર્ષે સપ્ટેમ્બરના  પ્રથમ અઠવાડિયામાં કોમન પરિક્ષણ/ મૂલ્યાંકનનું આયોજન અને અમલીકરણ (સપ્ટે. 1, 2010ના રોજ શરૂઆત)

10. માનદ વેતન અને પંચાયત મહિલા સાક્ષરતા પુરસ્કારનો એવોર્ડ આપવો.

11. ફંડ ધ્વારા  નિરંતર શિક્ષણ માટેનાં લોક શિક્ષા કેન્દ્રની સ્થાપના કરવી.

12. જાહેર સ્થળો પર કાર્યક્રમ અંગેની બધી જ માહિતી મૂકવી.

**પંચાયતોની ભૂમિકા :**

પંચાયત રાજ સંસ્થાઓ (પી.આર.આઈ.એસ) રાજય, તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરે એસ.એલ.એમ.એ અને ગ્રામ સ્તરે સન્માનીય સ્ટેક હોલ્ડરર્સ તરીકે સમુદાયો સાથેની મુખ્ય અમલકર્તા એજન્સી છે.

પ્રવૃતિઓ અને જવાબદારીઓનું ગ્રામ પંચાયત સ્તરે વર્ણન ઓ કરવામાં આવ્યું છે. એસ.એલ.એમ.એ. ધ્વારા નિયુકત પંચાયતો કે એજન્સી, જી.પી. સ્તરે કાર્ય-યોજનાઓની તૈયારીના અનુસંધાનમાં માઈક્રો પ્લાનિંગ માટે જવાબદાર રહેશે. માઈક્રો પ્લાનિંગમાં સર્વેક્ષણ, ડેટા - કલેકશન, લોક સંગઠન, વિવિધ સ્તરના કર્મચારીઓનો તાલીમી-સમયપત્રક, ટીચિંગ -લર્નિંગ સામગ્રી પ્રાપ્ત કરવી અને તેની વહેંચણી કરવી, અભ્યાસુઓના અભ્યાસનાં પરિણામોનું મૂલ્યાંકન, અંદાજપત્ર અંગેની જરૂરિયાતો વગેરેનો સમાવેશ થાય છે. મિશનના બધા જ કાર્યક્રમો અને પ્રવૃતિઓને ધ્યાનમાં રાખીને જી.પી. સ્તર આયોજનની રચના કરવાની રહેશે. તાલુકાઓ, ગ્રામ પંચાયત યોજનાઓને તાલુકામાં જ એકત્રિત કરશે અને તેમનું પોતાનું પ્રવૃતિ બજેટ તેની સાથે જોડશે. જિલ્લા અમલીકરણ એજન્સી તાલુકાના બધા જ આયોજનોને એકત્રિત કરીને તેનું પોતાનું પ્રવૃતિ બજેટ તેમાં ઉમેરે છે અને એસ.એલ.એમ.એ. ને સુપરત કરે છે. એસ.એલ.એમ.એ. જિલ્લાના બધા જ આયોજનોને એકત્રિત કરીને તેમાં  તેમની પોતાનું પ્રવૃતિઓ ઉમેરી અને તે  એન.એલ.એમ.એ. ને સુપરત કરે છે. આ રીતે રાજય યોજના એ બધા જ જિલ્લા આયોજનો તથા એસ.એલ.એમ.એ.ના પોતાના પ્રવૃતિ બજેટનો એક સમૂહ બની રહેશે. એન.એલ.એમ. દરેક રાજય આયોજનનું મૂલ્યાંકન કરશે અને એસ.એલ.એમ.એ.ને માટે કયું ફંડ (કેન્દ્ર સરકારનો ફાળો) જાહેર કરે છે તેના આધારે વહીવટીય અને નાણાકીય મંજૂરી બહાર પાડશે.

**અન્ય કાર્યક્રમોનું એકીકરણ :**

એન.એલ.એમ.એ. અને એસ.એલ.એમ.એ. મિશનના કાર્યક્રમો અને પ્રવૃતિઓનું, અન્ય વિભાગો ખાસ કરીને શિક્ષણ, ગ્રામીણ વિકાસ, સ્વાસ્થય, મહિલા એ બાળ વિકાસ, ગરીબી નાબૂદી, ખેતી, પંચાયત રાજ અને સામાજિક કલ્યાણમાંની વિકાસ રણનીતિઓ સાથે એકીકરણ કરવાની બાબતને સક્રીયપણે બઢતી આપવા તરફ કાર્ય કરે છે. મિશન, શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા તથા ઉચ્ચ શિક્ષણનાં ખાતાઓની એકત્રીત શકિતઓને ગ્રામ સ્તરે નીચે લઈ જશે. અભ્યાસુઓ તરીકે નામ દાખલ કરાવવા માટે શાળાના વિદ્યાર્થીઓના અભણ માતાપિતાઓને પ્રેરિત કરવા અને ગામના શિક્ષિત યુવાનોને આ ચળવળમાં શિક્ષક તરીકેની સ્વૈચ્છિક સેવા માટે પ્રેરિત કરવા. શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. તેઓ સાક્ષરતા વર્ગોના શિક્ષકો તરીકે પણ કાર્ય કરી શકશે. સર્વ શિક્ષા અભિયાન હેઠળ તૈયાર કરાયેલાં ભૌતિક માળખાનો ઉપયોગ શાળા સમય સિવાયનાં કલાકો દરમિયાન સાક્ષરતા કાર્યક્રમ માટે કરી શકાશે.

**બિન સરકારી સંગઠનોની ભૂમિકા :**

જી.ઓ.એસ અને એન.જી.ઓ.એસ. ના જોડાણને વધુ મજબૂત કરવામાં આવશે. એન.જી.ઓ.એસ અને અન્ય જૂથો કે જેમણે પ્રૌઢ શિક્ષણના મુદ્દાની લાંબા ગાળા સુધી જવાબદારી સ્વીકારી તેમાં ભાગ લીધો છે અને આ ક્ષેત્રમાં જેમણે અગાઉની સિધ્ધિઓના રેકોર્ડ તોડીને સારો દેખાવ કર્યો છે. તેમને બધાંજ સ્તરે રિસોર્સ ગૃપ્સ તરીકે લેવામાં આવશે. સ્વૈચ્છિક સેવા આપનાર વિભાગને મિશનના કોઈપણ કાર્યક્રમ હેઠળની પ્રવૃતિઓ તેમજ નવીન કાર્યક્રમો કે જે તે ઉદેશ્યો પ્રાપ્ત કરવાનું લક્ષ્ય ધરાવે છે તથા જેના માટે તેઓને મંજૂર કોસ્ટ નોર્મના ધોરણે ગ્રાન્ટ-ઈન-એડ પૂરી પાડવામાં આવશે. તેવા કાર્યક્રમોની પ્રવૃતિઓ હાથમાં લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. એન.જી.ઓ.ની પસંદગીની જવાબદારી એસ.એલ.એમ.એ. અથવા એન.એલ.એમ.એ. નકકી કરે તે મુજબની પેટા- રાજય અમલીકરણ એજન્સીની રહેશે. જો કે, એન.એલ.એમ.એ. મિશનના કોઈપણ ક્ષેત્રમાં સહયોગ આપવા માટે કોઈપણ એન.જી.ઓ.ની પસંદગી કરી શકે છે.

**જાહેર ખાનગી ભાગીદારી**

ભારતમાં પ્રૌઢ શિક્ષણ કાર્યક્રમ એ હંમેશા અમુક અંશે એન.જી.ઓ.એસ.ની દરમિયાનગીરી સાથે વધુ તો સરકારની જવાબદારી ધરાવતો આવ્યો છે. વિધિસર શાળા તંત્રના કિસ્સામાં ખૂબ આગળ પડતો સહયોગ દાખવવાની તુલનામાં પ્રૌઢ શિક્ષણોમાં આનગી અને કોર્પોરેટ સેકટરનો ફાળો ખૂબ ઓછો રહયો છે. મિશનના ઉદેશ્યોને બઢતી આપવાના કાર્યમાં ખાનગી અને કોર્પોરેટ સેકટર પ્રબળ ભૂમિકા ભજવી શકે તેમ છે. એન.જી.ઓ.એસ.ના કિસ્સાની જેમ, ખાનગી સેકટરમાં જે સંસ્થાઓ પ્રૈઢ શિક્ષણ કાર્યક્રમ પ્રત્યે રૂચિ, ઉત્સાહ, ધગશ, પ્રેરણા અને જવાબદારીની ભાવના ધરાવે છે તેમને કોઈપણ પ્રવૃતિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. જેને માટે માન્ય કોસ્ટ-નોર્મ મુજબ ગ્રાન્ટ -ઇન-એડ મળી શકે તેમ છે. આવી એજન્સીઓની પસંદગીજી જવાબદારી એસ.એલ.એમ.એ.ની અથવા તેણે નકકી કર્યા મુજબની પેટા -રાજય અમલીકરણ એજન્સીની રહેશે. જોકે મિશનના કોઈપણ ક્ષેત્રમાં સહયોગ આપવા માટે એન.એલ.એમ.એ. કોઈપણ એજન્સીની પસંદગી કરી શકે છે. એન.એલ.એમ, ભંડોળોનું

નિર્માણ કરવા અને દાન મેળવવા માટે જાહેર -ખાનગી ભાગીદારી અને અન્ય એ પ્રકારની ભાગીદારી વિકસિત કરવાની સતા ધરાવે છે. એન.જી.ઓ.એસ.ની પસંદગીની જેમ ખાનગી સેકટરમાંની સંસ્થાઓમાં પણ પ્રકિ્રયામાં પૂરેપૂરી ખુલ્લપણું અને પારદર્શિતા જાળવવાના રહેશે. પ્રૌઢ શિક્ષણમાં ખાનગી સેકટરની ભાગીદારીને વધુ પ્રોત્સાહન આપવાના હેતુથી આવક વેરામાંથી મુકત રાખવા જેવા પ્રોત્સાહકોનો વિચાર કરી શકાય.

નિરીક્ષણ અને મૂલ્યાંકન

યોજનાના અમલીકરણમાં જોડાયેલી દરેક એજન્સી માટે ઉદેશ્યોનાં અમલ માટેનાં માપદંડો નકકી કરવામાં આવશે. સાચા સમય નિરીક્ષણ માટે સ્થળ પર વેબ આધારિત મેનેજમેન્ટ ઈન્ફરમેશન સિસ્ટમ ગોઠવવામાં આવશે. જે કાર્યક્રમોનાં પરિણામો અને અસરોની આકારણી કરવા માટે નિર્ણાયક બની રહેશે. એન.એલ.એમ.એ.અને એસ.એલ.એમ.એ. અને રાજય તંત્રો તેમનાં પોતપોતાનાં સ્તરે પ્રગતિની ફેર તપાસણી કરશે. દરેક અભ્યાસુ વ્યકિતનું નામ અને પ્રગતિ જાહેર સ્થળ પર મૂકવામાં આવશે. નિરીક્ષણ એકતરફી નહી પરંતુ દ્વિતરફી સુવાદ પ્રકિ્રયામાં હશે. સપાટી પર શું થઈ રહયું છે. તેની પ્રતિક્રિયા સુસંગત ચેનલો ધ્વારા મેળવવામાં આવશે અને તે જ ચેનલો ધ્વારા સુધારાના પગલાં સપાટી પર પાછાં મોકલવામાં આવશે.

આ કાર્યક્રમમાં નાણાકીય તેમજ માનવીય બંને પ્રકારના વિશાળ સંસાધનો ગોઠવવામાં આવશે. તે બહુ જ સ્પષ્ટ અને નકકી છે કે કોસ્ટ બેની ફિટ પૃથ્થકરણ અને ભાવી આયોજનને સમાવાતું વિગતવાર પૃથ્થકરણ તૈયાર થાય તે માટે ઉચ્ચ ગુણવતા ધરાવતું મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું છે. એકમત સંકલિત અને સુસ્ત મૂલ્યાંકન માટે ઝીણવટથી તૈયાર કરેલી પ્રક્રિયાઓ ધડી કાઢવામાં આવશે. ક્ષેત્રીય સંશોધન ધ્વારા સાક્ષરતા ડેટા પણ ઉમેરવામાં આવશે.

સ્વરછ ટ્રેક રેકોર્ડ તેમજ નિષ્ણાતો અને અનુભવ ધરાવતી એજન્સીઓને મુલ્યાંકન કરવાનું કામ સોંપવામાં  આવશે. મુલ્યાંકન પ્રક્રિયા એ ભાગીદારી દવારા સુધારણાનું સાધન બની રહેશે. સમગ્ર મુલ્યાંકન પ્રક્રિયામાં સંપૂર્ણ ખુલ્લાપણું અને પારદર્શિતા એ ધ્યેયસૂત્ર બની રહેશે.

**પ્રક્રિયા મુજબનાં આર્થિક ધોરણો**

| | |
|---|---|
| 1. પ્રક્રિયા ઘટકો<br>પ્રૌઢ શિક્ષણ કેન્દ્રની સ્થાપના | બજેટ (ઉપરની મર્યાદા)<br>એન/રીકરીંગઃ રૂ. 60,000 નવા કેન્દ્રો માટે અને રૂ. 25,000 જુના કેન્દ્રો માટે રીકરીંગઃ 75,000 દીઠ વર્ષ પ્રતિ કેન્દ્ર |
| 2. પાયાગત સાક્ષરતા | |
| (અ) સ્વયંસેવક પદ્ધતિ દ્વારા | અભ્યાસુદીઠ રૂ. 230 |
| (બ) આવાસી ઈન્સ્ટ્રક્ટર દ્વારા | રૂ. 40,000 દર વર્ષે આવાસી જુથ દીઠ, 30 અભ્યાસુ |
| (ક) આવાસીય શિબિરો | રૂ. 125/દિવસ/અભ્યાસુ/45 દિવસ |
| (ડ) પાયાગત સાક્ષરતાના સ્વયંસેવકોની ટ્યૂશન ફી | |

| | |
|---|---|
| 3. પાયાગત શિક્ષણ (અનુરૂપ કાર્યક્રમો) | રૂ. 5968 (અભ્યાસુદીઠ એનઆઈઓએસ નોર્મ) |
| 4. સર્વસામાન્ય ઘટકો<br>(અ) સર્વેક્ષણ અને સમુદાય સંગઠન<br>(બ) તાલીમ | <br>રૂ.2,500 એઈસી દીઠ (ગ્રામ પંચાયત)<br>રૂ. 1,000 સાક્ષરતા કાર્યકર્તા દીઠ |
| 5. સંચાલન, નિરીક્ષણ અને મુલ્યાંકન | યોજના ખર્ચના 4 ટકા |
| 6. રાષ્ટ્રીય સંસાધન સહાય | રૂ. 78. 50 કરોડ (અંદાજિત) |

**સંદર્ભઃ**

(1) ગાઈડલાઈન્સ સાક્ષર ભારત, માનવ સંસાધન વિકાસ મંત્રાલય.

**પ્રકાશન**

प्रज्वालितो ज्ञानमयः प्रदीपः
Light the Lamp of Knowledge

સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા
(રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા)

SIRD
State Institute of Rural Development

સુંદરવન સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૧૫.
ફોન/ફેક્સઃ ૦૭૯-૨૬૭૪૯૭૧૫, ૫૫૪૧૯૧૧૦

**સંકલન અને પ્રસ્તુતિ**

उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન

*(બેકવર્ડ રિજિયન ગ્રાન્ટ ફંડ હેઠળ પ્રકાશિત)*